ત્રીજી શ્રેણી)

પુસ્તકઃ ૧૬૮

મંગળવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨
ફાલ્ગુન ૩૦, ૧૯૩૩ શાકે

થી

શુક્રવાર, તા. ૨૩મી માર્ચ–૨૦૧૨
ચૈત્ર ૩, ૧૯૩૪ શાકે

# ગુજરાત વિધાનસભા
# ચર્ચાઓ

## સત્તારવાર અહેવાલ
## બારમી ગુજરાત વિધાનસભા
## દશમું અધિવેશન

ગુજરાત વિધાનસભા અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલયચિવાલય
ગાંધીનગર

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨ / ફાલ્ગુન ૩૦, ૧૯૩૩ શાકે** | | |
| **પહેલી બેઠક** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૧ | ૪૯ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૫૦ | ૬૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૬૫ | ૧૪૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૪૭ | ૧૫૪ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૧૫૫ | ૧૫૬ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧૫૭ | ૧૮૫ |
| **તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨ / ચૈત્ર ૧, ૧૯૩૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૮૬ | ૧૮૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮૭ | ૨૫૪ |
| રાજ્યકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૨૫૫ | ૨૫૫ |
| સભ્યશ્રીનો અંગત ખુલાસો (નિયમ-૪૫) | ૨૫૬ | ૨૫૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૨૫૮ | ૨૮૭ |
| **તા.૨૨મી માર્ચ, ૨૦૧૨ / ચૈત્ર ૨, ૧૯૩૪ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૮૮ | ૨૮૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૮૯ | ૩૮૭ |
| અતારાંકિત પ્રશ્નો (પાંચમી અતારાંકિત યાદી) | ૩૮૮ | ૪૨૨ |
| શોકદર્શક ઉલ્લેખ | ૪૨૩ | ૪૨૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૪૨૫ | ૪૨૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) | ૪૨૬ | ૪૩૫ |
| બિન-સરકારી સંકલ્પો | ૪૩૬ | ૪૫૪ |

| વિષય | | પાના નંબર |
|---|---|---|

તા. ૨૩મી માર્ચ–૨૦૧૨ / ચૈત્ર ૩, ૧૯૩૪ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૪૫૫ | ૪૫૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૫૬ | ૫૫૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૫૫૬ | ૫૫૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૫૯ | ૫૬૩ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર | ૫૬૪ | ૫૬૪ |
| સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ | ૫૬૫ | ૫૬૫ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૬૬ | ૫૭૫ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૫૭૬ | ૫૭૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) | ૫૭૮ | ૫૮૫ |

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૩૦, ૧૯૩૩ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૮-૩૦ કલાકે મળ્યુ.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

**અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**
**માગણી ક્રમાંક-૨૨**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાગરિક પુરવઠો સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૪૪,૬૩,૬૮,૦૦૦ ની માગણી ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી બાબુભાઇ શાહ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમરસિંહ વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી રામસિંહ પ્ર. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ વડોદીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરું છું.**

**કાપ દરખાસ્ત ક્રમાંક ૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી છનાભાઇ ચૌધરી :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૨૩**

**શ્રીનરોત્તમભાઇ ત્રિ. પટેલ(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન સેવાને લગતી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૫૨,૩૪,૪૪,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૧,૪૦,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી કુંવરજીભાઇ હળપતિ:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૨૪**

**શ્રીનરોત્તમભાઇ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગને લગતા અન્ય ખર્ચ સેવાને લગતી અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની મૂડી ખર્ચ માટેની રૂપિયા ૧૧,૦૦,૦૦૦ ની માગણી ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી દિતાભાઇ મછાર** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૫ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાવ**

**માગણી ક્રમાંક–૬૯**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૯,૦૮,૦૯,૦૦૦ ની માગણી ક્રમાંક ૬૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૬૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંહભાઇ પણદા:** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઇ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પરેશભાઇ વસાવા** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી બચુભાઇ કિશોરી** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧ રજૂ કરવામાં આવી**.

**શ્રી ભગવાનભાઇ બારડ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી**.

**શ્રી સુરેશકુમાર પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી જીતુભાઇ ચૌધરી ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહનસિંહ છો. રાઠવા ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી પુનાભાઇ ગામીત ઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૭૦**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી)**ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસની સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૩.૯,૭૬,૭૦,૨૪,૦૦૦ની માગણી ક્રમાંક ૭૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૦ રજૂ કરવામાં આવી.**

**શ્રી અમિતકુમાર ચાવડા** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

**શ્રી કિરણકુમાર મકવાણા** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૭૧**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી )**ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની સેવાને લગતી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૭,૨૩,૮૮,૨૯,૦૦૦ ની માગણી ક્રમાંક ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૭૧ રજૂ કરવામાં આવી**

**શ્રી ચંદુભાઇ ડાભીઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

**શ્રી માનસિંહ ચૌહાણઃ** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી ઇશ્વરભાઇ વહીઆ** ઃ માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૨૦–૩–૨૦૧૨ (પહેલી બેઠક)(છઠ્ઠો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી**.

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | **અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ**<br>**માગણી નં. ૨૨** | | | |
| ૧.* | ૩૪૫૬–નાગરિક પેરવઠા<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૯,૩૪,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૨૦ થી ૨૬ | ૧૦૦ | સબસીડીયુકત રાંધણ ગેસના બાટલાના કાળાબજાર થતા અટકાવવા અને ગ્રાહકોને સમયસર બાટલા પૂરા પાડવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. | — " — | ૧૦૦ | જિલ્લા કચેરીઓને સંગીન બનાવી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ શાહ |
| ૩. | — " — | ૧૦૦ | ભૂતીયા રેશનકાર્ડ કાઢી આપનાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |
| ૪. | — " — | ૧૦૦ | ખાદ્ય વસ્તુઓના સંગ્રહખોરો ઉપર દરોડાઓ પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૫. | — " — | ૧૦૦ | બારકોડ રેશન કાર્ડની કામગીરી /સુધારા કામગીરી ઝડપી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૬.* | — " — | ૧૦૦ | કેરોસીનમાં થતા કાળા બજાર અટકાવવા અને ઓછા વજનના રાંધણગેસના બાટલાઓનું ચેકીંગ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૭. | — " — | ૧૦૦ | તોલમાપમાં ગેરરીતિ આચરનાર સામે સખત પગલાં લેવામાં તંત્રની | શ્રી જોધાજીઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૮.* | | ૧૦૦ | એમ.આર.પી. કરતા વધુ ભાવ લેનાર વેપારીઓ સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૯. | — " — | ૧૦૦ | ભાવનિયંત્રણના હુકમનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૧૦.* | — " — | ૧૦૦ | અનાજ-ખાદ્યતેલના વધતા જતા ભાવોને નિયંત્રિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **માગણી નં. ૨૩** | | |
| ૧૧.* | ૨૪૦૮-ખાદ્ય... વ્યવસ્થા<br>૦૧-ખાદ્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૩૫,૬૮,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૭ થી ૯ | ૧૦૦ | ગ્રામીણ અને આંતરીયાળ વિસ્તારોમાં રેશનીંગ હેઠળની ચીજવસ્તુઓ આમ જનતાને સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨. | — " — | ૧૦૦ | વ્યાજબી ભાવોની દુકાનની મંજૂરી અપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઇ હળપતિ |
| ૧૩. | — " — | ૧૦૦ | વ્યાજબી ભાવની દુકાનોમાં સમયસર અનાજ પુરવઠો પહોંચાડવામાં તેમજ પડતી ઘટ અન્વયે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૧૪.* | ૨૪૦૮-ખાદ્ય... વ્યવસ્થા<br>૦૧-ખાદ્ય<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૩૫,૬૮,૬૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૭ થી ૯ | ૧૦૦ | વ્યાજબીભાવની દુકાનોના દુકાનદારોને મળતા કમિશનમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| | | **માગણી નં. ૨૪** | | |
| ૧૫. | ૭૬૧૦-સરકારી... લોન<br>૨૦૧-મકાન... પેશગી<br>રૂ. ૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પા.નં. ૩૯ | ૧૦૦ | સરકારી કર્મચારીઓને સમયસર મકાન પેશગી ચૂકવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી દીતાભાઇ મછાર |
| | | **પંચાયત, ગ્રાગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**<br>**માગણી નં. ૬૯** | | |
| ૧૬.* | ૨૨૫૧-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-સચિવાલય<br>રૂ. ૮,૫૮,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૨૯-૩૦ | ૧૦૦ | ગ્રામસભાના ઠરાવ સિવાય સરકારી જમીનોની ફાળવણી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૭. | — " — | ૧૦૦ | વિભાગ હસ્તકની કચેરીઓમાં ખાલી પડેલ જગ્યાઓ સત્વરે ભરી વહીવટી કામગીરી ઉપર થતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૧૮. | — " — | ૧૦૦ | ધારાસભ્યો/સંસદ સભ્યોએ વિભાગને કરેલ રજૂઆતો અન્વયે અધૂરા કાર્યો પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૧૯.* | — " — | ૧૦૦ | ગ્રામસભા/ગરીબ કલ્યાણ મેળાઓ અને ઉત્સવો જેવા કાર્યક્રમોની જવાબદારીઓ વિભાગના અધિકારી | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | /કર્મચારીઓને સોંપાતા વહીવટી કામગીરી ઉપર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦. | —"— | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં ર્રબન યોજના અન્વયે ભૂગર્ભ ગટર યોજનાના કામોમાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પરેશભાઇ વસાવા |
| ૨૧. | —"— | ૧૦૦ | તાલુકા પંચાયતને વાહનો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઇ કિશોરી |
| ૨૨. | —"— | ૧૦૦ | ગ્રામ પંચાયતોને વહીવટી સત્તાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગવાનભાઇ બારડ |
| ૨૩. | —"— | ૧૦૦ | ગ્રામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયતો કક્ષાએથી આવકના દાખલા/જાતિના દાખલા/બી.પી. એલ. યાદી અને ૭/૧૨ના ઉતારાની કોમ્પ્યુટરાઇઝ નકલો સમયસર પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇકબાલ પટેલ |
| ૨૪. | —"— | ૧૦૦ | ઇન્દીરા આવાસ યોજનામાં રાજય સરકારના હિસ્સાના ૨૫ ટકા રકમ આપવાનું સરકારના પરિપત્રથી બંધ કરેલ છે તેને પુનઃચાલુ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુરેશકુમાર પટેલ |
| ૨૫.* | —"— | ૧૦૦ | ગરીબ કલ્યાણ મેળાઓમાં અરજદારોને અપાયેલા લાભોમાં અરજદારોએ લાભ મેળવવા કયારે અરજીઓ કરી અને તે લાભો કયારે મંજૂર કરવામાં આવી તેની વિગતો આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૬*. | —"– | ૧૦૦ | ગ્રામ પંચાયતોને સમરસ કરાવવા માટે અપાતી ધાક ધમકીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૭. | ૨૨૫૧–સચિવાલય... સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>રૂ. ૮,૫૮,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૨૯–૩૦ | ૧૦૦ | ગ્રામસભાઓ દ્વારા રજૂ થયેલા ગ્રામ વિકાસને લગતા પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૨૮. | —"— | ૧૦૦ | ગ્રામપંચાયતોના હોદેદારોને ગેરલાયક ઠેરવી પંચાયતોનો વહીવટ સહકાર હસ્તક આવે તેવી કાર્યવાહી થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૯. | —"— | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી ડુંગરાળ વિસ્તારમાં માલસામાન ચઢાઇના ખર્ચ પેટે રૂ. ૨૫૦૦/– વધારાના અપાય છે તે આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| | | **માગણી નં. ૭૦** | | |
| ૩૦.* | ૨૫૧૫–અન્ય... કાર્યક્રમો<br>૧૦૨–સમુહ વિકાસ<br>રૂ.૧,૧૮,૧૧,૭૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૬૬ થી ૭૨ | ૧૦૦ | પંચાયતોના મકાનોની મરામત માટે પૂરતા નાણાની જોગવાઇ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩૧. | —"— | ૧૦૦ | ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડમાં લાંબા સમયથી ફરજ બજાવતા | શ્રી અમિતકુમાર ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અધિકારી/કર્મીઓની અન્યત્ર બદલી કરી વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૨. | ૨૫૧૫–અન્ય... કાર્યક્રમો<br>૧૯૮–ગ્રામ સહાય<br>રૂ.૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પા.નં. ૭૩ | ૧૦૦ | ગ્રામ પંચાયતોને ગામના વિકાસ માટે વધુ રકમો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| **માગણી નં. ૭૧** | | | | |
| ૩૩. | ૨૫૦૫–ગ્રામીણ રોજગાર<br>૦૨–ખાસ રોજગાર કાર્યક્રમ<br>૦૦૧–રાષ્ટ્રીય... કાર્યક્રમ<br>રૂ. ૧,૫૩,૦૨૪૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પા.નં. ૪૮–૪૯ | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ શ્રમિકોને જોબકાર્ડ આપવામાં થતો વિલંબ નિવારવામાં તથા પૂશ્રતી રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઇ ડાભી |
| ૩૪. | — " — | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ અપાતા નજાણાનો પૂશ્રતો ઉપયોગ થાય તેવી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૩૫. | — " — | ૧૦૦ | બેરોજગાર શ્રમિકોને રોજગારી ભથ્થું આપી રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજનાની વણવપરાયેલ રકમનો ઉપયોગ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઇશ્વરભાઇ વહીયા |
| ૩૬.* | — " — | ૧૦૦ | નેશનલ રોજગાર ગેરંટી યોજના હેઠળ ફાળવેલ રકમમાં થતી ગેરરીતિ અંગે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ શકી નથી.**

**શ્રી ઇકબાલ પટેલ(વાગરા)**: માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણીઓ ઉપર હું મારા પક્ષના અને અમારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. ગુજરાતમાં ૬૨.૬૪ ટકા વસ્તી ગ્રામીણ ક્ષેત્રમાં રહે છે. ૧૩૬૯૫ જેટલી ગ્રામ પંચાયતો ૧૮ હજાર ગામડામાં કામગીરી કરી રહી છે. ૧–૪–૧૯૬૩ થી ગુજરાતમાં થ્રી ટાયર સિસ્ટમ, ત્રિસ્તરીય પદ્ધતિ, દેશને દિશા આપે, દેશને નવી દિશા બતાવે, દેશને એક વિઝન આપે એ રીતે ગુજરાતમાં ૧–૪–૧૯૬૩ થી આ વહીવટ શરૂ થયો, છેલ્લા દસ વર્ષમાં નહીં પણ ૧૯૬૩ થી ગુજરાતમાં આ ગ્રામ પંચાયત પદ્ધતિ શરૂ થઇ છે. એમાં ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એ રીતે જે પદ્ધતિ બનાવવામાં આવી તેની પાછળનો મૂળભૂત આશય સત્તાનું વિકેન્દ્રીકરણ કરવાનો છે. ડી સેન્ટ્રલાઇઝ ઓફ ધી પાવર, અને સત્તાનું વિકેન્દ્રીકરણ કરીને ગ્રામ પંચાયતો મારફતે ગામડાંના લોકોને હાથમાં સત્તા આપીને, પાવર ટુ પીપલની વાત કરવામાં આવી છે અને એ રીતે ગ્રામ પંચાયતને સત્તા આપવામાં આવી છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તેની ઉપરનું બોડી છે. અને તે બોડીની દેખરેખ હેઠળ ગામાડાંનો વહીવટ ચાલે છે. સ્વર્ગસ્થ રાજીવ ગાંધીએ ખૂબ સુંદર વાત કરેલી, ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા અને સાયન્સ અને ટેકનોલોજી આ દેશમાં જેમણે શરૂ કરી, ૨૧મી સદીનું સ્વપ્ન ભારતને બતાવ્યું અને સામ પિત્રોડાને લાવી અને દેશમાં નાની નાની પંચાયતોમાં આજે ટેકનોલોજી છે તે સ્વર્ગસ્થ રાજીવ ગાંધી અને સામ પિત્રોડાને આભારી છે. તેમણે જોયેલું કે હિન્દુસ્તાને તરક્કી કરવી હશે, ગરીબ માણસોને કેન્દ્રમાં રાખવા હશે, ગ્રામિણ ક્ષેત્રને કેન્દ્રમાં રાખવું હશે તો પંચાયતો મારફતે સત્તા આપવી પડશે. એટલે પાવર ટુ પીપલની વાત કરી અને પંચાયતના પ્રતિનિધિને સત્તા આપવા માટે આખા દેશમાં યુનિફોર્મ એકટ કહેવાય એવા કાયદાઓની એકસૂત્રતા લાવવા માટેનો નિર્ણય એ આઝાદ હિન્દુસ્તાન માટે ક્રાંતિકારી નિર્ણય સ્વર્ગસ્થ રાજીવ ગાંધીને આભારી છે. આજે પરિસ્થિતિ શું થઇ છે? આજે

પરિસ્થિતિ એ થઇ છે કે પંચાયતના સરપંચ અને સભ્યોને સંચાલન માટે તલાટી કમ મંત્રીને તેમના સચિવ તરીકે મુકવામાં આવે છે. એક મંત્રીના સચિવ જો યોગ્ય રીતે કામ ન કરતા હોય તો એ મંત્રીશ્રી માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે ફરિયાદ કરી શકે છે, મુખ્ય સચિવશ્રી પાસે ફરિયાદ કરી શકે છે. પરંતુ તલાટી કમ મંત્રી જો યોગ્ય રીતે કામ ન કરે તો કોને ફરિયાદ કરવી. તલાટી કમ મંત્રીઓની સંખ્યાબદ્ધ જગ્યાઓ વર્ષો સુધી ખાલી રાખવામાં આવી. ત્યારબાદ ભરતી કરવામાં આવી પણ કેવી ભરતી કરવામાં આવી, ભરતી કર્યા બાદ એમને કોઇપણ જાતની ટ્રેનિંગ કે વહીવટ અંગેની ટ્રેનિંગ આપવામાં ન આવી પરિણામે ટ્રેનિંગ વગરના તલાટીઓ જેની પાસે પંચાયતના ઠરાવ લખવાનું જ્ઞાન નથી જેની પાસે પંચાયતના હિસાબો મેળવણું કરવાનું જ્ઞાન નથી જેના અંગે કોઇ ટ્રેનિંગ આપવામાં આવી નથી એવા લોકો તલાટી કમ મંત્રી ગ્રામ પંચાયતોમાં આવવાથી ગ્રામ પંચાયતો નવી બની, એમાં પાછા સરપંચો નવા નવી પંચાયતની બોડી બની એમાં પાછા રીઝર્વેશનમાં ચૂંટાયેલા સભ્યો એમા દલિત હોય, આદિવાસી સભ્ય હોય, ઓ.બી.સી.નો સભ્ય હોય કે અન્ય હોય એને તલાટી પૂરતું માર્ગદર્શન આપી શકતા નથી. એને સરકારી ઠરાવો પ્રમાણે એની કામગીરીમાં મદદ અને ગાઇડ કરી શકતા નથી. બીજી બાજુ ગ્રામસભાના અધિકારો લઇ લીધા છે. ગ્રામસભા એમાં પણ તાલુકા વિકાસ અધિકારી તરફથી પ્રોગ્રામ આવે, પહેલા ગામડાનો સરપંચ નક્કી કરતો. ગ્રામસભા ગામના પ્રશ્નો ઉકેલવા માટે થતી હતી, અન્ના હજારેએ પણ ગ્રામસભાને મજબૂતી આપવાની વાત કરે છે. સ્વ. રાજીવ ગાંધીએ જે વાત કરી હતી કે ગ્રામસભાને મજબૂતી આપો. ગ્રામસભા કયારે આપી આપણે એના અધિકારો લઇને તાલુકા વિકાસ અધિકારીને સુપ્રત કરી દીધા. ગ્રામસભાના અધિકારો ઉપર તરાપ મારવામાં આવી. એથી આગળ વધીને રૂરલ ડેવલપમેન્ટની સ્કીમો પંચાયતો મારફતે અમલમાં લાવીએ છીએ. આજે સૌથી વધારે રૂરલ ડેવલપમેન્ટની સ્કીમો જેમાં કેન્દ્રની સ્કીમો હોય કે રાજયની સ્કીમો હોય કોઇપણ સ્કીમો હોય એ સામાજિક સુરક્ષાની હોય, બેંકેબલ યોજનાની હોય, સ્વરોજગારીની હોય, ખેતીવાડીની યોજના હોય માતૃ બાળ કલ્યાણની યોજના હોય, સોશ્યલ સિકયુરિટી ની યોજના હોય એ બધી યોજનાનો અમલ ગ્રામ પંચાયત મારફતે કરવાની પદ્ધતિ છે. રજાઓને બાદ કરતાં ૩૬૫ દિવસ કામગીરી ચાલે છે. આપણે શું કર્યુ ગરીબ કલ્યાણ મેળાઓ યોજીને એમાં ૩૬૫ દિવસ તંત્ર કામ કરતું હતું એના બદલે માત્ર કોન્સન્ટ્રેટ કરાવ્યું. ગરીબ કલ્યાણ મેળા માટે આખા વર્ષમાં કેસો ભેગા કરો એ ભેગા કરીને સનદો ભેગી કરો એ કર્યા પછી બેંકેબલ યોજનાના કાગળો ભેગા કરો દર માસે જે કામગીરી કરવાની હતી એના બદલે સંકલિત કામગીરી કરી સમગ્ર તંત્રને આપણે એમાં રોકી દીધું અને એક દિવસ માટે આ * (xxxx)સિમ્બોલીક કરવામાં આવે...

શ્રી દિલિપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, (xxxx)એ શબ્દો પાછા ખેંચાવા જોઇએ.

શ્રી ઇકબાલ પટેલ : પ્રસિદ્ધિ તો સામાન્ય છે. એમાં બાન નથી. આપ એ શબ્દ દૂર કરી શકો છો.

અધ્યક્ષશ્રી : આપ પાછા ખેંચી લો.

શ્રી ઇકબાલ પટેલ : મને બતાવો બાન નથી. તેમ છતાં માનનીય અધ્યક્ષશ્રી, આપ કહેતા હો તો પાછા ખેંચી લઉં છું. ગરીબ કલ્યાણ મેળામાં શું થયું એમાં આપણે પરિપત્ર કરી દીધો એમાં કલેકટરશ્રીને શું કામ આપ્યું, લો એન્ડ ઓર્ડર નહિ, એને ડિસ્ટ્રિકટ મેજીસ્ટ્રેટની સમગ્ર ભૂમિકાનું

* **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધેલા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

.

કામથી નીચે ઉતારી કલેકટરને કામ આપ્યું દરેક ગરીબ કલ્યાણ મેળામાં મંડપ, સ્ટેજ, સાઉન્ડ સિસ્ટમ અને પ્રથમ તબક્કે ૧૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી, ફોટોગ્રાફી શેમાં ખર્ચ ગણાય એ હું નથી જાણતો, વિડિયોગ્રાફી શેમાં ખર્ચ ગણાય એ હું નથી જાણતો, પરંતુ આમંત્રણ પત્રિકા અને અન્ય પરચૂરણ ખર્ચ સહિત બે લાખનો ખર્ચ થયો એટલે કે ૧૯ લાખ રૂપિયા ગરીબ કલ્યાણ મેળામાં ખર્ચ કર્યો. મેળાઓમાં બસો રોકવાથી સામાન્ય લોકોને એકબાજુ બસો મળતી નથી. બસો વિદ્યાર્થીઓને મળી શકતી નથી. જે બસો નાઇટમાં જઇ શકતી નથી એનો ખ્યાલ કર્યા સિવાય આપણે સાત હજાર રૂપિયા એક બસ દીઠ આપવાનું નક્કી કર્યું. પહેલા તબક્કામાં ૫૦ ગરીબ કલ્યાણ મેળાઓ પાછળ ૨૪ કરોડ અને ૧૧ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો. બીજા તબક્કામાં ગરીબ કલ્યાણ મેળાઓ કર્યા એમાં પાછો પરિપત્ર કર્યો, મંડપ, સ્ટેજ અને સાઉન્ડ સિસ્ટમ માટે બે લાખ રૂપિયા ખર્ચ કર્યો. અન્ય પરચૂરણ ખર્ચ માટે કન્ટીજન્સી માટે ૨ લાખ રૂપિયા આપણે આપ્યા કે બીજા બે લાખ ખર્ચો. પછી પાછો બસ માટે સરકયુલર કર્યો કે ૭,૦૦૦ રૂપિયા તમે એક બસ માટે ભાડુ આપો. હવે આમ બીજા તબકકામાં ૨૯૨ ગરીબ કલ્યાણ મેળાઓ થયા અને ૧૮ કરોડનો ખર્ચ આમાં કરવામાં આવ્યો. એક બાજુ પંચાયતને સ્ટ્રીટ લાઇટ માટે પૈસા જોઇતા હોય તો ના મળે. એક પંચાયતને પાણી માટેના સાધનો જોઇતા હોય તો પૈસા ના મળે અને બીજી બાજુ ગરીબ કલ્યાણ મેળાના નામે રાજયમાં જે કામગીરી રોજબરોજ આપણો ડી.આર.ડી.એ.નો સ્ટાફ કરે છે, જે કામગીરી આપણી પંચાયતો રોજબરોજ કરે છે, તેને એક વર્ષમાં ખેંચી અને જિલ્લે જિલ્લે, તાલુકે તાલુકે આ ગરીબ માણસની યોજના કહેવામાં આવે છે. ગરીબ માણસની યોજના કેન્દ્રની હોય કે રાજયની હોય, તેનું તંત્રએ રોજબરોજ પાલન કરવાનું છે, નહીં કે ગરીબ કલ્યાણ મેળા દ્વારા માત્ર કરવાનું છે. પણ આમાં શું બન્યું કે કુલ ૩૪૨ ગરીબ કલ્યાણ મેળાઓ યોજયા અને તેમાં વહીવટી ખર્ચ કેટલો કર્યો, ૪૨.૩૪ કરોડ રૂપિયા ખર્ચ કર્યો. રાજયની તિજોરીમાંથી ૪૨ કરોડ રૂપિયા ખર્ચ કરીને એટલેથી આગળ અટકેલા નથી. વર્ષ ૨૦૧૦-૧૧માં ખાલી એસ.ટી. તંત્ર જે અત્યારે ઓકસિજન પર ચાલી રહ્યું છે, બસો પૂરતી નથી, સ્પેરપાર્ટસ પૂરતા નથી. સ્ટાફ પૂરતો નથી. ગામડાંના રૂટ પર પૂરતા જતા નથી અને તે બસ સેવાઓને અસર કરી, પ્રજાના હાથમાંથી એ પૈસા લઇને ૯,૩૩,૮૭,૦૦૦ રૂપિયા ભાડુ બસના તંત્રને ચૂકવવામાં આવ્યું. આમ ગરીબ કલ્યાણ મેળાઓનો ખર્ચ કયાં પાડયો? આકસ્મિક ઉપાડ ખાતે પાડયો અને એ રકમ કોના હવાલે મૂકવામાં આવી? કલેકટરોના હવાલે મૂકવામાં આવી. કલેકટરોને આ કામ સુપ્રત કરવામાં આવ્યું. નીચેના કોઇ અધિકારી, પંચાયતને નહીં, કલેકટરના હવાલે સુપ્રત કરવામાં આવ્યું. એટલે અહીંયાથી આપણે જે ફોન કરી અને જે વધ-ઘટની વ્યવસ્થા કરવી હોય એ સરળતાથી થાય એટલા માટે આ વ્યવસ્થા ગોઠવવામાં આવી. બીજા નંબરમાં ગરીબ કલ્યાણ મેળાઓની વાત થઇ, એ સિવાય રૂરલ ડેવલપમેન્ટ એરિયામાં આપણે ગયા વર્ષે જાહેરાત કરી કે ગ્રામીણ વિસ્તારમાં શહેર જેવી સુવિધાઓ ઉભી કરવા માટે. શબ્દો તો સાહેબ, આપણે બહુ સુંદર મૂકીએ છીએ અને ૮૪ આવા તાલુકા લેવલના ગામ પસંદ કર્યા અને કહ્યું કે ભૂગર્ભ ગટર વ્યવસ્થા માટે આપણે ૪૩૨ કરોડ રૂપિયા મૂકયા. આનું શું થયું? છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય બેંકને આ યોજના સુપરત કરી અને એના કારણે આજ સુધી એક પણ ગામની અંદર રૂર્બન જે નામ આપ્યું છે, રૂરલ અર્બન ડેવલપમેન્ટ ટાઇપનું, રૂર્બન. વાત તો આપણે ફકીરભાઇ, બહુ સુંદર અને સરસ, ઉંચી વાત કરીએ છીએ, પણ ગટર વ્યવસ્થાના નામે એ ગામોમાં ૪૩૨ કરોડમાંથી એક પણ રૂપિયો આજે વપરાયો નથી. આપણે વાત કરીએ છીએ અન્ય વિસ્તારોની. તાલુકા, જિલ્લાઓ અને ગ્રામ પંચાયતોની. આજે આપણી શું પરિસ્થિતિ છે? તાલુકા, જિલ્લા અને ગ્રામ પંચાયતોમાં આપણી પાસે સ્ટાફ છે? નથી. ટી.ડી.ઓ.ની સંખ્યાબંધ જગ્યાઓ ખાલી છે. ટી.ડી.ઓ. જ જયારે સીલેકટ નથી થવાના, પંચાયતની જે સિસ્ટમ છે એમાં કમિટી મારફત સીલેકટ કરીએ છીએ એ સીલેકશન જ આપણે નથી કરી શકતા તો પછી કેવી રીતે ટી.ડી.ઓ. મૂકવાના છીએ? ઇન્ચાર્જ, આ ઇન્ચાર્જ, ઇન્ચાર્જ, ઇન્ચાર્જ. તલાટી પૂછો તો ઇન્ચાર્જ, તાલુકા પંચાયત પૂછો તો ઇન્ચાર્જ, જિલ્લા પંચાયતમાં ડેપ્યુટી ડી.ડી.ઓ. પૂછો તો ઇન્ચાર્જ, મારા તાલુકામાં મારે ત્રણ વખત પૂછવું પડયું કે ખરેખર ટી.ડી.ઓ. કોણ છે? પંદર દિવસ પહેલાં કોઇ ટી.ડી.ઓ., પછીના પંદર દિવસ પહેલાં કોઇ ટી.ડી.ઓ., ત્યાર પછીના પંદર દિવસ કોઇ ટી.ડી.ઓ. આ ટાયર બદલવા જેવી

આખી સિસ્ટમ છે. એ સિસ્ટમ કોણે કરી? આપણી સરકારે કરી અને એ સરકાર કઇ સરકાર? આપણે એમ કહીએ છીએ કે અમે આ કરી નાંખ્યું, પેલું કરી નાંખ્યું પણ ખરેખર આમાં જોવા જઇએ તો તલાટીઓ, ગ્રામ સેવકો, ગ્રામ સેવક બેનર, ગ્રામ સેવક વિકાસ, સંવર્ગવાર તાલુકા પંચાયત, સંવર્ગવાર જિલ્લા પંચાયત અને સંખ્યાબંધ જગ્યાઓ આજે આપણી ખાલી છે અને ખાલી જગ્યાઓથી ચલાવાતો વહીવટ એટલે આપણો વહીવટ. આપણાં વહીવટમાં આપણે શું કર્યું? આપણે એવું કર્યું કે જે યોજનાઓનો અમલ કરવાનો હતો એ યોજનાઓનો અમલ ન થયો અને આ જગ્યાઓ બધી ખાલી રહી. આપણે રૂરલ ડેવલપમેન્ટની વાત કરીએ, રૂરલ ડેવલપમેન્ટમાં કહેવામાં આવે છે કે ગ્રામીણ વિસ્તારમાં આપણે આવાસો આપીએ છીએ. જયારે જયારે કેન્દ્રની વાત આવે ત્યારે કહેવામાં આવે છે કે કેન્દ્ર અન્યાય કરે છે. કેન્દ્ર અમને ન્યાય આપતું નથી. આપણે જોઇએ તો ગ્રામીણ વિસ્તારમાં આજ સુધીના રેકોર્ડમાં આપણે જોઇએ તો ઇન્દિરા આવાસ યોજનામાં કેન્દ્રની સહાય ખાલી એક જ વર્ષમાં માત્ર ૩૩,૭૦૦ આવાસ આપણે જે બનાવ્યા.એ કેન્દ્રમાંથી આપણને સહાય મળી હતી અને એક યુનિટ માટે રૂ.૫૨૦૦૦/– ખર્ચ કર્યો છે અને માત્ર ૨૦૧૨–૧૩માં રૂ.૩૩૭૫૦/– લાખ જેટલી જંગી રકમ આ રાજયને આપેલ છે. ગરીબ માણસોને કેન્દ્રમાં રાખીને, કોમન માણસને કેન્દ્રમાં રાખીને યોજના બનાવેલ છે. પ્લોટની ફાળવણી માટે બનાવેલ લેન્ડ કમિટી રેગ્યુલર મળતી નથી એનું કોઇ મોનીટરીંગ થતું નથી એ જિલ્લા લેવલે મળતી નથી. એ જ પ્રમાણે કેન્દ્ર સરકારે એક રાજીવ ભવન માટે રૂ.૧૧,૦૦,૦૦૦/– આપવાની યોજના બનાવેલ છે. આ સંખ્યાબંધ તાલુકાની યોજના છે. આ યોજના આપી એ રેગ્યુલર ડેવલપમેન્ટ માટેની યોજના છે, એક કેન્દ્ર બનાવવા માટે રૂ.૧૧,૦૦,૦૦૦/– આપવામાં આવે છે. જેને સોનિયા ગાંધીના સ્વપ્નની યોજના કહેવાય છે. જેની સાથે મહાત્મા ગાંધીનું નામ જોડાયેલ છે એવી આ મનરેગા મહત્વાકાંક્ષી યોજના છે. ગરીબ લોકોને કામ મળે દરેક હાથને કામ આપવાની મહાત્મા ગાંધી મનરેગા યોજના છે, જોબ કાર્ડ ઇસ્યુ કર્યા છે. જોબ કાર્ડ આપી લાખો હાથોને કામ આપ્યું છે. આપણે શું કર્યું? સંખ્યાબંધ ગેરરીતિઓ હોવા છતાં પણ આપણે કોઇ પગલાં ભર્યાં નથી અને એ સિવાયની અનેક યોજનાઓ છે. સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન, જેનો જશ આપણે લઇએ છીએ. ૨૦૦૫–૦૬ની કેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને ૨૦૧૦–૧૧માં રૂ.૫૩/– કરોડનો ખર્ચ કર્યો. ગામે ગામ શૌચાલયો બનાવવા, આંગણવાડીઓમાં શૌચાલયો બનાવવા, બાલવાડી અને સ્કૂલોમાં શૌચાલયો બનાવવા માટે આ કેન્દ્ર સરકારે પૈસા આપેલા છે. એ જ પ્રમાણે ૨૪ લાખ બી.પી.એલ. કુટુંબોને ૧૭૨૦૪ વાજબી ભાવની દુકાનો પરથી વાજબી ભાવે અનાજ આપવામાં આવ્યું. ૭ લાખ કુટુંબોને અંત્યોદય યોજના હેઠળ ઘઉં અને ચોખા સસ્તા ભાવે અપાય છે. દસ કિલો અનાજ ૬૫ વર્ષથી વધુ વયના નિરાધાર વૃદ્ધોને વિનામૂલ્યે અનાજ અપાય છે.

**શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા)** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના સિનિયર કેબિનેટ મંત્રીશ્રી નરોત્તમભાઇ પટેલ પંચાયત વિભાગની માગણી નં.૬૯, ૭૦ અને ૭૧ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું એ માગણીઓના સમર્થનમાં સભાગૃહમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતીરાજ વ્યવસ્થા એ લોકલ ગવર્નમેન્ટ સ્થાનિક સ્વરાજની જનતાને સત્તાની સોંપણી માટેનું એક મહત્વના અંગ તરીકે ગુજરાતે જ્યારે સ્વીકાર્યું છે ત્યારે ગુજરાતમાં જ્યારે બહુમતી પ્રજા ગામડામાં વસે છે અને એમાંય વિશેષ આર્થિક રીતે જરૂરિયાતમંદ વર્ગ એ ગ્રામ્ય વિસ્તારમાં વધારે છે ત્યારે એ નાગરિકોને સેવા એમાંથી ડીલીવરી કેવી રીતે થઇ શકે એના માટે પંચાયત વિભાગ અને ગુજરાત સરકારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન નીચે જે ઇનિશિયેટીવ લીધા છે એ એકવીસમી સદી માટે અલગ પ્રકારની અપેરન્ટલી જોવા મળે છે. ઘણીવાર એવો આક્ષેપ થાય છે કે, આ ઇનિશિયેટીવ જાહેરાતો માટે કે પ્રસિદ્ધિ માટે કરવામાં આવતી હોય ત્યારે મારે માત્ર ઓબ્ઝર્વેશન કરવું છે કે, વિશ્વનું સૌથી પ્રતિષ્ઠિત અઠવાડિક " ટાઇમ મેગેઝીન " ગુજરાતના અત્યાર સુધીના મુખ્યમંત્રીઓમાં એક માત્ર હાલના મુખ્યમંત્રીને પોતાના મેઇન પેજ ઉપર પ્રસિદ્ધિ આપતું હોય તો આ મુખ્યમંત્રીને બીજી પ્રસિદ્ધિની જરૂરિયાત છે કે કેમ? એ પ્રશ્ન સ્વાભાવિક રીતે જ આપણને થઇ જાય છે. પંચાયત વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અને આયોજનો દ્વારા આ કામગીરી કરવામાં આવે છે.ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણીઓને નિવારવા માટે સમરસ ગ્રામ પંચાયત યોજનાની શરૂઆત કરી, એના માટે પ્રોત્સાહનો આપવાનું શરૂ કરવામાં આવ્યું. સાથેસાથે મહિલા

સશકિતકરણ થાય અને મહિલાઓને સત્તામાં ભાગીદારી મળે એના માટે પ્રોત્સાહન આપવાનું વિશેષ નકકી કરવામાં આવ્યું અને એ રીતે આજે રાજયની અંદર અનેક પંચાયતો એ માત્ર મહિલા સદસ્યો દ્વારા શરૂ કરવામાં આવી છે. મહિલાઓને આ સત્તા સોંપવાનું કાર્ય એ આ રાજય સરકારનો એક નવીન અભિગમ છે. એવું જ તીર્થ ગામ પાવન યોજના, દરેક ગામની અંદર કોમી એખલાસ રહે, સામાજિક સમરસતા રહે, અને ગામની અંદર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ઉત્તમ રીતે ચાલી શકે એટલા માટે પ્રોત્સાહન આપવા માટે તીર્થ ગામ પાવન યોજના સરકાર દ્વારા શરૂ કરવામાં આવી એ જ રીતે ગામના લોકોને કવોલીટી ઓફ લાઇફનું ઇમ્પ્રુવમેન્ટ કરવા માટે, એમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પંચવટી યોજના, સ્વચ્છ ગામ અને સ્વસ્થ ગામ યોજના દ્વારા પણ નાણાકીય ફાળવણી અને આયોજનો મારફતે રાજય સરકારે આ ગ્રામ્ય વિસ્તારની જનતાની સુખાકારી માટેની આ યોજનાઓ શરૂ કરવામાં આવી. જે કામગીરી સરદાર પટેલ આવાસ યોજના નીચે રાજય સરકારે કરી છે એનો નમૂનો, એનો જોટો મળવો મુશ્કેલ છે કેમ કે આજે બી.પી.એલ. પરિવારના એક પણ પરિવારને પ્લોટની ફાળવણી ન થઇ હોય એવું રહ્યું નથી એ જ બતાવે છે કે રાજય સરકારે ગરીબોની કેટલી ચિંતા કરી છે. એવું જ ગરીબ કલ્યાણ મેળા મારફતે જે રાજય સરકારની જે યોજનાઓ છે એ યોજનાઓનો લાભ એના ઘરઆંગણા સુધી પહોંચી શકે અને આ ગરીબોને સરકારી કચેરીઓમાં ધકકા ન ખાવા પડે, વચ્ચેટીયાઓની જરૂર ન પડે એવા પ્રકારનું સુંદર આયોજન કરી પંચાયત વિભાગ દ્વારા ૮ હજાર કરોડ રૂપિયા જેટલી રકમ, ૫૭ લાખ ૫૯ હજાર જેટલા લાભાર્થીઓને ૬૪૨ જેટલા ગરીબ કલ્યાણ મેળા કરી અને રાજય સરકારે ગરીબોના કલ્યાણ માટેનું, ગરીબોના લાભ માટેનું એક ખૂબ જ ઉત્તમ કામ અને ગરીબ લક્ષી સરકાર કોને કહેવી તો એ ગરીબ લક્ષી સરકાર એ આને કહેવાય એવું પ્રતિપાદિત સ્પષ્ટ રીતે આમાંથી થઇ શકે છે. બીજા જે ઇનીશીએટીવ્સ છે, જમીન સંપાદન હોય માળખાકીય એટલે કે ઇન્ફ્રાસ્ટ્રકચરની ફેસિલિટિ છે એના માટે પણ રાજય સરકારે એવા ઇનીશીએટીવ લીધા છે. સર્વોદય યોજના, તાલુકા અને જિલ્લા પંચાયતના વહીવટી તંત્રને સંગીન બનાવવા માટે અધિકારીઓ માટેની તાલીમી યોજના સહિતના કામો રાજય સરકારે એના માટેના કર્યા છે. ગ્રામસભાને સાચા અર્થમાં એમ્પાવરમેન્ટ આપી ગ્રામસભાઓ નિયમિત ભરાય અને ગ્રામસભા મારફતે ગામના મહત્વના પ્રશ્નો અંગેના નિર્ણયો ગ્રામસભામાં સમસરતાથી લેવાય એના માટેની પણ ચિંતા રાજય સરકાર અને પંચાયત વિભાગ દ્વારા કરી છે. મારે વિશેષ વાત એ કરવી છે કે એકવીસમી સદીમાં ઓગણીસમી સદીની કાર્ય પદ્ધતિ ચાલી શકે નહીં. અને એટલા માટે એકવીસમી સદીનો વહીવટ એકવીસમી સદીની ટેકનોલોજીથી થાય એના માટેનું જે આયોજન પંચાયત વિભાગ અને રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. એ ગુજરાતની અંદર ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના, જી-સ્વાનનું જે નેટવર્ક છે જે સમગ્ર એશિયાનું સૌથી મોટું નેટવર્ક છે એના માધ્યમ દ્વારા રાજયની તમામ ગ્રામ પંચાયતોને આ કોમ્પ્યુટર હાર્ડવેરની ફાળવણી વગેરે કરવામાં આવી છે. ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ કનેકટીવીટીની જોગવાઇ કરવામાં આવી છે. આખા દેશમાં ગુજરાત એવું પ્રથમ રાજય છે કે જેણે આ પ્રકારની કામગીરી કરી અને ગુજરાતના ગામડાઓને વિશ્વના ગામડાઓ સાથે જોડવાનું એક ઉત્તમ કામ કર્યું છે. સેવાની ડિલીવરી માટે ગામડાઓમાં ખાસ કરીને ખેડૂતો છે જે એમના ૭-૧૨ અને ૮-અના ઉતારા, બીજા નાગરિકોને જન્મ-મરણના પ્રમાણપત્રો, કેરેકટર સર્ટિફિકેટ, ટેક્સ કલેકશન આ બધા લગભગ ૩ કરોડ પ્રમાણપત્રો આજ સુધીમાં ઇસ્યુ કરવામાં આવ્યા છે. વીજ બિલ કલેકશન જેવા સામાન્ય કામ માટે પણ આ વ્યવસ્થા ત્યાં ઉપલબ્ધ કરવામાં આવી છે. આપણા અનેક નાગરિકો વિદેશમાં વસે છે. ગામડાનો યુવાન જ્યારે વિદેશમાં વસતો હોય ત્યારે ગામડાના એના મા-બાપ સાથે એ એન.આર.જી, એન.આર.ઇ. ઇન્ટરનેટના માધ્યમથી સીધી વાત કરી શકે એવા પ્રકારની વ્યવસ્થા આ સરકારની ઇ-ગ્રામ યોજના મારફત ઉપલબ્ધ થઇ છે. આ ઇન્ટરનેટ દ્વારા એગ્રીકલ્ચર માર્કેટ યાર્ડમાં એના શું ભાવો પડ્યા કે દુનિયાના અન્ય ભાગમાં એ ક્રોપના શું ભાવ છે એ સાથે હેલ્થને લગતી અને એમ્પ્લોયમેન્ટ લગતી આવી અનેક પ્રકારની સેવાઓ આ ઇ-ગ્રામના માધ્યમ મારફતે ઉપલબ્ધ થઇ છે. ઇન્ટરનેટ વીડિયો કોન્ફરન્સની સુવિધા પણ આ ઇ-ગ્રામ યોજનાનો એક હિસ્સો છે. ૭/૧૨ અને ૮-અના ઉતારા જે ઇસ્યુ કરવામાં આવ્યા છે એ લગભગ ૨૧.૮૪ લાખ ઉતારા આ ૨૦૧૧ના વર્ષમાં ખેડૂતોને ઇસ્યુ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને ઓન લાઇન

એપ્લીકેશન વગેરે કરવા હોય, આઇ.ટી.આઇ.ના એપ્લીકેશન ફોર્મ ભરવા હોય કે ધોરણ ૧૦–૧૨ના પરિણામોની કોપી જોઇતી હોય તો એની શરૂઆત પણ આ ઇ–ગ્રામના માધ્યમ મારફત કરવામાં આવી રહેલ છે. આ આખી બાબત છે એ એટલી બધી ૨૧મી સદીને અનુરૂપ આજની યુવા પેઢી છે જે વધારે કોમ્પ્યુટર સેવી છે એ યુવાનોને આ કામગીરી મારફત આનો પંચાયત વિભાગની વેબસાઇટ હોય, દરેક જિલ્લા પંચાયતની વેબસાઇટ પણ કરવામાં આવી છે. જેના દ્વારા આ માધ્યમ મારફત હજારો અને લાખો યુવાનો એની સીધી કામગીરી કરી શકે છે. આ ઇ–ગ્રામ યોજનાની જે સિદ્ધિઓ છે એમાં આ કલોઝર યુઝર ગૃપ દુનિયામાં પ્રથમ છે. સૌથી મોટું વી–સેક નેટવર્ક છે. આ ઇ–ગ્રામ વિશ્વ ગ્રામ પ્રોજેક્ટને દેશની અને વિશ્વની અનેક સંસ્થાઓએ રેકગ્નાઇઝ કરીને એવોર્ડોથી પુરસ્કૃત કરવામાં આવ્યો છે. સી.એ.પી.એન.સર્ટિફિકેટ ઓફ એચીવમેન્ટ–૨૦૦૮, કોચ ચેલેન્જર એવોર્ડ ૨૦૦૮, કોમ્પ્યુટર સોસાયટી ઓફ ઇન્ડિયા દ્વારા રાષ્ટ્રીય કક્ષાના આઉટ સ્ટેન્ડીંગ પ્રોજેક્ટ આખા દેશમાં આ ગ્રામ વિકાસને લગતો પ્રોજેક્ટ કહેવાય એમાં બેસ્ટ ગવર્નન્સ એવોર્ડ પણ આ પ્રોજેક્ટને રેકગ્નાઇઝ કરીને આપવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી અને એના માટેના જે ભાવિ આયોજનો છે એમાં પણ જે એચ.સી.એલ.–યુ.એસ.એફ.ઓ. હેઠળ ગ્રામ પંચાયતને વધારાના કોમ્પ્યુટર, બ્રોડબેન્ડ કનેક્ટિવિટી અને બીજા પાંચ હજાર ગામોને ડી–ટુ–સી સેવાઓ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. ટૂંકમાં, ગામડાનો જ યુવાન કોમ્પ્યુટર ઓપરેટ કરી શકે અને એની એપ્લીકેશન સમજી શકે એ રીતે તૈયાર કરીને એવા સાહસિકને નિમણૂંકો પણ આ સરકારે કરી અને ગ્રામ્ય વિસ્તારનું આ કોમ્પ્યુટર નેટવર્ક છે એનો ઉપયોગ એના મારફતે થઇ રહ્યો છે. એવી જ એક બહુ જ મહત્વનું ઇનિશિએટીવ રાજ્ય સરકારે લીધું છે કે ગ્રામ્ય વિસ્તારના જે મોટા વિસ્તારો છે, ખાસ કરીને ૧૦ હજારથી વધારે વસ્તીવાળા અથવા તાલુકા મથકો જે નગરપાલિકામાં આવતા નથી એમના માટેની રૂર્બન યોજના. રૂરલ અને અર્બનનું મિક્ષ્ચર એટલે કે પરદેશમાં એને સબર્બન કહેવાય છે. ગ્રામ્ય વિસ્તારનો આત્મા અને શહેરનું ઇન્ફ્રાસ્ટ્રકચર, આજે ગામડાના લોકોની શહેરો તરફની સામાન્ય રીતે દોટ છે એની પાછળનું મહત્વનું કારણ છે શહેરની સુવિધાઓ. પીવાનું પાણી, પાકા રસ્તા, શિક્ષણની સુવિધા, વીજળીની સુવિધા, ટેલિફોન અને ટેલિવિઝનની સુવિધા હોય. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાતના ગામડામાં એવું જોવા મળે છે કે શહેરમાં ઉપલબ્ધ હોય એવી કોઇ પણ સેવા ગામડામાં ઉપલબ્ધ ના હોય એવા પ્રકારનું આજે બની રહ્યું છે. રૂર્બનમાં ખાસ કરીને ગટર યોજના અને પાકા રસ્તાઓના સુઆયોજિત આયોજન મારફત લગભગ ૮૫ જેટલા ગામોને આમાં આવરી લઇને આની જે શુભ શરૂઆત કરવામાં આવી છે અને આગળ જતા એનાથી ઓછી વસ્તીવાળા ગામોનો પણ આમાં સમાવેશ થઇ શકશે અને આને લઇને રાજ્યનો જે મહત્વનો પ્રશ્ન છે કે ગામડામાંથી શહેર તરફની જે દોટ છે એ દોટ જરૂરથી અટકશે. કારણ કે લોકો શહેરમાં ઉદ્યોગ–ધંધા માટે કે નોકરી માટે આવશે પણ રહેવાનું તો ગામડામાં જ પસંદ કરશે અને એ રીતે આજે પંચાયત વિભાગ દ્વારા ગામડામાં જે કામ થયું છે એ સાચે જ નવા ઇનીસીએટીવ દ્વારા ગુજરાત સરકારે જે કામગીરી કરી છે એ એના લાભાર્થે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કેટલાક સૂચનો પણ આ વિભાગને કરવા છે. મને લાગે છે કે આજે ગૌચારની જમીનો પંચાયત હસ્તક છે એ ગૌચરની જમીનોને જેને આપણે અબજો રૂપિયાની આ સંપત્તિ છે એનું પરફોર્મિંગ એસેટસ છે. એને પરફોર્મિંગ એસેટસ કરી શકાય. અત્યારે અન્ડર પરફોર્મિંગ એસેટસ હોય તો એના માટે ગુજરાત ગૌચર મેનેજમેન્ટ નિગમની રચના કરવાનું પણ માનનીય મંત્રીશ્રી વિચારે એવું મારું એક નમ્ર સૂચન છે અને એમાં દૂધ મંડળી ને કેટલ હોસ્પિટલ વગેરે બનાવવા માટેનું પ્રોત્સાહન આપીને કેટલ હોસ્પિટલ એ ગૌચરોમાં થાય તો ગામડાઓમાં જે ઉકરડાઓ છે, ગામડાઓમાં જે ગંદકી છે એને આપણે ઉકરડા રહિત ગામો બનાવી શકીએ. બીજું એક સૂચન શહેરી વિસ્તારની નજીક ગામો છે એમાં D P પ્લાન કરી અને કોઇ ઓથોરિટી બનાવી (અંતરાય) નજીકમાં એ કામ થઇ શકે એવું મારું નમ્ર સૂચન છે અને આ માગણીઓને હું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. રજનીભાઇ..

**શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઇ પટેલ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને લગતી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વવકતાશ્રીએ કહ્યું એ પ્રકારે આ રાજ્યમાં ૧૮૦૦૦ કરતા વધારે ગામડાઓ આવેલા છે અને ૧૩૭૦૦ કરતા વધારે ગ્રામ પંચાયતોનું આ રાજ્ય બનેલું છે. અહીંયા જે ત્રિ-સ્તરીય પંચાયતી વ્યવસ્થા છે એમાં ગ્રામ પંચાયત એ પંચાયતીરાજ પદ્ધતિનો પાયો છે અને એટલા માટે ગ્રામ પંચાયતનું માળખું જો સુદ્રઢ હોય તો સ્વાભાવિક ગ્રામ વિકાસ એ થતો હોય છે અને એટલા માટે જ્યારે ગ્રામ પંચાયત દ્વારા અનેક વિધ વિષયોને લઇને વિકાસનું કામ થતું હોય એ પછી કૃષિ હોય, પશુપાલન હોય, શિક્ષણ હોય, સ્વચ્છતા હોય, બાંધકામ હોય કે અન્યોન્ય વિષયો એ વિકાસને લગતા ગ્રામ પંચાયતના માધ્યમથી થતા હોય ત્યારે આ બધા જ કામો પંચાયત ઘર દ્વારા થતા હોય છે. સરપંચ હોય, સભ્યો હોય, ગ્રામ સેવકો હોય, તલાટીશ્રી હોય કે અન્ય આગેવાનો આ કામગીરી એ પંચાયત ઘરમાં બેસીને કરતા હોય છે અને પરિણામે પંચાયત ઘર જો સારું બને તો આ બધા જ કામોને વેગ મળતો હોય છે અને એટલા માટે વર્ષ ૨૦૧૨-૧૩ માટે પંચાયતઘર-કમ-તલાટી મંત્રી આવાસ માટે આ રાજ્ય સરકારે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંર્તગત ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર હેઠળ વર્ષ ૨૦૧૧-૧૨માં ૨૭૦૧ આ પ્રકારના આવાસોનું લક્ષ્યાંક હતું અને એનું આયોજન થયું છે. જર્જરિત ગ્રામ પંચાયતોના મકાનો નવા બાંધવા માટે મંજૂર થયેલા કામો પૈકી શરૂ થયેલા. પરંતુ ભાવ વધારાના કારણે જે કામો અપૂર્ણ રહી ગયેલા હતા એવા ૩૯૫ ગ્રામ પંચાયતોના મકાનો પૂર્ણ કરવામાં જે ભાવ વધારો આપવામાં આવ્યો એમાં ભૂકંપ સિવાયના વિસ્તાર માટે પાંચ લાખ રૂપિયા અને ભૂકંપગ્રસ્ત વિસ્તાર માટે સાડા પાંચ લાખ રૂપિયા સુધીના વધારાના ખર્ચની મંજૂરી આ વિભાગે આપી છે અને પરિણામે આ રીતે ૩૯૫ જેટલા જે મકાનો વિલંબમાં પડ્યા હતા એને પૂર્ણ કરવાનું કામ પણ આ વિભાગે કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાજનથી જે અસ્તિત્વમાં આવી હોય એવી ૧૬૭ જેટલી ગ્રામ પંચાયતોના નવીન બાંધકામ માટે ચાલુ વર્ષમાં ૨૦૧૨-૧૩માં આયોજન કરવામાં આવ્યું છે. ભૂતકાળમાં ગ્રામ પંચાયતોનું વિભાજન થાય અને એની પાછળ અનેકવાર રજૂઆતો થાય ત્યારે આ પ્રકારના આવાસો બાંધવા માટેનો વિચાર કરવામાં આવતો હતો. એની જગ્યાએ વર્તમાનમાં સરકાર સ્વયં આ પ્રકારે જે જરૂરિયાતવાળી બાબતો છે એનું આયોજન એ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયતનો જો વિકાસ કરવો હોય, ગામડાનો જો વિકાસ કરવો હોય તો ગામ સમરસ બને એ સૌથી મહત્વનો વિષય છે. વિનોબા ભાવેએ કદાચ આ કલ્પના ગુજરાતને આપી હતી. ત્યાર પછી સમરસ ગ્રામ પંચાયતોના સંદર્ભમાં ભૂતકાળની સરકારોએ કેટલું કામ કર્યું, એમની ઇચ્છા કેટલી હતી અને પરિણામો શું આવ્યા ? એ આપણને ખબર છે. પરંતુ સાહેબ, સાચા અર્થમાં સમરસ ગ્રામ પંચાયતોનો પીક-અપ પોઇન્ટ જો આવ્યો હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસનમાં છેલ્લા દસ વર્ષથી, ખરેખર સમરસ સંકલ્પનાને મજબૂત બનાવવાનું કામ થયું છે. આજે મારા વિસ્તારમાં નાનકડો તાલુકો બહુચરાજી અને એની ૧૬માંથી ૧૨ ગ્રામ પંચાયતો સમરસ થાય, ૪ જેટલી ગ્રામ પંચાયતો એકલા મહિલાઓની ગ્રામ પંચાયતો બને. સાહેબ,એટલા માટે બને કે, ગામડાઓમાં જઇને કહીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રીની આ કલ્પના છે કે ગામડું સમરસ બને અને એના આધાર ઉપર ગામનો વિકાસ સુનિશ્ચિત છે. આવું જયારે સામાન્ય જન સ્વીકારતો થયો છે ત્યારે સાહેબ, ખૂબ સહજતાથી આને સ્વીકારે છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીની વાતને સ્વીકારી અને આ પ્રકારના પરિણામો સાહેબ જયારે મળતા થયા છે ત્યારે વાદ નહીં, વિવાદ નહીં પરંતુ સંવાદના માધ્યમથી વિકાસ કરવા માટે આ સમરસ ગ્રામ પંચાયતો આજે બની છે. અને એને પ્રોત્સાહન મળે એના માટે સરકારે પણ અનેકવિધ પ્રોત્સાહિત રકમો જાહેર કરી અને ગામડાનો વધુ વિકાસ થાય એ પ્રકારની દિશા આ ગામડાઓને આપી છે. સાથે સાથે, ગામડાઓમાં લોક-ભાગીદારીથી વિકાસના કામો થાય એની પણ દિશા-દર્શન આ સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ કર્યું છે.

માનનીય ઇકબાલભાઇ, એકવીસમી સદીના સ્વપ્નદષ્ટા અને આ દેશના પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની વાત કરતા હતા. મારે કહેવું છે ઇકબાલભાઇ કે, આજ રાજીવ ગાંધીએ કહ્યું હતું કે, અમે ઉપરથી રૂપિયો મોકલીએ છીએ અને ઘસાઇને નીચે આવતાં આવતાં પંદર પૈસા થઇ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, જયારે આ પ્રકારનો વહીવટ એ ભૂતકાળમાં ચાલ્યો હોય ત્યારે વર્તમાન સરકારમાં ગુજરાતમાં માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયો એ નીચે આવે એ સવા રૂપિયો થઇને વિકાસના કામો થાય અને લોક–ભાગીદારીથી એમાં સરકાર જે કાંઇ અનુદાન આપે એની સાથે લોકો પોતાની ભાગીદારી જોડે છે અને ખૂબ સારું વિકાસનું કામ થાય એવા પ્રકારનું કામ આજે થઇ રહ્યું છે. ફકત રોડ, રસ્તા, પાણી કે વીજળીમાં વિકાસ અને એમાં જ ભાગીદારી નહીં પણ સમાજમાં સંવેદના ઉભી થાય, સમાજના અનેકવિધ નાના મોટા કામોમાં પણ લોક ભાગીદારી થાય એવા પ્રકારનું સુંદર માર્ગદર્શન પણ આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી આપણને કરી રહયા છે એનું સૌથી શ્રેષ્ઠ જો કોઇ ઉદાહરણ હોય તો સદ્ ભાવના મિશનમાં એ આપણને જોવા મળ્યું. અમારા મહેસાણા જિલ્લામાં જયારે સદ્ ભાવનાનો કાર્યક્રમ થયો ત્યારે અમારા પ્રભારી મંત્રી આદરણીય આનંદીબહેને આહવાન કર્યું કે આ સદ્ ભાવના કાર્યક્રમમાં આપણે પીડિત, શોષિત, વંચિત અને કુપોષણથી પીડાતા બાળકોને પણ ભુલવા ન જોઇએ. એમના એક આહવાન ઉપર સમગ્ર જિલ્લાની સામાન્ય પ્રજાએ અને બધા જ કાર્યકર્તાઓએ કુપોષણથી પિડિત બાળકો માટે જેટલું બને તેટલો પોષણયુકત આહાર લાવવાનું નકકી કર્યું. સમગ્ર દિવસ દરમિયાન ટ્રકો ભરાય એટલો આ પ્રકારનો પોષણયુકત આહાર એકત્ર થયો અને આંગણવાડીના માધ્યમથી બધા બાળકોને પહોંચાડવામાં આવ્યો. આ પ્રકારની જયારે લોકભાગીદારી, સંવેદનાયુકત વિચારો થતા હોય ત્યારે ગ્રામ વિકાસ માટે એ પણ એક બહુ મહત્વપૂર્ણ બાબત છે. ગામડું સ્વચ્છ હોય એ વાત પહેલા આપણને માનવામાં નહોતી આવતી. !! સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ!! આ પ્રકારની યોજના સાથે ગ્રામ્ય જીવનનું સ્તર ઉંચુ લાવવાનું કામ પણ આ રાજયની સરકારે કર્યું છે અને પરિણામે આજે આપણને ગામડું સ્વચ્છ જોવા મળે છે. ૨૦૦૭–૦૮નું વર્ષ રાજયના મુખ્યમંત્રીશ્રીએ નિર્મળ ગુજરાત તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો અને આના કારણે ગામડું સ્વચ્છ બને, સ્વચ્છ રહે એ માટે ચિંતા કરી અને આજે આપણને ગામડું સ્વચ્છ દેખાય છે. ગ્રામ પંચાયતમાં ગંદકીવાળી જગ્યાઓમાં ગટરો નાખી અને આવા ગંદા વિસ્તારને સાફસુફ કરી અને એના ઉપર દવાનો છંટકાવ કરવાનો એવું નિર્મળ ગામમાં નકકી કરવામાં આવ્યું. ઉકરડા ગામથી નજીક હોય એ બધા જ ઉકરડાઓ ગામથી દૂર યોગ્ય જગ્યાએ થાય અને એના માટે જમીન ફાળવવી પડે તો પણ ગ્રામ પંચાયત દ્વારા ફાળવી અને ઉકરડાનું સ્થળાંતર કરવાનું કામ આ સમય દરમિયાન થયું. ગામડાંમાં સફાઇ વેરો દાખલ કરી લોકો પોતાની સફાઇ માટે ભાગીદાર બનતા થાય આ પ્રકારનો એક વિચાર પણ આ કાર્યક્રમ અંતર્ગત આપવામાં આવ્યો અને જેટલો સફાઇ વેરો ગ્રામ ઉઘરાવે, પ્રોત્સાહનરૂપે રાજય સરકાર એટલી જ રકમ એમને આપે અને ગામડાંના લોકો એમનું ગામ સ્વસ્થ રાખતા થાય આ પ્રકારનું એક સુંદર કામ રાજય સરકાર દ્વારા થયું. સો ટકા જે સફાઇ વેરો ઉઘરાવે એમને ૧૧૦ ટકા રાજય સરકાર પ્રોત્સાહનરૂપે આપી અને સફાઇ માટેની જે માનસિકતા છે એ દ્રઢ કરવાનું કામ આ રાજય સરકારે કર્યું છે. સ્વચ્છતા ત્યાં પ્રભુતા આપણે કહીએ છીએ, સ્વચ્છતા બધાને ગમે છે પણ બીજા કોઇ કરે તો આ પ્રકારની જયારે સ્થિતિ હતી આમ આદમી એ સ્વચ્છતાના અભિયાનમાં જોડાય એવા પ્રકારનું સુંદર કામ આ સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન દ્વારા થયું છે અને એમાં ઘેર ઘેર શૌચાલય બને, સમૂહ શૌચાલયો બને અને કુલ મળીને ગામ સાચા અર્થમાં સ્વચ્છ ગામ બને એ પ્રકારના સુંદર પ્રયત્નો રાજય સરકાર દ્વારા થયા છે. સમગ્ર દેશ અત્યારે વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ ઉજવી રહયો છે.વિવેકાનંદજી શિકાગો ધર્મપરિષદમાં ગયા, ત્યારે એવું કહેવાય છે કે આખી રાત એ રડ્યા. એનું કારણ એવું હતું કે ભારતમાં એક પ્રકારની ગરીબી હતી. સામાન્ય જન, ગરીબ હતો. પશ્ચિમનો વૈભવ વિવેકાનંદજીએ જોયો અને એ વિચારે એમને આખી રાત ઉંઘવા ન દીધા. અને એમણે એક વૈચારિક કલ્પના કરી. પૂર્વનું આધ્યાત્મ અને પશ્ચિમનો વૈભવ એ બંને મળે અને જે મૉડેલ બને એવા સમાજની રચના હોવી જોઇએ. આવી કલ્પના વિવેકાનંદે એ વખતે કરી. બસ એ જ પ્રકારની કલ્પના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં કરી છે. સાહેબ, અર્બન એરિયામાં જે પ્રકારની સુખ સુવિધા મળે છે એ પ્રકારની સુખ સુવિધા ગામડામાં મળે. ગામડાનો આત્મા અને શહેરની સુવિધા એ બંનેને સંકલિત કરી

એક સુંદર મોડેલ તૈયાર થાય અને એ મોડેલનું રૂર્બન નામ આપવામાં આવ્યું અને આવું સુંદર કામ એ આ રૂર્બન યોજનના માધ્યમથી આગામી સમયમાં ગામડામાં થઇ રહ્યું છે અને એના કારણે ગ્રામ્ય વિસ્તાર જે મોટા ગામડાઓમાંથી શરૂઆત થઇ છે. એમાં રસ્તા, ગટર, પીવાનું પાણી, વીજળી અને આવી બધા જ પ્રકારની વિશેષ સુવિધા ઉભી થાય અને લોકોને શહેર તરફનો ઘસારો ઘટે, ગામડું સુંદર બને અને ત્યાં લોકો રહેતા થાય આવા પ્રકારની સુવિધા આમાં કરી છે. આ માગણીઓને હું સમર્થન આપું છું.

**શ્રી અમરસિંહ રા. વસાવા(દેડીયાપાડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ, પંચાયત ગ્રામ ગૃહનિર્માણ, ગ્રામવિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા મંતવ્યો અને સૂચનો કરવા માટે ઉપસ્થિત થયો છું.

આ દેશ આઝાદ થયો અને પહેલું જે કામ સરકારે લીધું તે ગામડાનો કેવી રીતે વિકાસ કરવો અને છેવાડાના જે લોકો છે એને કેવી રીતે લાભ આપવો, કેવી રીતે યોજનાનો લાભ આ ગામડાના લોકો સુધી જાય અને તેમાં આ પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ મારફતે જે સરકારની કેન્દ્રની યોજના હોય કે રાજ્યની જે યોજના હોય એના માટે બહુ મહત્વ આપવામાં આવ્યું. મારે આપના માધ્યમ દ્વારા પંચાયત માટે મારે વાત કરવી છે. જયારે કેન્દ્ર સરકારે પંચાયત વિભાગને ખૂબ મોટો બહોળો વિકાસ થાય અને લોકોને લાભ થાય એટલા માટે પંચાયત ધારામાં સુધારો કરીને ગ્રામસત્તા, ગ્રામસભામાં ગામના લોકો નિર્ણય કરે એવું મોટું યોગદાન આપ્યું. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ગુજરાત સરકાર છે એ ગ્રામસભાને આ ગાંધીનગરમાંથી બધા સર્ક્યુલર કરીને ગામડા સુધી મોકલે છે. પંચાયત ધારામાં અહીના સચિવ છે એ સચિવ કલેકટરને મોકલે, કલેકટર મામલતદારને મોકલે એ લોકો પંચાયત ધારામાં ગામના સભ્ય નથી તે લોકો આના ઉપર બળજબરીથી આદેશ આપે છે. એ નિયમ વિરુદ્ધના છે. જે માણસો જે વ્યક્તિ, અધિકારીઓ ગ્રામસભાના સભ્ય નથી તે લોકો ત્યાં નિર્ણય કરે. હવે આ નિર્ણય કરવા લાગ્યા. મુખ્યમંત્રીશ્રીની વાહવાહ કરતા હતા. ગામના લોકો આનાથી કંટાળી ગયા. લોકો વિરોધાભાસ કરવા લાગ્યા, એટલે અધિકારીઓની અંદર ફફડાટ થયો. તમે ૬ મહિનામાં કહો છો, પણ અમારું કામ તો થતું નથી, એટલે જે આખો ગ્રામસભાનો એજન્ડા હોય એમાં ગામડાનું કોઇ કામ થતું નથી. ખોટા વચનો આપવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને પણ કહેવું છે કે, ગ્રામસભામાં મારા મત એરીયામાં ખાસ કરીને જે આદિવાસી લોકો જંગલની જમીન ખેડે છે તેમને ગ્રામસભામાં કમ્પલસરી ઠરાવ થવો જોઇએ, અને જે લોકોએ માગણી કરી છે તેને ગ્રામસભા મંજૂરી આપે અને તેને લાભ મળે છે. આ ગાંધીનગરનો આ વિભાગ છે તેને વન પેદાશો માટે અજુગતો કાયદો કર્યો અને વન પેદાશોની જે ગ્રામ પંચાયતોમાં જે આવક થાય આજસુધી એકપણ ગ્રામ પંચાયતને એર રૂપિયો નથી મળ્યો. મારે એમને કહેવું છે અને મને ઉદાહરણ બતાવે કે ગુજરાતની ૧૩ હજાર કે જેટલી ગ્રામ પંચાયતો છે તેમાં વન પેદાશનો એક રૂપિયો અમે આ ગ્રામ પંચાયતમાં જમા કર્યો છે. અમને બતાવે કે આ રૂપિયા અમે જમા કર્યા છે. બધી વન પેદાશની આવક તાલુકા પંચાયતમાંથી ડી.ડી.ઓ. પાસે જમા થયેલી છે. ડી.ડી.ઓ. એમ સમજે છે કે *(XXXX).

અધ્યક્ષશ્રી : માનનીય અમરસિંહભાઇ (XXXX)તે શબ્દ આપણા ગૃહ માટે યોગ્ય નથી તેને આપ પાછો ખેંચી લો.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું પરત ખેંચું છું.

અધ્યક્ષશ્રી : આપનો શબ્દ પાછો ખેંચી લો.

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું ખેંચી લઉં છું. મારે આ ગૃહને કહેવું છે કે, જિલ્લા વિકાસ અધિકારી અને કલેકટર સાહેબ, ચૂંટાયેલા પ્રતિનિધિ ધારાસભ્ય હોય, એમ.પી. હોય, જિલ્લાનો પ્રમુખ હોય, તાલુકા પંચાયતનો પ્રમુખ હોય, સભ્ય હોય તેમને પણ પૂછવામાં નથી આવતું. આ ગ્રાન્ટો તેમના માનીતાઓને આપવામાં આવે છે. કેમ અમને નથી પૂછવામાં નથી આવતું? પંચાયતીરાજના અમે મેમ્બર

---

* **(xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધેલા હોવાથી અહેવામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

છીએ અને સભ્ય છીએ. અમને કાગળ આપવામાં આવે અને પછી જયારે અમારે મિટીંગમાં રજુઆત કરવી હોય ત્યારે કંઇ નહીં. બધુ આયોજન થઇ જાય. મારે બીજું આપણા માધ્યમથી કહેવું છે આ સરકાર બહુ વાહ વાહ કરે છે. કેન્દ્ર સરકાર ઈન્દિરા આવાસનો લાભ ગરીબ લોકોને આપવામાં આવે છે. રાજય સરકાર કહે છે અમારો પણ ફાળો તેમાં છે. મારે મંત્રીશ્રીને કહેવું છે કે કેન્દ્રની સરકારનો ઈન્દિરા આવાસના ઝૂંપડાનો લાભ મળે છે. આ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના સચિવે પરિપત્ર કર્યો. પરિપત્રમાં એવું કહ્યું કે રાજય સરકારની તેમાં જે ફાળવણી છે આ ૮૫૦૦ આ સરકાર આપવા માગતી નથી.એવો પરિપત્ર કર્યો ૨૦૦૨માં. તો મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે કે તમે કેન્દ્ર સરકારના પૈસાથી ભરપૂર વાહ વાહ કરો છો. ગરીબ કલ્યાણ મેળામાં વાહ વાહ કરો છો. બધી જગ્યાએ ઉપયોગ કરો છો તો તમારી ગ્રાન્ટ તો આપો. ગરીબ લોકોને ખબર પડે. તમે એવું કહો કે ભાઇ અમે આ ગ્રામ પંચાયતમાં આ ગરીબ લોકોને, આ બી.પી.એલ.ના લાભાર્થીને આ પૈસા આપ્યા છે. એનું વપરાશનું પ્રમાણપત્ર આપ્યું હોય તો આ હાઉસમાં તમે બતાવો. તમે નથી આપ્યા. તમે ૨૦૧૦માં પરિપત્ર કર્યો છે. અમને પરિપત્ર મળ્યો છે. આપ કહેતા હોવ તો હું પરિપત્ર વાંચી બતાવવા પણ તૈયાર છું. પરિપત્ર હાઉસમાં પણ રજુ કરવા માગું છું. હા, માનનીય અધ્યક્ષશ્રી, અધિક કમિશ્નર ગ્રામ વિકાસ ગુજરાત રાજય, પ્રતિશ્રી નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તમામને નાણાંકીય વર્ષ ૨૦૧૦-૨૦૧૧ ઉપરોકત વિષય સંદર્ભે વિભાગ ૧૧-૮-૨૦૧૦થી ઠરાવથી નકકી થયા મુજબ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧માં ૧-૪-૨૦૧૦થી મંજૂર કરવામાં આવેલા ઈન્દિરા આવાસના લાભાર્થીઓને આવાસદીઠ ચુકવાતી ૮૫૦૦ની રાજયની પૂરક સહાયની રકમ ચુકવવાની રહેતી નથી એવું કહ્યું. આ પત્ર તમે ખેંચવા માગો છો કે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી બીજું કહેવું છે. માનનીય મંત્રીશ્રી ભરૂચ જિલ્લાની જ વાત કરું તો ભરૂચ જિલ્લામાં તલાટીઓનું મહેકમ ૫૯૯ છે. તેમાં ૧૧૦ જગ્યાઓ ખાલી છે અને ૧૧૦ જગ્યાઓ ખાલી હોય, બધા ગ્રામ પંચાયતમાં લોકો લાભ લેવા જાય છે, ત્યારે તાળાં લગાવેલાં હોય છે. કોઇ ગ્રામ પંચાયત ખુલ્લી રહેતી નથી, માનનીય મંત્રીશ્રી એવા તલાટીઓ, ઓફિસરો ઉપર કામ લેવા માગે છે કે નહીં? પગલાં લેવા માગે છે કે નહીં? માનનીય મંત્રીશ્રીને માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે કહેવું છે કે, આ હાઉસનું આ છેલ્લું વર્ષ છે, પાંચ વર્ષ પૂરાં થશે, દસ વર્ષ થયાં ભરૂચ જિલ્લામાં વાલીયા તાલુકાની પી.ઓ. કમ ટી.ડી.ઓ.ની પોસ્ટ દસ વર્ષથી ખાલી છે. જયારે ત્યાંની તાલુકા પંચાયત ઠરાવ કરે, ડીડીઓને આપે, કોઇનું કંઇ ચાલતું નથી. એ લોકો એમ કહે કે ભાઇ, આ સરકારમાં તો માનનીય મુખ્ય મંત્રીશ્રીની નજીકમાં એક -બે જણ છે એની ચિઠ્ઠી લાવો તો તમારૂ કામ થાય, અમે કહયું કે, અમે તો પ્રભારી મંત્રીશ્રીઓને મળીએ છીએ, પ્રભારી મંત્રીશ્રીઓ તમારા મજબૂત હોય તો આ કામ થઇ શકે. આ જિલ્લા પંચાયતોમાં **BRGF** ની ગ્રાન્ટ સેન્ટ્રલમાંથી આવે છે **BRGF** ની ગ્રાન્ટ માટે સેન્ટ્રલ એટલું મોટું ભંડોળ આપે છે, એના કામ અમે મંજૂર કરીએ પછી જયારે એસ્ટીમેંટ બને તો ત્યાં કોઇ ભાજપવાળો હોય તો એને ત્યાં થઇ જાય, કોઇ બીજાને ત્યાં થઇ જાય, અમે દરખાસ્ત કરેલી હોય તો એ થતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ હાઉસને જણાવવું છે કે, વિકસિત તાલુકા જાહેર કર્યા છે, એની ગ્રાન્ટ સેન્ટ્રલમાંથી આવે છે આ ગૃહના અમારા માનનીય નિરંજનભાઇ પટેલે નાણાં મંત્રીશ્રીને કહયું હતું કે, ધારાસભ્યોનું ફંડ ૫૦ લાખ છે તો વધારો એવી વિનંતી કરી હતી, સેન્ટ્રલે વિકસત તાલુકાને એક કરોડમાંથી બે કરોડ રૂપિયા મંજૂર કર્યા, (અંતરાય) ત્યારે આ ગ્રાન્ટ પ્રભારી મંત્રીશ્રી અને કલેકટર મંજૂર કરી દે, અને ધારાસભ્યશ્રીઓને અને ચૂંટાયેલી પાર્ટીને..

**શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર પુરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગ્રામ વિકાસ અને પંચાયતની જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં અલગ અલગ સભ્યશ્રીઓને એમના વિચારો રજૂ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, શરૂઆતમાં પંચાયતીરાજની સ્થાપનાની વાત થઇ કે, પંચાયતીરાજ તા.૧-૪-૧૯૬૩થી આવ્યું છે, એમાં શરૂઆતમાં માનનીય ઇકબાલભાઇ વાત કરતા હતા. ૧૯૬૩થી સ્વ. બળવંતરાય મહેતાનાં સ્વપ્નાં જે હતાં, પંચાયતીરાજ કેવું હોય, આવતું પંચાયતીરાજ કેવું હોવું જોઇએ અને વર્તમાનમાં કેવું છે, એ સ્વપ્ના ઉપર કોઇએ આજ

દિવસ સુધી નજર નાખી, મિત્રો? એ જોવું પડશે. ફક્ત કાગળ ઉપરની વાતો આ પાટલી કે તે પાટલી ઉપરથી કરવાનો કોઈ અર્થ નથી પરંતુ વાસ્તવિકમાં કોઇએ પણ કંઇ જોયું હશે એમાંથી તમે કદાચ પસાર થયા હોય કે ન થયા હોય પરંતુ હું જયારે ગ્રામ પંચાયતો સરપંચ થયો ત્યારે મેં ઘણી સરકારો જોઇ છે અને આજ દિવસ સુધી જોઇ છે એની મારે વાત કરવી છે, મિત્રો, હું જયારે ૧૯૮૫ની અંદર ૨૨-૨૩ વર્ષની મારી ઉંમર હતી ત્યારે હું આદ્રી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે આવ્યો, ત્યારે સરકાર આપની હતી, આપની કોંગ્રેસની સરકાર હતી, પરંતુ સમય જતાં પંચાયતો અને ગામડાંઓની હાલત શું હતી? એ તમે અને હું જોઇએ જ છીએ, અહીંયા બોલીએ છીએ, એ આપના દિલ ઉપર હાથ રાખીને બોલો તો ખ્યાલ આવશે, મિત્રો, ગામડું કેવું હતું એ વિચાર કોઇએ ના કર્યો, પરંતુ માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી છેલ્લા દસ વર્ષથી શાસન ઉપર છે અને ગામડા તરફ છેલ્લે પગથિયે બેઠેલો માણસ હોયને, એની જયારે ચિંતા કરે છેને! ત્યારે તમને શા માટે ચિંતા થાય છે? તમે ન કર્યું તો કંઇ નહીં પરંતુ સરકાર કરે છે ત્યારે એ ચિંતા આપણે ન કરવી જોઇએ, પરંતુ ગામડાની અંદર ગામડાનો વિકાસ એટલો થયો છે કે આજે શહેરની સ્પર્ધા કરતું ગામડું થયું છે. (અંતરાય)એ કહીશ હમણાં, ત્યારે મિત્રો મારે કહેવું છે કે, અમારો કેવો તંદુરસ્ત વહીવટ છે અને તમારું શું હતું એ તમે ન બોલ્યા હોત તો વાત ન કરત હું છંછેડવાની કોઇ વાતમાં પડતો નથી. પરંતુ જે તે વખતના સમયની વાત કરું તો હું સરપંચ હતો ત્યારે તમારા પક્ષના મુખ્યમંત્રી અમરસિંહભાઇ ચૌધરી એવું બોલ્યા હતા જે કાગળ ઉપરની વાત છે કે ૧૦ હજારનો વહીવટ ગ્રામ પંચાયતની અંદર થતો હોય તો ત્યારે તલાટીઓ હડતાલ ઉપર ગયા હતા કે અમે કામ નહીં કરીએ. ત્યારે મુખ્યમંત્રીશ્રી શું બોલ્યા હતા? શું બોલ્યા હતા કે "ગામમાં કોઇ ભણેલો માણસ હોય તો એની પાસે કાગળ ઉપર હિસાબ કરાવી લેજો." આ કોઇ દુકાનથી લેવાનો માલ-સામાન છે કે હિસાબ કરાવી લેજો? "કોઇ ઓડિટ નહીં થાય." એક જવાબદાર મુખ્યમંત્રી તરીકે આવું નિવેદન કર્યું હતું. આજે અહીંયા હમણાં જ મારા મિત્ર અમરસિંહભાઇ વસાવા વાત કરતા હતા અધિકારીની ત્યારે મારે કહેવું છે કે, આજના મુખ્યમંત્રીશ્રી અમારા અધિકારીઓને કહે છે કે સરપંચ હોય કે તાલુકા પંચાયતનો પ્રમુખ હોય કે ગ્રામ પંચાયતનો સભ્ય હોય તો પણ જો કોઇ ગેરરીતિ થાય તો એના ખાતાના અધિકારીઓ છે એ તંદુરસ્ત વહીવટને હિસાબે એના પગલાં લઇ શકે છે અધિકારીઓ કામ કરે છે, તે દિવસે કેમ કોઇ કરતા નહીં? મિત્ર આ તંદુરસ્ત વહીવટ છે. વહીવટને કારણે આજે ગુજરાતનો વિકાસ થઇ રહ્યો છે. ગુજરાતનો વિકાસ એટલા માટે થઇ રહ્યો છે કે ગામડાની અંદર મેં કહ્યું તેમ સમરસતા આવી છે. રજનીભાઇ શરૂઆતમાં સમરસ ગ્રામ પંચાયતની વાત કરતા હતા ત્યારે મિત્રો સમરસ ગ્રામ પંચાયત ઉપર મારે એક નજર નાખવી છે કે જ્યારે હું ૧૯૮૫થી સરપંચ તરીકે સેવા આપતો હતો અને ૧૯૮૫ થી૧૯૯૫ એટલે કે ૧૦ વર્ષ સુધી સરપંચ રહ્યો અને પછી તાલુકા પંચાયતનો પ્રમુખ બન્યો અને ત્યાર પછી આજે પણ ૨૬ વર્ષથી સમરસ ગ્રામ પંચાયત મારા ગામમાં છે અને મારા ધર્મપત્ની સમરસ ગ્રામ પંચાયતના સરપંચ છે. અને મારા મિત્રોને આજે યાદ આવ્યું આ ચૂંટણીઓ ગઇ ગ્રામ પંચાયતોની ત્યારે કે તમે આ ગ્રામ પંચાયત સમરસ થાય એમાં સામે બેન્ચવાળાને તકલીફો પડવા માંડી, તકલીફો પડી કે ગામડાઓનો વિકાસ થાય છે, ગામડાઓની અંદર વિકાસ થવા માંડ્યો છે ત્યારે કોંગ્રેસના મિત્રો ચૂંટણી ટાણે ગામડે ફરવા નીકળ્યા અને કહ્યુ કે ભાઇ, આપણો એક વાંસડો કે થાંભલો પણ ઉભો રાખી દો હારી ભલે જાય, અને એમાં મારા ગામની અંદર કોંગ્રેસના બે બે માજી ધારાસભ્યો અને કોંગ્રેસના આગેવાનો આઠ આઠ દિવસ સુધી બેઠા, મિત્રો મારી ગ્રામ પંચાયતનું મતદાન છે ૪૭૦૦ અને જે ૨૬ વર્ષથી સમરસ ગ્રામ પંચાયત છે ત્યારે ચિંતા થઇ અને સામે ઉમેદવાર રાખ્યા આ વખતે શું થયું? ડિપોઝિટ ગઇ કોંગ્રેસવાળાની, ડિપોઝિટ ગઇ. આ કાગળ ઉપરની વાત છે મિત્રો, આ વિકાસ અમારી સરકારનો અને અમારો છે. બીજી એક વનીકરણની વાત પણ કરતા હતા કે વોટરશેડની અંદર મારા મિત્રને ખ્યાલ ન હોય તો મારે એક વાત યાદ કરાવવી છે. વોટરશેડની અંદર ધારાસભ્ય તરીકે ગવર્નિંગ બોડીમાં તમે જતા હશો, ગ્રામ વિકાસની વાતો એમાં કરતા હશો ત્યારે વોટરશેડની અંદર કેન્દ્ર સરકાર અને રાજય સરકારનો શું હિસ્સો હોય છે? ત્યારે બેંચો ચાલતી ૯મી, ૧૦મી, ૧૧મી, ૧૨મી એ બેંચોની અંદર ૯મી બેંચ ચાલતી હતી અને ૧૨મી બેંચ સુધી પહોંચ્યા તો કેન્દ્ર સરકારનો હિસ્સો ત્રણ વર્ષ ૯-૧૦-૧૧ અને ૧૨માં આવ્યો નહીં અને ફકત ૩ લાખ રૂપિયા ગુજરાત સરકારના આવ્યા કેન્દ્ર સરકારના રૂપિયા એમાં આપ્યા નથી.

મિત્રો આ વાત તમે યાદ કરજો. મિત્રો મારે બીજી એ વાત કરવી છે કે તમે હમણાં વાત કરતા હતા રાજીવ ગાંધીની અને એમાં પણ ઇકબાલભાઇએ સોનિયાબહેનને યાદ કર્યા ત્યારે મારે મિત્રો કહેવું છે કે* (XXXX)માનનીય અધ્યક્ષશ્રી, નામ નથી લીધું. મેં એક મહિલા એમ કહ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે, પ્લીઝ. આપનો સમય પૂરો થાય છે. પોઇન્ટ ઓફ ઓર્ડર છે? (અંતરાય) આપનો સમય પૂરો થાય છે.

શ્રી રાજસીભાઇ વિ. જોટવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે પ્લીઝ,

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### વર્તમાનપત્રના સમાચારનો ગૃહમાં ઉલ્લેખ કરવા અંગે

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે,

અધ્યક્ષશ્રીઃ શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે એ કહો.

શ્રી ઇકબાલ પટેલ :રાજસીભાઇ અને ભરતભાઇ જે વાત કરે છે બધા કોંગ્રેસમાં જ હતા એ તો, અને બીજા નંબરમાં સવાલ એવો છે કે,

અધ્યક્ષશ્રીઃ આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે એ કહો.

શ્રી ઇકબાલ પટેલ : (XXXX)અને છતાંય જો એવા આક્ષેપ કરવાના હોય તો ૪૪૦૦૦ કરોડ રૂપિયા ટાટાને આપી દીધા એ બાબતનો ઉલ્લેખ અમે કરી શકીએ તેમ છીએ.

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બેસી જાઓ,

શ્રી ઇકબાલ પટેલ : કેમ બેસો સાહેબ આ મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરો થઇ ગયો છે આપ બેસી જાઓ પ્લીઝ. રાજસીભાઇએ જે વાત કરી છે એમાં એમણે વાત કરતાં પહેલાં કહ્યું છે કે હું કોઇનું નામ લેતો નથી. (અંતરાય) હા પણ એમાં કોઇનું નામ લીધું નથી એમણે. એમણે કોઇ નામનો ઉલ્લેખ નથી કર્યો.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : તો પણ છાપામાં છપાયેલી માહિતીનો આધાર લઇને આ સભાગૃહની અંદર એનો ઉલ્લેખ થઇ શકતો નથી.

અધ્યક્ષશ્રી : આવી અખબારો આધારિત વાતો આપણે ગૃહમાં નથી કરતાં એટલે સભ્યશ્રીઓ આવી વાતોથી દૂર રહે એવી મારી વિનંતી છે. માનનીય દિલીપસિંહભાઇ આપ આપનું પ્રવચન ચાલુ કરો. આ શબ્દો હું રદ કરીશ.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) (ક્રમશઃ)

**શ્રી દિલીપસિંહ વ. પરમાર(મોડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાના માનનીય મંત્રીશ્રી જે પોતાની માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

વર્તમાન સરકારે પુરવઠા વિભાગમાં જે કેટલાક ક્રાંતિકારી નિર્ણયો પ્રજાહિતમાં લીધા છે તે સરાહનીય છે, અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના માનનીય મંત્રીશ્રી અને માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી અને તેમના અધિકારી, કર્મચારીઓ જે સુંદર કામગીરી બજાવે છે, તે બદલ તેઓને હ્રદયપૂર્વકના અભિનંદન આપું છું. આ જે અધિકારી, કર્મચારીઓ છે તેઓ ફક્ત સરકારી કર્મચારી નહિ, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જેમને પ્રેરણા આપી છે અને જેમણે નવું નામાભિધાન કર્યુ છે અને તેમણે કહ્યું કે આ જે સરકારી

* **(XXXX)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કર્મચારી છે એ કર્મયોગી છે અને કર્મયોગી તરીકે જે સુંદર કામગીરી બજાવી છે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગમાં તે બદલ તેઓને હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. ગુજરાતની તમામ વાજબી ભાવની દુકાનોને આ દેશના આમ આદમીના પ્રતિક સમાન મહાન દેશભક્ત એવા દીનદયાળ ઉપાધ્યાયની સ્મૃતિમાં આપણે તે દુકાનોને પંડિત દીનદયાળ ગ્રાહકભંડારના નામે ઓળખીએ છીએ. આ ગુજરાત સરકારે વાજબી ભાવની દુકાનોમાં અગાઉ વાજબી ભાવની વસ્તુ સિવાય બીજી કોઇ વસ્તુ જે તે સંચાલકો વેચી શકતા નહોતા, પરંતુ સરકારે એક અભૂતપૂર્વક નિર્ણય કરીને અને તેને મોડેલ શોપનું નામ આપ્યુ છે કે જેથી આપણે વાજબી ભાવની વસ્તુઓ સિવાય બીજી વસ્તુઓ પણ વેચી શકીએ છીએ. આ સિવાય દરેક દુકાનમાં ગ્રાહકો સ્પષ્ટ રીતે જોઇ શકે તેમ કાર્ડ, જનસંખ્યા, વિગતવાર જથ્થો અને તેની નિયત કિંમતની અદ્યતન માહિતી રોજેરોજ મૂકવાનું ફરજિયાત કરાવ્યું છે. આ જે દીનદયાળ ગ્રાહક ભંડાર છે તેમાં ઇલેકટ્રીક વજનકાંટા મૂકાવ્યા છે જેથી જે ગ્રાહક આવે તેને વજનની પૂરેપુરી ખાતરી રહે. ગ્રામ્યકક્ષાએ ગ્રામ્ય પુરવઠા સલાહકાર સમિતિની નિયમીત મિટિંગ થાય અને એ થયાં પછી તેનું જે પ્રોસીડીંગ્સ હોય તે દર માસે ફરજિયાત મામલતદારને મોકલવામાં આવે છે. ભૂતિયાં કાર્ડ સંબંધે અવારનવાર ઝુંબેશ ચલાવીને અને સમગ્ર રાજયમાંથી તમામ ભૂતિયાં કાર્ડ નાબૂદ કર્યા છે. આ સિવાય આ જે દીનદયાળ ગ્રાહક ભંડાર છે એમાં ખાદી ગ્રામોદ્યોગ દ્વારા નિર્મિત વસ્તુઓનું પણ વિતરણ થાય તો વધારેમાં વધારે લોકો સુધી આ ગ્રામ્ય કારીગરો નિર્મિત વસ્તુ લોકો સુધી પહોંચી શકે તેમ છે. આ વર્ષના બજેટમાં રાજય સરકારે જે જે તાલુકાઓમાં પુરવઠા નિગમના ગોડાઉનો નથી એ ગોડાઉનો નવા બનાવવા માટેનો જે નિર્ણય લીધો છે તે બદલ સરકારને હું હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. મારા મત વિસ્તારમાં ધનસુરામાં આવું જે નવું મકાન બનવાનું છે તે મકાન બનવામાં સમય લાગે ત્યાં સુધી હાલ જે દીન દયાળ ગ્રાહક ભંડારના સંચાલકો છે તેઓને બીજા તાલુકામાં એટલે મોડાસા અને બાયડ ખાતે જવું પડે છે. તેના બદલે પોતાના તાલુકા મથકે ધનસુરા ખાતે આ માલ મળી રહે તે માટે ભાડાનું મકાન ઉપલબ્ધ છે. ધનસુરા ખાતે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ આ મકાન ભાડે આપવા માટે સંમત છે ત્યારે ધનસુરા ખાતે આ ભાડાના મકાનમાં આપણે નાગરિક પુરવઠા નિગમનું જે ગોડાઉન છે તે શરૂ કરીએ તો આ સંચાલકોને ઘણી રાહત રહે તેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે અન્ન અને નાગરિક પુરવઠા નિગમ અને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ જે સુંદર કામગીરી બજાવી રહી છે તે બદલ હું તેને સમર્થન આપું છું. આભાર.

**શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ(મહુવા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, અને રાષ્ટ્રીય રોજગાર ગેરંટી યોજના હેઠળ મંત્રીશ્રી ૨૪૭૫, ૫૨ લાખ અને ૮૧ હજાર અને ૮૯૪ કરોડ ૬૪ લાખ અને ૨૯ હજાર લઇને આવ્યાં છે તેમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પૂર્વ દંડકશ્રી અને અમરસિંહભાઇએ જે વકતવ્ય આપ્યું છે તેને અનુમોદન આપું છું. સાહેબ, આ સામાન્ય વાત નથી. બજેટનું મોટાભાગનું ગામડાનું જે બજેટ છે તે ગ્રામ પંચાયત મારફત જિલ્લા પંચાયત મારફત તેનો ઉપયોગ થાય છે. સાહેબ, રાજીવ ગાંધીની ઘણી વાતો થઇ. શરૂઆત કરું છું એમના પ્રોગ્રામથી જ. સાચું જ બોલું છું, રેકોર્ડ સાથે બોલીશ અને તમને પરિપત્ર પણ આપીશ. સાહેબ, ૨૨૧૦ ગઇ સાલનું બજેટનું જે હેડ છે તે બતાવું એટલે તમને ખબર પડે કે આપણે શું કરીએ છીએ. ૨૨૧૦ તબીબીનું હેડ છે. જે અમારા ટ્રાયબલ માટેનું છે. અને તે હેડની અંદર ૧૮૯ કરોડ ૨૭ લાખ અને ૬ હજારનું તેનું હેડ છે. સાહેબ, તેમાંથી આપણે શું કર્યુ ? ૭૨ કરોડ ૨૯ લાખ અને ૨૧ હજાર શહેરમાં ફાળવી કાઢયાં. હેડ કોનું છે ? ટ્રાયબલનું. સાહેબ, આદિવાસીને કેટલું આપ્યું ? આદિવાસીને ૪૯ કરોડ ૮૩ લાખ અને ૧૫ હજાર આપ્યું. એટલું જ નહીં આદિવાસીના ૨૦ ટકા જેટલી વસ્તીના સીકલ સેલ છે. તેના આ ગૌણ હેડની અંદર શું રકમ ફાળવી ? તો કહે ૫ કરોક. ૫ કરોડનું ગૌણ વિશ્લેષણમાં શું તેનો વહીવટ છે. તો કહે ૫ કરોડમાં આદિવાસીની દવા માટે એક કરોડ,

અધ્યક્ષશ્રી : ઇશ્વરભાઇ, આજની આ માગણી જ નથી.

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : પંચાયતની ચર્ચામાં આવે છે સાહેબ.આરોગ્ય આવે છે સાહેબ, .અંતરાય.. અરે, સાહેબ કંઇ વાંધો નહીં હું તમને એટલા માટે બતાવું છું કે આ શા માટે રાજીવ ગાંધીએ આ

પ્રોગ્રામ કરવો પડયો તે બતાવું છું. સાહેબ પાંચમાંથી ત્રણ કરોડ તો વહીવટમાં મૂકયાં. એક કરોડ દવામાં અને એક કરોડ જાહેરાતમાં અને ત્યારે રાજીવ ગાંધીને વિચાર આવ્યો કે આ તો પૈસા ડિવાઈડેડ થાય છે. અને ડિવાઈડેડ થાય છે આવા સંજોગોમાં એમણે કહ્યું કે પાવર ટુ ધી પીપલ મારે પ્રજાને સત્તા આપવી છે.

# પોઈન્ટ ઓફ ઓર્ડર

## ચર્ચાનો જવાબ આપવા અંગે

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ જે વિષય ઉપર વાત કરે છે તે ટ્રાયબલને અને વન વિભાગને લગતો છે. એટલે આ વિષયનો જવાબ મારે આપવો હોય તો આની વિગત મારી જોડે ન હોવાથી ના આપી શકાય.

અધ્યક્ષશ્રી : ઈશ્વરભાઇ, આપણે માગણી ઉપર જ ચર્ચા કરીએ પ્લીઝ.

શ્રી ઈશ્વરભાઇ ન. વહીઆ : હા, સાહેબ માગણી ઉપર કરું છું. બીજા બધા રાજીવ ગાંધીની વાત કરે છે તે માગણી ઉપર હતી ?

અધ્યક્ષશ્રી : આપ એવી દલીલ ના કરો પ્લીઝ.

શ્રી ઈશ્વરભાઇ ન. વહીઆ : અરે, આ જ વાત હું એટલા માટે કરું છું

અધ્યક્ષશ્રી : આપ એવી દલીલ ના કરો, આપ માગણી ઉપર જ વાત કરો પ્લીઝ.

શ્રી ઈશ્વરભાઇ ન. વહીઆ : સાહેબ, એટલા માટે હું કહું છું કે એમણે કહ્યું કે પાવર ટુ ધી પીપલ પ્રજાને સીધી સત્તા આપવી છે એનું આ ગ્રાઉન્ડ બને છે. પ્રજાને સીધી સત્તા આપવાની અંદર કોઇ વહીવટી માળખાનો ખર્ચ આવતો નથી. ત્યારે એમણે ૯૩ની અંદર ૭૩મો સુધારો કર્યો. ૭૩માં સુધારાના ગ્રાઉન્ડ ઉપર ગ્રામ પંચાયતોને સ્વતંત્ર સત્તા આપી. પછી શું કર્યું આપણે? એનો અમલ, દરેક રાજયોની અંદર ૯૬માં પરિપત્ર આવ્યો. સાહેબ, આપણે અમલ કયારે કર્યો? ૯૮માં. (અંતરાય) સાહેબ, તેમણે તો અમલ કર્યો. સાહેબ, બરાબર સમજજો. હું તમને બતાવું. તારીખવાર બતાવું. મહેરબાની કરીને ડિસ્ટર્બ ના કરો. (અંતરાય) હું જાણું છું બધું. સાહેબ, ૯૮ની અંદર તમે નિયમ બનાવ્યો. વટહુકમ તમે આપ્યો. ૯૮માં વટહુકમ જાહેર કર્યો કેશુભાઇ પટેલે, અને એ વટહુકમમાં એમણે શું કર્યું? ગ્રામ પંચાયતની જે સત્તા હતી, તે ગ્રામસભાની સત્તાની અંદર દરમ્યાનગીરી કરીને ૯૮માં ૭૩ (કક) ની જમીન એમણે ટ્રાન્સફર કરી લીધી. હું તમને પરિપત્ર આપીશ. વટહુકમની તારીખ પણ આપું સાહેબ, તમે કહેતા હોય તો. અને એ વટહુકમની અંદર ૭૩ (કક) એ જમીન પંચાયત એકટની અંદર દાખલ કરી અને પંચાયત એકટ માફરતે તમે એ સત્તા હાંસલ કરી લીધી. અને ત્યારથી એના નિયમો કયારે બનાવ્યા? ૨૦૦૯માં.

શ્રી વજુભાઇ રૂ. વાળા : સાહેબ, સભ્યશ્રી રેવન્યુ ડિપાર્ટમેન્ટની વાત કરે છે.

શ્રી ઈશ્વરભાઇ ન. વહીઆ : પંચાયતના વિષય ઉપર બોલું છું. પંચાયતનો કાયદો છે આ. અરે સાહેબ, પંચાયતના કાયદા ઉપર બોલું છું.

અધ્યક્ષશ્રી : ૭૩ ડબલ એની વાત રેવન્યુમાં આવે છે, પ્લીઝ.

શ્રી ઈશ્વરભાઇ ન. વહીઆ : સાહેબ, પંચાયતના કાયદા ઉપર બોલું છું. પંચાયતના રૂલ્સ. પંચાયત ડિપાર્ટમેન્ટ છે. પંચાયત વિભાગમાં ૨૦૦૯માં પંચાયતમાં નિયમો બનાવ્યા. નિયમોમાં કોઇ ફેરફાર ન કર્યા અને સાહેબ, પેશા કાયદાની અંદર, આદિવાસી વિસ્તારોમાં પેશા કાયદાનો જે અમલ કરવાનો હતો, એનો સરેઆમ ભંગ કર્યો. કેન્દ્ર સરકારે જે આપને સૂચનાઓ આપી. આઇ.પી.એલ. કોડ પણ પંચાયત વાપરી શકે છે. અને એ કેટલો? ૩૬. (અંતરાય) બોલવા દો ને હવે. તમારા આત્માને ડંખાવો નહીં. કેન્દ્ર સરકારે દરેક રાજયોને એક પરિપત્ર આપ્યો કે આવી ગાઇડલાઇનથી પંચાયતના નિયમો બનાવો. અને એ નિયમની અંદર આઇ.પી.એલ.કોડ પણ દાખલ કરો. આ નિયમની અંદર, આખી મારી પાસે છે. આઇ.પી.એલ. કોડ કયો? ન્યાયી પ્રક્રિયા અને સજાનો કોડ પણ પંચાયતોને આપવાની સૂચના આપી. ૨૦૦૯ની અંદર. સાહેબ, આપણે એકપણ કોડ દાખલ ન કર્યો. એટલું જ નહીં, પંચાયતની અંદર વિકાસમાં એક ૮૧ જેટલા હેડ

બતાવ્યા. અને એ ૮૧ હેડમાંથી કેવી રીતે ચીલઝડપ થાય,એવા કાયદા ૨૦૦૯માં પણ બનાવ્યા. એટલું જ નહીં, આપશ્રીએ જયારે વનબંધુ કલ્યાણ યોજના જાહેર કરી ત્યારે પંચાયતો મારફતે અમલ કરવા માટે આ કોડમાં આપશ્રીએ એમ કીધું કે ગામના માણસને જ એની રેતી, લીઝ અને એ યોજનાઓ આપીશું. આપણે શું કર્યુ? આપનો પરિપત્ર છે, સાહેબ. અને એ આપના પરિપત્રનું ઉલ્લંઘન કરીને એ વિસ્તારોમાં પણ તમારે કંપનીને જાહેરાત કરીને ટેન્ડર કર્યુ. એટલું ઓછું નહીં. એના કરતા પણ આગળ વધ્યું છું. આપશ્રીને પેશા કાયદા જે પંચાયતોની અંદર હસ્તક થયેલા છે, એની અંદર ૮ કિલોમીટરનો કાયદો આપણે વિધાનસભા આદિવાસી વિસ્તારમાં અજમાવી શકતા નથી, છતાં પણ એ કાયદાનો ત્યાં અમલ કર્યો. પંચાયતે અમલ કર્યો. સાહેબ પંચાયતે અમલ કર્યો એમ એટલા માટે કહું છું કે જિલ્લા પંચાયત એનો વહીવટ કરે છે અને એ જિલ્લા પંચાયત, એને કદાપી તમે રોકી શકયા નહીં. એની સત્તા ગ્રામસભાને છે, ગ્રામ પંચાયતને પણ નથી. ગ્રામસભાને સત્તા છે. ગ્રામસભાની સત્તા લઇને પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતને સત્તા આપી દીધી અને તે સત્તાને કારણે નિયંત્રણ રાજય સરકાર અત્યારે ભોગવી રહી છે. એ તમામ સત્તા ગ્રામસભાને છે. એટલું જ નહીં સુપ્રીમ કોર્ટનું જે સમતા જજમેન્ટ છે અમે વારંવાર દરખાસ્ત મુખ્ય મંત્રીશ્રીને કરીએ, હાઉસને અમારી સંકલનમાં દાખલ કરી છે, અમારા પૈસા કાયદાનો અમલ અને એના સમતા જજમેન્ટનો રૂલ્સ દાખલ કરવાની વાત કરી છે કાયદાનું ઉલ્લંઘન કર્યુ છે, એટલું જ નહીં એ સમતા જજમેન્ટનો જયારે અમે પત્ર, રેકોર્ડ મુખ્ય મંત્રીશ્રીને આપ્યો અને તેના અંશો અમે દાખલ કરવાની વાત કરી સાહેબ ત્યારે એક પણ દાખલ કર્યું નથી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય વસંતભાઇ ભટોળ.

**શ્રી વસંતકુમાર પ. ભટોળ(દાંતા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય મંત્રી મહોદય માગણી ક્રમાંક ૨૨, ૨૩, ૨૪, ૬૯, ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે એમાં અનુમોદન સહ મારા વિચારો રજૂ કરું છું. પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ, ગ્રામ વિકાસ વિભાગ એ મહત્વનો અને ગામના જીવનને ધબકતું રાખવા માટેનો વિભાગ છે. આ વિભાગ દ્વારા લગભગ ૪૬ પ્રકારની યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલી છે. ગુજરાતના છેવાડાના માનવીની ચિંતા કરતી આ સરકાર ગુજરાતના છેલ્લા ગામડાંની ચિંતા કરતી આ સરકાર અને ગુજરાતના ગામને સચિવાલય સુધી પહોંચાડતી આ સરકારના મુખ્યમંત્રીશ્રીને વંદન સહ અભિનંદન પાઠવું છું અને પંચાયત મંત્રીશ્રીને પણ વંદન સહ અભિનંદન પાઠવું છું. ગુજરાતના ગ્રામ વિકાસની વાત હમણાં થતી હતી, આ વિભાગની વાત થતી હતી અને મારા વિરોધપક્ષના સૌ સભ્યો પણ વાત કરતા હતા એમનું હું ધ્યાન દોરવા માગું છું. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડિયા દ્વારા નિયુકત કરેલ વિજિલન્સ કમિટી, યુનાઇટેડ નેશન્સ પ્રોગ્રામ અને ભારત સરકારના અધિકારીઓ દ્વારા પણ આ વિભાગને સુંદર કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવેલો છે. ગુજરાતના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિ દ્વારા દેશમાં વધારેમાં વધારે ઇ-ગ્રામ-વિશ્વગ્રામ હેઠળ ઇ- કનેકટીવીટી ધરાવતા ૧૩૬૯૫ ગામડાં ભારતમાં સૌથી વધારે ગુજરાતમાં છે. ગુજરાતમાં ભારત સરકાર દ્વારા દર્શાવ્યા મુજબ ગુજરાત સરકારનું ઇ -ગવર્નીંગ બિઝનેસ મોડલ કોમન સર્વિસ સેન્ટર તરીકે કાર્યરત થશે જે ગુજરાત સાથે છ હજાર કોમન સર્વિસ સેન્ટરની સ્થાપના થઇ જશે એવું આ ભારત સરકારે સૂચન કરેલું છે. આ વિભાગ દ્વારા જે ૪૬ પ્રકારની યોજનાઓ અમલમાં છે એમાં મારે ધ્યાન દોરવું છે સર્વોદય યોજના અંગે, જે સાચા અર્થમાં પૂજય મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે તે ૧૯૪૪ ની અંદર શરૂ કરી હતી અને ૧૯૮૦ની અંદર આ યોજના એ જ વખતની સરકારે બંધ કરી. અને એ પછી ૧૯૯૧ માં આ ભા.જ.પ.ની આ સરકારે ફરીથી આ યોજનાને ચાલુ કરી છે. તીર્થ ગ્રામ, પાવન ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ વિકાસ માં રહેતા અને ગામડાંમાં રહેતા લોકો વચ્ચે પરસ્પર સદ્ભાવના વધે સામૂહિક એખલાસની ભાવના પ્રબળ બને અને ભાઇચારાની ભાવના વધે તેને ધ્યાનમાં રાખી સમરસ થયેલ ગ્રામ પંચાયતને છેલ્લા એક વર્ષમાં એક પણ ગુન્હો ન નોંધાયેલો હોય તેવી ગ્રામ પંચાયતોને પ્રાધાન્ય આપી નાણાકીય જોગવાઇ કરવામાં આવે છે. હમણાં જ ડિસેમ્બર ૨૦૧૧માં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ પૂરી થઇ. મારે ગૃહનું ધ્યાન દોરવું છે કે ૧૦૪૦૫ ગ્રામ પંચાયતોની ચૂંટણીની અંદરથી ૨૧૪૭ ગ્રામ પંચાયતો સમરસ બની છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર આદિવાસી અને અંતરિયાળ વિસ્તાર છે

તેમાં કદાચ કોઇ જગ્યાએ શિક્ષણનું પ્રમાણ ઓછું હોય અને વેર–ઝેર થતા હોય ત્યારે આ વેર–ઝેર દૂર થાય અને સદભાવનાનો એક સુંદર નમૂનો પૂરો પડાય એ માટે સમગ્ર જિલ્લાની અંદર જે આદિવાસી વિસ્તાર છે ત્યાં ૨૯ ગ્રામ પંચાયતો સમરસ થઇ અને તેમાં છ ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઇ, જે માટે હું માનનીય મુખ્યમંત્રીશ્રીની આ યોજનાને વંદન સહ અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ માં ૬–૧૧– ૨૦૧૧ ના રોજ અહીંયા મહાત્મા ગાંધી મંદિર દ્વારા ત્યાં આગળ સમગ્ર સરપંચોને એકત્રિત કરી ૨૨૩૨ ગ્રામ પંચાયતોને ૮૮ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે એ પ્રશંસનીય બાબત છે. આપણા ત્યાં હમણાં જે ખૂબ જ સુંદર કામગીરી ચાલે છે એની અંદર ગામની મોટાભાગની પંચાયતોમાં ખાસ કરીને જે સરમરસતાના ભાવ સાથે જે કામ કરે છે એ સમરસ ગ્રામ પંચાયતમાં સૌથી વધારે પૈસા મળે એના માટેનું કામ આ સરકારે કર્યુ છે.

અર્બન યોજના અંતર્ગત પંચાયત મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ફરીથી અભિનંદન પાઠવું છું. મારા મત વિસ્તાર જે આદિવાસી મત વિસ્તાર છે ત્યાં દાંતા, અંબાજી અને હમીરગઢની અંદર લગભગ ૨૨ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે એ બદલ હું એમને અભિનંદન પાઠવું છું. ગ્રામ પંચાયતના સ્વાવલંબન અને શાસન અને સ્થાનિક વિકાસના કામોની ફરજોના પરિણામલક્ષી અનુકૂળતા સાંપડે તે માટે અને પોતાની જવાબદારીઓ અને ફરજો અદા કરી શકે તે માટે રાજયની તમામ ગ્રામ પંચાયતને શ્રેષ્ઠ એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવે છે એ ખૂબ પ્રશંસનીય બાબત છે. ગ્રામ અને ગૃહનિર્માણ વિભાગ દ્વારા રાજયમાં સરદાર આવાસ યોજના નીચે ૩ લાખ ૭૦ હજાર ૯૮૩ આવાસો બાંધવામાં આવ્યા છે. ગરીબી અને અન્ન સલામતી માટે સમગ્ર રાજયમાં પ્રથમ વખત ખૂબ મહત્વની પ્રશંસનીય કામગીરી જે કરી છે તેમાં બાયોમેટ્રીક અને કૂપનથી શરૂ કરીને સમગ્ર ભારતમાં મારા મત વિસ્તાર પાલનપુર તાલુકાના મોરિયા ગામે કરી છે અને એ આ ભારત સરકારના અને નામદાર સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા દ્વારા નિયુકત કરેલ વિજિલન્સ કમિટી અને યુનાઇટેડ નેશન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ અને ભારત સરકારના અધિકારીઓ પણ આ પ્રોગ્રામની અંદર હાજર હતા અને એમણે ખૂબ પ્રશંસનીય નોધ લીધી છે.

જૂન,૨૦૧૧ થી ભારત સરકારે ગુજરાત રાજયને ફાળવવામાં આવતા કેરોસીનની બાબત અંગે મારે વાત કરવી છે. આ સૌના માટે એક મહત્વની બાબત છે અને નોંધ લેવા જેવી બાબત છે. ગુજરાતને જે ૭૬૭૦૦ કિલો લીટરનો માસિક પુરવઠો આપવામાં આવતો હતો એના બદલે કેન્દ્ર સરકારે એ પુરવઠો પર હજાર કિલો લીટરનો કર્યો. ૭૦ લાખ ગરીબ કુટુંબો ઉપર આની સીધી અસર થઇ, આ ખૂબ જ ગરીબ કુટુંબો માટે ખૂબ આઘાતજનક બાબત છે

ગરીબ કુટુંબોની અંદર પણ આ પ્રશ્નનો રાજયમાં જે મિશન મંગલમ્ યોજના નીચે ચલાવવામાં આવે છે એમાં ખાસ કરીને બે લાખ કરતાં વધુ સખી મંડળીઓ કાર્યરત છે. જેમાં લગભગ ૨૪ લાખ ૫૦ હજાર સભ્ય સંખ્યા છે જેમાંથી ૭૦ ટકા સ્વસહાય જૂથોને બેંકો દ્વારા ગ્રેડીંગ કરીને ૧૦૨૪ કરોડનું ધિરાણ આપવામાં આવે છે. આમાંથી લગભગ ૩૦૦ કરોડ જેટલી બચત થાય છે. અને સરકારનું રીવોલ્વીંગ ફંડ ૮૦ કરોડ રૂપિયા આવે છે. મારું કહેવાનું છે કે ગુજરાતની મહિલાઓ માટે મહિલા સશકિતકરણે અને આર્થિક સશકિતકરણનું આ ઉમદા ઉદાહરણ છે એના લીધે મહિલાઓના હાથમાં ૧૪૦૦ કરોડ કરતાં વધારે વહીવટ એમના હાથમાં સીધો આવ્યો છે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાહેધરી યોજના જે કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી છે જે સારી બાબત છે એની ચોક્કસ પ્રશંસા કરવી જોઇએ આ યોજના પ્રશંસાને પાત્ર છે. એમાં ૧ લાખ ૪૧ હજાર ૬૮૨ ટોટલ કામો આજ સુધી થયા છે. ૧૮૮.૭૧ લાખ માનવદિન મળ્યા છે પરંતુ મારે આ ગૃહનું ઘ્યાન દોરવું છે, વારંવાર મહાત્મા ગાંધી, રાજીવ ગાંધી યોજનાની વાત કરનાર આનું પોસ્ટ ઓફિસ દ્વારા ચૂકવણું કરવામાં આવે છે એમાં છેલ્લા ચાર ચાર માસથી ચૂકવણું થયું નથી એ દુઃખદ બાબત છે.

**શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ)** : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો તથા પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના

મંત્રીશ્રી માગણી નંબર ૨૨, ૨૩, ૨૪, ૬૯, ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે એને સમર્થન આપવા અને તેમાં મારા વિચારો રજૂ કરવા આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

ગુજરાતે હિન્દુસ્તાનને પંચાયતીરાજ વ્યવસ્થાની ભેટ આપી છે. આ ઐતિહાસિક ઘટનાને આપણે સ્વર્ણિમ વર્ષ તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે. ત્યારે પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ પ્રભાગ હેઠળ ચાલુ વર્ષમાં ૯૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને એ જોગવાઇઓના આધારે ગુજરાતના અનેક ગામડાંઓ જેનું કદ શહેરોને લગોલગ પહોંચી રહ્યું છે ત્યારે રૂર્બનની કલ્પના સાથે આ વિકાસ એક નવી અવધારણા હાથ ધરી રહી છે. જેમાં આત્મા ગામડાંનો હોય અને સુવિધા શહેરની હોય એવી રૂર્બનની યોજના સાકાર કરવા માટે આ વિભાગ દ્વારા ૧૨૦ કરોડની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ દ્વારા અનેકવિધ યોજનાઓ અમલમાં છે. જેવી કે ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના, સરદાર પટેલ આવાસ યોજના, તીર્થગ્રામ યોજના, પંચવટી યોજના, સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામ યોજના, રૂર્બન માળખાકીય સુવિધા, સમરસ ગ્રામ પંચાયત યોજના, સર્વોદય યોજના, પંચાયત ઘર, ગામ કમ તલાટી આવાસ યોજના, જમીન સંપાદન અને માળખાકીય સુવિધા માટેની યોજના, સીડમની યોજના, બેકવર્ડ મની વિજીલન્ટ ગ્રાન્ટ ફંડ આવી અનેકવિધ યોજના દ્વારા ગામડું સમૃદ્ધ બને એ પ્રકારની આ વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમરસ ગ્રામ પંચાયત વિષે મારા સાથી મિત્રોએ ઘણી બધી વાત કરી છે. આ યોજના દ્વારા વાદ નહીં, વિવાદ નહીં પરંતુ સંવાદ દ્વારા ગામના પ્રતિનિધિત્વનું નિર્માણ થાય અને એમાં જે ઝઘડા ચાલતા હોય, વાદ-વિવાદ ચાલતા હોય તેનું નિરાકરણ થાય એ પ્રકારની યોજના એટલે. સમરસ ગ્રામ યોજના. ગામડાંમાં વેર-ઝેર અને કાવા-દાવા, વૈમનસ્ય ઉભા ન થાય એવી આ સમરસ ગ્રામ યોજનાની અંદર ૧૬-૧૧-૨૦૧૧ના રોજ રાજયના મુખ્યમંત્રીએ ગાંધીનગર ખાતે આ યોજના દ્વારા લગભગ ૨૦૦૦ ઉપરની ગ્રામ પંચાયતોને જે પુરસ્કાર આપ્યા, ૮૮ કરોડ જેટલી માતબર રકમ આપી. જેમાં ઘણી બધી તીર્થગામ, પાવનગામ આ બધા જ પ્રકારની યોજનાઓનો આ પુરસ્કાર હતો. સમરસ ગ્રામ પંચાયતનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો અને ૨૦૦૧થી આ અમલમાં છે. ૫,૦૦૦ની વસ્તીવાળા ગામો માટે જે સમરસ ગામની અંદર સરકાર તરફથી અનુદાન આપવામાં આવે છે તે બે લાખ સુધીની રકમ હોય છે અને એમાં મહિલા પ્રતિનિધિ હોય તો ત્રણ લાખ રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી છે. એ જ રીતે ૫,૦૦૦થી વધુ વસ્તીવાળું ગામ હોય તો તેમના માટે ત્રણ લાખ અને મહિલા સરપંચ હોય તો પાંચ લાખ સુધી આપવામાં આવે છે. એથી વધારે આગળ જઇએ તો આ પ્રકારની ગ્રામ પંચાયતો જો બીજી વખત સમરસ બને તો તેના માટે ૨૫ ટકાનો ફંડનો વધારો કરવામાં આવે છે. એથી જો આગળ વધીએ તો ત્રીજી વખત સમરસ બને તો ૨૫ ટકા વધારાનું ફંડ તો આપવામાં આવે છે પરંતુ સાથે સાથે એ ગામમાં સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા પણ આપવામાં આવે છે અને મહિલા સરપંચ હોય તો તેમાં વધારો કરવામાં આવે છે. જે રીતે સમગ્ર રાજયમાં ૨૦૦૧થી ૨૦૦૯ સુધીની સમરસ ગ્રામ પંચાયતની સંખ્યા ૭,૬૬૪ હતી અને તે પૈકી ૪૦ મહિલા સમરસ ગ્રામ પંચાયતો હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૧મી ડિસેમ્બર, જેમ મારા સાથી મિત્રોએ હમણાં કહ્યું તેમ ૧૦,૪૦૫ જેટલી ગ્રામ પંચાયતની ચૂંટણી હતી તેમાં ૨,૧૩૦ જેટલી સમરસ ગ્રામ પંચાયતો થઇ અને એમાંય ૨૫૧ જેટલી મહિલા સમરસ ગ્રામ પંચાયતો થઇ.

**સભાપતિશ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ અધ્યક્ષસ્થાને**

આ સારા વાતાવરણના પરિણામે ભાઇચારો, સામાજિક સદ્ભાવ અને શાંતિ અને ગામનો વિકાસ થાય એ પ્રકારે વ્યવસ્થા માટે તીર્થગામ-પાવન ગામની યોજના રાજય સરકાર લાવી અને આ યોજનામાં પાંચ વર્ષમાં ગ્રામ પંચાયતમાં સારું વાતાવરણ હોય, ભાઇચારો હોય અને પોલીસ ચોપડે એક પણ ગુનો ન નોંધાયો હોય તો આવી ગ્રામ પંચાયતને તીર્થગામનો એવોર્ડ આપવામાં આવે છે અને સરકારશ્રી તરફથી એક લાખ રૂપિયાનું અનુદાન આપવામાં આવે છે. એ જ પ્રકારે કોઇ પણ ગ્રામ પંચાયતમાં ત્રણ વર્ષ સુધી સરકારી ચોપડે જો કોઇ ગુનો નોંધાયો ન હોય તો તેમને પાવન ગામ તરીકે જાહેર કરવામાં આવે છે. અને એમને

રૂ.૫૦,૦૦૦/–ની સરકારશ્રી તરફથી સહાય આપવામાં આવે છે. આ રીતે આ તીર્થ ગ્રામ–પાવન ગામની યોજના છે એના ધોરણો છે એમાં સ્વચ્છતાનું ધોરણ જોવામાં આવે છે, કન્યા કેળવણીનું ધોરણ જોવામાં આવે છે, ડ્રોપ આઉટ રેશિયો જોવામાં આવે છે, ગામની અંદર સામાજિક કામ થાય છે કેમ? એ જોવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરદાર પટેલ આવાસ યોજના– ગામડાંની અંદર ભૂમિહીન લોકો, કારીગરો, મજૂરો, ખેત મજૂરો છે એમના પોતાના મકાન બને એ પ્રકારનું એમનું સ્વપ્ન હોય છે એ સાકાર કરવા માટે આ રાજય સરકારે ૨૦૦૧માં આ યોજના દાખલ કરી છે અને આજે એની અંદર રૂ.૪૫,૦૦૦/– જેટલી રકમ એને અનુદાન તરીકે આપવામાં આવે છે અને એના શ્રમફાળાના રૂ.૭૦૦૦/– અને રૂ.૨૨૦૦/– એને ટોઇલેટ માટે અલગથી આપવામાં આવતા હોય છે. આ યોજના હેઠળ લગભગ ૪,૨૦,૬૩૨ જેટલા મકાનો બન્યા છે અને લાભાર્થીઓના પોતાના પ્લોટ હોય તો એમાં પણ એ મકાન બનાવી શકે એ પ્રકારની વ્યવસ્થા હોય છે. ઇ–ગ્રામ વિશ્વ–ગ્રામ યોજના આજે ગામડાની અંદર વસતો માણસ દુનિયાના શહેરો સાથે હરીફાઇ કરી શકે એ પ્રકારનું વાતાવરણ બન્યું છે. આ યોજના હેઠળ ૧૩૬૬૫ ગામડાઓને ઇ–કનેક્ટિવિટી સાથે જોડી અને વધુ સુદઢ બનાવવા માટે નેવું કરોડ રૂપિયાનું આયોજન કરવામાં આવ્યું છે. ગ્રામ પંચાયતોને ઇ–કનેક્ટિવિટીથી જોડવામાં આવ્યાં છે. ગામડાઓ દેશ અને દુનિયા સાથે જોડાય તે પ્રકારની આ વ્યવસ્થા છે. ૭/૧૨ના ઉતારા ગ્રામ્ય લેવલે ઉપલબ્ધ થાય તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી બચુભાઇ ના. કિશોરી (લીમડી)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠા અને પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા કેટલા સૂચનો અને મંતવ્યો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ વિકાસ માટે કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ અમલમાં છે અને એની પાછળનો મુખ્ય આશય ગ્રામીણ ગરીબોને ઉપર લાવવાનો છે. સૌથી છેલ્લી યોજના વિશે વાત કરું તો ગ્રામ ગરીબ લોકો માટે ગ્રામીણ ગેરંટી યોજના અમલમાં મૂકેલી છે અને તેનો મુખ્ય આશય સ્થાનિક લોકોને રોજી મળે અને તેઓ બહારગામ મજૂરીએ જાય છે એને અટકાવવાનો છે અને આ એટલી સારી યોજના છે કે, આ યોજનાથી લોકોને સ્થાનિક રોજી તો મળે જ. પણ જે ગરીબ લોકો કાયમી સ્થળાંતર કરે છે એ બહાર જતા અટકે એટલા માટે ગામમાં ઘેર બેઠાં કામ થઇ શકે એવી યોજના હોવા છતાં આ યોજનાના વહીવટમાં આ સરકાર તદ્દન નિષ્ફળ નિવડી છે. આજે અમારા દાહોદ અને આદિવાસી વિસ્તારો કાયમી સ્થળાંતરિત વિસ્તારો છે. આ વિસ્તારોનું આ યોજનાથી ખૂબ જ મોટું કલ્યાણ થાય તેવી આ યોજના છે. પરંતુ આ યોજનાની જોગવાઇઓ છે એ પ્રમાણે સ્થાનિક લોકોને રોજગારી મળતી નથી. એમણે માગણી કર્યા પછી તરત જ રોજગારી આપવી જોઇએ. આજે કામની માગણીઓ હજારોની સંખ્યામાં ગ્રામ પંચાયતમાં પડી છે. તેમ છતાં તેમને કામ મળતું નથી અને જે લોકોને કામ આપવામાં આવે છે એમને સમયસર પગાર ચૂકવવામાં આવતો નથી. ખરેખર તો યોજનાની જોગવાઇ છે એક સ્થાનિક કામ ન આપી શકાય તો તેમને રોજગારી ભથ્થું આપવું પડે એ પણ તમે આપતા નથી. આજે દાહોદ અને આદિવાસી વિસ્તારોમાંથી હજારો લોકો સ્થળાંતર કરી રહ્યા છે. એમને વર્ષો સુધી પગાર મળતો નથી. જૂથ યોજના નીચે સિંચાઇ માટે કૂવા બનાવ્યા છે. આજે એવી પરિસ્થિતિ થઇ છે કે, આ યોજનાથી ખરેખર તો લોકો દેવાદાર થયા છે. આ પરિસ્થિતિ દાહોદ જિલ્લામાં બની છે. લોકોને ખરેખર માગણી પ્રમાણે અને જે પૂરતું વેતન મળવું જોઇએ એ પણ આપણે આપી શકતા નથી. એટલે આ યોજના ખરેખર ગરીબોના કલ્યાણની જગ્યાએ ગરીબોને બેકાર બનાવ્યા એવી યોજના કરી નાખી છે અને એમાં મુખ્ય વહીવટને કારણે આવું થયું છે. બાકી કેન્દ્ર સરકારની યોજના ખૂબ જ સારી હોવા છતાં આમાં આપણે લોકોને રોજગારી આપી શકયા નથી એટલે મારી તો વિનંતી છે કે આ યોજનાનો વ્યવસ્થિત અમલ થાય અને સ્થાનિક લોકોને રોજગારી મળે, હું તો એમ કહું કે આ યોજનાથી તો ઘણું મોટું કામ થઇ શકે પણ આ યોજનાનો વ્યવિસ્થત અમલ થતો નથી. બીજી મારે પંચાયતની વાત કરવી છે. પંચાયતમાં ગ્રામ પંચાયતો છે કોઇપણ યોજનાનો અમલ ગ્રામ પંચાયત મારફતે થાય. તલાટી વગર ગ્રામ સચિવાલય અને

ગ્રામ પંચાયતો કેવી રીતે ચાલે? જયાં પૂરતા તલાટી નથી અને પરિણામે વાતો કરે છે, ગ્રામસભાની વાતો કરે છે, ગ્રામસભામાં અનેક પ્રશ્નો આવે છે. પણ તેના માટે જે નાણાકીય જોગવાઇ ગ્રામ પંચાયતોને શું આપી છે એનો કોઇ દિવસ વિચાર ક્યો છે સાહેબ? લોકો માત્ર ચર્ચા કરે અને ગયા પછી વાતો કરે છે કે અમારા કામ તો થતા નથી અને આના માટે જે ગ્રામ પંચાયતોમાં જે પ્રશ્નો આવે છે એ પ્રશ્નોના નિકાલ માટે નાણાકીય જોગવાઇ શું કરી છે એનો કયારેય વિચાર કર્યો છે ખરો? કોઇ પ્રશ્નનો ઉકેલ આવતો નથી માત્ર વાતો જ છે. એટલે લોકોમાં જે ખરેખર નાણાકીય જોગવાઇ થઇ છે એ આમાં બિલકુલ નથી. બીજું આજે સરકાર ઇ–ધરાની વાત કરે છે કે લોકોને હવે તો અમે મશીનોથી નકલો આપીએ છીએ. પહેલા બે–પાંચ રૂપિયામાં અમે કોઇપણ આદિવાસી કોઇપણ કે ગામડાનો માણસ જતો હતો તો તલાટી પાસે અરજી કરે કે ના કરે તો પણ તરત નકલ મળી જતી હતી. આજે તાલુકાની ઓફિસોમાં આખો આખો દિવસ અટવાયા પછી પણ નકલો નથી મળતી. એટલે મારું તો એમ કહેવું છે કે ભલે તમે ઇ–ધારાથી નકલો આપો પણ તલાટીને પણ નકલો આપવાની સત્તા છે.

**શ્રી વિજયભાઇ ર. પટેલ(ડાંગ–વાંસદા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નંબર ૬૯, ૭૦, ૭૧ જે લઇને આવ્યા છે એમને હું સમર્થન આપવા માટે ઉભો થયો છું. આજે સમગ્ર ગુજરાતની અંદર સર્વાંગી વિકાસ થઇ રહયો છે અને ત્યારે ગામડાઓ એ તો આ દેશનો આત્મા કહેવાય છે અને ગામડાનો વિકાસ એ જ તાલુકાનો વિકાસ છે. જિલ્લાનો વિકાસ છે અને રાજયોનો વિકાસ છે. રાજયનો વિકાસ થશે તો જ દેશનો વિકાસ થવાનો છે. ગુજરાત એ એક વિકાસનું મોડલ રાજય બન્યું છે ત્યારે ગુજરાત અને વિકાસ એ એક સિકકાની બે બાજુ બરાબર છે. આજે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ સૌનો સાથ, સૌનો વિકાસનો મંત્ર લઇને આ રાજયના ગામડાનો વિકાસ કરી રહયા છે. મારે કહેવું છે કે સન્માનનીય સામેના સભ્યશ્રી કહેતા હતા કે સોનિયા ગાંધીજીના સ્વપ્ન સાકાર કરવાની એમણે વાત કરી, પણ મારે એમને કહેવું છે કે શું મહાત્મા ગાંધીજીના સ્વપ્ન ભૂલી ગયા? મહાત્મા ગાંધીજીન ગ્રામ સ્વરાજયની જે કલ્પના હતી એ કલ્પનાને મૂર્તિમંત કરવા માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગ્રામીણ ક્ષેત્રની અંદર વિકાસની નવી ઉંચાઇઓ સર કરી છે અને ગામડા ગામનો વિકાસ કરવા માટે સમરસ ગામ, પાવન ગામ, તીર્થ ગામ, જયોતિ ગામ, વિશ્વગામ, ગોકુળગામ જેવી અનેક વિવિધ આયામોથી ગામડાઓને ધબકતા કર્યા છે. આ ગામડા ગામની અંદર જે ગરીબ વિસ્તાર છે એ ગરીબલક્ષી આવાસોની યોજનાઓની જે વસાહત હતી એ વસાહતની અંદર ભૂતકળની અંદર અનેક નાણાકીય સાધનોના અભાવને કારણે જેવા કે પીવાના પાણીની સગવડ, ગટર વ્યવસ્થા, સ્વચ્છતા, શેરીઓમાં પ્રકાશની વ્યવસ્થા, અને ઘરોમાં વીજળીકરણ, આંતરીક રસ્તાઓ જેવી પાયાની સુવિધા પૂરી પાડી શકાતી ન હતી જેના કારણે વસાહતીઓ સગવડથી વંચિત રહેતા હતા પણ આ રાજયની અંદર જયારથી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ આવ્યા છે ત્યારથી આ રાજયની અંદર ગ્રામીણ આવાસન માટે જમીન સંપાદન કરવી અને આ જે વસાહતો છે એ વસાહતોની અંદર માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરવા માટે આ રાજયએ જમીન સંપાદન અને ગ્રામીણ આવાસન યોજના અમલમાં મૂકી છે. જે ગામની અંદર ગામતળની જમીન ન હોય તો એને માટે ગામતળ ઉપલબ્ધ કરવું અને આ જે ગામતળ ઉપલબ્ધ થાય એમાં આવાસોનું સંકુલ બનાવવામાં આવે છે અને વિવિધ પ્રકારની સુખ–સગવડો એમાં ઊભી કરવામાં આવે છે. આ જમીન ઉપલબ્ધ કરવા માટે જિલ્લા લેવલની જે મૂલ્યાંકન કમિટી છે એમાં જ આ જમીનની કિંમત નક્કી કરવામાં આવે છે. ગ્રામ પંચાયત દીઠ રૂપિયા બે લાખની મર્યાદામાં વધારો કરીને ૧૦ લાખની મર્યાદા કરવામાં આવી છે અને જુદા જુદા વિસ્તારના પ્રવર્તમાન ભાવો મુજબ કિંમત નક્કી કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત દર વર્ષે આશરે ૫૦૦ ગામોને આવરી લેવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગ્રામ્ય જીવન ધોરણ ઊંચું લાવવા માટે માળખાકીય સુવિધાઓ જેવી કે રસ્તા, પાણી, વીજળી જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે અને જેના કારણે ત્યાં વસાહતમાં વસનાર માણસને સંતોષકારક સુવિધાઓ આપવામાં આવે છે. આજે ગામડે ગામ રહેતા ભૂમિહીન મજૂરો છે, ગ્રામ્ય કારીગરો છે એને રહેવા માટે ઘરથાળના પ્લોટ ન હોય, મકાન બાંધવા માટે એની પાસે પૂરતી નાણાકીય વ્યવસ્થા ન હોય

એના માટે આ રાજ્ય સરકારે સરદાર આવાસ યોજના અમલમાં મૂકી છે. આ સરદાર આવાસ યોજના અંતર્ગત જે પણ ગરીબ કુટુંબનો બી.પી.એલ. લાભાર્થી છે એને ૪૫ હજાર રૂપિયાની મફત સરકારી સહાય આપવામાં આવે છે અને એમાં લાભાર્થી દીઠ ૭ હજાર રૂપિયાનો એમનો શ્રમ ફાળો હોય છે. બી.પી.એલ. કુટુંબની વ્યક્તિ છે એને ખરેખર લાભ મળે એના માટે સાચા લાભાર્થીને લાભ આપવા માટે રાજ્ય લેવલની તજજ્ઞોની સમિતિની રચના કરવામાં આવી છે. જેના કારણે ખોટો લાભાર્થી લાભ ન લઇ જાય એની આ સમિતિ ચિંતા કરે છે. આજે ગ્રામ પંચાયતની ચૂંટણીઓ સર્વાનુમતિથી થાય એના માટે સમરસ યોજના અમલમાં મૂકી છે. આજે ગામડા ગામમાં ભાઇચારો અને એકતા રહે, શાંતિ જળવાય અને સદભાવનાનું એક વાતાવરણ ઊભું થાય એના માટે આ સમરસ યોજના અમલમાં મૂકવામાં આવી છે. જે ગ્રામ પંચાયતની ચૂંટણી બિનહરીફ થાય એને આ યોજનાનો લાભ મળે છે. જે ગામની વસ્તી પાંચ હજારથી ઓછી હોય એવી ગ્રામ પંચાયતને એક લાખ રૂપિયા અનુદાન આપવામાં આવે છે અને મહિલા સમરસ પંચાયત થાય તો એમને ૩ લાખ રૂપિયાનું પ્રોત્સાહક અનુદાન આપવામાં આવે છે. જે ગ્રામ પંચાયતની અંદર પાંચ હજાર કરતા વધારે વસ્તી ધરાવતી ગ્રામ પંચાયત હોય તો એવી ગ્રામ પંચાયત સમરસ થાય તો એમને ૩ લાખ રૂપિયા આપવામાં આવે છે અને જો મહિલા સમરસ થાય તો એવી સમરસ મહિલા પંચાયતોને પાંચ લાખ રૂપિયા સુધીનું અનુદાન આપવામાં આવે છે. આ સમરસ યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૧ હજાર લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. આ ઉપરાંત આ ગામડાઓની અંદર રહેતા લોકો વચ્ચે સદભાવના અને શાંતિ રહે એટલા માટે તીર્થગ્રામ અને પાવનગ્રામ યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત જે ગામમાં પાંચ વર્ષ સુધી એક પણ ગુનો નોંધાયેલ ન હોય એવા ગામને તીર્થગ્રામ તરીકે જાહેર કરવામાં આવે છે અને જે ગામમાં ત્રણ વર્ષ સુધી કોઇપણ જાતનો ગુનો નોંધાયેલ ન હોય એવા ગામનો પાવન ગામમાં સમાવેશ કરવામાં આવે છે. આ તીર્થગ્રામ માટે એક લાખ રૂપિયા અને પાવન ગામ માટે ૫૦ હજાર રૂપિયાનું અનુદાન આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨-૧૩ માટે ૧૬૦ લાખની જોગવાઇ આના માટે કરવામાં આવી છે. અહીંયા ગરીબ કલ્યાણ મેળાની વાતો થઇ. ગરીબ કલ્યાણ મેળા એ તો દરિદ્રનારાયણ માટે આર્શીવાદરૂપ મેળાઓ છે. આમાં કોઇ વી.આઇ.પી. કે મોટા લોકો આવતા નથી. છેવાડાનો ગરીબ માનવી છે, જેને ખરેખર જરૂર છે એવા લાભાર્થીઓ આવે છે અને એવા લાભાર્થીઓને આ રાજ્ય સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ દ્વારા કીટ્સ અને નાણાકીય સહાય આપવામાં આવે છે. આ રાજ્યમાં આવા ૧૪૭ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ કરવામાં આવ્યા છે. એમાં લગભગ ૫૮ લાખ જેટલા ગરીબ લાભાર્થીઓએ લાભ લીધો છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું.

**શ્રી મફતલાલ મો. પુરોહિત (ધાનેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૨-૧૩ના અનુદાન માટેની માગણીઓ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ અને અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો પ્રગટ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીજીનું સ્વપ્ન હતું કે ભારતનો આત્મા ગામડામાં વસેલો છે. આજે સોનિયાજીનું શું સ્વપ્ન છે?એ મને ખબર નથી. ગામડાની અંદર રહેતા તમામ લોકોને એમાં ખાસ કરીને BPL લાભાર્થીઓને એનું પોતાનું જીવન ચલાવવા માટેની જે જરૂરિયાત છે એ જરૂરિયાત પૂરી કરવા માટે થઇને આ સરકારે જે પગલા લીધા છે એ ખરેખર પ્રશંસાનેપાત્ર છે. પંચાયતીરાજ સુદૃઢ બને. ગામડાનો વિકાસ થાય તેના માટે (અંતરાય) કુંવરજીભાઇ, રાયબરેલીની બાત મત કરો. માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે જે કામગીરી કરી છે એ ખરેખર વખાણવાનેપાત્ર છે. *(xxxx) (xxxx) (અંતરાય)

સભાપતિશ્રી : એ જોક્સ જવા દો, પ્લીઝ. આપ માગણીઓ ઉપર આવી જાવ. વિવાદ નહિ.

* **(xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

શ્રી મફતલાલ મો. પુરોહિત : માનનીય અધ્યક્ષશ્રી, ૧૩૬૪૦ ગ્રામપંચાયત, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારા પોતાના વિસ્તારની અંદર ૨૦ ગ્રામ પંચાયતોને સ્વતંત્ર પંચાયતનો દરજ્જો આપીને અલગ રીતે ગામનો વિકાસ જે ક્ષિતિજોને ખુલ્લી કરી છે એના માટે માનનીય મંત્રીશ્રીને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે અન્ન અને નાગરિક પુરવઠાની કામગીરી છે તે કામગીરીની અંદર અત્યારે નવા જે નિયમો પ્રમાણે b y wr o t e ની જે કામગીરી છે એમાં નવા કાર્ડ આપવા માટે થઇને પરિવારના એક સભ્યના ફિંગર પ્રિન્ટ લઇને આ આખી જે વ્યવસ્થા છે તેને ચુસ્ત બનાવવા માટે જે નિર્ણય લેવાયો છે અને એના કારણે થઇને જ્યારે પોતે પોતાનું કાર્ડ લઇને દુકાને જશે ત્યારે કોમ્પ્યુટરની અંદર એ ફિગર પ્રિન્ટને મેળવવામાં આવશે અને જો કોઇ ભળતો માણસ ગયો હશે તો કોમ્પ્યુટર એને સ્વીકારશે નહિ અને પાવતી આપશે નહિ તો આ રીતે જે સરકારે એની ચુસ્ત વ્યવસ્થા કરી છે તે ખરેખર પ્રશંસાનેપાત્ર છે.

માનનીય અધ્યક્ષશ્રી, બિલો અને સ્ટોક એને ઓન લાઇન જાણકારી મળી શકશે. એટલે કેટલો સ્ટોક છે અને એનું જે કાંઇ બિલનું વેચાણ થયું છે એની પણ ઓન લાઇન આપણને જાણકારી મળી શકશે. આ સરકારે એક એવો પણ નિર્ણય કર્યો છે કે સસ્તા અનાજની દુકાન સુધી નિગમના જ વાહન દ્વારા એને સ્ટોક પહોંચાડવામાં આવે જેથી કરીને વચ્ચે જે હેરાફેરી થાય એ ના થઇ શકે. આ સરકારે જે કાંઇ કામ કર્યા છે તે ગામડાના ગરીબ માણસ માટે ખૂબજ ઉપકારક છે.

સભાપતિશ્રી : વિરામનો સમય થયો છે. હવે સભાગૃહ ફરીથી ૧૧-૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન ચાલુ રહેશે.

**( વિરામ સવારના ૧૦-૩૦ કલાકે )**

**(વિરામ બાદ)**

સભાપતિશ્રી, મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષસ્થાને.

શ્રી સભાપતિશ્રી : ઓર્ડર...ઓર્ડર... માનનીય શ્રી મફતલાલ પુરોહિત.

શ્રી મફતલાલ પુરોહિત (ક્રમશ☺ :-

માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા વિભાગની જે કામગીરી રહી છે એ ખૂબ સુંદર કામગીરી રહી છે. નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયા દ્વારા નિયુક્ત કેન્દ્રીય વિજિલન્સ કમિટી, યુનાઇટેડ નેશનસ વલ્ડ ફૂડ પોગ્રામ અને ભારત સરકારના અધિકારીઓએ પણ ગુજરાતામાં આ જે વાજબી ભાવની દુકાનો ઉપર જે વિતરણ વ્યવસ્થા છે તેની મુલાકાત લીધી અને એમણે આ વ્યવસ્થા ખૂબ સારી રીતે ચલાવવામાં આવે છે, ખૂબ સંતોષ વ્યકત કર્યો છે. જિલ્લા કક્ષાએ અને આ જે ફોરમ છે, ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને એની કચેરીઓ છે એ કાર્યરત થાય એના માટેના નવા ભવનો બનાવવા માટે પણ આ વિભાગે આયોજન કર્યું છે. નવા જે કાંઇ રેશન કાર્ડમાં બાર કોડેડ પદ્ધતિથી ફિંગર પ્રિન્ટ લેવામાં આવે. માનનીય મંત્રીશ્રીને એક સુચન કરું છું કે, આ જે ફિંગર પ્રિન્ટ લેવામાં આવે છે એમાં એક જણને ઓછામાં ઓછી પાંચ થી છ મિનિટ થાય છે અને એને લઇને ઘણીવાર લાઇનો લાગે છે, તો માનનીય મંત્રીશ્રી આમાં સર્વરની સ્પીડ વધારીને અથવા તો બીજું કાંઇ આયોજન કરીને આ કામગીરી ઝડપથી થાય એના માટેની વ્યવસ્થા કરે એવી વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી એક મારી વિનંતી છે કે, એ.પી.એલ-૧ કાર્ડ ધારક જે છે, જેની આવક વાર્ષિક એક લાખ રૂપિયા કરતાં ઓછી છે એને એ.પી.એલ.-૧ કાર્ડ આપવામાં આવે છે. એમાં બી.પી.એલ. લાભાર્થીઓને જે ભાવે ઘઉં, ચોખા આપવામાં આવે છે, સ્પેશ્યિલ ઘઉં એના પાંચ રૂપિયા અને ચાળીસ પૈસા કિલોએ આપવામાં આવે છે અને ચોખા છે એ સાત રૂપિયે બી.પી.એલ. કાર્ડ ધારકોને આપવામાં આવે છે. તો એ.પી.એલ.-૧ કાર્ડ જે ધરાવે છે એવા લોકોને અત્યારે જે આપીએ છીએ એ ઘઉં સાત રૂપિયા અને પચાસ પૈસા અને ચોખા ચૌદ રૂપિયા અને પચાસ પૈસાએ આપીએ છીએ તો આ જે ભાવે બી.પી.એલ.ને આપીએ છીએ તે ભાવે એ.પી.એલ-૧ ધારકોને પણ આપવામાં આવે તો મને લાગે છે કે, એ બહુ ઉપકારક રહેશે.

શ્રી સભાપતિશ્રી : પૂરું કરજો પ્લીઝ.

શ્રી મફતલાલ મો. પુરોહિત : એક મિનિટ.માનનીય અધ્યક્ષશ્રી, ટાઇમ મેગેઝીનની અંદર જે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રીનો ફોટો આવ્યો અને એમાં લખ્યું છે કે, ખરેખર આ પુરુષ જે છે એ વિકાસ પુરુષ છે અને વિકાસની એણે ગુજરાતમાં.. (અંતરાય) હું મારા સામે બેઠેલા મિત્રોને વિનંતી કરું છું કે,.

શ્રી સભાપતિશ્રી : પૂરું કરો. માનનીય શ્રી છનાભાઇ.

**શ્રી છનાભાઇ કો. ચૌધરી(ધરમપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો અને પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠા વિભાગ, આમાં જે માગણીઓ છે એ ખાસ કરીને એ.પી.એલ અને બી.પી.એલ.ને અનાજ આપવાની યોજનાઓ, સસ્તા અનાજની યોજનાઓ, ઘર આંગણે વિતરણની યોજનાઓ, અંત્યોદય યોજનાઓ આવી ઘણી બધી યોજનાઓનો આમાં સમાવેશ થાય છે. મારે ખાસ કહેવું છે કે, આપણે જે બી.પી.એલ. કુટુંબોને અનાજ વિતરણ કરીએ છીએ અને એના માટે જે કાર્ડો આપણે વિતરણ કર્યા છે, વર્ષો જુના એ કાર્ડ છે. સરકાર બે વર્ષ પહેલાં આ રેશન કાર્ડો, બાર કોડેડ રેશન કાર્ડો વિતરણ કરવાની જે યોજના લઇને આવી હતી એ બાર કોડેડ જે રેશન કાર્ડો છે એ ફકત એક તાલુકામાં એક સસ્તા અનાજની દુકાનને આપ્યા છે. છેલ્લા બે વર્ષોથી આ યોજના, એનો અમલ થયો નથી. એમાં જે કાર્ડ મળે છે એ કાર્ડમાં નવી વસ્તી કે નવું નામાંકન થઇને એ વસ્તી છે એના આધારે ઓનલાઇન પરમીટ આપે છે. એ ઓન લાઇન પરમીટમાં કદાચ કોઇમાં અનાજ ઓછું આવે, આવા કાર્ડ ધારકો વધારે હોય એવું બને છે તો આ બાર કોડેડ રેશન કાર્ડ છે એ કેટલા સમયમાં પૂરા કરવા માગો છો માનનીય મંત્રીશ્રી પાસેથી એ મારે જાણવું છે આની સાથે ભૂતિયા રેશન કાર્ડ, વચ્ચે એમ કહેવામાં આવ્યું દુકાનદારોને કે તમારે ત્યાં આટલા રેશન કાર્ડો નાબૂદ કરો. દુકાનદારો ઉપર ફરજ પાડવામાં આવી. ભૂતિયા રેશન કાર્ડ બનાવ્યા કોણે?, કોણે મંજૂર કર્યા? દુકાનદારો પકડાય ત્યારે દુકાનદારને શિક્ષા કરવામાં આવે પણ જેણે આ કાર્ડો મંજૂર કર્યા છે અને વિતરણ કર્યું છે એની ઉપર કોઇ પગલાં લેવામાં આવતા નથી તો આ રેશન કાર્ડ જેણે વિતરણ કર્યા છે, આપ્યા છે એના ઉપર પણ શિક્ષાના કોઇ પગલાં લેવાવા જોઇએ. અહીં આપણે ગરીબ લોકો માટે તેલની વાત કરી પામોલીન તેલ. આપના ઘણા પ્રશ્નના જવાબમાં આપ્યું છે કે બફર સ્ટોક અમે રાખીએ છીએ. જયારે જયારે આપણા તહેવાર આવે છે ત્યારે ગરીબ આદિવાસીઓને, બી.પી.એલ. કાર્ડવાળાને આપણે તેલ આપીએ છીએ ૩૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવે પણ આદિવાસી વિસ્તારમાં હોળીનો તહેવાર ગયો પણ હજી તેલનું વિતરણ કર્યું નથી અને આપની પાસે સ્ટોક પણ નથી એમ બતાવે છે. બજારમાં આપણે જોઇએ ખેતીવાડી વિભાગ પણ બતાવે છે કે મગફળીનું ઉત્પાદન પુષ્કળ છે અને એટલું બધું ઉત્પાદન છે કે આપણે તેલના ભાવો નિયંત્રણમાં રાખી શકીએ પણ આજે બજારમાં આપણે સીંગતેલ લેવા જઇએ તો આંગળી પણ ન મુકાય અને એમાં કેટલી ભેળસેળ થતી હશે એ ભેળસેળ પણ કદાચ આપણે કહી નહીં શકીએ તો માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા હું જણાવું છું કે એમાં પણ ભેળસેળ અટકે, તેલના ભાવો વધતા અટકે કે જેથી ગરીબ લોકો એ તેલ લઇને ખાઇ શકે. આવી ફોર્ટી ફાઇડ આટાની જે વાત થઇ, ફોર્ટીફાઇડ આટા માટે કરોડો રૂપિયા ફાળવ્યા છે.

**શ્રીમતી ગીતાબેન ચો. પટેલ (સાબરમતી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પૂરવઠા બાબતના માનનીય મંત્રીશ્રી જે અનુદાનની માગણી ક્રમાંક – ૨૨, ૨૩ અને ૨૪ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. આપણા સૌની ચિંતા એ છે કે આજે માણસને જીવવા માટે ત્રણ વસ્તુઓની જરૂરિયાત છે, અન્ન, હવા અને પાણી. આ ત્રણ મહત્વની બાબતો છે આપણા જીવનની અંદર. આજે આખા દેશમાં મોંઘવારીનો આંક ખૂબ વધતો ગયો છે ત્યારે આપણા સૌની ચિંતા એ છે કે મોંઘવારીને કઇ રીતે આપણે ડામી શકીએ. ત્યારે મને મારા વડીલોએ કહેલી એક વાત યાદ આવે છે જયારે ૧૯૬૦ની પહેલી મેએ મહારાષ્ટ્રમાંથી ગુજરાત રાજયની અલગ સ્થાપના થઇ ત્યારથી દસ વર્ષની અંદરની કોંગ્રેસ સરકારે રાજયમાં રેશનીંગની પ્રથા દાખલ કરી. આના કારણે સમાજમાં કોઇના ઘરે સારો પ્રસંગ હોય જેમ કે લગ્ન, વાસ્તુ હવન તથા અન્ય

પ્રસંગો જયારે હોય ત્યારે (અંતરાય) જમવાનું તો હોય જ સાંભળો, મિત્રો સાંભળો * (XXXX)સાંભળો જરા. જમવાનું તો હોય જ પણ ત્યારે કોંગ્રેસની સરકારે ચોખા પર રેશનીંગ લાવીને પ્રસંગમાં ચોખા રાંધીને ખાવાની જગ્યાએ રાજયની પ્રજાને કોદરીનો ભાત ખવડાવ્યો હતો અને આ કોદરીનો ભાત બીમાર માણસે ખાવાનો હોય અને તમે આ બીમારીની ગર્તામાં ગુજરાતની પ્રજાને ૧૯૬૫–૬૬માં ધકેલી દીધી હતી. આ તમારી સરકારના કાર્યો છે અને તેમાં લગ્નપ્રસંગમાં મિઠાઇ કોઇને બનાવવી હોય, લાપસી બનાવવી હોય તો ગોળ અને ખાંડ ઉપર પણ આપણે રેશનીંગ મુકી અને ખાંડને કડવી ઝેર જેવી કરીને મિઠાઇને પણ કડવી બનાવી દીધી હતી. આ કોંગ્રેસના દુઃશાસન અને કુશાસનના પરિણામો છે. કોઇ સગાવહાલાને આપણે આમંત્રણ આપ્યું હોય. આમંત્રણ આપ્યું હોય એટલે બધાને એક છત નીચે જમાડવા પડે પણ એ પણ એમની પહેલેથી જન્મજાત રહેલી ભાગલા કરો અને રાજ કરોની આ નીતિએ આવા પ્રસંગે પણ લોકોને અલગ અલગ છત નીચે જમાડવાના પ્રસંગો ઉભા કર્યા હતા. આ વાત મને એટલા માટે યાદ છે કે જયારે જયારે કોંગ્રેસ સત્તાના સુકાન સંભાળે છે ત્યારે સત્તા મળ્યા પછી ગરીબને ભૂલી જાય છે. ૨૦૦૯ માં સત્તા ઉપર બેઠા પછી યુ.પી.એ. સરકારે જાહેર કર્યુ હતું કે અમે ૧૦૦ દિવસમાં મોંઘવારીને ઘટાડીશું. મારું કહેવું છે કે તેમણે પેટ્રોલ, ડીઝલ, ગેસના ભાવો વારંવાર વધારતા રહ્યા, પણ કોંગ્રેસ સરકાર જ્યારે ગરીબ પ્રજામાં જાય છે, ત્યારે કહે છે કે કોંગ્રેસકા હાથ ગરીબોંકે સાથ, પણ મારું કહેવું છે કે કોંગ્રેસના પંજાએ ગરીબોનો બે ટંકનો રોટલો છીનવી લીધો છે. અને કેરોસીન જે મળતું હતું, એમાં પણ ઘટાડો કરીને કાપ મૂકી દીધો છે, જેના કારણે ગરીબ પ્રજાને ભૂખ્યા રહેવાનો વારો આવ્યો છે.(અંતરાય) મિત્રો સાંભળો, આ તમારા કારણે થયું છે. જે ગરીબી રેખા નીચે જીવે છે તેવા લોકોને રેશનિંગના ઘઉંની કિમતમાં એક રૂપિયાનો વધારો કરીને તેનો રોટલો પણ મોંઘો બનાવ્યો છે. આમ યુ.પી.એ. સરકારની બેદરકારી, અણ આવડતના કારણે ગોડાઉનોમાં અનાજ સડી રહ્યું છે. ના છુટકે નામદાર સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો કે સડેલા અનાજનો નિકાલ કરો અને ગરીબોને સારું અનાજ આપો. ગુજરાતની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબ કુટુંબોની અન્ન, સલામતી ઉપર ભાર મૂક્યો છે. હું આ રાજયના મુખ્યમંત્રીશ્રી અને આ વિભાગના મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે તેમણે ગરીબોને મળતું અનાજ યોગ્ય સમયે અને પુરતી માત્રામાં મળી રહે તેના માટેની જોગવાઇઓ કરી છે. જેમ કે બી.પી.એલ., એ–વાય અને એ.પી.એલ. કેટેગરીના રેશનકાર્ડ ધરાવતા કુટુંબોને વ્યાજબી ભાવની દુકાન મારફતે નિયત ભાવે ઘઉં, ચોખા, ખાંડ, ખાદ્ય તેલ, આયોડિન યુકત મીઠું, કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે તેમાં ખૂબ જ કાળજીપૂર્વક નીતિવિષયક નિર્ણય કરી વધુ અસરકારક બનાવવા માટે જાહેર વિતરણ વ્યવસ્થાને આધુનિકીકરણ કરી ગુજરાતમાં સૌ પ્રથમ વાર બાર કોડેડ રેશનકાર્ડ અને કૂપન પદ્ધતિ અમલમાં મૂકી છે. બાર કોડેડ પુસ્તિકા લાભાર્થીના કુટુંબોમાં ઓછામાં ઓછા એક સભ્યની આંગણીની છાપ અને ફોટા મેળવીને ઇસ્યુ કરવામાં આવે છે. જેથી તે લાભાર્થી કુટુંબના બાયોમેટ્રિક ઓળખ આપનાર વ્યકિત કાર્ડ કેટેગરી મુજબ મળવાપાત્ર રાહત દરની આવશ્યક ચીજવસ્તુઓ ધોરણસરના જથ્થાની કૂપનો ઇ–ગ્રામ સાયબર કાફેથી મેળવી શકે છે. ગુજરાત રાજયમાં જાહેર વિતરણ વ્યવસ્થાને સુદ્રઢ બનાવવા માટે રાજય સરકારે જિલ્લાવાર અને તાલુકાવાર વ્યાજબી ભાવની દુકાનદારના કાર્ડધારકોના નામ અને પ્રકાર અને કુટુંબોની સભ્ય સંખ્યા જેવી તમામ માહિતી વેબસાઇટ ઉપર મૂકેલી છે. આ પારદર્શકતા લાવવા માટે ટ્રાન્સપરન્સી પોર્ટલ યોજના ચાલુ કરી જે સમગ્ર દેશમાં પ્રથમ પ્રયાસ છે. રાજ્ય સરકારે કેરોસીનની ડોરસ્ટેપ ડિલીવરી જથ્થો પહોંચાડવાની પ્રથા અમલમાં મૂકી. તેના કારણે દુકાનદારોને ટ્રાન્સપોર્ટ ખર્ચમાંથી રાહત મળી અને તેઓની આર્થિક ક્ષમતામાં વધારો થયો. આમ ડોર સ્ટેપ ડિલીવરીના કારણે કેરોસીનના વિતરણમાં કાળાબજાર અને ડાયવર્ઝન અટકાવવા માટે સરકારે યોગ્ય પગલાં લીધાં. વર્ષ–૨૦૧૧ માં કેરોસીનના ડીલરોની ૪૭૨૦ તપાસ હાથ ધરવામાં આવી અને આ તપાસ દરમ્યાન ગેરરીતિ જણાઇ હોય તેવા ૧૩.૪૯ લાખની કિંમતનો જથ્થો કબજે લઇ અયોગ્ય એવા ૧૮ દુકાનોના પરવાના મોકુફ કર્યા અને ૨૧ દુકાનોના પરવાના રદ કર્યા તેમજ ૭

* **(xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સામે કોર્ટ કેસ કરવામાં આવ્યા. વર્ષ-૨૦૧૧ દરમ્યાન અન્ન અને નાગરિક પુરવઠા તંત્ર દ્વારા સમગ્ર રાજયમાં કુલ ૧૬,૧૧૩ દુકાનોની તપાસ કરવામાં આવેલ. આમાં ગેરરીતિ અને ક્ષતિ જણાતા ૩,૦૧,૯૭૩ કિલો અનાજનો જથ્થો રૂપિયા ૨૦.૨૧ લાખની કિંમતનો કબજે લેવામાં આવ્યો. ૩૧.૪૨ લાખ કિંમતનો જથ્થો રાજય હસ્તક કરવામાં આવ્યો. અને ૩૨.૬૯ લાખની કિંમતના પરવાનાની અનામત રકમની વસૂલાત કરવામાં આવી અને ૧૭૦ દુકાનોના પરવાના મોકૂફ કરી અને ૧૦૭ દુકાનોના પરવાના રદ કર્યા. અને તેમાં ૧૪૧ કોર્ટ કેસ કરી ૨૪ ઇસમો સામે અટકાયતનાં પગલાં લીધાં. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગરીબ પ્રજામાં રહેલ દુઃખ દર્દને સમજી ગરીબ લોકોનું દર્દ પણ જોયું છે, તેથી ભૂખમરો, કૂપોષણને થતા મૃત્યુને રોકવા ઘર વિહોણા કુટુંબો તથા અન્ય બાળકોને અન્ન સલામતી મળી રહે માનનીય અધ્યક્ષશ્રી, તેના માટે અન્નબ્રહ્મ યોજના અમલમાં મૂકી છે. આ યોજનાને કારણે રેશનકાર્ડ જેની પાસે ન હોય તેવી વ્યક્તિ કે કુટુંબ કે હોસ્પિટલના બીછાને પડેલ દર્દી તેમજ જરૂરતમંદ વ્યક્તિનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના દ્વારા છ માસ માટે પ્રતિમાસ દસ થી પંદર કિલોગ્રામ અનાજ મફત આપવામાં આવે છે. છ માસ પછી આ યોજનાની સમીક્ષા કરી બીજા છ માસ માટે યોગ્ય જણાય તો તેનો પુનઃ લાભ આપવામાં આવે છે. આમ આ યોજના દ્વારા ભૂખ્યાને ભોજન આપીને આ સરકારે ગરીબોના અંતરના આશિષ લીધા છે.

**સભાપતિશ્રીઃ** પ્લીઝ ગીતાબેન એક મિનિટમાં પૂરું કરો.

શ્રીમતી ગીતાબેન યો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. આ કોંગ્રેસશાસિત રાજનીતિમાં ભાણી અને ભાણીયાઓ ગરીબોના ઘરે જમીને મોંઘવારી ઓછી કરવાને બદલે ગરીબોના રોટલા ઓછા કર્યા છે અને પોતાની આબરૂ ઓછી કરી છે. આમ ગરીબના ઘરે રોટલા ખાવાથી કંઇ જીતી શકાતું નથી. તેના માટે મોંઘવારી ઓછી કરવી પડે. હું એક મહિલા છું અને મહિલાની મોંઘવારી સમજી શકું છું. હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું.

**સભાપતિશ્રીઃ** માનનીય જેઠાભાઇ.

**શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ(શહેરા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત અને નાગરિક પુરવઠા વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તે માગણીઓમાં મારું અનુમોદન આપવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગુજરાતની અંદર આજદિન સુધી કોઇપણ સરકારોએ જે કામ ન કર્યુ હોય તેવું કામ ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારના માનનીય વડીલ મંત્રીશ્રી નરોત્તમકાકાની આગેવાની હેઠળ થયું છે. મારે કહેવું છે કે મારા મત વિસ્તારની અંદર આજ સુધી, આઝાદી આવી ત્યાં સુધી ગ્રામ પંચાયતનું વિભાજન નહોતું થયું અને વિભાજન નહોતું કરવામાં આવતું. એક એક પંચાયતની અંદર નવ-નવ ગામની ગ્રામ પંચાયત ગૃપ ગ્રામ પંચાયત તરીકે તેનો વહીવટ કરવામાં આવતો હતો. જેના કારણે ગામડાના લોકોને ખૂબ મુશ્કેલી ઉભી થતી હતી. એક તલાટી હોય અને સરપંચ હોય તો નવ ગામની અંદર કેવી રીતે વહીવટ કરી શકે? ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઇએ આ બધુ જોયું અને જોયા પછી એમને એમ લાગ્યું કે ખરેખર લોકોનું કામ કરવું હોય, પારદર્શકતા બતાવવી હોય, વિકાસ કરવો હોય, સૌનો સાથ સૌનો વિકાસ કરવો હોય તો આ લોકોને સરળતા મળી રહે, તેમને સુગમતા ઉપલબ્ધ થાય તેના માટે ગ્રામ પંચાયતોનું વિભાજન કરી અને સૌથી વધારે વિભાજન મારા મત વિસ્તારની ગ્રામ પંચાયતોની અંદર કરવામાં આવેલ છે. માટે મારે માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઇ અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને અભિનંદન આપવા પડે. અભિનંદન એટલા માટે આપવા પડે કે આજ સુધી પ્રજાનો કોઇએ વિચાર નથી કર્યો.

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

આજસુધી પ્રજા શું કરે છે તેની ચિંતા નથી કરી. એવી ગરીબોના આધાર, નોંધારાના આધાર એવી ભારતીય જનતા પાર્ટીની સરકારે આ પ્રજાના માટે, પ્રજાના કામો માટે આવા સરળ અને સુંદર વહીવટ થાય તેના માટે પંચાયતોનું વિભાજન કર્યુ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે સામે બેઠેલા કોંગ્રેસના મિત્રોને કહેવું છે કે

ગ્રામ પંચાયતની અંદર નિર્મળ ગામ હોય, નિર્મળ ગામની અંદર માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવોર્ડ આપ્યો. તેમના (XXXX)માનનીય અધ્યક્ષશ્રી. (XXXX) સાથે...

અધ્યક્ષશ્રી : જેઠાભાઇ આ * (XXXX)તે શબ્દ અસંસદીય છે. પ્લીઝ.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : પાછો ખેંચી લઉં સાહેબ. આ ઇકબાલભાઇને દરેક વખત મારાથી...

અધ્યક્ષશ્રી :આપ શબ્દો પાછા ખેંચી લો પ્લીઝ.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, શબ્દો પાછા ખેંચી લઉં છું. (XXXX)તો. પણ કંઇક ને કંઇક ઉપાધિ તો થાય છે. એટલે તેમને મેં કહ્યું તેમ નિર્મળ ગ્રામની અંદર ભાવનગર જિલ્લાની અંદર, મારે સાહેબ કહેવું છે ભાવનગર જિલ્લાની અંદર કેન્દ્ર સરકારને લેટર લખવામાં આવ્યો અને લેટર લખીને એવું કહેવામાં આવ્યું કે આ નિર્મળ ગ્રામ પુરસ્કાર જે આપવામાં આવ્યા છે તે ગુજરાત સરકારે ખોટા આપ્યા છે. આવો કાગળ લખ્યો અને ગુજરાતને બદનામ કરવાનો પ્રયત્ન કર્યો. બીજા રાજયોમાંથી ટીમો મોકલી કેન્દ્ર સરકારે અને ટીમો મોકલી તેની તપાસ કરાવી. તપાસ કરાવ્યા પછી સત્ય હકીકત નીકળી. સત્ય વાત નીકળી અને એમ કહ્યું કે આ તમે જે રજુઆત કરી છે તે ખોટી રજુઆત છે. તેમાંથી કંઇ ન નીકળ્યું એટલે મારે કોંગ્રેસના મિત્રોને કહેવું છે ગુજરાતને બદનામ કરવાનું કામ બંધ કરો તો વધારે સારુ રહેશે. સૌનો સાથ સૌનો વિકાસ જો આપે કરવો હશે તો બધા સાથે મળીને આપણા ગુજરાતનો સારો એવો વિકાસ કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની સરકાર અને માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકારે અત્યારે A T V T ની યોજના દાખલ કરી, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો, વાયબ્રન્ટ તાલુકો બનાવવા માટે એની અંદર દરેક યોજનાઓ નાના નાના ગામડાંમાંથી જે લોકો આવતા હોય, છેવાડાના માનવીઓ સુધીનું, એનું જીવનધોરણ ઉંચું આવે એના માટે વહીવટમાં સરળતા રહે અને અંતરિયાળ વિસ્તારમાંથી આવતા લોકોને સુવિધાઓ મળી રહે એના માટે A T V T ના પ્રોગ્રામ હેઠળ જયાં જિલ્લાની અંદર જે લોકોને જવું પડતું હતું હવે એની અંદર તાલુકા પંચાયતની અંદર આંતરિક વહીવટ કરીને પ્રાંત અધિકારીને સત્તા આપીને પ્રાંત અધિકારી મારફતે તમામ આયોજન થઇ શકે એના માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. મારા મતવિસ્તારની અંદર જે પંચાયતો જુદી પાડી, એ પંચાયતોમાં પણ ખૂબ સારી કામગીરી થઇ શકે અને ખૂબ સારૂં કામ થાય એના માટેની ચિંતા કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય યોજના હેઠળ ૭ લાખ કુટુંબોને અંત્યોદય યોજનાનો લાભ આપી કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલાં છે, અને આ યોજનાથી જાન્યુઆરીની સ્થિતિએ લાભાર્થીની કાર્ડ દીઠ માસિક ૧૯ કિલો ઘઉં બે રૂપિયાના ભાવથી આપવામાં આવે છે, અને ચોખા ત્રણ રૂપિયાના ભાવથી ૧૬ કિલો આપવામાં આવે છે, એપીએલ યોજનાની અંદર પણ ગરીબ રેખાથી ઉપરના તમામ કુટુંબોને આવરી લઇને એપીએલ યોજનાની અંદર વ્યકિતદીઠ અઢી કિલો અને કાર્ડદીઠ ૧૫ કિલો સાડા સાત રૂપિયાના ભાવથી ઘઉં આપવામાં આવે છે, અન્નપૂર્ણા યોજનાની અંદર આ યોજનાથી ૬૫ વર્ષથી વધારે ઉંમરના વૃદ્ધ હોય એવા માણસોની આ સરકારે ચિંતા કરી છે અને આ ચિંતા કરીને ૬૫ વર્ષથી વધારે ઉંમરના માણસોને, જે નિરાધાર છે કોઇ આધાર ન હોય, એવા લોકોને નિરાધારના આધાર એવા ગુજરાત સરકારના માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વૃદ્ધ પેન્શન યોજના આપવાનો નિર્ણય કર્યો અને જેને વૃદ્ધ પેન્શન ના મળતું હોય એવા તમામ માણસોને વિનામૂલ્યે દસ કિલો અનાજ આપવા માટેની યોજના દાખલ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૦ની વસ્તીએ પંચાયતો જુદી પાડવાનો પણ આ સરકારે નિર્ણય કર્યો છે, એ ખૂબ સારી અને મહત્વની બાબત છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કેરોસીન રાજય સરકારને દર માસે ૮૨ હજાર લીટરની જરૂરિયાત છે, પણ કેન્દ્ર સરકાર ૮૨ હજાર લીટર નથી આપતી, અને ૫૨ હજાર લીટર કેરોસીન આપે છે ત્યારે આટલો જે કાપ મૂકીને ગુજરાત સરકારને જે અન્યાય કરવાનું કામ

---

*** (xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધેલા હોવાથી અહેવામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

કર્યું છે, એ મારે કહેવું છે કે, કોંગ્રેસના મિત્રો, આ બાબતે ગુજરાતની પ્રજાને અન્યાય થાય એ આ બધા જે જોઇ રહયા છો એ આપના માટે પણ વાજબી નથી. જે કેરોસીન વ્યક્તિદીઠ દોઢ લીટર અને એક કાર્ડદીઠ નવ લીટર આપવામાં આવે છે, સસ્તા અનાજની દુકાનો (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હજુ તો મારા વકતવ્યની શરૂઆત થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કાળાબજારીયા લોકોને ડામવા માટે બાયોમેટ્રિક પધ્ધતિથી કાર્ડનો અમલ કરાવીને કાળાબજારીઆ દ્વારા કેરોસીન ગેરરસ્તે જતું હતું, કેરોસીનને બીજા લોકો ન લઇ જાય, કોંગ્રેસના વખતમાં જે કાળોબજાર ફૂલ્યો ફાલ્યો હતો એ બંધ થાય એના માટે માનનીય નરોત્તમભાઇએ બાયોમેટ્રિક પધ્ધતિથી કાર્ડ આપી અને ગરીબોના ઘર સુધી આ અનાજ, ઘઉં, કેરોસીન પહોંચે એની વ્યવસ્થા આ સરકારે કરી છે,

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારે ફેર પ્રાઇસ સોપ A P S મોડલ એ દરેક ગામોની અંદર લોકોને કોઇપણ વસ્તુ લેવી હોય તો શહેર સુધી જવું ના પડે, એના માટે આ સરકારે ફેર પ્રાઇસ સોપ, દીન દયાળ પંડિત ભંડાળની અંદર તમામ પ્રકારની વસ્તુઓ રાખવામાં આવે, યુરિયા ખાતર રાખવામાં આવે, ગેસના બાટલા રાખવામાં આવે, ઘઉં- ચોખા રાખવામાં આવે,બંગડીઓ રાખવામાં આવે, બહેનો માટેના ચૂડી-ચાંદલા રાખવામાં આવે એવી દરેક વસ્તુ લોકોને મળી રહે એવી વ્યવસ્થા આ સરકારે કરી છે.

**શ્રી શૈલેષ મ. પરમાર(શહેરકોટડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી અન્ન અને નાગરિક પુરવઠાની જે માગણીઓ લઇને આવ્યા છે એ પ્રજાની વ્યથા હું મારી રજૂઆત સ્વરૂપે રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઘણાં લાંબા સમયથી સાંભળી રહ્યો છું કે આ વિધાનસભાની અંદર મારા સાથી ધારાસભ્યો મિત્રો કેન્દ્ર સરકારનું નામ લઇને મોંઘવારીની વાત અચૂક કરતા હોય છે. સ્વાભાવિક છે કે મોંઘવારીની વાત આવે એટલે પ્રજાના પ્રતિનિધિને ચિંતા થાય પણ કેન્દ્ર સરકારની મોંઘવારીની વાત કરનારા મારા મિત્રો જે જવાબદારી ગુજરાત સરકારની આવે છે, જે જવાબદારી ગુજરાત સરકારે નિભાવવી જોઇએ એ નિભાવવામાં અન્ન નાગરિક પુરવઠા તંત્ર પાછું પડ્યું છે એ હું આપને કહેવા માગુ છું. આજે મોંઘવારીની વાત લઇને નીકળેલા લોકો આજે ગુજરાતની અંદર પબ્લિકને શું જોઇએ? પબ્લિકને સીંગતેલ જોઇએ, પબ્લિકને શાકભાજી જોઇએ, પબ્લિકને અનાજ જોઇએ. આજની પરિસ્થિતિમાં ગુજરાતની અંદર જ્યારથી ગુજરાતની સ્થાપના થઇ છે ત્યારથી આજ દિન સુધી સીંગતેલનો અગર કોઇ ભાવ વધારો જો સૌથી વધારે થયો હોય તો આ ગુજરાતની ભાજપની સરકારની અંદર સૌથી વધારે ભાવ વધારો થયો છે. ૨૦૧૨ની ચિંતા કરનારા લોકો કે ૨૦૧૨માં શું થશે? તો મારે કહેવું છે કે આજે સીંગતેલનો ભાવ ૨૦૧૨ થઇ ગયો છે ગુજરાતની પ્રજા ઉપર તમે બોજો રાખીને કર્યો છે. આજે જે પરિસ્થિતિ પેદા થઇ છે આજે સીંગતેલના જે ભાવ છે એની વાત કરું તો પહેલાની સરકારની અંદર જે તેલિયા રાજાઓ ભાવ વધારો ન કરે તે માટે સરકાર પોતે તેલનો બફરસ્ટોક ભેગો કરતી હતી અને એ બફર સ્ટોકના આધારે કોંગ્રેસ સરકારો એ વખતે બફર સ્ટોક રાખતી હતી અને જ્યારે તેલિયા રાજાઓ ગુજરાતની પ્રજા ઉપર જ્યારે તેલના ભાવ વધારાનું ભારણ કરતા હતા અને જ્યારે સ્ટોક બંધ કરી દેતા હતા ત્યારે એ વખતની કોંગ્રેસની સરકારો એ વખતે જે બફર સ્ટોક કરેલ તેલ હોય એ પ્રજાને સસ્તા ભાવે આપતી હતી. ભૂતકાળમાં મેં જોયું છે કે આ ગૃહના ખાસ કરીને અમદાવાદના સન્માનનીય ધારાસભ્યો તેલના ડબ્બા લઇને નીકળતા અને માણેક ચોકની પોળોમાં નિકળતા અને પ્રોગ્રામ કરતા, કડાઇ મૂકતા કડાઇમાં પાણી મૂકતા અને પાણીની અંદર પુરીઓ તળવાનું કામ ભૂતકાળમાં થતું હતું. મારે એ દિવસો યાદ કરાવવા છે કે, આજે જે રાજકીય પરિસ્થિતિ ખાસ કરીને ગુજરાતની અંદર પેદા થઇ છે ત્યારે માનનીય મંત્રીશ્રીને હું આપના માધ્યમ દ્વારા કહેવા માગુ છું કે, આજે એક વર્ષની અંદર ૬૭૦ રૂપિયા તેલના ડબ્બા ઉપર ભાવ વધ્યા છે. આજે પરિસ્થિતિ એ થઇ છે કે આજે અઢી માસની અંદર ૨૮૦ રૂપિયા તેલના ડબ્બાએ વધ્યા છે. આજે તેલનો ભાવ કિલોનો ૧૨૫ થી માંડીને ૧૩૦ રૂપિયા તરફ જઇ રહ્યો છે ત્યારે સરકારે વાઇબ્રન્ટ ગુજરાતમાંથી, તાલુકા ગુજરાત વાઇબ્રન્ટમાંથી બહાર આવવું જોઇએ અને અત્યારે પ્રજા બિચારી વાઇબ્રન્ટ થઇ ગઇ છે એના સમક્ષ જોવું જોઇએ એમ મારું કહેવું છે. કાલે મિત્રો વાત કરતા હતા, જયારે શહેરી વિકાસની વાત આવી ત્યારે મિત્રો વાત કરતા હતા કે, કોંગ્રેસની નગરપાલિકાઓમાં સફાયો કરવો જોઇએ.

કોંગ્રેસે નગરપાલિકાઓમાં સફાયો કરવો જોઇએ. મારે એ મિત્રોને કહેવું છે કે કોંગ્રેસે તો કચરો કાઢીને તમારી તરફ નાંખ્યો છે જે મિત્રો બોલે છે એને કહેવું છે કે અમે તો આ કામ ખૂબ વહેલુ ચાલુ કરી દીધું છે. આ કામ અમે ખૂબ વહેલુ ચાલુ કરી દીધું છે માટે અમને સલાહ આપવાની મિત્રો તમારે જરૂર નથી. ખાસ કરીને માનનીય મંત્રીશ્રીનું એ બાબત પર ધ્યાન દોરવા માગુ છું કે જે રીતે આપે એક યોજના દાખલ કરી છે "બારકોડેડ રેશનકાર્ડ યોજના" છેલ્લા સવા વર્ષથી બારકોડેડ રેશન કાર્ડની જે યોજના છે એ ગુજરાતની ૬ કરોડની જનતાને હજુ ખબર પડતી નથી. એટલા માટે કે આપે આ યોજના તો દાખલ કરી દીધી યોજનાનો હેતુ લોકોને ગમે એવો હશે કે નહીં હોય પણ સવા વર્ષથી ગુજરાતની અંદર રેશન કાર્ડ બનતા નથી. માનનીય મંત્રીશ્રી આના લીધે પરિસ્થિતિ શું થાય છે? આ રેશન કાર્ડ નથી બનતા એનું ઉદાહરણ હું પોતે જ છું. મારા બ્રધરનું મકાન બાજુમાં લીધું મારા નામમાં એનું નામ ચાલતું હતું મેં ધારાસભ્ય તરીકે પુરવઠા અધિકારીને કાગળ લખ્યો હતો કે મારું આ રેશન કાર્ડ છે એ જુદું કરી દો મને જવાબ મળ્યો કે બારકોડની અત્યારે યોજના ચાલે છે માટે ૬ મહિના સુધી તમારું રેશન કાર્ડ બનશે નહીં. આજે સવા વર્ષ થવા છતાં બારકોડ રેશન કાર્ડની યોજનાને લીધે નાનામાં નાના માણસને ખૂબ મોટો શોષાવાનો વારો આવ્યો છે. પૈસાદાર માણસ હોય એ પોતાની પાસબુક સાચવે, પોતાનો પાસપોર્ટ સાચવે પણ ગરીબ માણસ હોય એ પોતાનું રેશન કાર્ડ સાચવતો હોય છે ત્યારે આજે રેશન કાર્ડના પણ આ સરકારમાં ફાંફાં થઇ ગયા છે. પરિસ્થિતિ શું પેદા થઇ છે આજે સવા વર્ષથી કોઇનું નામ રેશનકાર્ડમાં નોંધાવવું હોય એ પણ નોંધાવવામાં આવતું નથી, કોઇનું નામ રદ કરવું હોય તો એ નામ પણ રદ થતું નથી. જે રીતે લગ્ન કરીને દીકરી પોતાના સાસરે ગઇ હોય અને પોતાના બાપના ઘેરથી એનું નામ રદ કરાવે સાસરિયામાં એનું નામ ઉમેરવાનું હોય પણ આજની આ સરકારની અંદર એ નામ ઉમેરવાનું પણ બંધ કરી દેવામાં આવ્યું છે. આ રેશનકાર્ડના લીધે, આ બારકોડના લીધે ગુજરાતની પ્રજા ત્રાહિમામ પોકારી ગઇ છે, કારણકે ખાસ કરીને જે લોકોને જરૂરિયાત છે ઘરની અંદર વધેલી વસ્તીના આધારે રેશનકાર્ડ ઉપર પોતાને જે રીતેનું અનાજ મળતું હોય છે, જે રીતે સસ્તા અનાજની દુકાનોમાં એની સવલતો મળતી હોય છે, એ સવલતો મેળવવામાં પણ ગરીબ માણસોને ખૂબ મોટી મુશ્કેલી પડે છે, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે –

**જિંદગી એવી ના જીવો કે કોઇ ફરિયાદ કરે, પણ જિંદગી એવી જીવો કે લોકો ફરી પાછા તમને યાદ કરે,**

હું આ કહેવા માગું છું માનનીય મંત્રીશ્રીને, બી.પી.એલ. કાર્ડની અંદર હું તેમનું ધ્યાન દોરવા માગું છું કે બી.પી.એલ. કાર્ડમાં કેન્દ્ર સરકાર ઉપર વારંવાર ટકોર કરવામાં આવે છે કે કેન્દ્ર સરકાર દ્વારા બી.પી.એલ. કાર્ડમાંથી નામ ઓછા કરવામાં આવે છે, આ ગુજરાત સરકારનું બહુ મોટામાં મોટું ષડયંત્ર છે, બી.પી.એલ. કાર્ડમાંથી જેટલા ધારકો ઓછાં થાય, તેટલા ધારકો પ્રમાણે એમ કહેવામાં આવે કે, ગુજરાતની અંદર બી.પી.એલ. ની સંખ્યા ઓછી છે, લોકો સુખી સંપન્ન થયાં છે. બી.પી.એલ. કાર્ડના લીધે જે પરિસ્થિતિ પેદા થઇ છે એ બાબતમાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું, જે રીતે બી.પી.એલ. કાર્ડની અંદર, બી.પી.એલ. કાર્ડ પોતાની પાસે હોય તો ગુજરાત સરકારના કમ્પ્યુટરમાં એ બી.પી.એલ. કાર્ડ ધારકનું નામ હોતું નથી, એ જ રીતે સરકારી કમ્પ્યુટરમાં બી.પી.એલ. કાર્ડમાં પોતાનું નામ હોય પણ એ ધારક પાસે બી.પી.એલ. કાર્ડ ના હોય, પરિસ્થિતિ શું પેદા થાય છે કે ગુજરાત સરકારની કે કેન્દ્ર સરકારની કોઇપણ યોજનાઓ હોય એ યોજનાઓનો લાભ ફક્ત બી.પી.એલ. કાર્ડ ધારકોને મળતો હોય છે, બી.પી.એલ. કાર્ડ હોય તો સરકારની યાદીમાં એનું નામ ના હોય અને સરકારી યાદીમાં એનું નામ હોય, પણ બી.પી.એલ. કાર્ડમાં એનું નામ ના હોય, એના લીધે સરકારી યોજનાઓ અને ખાસ કરીને આરોગ્યની બાબતમાં, આરોગ્યની માનનીય જયનારાયણભાઇ જે યોજનાઓ લઇને આવ્યા હોય છે એનો લાભ ગુજરાતની ગરીબ પ્રજાને મળતો નથી, મારે માનનીય મંત્રીશ્રીને કહેવું છે આ માગણીની અંદર હું આપને કહેવા માગું છું કે આમાં આપ એવી યોજના લાવો કે જે લોકો બી.પી.એલ. કાર્ડ ધારકો હોય તેમ છતાં પણ એનું નામ માનો કે કમ્પ્યુટરમાં ના હોય અને કમ્પ્યુટરમાં જેનું નામ હોય અને બી.પી.એલ. કાર્ડ જેની પાસે ના હોય એ બી.પી.એલ. કાર્ડ ધારક હોય એનું કમ્પ્યુટરમાં નામ ન બોલતું હોય એ બન્ને લોકોને આનો લાભ મળવો જોઇએ, આ વાત હું માનનીય મંત્રીશ્રીને આ પ્રસંગે કહેવા માગું છું. ગુજરાતમાં જે રીતે અનાજમાં ભાવવધારો

થઇ રહ્યો છે, શાકભાજીની અંદર ભાવવધારો થઇ રહ્યો છે, પરિસ્થિતિ એવી પેદા થઇ છે કે, બટાટાના ભાવવધારાના કારણે બટાટાનો સ્ટોક ભેગો કરીને બનાસકાંઠાના ખેડૂતોએ બટાટા રોડ ઉપર ફેંકી દીધા હતા એ પરિસ્થિતિ પેદા થઇ હતી, જે રીતે ભેળસેળની વાત કરીને વાત કરી, દુકાનધારકો છેલ્લાં કેટલાય વર્ષથી વાજબી ભાવની દુકાનોમાં જે દુકાનદારોને કમિશન આપવામાં આવે છે એ કમિશન કેટલાય વખતથી વધારવામાં આવ્યું નથી, એના પરિણામ સ્વરૂપ હું માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન આપી શકતો નથી.

**શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા)** : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતની વાત આવી ત્યારે આપણે ગાંધીજીનું પુસ્તક ગ્રામસ્વરાજ યાદ આવે અને ગાંધીજી યાદ આવે ત્યારે ગાંધીજીના બે સ્વપ્નાં જે હતાં એ સ્વપ્નાં યાદ આવે, ગાંધીજીનું એક સ્વપ્ન હતું ગ્રામસ્વરાજ આબાદ થવું જોઇએ, ગામડું આબાદ થવું જોઇએ અને આઝાદી વખતે પોતાના પુસ્તકમાં લખ્યું હતું કે સ્વતંત્રતાની શરૂઆત ગામડાંથી થાય હિંદુસ્તાનનું એક એક ગામ રાજય અમલનું પૂરેપુરું અધિકારી બને. પ્રજા હસ્તક બને અને પંચાયત થાય. આનો મતલબ પ્રત્યેક ગામ પોતાની તાકાત ઉપર નિર્ભર થાય જેમણે પોતાના પુસ્તકમાં ગામડાં અને પંચાયતોના કામોને મહત્વ આપ્યું છે, પંચાયત ઘરના નિર્માણ કરીને જવાબદારીઓ પંચાયત નિભાવે છે. ગાંધીજીના બે સ્વપ્ન હતાં અને મને કહેતાં ગર્વ થાય છે કે આ બન્ને સ્વપ્ના ગુજરાતના મુખ્યમંત્રીએ સાકાર કર્યા છે. બીજું સ્વપ્ન હતુ ગાંધીજીનું કે * (XXXX)અને ગુજરાતમાંથી ગાંધીજીનું આ સ્વપ્ન હતું તે સ્વપ્ન આ ગુજરાતના મરદ મુખ્યમંત્રીએ આ (XXXX) મિત્રો ગામડાંના પ્રત્યેક નાગરિકોને

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### રેકર્ડ ઉપરથી શબ્દો દૂર કરવા અંગે

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ઉલ્લેખ કરેલો છે કોંગ્રેસનું વિસર્જન, મુખ્યમંત્રી અને વિસર્જન તે રેકર્ડ ઉપર રહે તે યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : જયંતિભાઇ, આપ માગણી ઉપર જ વાત કરો પ્લીઝ.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંના પ્રત્યેક નાગરિકની એક ઇચ્છા હતી એક એક નાગરિક સામાન્ય કામ માટે ગાંધીનગર ધક્કા ખાતો હતો. અને આ ગાંધીનગરના ધક્કા બંધ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીએ ૨૨૫ જેટલાં પ્રાંત અધિકારીઓની નિમણૂક કરી અને ગામડાંઓને સીધે સીધી યોજના સુધી પહોંચાડયુ છે. ગામડામાં એટીવીટી યોજનાઓ દ્વારા ગામડાંની અંદર જોડતો રોડ ગામડાંઓમાં ગટર યોજનાઓની બધી સવલતો આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મુખ્યમંત્રીએ ગરીબ કલ્યાણ મેળા કર્યા. ગરીબ કલ્યાણ મેળા દ્વારા ગરીબોના આંસુ લૂછવાના પ્રયત્નો કર્યા. કોઇ અપંગ ભાઇને સાયકલ આપી. કોઇ વિધવા બહેનને સિલાઇ મશીન આપ્યું. કોઇ કલાનો કારીગર હોય તેને કલાની કીટ આપી હોય અને ગરીબોના આંસુ લૂછયા. અને કોંગ્રેસે શું કર્યુ તેની અંદર કાળા વાવટા ફરકાવ્યા. અરે, મિત્રો તમારી જો સાચી સેવાની ભાવના હોત, તમે સાચા જો આ ગરીબોના આંસુ લૂછવાના પ્રયત્નો કર્યા હોત.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વિસર્જન શબ્દ દૂર કરો, તમે નથી કર્યા.

અધ્યક્ષશ્રી : હું રેકર્ડ જોઇને દૂર કરી દઇશ, દૂર કરું છું પ્લીઝ.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, આ કાળા વાવટા ફરકાવનારાઓને મારે કહેવું છે કે તમારામાં જો સાચી ગરીબોના આંસુ લૂછવાની વાત હોત તો તમે તમારા * (XXXX)

---

* **(xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધેલા હોવાથી અહેવામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

અધ્યક્ષશ્રી : માનનીય જયંતિભાઇ, આ રીતે આપણે ... આપ શબ્દો પાછાં ખેંચી લો કાં હું રદ કરું છું.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, હું શબ્દો પાછાં ખેંચી લઉં છું. મારે કડવું સત્ય કહેવું છે. કોંગ્રેસના લોકો બેઠાં છે પંચાયત રાજના સાચા પ્રણેતા બળવંતરાય મહેતા. આ બળવંતરાય મહેતાનું સ્મારક મારા મત વિસ્તારમાં છે. બળવંતરાય મહેતા એ પંચાયત રાજના પ્રણેતા હતા. કોંગ્રેસ અને બધાજ સ્વીકારતા હતા. આનું સ્મારક મારા મત વિસ્તાર સુથરી ગામે આવેલું છે. કોઇ પણ નેતાઓએ આ બળવંતરાય મહેતા સ્મારકની કોઇ દિવસ આ કોંગ્રેસના નેતાઓએ મુલાકાત નહોતી લીધી. ..

અધ્યક્ષશ્રી : આક્ષેપો ના કરો પ્લીઝ. આપ માગણી ઉપર જ ચર્ચા કરો પ્લીઝ.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, આ માગણી ઉપર જ છે. પંચાયતના જે પ્રણેતા હતા તે પ્રણેતાનું જે સ્મારક હતું એ સ્મારક ઉપર

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### ટીકાત્મક ઉલ્લેખ અંગે

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અતિ મહત્વનો આપણો જે વિભાગ છે અન્ન અને નાગરિક અને પંચાયત તેના ઉપર ઘણાં બધાને આપણે જે અત્યારે વાત કરવામાં આવે છે બળવંતરાય મહેતાના સ્ટેચ્યુની ૧૯૬૦થી લઇને અત્યાર સુધીમાં દરેક સરકારોમાં લોકોએ મુલાકાત લીધી છે. આવો ઉલ્લેખ જે કરેલો છે તેના બદલે લોકો સુધી લોટ યોગ્ય રીતે પહોંચે એવું કંઇક કરેલું હોત તો યોગ્ય ગણાત, અનાજ યોગ્ય રીતે પહોંચેલુ હોત એવું કંઇક કર્યુ હોત તો બરાબર ગણાત.

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં ગૃહમાં કેટલીક વખત સન્માનીય નેતાઓના નામ જેવા કે હયાત ના હોય તેના લઇએ છીએ. ગૃહમાં જે સન્માનીય હયાત હોય તે નેતાઓની સારી વાત આ પક્ષેથી કે આ પક્ષેથી તેને આવકારવી જોઇએ એવી કોઇ સારી વાત હોય તો.

શ્રી દિલીપભાઇ સંઘાણી(ક્રમશઃ) : ટીકાત્મકમાં ન પડીએ અને સારી વાતો થતી હોય. માનો કે તમે સારા નેતા કે અત્યારના વડાપ્રધાન કે રાજીવ ગાંધીની સારી વાતો કરો તો ઉદાહરણ રૂપે પણ ભવિષ્યને કામ લાગે. એવી જ રીતે અહીંયા અમે મુખ્યમંત્રીશ્રીની કે અટલજીની વાતો કરીએ, સારી વાત હોય તો ઉદાહરણ રૂપે યાદ આવશે. ટીકાઓથી પર રહીએ અને સારી વાતો તરફનું વાતાવરણ બને એવા આપણે સંયુકત પ્રયાસો કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય બન્ને પક્ષના સભ્યશ્રીઓ ટીકાઓથી પર રહીને માગણી ઉપર જ ચર્ચા કરો. માનનીય જયંતિભાઇ,

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, મને કમને આપણે કયાંક વાત થઇ હોય, જયારે બળવંતરાય મહેતાના સ્મારકમાં આ જ ગૃહમાં બેઠેલા પંચાયત મંત્રીશ્રી માનનીય નરોત્તમભાઇ પટેલને હું અભિનંદન આપું છું કે તેમણે એ સ્થળની રૂબરૂ મુલાકાત કરી અને ત્યાં એમણે જે હાલત જોઇ, એનાથી એમણે કીધું કે આ બળવંતરાય મહેતાનું સ્મારક અદ્યતન બનવું જોઇએ. એમણે ત્યાં પહોંચવા માટે રોડ રસ્તા નહોતા, એ રોડ રસ્તા પહોંચાડયા. લાઇટ નહોતી, એ લાઇટ પહોંચાડી. પાણી નહોતું એ પાણી પહોંચાડયું. આવા અમારા પંચાયત મંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના ગામડાઓની શકલ બદલાવી નાંખી છે. આ પંચાયતના નિયમોને કારણે આજે ગામડું આબાદ થયું છે. ૨૦ વર્ષ પહેલાના ગામડાની કલ્પના કરીએ ત્યારે આ બાજુ બેઠેલા લોકોની સરકાર હતી. ૨૦ વર્ષ પહેલાનું ગામડું કેવું હતું?

'' લાઇટ વગરનું અંધારુ ગામડું હતું, પાણી વગર ટળવળતું ગામડું હતું.
રોડ રસ્તા વગરનું કચડાયેલું ગામડું હતું, શિક્ષણ વગરનું અભણ ગામડું હતું.
ચેકડેમ વગરનું તળિયે સૂકાતું ગામડું હતું. આરોગ્યની સુવિધા વગરનું ગામડું હતું.''

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગર્વથી કહી શકાય કે, નરેન્દ્રભાઇના શાસન પછી,

'' લાઇટથી ઝળહળતું ગામડું, મા નર્મદાના નીરથી તૃપ્ત ગામડું,
પાકા રોડથી જોડાતું ગામડું, શૈક્ષણિક સુવિધાથી સજજ ગામડું,
ચેકડેમથી છલકાતું ગામડું, ૧૦૮ની આરોગ્ય સેવાથી સજજ ગામડું,

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગામડું સાચ્ચે જ નંદનવન બન્યું છે. આ બધા કારણોને લીધે, ગરીબ કલ્યાણ મેળા, સદ્ભાવના, અને સદ્ભાવનામાં...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે, પ્લીઝ.

**શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પંચાયત વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો વ્યકત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ જનતાના વિકાસની વાતો લઇને ટ્રેઝરી બેંચ ઉપર ઉપર બેઠેલા લોકો, ધારાસભ્યો વાતો કરે છે ત્યારે એમને યાદ કરાવું કે આજે ખૂબ સારા પંચાયત ઘરો બન્યા છે. ખૂબ સારી હાલતમાં છે. પાણીની સુવિધા પણ કરી છે. લોકફાળો પણ ધારાસભ્યના ફંડમાંથી અમે ખૂટતી રકમો આપીને પણ પંચાયત ઘર તૈયાર કરાવી દીધા છે. ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે વિધવા, અનાથો અને વિકલાંગોને જયારે તલાટીની ખાસ જરૂર પડે. પંચાયતમાં મંત્રીની જરૂર પડે. એમની પાસે સહીઓ કરાવવાની હોય. એવા અરસામાં તલાટીઘરમાં તલાટી કે મંત્રીઘરમાં મંત્રી રહેતા નથી. એમને પણ સ્કુલના બાળકોને અને શિક્ષકોને જે રીતે ફીંગર પ્રિન્ટમાં જે કરાવવાની દિશામાં લઇ જઇ રહ્યા છીએ એવું કરવા માગો છો કે કેમ? મારે દુઃખ સાથે કહેવું જોઇએ કે નિરાધાર વૃદ્ધો જે છે એ નિરાધાર વૃદ્ધો પંચાયતો સાથે જોડાયેલા છે. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સાથે જોડાયેલા છે. ત્યારે પંચાયત સદરે કેટલાક કર્મચારીઓ આજે અમારા જિલ્લામાં અને તે પણ વ્યારામાં માનનીય મંત્રીશ્રી, અમારા પ્રભારી મંત્રીશ્રી પણ છે. અમારે જયારે જયારે મળવાનું થાય ત્યારે મારી રજૂઆત હંમેશા હોય છે, ખૂબ પ્રેમથી મને કહે છે કે પુનાભાઇ, તમારું કામ તો હું કરી જ આપું છું. પણ મેં પ્રશ્ન પૂછાવ્યો ત્યારે એ વિભાગના માનનીય મંત્રીશ્રીએ મને એવો જવાબ આપ્યો છે કે ૧૫૩ કર્મચારીઓ, કલાસ વન અને કલાસ ટુ કક્ષાના કર્મચારી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતમાં જગ્યા ખાલી રહે છે. કેટલાયે સમયથી ખાલી છે. મારે દુઃખ સાથે કહેવુ પડે છે કે પંચાયત ઓફિસમાં જઇને તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત હોય ત્યાં એવા લોકો કામો કરાવતા હોય, વિધવા બહેનો જયારે અરજી લઇને જતા હોય તો ટેબલ ઉપર અધિકારી કોઇ હોય નહીં. ત્યારે મોટી મોટી વાતો કરનારા જે લોકો સામે છે, માનનીય વિજયભાઇ અમારા સાથી મિત્ર છે ડાંગના, એ કહે કે અમે તો રોડ બનાવી દીધા. વીજળી આપી દીધી. પાણી આપી દીધું, એવી વાતો કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે દુઃખ સાથે કહેવું છે કે વ્યારાથી સરાખેવડી એમનો મત વિસ્તાર છે ત્યાં કોંગ્રેસના શાસનમાં બસ જતી હતી તે ૧૫ વર્ષથી બંધ કરી દેવામાં આવી છે. રસ્તો પણ એટલો બિસ્માર છે કે ચાલુ કરી શકતા નથી. નવસારીથી વ્યારાથી સરાખેવડી રસ્તો પણ કરી શકયા નથી. હું વિધાનસભામાં પ્રશ્ન પૂછું છું ત્યારે મને જવાબ મળે છે કે બની જશે, પણ આજ તે રસ્તા ઉપરનો પુલ પણ બની શકયો નથી. એ અંબિકા નદી પર પૂલ બનાવવો જોઇએ. એટલા આ મોટી મોટી વાતો કરે છે અને કહે છે કે અમે બધી સુખાકારી કરી દીધી છે અમે સુખાકારી લઇ ને આવ્યા છીએ અને લોકોને સુખથી જીવતા કર્યા છે, પણ મારે દુઃખ સાથે કહેવું છેકે ગરીબ લોકોની તમે મશ્કરી કરી રહ્યા છો. આજે ગરીબ લોકો વેદનાથી પીડાઇ રહ્યા છે. એમને સસ્તું અનાજ મળવું જોઇએ, રેશનીંગમાં કેરોસીન મળવું જોઇએ અનાજ મળવું જોઇએ અને તે પણ આજે એવી પરિસ્થિતિમાં મુકાઇ ગયા છે કે કેરોસીન લેવા જાય તો પુરું થઇ ગયું છે એમ કહેવામાં આવે છે. આવી હાલતમાં આ મોટી મોટી વાતો કરનારી ભાજપની સરકારના શાસનમાં આજે કોંગ્રેસના શાસનમાં જે સુવિધાઓ હતી, જે સગવડ હતી તે પણ આ સરકારમાં બંધ કરી દેવામાં આવી છે. હું રૂટ અને ગામ સહિત કહેવા તૈયાર છું. વ્યારાથી છાંગીયા આંબા બસ ચાલતી હતી તે પણ ભાજપની સરકારે બંધ કરી દીધી છે.

અધ્યક્ષશ્રી : જે વિભાગની માગણી નથી તેના ઉપર ચર્ચા ન કરો.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : આ સુખાકારીની વાતો કરે છે અને અમે પુલ બનાવી દીધા છે, અમે વીજળી આપી દીધી છે એવી સગવડો આપી દીધી છે એવી વાતો કરતા હતા એટલે મારે આ કહેવું પડે છે.

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પુરવઠા મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨૨, ૨૩ અને ૨૪ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરું છું. સૌથી પહેલા કેરોસીનના વિતરણની જે વ્યવસ્થા છે એમાં આજે ૫ લીટર કે ૮ લીટર કે ૧૦ લીટર કેરોસીન આપવામાં આવે છે. પણ આખા ગુજરાતમાં લાખો અને કરોડો લીટર કેરોસીનની ચોરી થાય છે, એમાં પણ હવે તો નવો જમાનો છે, આજે તો દરેક વસ્તુ પેકીંગમાં મળે છે, શાકભાજી જોઇતી હોય તો પણ પેકીંગમાં મળતી થઇ ગઇ છે તો આપણે આ કેરોસીન પેકીંગમાં કેમ ન આપી શકીએ, જો એ પેકીંગમાં આપવામાં આવે તો લોકોને સહેલાઇથી મળી શકે અને ચોરી પણ ન થાય. કારણ કે કેરોસીન લેનારા ગરીબ લોકો હોય છે એટલે એમને તો એક લીટરની ખાધ પણ બહુ મોટી ખાધ કહેવાય. એટલે મારું સૂચન છે કે ખાસ તમે પેકીંગની વ્યવસ્થા કરો તો લોકોને લાભ થાય. બીજું બી. પી. એલ. ના કાર્ડની યાદી અમુક યુ.સી.ડી. માં આપેલ છે અને અમુક પુરવઠા ખાતાએ આપેલા છે. હોસ્પિટલમાં જાઓ તો લોકોને ધકકા ખાવા પડતા હોય છે. કોઇ સિવિલમાં યાદીમાં તમારું નામ નથી, યુ.સી.ડી.માં નામ નથી એમ કહી અને ધકકા ખાઇને લોકો શાંત થઇ જાય છે. આમાં કેન્સર, કીડની અને હાર્ટ પેશન્ટ જેવા દર્દીઓને ધકકા ખાવા પડે છે અને તેમને દવાઓ મળતી નથી. બીજું કે આના સિવાયની પણ કેટલીક બિમારીઓ એવી છે કે એમાં બી.પી.એલ. આપવામાં આવતા નથી, આ ત્રણ બિમારીઓમાં જ બી.પી.એલ. આપવામાં આવે છે. આ સિવાયની બીજી જાન લેવા બિમારી ડાયાબીટીશ, શ્વાસ કે ફેફસાંની બિમારી હોય છે એમાં પણ બી.પી.એલ.ના કાર્ડ આપવ જોઇએ. કારણ કે ડાયાબીટીશની તકલીફમાં પૂરી જિંદગી દવા લેવી પડતી હોય છે. એમના માટે પણ આ વ્યવસ્થા કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આજની માગણીઓ ઉપર આપ વાત કરો.

શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, બીજું મારે એ કહેવું છે કે જે અપંગ લોકોને બી.પી. એલ.ના કાર્ડ આપવામાં આવે છે તે ટકાવારીના હિસાબે આપવામાં આવે છે, દસ ટકા હોય કે પંદર ટકા હોય કે ૨૫ ટકા હોય તેમાં બી.પી.એલ.કાર્ડ આપી જ દેવું જોઇએ અને એમાં કોઇ પણ સમાધાન ન થવું જોઇએ અને બી.પી. એલ. કાર્ડ આપી દેવા જોઇએ. એમાં કોઇ ટકાવારી ન હોવી જોઇએ. આ સરકારને જોઇ અપંગ એટલે અપંગ, પછી એમાં ટકાવારી ન જોવી જોઇએ. સાહેબ આ ભાજપ જોઇને મને એક શેર યાદ આવે છે ''ગુનાઓસે અપને ચહેરેકો ઇતના ભયાનક ન કર, એ ભાજપ વાલો, ગુનાઓસે અપને ચહેરેકો ઇતના ભયાનક ન કર, આયના દેખોગે તો ડર જાઓગે'' એટલે હવે સુધારવાનો સમય આવ્યો છે. ચૂંટણી નજીક આવી રહી છે એટલે પ્રજાની તકલીફો દૂર કરો.

છેલ્લે મારો એક જ પોઇન્ટ છે કે આજે નવો જમાનો છે પહેલા લોકો સંયુકત કુટુંબમાં રહેતા હતા જયારે આજના છોકરા જુદા રહેવા જાય છે. લગ્ન થાય અને એકાદ વર્ષ થયું નથી ત્યાં જુદા રહેવા જાય છે ત્યારે એને તાત્કાલિક અલગ રેશનકાર્ડ મળવું જોઇએ. આ રેશનકાર્ડ કઢાવવા માટે એને અનેક ધક્કા ખાવા પડે છે. ચૂંટણી કમિશ્નરે જાહેરાત કરી છે કે હવે તમારે નામ સુધારવું હોય, નવું ઉમેરવું હોય તો દર મહિને એક પ્રોગ્રામ આપે છે. ૨૫ રૂપિયા ફી ભરીને તમારુ ચૂંટણી કાર્ડ લઇ જાવ. એ પ્રમાણે તમે પણ જાહેરાત કરો કે આટલા રૂપિયા ફી ભરી જાવ અને નવું રેશનકાર્ડ લઇ જાવ.

મારે નવા બારકોડ રેશનકાર્ડની વાત કરવી છે આ કાર્ડ આપવા માટે છેલ્લા બે વર્ષથી જાહેરાત કરી છે તેમ છતાં હજી ૨૫ ટકાજ કાર્ડ આપવામાં આવ્યા છે. છેલ્લા બે વર્ષથી લોકો ધક્કા ખાય છે, પુરવઠાની ઓફિસ પણ દૂર હોય છે લોકો બે વર્ષથી રીક્ષા કરી કરીને જાય છે આ રીતે પૈસા પણ કેટલા જાય એનો પણ વિચાર કરવો જોઇએ. આમાં જે નવા રેશનકાર્ડ કઢાવવાના છે એ પણ તાત્કાલિક મળવા જોઇએ આ બધું એકજ ધક્કામાં થઇ જવું જોઇએ. એટલે તમે મહેરબાની કરીને આ મારા સૂચનો ધ્યાનમાં લઇને તાત્કાલિક અમલ કરવો તેવી મારી વિનંતી છે.

**શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ)** : માનનીય મંત્રીશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની માગણી નંબર ૬૯, ૭૦ અને ૭૧ લઇને આવ્યા છે તેને મારુ સમર્થન આપી મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થઇ છું.

સૌ પ્રથમ તો આ વિભાગના સંસદીય સચિવ માનનીય શ્રી હર્ષદભાઇ વસાવાનો આજે જન્મ દિવસ હોવાથી ગૃહના તમામ સભ્યશ્રીઓ વતી જન્મદિને ખૂબ ખૂબ શુભ કામના પાઠવું છું.

સૌ પ્રથમ તો અતિ ગૌરવશાળી ઘટના જે બની છે તેનો ઉલ્લેખ કર્યા વિના રહી શકતી નથી. રાજયના વિકાસ પુરૂષ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને અમેરિકાની પ્રખ્યાત ટાઇમ પત્રિકાના કવર પેઇઝ પર જે સ્થાન મળેલ છે તે માટે ગૃહની તમામ મહિલા સભ્યશ્રીઓ અને ગુજરાતની તમામ બહેનો વતી અભિવાદન કરું છું ને અભિનંદન પાઠવું છું.

રાજયના ૧૮ હજાર ગામડાંને નંદનવન બનાવવા અનેક યોજનાઓ અને વિકાસના કામો કાર્યાન્વિત છે તેના આપણે સૌ સાક્ષી છીએ. ગામડાંને આપવી જોઇતી માળખાકીય સુવિધા, શિક્ષણ, આરોગ્ય, ઉર્જા કે પાણીની ઉપલબ્ધિમાં આપણે દેશના બીજા રાજયો કરતાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કર્યુ છે ત્યારે દેશના જી.ડી.પી. માં ગુજરાત સૌથી વધારે યોગદાન આપી રહ્યું છે એમ કહીએ તો ખોટું નથી. આમાનો એક વર્ગ મહિલાઓનો છે જે અશિક્ષિત છે, શોષિત છે, પીડિત છે, જે મહિલા પોતાને અસહાય માને છે અબળા માને છે ત્યારે આ મહિલાઓનાં પણ સ્વપ્નો છે એ કોઇ કારણોસર શિક્ષણ નથી મેળવી શકતી, શું કામ નથી મેળવી શકતી તે કારણમાં નથી પડવું. પણ આ મહિલાઓની કોઠાસૂઝમાં કોઇ ખામી નથી. આ મહિલાઓની કામ કરવાની તૈયારી અને ઉર્જાથી ભરપૂર છે ત્યારે મારી આ છેવાડાનાં ગામડાંમા બેઠેલી મહિલાઓને સશકત બનાવવા રાજય સરકારે નક્કર કામગીરી છેલ્લા પાંચ વર્ષથી શરૂ કરી છે જે પરિણામલક્ષી પણ બની છે.

ગ્રામ્ય વિસ્તારની ગરીબ બહેનોને સંગઠિત કરી તેઓને આર્થિક, સામાજિક, શૈક્ષણિક રીતે પગભર કરી સ્ત્રી સશકિતકરણનો અભિગમ દાખવ્યો છે ને આ હેતુસર ૨૦૦૭માં સમગ્ર ગુજરાત રાજયમાં સખીમંડળની યોજના કાર્યન્વિત કરવામાં આવી છે. આમ સન ૨૦૦૭થી આજ સુધી સમગ્ર ગુજરાતમાં બે લાખથી વધારે સખી મંડળો કાર્યરત છે. આ સખી મંડળો ચલાવવામાં કોઇ મહત્વની ભૂમિકામાં હોય તો તે બેંક હોય છે. જયારે અપેક્ષિત સહકાર નથી મળતો ત્યારે સ્વ સહાયજૂથો લાંબા ગાળે નબળા પડે છે અને એની કામગીરી પર અસર પડતી હોય છે. ત્યારે આ નિર્માણ થતી પરિસ્થિતિને નિવારવા, આ મારી બહેનોને તેના જૂથમાં ટકાવી રાખવી, ગુજરાતના સ્વર્ણિમ વર્ષ નિમિત્તે મહિલાઓના ઉદ્ધારકને મસિહા એવા માનનીય મુખ્યમંત્રીએ મિશન મંગલમ્ ની રચના કરી છે. આ યોજનાથી ૩૦ લાખ કુટુંબોને લાભાન્વિત કરવાની નેમ છે. રાજયના બે લાખ સખી મંડળોને ૫૦ હજાર સ્વસહાય જૂથને મજબૂત બનાવવાનો આમાં નિર્ધાર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાનું દુરગામી પરિણામ જોઇએ તો ચોકકસ કહી શકાય કે આ યોજનાથી મહિલાઓના શાન અને સ્વાભિમાનને ચોકકસ બળ મળવાનું છે અને માનવ સૂચકાંકમાં આપણે જે સુધારા લાવવા ઇચ્છી રહ્યા છીએ તે લાવી શકીશું. મારા વિસ્તારમાં પણ ૬,૦૦૦ જેટલા સખી મંડળો કાર્યાન્વિત છે. આ સખી મંડળોની બહેનોને ચાલુ વર્ષે ૩૪૮૮.૬૬ લાખનું ધિરાણ પણ મળેલું છે. ત્યારે મારે ખાસ કહેવું છે કે મિશન મંગલમ્ યોજના અંતર્ગત માત્ર બી.પી.એલ. મહિલાઓના આપણે સ્વસહાય જૂથ બનાવવા જઇ રહ્યા છીએ, બીજા જિલ્લાઓની સરખામણીમાં અમે ખૂબ આગળ વધી રહયા છીએ અને ૭૪૭ જેટલા સ્વસહાય જૂથો અમે બનાવ્યા છે. મારા વિસ્તારનું લટુડા ગામ છે. મિશન મંગલમ્ યોજના અંતર્ગત આ સ્વસહાય જૂથની બહેનોએ ઇન્ડિકા ગાડી લીધી છે અને રેન્ટ ઉપર ફેરવી અને પોતાની આજીવિકાનું સાધન બનાવ્યું છે. આ મહિલાઓનો આત્મવિશ્વાસ નથી તો શું બતાવે છે? હમણાં જ ગરીબ કલ્યાણ મેળામાં અમારા પ્રભારી મંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબના હાથે અમે ભલગામડાના સખી મંડળને બોલેરો ગાડીની ચાવી અર્પણ કરી અને મહિલાઓ માર્કેટીંગ કરી શકે એના માટે એને જે સાધનો જોઇએ એ સાધનો અર્પણ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારનું વાઘેલા ગામ એ અમારા સુરેન્દ્રનગર એજયુકેશનનું હબ છે. અનેક કોલજો આવેલી છે. આ કોલેજોની કેન્ટીન પણ અમારા સખી મંડળની બહેનો ચલાવે છે. આ ઉપરાંત ભદ્રેસી, દેદાદરા, ખારવા જેવા ગામની બહેનો ભરતગૂંથણનું રાજયમાં નહીં, રાજયની બહાર ચેન્નાઇ સુધી જઇને પોતાની આજીવિકાનું ઉપાર્જન કરી રહી છે. મિશન મંગલમ્ યોજના અંતર્ગત જિલ્લાને અનુરૂપ કેટલાક પાયલટ પ્રોજેકટો બનાવવામાં આવ્યા છે. ચોટીલા તાલુકો છે ત્યાં દૂધનું ઉત્પાદન છે એ સખી મંડળને દૂધ મંડળી સાથે જોડવાનું કામ કરી રહ્યા છીએ. એવી જ રીતે પાટડીમાં અગરિયાના પરિવારો માટે શું કામ કરી શકાય તેના પાયલટ પ્રોજેકટ બન્યા છે. અમારા લીમડી તાલુકામાં એગ્રીકલ્ચરના વેસ્ટમાંથી શું બેસ્ટ બનાવી શકાય એની કામગીરી માટે આ સખી મંડળને આગળ લાવી રહયા છીએ ત્યારે મારે કહેવું છે કે આ શું બતાવે છે? આ બહેનોનો આત્મવિશ્વાસ આજે ઉભરી રહ્યો છે તેમ કહીશ તો ખોટું નથી. એનું એક ઉદાહરણ મારે આપવું છે. એક બહેનને અમે પૂછયું કે તમારો સખી મંડળમાં શું વિકાસ થયો, ત્યારે તેમણે કહ્યું કે પહેલાં હું મારા પતિ સાથે સ્કૂટર ઉપર આવતી અને મારા પતિ મને કહેતા કે તું અહીંયા ઉભી રહે, હું બેંકમાં જઇને આવું છું. પરંતુ આજે સમય બદલાયો છે અને હું મારા પતિ સાથે સ્કૂટર પર તો આવું છું, પરંતુ હવે મારા પતિ સ્કૂટર પાસે ઉભા રહે છે અને હું મારો બેંકનો વહીવટ પતાવીને આવું છું અને મારા સખી મંડળની હું લીડર છું. આ મિશન મંગલમ્ યોજના દ્વારા એક જ પ્રકારના વ્યવસાય અને એક જ પ્લેટફોર્મ ઉપર જે કામ થયું છે એ ખૂબ ઉત્તમ છે. આ યોજનાથી પ્રભાવિત થઇ ખાનગી ક્ષેત્રની અનેક કંપનીઓ ભાગીદાર બનવા ઇચ્છી રહી છે અને તેથી જ વાઇબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૧ માં ૫૭ જેટલા..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો છે.

**શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું. માનનીય મંત્રીશ્રી જે ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ માટેની માગણી લઇને આવ્યા છે પણ તેમને ખબર નથી કે ગામમાં કોની વસ્તી વધુ છે. ખેડૂતોની વસ્તી વધુ છે. ૮૦ ટકા ખેડૂતો છે. તેમની દશા તો જુઓ. મધર ઇન્ડિયા જોઇ આવો એટલે ખબર પડે કે ખેડૂતોની શું દશા છે? તેમની દશા જૂઓ તો ખબર પડે કે એ તમે કર્યું છે ભઇલા. ખેડૂતોને સાફ કરી નાખ્યા છે અને ગ્રામ વિકાસની વાત કરી છે કે અમે આમ કર્યું છે અને તેમ કર્યું છે. અમારા વખતમાં કોંગ્રેસના રાજમાં જેટલું થયું છે એટલું તમે નથી કર્યું. ખબર પડે જૂઓ. કોંગ્રેસના રાજમાં તો પહેલાં તો ઘેર ઘેર ફરીને બધું અમારા મિનિસ્ટરો જોતા હતા કે કોને શું વીતે છે. તમારા રાજમાં એ નથી. તમારે તો એ.સી. રૂમ, એ.સી. રૂમમાંથી બહાર નીકળો ભાઇ, તો ખબર પડે. ખેડૂતોની શું દશા છે અને પછી વાતો. મોંઘવારી વધી ગઇ. શંકરસિંહ બાપુએ તેલિયા રાજાઓ પર અને અન્ન જેણે સંગ્રહ કર્યો તેના પર રેડ પાડી હતી અને બધું સ્ટોપ કરી દીધું હતું. તમે કરોને, પછી ગઠબંધન હોય તો ન થાય. તેલિયા રાજાઓ સંગ્રહ કરે છે તેના પર રેડ પાડો. કેમ પાડતા નથી. મોટી મોટી વાતો કરો છો, કેન્દ્ર સરકારે આમ કર્યું, તમારે કરવું નથી અને લોકોને મોટી મોટી વાતો કરવી છે. બોગસ બોગસ વાતો કરવી છે. માટે તમે કરતા નથી. આ કરી જૂઓ પછી ખબર પડે. અહીં બેસીશું, અમે બધું કરી દઇશું. જૂઓ તમે. અમે તાકાતવાળા માણસો છીએ. આ તો લોકોને *(xxxx) (xxxx). આ તો બંધ કરો.

રાજ બહુ નહીં કરી શકો..

અધ્યક્ષશ્રી : આ ગૃહને શોભે તેવા શબ્દો બોલો... પ્લીઝ.. * (xxxx)વાત પાછી ખેંચી લો.. આપની પાસે સમય નથી.. એ શબ્દો હું દૂર કરું છું.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : ગ્રામ વિસ્તારમાં ખેડૂતો રહે છે એટલા માટે વાત કરું છું, શહેરમાં રહેતા હોય તો ન કરું. ૭૦થી ૮૦ ટકા લોકો ગામડામાં રહે છે. ૧૦થી ૨૦ ટકા લોકો જ શહેરમાં રહે છે. આપ પુરવઠા મંત્રી છો તો સ્ટોક કબજે કરો તો બધું સસ્તું થઇ જાય. રાજ તમારા હાથમાં છે, આપ ધારો તો બધું જ

---

* **(xxxx)માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવામાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

થઇ શકે. એટલે વાત કરું છું. શ્રી શંકરસિંહ બાપુએ એક રેડ પાડીને બધું સસ્તુ કરી દીધું હતું. તમે શા માટે આ કરતા નથી. આ તમને પાપ લાગશે, આ ગરીબોની હાય નડશે. જુઓ તમને માણસામાં હાય નડે છે કે નહીં. તેલનો ડબ્બો રૂ.૧૯૮૦/–એ થઇ ગયો છે. અમારા રાજમાં આટલું મોંઘુ નહોતું થયું. બધા સ્ટોક કરે છે એ કબજે કરોને, તમે મંત્રી છો, સિંચાઇ મંત્રી છે, પુરવઠા મંત્રી છે, ધારો તો બધું કરી શકો છો. નારણકાકા છે, તમારામાં તાકાત નથી અને ગપ્પાં મારો છો. આ તો પ્રજાને ફસાવવાની વાત છે. ફરી વારો નહીં આવે. મધર ઈન્ડિયા જુઓ તો ખબર પડે, જોયું છે? ખેડૂતો પાસે બે વિઘા ચાહડા છે. એમાં બે–ત્રણ એચ.પી.ની મોટર મૂકવા દેતા નથી. ઉદ્યોગપતિઓનું કરવું છે, તો તમારે ખેડૂતોનું પણ કરવું જોઇએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય મંત્રીશ્રી નરોત્તમભાઇ પટેલ..

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા. તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૨૦ ધારાસભ્ય મિત્રોએ આ મારા ત્રણેય વિભાગો ઉપરની ચર્ચામાં ભાગ લીધો છે. ઘણા સારા સૂચનો પણ આવ્યા છે અને ઘણાએ મારા વિભાગની ટીકા કરવાનો પણ પ્રયત્ન કર્યો છે, ઘણા તો પાઘડી વગર ધૂણતા હતા એવું પણ લાગ્યું છે. શા માટે બોલ્યો છે, શેના માટે બોલ્યા છે, સરકારની કામગીરીનું સાચું મૂલ્યાંકન કર્યા વગર ટીકા કરી છે એમ દેખાઇ આવતું હતું. મારે એમનું ધ્યાન દોરવું છે, જરૂર પડે જો સમય હશે તો એમના પ્રશ્નનો જવાબ પણ આપવાનો પ્રયત્ન કરીશ. મારે એ કહેવું છે કે, ગુજરાતમાં આ પંચાયતીરાજ આવ્યું એમાં મોટા ભાગના સમયમાં કોંગ્રેસના લોકોએ શાસન કર્યું હતું. ૫૦ વર્ષથી આ દેશમાં અને ૩૩ વર્ષથી આ ગુજરાતમાં કોંગ્રેસે શાસન કર્યું છે. પરંતુ શ્રી નટવરસિંહને કદાચ એવો ખ્યાલ હોય કે અમે ગામડું જોયું નથી, મધર ઈન્ડિયા પિક્ચર જોયું નથી, એવું ન ધારતા. તમે ગામડું જોયું છે એના કરતાં વધારે સમય હું ગામડામાં મોટો થયો છું. ગામડું કેવું હતું એનું મારે ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં પંચાયતીરાજ અને પંચાયતની વ્યવસ્થા પૌરાણિક કાળથી છે. પંચ પરમેશ્વર આપણી હિન્દુ સંસ્કૃતિ માને છે અને એ ભાવના પ્રમાણે વ્યવસ્થા તંત્ર અને ન્યાયતંત્ર ગોઠવવાનો પ્રયત્ન થયો છે. આઝાદી પછી દેશમાં ૫૦ વર્ષ અને ગુજરાતમાં કોંગ્રેસનું શાસન રહ્યું છે. આપણા મુખ્યમંત્રીશ્રીએ જ્યારથી આ ધૂરા સંભાળી એના પહેલાં ગામડામાં ખાસ કોઇ સુવિધા નહોતી એ આપણે સૌ જાણીએ છીએ. આ બાબતની મિત્રોએ નોંધ રાખવી જોઇએ. મારે કહેવું છે કે, ગામડું એટલે શું? ગામડાની અંદર શું શું હોવું જોઇએ તે બાબતમાં બિલકુલ વાકેફ છીએ. ગ્રામ પંચાયત મંત્રી તરીકે, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી તરીકે આ બધી બાબતો મારા ધ્યાનમાં છે અને શું હોવું જોઇએ,અને શું નહોતું એ તમારા ધ્યાનમાં મુકૂં. આંગણવાડીઓ નહોતી, કેટલી હતી તે તમને ખબર છે. ગામડાની અંદર કોઇ છાપરામાં કે ઝૂંપડામાં આંગણવાડી કરી હતી. એવી આંગણવાડીઓ હતી. અપૂરતી આંગણવાડીઓ હતી. અપૂરતી શાળાઓ હતી. મારા ઘણાબધા મિત્રોએ ઉલ્લેખ કર્યો છે કે અમારા ગામડાઓમાં આ પૈકીનું કંઇ હતું નહીં. અપૂરતી શાળાઓ, અપૂરતા ઓરડાઓ, અને બાળકોને પણ ભણવા જવું હોય તો ચાલીને બીજા ગામ દફતર ભરાવીને જવું પડતું હતું. હું પોતે પણ પાંચ કીલોમીટર ચાલીને ભણીને અહીંયા આવ્યો છું. ગામમાં પીવાનું પાણી શુધ્ધ નહોતું. આ અમારા સામે બેઠેલા મિત્રો જે ટીકા કરે છે કે ગામડામાં શું હોવું જોઇએ. પાણી ન હોય તો સ્થળાંતર થાય. આખો સૌરાષ્ટ્ર વિસ્તાર સ્થળાંતર થઇને સુરત, મુંબઇ અને બીજા વિસ્તારોમાં ચાલ્યો ગયો એ કોના પાપે? આપ સૌએ નહીં વ્યવસ્થા કરવાને કારણે ગામડા તમે તોડીને આવ્યા છો અને ગામડાઓની સાથેની મોટી મોટી વાત કરો છો ત્યારે અમને તમને કહેવાનો પૂરો અધિકાર છે કે તમે પીવાનું પાણી પણ પૂરતું નહોતું આપ્યું. રોડ રસ્તા ધૂળીયા હતા. ડામરની વાત તો છોડી દો પણ કાદવ, કીચડમાં અમે ચાલીને મોટા થયા છીએ. આરોગ્યની કોઇ સુવિધા નહોતી. ત્યાં રોગ લાગુ પડે તો ત્યાં આગળ દવાખાનાની વાત તો દૂર રહી પણ મેલેરીયા લાગુ પડે તો લીમડાના પાન કાપીને ત્યાં ગામમાં ધૂમાડો કરીને મચ્છરો ઉડાડવાનું કામ ગામડાના લોકો કરતા હતા. તમે જોયું નથી ગામડું પૂરતું. જે ગામડાની હું વાત કરું છું એ ગામડામાંથી હું આવુ છું અને એટલે એ ગુસ્સા અને જુસ્સાના લીધે ભારતીય જનતા પાર્ટીમાં જોડાઇને આ સેવા કરી રહ્યા છીએ. વૃદ્ધોને સારવાર આપવાની વાત તો દૂર રહી પણ બીજી કોઇ વ્યવસ્થાઓ હતી

નહીં. ગામડામાં લાઇટની વ્યવસ્થા નહોતી. દીવડાથી ભણીને અમે આવ્યા છીએ. કેરોસીનના ડબલાથી ભણીને, દીવે વાટ કરીને ફાનસથી ભણ્યા છીએ. વધુમાં વધુ કેપેસીટી અમોને ફાનસ આપવાની તમારી સરકારમાં કેપેસીટી હતી. અમે તો લાઇટ આપી છે ચોવીસ કલાકની લાઇટ ગામડામાં આપી છે. લોકો ભગવાન ભરોસે સાહેબ જીવતા હતા. મરવા ખાતર લોકો જીવતા હતા. આ ગુજરાતના સ્વપ્નદ્રષ્ટા માનનીય મુખ્યમંત્રીશ્રી એ રાજયના સત્તાના સૂત્રો સંભાળ્યા તે પછી આ બધી આફતો આશીર્વાદમાં પલટી છે. એમના હૈયે ગામડાની વાતો વસેલી છે. આજનું ગામડું વાઇબ્રન્ટ છે. એનો સર્વાંગી વિકાસ આખા દેશને નહીં ગુજરાતના ગામડાની વાત આપણા દેશમાં નહીં દુનિયાના લોકો, પરદેશથી જે એન.આર.આઇ. આવે છે એ લોકો પણ અહીંયા આવીને આશ્ચર્યચકિત થઇ જાય છે કે આટલો ફેરફાર કેવી રીતે થયો? કોઇકે તો કર્યો હશે, સૂર્ય ઉગે તો ખબર તો પડે કે સૂર્ય કયાંથી ઉગે છે. અત્યારે તો પ્રાથમિક શાળાઓ પૂરતી છે. આંગણવાડીઓ પૂરતી છે. ગામડામાં પીવાનું પાણી પૂરતું છે. ગામડાઓમાં સિમેન્ટ કોંક્રીટના પાકા રોડ અમે કર્યા છે. ગામડાને જોડતા એક ગામથી બીજા ગામ જવા માટે વ્યવસ્થાઓ છે. આરોગ્યલક્ષી અમારા સી.એચ.સી. અને ત્યાં પી.એચ.સી. સેન્ટરો ઉભો કર્યા છે. ચોવીસ. કલાક વીજળી અને જયોતિગ્રામ વ્યવસ્થા ઉભી કરી છે. વાહન વ્યવહારની વ્યવસ્થાઓ ગોઠવાઇ ગઇ છે. હવે તો અમે પુસ્તકાલયોની, નવા નવા પુસ્તકાલયો કરીને ગામડે ગોઠવી રહ્યા છીએ. નિર્મળ ગામ અમે બનાવ્યું છે. વૃદ્ધ આબાલોને બેસવા માટે પંચવટી વ્યવસ્થા કરી છે. તીર્થગ્રામ અને પાવન ગ્રામ, મારા ઘણા બધા મિત્રોએ કહયું કે અમારા તીર્થગ્રામ અને પાવનગ્રામની વ્યવસ્થાઓ આગળ વધી રહી છે. ગરીબ લોકોને તો રહેવાનું ઘર જોઇએ. બી.પી.એલ. ઘણા વખતથી હું સાંભળું છું, સામેના મિત્રો ટીકા કરે છે કે અમે ઉદ્યોગોને જમીન વેચી મારી. અરે મિત્રો હજુ તમને ખબર નથી ઉદ્યોગોને વેચવાની વાત જવા દો અને કહે છે કે ગરીબોને ઘરનું ઘર આપ્યું નથી. હું આ જવાબદારીપૂર્વક કહુ છું કે ૦ થી ૧૬ના ગરીબ કહેવાતા બધા જ લોકોને સો ટકા પ્લોટ આપી મકાન અમે બાંધવા આપ્યા છે. એટલું જ નહીં .(અંતરાય) અમરસિંહભાઇ તમારે કોઇ બાકી હોય તો (અંતરાય) સાહેબ એમને વલવલાટ થાય તો હું શું કરું? એકલું ઘર નહીં ૧૭ થી ૨૦ના આંકવાળા લોકો માટે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આજે અમોને ૫૦ કરોડ રૂપિયા આપ્યા. ૩૫૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને ૧૭ થી ૨૦ના પણ મકાનો ગુજરાતમાં બાંધવાનું અમે ચાલુ કરીએ છીએ. મારે હજી ડીટેઇલમાં કહેવાનું છે એમાં હું તમને બીજી વિગત કહીશ. ખેડૂતોને પિયત માટે પાણી જોઇએ. અમે ગુજરાતના મોટા ભાગમાં પિયત માટે પાણીની વ્યવસ્થા આપી શકયા છીએ. એનો અમને સંતોષ છે. જળસંચયની વ્યવસ્થાઓ થઇ છે. જયારે ગ્રામસભાઓ થકી ગામડામાં લોકો ભાગીદાર બન્યા છે. ઘણા બધાને હતું કે સોશિયલ ઓડિટ નથી થતું. ગ્રામસભા તમે જેની ટીકા કરો છો એનું સોશિયલ ઓડિટ પણ ગામડામાં કરવામાં આવે છે. કોઇ વખત તમે ગ્રામસભામાં નજર કરો તો ખબર પડે કે સોશિયલ ઓડિટ કેવી રીતે થાય છે. અમારા વર્ષાબેન અને ઘણાએ વાત કરી એ પ્રમાણે મહિલા સશક્તિકરણના ભાગરૂપે સખીમંડળોની રચના ગુજરાતમાં કરી છે. લોન્લીહૂડ મિશન, મિશન મંગલમ્ ની વ્યવસ્થા કરીને જે બહેનો ભણી શકી નથી એવી બહેનો માટે અમે વ્યવસ્થાઓ કરી છે. એના માટે જે બહેનો નોકરી કરવા જવાની નથી એના માટે આર્થિક ઉપાર્જન કેવી રીતે કરવું એની વ્યવસ્થા મિશન મંગલમ્ દ્વારા ગામડાઓમાં ગોઠવી છે. મારી પાસે ૧૦ વર્ષના મારી હસ્તકના વિભાગો છે એણે વિકાસની હરણફાળ ભરી છે એનો અમને સંતોષ છે અને ગુજરાતને વિશ્વના નકશા ઉપર અંકિત કરવા માટે મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. મારા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસની વાત મારે કરવી છે. જે માગણીઓ લઇને હું આવ્યો છું એની વિગતો આપીને વાત કરવા માગું છું. મારે મારા મિત્રોનો ભૂતકાળ યાદ કરાવવો છે. આમ તો ઇચ્છા હતી કે હું આ કોલમ નહીં વાંચું. પણ તમે ૧૦ વર્ષની વાત કરો છો ત્યારે ૧૯૮૫-૮૬ થી ૧૯૯૪-૯૫ સુધી એવો પિરિયડ બતાવો, તમારી જન્મોત્રી આમાં લખેલી છે. ૧૯૮૫-૮૬ થી ૧૯૯૪-૯૫ના ૧૦ વર્ષમાં ગુજરાતના ગામડાઓ માટે કેટલા કરોડ રૂપિયા એમણે વાપર્યા ? ૨૦૧ કરોડ રૂપિયા ૧૦ વર્ષમાં એમણે વાપર્યા છે. (અંતરાય) એક વર્ષમાં કેટલા થાય? સાહેબ, ડિસ્ટર્બ કરે છે. હું આંકડા આપું છું.

**શ્રી રાઘવજીભાઇ હં. પટેલ :** સાહેબ, તમારી જન્મોત્રી આમાં લખેલી છે એમ બોલે છે.

**અધ્યક્ષશ્રી :** હું જોઇ લઇશ. રેકોર્ડ જોઇને દૂર કરીશ.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ :** ૧૯૮૫–૮૬ થી ૧૯૯૪–૯૫ સુધી ૧૦ વર્ષમાં ગામડાઓના વિકાસ કરવા માટે કોંગ્રેસની સરકારોએ ૨૦૧.૭૮ કરોડ રૂપિયા વાપર્યા છે. એનો અર્થ એ થાય કે સરેરાશ એક વર્ષમાં તમે ૨૦ કરોડ રૂપિયા વાપર્યા. સરેરાશ ૧૮ હજાર ગામડામાં એક ગામને એક હજાર કરતા ઓછી રકમ એક વર્ષમાં તમે આપી અને ગામડાનો વિકાસ કર્યો છે અને ભારતીય જનતા પક્ષની સાથે તમે શીંગડા ભરાવો છો અને એમ કહો છો કે અમે વિકાસની શરૂઆત કરી. મારે કહેવું છે કે અમે ૧૦ વર્ષમાં ૪૧૮૭ કરોડ વાપર્યા છે. ૨૦૧ કરોડની સામે ૪૧૮૭ કરોડ રૂપિયા અમે વાપર્યા છે. આ વર્ષે પણ ૨૦૧૨–૧૩ના બજેટમાં ૯૧૫ કરોડ એક વર્ષમાં વાપરવા માટેનો અમારો લક્ષ્યાંક છે. ગામડાનો વિકાસ કરવા માટે એકલો પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ કામ કરે છે એવું નથી. અમારી નજર અમારા અન્ય વિભાગો ઉપર છે. મારા મિત્રો ભૂલી જાય છે કે અમારા આનુષાંગિક વિભાગોનો, મારા સાથી મિત્રોનો મારે આભાર માનવો છે અને આ જે સહયોગ કર્યો છે એમની યોજનાઓ ઉપર કહેતો નથી પરંતુ પોત–પોતાના વિભાગની માગણીઓ વખતે બોલશે. મારે કહેવું છે કે ગામડું કૃષિ અને સહકાર વિભાગના સહકાર વગર વિકસી ન શકે. કૃષિ અને સહકાર વિભાગે ખાલી છેલ્લા ચાર વર્ષમાં ૧૬૮૨ કરોડ રૂપિયા ગ્રામીણ વિસ્તારમાં વાપર્યા છે. શિક્ષણ ન હોય તો ગામડાનો વિકાસ ન થાય. ૧૬૬૩૮ કરોડ રૂપિયા ચાર વર્ષમાં શિક્ષણ વિભાગે વાપર્યા છે. ઉર્જા વિભાગના આંકડા મેળવી શક્યો નથી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે ૧૯૦૨ કરોડ રૂપિયા ગ્રામીણ વિકાસ માટે વાપર્યા છે. ઉદ્યોગ અને ખાણ વિભાગે ૨૩૫ કરોડ રૂપિયા, નર્મદા અને જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગે ૧૪૯૫ કરોડ ચાર વર્ષમાં ગામડાના વિકાસ માટે વાપર્યા છે. ગામડું એમને એમ બેઠું નથી થતું. મહેસૂલ વિભાગે ૧૪૦ કરોડ, માર્ગ અને મકાન વિભાગે અન્ય મોટા રસ્તાઓની વાત નથી કરતો, એપ્રોચ રોડ અને એને જોઇતા આનુષાંગિક રસ્તાઓ માટે ૧૯૦૪ કરોડ વાપર્યા છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ૬૨૯૯ કરોડ ગામડાના લોકોને મદદ કરી છે. મહિલા અને બાળ કલ્યાણ વિભાગે ૫૩૪ કરોડ રૂપિયા વાપર્યા છે. અન્ય વિભાગોએ ૫૪ કરોડ આમ કુલ્લે ગામડાના વિકાસ માટે મારા પંચાયત વિભાગ અને ગ્રામીણ વિકાસના બજેટ સાથે ૩૦૮૮૬ કરોડ રૂપિયાનો આનુષાંગિક વિકાસ કરવામાં મદદ કરી છે, આના કારણે ગામડાનો વિકાસ થયો છે. એટલે ૯૫૦ કરોડ નહિ ૩૦,૦૦૦ કરોડ આ બધા સાથી મંત્રી મિત્રોએ આપ્યાં છે. ગરીબોની વાતો કરે છે સરદાર આવાસ યોજના. સરદાર આવાસ યોજનાનો જન્મ કેમ થયો? તમે સામે બેઠેલા મિત્રોએ જે કહેવાનું હોય તે તમારા પક્ષને કહેવું જોઇએ. કારણ કે જ્યારે ઇન્દિરા આવાસ યોજના કેન્દ્ર સરકારમાંથી આવી ત્યારે અમે ૦ થી ૧૬ના માટે અમે કાકલુદી કરી કે ગુજરાતના ગરીબો એટલે ૦ થી ૨૦. અમે કેન્દ્રને હાથ જોડી જોડીને થાક્યાં પણ ૦ થી ૨૦ સુધી અમને આંક ના આપ્યો. આજે ગુજરાત, આ ગરીબો એટલે ૦ થી ૧૬ અને ૧૭ થી ૨૦ ગરીબો પણ ગુજરાતના ગરીબો છે એ તમારા ધ્યાનમાં નહિ આવ્યું અને એના કારણે આજે તમે અમને કહો છો એટલા માટે ૧૭ થી ૨૦ (અંતરાય) શું? (સતત અંતરાય) સાહેબ, હું એમને જવાબ આપું. માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે.

અધ્યક્ષશ્રી : જોષીયારાજી, માનનીય મંત્રીશ્રીએ બધા સભ્યોને શાંતિથી સાંભળ્યા છે એમનો જવાબ આપણે સાંભળવો જોઇએ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : ૦ થી ૧૬માં (અંતરાય) સાંભળોને. મારે એમને કહેવું છે કે ૧૭ થી ૨૦ ગુણાંકવાળા (અંતરાય)..

અધ્યક્ષશ્રી : શું પોઇન્ટ ઓફ ઓર્ડર છે કહો?

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે સાહેબ કે, સામાન્ય રીતે જ્યારે માગણીઓના ઉપર મંત્રીશ્રી જવાબ આપે ત્યારે જે તે વિભાગના મંત્રીશ્રીઓ પોતાના વિભાગની સમીક્ષા કરીને જવાબ આપતા હોય છે. માનનીય મંત્રીશ્રીએ તમામ વિભાગોની સમીક્ષા કરીને એમના પ્રવચનમાં ઉલ્લેખ કરેલો છે. (અંતરાય) સંસદીય પ્રણાલિકાના (સતત અંતરાય) એક જ મિનિટ સાહેબ, સંસદીય (અંતરાય) એક મારો પોઇન્ટ ઓફ ઓર્ડર તો પૂરો થવા દો વજુભાઇ. હું પોઝિટીવલી લઉં છું નેગેટીવ નથી. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર તો સાહેબ પૂરો થવા દો.

અધ્યક્ષશ્રી : આપ ઝડપથી વાત કરો, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : હું ઝડપથી વાત કરું સાહેબ, મંત્રીશ્રી પાસે પૂરતો સમય છે. અને સાહેબ હમણાં જ્યારે (અંતરાય) એક મિનિટ, ઈન્દિરા આવાસ યોજનાનો જ્યારે ઉલ્લેખ કરેલો છે તો ઈન્દિરા આવાસ એ ગૃહમાં.. (અંતરાય)

અધ્યક્ષશ્રી : શું પોઈન્ટ ઓફ ઓર્ડર છે? એટલું કહો પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : સરદાર આવાસ અને ઈન્દિરા આવાસ યોજના બંને સાહેબ..(અંતરાય) આ પોઈન્ટ ઓફ ઓર્ડર ચાલે છે.

શ્રી વજુભાઇ વાળા : તમે વાંચીને કહો છો.

શ્રી ઇકબાલ પટેલ : વાંચીને ક્યાં? વાંચવાનું બંધ કરું.

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ આપ ટૂંકમાં કહી દો, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : ત્રણ ત્રણ મંત્રીઓ ઊભા થઇ જાય. પોઈન્ટ ઓફ ઓર્ડર સાંભળવા નહિ દે.

અધ્યક્ષશ્રી : એમનું માઇક નથી ચાલુ કર્યુ. આપ બોલો. મને સંભળાય છે પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : મહત્વાકાંક્ષી કાર્યક્રમ ઈન્દિરા આવાસ યોજના હોવા છતાં મંત્રીશ્રી ગૃહમાં જે માહિતી આપી રહેલા છે સરદાર આવાસની ચોક્કસપણે આપી શકે. સાહેબ, પણ એ ઈન્દિરા આવાસનું આટલું મોટું બજેટ હોવા છતાં એને કેન્દ્રની યોજના હોવાથી ઉતારી પાડીને વાત કરે છે એ ચલાવી ના શકાય.

શ્રી વજુભાઇ વાળા : આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો જ નથી. માનનીય મંત્રીશ્રી એ એટલું કીધું કે કેન્દ્રની યોજના ૦ થી ૧૬ સુધીની છે અને રાજ્ય સરકાર ૧૭ થી ૨૦ને આપે છે. કેન્દ્રએ ૦ થી ૨૦ સુધીનાને તમામને આપવું જોઇએ એ એમણે વાત કરી એમાં પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો જ નથી માનનીય અધ્યક્ષશ્રી.

અધ્યક્ષશ્રી : માનનીય ઇકબાલભાઇ આપે એક વાત એ કરી કે એમણે દરેક વિભાગની સમીક્ષા કરી. સમીક્ષા એમણે કરી નથી એમણે ઉલ્લેખ કર્યો છે કે ગામડાના વિકાસમાં આટલા આટલા વિભાગોએ આટલું આટલું અમને રકમો ફળવાઇ છે અને ત્યાર બાદ એમણે કોઇ ઈન્દિરા આવાસની ટીકા પણ કરી નથી. એમણે એમ કહ્યું કે, ૦ થી ૧૬ સેન્ટ્રલ ગવર્નમેન્ટ આપે છે. ૧૭ થી ૨૦વાળાને મહત્વ નહોતું મળતું એટલા માટે અમે સરદાર આવાસ લઇ આવ્યા. એટલે આપનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી હું નામંજૂર કરું છું. પ્લીઝ, માનનીય મંત્રીશ્રી.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા ધ્યાન દોરવા માગુ છું કે, ગુજરાતમાં ગુજરાત સરકારે ૧૭ થી ૨૦ના ગરીબોને મકાનો પૂરા કરવા માટે અને આ સરદાર આવાસ યોજના અમલમાં લીધી. માનનીય અધ્યક્ષશ્રી, મારે એ આંકડા આપવા છે કે ૦ થી ૧૬માં ગરીબોના મકાનો અમે ૮ લાખ ૮ હજાર બાંધ્યાં છે. પરંતુ એની સામે ૦ થી ૨૦ ગુણાંકવાળા જે ૩ લાખ ૧૩ હજાર મકાનો સરદાર આવાસ યોજનામાં અમે બાંધ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, ૩.૧૩ લાખ સો ચોરસવારના મફત પ્લોટ પણ અમે આપ્યા છે. આ આપનું ધ્યાન એટલા માટે દોરું છું કે, આ જે ગરીબ લોકો માટેની આખી વ્યવસ્થા છે. એ અમે ગોઠવીએ છીએ અને એક પણ માણસ, સિવાય કે કોઇક જગ્યાએ થોડીક જમીન નીમ કરવાની બાકી છે તે સિવાય કોઇ પણ જગ્યાએ ગરીબોને પ્લોટ આપવાના બાકી નથી એ મારા સાથી મિત્રોએ અહીંયા નોંધ રાખવી અને આપના ધ્યાનમાં આવે તો આપ જરૂર મને બતાવશો, હું એના અંગે કામ કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં મારી સામે બેઠેલા મિત્રોનું ધ્યાન દોરવું છે, એક એવો વિભાગ છે ગુજરાતમાં કે જે ગરીબોના ગરીબ છે, જેને અમે હળપતિઓ કહીએ છીએ. જે મહદ અંશે દક્ષિણ ગુજરાતમાં આવેલા છે. ગરીબો, હળપતિઓ અને બોલે છે ઓછું, જે પેલા હળપતિ બોલે છે એવું નહીં. જે હળપતિઓ ઓછું બોલે છે, ઓછું આવે છે, પોતાના અધિકારો માગતા નથી. પણ મારે આપને કહેવું છે, દક્ષિણ ગુજરાતના પ્રતિનિધિ તરીકે મારા ધ્યાનમાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીને મેં રજૂઆત કરી, અમે રજૂઆત કરી સાથી મિત્રોએ કે, સાહેબ ગુજરાતના હળપતિઓ જેને પેલા હળપતિ આવાસો આપવામાં આવ્યા હતા એના બોર્ડ હતું. એ લોકોના મકાનો બાંધેલા છે. આજે એમના મકાન ઉપર નળીયા પણ નથી, ટેકા પણ નથી અને

ફ્લોર પણ નથી, એ બોલતા પણ નથી, એવા ગરીબ લોકોને કોઇ સંભાળતું નથી. એ ૦ થી ૧૬ માં હોય કે, ૧૭ થી ૨૦માં હોય એ ગરીબ લોકોની કોઇ ખબર લેનાર હતું નહીં. મુખ્યમંત્રીશ્રીના ધ્યાને આવ્યું કે, આ ગરીબ હળપતિઓના માટે એમણે તાત્કાલિક અમને કહ્યું, હળપતિઓને એકલું મકાન નહીં, બાંધેલા મકાન છે એનું દેવું, એમનું લેણું ભરી શકતા નથી. જૂનું લેણું જે લોન લીધેલ છે નથી ભરાતી. નાણા ખાતાએ અને મુખ્યમંત્રીશ્રીએ આ અમારું દેવું માફ કરી અને એમ કહ્યું કે એના માટે પચાસ કરોડ રૂપિયા હળપતિઓના ૧૧,૧૧૧ મકાન બાંધવા માટે, તમામ મકાનોને નવા કરવા માટે, તોડીને કરવા માટે એમણે આપ્યા. એટલું જ નહીં પણ એમણે કહ્યું કે, કલસ્ટર હોય, ૨૫–૫૦ મકાન હોય તો આંગણવાડી બાંધો, બાલવાડી બાંધો, સ્કૂલ બાંધો પણ એમનો વિકાસ કરો. સર્વાંગી વિકાસ કરવા માટે, એને સંવેદનશીલ મુખ્યમંત્રી કહેવાય અને એટલા માટે હળપતિઓની ખબર જો કોઇએ લીધી હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રૂર્બનની ટીકા કરતા હતા અમારા ઇકબાલભાઇ. એમને ખબર નહીં, મારે એમનું ધ્યાન દોરવું છે કે, જયારે ગટર યોજનાઓ કરવામાં આવે, એકાદી પણ ગટર યોજના આપે કરી હોય જાતે તો ખબર પડે કે, ગટર યોજનાઓ કરવી એટલે એનું સરવેઇંગ કરવું, એનું એસ્ટીમેશન કરવું, એનું ટેન્ડરીંગ કરવું, એનું કન્સલ્ટેશન કરવું. આ બધી જ આખી સીસ્ટમ ગોઠવવામાં, એ સરવેઇંગ કરવામાં અને ડિટેઇલીંગ કરવામાં સમય જાય અને એટલા માટે ગયા વર્ષેનો અમારો જે સમય ગયો એમાં અમે જે આખું આયોજન કર્યું. પણ મને કહેતાં ગૌરવ થાય છે કે, શહેરી વિસ્તારોની સમકક્ષ, મોટા ગામડાઓને જરૂરી તાલુકાના સ્થળોને સમકક્ષ લાવવા માટેની મુખ્યમંત્રીશ્રીની મથામણમાં આ આયોજન અમે હાથમાં લીધું છે. ૨૫૫ ગામોમાં, તાલુકાના સ્થળો અને મોટા ગામો, આદિવાસીના સાત હજારની વસ્તીવાળા ગામડાઓમાં આ આપણે ૨૫૫ ગામોની ગટરની યોજના હાથમાં લીધી છે. એની પ્રગતિ મારે આપવી છે. ઇકબાલભાઇના ખ્યાલમાં ના હોય તો મારે એમને પ્રગતિ આપવી છે કે, વહીવટી મંજૂરીઓ ૮૨ તાંત્રિક મંજૂરીઓ, વહીવટી મંજૂરીઓ આપી છે. ૪૦ ટેન્ડરો મંજૂર કરી દીધા છે. પાંચ તો ટેન્ડરોના કામો શરૂ થઇ ગયા છે. એમણે કહ્યું કે, શરૂ થયું નથી અને ગામોનું નામ પણ મારી પાસે છે આપના જવાબમાં કે, ગોઝારીયા, બહુચરાજી અને અંબાજી એ ચાલુ થઇ ગયા છે. રસ્તા, ગટર, પીવાના પાણી અને વીજળી આ બધી જ વ્યવસ્થાઓ કરવાની અમારી તૈયારી છે. રૂર્બનનું મોનીટરીંગ કરવા માટે પણ કન્સલ્ટન્ટ નિમ્યા છે. મારે ધ્યાન દોરવું છે અને તમને ગમશે કદાચ સમય ઓછો પડે પણ મારે કહેવું છે કે, ગાંધીનગરમાં આ રૂર્બન ડ્રેનેજ યોજનામાં કયા ટેન્ડરો મંજૂર થયા છે ? મિત્રો તમારે નોંધ રાખવી હોય તો તમે લઇ શકો. ગાંધીનગરમાં રાંધેજાનું ૬ કરોડ, ૬૪ લાખું ટેન્ડર મંજૂર થઇ ગયું છે, કામ ચાલુ થયું છે. મહેસાણામાં ગોઝારીયા અને બહુચરાજી ૪ કરોડ, ૮૮ લાખ અને ૭ કરોડ ૫૩ લાખ એ પણ મંજૂર થઇ ગયું છે. મહેસાણામાં સતલાસણા ૫ કરોડ,૫૫ લાખનું ટેન્ડર મંજૂર થઇ ગયું છે કામ શરૂ થવા ઉપર છે. આણંદમાં તારાપુર ૭ કરોડ, ૫૧ લાખ, અમદાવાદમાં માંડલ ૫ કરોડ, ૮૪ લાખ. .અમદાવાદમાં રાણપુરમાં ૬,૮૮ લાખ, દેત્રોજમાં ૩.૭૩ તોંતેર લાખ, અમરેલીમાં લીલીયા ૧૦,૬૧ લાખનું નું ટેન્ડર મંજૂર થયું છે. કુકાવાવમાં ૯, ૪૦ લાખ, અંબાજીમાં સાત કરોડ, દાંતીવાડામાં બે કરોડ, બનાસકાંઠાનું વડગામ ૫,૧૧ લાખ, બનાસકાંઠા શિહોરી ૪,૯૨ લાખ, બનાસકાંઠા અમીરગઢ ૫,૦૨ લાખ, બનાસકાંઠા દિયોદર ૧૨,૩૮ લાખ, બનાસકાંઠા વાવમાં ૪, ૮૪ લાખના ટેન્ડર મંજૂર થયા છે. દાહોદમાં ફત્તેપુરામાં ૬, ૪૧ લાખ, વિરપુરમાં ૫, ૬૫ લાખ, ખેડામાં, માતરમાં ૫, ૨૬ લાખ, નવસારીમાં વાંસદા ખાતે ૯, ૨૬ લાખ, નવસારી ચીખલીમાં ૫, ૨૫ લાખ, પંચમહાલમાં કડાણા ૩, ૬૬ લાખ, પંચમહાલ મોરવા ૪, ૦૩ લાખ, પંચમહાલ ઘોઘંબા ૪,૩૯ લાખ, પંચમહાલ જાંબુઘોડા ૩,૭૩ લાખ, રાજકોટ, કોટડા, સંઘાણી ૫, ૨૧ લાખ, સાબરકાંઠા ભિલોડા ૧૧,૦૯ લાખ, સાબરકાંઠા મેઘરજ ૯,૨૩ લાખ, સુરત ખાતે પલસાણા ૯,૮૪ લાખ, સુરતમાં ઓલપાડ ૯,૬૯ લાખ, માંગરોળ ૬,૨૩ લાખ, ઉમરપાડા ૪,૧૫ લાખ, ઉચ્છલ ૩,૬૭ લાખ, વાલીયા ૫, ૨૫ લાખ, જોડીયા જામનગરમાં ૮, ૭૮ લાખ, બાંકોર ૩,૬૮ લાખ, સમી ૧૧,૦૯ લાખ, ઉમરાડા ૬,૬૨ લાખ અને ટંકારા ૧૦, ૭૩ લાખ એમ ૨૬૩ કરોડના ટેન્ડરો મંજૂર થયા છે. કામો શરૂ થયા છે અને આ રુર્બન અંગે ટીકા કરવાનો કોઇ અર્થ નથી. ગરીબ કલ્યાણ મેળાઓ અમે કર્યા,

ગૌરવ સાથે કર્યા છે અને આપનું ધ્યાન દોરું કે વચ્ચેટીયાઓને નાબુદ કરવા માટે અમે આ આખું કામ કર્યું છે. ૬૪૨ મેળાઓ કર્યા. ૫૭ લાખ ૫૯ લાભાર્થીઓને લાભ આપ્યો. ૮૧૪૨ કરોડ રૂપિયા અમે વહેંચ્યા છે. ગામડાંનો વિકાસ ઇ–ગ્રામ, વિશ્વગ્રામ અમે કર્યું. ૯૦ કરોડની જોગવાઇ કરી. ૩૩૦ કરોડ રૂપિયાના ખર્ચે ઇ ગ્રામ વિશ્વગ્રામની આખી વ્યવસ્થા કરી છે. પાંચ હજાર ગામડાં બાકી છે. એ પાંચ હજાર ગામડાંઓને અમે વ્યવસ્થિત કરી રહયા છીએ. એના પણ અમે ટેન્ડરો મંગાવ્યા છે અને એ કામ હાથમાં લીધું છે. સમરસ ગ્રામ યોજના અંગે ઘણાબધા મિત્રોએ વાત કરી છે. એની હું વધારે વાત કરતો નથી પરંતુ એ વાત કરું છું કે તમોને સમરસ ગામ ગમતું નથી પણ અમે સમરસ ગામની યોજના ખૂબ મોટા પાયે ચાલુ રાખવાના છીએ અને એની અંદર જે અનુદાન આપવાનું હતું એ જેટલું હતું એના કરતાં ડબલ કરવામાં આવ્યું છે. પાંચ હજારની વસ્તીમાં બે લાખના બદલે ત્રણ લાખ કર્યું. પાંચ હજારથી વધારે મોટા ગામમાં દોઢ લાખના બદલે ત્રણ લાખ કર્યું છે. મહિલાઓ માટે પાંચ લાખ અને નાના ગામમાં ત્રણ લાખ અમે આપીએ છીએ. એ પ્રમાણે ઘણા બધા મિત્રોએ આનો ઉલ્લેખ કર્યો છે. લાંબો ઉલ્લેખ કરીને મારો સમય બહુ લેતો નથી. પંચાયતની ૫૦ વર્ષથી સ્થાપના ગુજરાતમાં થઇ છે. તા. ૧–૪–૧૯૬૩ થી પંચાયત અધિનિયમ આવ્યો પણ આપણે જયારે એને ૫૦ વર્ષ પૂરા થાય છે ત્યારે એને ઉજવવા માટે ૫૦ કરોડનું પ્રોવિઝન પણ આપણે રાખ્યું છે. તાલુકા, જિલ્લા પંચાયતના મકાન જે બાંધવાના છે એના માટે પણ પૂરતું પ્રોવિઝન રાખ્યું છે. પંચાયત ઘરો બાંધવાના છે. હમણાં અમારા મિત્ર જેઠાભાઇએ અને એમણે કહ્યું કે ઘણા ગામડાંઓનું ડિવિઝન કર્યું છે. જે નવા ગામડાંઓમાં આપણે પંચાયત ઘર બાંધવા છે એના માટે પૂરતી વ્યવસ્થા છે. મારે સામે બેઠેલા મિત્રોનું ધ્યાન દોરવું છે કે ઇન્દિરા આવાસ યોજના હોય કે રાજીવ ગાંધી કેન્દ્ર બાંધવાનું હોય, દસ લાખ રૂપિયા મોકલી આપે. અડધુ ખાવાનું મોકલી આપે, પુરું ખાવાનું મોકલે નહીં અને એના કારણે ભુખ્યા રહેવું પડે છે. દસ લાખ રૂપિયાની ફાળવણી કરી અને કહ્યું કે ૨૫ ટકા રકમ ગુજરાત સરકાર આપે. કોઇ વાંધો નહીં, ૨૫ ટકા એટલે અઢી લાખ અમારે આપવાના હતા. સાડા બાર લાખ રૂપિયામાં આ ઘર બાંધવાનું હતું કેન્દ્રનું. સાહેબ, સાડાબાર લાખ રૂપિયામાં ન થાય, એનો એસ્ટીમેટ પંદર લાખ રૂપિયાનો આવ્યો. અમે ફરી કેન્દ્ર સરકારને કહ્યું કે તમે અમને પંદર લાખ રૂપિયા મોકલો કહ્યું કે પચ્ચીસ ટકા તમારે આપવાના. પચ્ચીસ ટકા આપવામાં વાંધો નથી પરંતુ દસ લાખ અને અઢી લાખ સાડા બાર લાખ રૂપિયામાં અમે મકાનોના ઓર્ડર આપ્યો. કોઇ બાંધી શક્યું નહિ, પરિણામે અમારે ૧૫ લાખ રૂપિયા એસ્ટીમેટ કરવો પડયો અને આ ગુજરાત સરકારે ૨.૫ લાખના બદલે બીજા ટોટલ ૫ લાખ આપવા પડયા. એમ કરીને અમારા નાણા ખાતાએ અને મુખ્યમંત્રીશ્રીએ ૧૫ લાખ પૂરાં કરી અમારાં કામો શરૂ કર્યાં છે. ૨૭૦૧ મકાનો આ વર્ષમાં અમે બાંધીએ છીએ અને બીજા ૨૭૦૦ મકાનો આ નવા વર્ષમાં અમે બાંધીશું. ઇ.વી.એમ. મશીન માટે સાડા આઠ કરોડનું પ્રોવિઝન કર્યુ છે. મારે સાથે સાથે અન્ન નાગરિક પુરવઠાની બાબતમાં ઘણા બધા મિત્રોએ વાત કરી છે. કદાચ મારે ફરી પાછું રહી ન જાય એટલા માટે ઉલ્લેખ કરી લઉં. આ સરકાર ગરીબોની બેલી છે. અન્ન પુરવઠા વિભાગે ગુજરાત રાજયે ખાસ કરીને દરિદ્ર નારાયણને ધ્યાનમાં રાખીને બજેટ બનાવ્યું છે. ૧૯૮૯–૯૦ થી ૨૦૦૦–૦૧ સુધી ૯૪૭ કરોડનું પ્રોવિઝન દસ વર્ષનું હતું. ૨૦૦૧–૦૨ થી ૨૦૧૨–૧૩ માં ૨૯૬૯ કરોડનું અમે પ્રોવિઝન કર્યું છે. આમ ૧૨ વર્ષનું આયોજન છે. આનો વધારો ૨૧૩ ટકા થયો છે. આ તબક્કે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીનો આભાર માનું છું. મારે થોડીક બાબતો આપને કહેવી છે. અમારું કામ બેઝિક અન્ન નાગરિક પુરવઠાનું કામ છે. અન્ન નાગરિક પુરવઠાનું મુખ્ય કામ અન્ન સલામતી, પોષણ સલામતી એ અમારા મુખ્ય ધ્યેય છે. પુરવઠો પ્રાપ્તિ એ અમારું કામ છે. આ વર્ષે ચીજવસ્તુઓની ઉપલબ્ધિ, સંગ્રહ વિતરણ કરવું એ અમારું કામ છે. તોલમાપ કરવું, એનું નિયમન કરવું, ગ્રાહકોને લગતી પ્રવૃત્તિઓમાં અને સંભાળવાનું કામ છે. વ્યાજબી ભાવની દુકાનેથી પુરવઠાનું વિતરણ કરવું એ અમારા વિભાગનું કામ છે. પુરવઠાને કાયદા કાનૂન આધારિત કામ લેવાનું હોય છે. કાયદો તોડનારને, કાળાબજાર કરનારને ગ્રાહકોને છેતરનાર અને કરનારને અમે ઝબ્બે કરીએ છીએ અને ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવા માટે અમે ગ્રાહક તકરાર નિવારણની વ્યવસ્થા અમે કરી છે. અમારું કામ અંત્યોદય અને ગરીબ લોકો, છેવાડાના લોકો માટે એનો ચૂલો સળગે એ જોવાનું કામ અમારું છે. એટલા માટે તો પંડિત દીનદયાલ ઉપાધ્યાયજીના નામ ઉપર અમે

એ.પી.એસ. દુકાનોનું નામ આપ્યું છે કે એ ગરીબોના મસીહાના ધ્યાનમાં હતું એ નામ અમે આપ્યું છે.(અંતરાય)(આ તબક્કે નીતિનભાઇ પટેલ બેઠા બેઠા બોલતા) (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના સાથી મિત્રોને કહેવું છે કે..

અધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ, પ્લીઝ. બેઠા બેઠા બંને બાજુ કોમેન્ટ ન કરો. પ્લીઝ. ઇકબાલભાઇ બેસી જાઓ, પ્લીઝ. બેઠા બેઠા બંને પક્ષો કોમેન્ટ ન કરો એવી વિનંતી. પ્લીઝ. બેસી જાઓ પ્લીઝ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : સાહેબ અર્જુનભાઇ નહોતા ત્યાં સુધી શાંતિ હતી. પ્લીઝ.

અધ્યક્ષશ્રી : બેઠા બેઠા કોમેન્ટ ન કરીએ. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પ્લીઝ. આપણે બેઠા બેઠા કોમેન્ટ ન કરીએ. પ્લીઝ. (અંતરાય)

( આ તબક્કે વિરોધ પક્ષના સભ્યો દ્વારા તેલના ભાવ ઓછા કરોના સતત સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. )

અધ્યક્ષશ્રી : ઓર્ડર... ઓર્ડર..પ્લીઝ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : આ ટેકનોલોજીનો ઉપયોગ જો કોઇએ કર્યો હોય તો મારા અન્ન નાગરિક પુરવઠામાં ટેકનોલોજીનો ઉપયોગ અંગે મહદઅંશે કર્યો છે. અને ટેકનોલોજીનો ઉપયોગ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અમને માર્ગદર્શન આપ્યું છે. (સતત સૂત્રો ચ્ચાર) અમે બાર કોડેડ રેશનકાર્ડ કાઢ્યા છે. ટેકનિકલ ઉપયોગ કરીને બાર કોડેડ રેશનકાર્ડ અને કૂપન પદ્ધતિની શરૂઆત કરી છે. અધ્યક્ષશ્રી :

ઓર્ડર ઓર્ડર પ્લીઝ. ભરતભાઇ આપ બેસી જાઓ પ્લીઝ. મંત્રીશ્રી જવાબ આપી રહ્યા છે પ્લીઝ. જેઠાભાઇ આપ બેસી જાઓ. જેઠાભાઇ આપ બેસી જાઓ પ્લીઝ. મંત્રીશ્રીનો જવાબ ચાલે છે. (અંતરાય) (આ તબકકે કોંગ્રેસના સૌ સભ્યશ્રીઓ દ્વારા તેલના ભાવો ઓછા કરો જેવો સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો) (અંતરાય)

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટેકનોલોજીના ઉપયોગથી બારકોડેડ રેશનકાર્ડ અને કુપન પદ્ધતિની શરૂઆત કરી છે. નામદાર સુપ્રીમ કોર્ટની કમિટી અને કેન્દ્ર સરકારે આની પ્રશંસા કરી છે અને અન્ય રાજયોને તેનો અમલ કરવાની વાત કરી છે. બારકોડેડ રેશનકાર્ડનો હેતુ કુટુંબોનો ડેટા એકઠો કરવો, એક કેટેગરીના રેશનકાર્ડ આપવાં, ભૂતિયાં રેશનકાર્ડ નાબૂદ કરવાં, આધુનિક ટેકનોલોજી દ્વારા અનાજ અને કેરોસીનનો જથ્થો લોકોને મળે તે સુનિશ્ચિત કરવું.(સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ આપ બેસી જાઓ. આ રીતનું ગૃહમાં યોગ્ય નથી પ્લીઝ. માનનીય ઇકબાલભાઇ પ્લીઝ. આપે ચર્ચામાં ભાગ લીધો છે. એમને મેં કહ્યું છે. એમને નામ દઇને મેં કહ્યું છે માનનીય મંત્રીશ્રીને. પ્લીઝ એમને નામ દઇને કહ્યું છે. પ્લીઝ આપ બેસી જાઓ. પ્લીઝ. માનનીય મંત્રીશ્રી.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતમાં આ ગુજરાત સરકારે અન્ન અને નાગરિક પુરવઠામાં જો મોટામાં મોટા પૈકીનું એક કામ કર્યુ હોય તો તે બારકોડેડ રેશનકાર્ડ હાથમાં લઇને કર્યુ છે. આપનું અને સન્માનનીય ગૃહનું ધ્યાન દોરું કે અહીંયાં નહીં, ગુજરાતમાં નહીં, દેશના બધા જ રાજયોમાં પણ આ જે ડાયવર્ઝન થતું હતું અને જે ભૂતિયા રેશનકાર્ડના આધારે ઘણા લોકો કવોટાનો ડાયવર્ઝન કરતા હતા, કેન્દ્ર સરકારમાંથી આવતો પુરવઠો વગે થઇ જતો હતો તે પુરવઠાને નિયમિત કરવા માટે, નિયમન કરવા માટે આપણે બારકોડેડ રેશનકાર્ડની વ્યવસ્થા ગોઠવી છે. no doubt time killing factor છે. સમય કન્ઝયુમ થાય છે. હું આપને કહું કે બારકોડેડ રેશનકાર્ડ માટેની એક પદ્ધતિ અપનાવી છે. તેના ફોર્મ નં.૧ કાઢયું છે. જે લોકોના રેશનકાર્ડ નવા બનાવવામાં આવી રહયાં હતાં ત્યારે આ સરકારે નવા રેશનકાર્ડ કાઢતી વખતે બારકોડેડ રેશનકાર્ડનો અમલ કર્યો. બારકોડેડ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ ભરેલ. લોકોએ ફોર્મ ભર્યા. જે લોકો ભૂતિયા હતા, જે લોકો આમાં હતા જ નહીં. જે લોકો ખોટા રેશનકાર્ડ ડાયવર્ઝન કરતા હતા તે લોકોના હાથ હેઠા પડયા. હડતાલો પાડી, તેનો ઘણો સામનો કર્યો. આ સરકારે દાદ આપી ન હતી. આ રેશનકાર્ડ માટે ફોર્મ નં.૧ મંગાવ્યું. તે પછી જે લોકો રહી ગયા હતા તેના ફોર્મ નં.ર મંગાવ્યા. હજી પણ જે લોકો રહી ગયા છે તેના ફોર્મ અમે મેળવીએ છીએ .અમે ઓનલાઇન કર્યા,કમ્પેર કર્યા અને સાચા નામ શોધી કાઢયા. આજે મારે નટવરસિંહ આપનું ધ્યાન દોરવું છે કે ૧૬ લાખ કાર્ડ ખોટા હતા.૧૬ લાખ કાર્ડ અમે કેન્સલ કર્યા. ૧ કરોડ અને ર૫ લાખ રેશનકાર્ડ હતા.તેમાંથી ૧ કરોડ અને ૯ લાખ

રેશનકાર્ડ રહયા. ૧૬ લાખ રેશનકાર્ડ નાબૂદ કરી શકયા.તે પુરવઠો કયાં જતો હતો? જયાં જતો હતો ત્યાં. પણ ગુજરાત સરકારે આ પુરવઠો જતો નાથ્યો છે. તેનું અમને ગૌરવ છે. તેનો જે જવાબ આપવો પડે તે અમે આપીશું. કોઇ ચમરબંધીની તાકાત નથી કે અમારા હાથમાંથી કોઇ પુરવઠો ખેંચી જઇ શકે.

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઇ પ્લીઝ આપ બેસી જાઓ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે ફોર્મ ભરાયેલ છે તે લગભગ ૯૦ ટકા, ૯૫ ટકા ઓનલાઇન થઇ ગયા છે. અત્યારે બારકોડેડ રેશનકાર્ડ માટે પાંચ એજન્સીઓને બાયોમેટ્રીક સિસ્ટમથી અંગૂહાની ફીંગર પ્રિન્ટ લેવાનું કામ ચાલુ છે. ખૂબ જલદી મિત્રો આપને ખાતરી આપું. આપની ધીરજ ખૂટી છે બારકોડેડમાં પણ બારકોડેડ રેશનકાર્ડ ખૂબ ટૂંક સમયમાં થોડા વખતમાં આપણે પૂરા કરીશું. તે પછી ગુજરાતમાંથી જે જથ્થો પગ કરી જતો હતો, ડાયવર્ઝન થતો હતો તે અટકી જશે. ગરીબોનો પુરવઠો ગરીબો સુધી પહોંચશે તે વ્યવસ્થા અમે કરી છે. બીજું એ વાત સાચી છે કે ચોરી કરનાર લોકોને હવે પરવડવા માટેના ફાંફા પડે છે. તેટલા માટે તે લોકોને સહયોગ કરવો પડતો હોય છે અને તે લોકોને ટકાવવા માટે અમે ડોર સ્ટેપ ડીલીવરી કરી છે. એ લોકો પુરવઠો એફ.સી.આઇ.ના ગોડાઉન ઉપરથી લઇ અને પોતાની દુકાને લાવતા હતા અને બે હજાર રૂપિયા જેટલો ખર્ચ થતો હતો. એમાં આ સરકારે નિર્ણય કર્યો છે કે અમારા એફ.સી.આઇ.ના ગોડાઉનમાંથી દુકાન સુધી જે પુરવઠો પહોંચે તે પુરવઠો આપવાનું કામ સરકાર પોતાના ખર્ચે કરશે, એમાં એફ.સી.આઇ. દુકાનવાળાએ કોઇપણ એમાં ભાર વેઠવાનો આવશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એક ધ્યાન એ દોરવું છે કે, બી.પી.એલ. યોજના જે ચાલે છે એમાં બે રૂપિયે ઘઉં અને ત્રણ રૂપિયે ચોખા આપવામાં આવે છે. એમાં પણ રાજય સરકાર બે રૂપિયાના ઘઉંની સામે ૩ રૂપિયા અને ૩૪ પૈસા સબસીડી આપે છે કારણ કે પડતર કિંમત ૫ રૂપિયા અને ૩૪ પૈસા છે, એમાં બે રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે અને ૩ રૂપિયા અને ૩૪ પૈસા ગુજરાત સરકાર આપે છે. ચોખામાં ૩ રૂપિયા કેન્દ્ર સરકાર આપે છે, ૬ રૂપિયા અને ૯૭ પૈસા એની પડતર કિંમત આવે છે, કારણ કે એમાં ટ્રાન્સ્પોર્ટેશન અને એનું તમામ વ્યવસ્થાનું ખર્ચ છે, તો ૩ રૂપિયા અને ૯૭ પૈસા સરકાર સબસીડી ભોગવે છે. આ પ્રમાણે એની આખી વ્યવસ્થા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનાજની પ્રાપ્તિ, ખેડૂતો અનાજ પકવે છે, ઉત્સાહમાં આવીને ઘઉં પણ પકવે છે, ચોખા પણ પકવે છે, કેન્દ્ર સરકારને પણ ઘણી જરૂરિયાત હોય છે અને મને કહેતાં આનંદ થાય છે કે મારા વિભાગે અનાજ પ્રાપ્તિ કરવાનું કામ શરૂ કર્યું છે, આ વર્ષે ડાંગરની લેવી અમે શરૂ કરી છે, ખેડૂતોને ખુશ કરીને, ખેડૂતોને તકલીફ આપીને નહીં, ૨૦૧૧-૧૨માં ૫૪૮૫ મેટ્રિક ટન ડાંગરની પ્રાપ્તિ કરી અને આ વર્ષે ૧૨-૧૩માં ઘઉંની પ્રાપ્તિ દોઢ લાખ ટન લેવા માટેનું આયોજન કર્યું છે, કે જેથી બજારના ટેકાના ભાવ ટકી રહે, અમારા કૃષિ મંત્રીશ્રીનો પણ આગ્રહ હતો કે, ખૂબ ઘઉં પાક્યા છે, ખૂબ ચોખા પાક્યા છે, તો લેવી લેવાય તો ભાવ ટકી રહે. આ અનાજ બધું લઇશું તો એને સંગ્રહ કરવા માટે એક લાખ મેટ્રિક ટનના ગોડાઉન બાંધવાનું કામ પણ અમે હાથમાં લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેરોસીનની બાબતમાં ઘણા મિત્રોએ વાત કરી, અમારા ફારૂકભાઇ પણ કહેતા હતા, સાહેબ, કેરોસીનની બાબતમાં જાણીજોઇને આંખો બંધ કરે છે, સાહેબ, અમે મુઠ્ઠી મુઠ્ઠી ભેગું કરીએ છીએ અને ઉંટ ભરીને આ લોકો લઇ જાય છે, અમે કેટલી કરકસર કરીએ છીએ,એકએકને કનડીને અમે ભૂતિયાં રેશનકાર્ડ કાઢી નાખીને અને અમે અમારો પુરવઠો વધારીએ છીએ. મને એમ હતું કે કેરોસીનનો પુરવઠો અમે બચાવ્યો છે, ગરીબોને દોઢ લિટર અપાતું હતું તે બે લિટર આપવાનું શરૂ કર્યું, દસ લિટર અપાતું હતું તે બાર લિટર આપવાનું શરૂ કર્યું, જેવી દિલ્હીને ખબર પડી કે ગુજરાતમાં આ સેવિંગ્સ થયું છે એટલે એમણે સીધું, ૮.૨૦ કરોડ લિટરનો અમારો જે ક્વોટા હતો, માનનીય અધ્યક્ષશ્રી, ૫ કરોડને ૨૦ લાખનો (અંતરાય) ક્વોટા કરી દીધો. માનનીય અધ્યક્ષશ્રી, ૩૨ ટકાનો કાપ, ૩૨ ટકાનો કાપ,(અંતરાય) ૩૨ ટકાનો કાપ કર્યો, અને તમારા પેટમાં પાણી હલતું નથી, તમે એકવાર દિલ્હી જઇને કહયું હોત કે અમારા ગુજરાતના ગરીબો માટે, તમે અમારા કેરોસીનનો ક્વોટા કાપ્યો, અમારા માટે ન કહયું હોત, ઉદ્યોગો માટે ન કહયું હોત તો અમે સમજયા,પણ ગરીબો માટે પણ તમારામાં કહેવા જેટલી સ્વાભાવિકતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ખાદ્ય તેલની વાત કરતા હતા, ખાદ્ય તેલમાં અમારા પાસે બે છે, એક તો ખેડૂતો અને ગરીબો, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે એના માટે સરકારની પ્રાયોરિટી છે, સરકાર પછી કોઇપણ કોમોડીટી હોય એના ઉપર નજર રાખે છે. એની અંદર પછી સિંગતેલ હોય કે કપાસિયા તેલ હોય પણ ખેડૂતોને પહેલું પરવડે અને એમાંથી નીકળતું તેલ જો મોંઘુ પડતું હોય તો એમાંથી બેમાંથી કયું પસંદ કરવું એમાં ખેડૂતોને આપેલી પ્રાયોરિટી  આ સરકારની પ્રાયોરિટી છે, જે ગરીબોની પ્રાયોરિટી છે, અને છતાં પણ માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા આ સભાગૃહનું મારે ધ્યાન દોરવું છે કે, અમે ૨૦૧૧–૧૨માં, દરોડા નહીં પાડ્યા એમ નહીં કહો, અમે ૭૫૫ દરોડા પાડ્યા છે, એક કરોડ અને સત્યાવીસ લાખ રૂપિયાનો માલ કબજે કર્યો છે, ૨૬ લાખ રૂપિયાનું અમે રાજયસાત કર્યું છે, ૨૦૧૦–૧૧માં પણ ૧૦૬૮ દરોડા પાડ્યા હતા, ૪૪ લાખનું અમે રાજયસાત કર્યું હતું, જથ્થો કબજે કર્યો હતો, કોઇ અમને આમાં એમ કહેતું હોય કે  દરોડા પાડ્યા નથી, પકડ્યા નથી એ વાત સત્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાહક તકરાર નિવારણ બાબતમાં પણ આપનું ધ્યાન દોરવું છે. ગ્રાહક તકરાર નિવારણમાં આજે આખા દેશમાં સારામાં સારું ગ્રાહક તકરાર નિવારણ વિભાગ અમારો ચાલે છે. આજે અમારૂં કમિશનનું જે મકાન છે, ગ્રાહક ફોરમના જે મકાનો છે એ લગભગ બધા અમે બાંધી કાઢ્યા છે. કદાચ થોડાં ઉદઘાટન કરવાના બાકી હશે બે ચાર પણ એ સિવાય બધા બાંધી કાઢયા છે. અને એમાં ૯૦ ટકા કરતા વધુ કેસોનો નિકાલ થાય છે. આ પ્રમાણે અમારી સરકારે ગરીબો માટે સલામતી ટેકનોલોજીનો મજબૂત ઉપયોગ કરી દરિદ્ર નારાયણની સેવા કરવાની તક ઝડપી છે અને એટલા માટે અમને અધિકાર છે કહેવાનો, અમારા મુખ્ય મંત્રીશ્રી માટે તમે ગમે તેટલું બોલો પણ એ તો ટાઇમ મેગેઝીનમાં આવ્યા છે અને દુનિયાએ પણ એમની નોંધ લીધી છે. અને હજુ અમે કહેએ છીએ કે, વી આર ધ ગ્રેટ અમારી એ ઉંચાઇ તમે આંબી શકો તેમ છો જ નહીં અને એટલા માટે તો એમના હૃદયમાંથી એક ભાષા નીકળી હતી અને જાણવું જોઇએ કે શા માટે ટાઇમ મેગેઝીનમાં ઉલ્લેખ થાય છે? શા માટે નરેન્દ્રભાઇને આ એવોર્ડો મળે છે? આપણા મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ સંવેદનશીલ કવિ હૃદયી માણસ છે અને એટલા માટે તેઓ ગરીબો માટે લખે છે "અન્ન,વસ્ત્ર, સંસ્કાર, સુવિધા સહજપણે અહીં સુલભ છે, લીલીછમ છે ધરા અહીં તારાભર્યું કોઇ નભ છે. એકતા, સમતા, મમતાને અમો જતન કરી જાળવીશું, અમે અજવાળા પાથરીશું, ઘરે ઘરે અજવાળા પાથરીશું."

માનનીય અધ્યક્ષશ્રી, હજુ એક વિભાગ બાકી છે થોડો સમય છે તો હું એ લઇ લઉં. માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિકાસ વિભાગ દ્વારા અમારા વિભાગની જે સેવા છે એમાં થોડા સૂચનો, ટીકાઓ જરૂર આવી છે. અમે જાણીએ છીએ કે, આ પરચૂરણ કામ આખા ગુજરાતમાં ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ કોઇ કોઇ જગ્યાએ ક્ષતિઓ દેખાતી હશે પણ એ ક્ષતિઓ સરકારની નથી, વહીવટની ક્ષતિઓ નથી પણ જે કોઇ લોકો જેને સ્વભાવે ચોરી કરવાની ટેવ પડી છે એવા લોકોને જબ્બે કરવા માટે અમારું શાસન અમારું તંત્ર કામ કરે છે અને વિશ્વાસ આપુ છું આપને કે જ્યાં સુધી અમારો હાથ પહોંચશે ત્યાં સુધી કોઇ આવા જાણભેદુ માણસ ભાગી શકશે નહીં. અમારો કોઇ પણ માણસ એની સાથે હાથ મિલાવશે તો એ માણસ પોતાની જોબ ગુમાવી બેસશે એની પણ હું આ હાઉસમાં ખાતરી આપુ છું. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, મારે મિશન મંગલમ્ ની વાત કરવી છે. સાહેબ, સંવેદનશીલ હૃદય કોને કહેવાય? ગુજરાતમાં ભણેલી બહેનોને તો નોકરી મળે, નોકરી આપી પણ શકાય અને ગુજરાન પણ ચલાવી શકે પણ જે બહેનો ગામડામાં ભણી નથી, જે બહેનો શહેરોમાં ઝૂપડપટ્ટીમાં રહે છે એ પણ ભણી નથી શકી એવી બહેનોને માટે એક ઓર્ગેનાઇઝેશન કરવું એને મિશન મંગલમ્ અમે કહીએ છીએ. ૨૦૧૨–૧૩માં મિશન મંગલમ્ માટે ૧૫૯.૩૯ કરોડની જોગવાઇ અમે રાખી છે. સખી મંડળોને બેન્કો ધિરાણ આપે છે આવા સખી મંડળોને આ વર્ષથી એમને વ્યાજમાં સબસીડી આપવા માટે વ્યાજ સહાય આપવા માટેની ૪૫ કરોડની જોગવાઇ કરી છે. એ માટે અમારી પોલીસી નક્કી કરીશું અને મિશન મંગલમ્ માં ભાગ લેતી બહેનોને વ્યાજમાં સહાય મળશે. માનનીય અધ્યક્ષશ્રી,  સખી મંડળની યોજના ૨–૨–૨૦૦૭થી શરૂ થઇ, પાછા મનમાં એવું નહીં ધારતા કે તમે શરૂ કરી હતી અને કોઇને સ્વપ્નું  આવ્યું હતું. માનનીય અધ્યક્ષશ્રી, જોતજોતામાં તો ૨ લાખ ૧ હજાર કરતા વધારે સખી મંડળોની સ્થાપના થઇ છે. ૨૪.૫૫ લાખથી વધુ સભ્યો છે, બહેનોએ એકઠા થઇને પોતાની નાની નાની બચતથી

૧૦૫ કરોડ રૂપિયાનું આંતરિક ધિરાણ કર્યું છે, ૧.૭૮ લાખ બહેનોને ગ્રેડીંગ આપ્યું છે, ૧,૬૦,૫૯૫ સખીમંડળોને રિવોલ્વીંગ ફંડ આપ્યું છે, જાણવા જેવું છે કે ૩૦૧ કરોડની બચત કરી બહેનોએ, બેન્કોએ ૧૦૧૬ કરોડની બેન્કોએ લોન આપી અને ૮૧ કરોડ રિવોલ્વીંગ ફંડ, એમ કરીને ૧૩૯૮ કરોડ રૂપિયાનું ભંડોળ અમારી સખીમંડળની બહેનોના હાથમાં મૂકવામાં આવ્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ઉત્સાહ છે કે, મારે ૫૦૦૦ કરોડ રૂપિયા સુધીનું ભંડોળ આ સખીમંડળોના હાથમાં મૂકવું છે. એનું કારણ છે કે ગામડાની ઓછું ભણેલી બહેનોનો વિકાસ કરવા માટે એમને કામધંધો આપવા  માટે આ આખું આયોજન ગોઠવ્યું છે. ૩૨,૬૧૩ સખીમંડળો આ રીતે આર્થિક પ્રવૃત્તિ કરે છે, ગરીબી રેખા હેઠળ જીવતી આ બહેનોને, ૫૦ ટકા કુટુંબોને ગરીબી રેખાથી ઉપર ઉઠાવવાનો અમારા મુખ્યમંત્રીશ્રીનો ધ્યેય છે અને અમે જોતજોતામાં ટુંક સમયમાં આ કામ કરી શકીશું. આ કરવા માટે,

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપ બે મિનિટમાં પૂરું કરો હજી માગણીઓ વોટ પર મૂકવાની પણ બાકી છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલઃ માનનીય અધ્યક્ષશ્રી, એક ધ્યાન દોરું કે બેન્કોએ અમને સહયોગ કર્યો છે, ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના એમ.ઓ.યુ. કર્યા છે, જે ઉદ્યોગો સેવામાં માને છે એ લોકોએ પણ અમારી સાથે એમ.ઓ.યુ. કર્યુ છે,  એના દ્વારા અમારા સખીમંડળોનું અમે સશક્તિકરણ કરીશું, એક બીજી યોજના અંગે આપના દ્વારા ધ્યાન દોરું છું કે શ્રમયોગી યોજના, માનનીય મુખ્યમંત્રીશ્રીએ હમણાં જાહેરાત કરી છે અને એના માટે પણ પાંચ કરોડ રૂપિયાનું પ્રોવિઝન કર્યુ છે એક હજારની વસ્તીવાળું નાનું ગામ હોય તો તેમાં ૫ ગરીબમાં ગરીબ લોકોને પસંદ કરવાના અને એને અપગ્રેડ કરીને એની આવક ૩૦૦૦૦ જેટલી થાય ત્યાં સુધી એને એડોપ્ટ કરવાના, અને એક હજારથી મોટું ગામ હોય તો ૧૦ ગરીબ શ્રમયોગી લોકોને પસંદ કરવાના, જેને ગ્રામસભા પસંદ કરશે, એ લોકોને માટે બધી જ વ્યવસ્થાઓ, બી.પી.એલ. કરતાં પણ વધારે સારી માવજત કરવાની ખાતરી સરકારે આપી છે અને એના માટે અમે કામ કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નરેગા યોજનાની વાત મારા મિત્રોએ કરી, એમાં પણ મારે એમનું ધ્યાન દોરવું છે, કોઇ જગ્યાએ થયેલી ગેરરીતિઓ બાબતમાં આ સરકારે કોશિષ કરી છે, દાહોદની અંદર થયેલી ગેરરીતિઓમાં કેટલાય લોકોને જેલમાં મોકલ્યા છે, કેટલાય લોકોને સસ્પેન્ડ કર્યા છે, એની અંદર પોસ્ટ ખાતાના અધિકારીઓ અને અમારા વિભાગના અન્ય અધિકારીઓએ ભુલ કરી હતી, તે લોકોને નશ્યત કર્યા છે અને હજી પણ એમના ઉપર એફ.આઇ.આર. કેસ કરીને કામ ચલાવવામાં આવી રહ્યું છે, રખે કોઇ માને કે અહીંયા છટકવાની કોઇ બીજી બારી છે, આ પ્રમાણે ઇન્દિરા આવાસ યોજનાની વાત તો મેં કરી, ફરી વધારે વાત એ અંગે દોહરાવતો નથી, પણ તમામ ગરીબ લોકોને ઘર મળે એ માટે અમારા સ્વર્ણિમ વર્ષમાં આ કામ અમે પૂર્ણ કર્યુ છે. ગામડાઓમાં ટોયલેટની વ્યવસ્થા અમે કરી છે, જાણવા જેવું એટલા માટે છે કે સ્વર્ણિમ ગામ જાહેર થયા ૩૨૭, ૪૦૩૮ સ્વચ્છ, સ્વસ્થ ગામ પુરસ્કૃત થયાં, ૨૨૮૧ નિર્મળ ગામ પુરસ્કૃત થયાં, ૨૦ લાખથી વધુ બી.પી.એલ. પરિવારો માટે શૌચાલયો બાંધ્યાં, ૩૩ લાખથી વધુ એ.પી.એલ. પરિવારો માટે શૌચાલયો બાંધ્યાં, ૨૮૦૦૦થી વધુ શાળા શૌચાલયો બાંધ્યાં, ૨૩૦૦૦ થી વધુ આંગણવાડી, બાલવાડીમાં શૌચાલયો બાંધ્યાં, ગુજરાતનું યુનિક જળસ્રાવ વિભાગ છે, આની અંદર જી.આઇ.એસ. અને જી.પી.એસ. દ્વારા, બાયસેગ દ્વારા જે ગુજરાતની આખી ફોટોગ્રાફી કરીએ છીએ એના આધારે ગુજરાત સરકાર નહિ પણ આ દેશની કેન્દ્ર સરકાર તરફથી અમને ઇનોવેટીવ ટેકનોલોજી ઇન ઇ-ગવર્નન્સનો એવોર્ડ મળ્યો છે. રજતપદકથી અમને નવાજવામાં આવ્યા છે અને આ એક યુનિક છે. એટલું જ નહિ આ મોડેલની આપણી જી.આઇ.એસ. જી.પી.એસ. કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સરાહના થઇ છે, આ મોડેલનો તમામ રાજ્યએ અમલ કરવા કેન્દ્ર સરકારે સૂચના આપી છે. આમ આદમીની વીમા યોજના, એમાં અમે નવ કરોડ રૂપિયાનું પ્રોવિઝન કર્યું છે, નવ લાખ કુટુંબોને અમે ગેરંટી આપી છે, ઘણા બધા મિત્રોના પ્રશ્નો છે આપ થોડીક પરમિશન આપો તો હું એમને જવાબ આપું. ઇકબાલભાઇને મારે જવાબ આપવો છે, ઇ-ગ્રામ, વિશ્વગ્રામની કનેક્ટિવિટી મુખ્યમંત્રીશ્રીનું સ્વપ્નું હતું, ઇ-ગ્રામનું સ્વપ્નું રાજીવ ગાંધીનું નહોતું, ઇ-ગ્રામ, વિશ્વગ્રામનું સ્વપ્નું માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનું હતું અને એના માટે અમે આ યોજના બનાવી

છે. એક બાબત તરફ મારે ધ્યાન દોરવું છે કે ગયા વરસે મેં વિધાનસભામાં કહ્યું હતું કે પંચાયતમાં ભરતી કરવાનો બાન હતો, એક મુખ્યસેવિકાએ હાઇકોર્ટમાંથી બાન લાવેલ હતો. તેના કારણે અમે લોકો તેમાં ભરતી કરી શકયા નહોતા એ વાત અમારે સાંભળવી પડે છે પણ તે બાન અમે ઉઠાવી લેવડાવ્યો છે. તેના પછી મારા વિભાગે જે ભરતી શરૂ કરી છે તેમાં મારે તેમનું ધ્યાન દોરવું છે કે ફિમેલ હેલ્થ વર્કર ૧૬૨૨ની ભરતી કરી દીધી. ગ્રામ પંચાયતમાં ૨૪૭૬ ગ્રામ પંચાયત મંત્રીઓની ભરતી કરી છે. ઇકબાલભાઇ, ૨૪૭૬ પંચાયત મંત્રીઓની આપણી ભરતી થઇ ગઇ છે. વર્ગ–૩માં ફિમેલ હેલ્થ વર્કરની અને તે સિવાય વર્ગ–૩માં ૫૪૨૦ની જાહેરાત પણ આપી છે, ૬૯૨ની જગ્યાઓ મંજૂર થઇ છે અને અમે તાત્કાલિક ભરી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન ટૂંકાવો પ્લીઝ, હજુ પ્રશ્નો પૂછવાના છે એટલા માટે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : બે મિનિટ..

અધ્યક્ષશ્રી : નહીં, હવે બે મિનિટનો સમય નથી. એટલા માટે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : તો માનનીય અધ્યક્ષશ્રી, હું તમામ મિત્રોને જે કંઇ મારા આ પ્રવચન દરમિયાન તેમના જવાબો મળ્યાં છે થોડાંક જવાબો બાકી હશે. મને વ્યકિતગત સંપર્ક કરશે તો હું ચોકકસપણે તેનો ઉકેલ કરીશ. અને આપ સૌને વિનંતી કરું છું કે આપે જે કાપ દરખાસ્તો મૂકી છે ત્રણેય વિભાગમાં આપ સૌ એ કાપ દરખાસ્તો પાછી ખેંચી અને સર્વાનુમત્તે અમારું બજેટ મંજૂર કરો એવી અપેક્ષા રાખું છું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી માગણીઓની અંદર ૨૦૧૨ની સાલની અંદર સીંગતેલના ભાવ ૨૦૧૨ના થઇ ગયા છે. તો આ સીંગતેલના ભાવો સરકાર કાબૂમાં લેવા માગે છે ? આ ભાવ વધારાને કારણે પ્રજાને પડતી હાડમારીમાં ગુજરાત સરકાર કોઇ પગલાં લેવા માગે છે કે કેમ ? અને બફર સ્ટોક કરીને સરકાર ભાવ ઘટાડવા માગે છે કે કેમ ? મારો મંત્રીશ્રીને સીધો પ્રશ્ન છે.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારું કામ મુખ્યત્વે ગરીબો માટે બેસીને કામ કરવાનું છે. અને તેના માટે ૧૨ હજાર મે.ટન તેલ અમે સ્ટોક કરીને મૂકયું છે કોઇ ગરીબોને તકલીફ પડવાની નથી. જેને સીંગતેલ ખાવું છે...અંતરાય.. .. ..

અધ્યક્ષશ્રી : તેમનો જવાબ સાંભળો પ્લીઝ. આપના સભ્યશ્રીનો પૂછેલો જવાબ આપી રહ્યાં છે. તેમનો જવાબ પૂરો નથી થયો. પ્લીઝ આપ બેસી જાવ. પ્લીઝ, ઇકબાલભાઇ, આપના સભ્યનો પૂછેલો પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રી આપી રહ્યાં છે. તેમનો જવાબ પૂરો નથી થયો પ્લીઝ... અંતરાય...

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કપાસ... અંતરાય.. મગફળીમાં મેં કહ્યું કે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે તેના માટે...અંતરાય..

અધ્યક્ષશ્રી : હવે આપ બેસી જાવ પ્લીઝ, વોટનો સમય થઇ ગયો છે.

**( આ તબકકે વિરોધપક્ષ સૂત્રોચ્ચાર કરતાં–કરતાં સભાત્યાગ કરી ગયા )**

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ થી ૫ , ૭, ૯, ૧૨,૧૩, ૧૫, ૧૭, ૧૮, ૨૦ થી ૨૪, ૨૭ થી ૨૯ અને ૩૧ થી ૩૫ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૨૨, ૨૩, ૨૪, ૬૯, ૭૦ અને ૭૧ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૦૦ વાગ્યે પૂરું થતાં, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સભાગૃહ બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨**
**ફાલ્ગુન ૩૦, ૧૯૩૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૨–૩૦ કલાકે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

## ઝઘડીયા તાલુકામાં નર્મદાના વિસ્થાપિતો માટે સંપાદન કરાયેલ જમીન એક જ ઈસમ દ્વારા ગેરકાયદે ખેડવા બાબત

* ૨૮૮૪૮ **શ્રી કિરણકુમાર લ. મકવાણા(જંબુસર) :** જણાવવા કૃપા કરશે કે.–

(૧)ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના મોજે ગામ વાસણા, ધારોલી, બાંડાબેડા ગામોના વિસ્થાપિતોના પુનઃવસવાટ માટે સંપાદિત થયેલ આશરે ૮૦૦–એકર જમીન આ ગામોના વિસ્થાપિતોને આપવામાં આવેલ. આ જમીન વિસ્થાપિતો નહિ, પરંતુ સ્થાનિક એક જ ઈસમ ગેરકાયદેસર રીતે ખેડતો હોવાની હકીકત સાચી છે

(૨) આ જમીનનો કબજો પરત મેળવવા સરકારે શું પગલાં લીધા છે, અને

(૩)છેલ્લા ઘણા વર્ષોથી આ જમીન ખેડતા ઈસમ સામે સરકાર શું કાર્યવાહી કરવા માંગે છે ?

**માનનીય મુખ્ય મંત્રીશ્રી** (નર્મદા)ઃ

(૧) ના, જી.

(૨)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**શ્રી કિરણકુમાર લ. મકવાણા :** માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મને જવાબ આપવામાં આવ્યો છે કે ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકાના મોજે ગામ વાસણા, ધારોલી, બાંડાબેડા ગામોના વિસ્થાપિતોના પુનઃ વસવાટ માટે સંપાદિત થયેલ આશરે ૮૦૦ એકર જમીન આ ગામોના વિસ્થાપિતોને આપવામાં આવેલ. આ જમીન વિસ્થાપિતો નહીં, પરંતુ જે સ્થાનિક ઇસમ ગેરકાયદેસર રીતે ખેડે છે એ હકીકત સાચી છે કે કેમ, તો મને જવાબ આપવામાં આવેલ છે કે ના. આ સરકારના જે તે પંચાયતના તલાટીનું પંચનામુ  મારી પાસે છે. એમણે મને કીધેલું છે કે ખરેખર આ વિસ્થાપિતોની જમીન કોણ ખેડી રહ્યું છે એના મારી પાસે પુરાવા છે. વાસણા તાલુકા ઝઘડીયા ગામે જે લોકોએ ગેરકાયદેસર કબજો કરેલો છે તેવા લોકોએ શનિવારે અને ગઇકાલે સોમવારે ૩૫ થી ૪૦ ખેડૂતોને મહેસૂલની પાવતી ફાડવામાં આવેલ છે. અને જેની આ મહેસૂલની પાવતી ફાડવામાં આવેલ છે. એ ખેડૂતો ખુદ જાણતા નથી કે મારા નામની મહેસૂલની પાવતી ફાડવામાં આવી છે. એ વિસ્થાપિતોની જમીનની અંદર હાલમાં શેરડીનું વાવેતર કરવામાં આવે છે. અને આ શેરડી કટીંગ થઇને ધારીખેડા સુગર અને વટારીયા સુગરમાં નાંખવામાં આવે છે. મારે કહેવું છે કે જેના ખાતાની અંદર..

અધ્યક્ષશ્રી : આપ ચર્ચાના રૂપમાં ન લંબાવો. પ્રશ્ન શું પૂછવા માગો છો, તે પૂછો.

શ્રી કિરણકુમાર લ. મકવાણા : પ્રશ્ન જ કહું છું કે આ જમીનમાં શેરડીનું વાવેતર છે. એટલા માટે કહું છું કે ૮૦૦ એકર જમીનની અંદર જેના ખાતામાં આ શેરડી નાંખવામાં આવે છે. એ આ જમીનનો કબજેદાર છે એ વાત નકકી છે. તો આવા કબજેદારની ખરેખર તપાસ થવી જોઇએ અને એ વિસ્થાપિતોને એ જમીન પરત આપવા માટે સરકાર શું વિચારે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, અમે જવાબ આપ્યો છે એ પ્રમાણે ઝઘડીયા તાલુકાના વાસણા, ધારોલી બે ગામો છે. બાંડાબેડા નામનું કોઇ સ્વતંત્ર મહેસૂલી ગામ નથી. એટલે આ બે ગામની ૮૦૦ એકર જમીન જે છે, ત્યાં આગળ કોઇ વિસ્થાપિતોની ફાળવણી કરવામાં આવી નથી. આ જમીન સરકાર હસ્તકની, નર્મદા નિગમ હસ્તકની છે. સ્થાનિક ખેડૂતોને એકસાલી ધોરણે એનું વાવેતર કરવા માટે જેમ આખા રાજયમાં આપવામાં આવે છે, એ પ્રમાણે કલેકટર દ્વારા વાવેતર કરવા માટે આપવામાં આવે છે. અને આ જમીન એ કોઇએ દબાણ કરેલી નથી.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ભરૂચ જિલ્લામાં સરદાર સરોવર યોજના હેઠળ પુનઃ વસન માટે તાલુકાવાર કેટલી જમીન પ્રાપ્ત કરવામાં આવી અને નર્મદા યોજના અસરગ્રસ્તોના પુનઃ વસન માટે સરકારે પ્રાપ્ત કરેલી કુલ જમીનમાંથી આજદિન સુધી તાલુકાવાર કેટલી જમીન અસરગ્રસ્તોને ફાળવવામાં આવેલ છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા યોજનાની કામગીરી જયારે હાથ ઉપર લેવામાં આવી ત્યારે અસરગ્રસ્તોને નિયમ અનુસાર જે જમીન આપવી પડે, ટ્રિબ્યુનલના ચુકાદા અનુસાર, એના કરતાં પણ ગુજરાત સરકારે ઉદાર ધોરણ અપનાવીને જે આદિવાસી ભાઇઓ નર્મદાના કારણે વિસ્થાપિત થતા હતા, ડૂબાણમાં આવતા હતા, આઇડેન્ટીફાઇ થયેલા, નકકી થયેલા લાભાર્થી હતા, એમને એમની પસંદગી પ્રમાણેની જમીન જુદા જુદા તાલુકામાં આપવા માટે સરકારે જે તે વખતે પણ આયોજનો કરેલા અને એના ભાગ રૂપે માનનીય દુષ્યંતભાઇએ જે પ્રશ્ન કર્યો, એ ભરૂચ તાલુકામાં ૮૬૩ હેકટર જમીન પ્રાપ્ત કરવામાં આવેલી. આમોદ તાલુકામાં ૩૪૪ હેકટર જમીન પ્રાપ્ત કરવામાં આવેલી. ઝઘડીયા તાલુકામાં ૩૪૯ હેકટર જમીન એકવાયર કરવામાં આવેલી. વાલીયા તાલુકામાં ૧૮૯ હેકટર જમીન એકવાયર કરવામાં આવેલી. વાગરા તાલુકામાં ૧૬૩ હેકટર જમીન મેળવવામાં આવેલી, જંબુસર તાલુકામાં ૬૭૬ હેકટર જમીન મેળવવામાં આવેલી. હાંસોટ અને અંકલેશ્વર તાલુકામાં કોઇ જમીન મેળવવામાં આવી નહોતી. જે જમીન મેળવવામાં આવી હતી તે જમીનમાંથી ભરૂચ જિલ્લામાં ૨૧૬ અસરગ્રસ્તોને ૪૩૩ હેકટર જમીન ફાળવી આપી છે. આમોદ તાલુકામાં ૫૭ અસરગ્રસ્તોને ૧૧૪ હેકટર જમીન ફાળવી આપી છે, ઝઘડીયા તાલુકામાં ૭૮ અસરગ્રસ્તોને ૧૫૬ હેકટર જમીન ફાળવી આપી છે. વાલીયા તાલુકાના ૩૭ અસરગ્રસ્તોને ૭૪ હેકટર જમીન ફાળવી આપી છે. વાગરા તાલુકાના ૪૬ અસરગ્રસ્તોને ૯૨ હેકટર જમીન ફાળવી આપી છે. જંબુસર તાલુકામાં ૧૭૭ અસરગ્રસ્તોને ૩૫૪ હેકટર જમીન ફાળવી આપી છે. આમ ભરૂચ જિલ્લાના ૬ તાલુકાઓમાં ૬૧૧ અસરગ્રસ્તોને સરકાર તરફથી કુલ ૧૨૨૩ હેકટર જમીન આ નર્મદાના અસરગ્રસ્ત વિસ્થાપિતોને ફાળવી આપવામાં આવી છે.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન બહુ ગંભીર છે, માનનીય સભ્યશ્રી કિરણભાઇએ જે વાત કરી કે ૮૦૦ એકર જમીન નર્મદાના વિસ્થાપિતો માટે સંપાદિત કરવામાં આવી હતી અને હજુ સુધી કોઇ વિસ્થાપિતોને ફાળવણી થઇ નથી અને આ જમીન નિગમ હસ્તક છે. માનનીય સભ્યશ્રીએ પુરાવો રજૂ કર્યો છે, પંચનામુ જેના ઉપર સરકારી અધિકારી તરીકે તલાટીની સહી છે અને તલાટી પોતે પંચનામામાં એમ કહે છે કે આ જગ્યા ઉપર કોઇ એક ઇસમ દ્વારા બળજબરીથી ખેડાણ કરવામાં આવી રહ્યું છે. ત્યાર પછી વિધાનસભામાં પ્રશ્ન પૂછાયા પછી એટલે છેલ્લા બે દિવસમાં જુદા જુદા નામે પાવતીઓ ફાડવામાં આવી. એટલે ખરેખર આ જગ્યા કોઇ એક ઇસમ દ્વારા પચાવી પાડી અને તેના ઉપર ખેતી કરવામાં આવે છે કે કેમ તેના સંદર્ભમાં આ સરકાર વિસ્તૃત તપાસ કરાવવા માગે છે કે કેમ? આ એક સવાલ અને બીજો સવાલ એ છે કે ખેડૂતો પાસેથી આ જમીન એકવાયર કરી લીધી અને પછી હજુ સુધી ફાળવણી ન થઇ હોય

અને એકસાલી ખેડાણ માટે જો બીજા કોઇને આપતા હોય તો જમીનના જે મૂળ માલિકો છે એમને આ જગ્યા ખેતી કરવા માટે આપવા માગે છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગમે તે કારણસર રાજકીય રીતે કે અન્ય રીતે આ પ્રશ્નનું અવલોકન કરીને અહીં જુદી રીતે મૂકવામાં આવી રહ્યો છે. મારે થોડી વધારે ડિટેઇલ એટલા માટે આપવી છે કે ગેરસમજ છે તે અહીં દૂર થાય. જરાક વિગતોનો ઉંડાણપૂર્વકનો અભ્યાસ કરીને જાણીએ તો સ્પષ્ટતા થઇ જશે. ભરૂચ જિલ્લાના સંબંધિત ગામોની જે વાત કરી છે એમાં ઝઘડીયા તાલુકાનું વાસણા અને ધારોલી ગામ છે, એમાંથી ૧૯૯૦માં ૮૨ હેકટર જમીન ધારોલી ગામમાંથી લેવામાં આવેલી અને વાસણા ગામમાંથી ૫૮ હેકટર જમીન લેવામાં આવેલી, આમ બન્ને ગામમાં અસરગ્રસ્તોને જમીન ફાળવવા માટે સરકારે મેળવી, ત્યારપછી આ જમીન અમારે ઉપયોગી નથી અને અમારે અહીં વસવું નથી એવું અસરગ્રસ્તોએ સરકારમાં, નર્મદા નિગમમાં અને પુનઃવસન એજન્સીને એ વખતે રજૂઆતો કરેલી, અને એ રજૂઆતોના કારણે રાજય સરકારે ૧૯૯૩થી માંડીને ૨૦૦૩ સુધી આ વિસ્થાપિતોની જેમ જેમ માગણી આવી કે અહીં વસવું છે એમને માટે ભરૂચ જિલ્લામાં મેં અગાઉ માનનીય દુષ્યંતભાઇના પ્રશ્નમાં કહ્યું તેમ જુદી જુદી જગ્યાઓએ રાજય સરકારે વધારાની જમીન મેળવી રાખી હતી અને હજુ પણ આપણી પાસે જમીન છે જ, એટલે એ વખતે આ અસરગ્રસ્તોએ એમ કહ્યું કે અમારે ઝઘડીયા તાલુકામાં વસવું નથી અન્ય તાલુકામાં પુનઃ વસન કરી આપો અને તેના કારણે ૧૯૯૩ થી શરૂ કરી અને ૨૦૦૩ સુધી આ તમામ વસાહતના ૪૧ અસરગ્રસ્તોને રાજય સરકારે જમીન બીજી જગ્યાએ ફાળવી આપી. અને એમાં એક ડભોઇ તાલુકાનું આકોતરા, છડી આમલી નસવાડી,માલુ, સંખેડા તાલુકાનું ગામ છે. અસરગ્રસ્તો ત્યાં છે જ નહિ. ((અંતરાય)) માનનીય અધ્યક્ષશ્રી, આ લોકો જે રીતે વાત કરે છે ત્યાં અસરગ્રસ્તો છે જ નહિ. ૧૯૯૩માં તમારી સરકાર હતી ત્યારથી પ્રક્રિયા શરૂ કરી અસરગ્રસ્તોને બીજી જગ્યાએ વસાવ્યા છે. માનનીય સિદ્ધાર્થભાઇ, થોડી સાંભળવાની ધીરજ રાખવી પડે. પ્રશ્નનો જવાબ સાંભળવાની ધીરજ રાખો. સાહેબ, એમ ન સમજાય તો વધુ સરળતાથી સમજાવું કે અસરગ્રસ્તોને ઝઘડીયા તાલુકામાં જમીન ફાળવી હતી, ૧૯૯૩થી અસરગ્રસ્તોએ કહ્યું કે અમારે ઝઘડીયા તાલુકામાં નથી રહેવું એટલે અન્ય તાલુકા નસવાડી, ડભોઇ અને સંખેડા તાલુકામાં આ આદિવાસીભાઇઓ, અસરગ્રસ્તોને ૧૯૯૩ થી સ્થળાંતર કર્યા છે. જે જમીન તમે વિવાદ વાળી કહો છો, દબાણવાળી કહો છો એ સરકાર હસ્તક ફાજલ કરીને ત્યાંના સ્થાનિક મૂળ ખેડૂતોને એકસાલી પદ્ધતિથી વાવેતર કરવા આપે છે.

શ્રી અમરસિંહ રા. વસાવા : મારે મંત્રીશ્રી પાસેથી સ્પેસીફિક જવાબ જોઇએ છે, માનનીય મંત્રીશ્રી હાઉસમાં * (xxxxx) આપે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો જવાબ ખોટો લાગતો હોય તો અન્ય નિયમો અનુસાર નોટિસ આપી શકો છો, પરંતુ અહીંયા (xxxxx)આપે છે એવું ન કહી શકો. હું આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી અમરસિંહ રા. વસાવા : મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી સાચો જવાબ જાણવો છે કે વિસ્થાપિતોનો આ સવાલ છે. ગઇ પાછલી વિધાનસભામાં પણ આ પ્રશ્ન પૂછયો હતો એમાં અમે ભાગ લીધો હતો. આજ વાત માનનીય મંત્રીશ્રી નીતિનભાઇની ચેમ્બરમાં પણ કરી હતી. એ પરમિશન આપતા હોય તો હું આ હાઉસમાં રજૂ કરવા તૈયાર છું. મારે કહેવું છે કે જે ગામો રજૂ થયા છે એમાં ૮૦૦ એકર નહિ એક હજાર એકર જમીન છે, આનાથી પણ વધારે જમીન છે. એની મુલાકાત મેં પણ લીધી છે. જે વિસ્થાપિતો કેવડીયા ગડેર ગામે રહે છે ત્યાંની પણ મુલાકાત લીધી છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે જે વડોદરામાં સરદાર સરોવર નર્મદા નિગમની ઓફિસ છે એમણે પણ કહ્યું હતું કે આ જમીન ઉપર સરકારનો કબજો છે. તો મારે મંત્રીશ્રી પાસેથી

---

*** (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

જાણવું છે કે ૮૦૦ એકરમાં ગુજરાતની ભાજપ સરકાર ખેતી કરે છે કે કેમ, એ ખેતી કરતી હોય તો એનું ઉત્પાદન કેટલું છે અને ઉત્પાદન લીધું હોય તો સરકારમાં જમા છે કે નહિ?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ઉપર આવો નહિતર આપનો પૂરક પ્રશ્ન નામંજૂર કરીશ.

શ્રી અમરસિંહ રા. વસાવા : મારે એમ કહેવું છે કે આ જમીન છે એ હાલમાં કોના કબજામાં છે, આ જમીન કોને આપી, કયા ખેડૂતોને આપી છે? આની તપાસ કરવા સરકાર તપાસ સમિતિ નિમવા માગે છે કે કેમ? આ કોને આપી અને કયા કયા ખેડૂતો છે અને કેટલા વર્ષ માટે આપી છે ?

શ્રી નીતિનભાઈ ર. પટેલ : માનનીય અમરસિંહભાઈ, તમારા મનમાં શું છે એની મને ખબર છે. તમે સીધી રીતે ત્યાં નથી પહોંચી શકતાં ત્યાં આ સન્માનનીય સભાગૃહનો ઉપયોગ કરી અને ખોટી રીતે આ પ્રશ્ન ઊભો કરવા માગે છો આ યોગ્ય નથી. તમે સીધી રીતે નથી પહોંચી શકતા. એમનો જે પ્રશ્ન છે એમણે કહ્યું કે સરકાર ખેતી કરે છે તો શું સરકાર ખેતી કરવા જાય? એમને સંતોષકારક જવાબ આપું છું. એમને પૂછ્યું કે આ જમીન કોના હસ્તક છે. વાસણા, અને ઘરોલી ગામે ખરીદેલ કુલ ૮ર હેક્ટર જમીનમાંથી ૩૯ હેક્ટર જમીન કલેક્ટરશ્રી ભરૂચના ૧૯-૯-૧૯૯૪ના હુકમથી જંગલ ખાતાને તબદીલ કરવામાં આવેલ છે.

બાકી રહેલ ૬૮ હેક્ટર જમીનમાંથી બાકી ૬૩ હેક્ટર જમીન મામલતદારશ્રી ઝઘડીયા સ્થાનિક ખાતેદારોને દર વર્ષે એકસાલી ધોરણે ખેડવા માટે ફાળવે છે. આ ૧૯૯૪નું છે અને તમે ૨૦૧૨માં આ બધા પ્રશ્નો ઉભા કરો એટલે મારે કહેવું છે કે આ જૂનું છે અને અત્યારે મારો જવાબ સાચો છે.

**કચ્છ જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક/બિન રહેણાંકના મકાનોની મરામત**

***૨૮૫૯૮ શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.-

(૧)કચ્છ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિન રહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને

(૨)આ કામગીરી પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)ઃ**

(૧)રહેણાંકના કુલ-૧૩૬ અને બિનરહેણાંકના ૦૫ મકાનો.

(૨)કુલ ` ૬૮.૩૩ લાખ.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, ટાઈમ્સ મેગેઝીનના ફ્રન્ટ પેજ ઉપર ગુજરાતના મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઈના વિકાસના દસકાના કારણે ફોટો એ ૬ કરોડ ગુજરાતીનું સન્માન છે. હું ગુજરાતી તરીકે મારી જાતને એ માટે ધન્યતા અનુભવું છું.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : મારે પ્રશ્ન જ પૂછવો છે અને માનનીય અધ્યક્ષશ્રી સ્હેજ બોલીએ છીએ તો, હમ આહ ભી ભરતે હૈ તો હો જાતે હૈ બદનામ, યે કત્લ ભી કરતે હૈ તો કોઈ ચર્ચા નહીં હોતી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ પ્રશ્ન પૂછો. આપ ચર્ચા ન કરો.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ગુજરાતનું નામ પડે અને ગુજરાતને બદનામ કરનારા લોકો ગુજરાતની વાહ વાહ થાય તો..

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ ચર્ચા લંબાવશો તો આપનો પ્રશ્ન નામંજૂર કરીશ. આપ પ્રશ્ન પૂછો.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : મારે હવે પ્રશ્ન ઉપર જ આવવું છે. પણ ગુજરાત માટે કોઇ સારું બોલે છે તો ગુજરાતના વિરોધીઓને ખાવાનું પચતું નથી. માનનીય અધ્યક્ષશ્રી, ((અંતરાય)) આ ગુજરાત તમારું છે નહીં, ગુજરાત તમારામાંથી જતું રહ્યું છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછવા માગો છો કે નામંજૂર કરું? આપ સીધો પ્રશ્ન પૂછો પ્લીઝ.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : મારે ચર્ચા કરવી હતી.

અધ્યક્ષશ્રી : ચર્ચા અત્યારે ન થાય પ્લીઝ. સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કચ્છ જિલ્લામાં ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પોલીસ વિભાગના રહેણાંક અને બિન રહેણાંકના મકાનોની મરામત માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી પ્રફુલ્લભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં કચ્છ જિલ્લામાં રહેણાંક અને બિન રહેણાંકના મકાનો માટે જે ખર્ચની માહિતી માગી છે તે પ્રમાણે કચ્છ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં રહેણાંકના મકાનોમાં વર્ષ ૨૦૧૦માં ભૂજ ખાતે વિવિધ કક્ષાના કુલ ૫૦ મકાનો પાછળ ૨૦ લાખ રૂપિયા જેટલો ખર્ચ કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૧માં ભૂજ ખાતે વિવિધ કક્ષાના ૮૬ રહેણાંકના મકાનો પાછળ ૩૫ લાખ રૂપિયા મરામતમાં ખર્ચ કરવામાં આવ્યો છે. આમ કુલ ૧૩૬ રહેણાંકના મકાનો પાછળ લગભગ ૫૫ લાખ રૂપિયા મરામત અને જાળવણી પાછળ ખર્ચ કરવામાં આવ્યો છે. જયાં સુધી બિન રહેણાંકના મકાનોને લાગે વળગે છે ત્યાં સુધી વર્ષ ૨૦૧૦માં ભૂજ તાલુકાના ભૂજ સિટી પોલીસ સ્ટેશન માટે રૂ. ૨.૯૫ લાખ, ભૂજ તાલુકાના ભૂજ તાલુકા પોલીસ સ્ટેશન માટે રૂ. ૨.૩૩ લાખ, અબડાસા તાલુકાના જખૌ ખાતે પોલીસ સ્ટેશન માટે ૨.૫૫ લાખ, અબડાસા તાલુકાના કોઠારા પોલીસ સ્ટેશન માટે ૨.૮૦ લાખ, નખત્રાણા તાલુકાના નખત્રાણા પોલીસ સ્ટેશન માટે ૨.૭૦ લાખ મળી કુલ ૧૩.૩૩ લાખ રૂપિયાના ખર્ચે પાંચ બિન રહેણાંક મકાનોની મરામત અને જાળવણી કરવામાં આવેલી છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વર્ષ ૨૦૦૦થી ૨૦૦૧ અને ૨૦૦૦થી ૨૦૧૧ સુધીમાં રાજય સરકારે આ રહેણાંક અને બિન રહેણાંકના મકાનો પાછળ કેટલું ખર્ચ કરેલ છે અને કેટલી કામગીરી થયેલ છે? શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ૧૯૮૮થી ૨૦૦૦ અને ૨૦૦૧થી ૨૦૧૧ સુધીમાં રેસિડેન્સિયલ અને નોન રેસિડેન્સિયલ કેટલા મકાનોની કામગીરી હાથ ધરી છે? કચ્છ જિલ્લામાં ૧૯૮૮થી ૨૦૦૦ના ગાળા દરમિયાન કુલ ૪૮૩ રહેણાંકના મકાનોની કામગીરી હાથ પર લેવામાં આવી હતી અને એની પાછળ રૂ.૧૧૫૦.૭૬ લાખનો ખર્ચ થયેલ. ૨૦૦૧થી ૨૦૧૧ સુધીમાં વિવિધ કક્ષાએ કુલ ૧૦૯૫ રેસિડેન્સિયલ મકાનોની કામગીરી હાથ પર લેવામાં આવી છે અને જેની પાછળ રૂ.૪૬૯૬.૪૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આમ ૧૯૮૮થી ૨૦૦૦ અને તે પછીના સમય ગાળાથી શરૂ કરી અત્યાર સુધીના સમય ગાળાની તુલના કરીએ તો લગભગ ૩૦૮ ટકા ઘણો વધારે ખર્ચ કરવામાં આવ્યો છે. નોન રેસિડેન્સિયલ મકાનોનો સવાલ છે ત્યાં સુધી ૧૯૮૮થી ૨૦૦૦ સુધીના વર્ષમાં એક મકાનની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને એની પાછળ રૂ.૪૫.૪૩ લાખનો ખર્ચ થયેલ હતો. ૨૦૦૧થી ૨૦૧૧ સુધીમાં કુલ ૩૭ મકાનોની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને એની પાછળ લગભગ ૧૧૯૪.૧૩ લાખનો ખર્ચ થયેલ છે. અગાઉના વર્ષોની તુલનામાં તુલનાત્મક રીતે જોઇએ તો છેલ્લા દસ વર્ષમાં ૩૬ જેટલા વધુ મકાનોનું કામ હાથ ધરેલ છે અને જેની પાછળ રૂ.૧૧૪૮.૭૦ લાખનો વધુ ખર્ચ થયેલ છે.

શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, માંડવી તાલુકાના ગઢપીપળા ગામે નવું પોલીસ સ્ટેશન બાંધવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે નવા પોલીસ સ્ટેશનનની માગણી છે એ એમનું સૂચન છે. નાણાંકિય ઉપલબ્ધતા હશે અને આવશ્યકતા હશે તો ડેફીનેટલી એના ઉપર ગંભીરતાથી વિચારણા કરવામાં આવશે.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, પૂર્વ કચ્છમાં ગાંધીધામને પોલીસ જિલ્લો જાહેર કરીને જે ઔદ્યોગિક હબ બન્યું છે એવા વિસ્તારમાં, એવી રીતે પોલીસ જિલ્લો જાહેર કરીને પોલીસ ડિપાર્ટમેન્ટની વહીવટી ક્ષમતા વધારી છે એના માટે મુખ્યમંત્રીશ્રીને હૃદયપૂર્વકના ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ગાંધીધામને પોલીસ જિલ્લો જાહેર કર્યો, બે પોલીસ સ્ટેશન એ અને બી કર્યા અને બીજા પણ પોલીસ સબસ્ટેશન કર્યા છે, સ્ટાફની ક્ષમતા પણ ખૂબ વધારી છે ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે કોઇ પોલીસ મથકો બનાવવામાં આવ્યા છે અને જાહેર કરવામાં આવ્યા છે એના માટે મકાન બનાવવાની શું વ્યવસ્થા કરવામાં આવી છે અને એના માટે બજેટમાં કેટલી જોગવાઇ કરવામાં આવી છે?

શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ વિભાગના મકાન બનાવવા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે અને એના માટે પોલીસ હાઉસીંગ કોર્પોરેશન બનાવવામાં આવેલ છે. એના દ્વારા પોલીસ વિભાગના રહેણાંકના અને બિન રહેણાંકના મકાનો બનાવવામાં આવે છે.

**નવસારી જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના બિન રહેણાંકના મકાનોના કામ**

**શ્રી આર. સી. પટેલ(જલાલપોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)** જણાવવા કૃપા કરશે કે.–

(૧)નવસારી જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બિન રહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨)આ કામો પાછળ તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયલે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (પોલીસ આવાસો)ઃ**

(૧)કુલ–૦૪ બિનરહેણાંકના કામો.

(૨)કુલ ` ૬૯.૫૦ લાખ.

શ્રી આર. સી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, મારા જિલ્લામાં મારા જવાબમાં જણાવેલ નવસારી જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ચાર બિન રહેણાંકના મકાનોના કામ હાથ ધરવામાં આવ્યા છે અને એ તાલુકાવાર કયા કયા ગામો છે અને એ તમામ કામો માટે કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના નવસારી તાલુકાના અમલસાડ ખાતે રૂ.૭.૯૧ લાખના ખર્ચે આઉટ પોસ્ટનું કામ હાથ ધરેલ છે, જલાલપુર તાલુકાના મુન્સાર ખાતે રૂ.૮.૦૫ લાખના ખર્ચે આઉટ પોસ્ટનું કામ હાથ ધરેલ છે, જલાલપુરના ઉભરાટ ખાતે રૂ.૯.૮૭ લાખના ખર્ચે બીજી આઉટ પોસ્ટ ગણદેવી તાલુકાના બીલીમોરા ખાતે રૂ.૪૩.૬૭ લાખના ખર્ચે ગ્રામ્ય પોલીસ સ્ટેશનનું કામ હાથ ધર્યું છે. આમ નવસારી તાલુકામાં છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ લગભગ રૂ.૬૯.૫૦ લાખના ખર્ચે જુદા જુદા ચાર નોન રેસિડેન્સિયલ મકાનોના કામ હાથ ધરવામાં આવ્યા છે.

શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લાના પોલીસ આવાસોની આ વાત છે ત્યારે હું જે મત વિસ્તારમાંથી આવુ છું ત્યાં બે પોલીસ સ્ટેશન છે અને એક આઉટ પોસ્ટ છે. માનનીય મંત્રીશ્રીએ હમણાં જ જણાવ્યું કે અમલસાડ આઉટપોસ્ટ અને એના આવાસોનું કામ પૂર્ણ થયું છે અને એનું લોકાર્પણ પણ માનનીય મંત્રીશ્રીએ કર્યુ છે. અને અમારા બીલીમોરા પોલીસ સ્ટેશનનું કામ તથા એના આવાસોનું કામ પણ પૂર્ણતાની કક્ષાએ છે. અને ગણદેવી પોલીસ સ્ટેશનમાં પણ આવાસોનું કામ પૂર્ણતાની કક્ષાએ છે અને મેં મંત્રીશ્રીને આમંત્રણ પણ આપ્યું છે કે આપ લોકાર્પણ માટે આવો. ત્યારે મારે ખરેખર માનનીય મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને અભિનંદન આપવા પડે. હું એ જાણવા માગુ છું કે સને ૧૯૮૮થી ૨૦૦૦ અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં પોલીસ આવાસોના કેટલા બિન રહેણાંક મકાનો બનાવવામાં આવ્યા અને એની પાછળ કુલ કેટલો ખર્ચ થયો?

શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોલીસ હાઉસીંગ કોર્પોરેશન ૧૯૮૮માં કાર્યરત થયેલું. માનનીય સદસ્યશ્રીએ બે તબકકે વિગત માગી છે. ૧૯૮૮ થી ૨૦૦૦ અને ૨૦૦૧ થી ૨૦૧૧ સુધી. તો માનનીય અધ્યક્ષશ્રી મારે જણાવવું છે કે નવસારી જિલ્લામાં ૧૯૮૮ થી ૨૦૦૦ના ગાળા દરમિયાન નોન રેસીડેન્સીયલ બિલ્ડીંગમાં અનફોર્ચ્યુનેટલી એક પણ મકાન હાથ ધરવામાં આવેલ નથી. નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ના ગાળા દરમિયાન વર્ષવાર જો માહિતી જોઇએ તો વર્ષ ૨૦૦૬માં જલાલપુર તાલુકાના મરોલી ખાતે ૩.૯૬ લાખ રૂપિયાના ખર્ચે એક આઉટ પોસ્ટનું મકાન હાથ ધરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૦૭માં નવસારી તાલુકાના નવસારી ખાતે ૧૪૮.૫૭ લાખ રૂપિયાના ખર્ચે એસ.પી. કચેરીનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. એજ પ્રમાણે વર્ષ ૨૦૦૮માં ચીખલી તાલુકાના ચીખલી ખાતે ૨૪.૧૬ લાખ રૂપિયાના ખર્ચે પોલીસ સ્ટેશનનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૯માં નવસારી તાલુકાના અમલસાડ ખાતે ૭.૯૧ લાખ રૂપિયાના ખર્ચે આઉટ પોસ્ટ, જલાલપુર તાલુકાના મુનસાઢ ખાતે ૮.૦૫ લાખ રૂપિયાના ખર્ચે આઉટપોસ્ટનું કામ, જલાલપુર તાલુકાના ઉભરાટ ખાતે ૯.૮૭ લાખ રૂપિયાના ખર્ચે આઉટપોસ્ટનું મકાન, એ જ પ્રમાણે વર્ષ ૨૦૧૦માં ગણદેવી તાલુકાના બીલીમોરા ખાતે ૪૩.૬૭ લાખ રૂપિયાના ખર્ચે ગ્રામીણ પોલીસ સ્ટેશનનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું છે. આમ કુલ મળીને વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીના દસ વર્ષના ગાળામાં ૨૪૬.૧૯ લાખ રૂપિયાના ખર્ચે કુલ ૭ નોન રેસીડેન્સીયલ બિલ્ડીંગના કામો હાથ ધરવામાં આવેલ છે.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, નવસારી જિલ્લામાં જ વાંસદા તાલુકો પણ આવેલો છે. છેલ્લા પાંચ વર્ષથી હું પૂછું છું કે અમારા વાંસદા તાલુકાના જે પોલીસ સ્ટેશન છે તે કયારે બનાવવા માગો છો? આ વર્ષે પણ મારો પ્રશ્ન હતો અને એમાં જવાબ મને મળ્યો છે કે જમીન મળ્યેથી. અત્યારે જે પોલીસ સ્ટેશનના મકાન છે એ કદાચ તમે જો દસ જણા સાથે ચડો તો વાઇબ્રંટ થાય છે અત્યારે, ધ્રુજે છે તો એ વાંસદા તાલુકાનું પોલીસ સ્ટેશનનું મકાન બનાવવા માગો છો કે કેમ? અને એ વાંસદા તાલુકાના ત્રણ આઉટ પોસ્ટ છે એ પણ અત્યારે તોડી પાડવામાં આવ્યા છે અને ભાડાના મકાનમાં બેસે છે તો એ ઓ.પી.ના મકાનો બનાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સદસ્યશ્રીએ કહ્યું એ પ્રમાણે વાઇબ્રંટ હશે તો ધબકતું હશે, ધ્રુજતું નહીં હોય ધ્રુજતું અને ધબકતું બન્નેમાં બેઝીકલી ફર્ક છે એટલે એ ફર્ક સમજવાની આવશ્યકતા છે. માનનીય સદસ્યશ્રી આપે જે કહ્યું એ પ્રમાણે બન્ને આપના સૂચનો છે. જયાં સુધી જમીન મેળવવાનો પ્રશ્ન છે ત્યાં સુધી એ કાર્યવાહી સત્વરે હાથ ધરી અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## દહેજ–ઘોઘા રો–રો સર્વિસ શરૂ કરવા બાબત

*** ૨૮૬૭૩ શ્રી દુષ્યંતભાઈ પટેલ (જંબુસર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

(૧)રાજ્ય સરકાર દહેજ–ઘોઘા વચ્ચે રો–રો ફેરી સર્વિસ ચાલુ કરવા માંગે છે તે હકીકત સાચી છે,અને

(૨)જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કે છે ?

**મુખ્ય મંત્રીશ્રી (બંદરો)ઃ**

(૧)હા, જી.

(૨)યોજના અંતર્ગત દહેજ તથા ઘોઘા ખાતે ટર્મિનલોના બાંધકામની એજન્સી નક્કી કરી કામ શરૂ કરવા કાર્ય આદેશ આપવામાં આવ્યો છે. જરૂરી ડ્રેર્જીંગ કામગીરી તથા ખાનગી ફેરી ઓપરેટરો નિમવા વિગેરેની કામગીરી માટે તજજ્ઞોની નિમણૂંક કરી છે.

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, દહેજ ઘોઘા રો–રો ફેરી સર્વિસ શરૂ કરવા બદલ અને આ ઐતિહાસિક નિર્ણય બદલ આ વિઝનરી મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન પાઠવવા માગુ છું. દુનિયાના શ્રેષ્ઠ ૨૫ એ.સી.ઝેડ પૈકી દહેજના એ.સી.ઝેડનો પણ સમાવેશ થાય છે એ ગુજરાત અને દેશનું ગૌરવ છે. ત્યાંના પ્રતિનિધિ તરીકે પણ હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવવા માગું છું અને દહેજ ઘોઘા ફેરી સર્વિસ શરૂ કરવાનો હેતુ શું છે, આ ફેરી સર્વિસ શરૂ કરવાથી કયા લાભો થશે? તેમજ આ સર્વિસ શરૂ થવાથી સમયમાં અને અંતરમાં કેટલો ઘટાડો થશે અને બીજો પ્રશ્ન છે કે ગુજરાત રાજ્યમાં આવી બીજી કોઇ અન્ય જગ્યાએ ફેરી સર્વિસ શરૂ કરવા માગો છો કે કેમ? અને થઇ હોય તો એ સરવે ક્યાં ચાલી રહ્યો છે?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ :** મૂળભૂત રીતે આ દેશના ત્રીજા ભાગનો દરિયાકાંઠો ધરાવતા ગુજરાતના કચ્છથી માંડીને દક્ષિણ ગુજરાત સુધીના મુખ્ય બંદરો જ્યાં આ પ્રકારની રોલઓન–રોલઓફ સર્વિસ થકી પેસેન્જર અને બસ અથવા તો ટ્રકનું ટ્રાન્સપોર્ટ શક્ય છે તેનો આ પ્રથમ તબક્કો છે. દહેજ–ઘોઘા વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવાનું અને એ માટેના ટર્મિનલના બાંધકામનું ભૂમિપૂજન પણ આ ૨૫મી જાન્યુઆરીએ માનનીય મુખ્યમંત્રીશ્રીના હસ્તે થઇ ગયું છે. આ થવાથી જે ૩૬૦ કિલોમીટરનું અંતર દહેજ અને ઘોઘા વચ્ચે છે એ ઘટીને દરિયા માર્ગે માત્ર ૩૧ કિલોમીટર થઇ જશે. સમયની દ્રષ્ટિએ જોઇએ તો રસ્તા–રોડ માર્ગે જવું હોય તો ૭ કલાક લાગે તેના બદલે દોઢ કલાકમાં આ અંતર પૂરું કરી શકાશે. એટલે આ ફાયદો સ્વાભાવિક રીતે સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાત સાથે જોડવાનો અને એ રીતે ગુજરાતના મુખ્ય બજારો અને વિકાસશીલ બજારો છે એની વિકાસની શ્રૃંખલાને મજબૂત કડીથી સાંકળવાનો પ્રયાસ છે. આ ફેરીમાં એક સાથે ૯૦૦ પેસેન્જર અને ૧૦૦ વાહનો જઇ શકશે. એટલે મોટી સંખ્યામાં પેસેન્જર આ ફેરી સર્વિસ થકી ટ્રાન્સપોર્ટ કરી શકશે અને માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે બીજે આ અંગે રાજ્ય સરકાર આ યોજના આગળ વિચારણામાં લેવા માગે છે કે નહીં તો સુવાલી–પીપાવાવ–જાફરાબાદથી કચ્છ સુધીનું જે મુખ્ય લોકેશન છે એની સરવેની કામગીરી કરીને ત્યારપછી આગળની કાર્યવાહી કરવાનું અમારું આયોજન છે.

**શ્રી આત્મારામ મ. પરમાર :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ જે આખી યોજના છે એ માટે કુલ કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે અને ખાસ કરીને એક બીજી વિગતો પણ જે દિવસે મુખ્યમંત્રીશ્રીના હસ્તે આ ભૂમિપૂજન થયું એમાં હું હાજર હતો એટલે આગામી દિવસોમાં આ ફેરી સર્વિસનો પોઇન્ટ છે એને ભાવનગરથી બાયપાસ કરવાની જરૂર પડે તો એ સંજોગોમાં એનું પ્લાનીંગ થઇ શકશે કે કેમ?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ :** માનનીય સભ્યશ્રીએ જે પ્રોજેક્ટના ખર્ચની વિગતો પૂછી એમાં પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ નીચે મુજબ છે. દહેજ–ઘોઘા ટર્મિનલનું બાંધકામ બન્ને બાજુ એના માટે ૧૯૩.૪૯ કરોડનો અંદાજિત ખર્ચ છે. ડ્રેનેજ માટે ૫૬.૭૦ કરોડ, રોડ બન્ને સાઇડે જ્યાં વિસ્તારવાના થાય અથવા નવા કરવાના થાય એના માટે ૨૩ કરોડ, નેવીગેશનની સુવિધા માટે ૬ કરોડ, કન્ટીજન્સી એટલે કે પરચુરણ ખર્ચ થાય એના માટે ૧૩.૯૬ કરોડ, કન્સલ્ટન્સી ચાર્જીસ માટે ૨.૫૦ કરોડ, એન્વાયરમેન્ટ સ્ટડી માટે .૧૫ કરોડ એમ કરીને અંદાજિત ૨૯૫.૮૦ કરોડ થવાનો અંદાજ છે અને બીજું સૂચન કર્યું તે બીજા સૂચન માટે જ્યાં જરૂરિયાત હશે ત્યાં એની શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરાવીને એને વિચારણામાં લેવામાં આવશે.

**શ્રી અમરસિંહ રા. વસાવા :** માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારને ખાતમુહૂર્તો કરવાની બહુ લેહ (લ્હાય) લાગી છે.

**અધ્યક્ષશ્રી :** આ ગૃહનો સમય ન લો, પ્રશ્ન પૂછો.

**શ્રી અમરસિંહ રા. વસાવા :** મારું પૂછવાનું કારણ એ છે કે સરકાર ઘણા બધા ખાતમુહૂર્તો કરે છે.

**અધ્યક્ષશ્રી :** બીજા ખાતમુહૂર્તોમાં આપ નહીં પડો.

**શ્રી અમરસિંહ રા. વસાવા :** આ બાબતમાં મારે પૂછવું છે કે આ જે એજન્સી નક્કી કરવાનું કામ શરૂ કર્યું છે તો આ કામમાં કઇ કઇ એજન્સીઓએ ભાગ લીધો?ને આ કામ શરૂ કરીને સરકાર પૂર્ણ કરવા માગે છે કે અધવચ્ચેથી પડતું મૂકવા માગે છે?

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખાતમુહૂર્તની ચિંતા વ્યકત કરી. આ સરકાર તો જે કામો કરે છે, હાથમાં લે છે એને પુરા કરે છે અને સાહેબ આ ખાતમુહૂર્ત પણ વહેલા થઇ શક્યું હોત રાજ્ય સરકારની તૈયારી હતી. આ પ્રોજેકટને ખૂબ ઝડપે અમલીકરણ કરવાની, એનો ૨૦૦૩માં આખરી અહેવાલ તૈયાર થયો હતો. ૨૦૦૫માં કેન્દ્ર સરકારને મંજૂરી માટે મોકલવામાં આવ્યો ત્યાં ઘણો વિલંબ થયો માટે સાહેબ આ વાર થઇ છે. ((અંતરાય)) (સત્તાધારી પક્ષના સભ્યો દ્વારા શેઇમ શેઇમના પોકારો) અને એટલે સાહેબ આ કામગીરીને લાગે વળગે છે ત્યાં સુધી મારે માનનીય સભ્યશ્રીને કહેવું છે કે ખાતમુહૂર્ત તમે તો રસ્તા ઉપર ચૂનાના પાટા દોરીને કરતા હતા. કામો મંજૂર પણ નહોતા થઇ શકતા. મારા વિસ્તારમાં એક બેઠો પૂલ હતો. જ્યારે ચૂંટણી આવે ત્યારે એનું ખાતમુહૂર્ત થાય સાહેબ. આ પરિસ્થિતિ હતી. સાહેબ, અમે કામગીરીની શરૂઆત ૨૨૩.૫૩ કરોડનું ટેન્ડર મંજૂર કરીને એના માટે ઇજારો આપ્યા બાદ ભૂમિપૂજન કરવામાં આવ્યું છે એટલે અમે જે કાંઇ કહીએ છીએ એ કરીએ છીએ.

**સુશ્રી વિભાવરીબેન વિ. દવે** : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગુ એ પહેલા સાહેબ હું એ જણાવવા માગુ છું કે અમે બહુ નાના નાના હતાને ત્યારે છાપામાં વાંચતા કે આ રો–રો ફેરી સર્વિસ શરૂ થશે. પરંતુ આ રો–રો ફેરી સર્વિસ શરૂ થવા માટે કદાચ એ પવિત્ર હાથોનો ઇંતજાર હતો કે જે પવિત્ર હાથોથી આ રો–રો ફેરી સર્વિસનું ઉદઘાટન શરૂ થનાર હતું. ૬૩માં પૂર્વપ્રજાસત્તાક દિનની પૂર્વપ્રભાતે માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા આનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે આપણા નરેન્દ્રભાઇ મોદી ઇન ટાઇમમાં હંમેશા હોય છે અને રહે છે એવો વિશ્વાસ છે. આપના માધ્યમથી હું મંત્રીશ્રીને એ પૂછવા માગુ છું કે અત્યારે જે આ રો–રો ફેરી સર્વિસના કામોનું ખાતમુહૂર્ત કર્યુ છે એમાં કયા કયા કામો મંજૂર કરવામાં આવ્યા છે અને આ કામગીરી પૂર્ણ કરી ફેરી સર્વિસ ખરેખર ક્યારે શરૂ થશે? અને ૭ થી ૮ વર્ષ દરમ્યાન, કારણ કે હું જ્યારે ધારાસભ્ય તરીકે ચૂંટાઇ આવી ત્યારનું મને હતું કે આ રો–રો ફેરી સર્વિસ શરૂ થશે. પરંતુ એના વિલંબના કારણ માનનીય મંત્રીશ્રી મને જણાવે.

**શ્રી જયનારાયણ ન. વ્યાસ** : માનનીય અધ્યક્ષશ્રી, વિલંબનું કારણ તો મેં જણાવ્યું. કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં ખૂબ મોટો વિલંબ થયો. એના કારણે આ પ્રોજેકટના અમલીકરણમાં બહુ મોટો વિલંબ થયો છે. ((અંતરાય)) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછયો કે આમાં કઇ કઇ કામગીરીનો સમાવેશ થાય છે તો આ કામગીરીને ચાર ભાગમાં વહેંચવામાં આવી છે. એમાં દહેજ–ઘોઘા ખાતે ટર્મિનલના બાંધકામ માટે દહેજ અને ઘોઘા બંદર ખાતે બાંધવાના થતા માટે ટર્મિનલના બાંધકામનું વિશિષ્ટ પ્રકારનું તાંત્રિક દરિયાઇ બાંધકામના પ્રકારનું હોઇ તેમાં જેટી, એપ્રોચ ક્રિસ્ટલ, ફ્લોટિંગ કંટુન, લીંકસ્પાન વગેરે સ્ટ્રકચરોની દરિયાઇ પરિસ્થિતિ તેમજ ખૂબ મોટી ભરતી બાબતને ધ્યાનમાં લઇ એ પ્રકારના બાંધકામો નિશ્ચિત કરવામાં આવ્યા છે. આ બંને સ્થળોએ ઘોઘા અને દહેજ બંને જગ્યાએ ભરતી–ઓટની કોઇ તકલીફ ના નડે અને પાણીની સતત ઊંડાઇ મળતી રહે તે માટે ડ્રેજિંગ કરવું જરૂરી છે અને આ બંને સ્થળોએ ડ્રેજિંગની કામગીરી હાથ ધરવી અગત્યની હોવાથી એ કામગીરી કરવા માટે પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્સીની નિમણૂક કરવામાં આવી છે અને હવે આગળની કામગીરી હાથ ધરવામાં આવશે. માનનીય અધ્યક્ષશ્રી, દહેજ અને ઘોઘાખાતે ઓપરેશન કરવા માટે જે ફેરી જોઇએ તેના માટે પણ એક P MC ને આ કામગીરી સોંપવામાં આવી છે જેથી ટર્મિનલનું બાંધકામ થાય. તેની સાથો સાથ આ ફેરીને પણ ખરીદી કરી શકાય અને ત્યારબાદ આ કામગીરી અથવા તો એને પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ ધોરણે ચલાવી શકાય એ બાદ આગળની કામગીરી કરવામાં આવશે.

**શ્રી ઇકબાલ પટેલ** : માનનીય અધ્યક્ષશ્રી, દહેજ મારા મત વિસ્તારની ઔદ્યોગિક વસાહત ધરાવતું છે. કેન્દ્ર સરકારે પેટ્રોકેમિકલ્સ ઇન્વેસ્ટમેન્ટ રિજીયન P C P I R દેશમાં પાંચ જે આપેલા છે તે પૈકીનું દહેજ એક છે. સાહેબ, મારી પોઝીટિવલી વાત એટલી છે કે આ દહેજ અને ઘોઘા વચ્ચે ૩૦૦ કરોડના ખર્ચે. આપણે ઓપરેટર દ્વારા વાહનો ઘોઘાના છેડા પરથી દહેજના છેડા પર લાવવા માટેનું આમાં આયોજન છે અને અંતર ઘટાડવાનું આયોજન છે. એજ પ્રમાણે દહેજથી ઘોઘા સુધી લઇ જવાનું આયોજન છે. માનનીય મંત્રીશ્રીને હું એટલું જ પૂછવા માગું છું કે, જેમ મુંબઇમાં રાજીવ ગાંધી સી લીંક, વરલી સી–લીંક જે કહેવાય છે એ જે

બનાવવામાં આવેલું છે અને હાજીઅલીથી લઇ વરલી સુધીનું જે અંતર દરિયાના માર્ગનું ((અંતરાય)) તમને નહીં સમજ પડે ભરતભાઇ, જે ઘટાડવાનો પ્રયાસ થયેલો છે સાહેબ, રાજીવ ગાંધી સી–લીંક, એ પ્રકારનું ભવિષ્યનું કોઇ આમાં જે ટ્રાફિકનું ((અંતરાય)) ગાંધીના નામથી ગભરાઇ છે સાહેબ આ લોકો ((અંતરાય)) ગાંધીના નામથી તમે ગભરાવ છો.

અધ્યક્ષશ્રી : ઇકબાલભાઇ, આપ મારી સામે જોઇને જ પ્રશ્ન પૂછો. પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : હા સાહેબ. નિતીનભાઇ ડિસ્ટર્બ કરે છે.

અધ્યક્ષશ્રી : આપ શા માટે એ બાજુ ધ્યાન આપો છો ? આપ પ્રશ્ન પૂછો, પ્લીઝ.

શ્રી ઇકબાલ પટેલ : એટલે મારું એટલું જ સૂચન છે કે, જેમ ૩૦૦ કરોડમાં પ્રાઇવેટ ધોરણે આ જેટી આપણે બનાવી અને પ્રાઇવેટ પબ્લિકના ધોરણ પર કરવા માગીએ છીએ એ રીતે પબ્લિક–પ્રાઇવેટની પાર્ટનરશીપના ધોરણે ભવિષ્યમાં આ અંતર ઘટાડવા, દહેજ અને ઘોઘા, સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ઘટાડવા માટે અત્યારે જે રીતે વાહનો સંખ્યાબંધ રીતે અવર–જવર કરે છે એ માટે ભવિષ્યમાં કોઇ આયોજન કરવા માગો છો કે કેમ ?

શ્રી જયનારાયણ ન. વ્યાસ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સરખામણી આપી એ બાબતમાં મારે નમ્રતાપૂર્વક એમને જણાવવું છે કે, બાંદ્રા, વરલી સી–લીંક અને આ જે આખી એમણે વાત કરી એ આખો કિસ્સો દહેજ–ઘોઘા સાથે સરખામણીમાં મૂકી શકાય તેમ નથી. એ તટપ્રદેશની નજીકનો ભાગ છે, ત્યાં દરિયાઇ સપાટી ખળકાળ છે ફાઉન્ડેશન માટે અનુકૂળ પરિસ્થિતિ મળી રહે છે એટલે આ જે વિસ્તાર છે તેની અને આ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ સાવ જુદી છે, ભૂ–ભૌતિક પરિસ્થિતિ સાવ જુદી છે. દહેજ – ઘોઘા એ ખંભાતના અખાતમાં આવેલો જે ભાગ છે તેમાં સેડીમેન્ટેશનના કારણે મરીન ક્લેનો બહુ મોટો ભાગ આવે એટલે ત્યાં ફાઉન્ડેશન કરવાની બહુ જ મોટી મુશ્કેલી પડે અને એ ઘાટ કરતાં ઘડામણ મોંઘુ થઇ જાય અને એટલા માટે આ જે પદ્ધતિ છે જે અત્યારે અપનાવવામાં આવી છે તે યોગ્ય પદ્ધતિ છે. ત્યારબાદ જયારે કલ્પસર થશે ત્યારે એના ભાગરૂપે જે કંઇ આયોજન હશે તેની સાથે આ જોડી શકાશે.

## વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૧ માં નોલેજ સેકટરને લગતા કાર્યક્રમોનું આયોજન

***૨૮૭૭૧ શ્રી ભરત બારોટ(દરિયાપુર–કાઝીપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૧ દરમિયાન નોલેજ સેકટરને લગતા ક્યા ક્યા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું ?

**મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)઼:**

નોલેજ સેકટરને લગતા કાર્યક્રમોનું પહેલીવાર વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૧ સમિટમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમો યોજવા પાછળ નીચે મુજબના મુખ્ય હેતુઓ હતા.

– દુનિયામાંની નવીન ટેકનોલોજી અને કાર્યપદ્ધતિ થી ગુજરાત અને દેશમાં કાર્યરત ઉદ્યોગોને અવગત કરાવવા જેથી તેમની ક્ષમતામાં વધારો થાય અને તેઓ પણ વૈશ્વિક કક્ષાએ સક્ષમ બની શકે.

– દેશ અને દુનિયામાં વિવિધ ક્ષેત્રે કાર્યરત તજજ્ઞોના ઉપયોગી મંતવ્યોથી યુવા વર્ગને અવગત કરાવવો અને યુવા પેઢી દેશ અને રાજ્યના વિકાસ માટે એક અમૂલ્ય સંસાધન તરીકે ઉપયોગી બની શકે.

– ગુજરાતને નોલેજ હબ તરીકે વિકસાવા માટે જરૂરી પરામર્શ માટે મંચ પૂરો પાડવો

સમિટ દરમિયાન ૧૦ જેટલા નોલેજ સેકટરના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેવા કે

(૧) આઈઆઈએમ કોન્કલેવ.

(૨) ઈમર્જીંગ જ્યોગ્રાફીઝ.

(૩) યુનિવર્સિટી રાઉન્ડ ટેબલ.

(૪) હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્ષ–ફોકસ ઓન હેલ્થ પેરામીટર્સ.

(૫) રુર્બનાઈઝેશન.

(૬) યંગ આંત્રપ્રિનિયોર્સ મીટ.

(૭) ઈન્ડસ્ટ્રી રિસ્પોન્સીવ–સ્કીલ ડેવલપમેન્ટ.

(૮) ગુડ ગવર્નન્સ.

(૯) ઈનોવેશન સમિટ.

(૧૦) આઈઆઈટી કોન્કલેવ.

નોલેજ સેકટરને લગતા કાર્યક્રમો થકી ગુજરાતમાં માનવ સંસાધન વિકાસ અને રાજ્યને નોલેજ હબ તરીકેનો વિકાસ કરવાનો અભિગમ હતો અને પ્રથમ વખત થયેલ આયોજનને જોતા નોલેજ સેકટરના આ કાર્યક્રમોને શિક્ષણ ક્ષેત્રોના વડાઓ અને સંસ્થાઓ, સંશોધન ક્ષેત્રોની સંસ્થાઓ, ઉદ્યોગો, વિગેરે તરફથી સારો પ્રતિસાદ મળેલ છે, જેના પરિણામરુપે, ૪૬૦ જેટલા જોડાણ વિવિધ ક્ષેત્રોમાં જેવા કે, ટેકનીકલ, સંસ્થાકિય, સંશોધન અને વિકાસ (R & D) વિગેરેમાં થયા. આ પૈકી, ૭૦ જેટલા જોડાણ દુનિયાની અગ્રેસર સંસ્થાઓ સાથે વિચારોના આદાન પ્રદાન માટે થયા. આ પૈકી યુનિવર્સિટી રાઉન્ડ ટેબલમાં ૯ દેશોમાંથી ૨૫ જેટલી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ ભાગ લીધો.

શ્રી ભરતકુમાર ચી. બારોટ : માનનીય અધ્યક્ષશ્રી, આ નોલેજ સેકટરના કાર્યક્રમોની ફળશ્રુતિ શું હતી, એનાથી ફાયદા શું થયા એના અનુસંધાનમાં મંત્રીશ્રી મને જણાવે ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૦૯, આ દેશના સૌથી મોટા ઇન્વેસ્ટર સમિટ તરીકે એની ઓળખ મળી હતી. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ની અંદર આપણો ઓબજેક્ટીવ માત્ર ને માત્ર ઇન્વેસ્ટમેન્ટ ક્રાઈટેરિયા એકલો નહતો પરંતુ જોડે જોડે શેરીંગ ઓફ નોલેજ અને જે નવી ટેકનોલોજી આવે છે તેનાથી શું લાભ થાય એ પણ એક ઓબજેક્ટીવ રહ્યો હતો. એટલે ૨૦૧૧–વાયબ્રન્ટ ગુજરાત એનું બ્રાન્ડેડ, "એઝ અ ગ્લોબલ બિઝનેશ હબ", તરીકે એને કરવામાં આવ્યું હતું અને એના કારણે આખા દેશ અને દુનિયામાંથી ઘણી બધી સંસ્થાઓથી માંડી, ઈન્સ્ટીટયૂશનથી માંડી અને એ ઉપરાંત રાજયો અને કન્ટ્રીઝને આ વાયબ્રન્ટ–૨૦૧૧ની અંદર પોતાના દેશમાં અને પોતાના રાજયમાં જે ઓપોર્ચ્યુનિટીઝ છે, એ ઓપોર્ચ્યુનિટીઝ અહીંયા આવી અને પ્રજાની વચ્ચે મૂકે એવી પણ એક તક મૂકવામાં આવી હતી. એટલે મેઇન જે ઓબજેક્ટીવ હતો એની અંદર આપણા રાજયોના જુદા જુદા ઇન્ડસ્ટ્રીયલ યુનિટ્સ, દેશ અને દુનિયાના અહીંયા આવે અને જે દુનિયાની અંદર નવી ટેકનોલોજીસ થાય છે, નવા વર્ક પ્રોસેસ થાય છે અને એના કારણે લાભ મળે અને પોતાની કેપેબીલિટીઝ ઇમ્પ્રુવ થાય થાય અને દુનિયાની અંદર કોમ્પીટીશનમાં ઉભા રહી શકે, એક ઓબજેક્ટીવસ મૂકયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એ જે યુવાનો હતા, એ યુવાનોને એક નવો જ અનુભવ મળે અને એના માટે જે ઓપિનિયન મેકર્સ છે જુદા જુદા સેકટરોની અંદર એટલે દુનિયામાંથી ઓપિનિયન મેકર્સને અહીંયા બોલાવ્યા હતા અને એમાં યુથને કેવી રીતે લાભ મળે અને ડેવલપમેન્ટ ઓફ સ્ટેટની અંદર એ લોકોને વધારાની માહિતી મળે એ પ્રમાણેની પણ અહીંયા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત જુદા જુદા ઉદ્યોગોવાળાને અને જુદી કંપનીઓને એક સાથે એક જ પ્લેટફોર્મ ઉપર ભેગા કરી અને પોતાની વિચારણા એકબીજાને રજૂ કરી શકે એ પણ વાઇબ્રન્ટ ગુજરાત–૨૦૧૧ની અંદર ગોઠવવામાં આવ્યું. આના કારણે મુળ

લાભ એ થયો કે કુલ ૪૬૦ ટાયપ નોલેજ સેકટરની અંદર થયા છે. ૭૦ લીડીંગ ઈન્સ્ટીટયુશને એની અંદર દુનિયામાંથી ભાગ લીધો અને એક્ષ્ચેન્જ ઓફ નોલેજ કર્યું. નવી ટેકનોલોજી શું ચાલે છે એના વિશે ચર્ચા કરી. વર્ક પ્રોસેસીસની ચર્ચા કરી અને બધા જ મોટાભાગના જે કાર્યક્રમો રાખ્યા હતા એ એજયુકેશન ઈન્સ્ટીટયુટની અંદર રાખ્યા હતા અને આનંદની વાત એ છે કે ખૂબ મોટા પ્રમાણમાં યુનિવર્સિટીઓએ પણ ટાઇઅપ કર્યા અને પાસ્ટ એલ્યુમ્નીઝનું અંદર જોડાણ થયું હતું. માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ વાત કરી તો ઓછામાં ઓછા દસ આવા નોલેજ સેકટર્સ ઉપર આપણે મિટિંગો, કોન્ફરન્સ રાખી હતી પહેલી એક આઇ.આઇ. એમ. કોન્કલેવમાં હતી. એ ઈન્ડીયન ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ અને ગુજરાત સરકારની વચ્ચે રાખવામાં આવી હતી અને આની અંદર નિષ્ણાતો એન.ડી.ડી.બી.ના ચેરમેન, આઇ.આઇ.એમ.ના ચેરમેન ડો. વિજયપદ સિંઘાનીયા અને અનેક પ્રોફેસર્સ, ડાયરેકટરે ભાગ લીધો. આની અંદર જોઇન્ટ નકકી કરવામાં આવ્યું કે છ ગૃપો આપણે નકકી કરીએ અને એ છ ગૃપ આઇડિન્ટીફાઇ કર્યા. જે રીતે કોસ્ટલ ડેવલપમેન્ટ, મેડીકલ સર્વિસીસ આવા અનેક અનેક અને એની અંદર કમિટી ફોર્મેશન કરી અને નકકી કર્યું કે આવતા દિવસોની અંદર આ છ સેકટર રાજય સરકારની અંદર કેવી રીતે આગળ વધવું એના માટે આઇ.આઇ.એમ.અમદાવાદ અને એલ્યુમીન આપણને મદદ કરશે. બીજી જે છે એ ઇમર્જીંગ જીયોગ્રોફી છે. આની અંદર કયા નવા નવા વિસ્તારો ઉભા થાય છે અને જે ડેવલપ અને ડેવલપીંગ રીજીયન્સ વચ્ચે જે અંતર છે એની અંદર આપણા ગુજરાતના લોકોને કેવી રીતે વધારે ને વધારે લાભ થાય એના માટે આ ઇસ્યુ ઉપર ખૂબ ડીટેઇલમાં ચર્ચા કરવામાં આવી હતી. એક એકેડેમીક ઈન્સ્ટીટયુશનનું રાઉન્ડ ટેબલ કરવામાં આવ્યું હતું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માહિતી લાંબી હોય તો સભ્યશ્રીને આપ આપી દેજો.

શ્રી સૌરભભાઇ પટેલ : ના, એટલે સભ્યશ્રીએ પુછયું દસ છે.

અધ્યક્ષશ્રી : તો ટુંકમાં આપો. પ્લીઝ.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઈન્ટરનેશનલ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ કરવામાં આવી. એ ઉપરાંત પેનલ ડીસ્કશન ઓફ એચ.ડી.એ. કરવામાં આવ્યું હતું. જેની અંદર હેલ્થની ઘણી બધી ચર્ચા કરવામાં આવી હતી. ડીસ્કશન ઓફ રૂરલ અર્બનાઇઝેશન કરવામાં આવ્યું હતું. આ રૂરલ અર્બનાઇઝેશનની અંદર પણ આવતા દિવસોની અંદર એ પ્રમાણે ઈન્ફ્રાસ્ટ્રકચર આપવું, પ્રાઇવેટ પાર્ટનરશીપ મોડ કેવી રીતે લાવવો, ડી.પી.પી. કેવી રીતે લાવવું, ઓલ્ટરનેટીવ જોબ કેવી રીતે લાવવું, આ ઉપરાંત યંગ એન્ટરપ્રિનિયોર્સ સીટ કરવામાં આવી હતી. જેની અંદર દેશ અને દુનિયામાંથી લોકો ભાગીદાર થયા હતા. સ્કીલ ડેવલપમેન્ટની અંદર જુદી જુદી ટ્રેનીંગ મળે એની અંદર નકકી કર્યું કે ૩૦૦ સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર્સ ઉભા કરવામાં આવે. એમાં છ ઓલરેડી ઉભા થઇ ગયા. આવતા દિવસોમાં રોજગારી વધારે મળે એના માટે કર્યું. ઇનોવેશન સબમીટની અંદર નવા નવા ઇનોવેટીવ આઇડીયા મળે છે એની અંદર પણ ખૂબ મોટા પ્રમાણમાં લોકોએ ભાગ લીધો હતો એટલે આવી રીતે નોલેજ સેકટરની અંદર પહેલી વખત આટલું મોટું કામ કરવામાં આવ્યું હતું.

શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હ્યુમન રીસોર્સ ડેવલપમેન્ટ એ ઇકોનોમીક ડેવલપમેન્ટ માટે ખૂબ જ મહત્વનું પૂરક પરિબળ છે ત્યારે નોલેજ સેકટરને ફોકસ કરવા માટે આ સેકટરના એક અલગ આયોજન તરીકે ઔદ્યોગિક એકમો સ્થપાય એ જેમ હાર્ડવેર છે તેમ નોલેજ સેકટર એક સોફટવેર છે તો આ સોફટવેરનું સ્પેસીફીક સ્પેશ્યલ થીમ સેકટર ગણી અને હવે પછીની વાઇબ્રન્ટ ગુજરાત સમિટ જયારે થાય ત્યારે આ પ્રકારના નોલેજ સેકટરને જે અત્યાર સુધીમાં આપણે ત્યાં એમ.ઓ.યુ. થયા છે એને ધ્યાનમાં લઇને આવા પ્રકારનો અલગ સેમિનાર અને સમિટ માત્ર નોલેજ સેકટરની કરવા માટે વિભાગ વિચારણા કરશે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નોલેજ સેકટરને પ્રેફરન્સ આપણે આપીએ છીએ અને આપીશું. જે પ્રમાણે આવતા દિવસોમાં ગુજરાતમાં ઇન્વેસ્ટમેન્ટ વધતું જાય છે એ પ્રમાણે આની જરૂરિયાત પણ દિવસે દિવસે વધતી જવાની છે. ધારાસભ્યશ્રીએ જે સૂચન કર્યું છે કે આના માટે સ્પેશ્યલ કરશું એ એમનું સૂચન છે. ચોકકસપણે વિચારીશું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ નોલેજ સેકટરને લગતા કાર્યક્રમોનું જે આયોજન છે એ આયોજન ૨૦૧૧ ની બહુ વિગતથી વાત કરી. પણ એનું એસેસમેન્ટ આપે જે સમિટ કરી એના પછી કોઇ એસેસમેન્ટ કરવામાં આવ્યું કે એનાથી ગુજરાતના યુવાનોને આ સમિટ પછી કેટલો ફાયદો થયો? કારણ કે આ સમિટની અંદર આપણે સમિટ કરી એ બહારના લોકો આવે એને કોઇને ચિઠ્ઠી પકડાવીએ કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિશે આવું બોલો, આવું બોલો ((અંતરાય)) ટાઇમ મેગેઝિનની વાતો થતી હતી ત્યારે કોઇને તકલીફ નહોતી પડતી?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ. આપ સીધો પ્રશ્ન પૂછો. બીજા વિશેષણોમાં ન જઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : પ્રશ્ન ઉપર આવું છું. એટલા માટે કહેવું પડે છે. ગુજરાતની અંદર પાંચમાં ધોરણમાં ભણતો વિદ્યાર્થી જે અંગ્રેજી વાકય લખી શકે છે, એમાં ૨૮મો નંબર છે અંગ્રેજીની અંદર છે. તો તેમાં સુધારો થયો છે કે નહિ?

અધ્યક્ષશ્રી : આપ આ પ્રશ્નમાં પેટા પ્રશ્ન પૂછો.પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હું એ જ પૂછું છું. આપે સમિટ કરી. નોલેજ સમિટ એના પછી આપણા રાજ્યનો નંબર ૨૮મો અંગ્રેજી લખી વાંચી શકવામાં, વાકયો લખી વાંચી શકવામાં, તો તેમાં આનો નંબર આના પછી કઇક નીચો આવ્યો ૨૫ મો, ૨૬ મો ૨૧ મો કે પછી માત્ર ભાષણ કરીને વડાપ્રધાનની બ્રીફ લેવામાં આવી હતી. મારો પ્રશ્ન એટલો જ છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જ્યારે ભરતભાઇએ સવાલ પૂછ્યો અને જવાબ આપ્યો ત્યારે અર્જુનભાઇએ કહ્યું મને સમજણ પડી નહિ અને એમણે આ સવાલ પૂછયો છે એ પ્રમાણે સ્પષ્ટ છું કે એમને સમજણ પડી નથી. આ નોલેજ માટેનું વાઇબ્રન્ટ ગુજરાત હતું. એની અંદર અંગ્રેજી ભણાવવાનું નહોતું. અંગ્રેજી ભણવા માટેના કલાસીસ લેવાના નથી. ((અંતરાય))

અધ્યક્ષશ્રી : જવાબ સાંભળો.

શ્રી સૌરભભાઇ પટેલ : આ વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ માં નોલેજ સેકટર માટેનું હતું. અંગ્રેજી ભણાવવા માટેનું વાઇબ્રન્ટ ગુજરાત નહોતું.

## રાજુલા-જાફરાબાદ તાલુકામાં ઉદ્યોગો સ્થાપવા માટેના એમ.ઓ.યુ.

*** ૨૮૬૮૧ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કેઃ

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ના નાણાંકીય વર્ષમાં ભૂજ જિલ્લામાં વીજ બિલના લ્હેણાં નીકળતાં નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસુલાત થઇ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બિલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કચ્છ(ભૂજ) જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં ૯૮ લોક અદાલતોના આયોજન દ્વારા ૨૨૩૯ કેસોમાં, વર્ષ ૨૦૧૦–૧૧માં ૧૦૦ લોક અદાલતોના આયોજન દ્વારા ૧૭૮૯ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦માં ` ૧૦૩.૫૯ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૮૧.૩૭ લાખની વસૂલાત થયેલ છે.

ફાલ્ગુન ૩૦, ૧૯૩૩ શાકે

અતારાંકિત પ્રશ્નો

## રાજકોટ જિલ્લામાં વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બીલમાં સબસીડી આપવા બાબત

૨૮૮૯૦ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકાર દ્વારા કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજબીલમાં કોઇ સબસીડી આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) વીજ ઉત્પાદન માટે વપરાશમાં લેવાતા કોલસો, ગેસ, ઓઇલ, નેપ્થા જેવા વીજ બળતણમાં કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવતા ભાવ વધારાને કારણે વીજ કંપનીઓને થતા ખર્ચને પહોંચી વળવા માટે ફ્યુઅલ સરચાર્જની વસુલાત તમામ વીજ ગ્રાહકો પાસેથી કરવાની થાય છે, તેમ છતાં ખેડૂતોના હીતમાં કૃષિ વિષયક વીજ ગ્રાહકોના કિસ્સામાં રાહત આપીને આ ફ્યુઅલ સરચાર્જનો બોજો સરકાર દ્વારા સબસીડી રૂપે વહન કરવામાં આવે છે.

તદ્ઉપરાંત નામદાર વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો પણ સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં નથી આવતો પરંતુ, નામદાર આયોગે નક્કી કરેલ વીજ દરો કરતાં ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે, અને આ દરો વચ્ચેનો તફાવત સરકાર દ્વારા સબસીડીરૂપે વહન કરવામાં આવે છે.

(૨) તદ્દનુસાર રાજ્યના માત્ર રાજકોટ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ` ૧૭૪.૦૪ કરોડ જેટલી માતબર રકમનો બોજ ખેડૂતો પર ન નાખતાં સરકારે વહન કરેલ છે. વીજ વિતરણ કંપનીઓ દ્વારા સબસીડીની વિગતો તાલુકાવાર રાખવામાં આવતી નથી, પરંતુ સબડીવીઝનવાર રાખવામાં આવતી હોઇ, તેની વિગતો પત્રક–અ માં આપેલ છે. આ સબડીવીઝનો રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓને આવરી લે છે.

### પત્રક–અ

| અનુ.નં. | સબડિવીઝન ઓફીસનું નામ | સબસીડી (` કરોડમાં) | |
|---|---|---|---|
| | | **૨૦૧૦–૧૧** | **૨૦૧૧–૧૨ (તા.૩૧–૧૨–૨૦૧૧ સુધી)** |
| | **રાજકોટ સીટી** | | |
| ૧. | સોરઠીયા વાડી | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨. | કાલાવાડ રોડ | ૦.૦૬ | ૦.૨૩ |
| ૩. | નાના માવા | ૦.૦૧ | ૦.૦૨ |
| ૪. | રાજકોટ (ગ્રામ્ય) | ૨.૬૪ | ૧.૭૮ |
| ૫. | માધાપર | ૩.૯૩ | ૩.૧૫ |
| | **સબ ટોટલ...** | **૬.૬૩** | **૫.૧૯** |
| | **રાજકોટ –૨ (સં. અને નિ.)** | | |
| ૧. | ભાયાવદર | ૬.૩૮ | ૪.૯૧ |
| ૨. | ધોરાજી (ગ્રામ્ય) | ૯.૬૪ | ૭.૪૧ |
| ૩. | જામકંડોરણા | ૭.૪૩ | ૫.૭૫ |
| ૪. | જેતપુર (ગ્રામ્ય) | ૫.૭૮ | ૪.૬૮ |
| ૫. | માન્ડલીકપુર | ૨.૭૨ | ૨.૨૭ |
| ૬. | ઉપલેટા (ગ્રામ્ય) | ૭.૦૪ | ૫.૩૪ |
| ૭. | ઉપલેટા (ટાઉન) | ૦.૭૬ | ૧.૦૮ |
| ૮. | ગોંડલ (ગ્રામ્ય) | ૫.૩૫ | ૩.૯૯ |
| ૯. | ગોંડલ (ગ્રામ્ય–૨) | ૪.૬૧ | ૩.૭૨ |
| ૧૦. | કોટડા સાંગાણી | ૪.૩૮ | ૩.૭૧ |
| ૧૧. | વાસાવડ | ૬.૯૧ | ૫.૬૦ |
| ૧૨. | આટકોટ | ૦.૭૫ | ૩.૯૭ |
| ૧૩. | જસદણ | ૫.૯૮ | ૧.૨૬ |
| ૧૪. | સરધાર | ૭.૨૧ | ૫.૫૩ |
| ૧૫. | વીછીંયા | ૨.૯૩ | ૨.૩૨ |
| ૧૬. | લોધીકા | ૫.૯૪ | ૪.૫૪ |
| ૧૭. | મેટોડા (જી.આઇ.ડી.સી.) | ૦.૮૬ | ૦.૭૦ |

| | | | |
|---|---|---|---|
| ૧૮. | પડધરી (ટાઉન) | ૬.૦૮ | ૪.૬૮ |
| | **સબ સરવાળો...** | **૯૦.૭૫** | **૭૧.૪૭** |
| | **કુલ સરવાળો...** | **૯૭.૩૮** | **૭૬.૬૬** |

**ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીઝીયનના વિકાસ માટે માસ્ટર પ્લાન**

૨૮૭૭૦ **શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કોઇ માસ્ટર પ્લાન બનાવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેની વિગત શું છે, અને

(૩) તેમાં ક્યો વિસ્તાર આવરેલ છે ?

**જવાબ**

(૧) હા.

(૨) ધોલેરા ખાતે સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે રાજ્ય સરકારે ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન (માસ્ટર પ્લાન) બનાવેલ છે. ગુજરાત એસઆઇઆર એક્ટ–૨૦૦૯ની કલમ ૧૫ તથા ૧૭ હેઠળ બનાવેલ ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન ગુજરાત નગર રચના તથા શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૩ હેઠળ તા.૫–૧–૨૦૧૧ના રોજ પ્રસિધ્ધ કરેલ છે.

માસ્ટર પ્લાનના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે.

- ❖ ૧૦ વર્ષના ત્રણ તબક્કામાં જરૂરીયાત પ્રમાણેનું સુઆયોજન.
- ❖ હયાત ગામતળની જાળવણી અને વિકાસ માટે ગામની આજુ–બાજુમાં બરફ ઝોન.
- ❖ પુર નિયંત્રણ અંગેનું આયોજન.
- ❖ પર્યાવરણ પ્રબંધન પ્લાન.
- ❖ રસ્તા, રેલ, પાણી, વીજળી વિગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાઓની જોગવાઇઓ.
- ❖ નદી, નાળા, તલાવડીઓ તથા વનની જાળવણી.
- ❖ સેન્ટ્રલ સ્પાઇન એક્સપ્રેસ વે (૨૫૦મી.) અને મેગા સીટી માટે મેટ્રોલીંક દ્બારા જોડાણ.
- ❖ સી.આર.ઝેડની જાળવણી.

(૩) ધોલેરા ખાતે સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવા ધંધુકા તાલુકાના ૧૯ તથા બરવાળા તાલુકાના ૩ ગામો એમ અમદાવાદ જિલ્લાના ૨૨ ગામોનો કુલ ૯૧૯.૭૦ ચો.મી. વિસ્તાર આવરી લેવાયેલ છે.

---------

**દહેજ–ઘોઘા ફેરી સર્વિસને મંજૂરી**

૩૦૦૦૭ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ભરૂચ–દહેજ ઘોઘા ફેરી સર્વિસની મંજૂરી ક્યારે આપવામાં આવી, અને

(૨) એમ.ઓ.યુ અંતર્ગત ક્યારે શરૂ કરવા અને ક્યારે તે પૂર્ણ કરવાનું આયોજન છે, અને અંદાજીત કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) તા. ૨૭–૧૦–૨૦૧૦.

(૨) આ પ્રોજેક્ટના અંતર્ગત દહેજ તથા ઘોઘા ખાતેના ટર્મિનલોનું બાંધકામ તા. ૧૫–૧૨–૨૦૧૧ના રોજ શરૂ કરવામાં આવેલ છે અને માર્ચ ૨૦૧૩ અંતિત ફેરી સર્વિસ શરૂ કરવાનું આયોજન છે. આ પ્રોજેક્ટ નો અંદાજીત ખર્ચ ` ૨૯૬.૦૦ કરોડ થશે.

--------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં તત્કાલ વીજ જોડાણ યોજના અન્વયે મળેલ અરજીઓ**

૨૯૯૬૨ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્ય સરકારે છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની જાહેરાત ક્યારે કરી,

(૨) આ યોજના અન્વયે તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અને બનાસકાંઠા જિલ્લામાંથી તત્કાલ વીજ જોડાણ માટે તાલુકાવાર કેટલી અરજીઓ મળી,

(૩) મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓ મંજુર કરી વિજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૪) આ વીજ જોડાણ માટે ખેડૂતોને કેટલા વધારાના રૂપિયા ભરવા પડ્યા ?

**જવાબ**

(૧) રાજ્ય સરકારે રાજ્યના ખેડૂતોને તત્કાલ વીજ જોડાણ આપવાની જાહેરાત જાન્યુઆરી ૨૦૧૧માં કરી.

(૨) અને (૩) આ યોજના અન્વયે સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં મળેલ અરજીઓ, મંજુર થયેલ અરજીઓ, આપવામાં આવેલ વીજ જોડાણો, ટેસ્ટ રીપોર્ટ મળ્યેથી આપવાના થતા વીજ જોડાણો તથા કામ પ્રગતિમાં હોય તેવી અરજીઓની તાલુકાવાર માહિતી પત્રક–''અ'' માં સામેલ છે.

(૪) તત્કાલ વિજ જોડાણ યોજના એ સ્વૈચ્છિક યોજના છે. યોજનામાં વિજ જોડાણ મેળવવા ઇચ્છતા અરજદારે તત્કાલ યોજનામાં નક્કી કરવામાં આવેલ ધારા ધોરણ મુજબ જ રકમ ભરવાની થાય છે. વધારાની કોઇ રકમ ભરવાની થયેલ નથી.

**પત્રક – ''અ''**

| સાબરકાંઠા જિલ્લોઃ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **તાલુકો** | **મળેલ અરજીઓ** | **રદ થયેલ અરજીઓ** | **મંજુર થયેલ અરજીઓ** | **નાણાં ભરપાઇ થયેલ અરજીઓ** | **આપવામાં આવેલ વીજ જોડાણો** | **ટેસ્ટ રીપોર્ટ મળ્યેથી આપવાના વીજ જોડાણો** | **કામ પ્રગતિ હેઠળ** |
| હિંમતનગર | ૧૧૦૬ | ૪૩૭ | ૬૬૯ | ૬૬૯ | ૫૯૭ | ૭૨ | ૦ |
| ભિલોડા | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેડબ્રહ્મા | ૧૩ | ૧૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વડાલી | ૬૫૪ | ૩૨૯ | ૩૨૫ | ૩૧૧ | ૧૩૪ | ૧૫૫ | ૨૨ |
| માલપુર | ૭૨૮ | ૪૧૦ | ૩૧૮ | ૩૧૬ | ૨૦૧ | ૧૧૪ | ૧ |
| ધનસુરા | ૬૭૩ | ૨૫૩ | ૪૨૦ | ૩૬૦ | ૪૪ | ૨૪૭ | ૬૯ |
| વિજયનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાયડ | ૯૮૪ | ૪૫૧ | ૫૩૩ | ૫૨૪ | ૯૬ | ૪૦૬ | ૨૨ |
| તલોદ | ૮૬૫ | ૩૮૭ | ૪૭૮ | ૪૬૭ | ૧૨૨ | ૨૪૮ | ૯૭ |
| પ્રાંતિજ | ૭૧૫ | ૨૧૯ | ૪૯૬ | ૪૯૬ | ૪૩૬ | ૪૮ | ૧૨ |
| **કુલ** | **૫૭૩૯** | **૨૫૦૦** | **૩૨૩૯** | **૩૧૪૩** | **૧૬૩૦** | **૧૨૯૦** | **૨૨૩** |
| **બનાકસાંઠા જિલ્લોઃ** | | | | | | | |
| દાંતા | ૩૩૮ | ૧૩૮ | ૨૦૦ | ૨૦૦ | ૬૧ | ૧૩૮ | ૧ |
| **કુલ** | **૩૩૮** | **૧૩૮** | **૨૦૦** | **૨૦૦** | **૬૧** | **૧૩૮** | **૧** |

****સાબરકાંઠા જિલ્લામાં ઇડર, મોડાસા અને મેઘરજ તાલુકા ડાર્કઝોનમાં આવેલ છે. તે જ રીતે બનાસકાંઠા જિલ્લામાં દાંતા સિવાયના તમામ તાલુકા ડાર્કઝોનમાં આવેલ હોઇ, ત્યાં તત્કાલ યોજના નીચે અરજીઓની નોંધણી કરવામાં આવી નથી.**

---------

**વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૧માં ભાગ લેનાર વિદેશી પ્રતિનિધિઓ**

૨૮૭૬૮ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

વાયબ્રન્ટ ગુજરાત ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૧માં કેટલા વિદેશી ડેલીગેટોએ ભાગ લીધેલ હતો ?

**જવાબ**

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ–૨૦૧૧માં ૧૦૧ દેશોમાંથી ૧૪૦૦ થી વધુ ડેલિગેટસે ભાગ લીધો હતો.

---------

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**તાપી જિલ્લામાં પોલીસ ખાતાના રહેણાંક / બિનરહેણાંકના મકાનોની મરામત**

૨૮૬૦૧ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તાપી જિલ્લમાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંક તેમજ બિનરહેણાંકના મકાનોની મરામત અને જાળવણીની કામગીરી કરવામાં આવી, અને

(૨) આ કામો પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) રહેણાંકના કુલ – ૯૧ અને બિનરહેણાંકના – ૦૨ મકાનો.

(૨) કુલ ` ૪૦.૭૪ લાખ.

---------

**રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતા વીજ મથકો**

૨૯૯૦૯ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતા વીજ મથકો ક્યા ક્યા છે,

(૨) વીજ ઉત્પાદન માટે છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલો કોલસાનો જથ્થો વર્ષવાર વાપરવામાં આવ્યો છે, અને

(૩) વાપરેલ કોલસાના જથ્થા સામે વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન કરવામાં આવી?

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ રાજ્યમાં કોલસાથી વીજ ઉત્પાદન કરતા વીજ મથકો નીચે મુજબ છે.

| **ક્રમ** | **વીજ મથકનું નામ** | **સ્થાપિત ક્ષમતા (મે.વો.)** |
|---|---|---|
| ૧ | ઉકાઇ વીજમથક | ૮૫૦ |
| ૨ | વણાકબોરી વીજમથક | ૧૪૭૦ |
| ૩ | ગાંધીનગર વીજમથક | ૮૭૦ |
| ૪ | સિક્કા વીજમથક | ૨૪૦ |
| ૫ | ટૉરેન્ટ પાવર લી. નું વીજમથક | ૫૦૦ |
| ૬ | અદાણી પાવર લી.નું વીજમથક | ૨૦૦૦ |
| | **કુલ** | **૫૯૩૦** |

(૨) ઉક્ત વીજ મથકો દ્વારા વીજ ઉત્પાદન માટે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર વાપરવામાં આવેલ કોલસાના જથ્થાની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ** | **કોલસાનો વપરાશ (લાખ મે. ટનમાં)** |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૮૪.૮૬ |
| ૨૦૧૦–૧૧ | ૨૧૦.૬૯ |
| ૨૦૧૧–૧૨ (ડિસે. ૧૧ સુધમાં) | ૧૯૪.૮૭ |

(૩) વાપરેલ કોલસાના જથ્થા સામે વર્ષવાર નીચે મુજબ વીજળી ઉત્પન્ન કરવામાં આવેલ છે.

| વર્ષ | ઉત્પન્ન કરવામાં આવેલ વીજળી (મીલીયન યુનિટમાં) |
|---|---|
| ૨૦૦૯–૧૦ | ૨૭૯૦૪.૯૪ |
| ૨૦૧૦–૧૧ | ૩૨૧૩૬.૭૦ |
| ૨૦૧૧–૧૨ (ડિસે. ૧૧ સુધીમાં) | ૩૧૪૯૭.૦૩ |

---------

**અમદાવાદ જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશનો**

૨૮૭૩૪ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ?

**જવાબ**

અમદાવાદ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કુલ ૧૧ (અગિયાર) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | ૨૨૦ કે.વી. | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮-૦૯ | ૨ | - | ૨ |
| ૨૦૦૯-૧૦ | ૫ | - | ૫ |
| ૨૦૧૦-૧૧ | ૩ | ૧ | ૪ |
| **કુલ** | **૧૦** | **૧** | **૧૧** |

---------

**અમદાવાદ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૧૪ **શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨ માં ડિસેમ્બર-૨૦૧૧ની સ્થિતિએ કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે અમદાવાદ જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧-૧૨માં ડિસેમ્બર-૨૦૧૧ની સ્થિતિએ ૪૦ લોક અદાલતોના આયોજન દ્વારા ૧૧૨૨ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી કુલ ` ૫૨.૪૯ લાખની રકમ મળવાપાત્ર છે. તે પૈકી ` ૨૫.૬૪ લાખની રકમ લોક અદાલતના દિવસોએ જ સ્થળ ઉપર વસૂલાત કરવામાં આવેલ છે, બાકી રહેતા ` ૨૬.૮૫ લાખ નિયમ મુજબ હપ્તેથી વસૂલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**જામનગર જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૦૮ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના નાણાંકીય વર્ષમાં જામનગર જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦માં ૨૩૯ લોક અદાલતોના આયોજન દ્વારા ૩૩૧ કેસોમાં અને વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૩૪ લોક અદાલતોના આયોજન દ્વારા ૩૬૩૫ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯-૧૦ માં ` ૧૯૪.૧૦ લાખ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં ` ૧૮૭.૭૨ લાખની વસૂલાત થયેલ છે.

---------

**નવસારી જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ**

૨૮૫૮૨ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો)જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા બીનરહેણાંકના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને

(૨) આ કામો પાછળ તા.૩૧-૦૧-૨૦૧૨ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ-૦૪ બીનરહેણાંકના કામો.

(૨) કુલ ` ૬૯.૫૦ લાખ.

--------

**જામનગર જિલ્લામાં અગરિયાઓને રહેઠાણની સુવિધાઓ**

૩૦૬૧૬ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય મીઠા ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જામનગર જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ કેટલા અગરિયાઓને રહેઠાણ પુરા પાડવાના બાકી છે,

(૧) શૂન્ય.

(૨) આ અગરિયાને રહેઠાણ પુરા પાડવા માટે શુ આયોજન છે, અને

(૨) મોડીફાઈડ નમક મજદૂર આવાસ યોજના હેઠળ ભારત સરકાર તરફથી ચોક્કસ આવાસની સંખ્યા જણાવવામાં આવે ત્યાર બાદ વિચારણા કરવાની રહે છે.

(૩) આ આયોજન ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) લાગુ પડતું નથી.

---------

## ભરૂચ જિલ્લામાં તત્કાલ વીજ જોડાણની અરજીઓ

૨૯૯૯૭ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. ને જાન્યુઆરી, ૨૦૧૦ થી ૩૧–૧–૨૦૧૨ સુધી તાલુકાવાર તત્કાલ વીજ જોડાણ માટે કુલ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૧) અને (૨) ભરૂચ જિલ્લાના આમોદ, જંબુસર તથા અંકલેશ્વર તાલુકા ડાકર્ઝોનમાં સમાવિષ્ટ છે. એ સિવાયના તાલુકાઓમાં તત્કાલ વીજ જોડાણ માટે મળેલ અરજીઓ અને તે પૈકી નિકાલ થયેલ અરજીઓની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે,

| તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર થયેલ અને નાણાં ભરપાઈ થયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણો |
|---|---|---|---|
| ભરૂચ | ૧૭૦ | ૩૭ | ૩૪ |
| વાગરા | ૪ | ૦ | ૦ |
| હાંસોટ | ૯૧ | ૫ | ૨ |
| વાલીયા | ૧૨૯ | ૩૦ | ૨૬ |
| ઝગડીયા | ૮૨ | ૪૪ | ૪૪ |
| **કુલ** | **૪૭૬** | **૧૧૬** | **૧૦૬** |

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૪)અરજીઓ પડતર રહેવા પાછળના કારણો શાં છે?

(૩) અને (૪) ૧૦ અરજીઓ પડતર છે તેમાં અરજદારો તરફથી ટેસ્ટ રીપોર્ટ રજુ થયેથી વીજ જોડાણ આપવામાં આવશે.

---------

## ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયનના વિકાસ માટે માસ્ટર પ્લાન

૨૮૭૮૩ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર–કાઝીપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનના વિકાસ માટે રાજ્ય સરકારે તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કોઈ માસ્ટર પ્લાન બનાવેલ છે તે વાત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો તેની વિગતો શું છે,

(૨) ધોલેરા ખાતે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન ના વિકાસ માટે રાજ્ય સરકારે ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન (માસ્ટર પ્લાન) બનાવેલ છે. ગુજરાત એસઆઈઆર એક્ટ–૨૦૦૯ની કલમ ૧૫ તથા ૧૭ હેઠળ બનાવેલ ડ્રાફ્ટ ડેવલપમેન્ટ પ્લાન ગુજરાત નગર રચના તથા શહેરી વિકાસ અધિનિયન ૧૯૭૬ની કલમ ૧૩ હેઠળ તા.૫–૧–૨૦૧૧ના રોજ પ્રસિધ્ધ કરેલ છે.

માસ્ટર પ્લાનના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે.

૧૦ વર્ષનાં ત્રણ તબક્કામાં જરૂરીયાત પ્રમાણેનું સુઆયોજન.

હયાત ગામતળની જાળવણી અને વિકાસ માટે ગામની આજુ બાજુમાં બફર ઝોન.
પુર નિયંત્રણ અંગેનું આયોજન
પર્યાવરણ પ્રબંધન પ્લાન.
રસ્તા, રેલ, પાણી વીજળી વિગેરે જેવી આંતરમાળખાકીય સુવિધાઓની જોગવાઇઓ.
નદી, નાળા, તલાવડીઓ તથા વનની જાળવણી.
સેન્ટ્રલ સ્પાઈન એકસપ્રેસ વે (૨૫૦મી.) અને મેગા સીટી, સાથે મેટ્રોલીંક દ્વારા જોડાણ.
સી.આર.ઝેડની જાળવણી.

(૩) તેમાં કયો વિસ્તાર આવરેલ છે ?

(૩) ધોલેરા ખાતે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવા ધંધુકા તાલુકાના ૧૯ તથા બરવાળા તાલુકાના ૩ ગામો એમ અમદાવાદ જીલ્લાના ૨૨ ગામોનો કુલ ૯૧૯.૭૦ ચો.મી. વિસ્તાર આવરી લેવાયેલ છે.

---------

## વલસાડ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન

૨૮૭૨૨ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ના નાણાંકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસુલાત થઇ ?

**જવાબ**

(૧) અને (૨)
વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦માં ૫૬ લોક અદાલતોના આયોજન દ્વારા ૩૫૦૯ કેસોમાં અને વર્ષ ૨૦૧૦–૧૧માં ૫૨ લોક અદાલતોના આયોજન દ્વારા ૪૩૫૯ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સામાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦માં ` ૧૪૭.૧૨ લાખની વસુલાત કરવામાં આવેલ છે. જયારે વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૮૯.૬૯ લાખની વસુલાત થયેલ છે.

---------

## ધાનેરા તાલુકામાં અલગ ડી.પી.ની માંગણી

૨૮૭૮૪ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ લોડ વધારાના કારણે અલગ ડીપી માટેની માંગણીના કેટલા કેસો પેન્ડીંગ છે,

(૨) તે કયા ગામોના છે, અને

**જવાબ**

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં લોડ વધારાના કારણે અલગ ડીપી ની માંગણી અંગેના પડતર કેસોની ગામવાર માહિતી પત્રક–અ માં સામેલ છે.

**પત્રક–'અ'**

| અ.નં. | ગામનું નામ | ખેતીવાડી લોડ વધારાની અલગ ડી.પી. માટેની પડતર અરજીઓ |
|---|---|---|
| ૧ | રાજોડા | ૧ |
| ૨ | વાછોલ | ૧ |
| ૩ | રવિ | ૧ |
| ૪ | વકતાપુરા | ૧ |
| ૫ | ખીમત | ૪ |
| ૬ | વાછડાલ | ૨ |
| ૭ | અલવાડા | ૨ |
| ૮ | ભાટરામ | ૧ |
| ૯ | નેનાવા | ૧ |
| ૧૦ | નાનીડુગડોલ | ૪ |
| ૧૧ | કુંડી | ૦ |

| | | |
|---|---|---|
| ૧૩ | ચારડા | ૩ |
| ૧૪ | જડીયા | ૨૧ |
| ૧૫ | ગોલા | ૩ |
| ૧૬ | ભાટીબ | ૮ |
| ૧૭ | દેઢા | ૯ |
| ૧૮ | ધાખા | ૬ |
| ૧૯ | ધરણોધર | ૧ |
| ૨૦ | એટા | ૭ |
| ૨૧ | હડતા | ૭ |
| ૨૨ | જાડી | ૬ |
| ૨૩ | કોટડા–ડી | ૬ |
| ૨૪ | કુવારલા | ૧ |
| ૨૫ | લવારા | ૩ |
| ૨૬ | માલોત્રા | ૮ |
| ૨૭ | મોટામેડા | ૧ |
| ૨૮ | મોટીડુગડોલ | ૧ |
| ૨૯ | નાનામેડા | ૧ |
| ૩૦ | પેગીયા | ૬ |
| ૩૧ | રામપુરા છોટા | ૨ |
| ૩૨ | રમુણા | ૭ |
| ૩૩ | રવીયા | ૩ |
| ૩૪ | સબાવડી | ૧ |
| ૩૫ | શેરા | ૧ |
| ૩૬ | શીયા | ૪ |
| ૩૭ | થાવર | ૧૦ |
| ૩૮ | વીંછીવાડી | ૨ |
| ૩૯ | અનાપુર છોટા | ૧ |
| ૪૦ | અનાપુર ગઢ | ૨ |
| ૪૧ | કોટડા–આર | ૧ |
| ૪૨ | જીવાણા | ૨ |
| ૪૩ | માંડલ | ૧ |
| ૪૪ | લેલાવા | ૧ |
| ૪૫ | આશીયા | ૧ |
| ૪૬ | ધાનેરા | ૧૦ |
| ૪૭ | ફતેપુરા | ૦ |
| ૪૮ | જોરાપુરા | ૮ |
| ૪૯ | કરાધણી | ૧ |
| ૫૦ | રામપુરા મોટા | ૩ |
| ૫૧ | રૂણી | ૯ |
| ૫૨ | સામરવાડા | ૭ |
| ૫૩ | સાંકળ | ૬ |
| ૫૪ | સરાલ | ૮ |
| ૫૫ | સોતવાડા | ૧૬ |
| ૫૬ | વાલેર | ૩ |
| ૫૭ | વોડા | ૩ |
| ૫૮ | સીલાસણા | ૬ |
| ૫૯ | છીંડીવાડી | ૦ |
| ૬૦ | મોરથલ | ૧ |
| ૬૧ | મગરાવા | ૦ |
| ૬૨ | ધનપુરા –કે | ૧ |
| ૬૩ | બાપલા | ૧ |
| ૬૪ | ભાંજણા | ૦ |
| ૬૫ | મેવાડા | ૧ |
| **કુલ ધાનેરા તાલુકો** | | **૨૪૦** |

(૩) તે માંગણીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) આ પડતર કેસોમાં ટેકનીકલ અને અન્ય પાસાઓ ધ્યાનમાં રાખી બનતી ત્વરાએ યોગ્ય વિચારણા કરવામાં આવશે.

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાઓમાં આવેલ કવોરીઓ

૨૯૮૭૯ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કેટલી કવોરીઓ કાર્યરત છે,

**જવાબ**

(૧) ૧૨ (બાર)

(૨) તે પૈકી કેટલી કવોરીઓ ગેરકાયદેસર રીતે ચાલતી માલુમ પડી છે, અને

(૨) એક પણ નહીં.

(૩) ગેરકાયદેસર કવોરીઓના માલિકો સામે શાં પગલાં લેવામાં આવ્યા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં નર્મદા યોજનાના વિસ્થાપિતોની વસાહતો

૨૯૮૫૧ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં નર્મદા વિસ્થાપિતોની કેટલી વસાહતો કયાં–કયાં આવેલી છે, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં સરદાર સરોવર યોજનાના વિસ્થાપિતોની કુલ–૧૫૨ વસાહતો આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે. ડભોઇ–૩૨, કરજણ–૨, કવાંટ–૧, નસવાડી–૧૯, સંખેડા–૫૧, સાવલી–૧૧, શિનોર–૨, વાઘોડીયા–૨૬, પાવી–જેતપુર–૮.

(૨) આ વસાહતોને નર્મદાના પાણીથી સિંચાઇનો લાભ મળે છે કે કેમ ?

(૨) (૧) હા, વડોદરા જિલ્લાની–૧૧૬ વસાહતોમાં નર્મદા નહેર યોજના દ્વારા સિંચાઇનો લાભ આપવામાં આવે છે. જેમાં ૯૯૩૬ હેકટર વિસ્તારને લાભ આપેલ છે. અને બાકીની ૧૨૯૪ હેકટર વિસ્તાર જમીનને સિંચાઇનો લાભ આપવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૨) ૧૫–વસાહતોમાં સિંચાઇનો લાભ અન્ય સિંચાઇ યોજનાઓ દ્વારા આપવામાં આવેલ છે.

(૩) ૨૧–વસાહતોમાં ટયૂબવેલ દ્વારા સિંચાઇનો લાભ આપવામાં આવે છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન

૨૮૭૧૦ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ડીસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે જૂનાગઢ જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ડીસેમ્બર ૨૦૧૧ની સ્થિતિએ ૧૧૬ લોક અદાલતોના આયોજન દ્વારા ૧૯૩૫ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) તેમાં કેટલી રકમની વસુલાત થઈ ?

(૩) આ સામાધાન થકી કુલ ` ૧૪૧.૪૯ લાખની રકમ મળવાપાત્ર છે. તે પૈકી ` ૬૭.૧૬ લાખની રકમ લોક અદાલતના દિવસોએ જ સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ છે. બાકી રહેતા ` ૭૪.૩૩ લાખની નિયમ મુજબ હપ્તેથી વસુલાત કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

## અમરેલી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં કુટિર ઉદ્યોગ માટે મળેલ અરજીઓ

૩૦૬૮૦ **શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(બાબરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્ય કક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ઉદ્યોગ કેન્દ્રમાં છેલ્લા ત્રણ વર્ષમાં કુટિર ઉદ્યોગ અન્વયે લોન મેળવવા કેટલી અરજીઓ આવી, અને

(૧) અને (૨) અગાઉના વર્ષની પડતર અરજીઓ સહીત નીચે મુજબ અરજીઓ મળેલ છે અને બેંકો દ્વારા મંજુર કરવામાં આવી છે.

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી અરજીઓ મંજુર કરી ?

| વર્ષ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ |
|---|---|---|
| તા.૧/૨/૨૦૦૯ થી તા.૩૧/૧/૨૦૧૦ | ૩૨૮૧ | ૧૨૫૯ |
| તા.૧/૨/૨૦૧૦ થી તા.૩૧/૧/૨૦૧૧ | ૩૦૯૮ | ૧૧૫૮ |
| તા.૧/૨/૨૦૧૧ થી તા.૩૧/૧/૨૦૧૨ | ૧૮૪૩ | ૮૫૧ |

---------

**ભાવનગર અને સુરત જિલ્લામાં લીઝની અરજીઓ**

૨૯૫૨૭ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ અને ખનિજ)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર અને સુરત જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં જાન્યુઆરી–૨૦૧૦ થી જાન્યુઆરી–૨૦૧૨ સુધીમાં રેતી અને કપચીની હરાજી સિવાયની લીઝ માટે કેટલી અરજીઓ મળી છે, અને | (૧) ભાવનગર જિલ્લામાં ૪૫૭ અને સુરત જિલ્લામાં ૭૧ અરજીઓ મળી છે. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર થયેલ છે ? | (૨) ભાવનગર જિલ્લામાં ૫૮ અને સુરત જિલ્લામાં ૧૦ અરજીઓ મંજૂર થયેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશનો**

૨૮૭૪૫ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| જૂનાગઢ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ? | જૂનાગઢ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ૧૩ (તેર) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૪ | ૪ |
| ૨૦૦૯–૧૦ | ૧ | ૧ |
| ૨૦૧૦–૧૧ | ૮ | ૮ |
| **કુલ...** | **૧૩** | **૧૩** |

---------

**134/p a g e > વાપી ઔદ્યોગિક વસાહતમાં જમીન ગુમાવનારાઓને જમીન ફાળવવા બાબત**

૨૮૮૪૭ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં જિલ્લાના વાપી જીઆઇડીસી ખાતે જમીન ગુમાવનાર ઇસમોના કેટલા કેસ પડતર છે? અને | (૧) જમીન ગુમાવનાર ૧૧૬ ખાતેદારોને વ્યક્તિગત ધોરણે ૫૦ ચો.મી. પ્લોટની ફાળવણીના બદલે તમામ જમીન ગુમાવનાર ખાતેદારો પાસેથી તેઓ વ્યક્તિગત માંગણી રજૂ કરશે નહી તેવું બાહેધરી મેળવી ૧૧૬ જમીન માલીકોની સોસાયટીને ઉપલબ્ધ બનતો વિસ્તાર ફાળવવાનો નિર્ણય લઈ તેની જાણ પ્રમુખશ્રી, લેન્ડ લુઝર એસોસીએશનને કરવામાં આવેલ, જમીન ગુમાવનાર મંડળીના પ્રમુખશ્રી સાથે થયેલ ચર્ચાના અનુસંધાને તેઓ |

દ્વારા હજુસુધી મંડળીના સભાસદોની યાદી તૈયાર કરેલ નથી. જેથી આ ઈસમોના કેસ પડતર છે. અને તેઓ તરફથી આખરી યાદી મળેથી આગળની કાર્યવાહી હાથ ધરવાની રહે.

(૨) છેલ્લા બે વર્ષમાં તે અન્વયે કેટલાને જમીન ફાળવવામાં આવી?

(૨) એક ખાતેદારે નામદાર હાઈકોર્ટમાં દાવો દાખલ કરતાં તેમની તરફેણમાં ચુકાદો આવતાં તેઓને જમીન ફાળવવામાં આવી.

**ખેડા જિલ્લામાં યોજાયેલ લોક દરબાર**

૨૮૬૫૮ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પ્રજા અને પોલીસ વચ્ચે વિશ્વાસ વધે તે માટે સમયાંતરે સ્થાનિક કક્ષાએ લોક દરબાર યોજવા માટે રાજય સરકારે સૂચના આપેલ હોવાની હકીકત ખરી છે, અને

(૨) જો હા, તો ખેડા જિલ્લામાં કેલેન્ડર વર્ષ ૨૦૧૦ અને ૨૦૧૧માં કેટલા યોજવામાં આવેલ છે?

**જવાબ**

(૧) હા જી,

(૨) વર્ષ ૨૦૧૦માં ૧૪૬ અને વર્ષ ૨૦૧૧માં ૨૬૨ લોકદરબાર યોજવામાં આવેલ છે.

---------

**રાજયમાં જાહેર કરવામાં આવેલ નવા બંદરો**

૨૯૮૯૫ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજયમાં નવા બંદરો કયા કયા જાહેર કરવામાં આવ્યા છે,

(૨) તે પૈકી કયા કયા બંદરો ખાનગી એકમો દ્વારા કયા કયા હેતુ માટે વિકસાવવાનું આયોજન છે, અને

(૩) કયા કયા બંદર વિકસાવવાની યોજના પડતી મૂકવામાં આવી છે?

**જવાબ**

(૧) કોઈ નવા બંદરો જાહેર કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં વીજ બીલના નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૨૫ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં ડિસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વડોદરા જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ડિસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ ૮૯ લોક અદાલતોના આયોજન દ્વારા ૧૯૧૨ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી કુલ ` ૮૮.૨૩ લાખની રકમ મળવાપાત્ર છે. તે પૈકી ` ૪૭.૧૧ લાખની રકમ લોક અદાલતના દિવસોએ જ સ્થળ ઉપર વસૂલાત કરવામાં આવેલ છે, બાકી રહેતા ` ૪૧.૧૨ લાખ નિયમ મુજબ હપ્તેથી વસૂલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

**વડોદરા જિલ્લામાં વીજ બીલના નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૨૬ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ના નાણાંકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ માં ૧૩૭ લોક અદાલતોના આયોજન દ્વારા ૩૬૦૯ કેસોમાં, વર્ષ ૨૦૧૦–૧૧ માં ૨૬૭ લોક અદાલતોના આયોજન દ્વારા ૨૯૬૧ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦ માં ` ૧૧૭.૮૯ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૧૪૭.૦૯ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

---------

**ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૯૭૫ **ડૉ. કનુભાઇ વા. કલસરીયા(મહુવા): માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર માનવ કલ્યાણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી?

**જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષની અરજીઓની વિગતો નીચે મુજબ છે.

**વર્ષ ૨૦૧૦ની વિગતોઃ–**

| અ.નં. | તાલુકાનું નામ | પડતર અરજીઓ સહિતની મળેલ કુલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ઘોઘા | ૨૯૭ | ૪૭ | ૯૯ |
| ૨ | પાલીતાણા | ૩૦૨ | ૮૦ | ૫૭ |
| ૩ | બોટાદ | ૪૦૪ | ૩૧૧ | ૫૩ |
| ૪ | મહુવા | ૪૩૧ | ૧૫૦ | ૧૬૦ |
| ૫ | ભાવનગર | ૧૨૨૧ | ૪૧૩ | ૮૮ |
| ૬ | વલ્લભીપુર | ૩૫૦ | ૪૪ | ૧૦૫ |
| ૭ | ઉમરાળા | ૨૮૧ | ૭૨ | ૪૪ |
| ૮ | તળાજા | ૪૬૨ | ૨૪ | ૨૧૨ |
| ૯ | ગઢડા | ૩૧૭ | ૧૪૬ | ૬૯ |
| ૧૦ | ગારીયાધાર | ૨૬૨ | ૧૫ | ૯૧ |
| ૧૧ | શીહોર | ૩૬૮ | ૧૩૦ | ૬૩ |
| | કુલ | ૪૬૯૫ | ૧૪૩૨ | ૧૦૪૧ |

(૨) **વર્ષ ૨૦૧૧ની વિગતોઃ–**

| અ.નં. | તાલુકાનું નામ | પડતર અરજીઓ સહિતની મળેલ કુલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | નામંજુર કરેલ અરજીઓ |
|---|---|---|---|---|
| ૧ | ઘોઘા | ૧૯૬ | ૪૯ | ૩૭ |
| ૨ | પાલીતાણા | ૨૩૧ | ૭૭ | ૩૫ |
| ૩ | બોટાદ | ૧૨૯ | ૯૮ | ૨૧ |
| ૪ | મહુવા | ૩૨૧ | ૧૧૯ | ૫૨ |
| ૫ | ભાવનગર | ૧૭૪૪ | ૮૬૬ | ૫૩૩ |
| ૬ | વલ્લભીપુર | ૨૫૭ | ૯૮ | ૩૪ |
| ૭ | ઉમરાળા | ૧૯૧ | ૬૨ | ૫૫ |
| ૮ | તળાજા | ૩૧૫ | ૮૧ | ૬૧ |
| ૯ | ગઢડા | ૧૬૯ | ૧૦૩ | ૩૦ |
| ૧૦ | ગારીયાધાર | ૧૯૫ | ૪૭ | ૪૬ |
| ૧૧ | શીહોર | ૨૩૮ | ૧૮૯ | ૩૦ |
| | કુલ | ૩૯૮૬ | ૧૭૮૯ | ૯૩૪ |

---------

**ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીઝીયનનો વિસ્તાર**

૨૮૭૮૨ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ધોલેરા ખાતે સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવા માટે કેટલો વિસ્તાર આવરી લેવામાં આવનાર છે.

(૨) તા. ૩૧–૧૧–૨૦૧૨ની સ્થિતિએ આ વિસ્તારના વિકાસ માટે કોઈ વહીવટી માળખુ તૈયાર કરવામાં આવેલ છે, અને

(૩) જો હા , તો તેની વિગતો શી છે?

**જવાબ**

(૧) ધોલેરા ખાતે સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન વિકસાવવા ધંધુકા તાલુકાના ૧૯ તથા બરવાળા તાલુકાના ૩ ગામો એમ અમદાવાદ જિલ્લાના ૨૨ ગામોનો કુલ ૯૧૯.૭૦ ચો.મી. વિસ્તાર આવરી લેવાયેલ છે.

(૨) હા,

(૩) ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ એકટ, ૨૦૦૯નુ ઘડતર.

– ગુજરાત સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ એકટ, ૨૦૦૯ હેઠળ ગુજરાત ઈફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડને સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એપેક્ષ ઓથોરીટી તરીકે જાહેર કરવામાં આવેલ છે.

– ગુજરાત એસઆઈઆર એકટ–૨૦૦૯ની કલમ ૮, ૯, ૧૦ અને ૧૫ હેઠળ મળેલ સત્તાઓ અન્વયે ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર દ્વારા જાહેરનામા ક્રમાંક જીએચયુ/ ૧૦/૦૭/ એસઆઈઆર / ૧૧૨૦૧૦ / ૮૧૪૫૦ / આઈ તા.૧૬/૨/૨૦૧૦ થી ધોલેરા સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી (ડીએસઆઈઆરડીએ)ની રચના કરવામાં આવેલ છે.

– રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી ગુજરાત એસઆઈઆર એકટ–૨૦૦૯ની કલમ ૧૫ હેઠળ મળેલ સત્તાઓ મુજબ કાર્યો કરે છે. તથા તેનું મુખ્ય મથક ગાંધીનગર ખાતે છે. તા.૩૧/૧/૨૦૧૨ સુધી ઓથોરીટીની કુલ ૫ બેઠકો મળેલ છે.

---------

## બનાસકાંઠા જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશનો

૨૮૭૪૩ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

બનાસકાંઠા જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ?

**જવાબ**

બનાસકાંઠા જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં ૩૦ (ત્રીસ) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | ૨૨૦ કે.વી. | કુલ |
|---|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૭ | –– | ૭ |
| ૨૦૦૯–૧૦ | ૮ | ૧ | ૯ |
| ૨૦૧૦–૧૧ | ૧૪ | –– | ૧૪ |
| **કુલ** | **૨૯** | **૧** | **૩૦** |

---------

## આણંદ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસુલાત માટે લોક અદાલતોનું આયોજન

૨૮૭૩૦ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉર્જા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ ના નાણાંકીય વર્ષમાં આણંદ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ માં ૬૬ લોક અદાલતોના આયોજન દ્બારા ૮૮૦ કેસોમાં, વર્ષ ૨૦૧૦–૧૧ માં ૫૩ લોક અદાલતોના આયોજન દ્બારા ૯૯૬ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦ માં '

૭૨.૪૭ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૬૧.૦૪ લાખની વસૂલાત થયેલ છે.

---------

**નર્મદા યોજનાના ભાગીદાર રાજ્યોને વીજળીની ફાળવણી**

૨૯૧૭૯ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સરદાર સરોવર યોજનામાંથી ઉત્પન્ન થતી વિજળી ભાગીદાર રાજ્યોમાં પણ વહેંચવામાં આવે છે,

(૨) તે અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટ કેટલી વીજળી ઉત્પન્ન થઈ, અને ભાગીદાર રાજ્યોને કેટ કેટલી વીજળી આપી, અને

(૩) રાજ્યના ભાગે કેટ કેટલી વીજળી મળી?

**જવાબ**

(૧) હા જી.

(૨) અને (૩)

સરદાર સરોવર યોજનામાંથી છેલ્લા ત્રણ વર્ષમાં (૨૦૦૯ થી ૨૦૧૧) વર્ષ ૨૦૦૯માં ૨ અબજ ૧૨ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦માં ૩ અબજ ૫૯ કરોડ યુનીટ અને વર્ષ ૨૦૧૧માં ૪ અબજ ૪૬ કરોડ યુનીટ કુલ વિજળી ૧૦ અબજ ૧૭ કરોડ યુનીટ વીજળી ઉત્પન્ન થયેલ અને ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહાષ્ટ્ર અને ગુજરાતને અનુક્રમે ૫૭ % , ૨૭ %, ૧૬ %, પ્રમાણે વહેંચણી થતાં કુલ ઉત્પાદન થયેલ વીજળીમાંથી ઘટ બાદ કરતાં (૨૦૦૯ થી ૨૦૧૧) મધ્યપ્રદેશ રાજ્યને વર્ષ ૨૦૦૯માં ૧ અબજ ૧૮ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૦માં ૨ અબજ યુનીટ, વર્ષ ૨૦૧૧માં ૨ અબજ ૪૩ કરોડ યુનીટ એમ કુલ ૫ અબજ ૬૩ કરોડ યુનીટ, મહાષ્ટ્ર રાજ્યને વર્ષ ૨૦૦૯માં ૫૬ કરોડ ૧૭ લાખ યુનીટ વર્ષ ૨૦૧૦માં ૯૫ કરોડ યુનીટ, વર્ષ ૨૦૧૧માં ૧ અબજ ૧૫ કરોડ યુનીટ એમ કુલ ૨ અબજ ૬૬ કરોડ યુનીટ, ગુજરાત રાજ્યને વર્ષ ૨૦૦૯માં ૩૩ કરોડ ૨૯ લાખ યુનીટ, વર્ષ ૨૦૧૦માં ૫૬ કરોડ ૩૫ લાખ યુનીટ, વર્ષ ૨૦૧૧માં ૬૮ કરોડ ૪૫ લાખ યુનીટ એમ કુલ ૧ અબજ ૫૮ કરોડ યુનીટ વીજળી આપવામાં આવેલ છે.

**રાજકોટ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૦૧ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ ના નાણાંકીય વર્ષમાં રાજકોટ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ માં ૨૧૪ લોક અદાલતોના આયોજન દ્વારા ૫૩૨૯ કેસોમાં અને વર્ષ ૨૦૧૦–૧૧ માં ૩૨૫ લોક અદાલતોના આયોજન દ્વારા ૪૯૨૧ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦ માં ` ૪૪૨.૮૨ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૪૪૯.૦૪ લાખની વસૂલાત થયેલ છે.

**વડોદરા જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૨૪ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા

**જવાબ**

(૧) અને (૨)

નાણાંની વસૂલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં ડિસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વડોદરા જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ડિસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ ૮૯ લોક અદાલતોના આયોજન દ્વારા ૧૯૧૨ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી કુલ ` ૮૮.૨૩ લાખની રકમ મળવાપાત્ર છે. તે પૈકી ` ૪૭.૧૧ લાખની રકમ લોક અદાલતના દિવસોએ જ સ્થળ ઉપર વસૂલાત કરવામાં આવેલ છે, બાકી રહેતા ` ૪૧.૧૨ લાખ નિયમ મુજબ હપ્તેથી વસૂલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**વડોદરા જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૨૭ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ ના નાણાંકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ માં ૧૩૭ લોક અદાલતોના આયોજન દ્વારા ૩૬૦૯ કેસોમાં, વર્ષ ૨૦૧૦–૧૧ માં ૨૬૭ લોક અદાલતોના આયોજન દ્વારા ૨૯૬૧ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦ માં ` ૧૧૭.૮૯ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૧૪૭.૦૯ લાખની વસૂલાત કરવામાં આવેલ છે.

**જૂનાગઢ જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશનો**

૨૮૭૪૪ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

જૂનાગઢ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ?

**જવાબ**

જૂનાગઢ જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં ૧૩ (તેર) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૪ | ૪ |
| ૨૦૦૯–૧૦ | ૧ | ૧ |
| ૨૦૧૦–૧૧ | ૮ | ૮ |
| **કુલ** | **૧૩** | **૧૩** |

---------

**અમદાવાદ શહેરમાં એક ના ત્રણ કરનાર કૌભાંડકારીઓ**

૨૯૭૭૩ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં કેટલા કેસો એક ના ત્રણ કરવાના કૌભાંડ માટે નોંધાયા,

(૨) કેટલા ઈસમો વિરૂધ્ધ પગલાં ભરવામાં આવ્યા,

(૩) હાલમાં શહેરમાં આવા લોકો ઓફિસો ખોલીને લોકોને છેંતરી રહ્યા છે તો તે અંગે શી કાર્યવાહી કરવામાં આવનાર છે, અને

**જવાબ**

(૧) ૨૪.

(૨) ૧૦૭.

(૩) આવા ગુનાઓમાં સંડોવાયેલ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય ફોજદારી ધારા તથા ધી પ્રાઈઝ ચીટ મની સરક્યુલેશન એકટ–૧૯૮૮ ની કલમો હેઠળ ગુનાઓ દાખલ કરવામાં આવેલ છે. અને કાયદેસરની તમામ કાર્યવાહી હાથ ધરાય છે. ઉપરાંત આવા બનાવો બનતા અટકાવવા માટે આમ જનતાને જાગૃત રહેવા પ્રચાર માધ્યમો અને સંપર્ક

(૪) પ્રજાના નાણા પરત મળી રહે તે માટે કોઈ કાર્યવાહી કરવા સરકાર માંગે છે કે કેમ ?

પ્રયાસો કરી કાર્યવાહી હાથ ધરાય છે.

(૪) દાખલ થયેલ ગુનાઓમાં ભોગ બનનાર જનતાના ગયેલ નાણાં પૈકી રોકડ તથા અન્ય મુદ્દામાલ રીકવર કરવા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

---------

**જામનગર જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશનો**

૨૮૭૪૧ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

જામનગર જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ?

**જવાબ**

જામનગર જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં ૧૬ (સોળ) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૩ | ૩ |
| ૨૦૦૯–૧૦ | ૫ | ૫ |
| ૨૦૧૦–૧૧ | ૮ | ૮ |
| **કુલ** | **૧૬** | **૧૬** |

---------

**અમરેલી જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશનો**

૨૮૭૩૩ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

અમરેલી જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ?

**જવાબ**

અમરેલી જિલ્લામાં માર્ચ–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં ૧૨ (બાર) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વિત થયેલ છે, જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૨ | ૨ |
| ૨૦૦૯–૧૦ | ૪ | ૪ |
| ૨૦૧૦–૧૧ | ૬ | ૬ |
| **કુલ** | **૧૨** | **૧૨** |

---------

**આણંદ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૨૯ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯–૧૦ અને ૨૦૧૦–૧૧ ના નાણાંકીય વર્ષમાં આણંદ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૦૯–૧૦ માં ૬૬ લોક અદાલતોના આયોજન દ્વારા ૮૮૦ કેસોમાં, વર્ષ ૨૦૧૦–૧૧ માં ૫૩ લોક અદાલતોના આયોજન દ્વારા ૯૯૬ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯–૧૦ માં ` ૭૨.૪૭ લાખ અને વર્ષ ૨૦૧૦–૧૧ માં ` ૬૧.૦૪ લાખની વસૂલાત થયેલ છે.

---------

**140/p a g e > ભાવનગર જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૬૯૨ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં ડિસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું,

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ભાવનગર જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ડિસેમ્બર–૨૦૧૧ની સ્થિતિએ ૧૫૨ લોક

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

અદાલતોના આયોજન દ્વારા ૪૮૨૨ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) તેમાં કેટલી રકમની વસૂલાત થઈ ?

(૩) આ સમાધાન થકી કુલ ` ૨૭૮.૮૭ લાખની રકમ મળવાપાત્ર છે. તે પૈકી ` ૧૯૫.૬૩ લાખની રકમ લોક અદાલતના દિવસોએ જ સ્થળ ઉપર વસૂલાત કરવામાં આવેલ છે, બાકી રહેતા ` ૮૩.૨૪ લાખ નિયમ મુજબ હપ્તેથી વસૂલ કરવાની કાર્યવાહી ચાલુ છે.

---------

**અર્થશાસ્ત્ર અને આંકડાબ્યુરોની કચેરીમાં આંકડા મદદનીશ-સંશોધન મદદનીશની ખાલી જગ્યાઓ**

૨૯૪૪૨ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરોની કચેરીમાં આંકડા મદદનીશની-સંશોધન મદદનીશની (પ્રતિનિયુકિત) સહિતની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ આંકડા મદદનીશની ૧૮૫ અને સંશોધન મદદનીશની ૧૨૩ જગ્યાઓ ખાલી છે, તે પૈકી

| ક્રમ | ખાલી જગ્યાનો સમયગાળો | આંકડા મદદનીશ | સંશોધન મદદનીશ |
|---|---|---|---|
| ૧ | ૧ વર્ષથી ઓછા સમયથી | ૩૨ | ૩૦ |
| ૨ | ૧ વર્ષથી ૩ વર્ષ સુધીની | ૨૩ | ૮૨ |
| ૩ | ૩ વર્ષથી વધુ સમયથી | ૧૩૦ | ૧૧ |

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા સરકારે છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરી, અને

(૨) આવી ખાલી જગ્યાઓ ભરવા છેલ્લા એક વર્ષમાં નીચે મુજબ કાર્યવાહી કરેલ છે.

- આંકડા મદદનીશ સંવર્ગની ૩૬ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે.
- આંકડા મદદનીશની ૧૫૦ જગ્યાઓ અને સંશોધન મદદનીશની ૮૪ જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૩-૯-૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક -કપઅ-૧૦૨૦૧૦-યુઓ-૭૨-ગ-૪ થી એક ભરતી પ્રસંગ (One time) માટે ખાતાકીય રાહે સીધી ભરતીથી ભરવાની વિભાગને મંજૂરી મળેલ છે. જે અન્વયે સદરહુ જગ્યાઓ સીધી ભરતીથી જાહેરાત આપી ભરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

(૩) કેટલા સમયમાં આ જગ્યાઓ ભરવામાં આવશે ?

(૩) શક્ય તેટલી ઝડપથી.

---------

**ભાવનગર જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૬૯૪ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૦-૧૧ ના નાણાંકીય વર્ષમાં ભાવનગર જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું ?

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસુલાત થઇ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૯-૧૦ માં ૨૪૧ લોક અદાલતોના આયોજન દ્વારા ૫૧૨૧ કેસોમાં અને વર્ષ ૨૦૧૦-૧૧ માં ૨૫૯ લોક અદાલતોના આયોજન દ્વારા ૭૩૪૦ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી વર્ષ ૨૦૦૯-૧૦ માં ` ૩૭૩.૭૨ લાખ અને વર્ષ ૨૦૧૦-૧૧ માં ` ૪૨૮.૧૪

લાખની વસુલાત થયેલ છે.

---------

**કઠલાલ અને મહેમદાવાદ સ્થિત ઘોડાસર બ્રાન્ચ કેનાલનો કમાન્ડ એરીયા**

૨૮૬૮૯ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ અને મહેમદાવાદ સ્થિત ઘોડાસર બ્રાન્ચ કેનાલનો નેટવર્કનો કુલ કમાન્ડ એરીયા કેટલો છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ખેડા જિલ્લાના કઠલાલ અને મહેમદાવાદ સ્થિત ઘોડાસર બ્રાન્ચ કેનાલનો નેટવર્કનો કુલ કમાન્ડ એરીયા ૩૨,૦૮૯ એકર (૧૨,૯૮૬ હેક્ટર) છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કમાન્ડ એરીયા પૈકીના કેટલા વિસ્તારને પાણી પુરૂ પાડવામાં આવે છે, | (૨) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ઘોડાસર શાખા નહેરના કુલ કમાન્ડ એરીયા ૩૨,૦૮૯ એકર (૧૨,૯૮૬ હેક્ટર) પૈકી બદરપુર માઇનોરના ૧,૮૮૦ એકર (૭૬૧ હેક્ટર) વિસ્તાર સિવાયના ૩૦,૨૦૯ એકર (૧૨,૨૨૫ હેક્ટર) વિસ્તારમાં પિયતની સુવિધા ઉપલબ્ધ કરાયેલ છે. |
| (૩) કેટલો વિસ્તાર પાણીથી વંચિત રહેલ છે, અને<br>(૪) ઉક્ત વિસ્તાર પાણીથી વંચિત રહેવાના કારણો શાં છે? | (૩) અને (૪)<br>ઘોડાસર શાખા નહેરની બાકી રહેતી બદરપુર માઇનોરનું કામ તાજેતરમાં પૂર્ણ થતાં માઇનોર સુધી કોઇ વિસ્તાર પાણીથી વંચિત રહેતો નથી. |

---------

**વલસાડ જિલ્લામાં હાથ ધરાયેલ પોલીસ ખાતાના રહેણાંકના મકાનોના કામ**

૨૮૫૫૫ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (પોલીસ આવાસો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પોલીસ ખાતાના કેટલા રહેણાંકના મકાનોના કામો હાથ પર લેવામાં આવેલ છે, અને | (૧) કુલ – ૬૩ રહેણાંકના કામો. |
| (૨) આ કામો પાછળ તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ? | (૨) કુલ ` ૪૩૩.૮૯ લાખ. |

---------

**દેડીયાપાડા તાલુકાના કેટલા ગામોને અંડર ગ્રાઉન્ડ વીજળીની સુવિધા આપવા બાબત**

૨૮૮૬૫ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના માલસામોટના કેટલા ગામોને અંડર ગ્રાઉન્ડ વીજળીની સુવિધા આપવા માટે પસંદ ક્યારે કરવામાં આવ્યા, અને | (૧) નર્મદા જિલ્લાના દેડીયાપાડા તાલુકાના માલસામોટના ૧૮ ગામો અને ૪ પેટાપરાઓ આરક્ષિત જંગલ વિસ્તારમાં આવેલ હોવાથી અને આ ગામોને પરંપરાગત વીજળીકરણ માટે વીજ રેષાઓથી ઘણા અંતરે હોવાથી નવા ફોરેસ્ટ એકટ મુજબ અંડર ગ્રાઉન્ડ કેબલ નાખવો જરૂરી હોઇ, આ ગામો અને પેટાપરાને અન્ડર ગ્રાઉન્ડ કેબલ દ્વારા વીજળીની સુવિધા આપવા માટે ફેબ્રુઆરી ૨૦૧૦ માં પસંદ કરવામાં આવ્યા છે. |
| (૨) હાલમાં આ ગામોને કેવા પ્રકારની વીજળીની સુવિધાઓ છે ? | (૨) હાલમાં આ ગામોને ૬૬ કેવી દેડીયાપાડા સબ સ્ટેશનમાંથી નીકળતા જ્યોતિગ્રામ ફીડર દ્વારા ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે. |

---------

**કોડીનાર, ઉના અને તાલાલા તાલુકાના ગામોને દિવસે વીજ પુરવઠો આપવા બાબત**

૨૯૮૩૬ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં જંગલ બોર્ડર વિસ્તારના કોડીનાર, ઉના અને તાલાલા તાલુકાના ગામોને તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી દિવસના સમયે ખેતીવાડી ફીડરોને વીજ પુરવઠો આપવામાં આવે છે કે કેમ,

**જવાબ**

(૧) રાત્રીના સમયે વન્ય પશુઓના ભયને કારણે ગ્રામ વાસીઓ તરફથી થયેલ રજૂઆતને ધ્યાને લઇ, તા.૩૧–૦૧–૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષથી તાલાલા તાલુકાના ૧૫ ખેતીવાડી ફીડરોમાંથી ૩૯ ગામોને દિવસના સમયે તેમજ અન્ય તાલુકાના ગામોને ૩૪ ફીડરો દ્વારા વારાફરતી દિવસે અને રાત્રે થ્રી ફેઝ વીજ પુરવઠો ૮ કલાક આપવામાં આવેલ છે.જ્યારે બાકીના સમયમાં સ્પેશ્યલ ડીઝાઇન્ડ ટ્રાન્સફોર્મર મૂકી ઘર વપરાશ માટે વીજ પુરવઠો પૂરો પાડવામાં આવે છે. તદ્ઉપરાંત ઉપરોક્ત તમામ ગામોને ૨૪ કલાક થ્રી ફેઝ વીજ પુરવઠો જ્યોતિગ્રામ ફીડર ઉપરથી આપવામાં આવે છે.

(૨) જો હા, તો ઉપરોક્ત તાલુકાના ક્યાં ક્યાં ખેતીવાડી ફીડરોને દિવસના સમયે વીજ–પુરવઠો આપવામાં આવે છે,

(૨) જૂનાગઢ જિલ્લાના તાલાલા તાલુકાના સાસણ, ધાવા, રામરેચી, ધ્રુસીયા, માધુપુર, પીપળવા, આંબળસ, હડમતીયા, બામણસા, રસુલપરા, મોરુકા, ભાલછેલ, ચીત્રાવડ, માલજિંજવા, જાંબુર ખેતીવાડી ફીડરોને દિવસના સમયે વીજ પુરવઠો આપવામાં આવે છે.

(૩) ઉપરોક્ત જંગલ બોર્ડર નજીકના ગામોના ખેતીવાડી ફીડરોને દિવસનો વીજ–પુરવઠો આપવામાં ન આવતો હોય તેવા તાલુકાવાર ગામો કેટલાં, અને

(૩) ઉપરોક્ત જંગલ બોર્ડર નજીકના ગામોના ખેતીવાડી ફીડરોને માત્ર દિવસનો જ વીજ પુરવઠો આપવામાં ન આવતો હોય તેવા કુલ ૫૪ ગામો છે જે નીચે મુજબ છે.

– તાલાલા તાલુકાના ૧૨ ગામ,
– કોડીનાર તાલુકાના ૨૨ ગામ,
– ઉના તાલુકાના ૨૦ ગામ

આ તમામ ફીડરોને વારાફરતી દિવસ અને રાત્રે ખેતીવાડી માટે વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.

(૪) ઉપરોક્ત ગામોના ખેડૂતોને રાત્રીના સમયે જંગલી પશુઓનો ભય હોવાથી ફીડરોને દિવસના સમયે વીજ પુરવઠો આપવાનું આયોજન છે કે કેમ ?

(૪) તમામ ક્ષેત્રોની વીજ માંગ, ઉપલબ્ધ વીજ પુરવઠો અને વીજ તંત્ર ઉપર પડનાર બોજો લક્ષ્યમાં લેતાં, કૃષિ ક્ષેત્રે માત્ર દિવસના સમયે વીજ પુરવઠો પુરો પાડવાનું શક્ય નથી. આથી ગૃપવાર વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. દરેક ગૃપનું સમયપત્રક નિયમિત રીતે બદલાતું હોય છે. આથી કોઇ ગૃપને માત્ર દિવસના સમયે કે માત્ર રાત્રીના સમયે જ વીજ પુરવઠો મળે તેવું બનતું નથી. દરેક ગૃપને દિવસે અને રાત્રે વીજ પુરવઠો વારાફરતી મળતો રહે છે.

---------

**કલ્પસર યોજનાનો ખર્ચ**

૩૦૦૦૮ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કલ્પસર પ્રોજેક્ટ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) કલ્પસર પ્રોજેક્ટના આવિક્ષણ અહેવાલની વર્ષ ૧૯૮૮–૮૯ માં, પૂર્વ શક્યતાદર્શી અહેવાલની વર્ષ ૧૯૯૬–૯૮ માં અને છ વિશિષ્ટ અભ્યાસોની વર્ષ ૧૯૯૯ માં તથા શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની મંજૂરી વર્ષ ૨૦૦૩ માં આપવામાં આવેલ છે.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તેની પ્રગતિ ક્યા તબક્કે છે અને કેટલો ખર્ચ થયો ?

(૨) યોજના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે, અને યોજનાના તમામ અભ્યાસો પાછળ ડીસેમ્બર–૨૦૧૧ અંતિત કુલ ` ૬૦૫૭ કરોડનો ખર્ચ થયેલ છે.

---------

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**ઔદ્યોગિક વસાહતો માટે મેળવવામાં આવતી ખાનગી જમીનના માલિકોને રક્ષણ આપવા માટે નીતિ**

૨૮૭૬૯ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ઔદ્યોગિક વસાહતો માટે મેળવવામાં આવતી ખાનગી જમીનના માલિકોને રક્ષણ મળે તેમજ જે તે ગામના કલ્યાણ માટે મદદરૂપ થવાય તેવી કોઇ નીતિ ઘડવામાં આવેલી છે, તે હકીકત સાચી છે, અને | (૧) હા. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે ? | (૨) જમીન માલિકોને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ દ્વારા વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર બનાવવા અંગેની નીતિ તા.૧૫-૧૨-૧૦ થી ઘડવામાં આવી છે દેશમાં પ્રથમ વખત આ પ્રકારની નીતિ દ્વારા જમીન માલીકોને લાંબા ગાળા માટે આર્થિક સહાય અને નફામાં હિસ્સો ઉપલબ્ધ બને તે પ્રકારનું પ્રાવધાન કરવામાં આવ્યું છે. આ નીતિ અંતર્ગત જમીનનો સંમતિ દર સ્વતંત્ર સંસ્થા દ્વારા નિષ્પક્ષ રીતે નક્કી થશે. જમીનના વિતરણમાંથી જમીન માલીકોને હિસ્સો પણ ઉપલબ્ધ થશે. જમીન માલિકને વાણિજ્ય પ્લોટ ` ૧/- પ્રતિ ચો.મી. ના ટોકન દરથી ફાળવવામાં આવશે. તાલીમ દ્વારા જમીન માલીકોને કૌશલ્ય વૃધ્ધી કરી તેઓને ઉદ્યોગોમાં રોજગારની તક ઉપલબ્ધ કરવામાં આવશે અને ગ્રામ પંચાયતને પણ જમીનના વિતરણથી ઉપલબ્ધ બનતી રકમમાં ભાગ આપી સામુહિક સુવિધાઓ વિકસે તેનું ધ્યાન નીતિમાં રાખવામાં આવ્યું છે. |

---------

**નર્મદા યોજનાનો કુલ ખર્ચ**

૨૯૯૧૦ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા યોજના પૂર્ણ કરવા હજુ કેટલો વધુ ખર્ચ થવાનો અંદાજ છે, | (૧) આયોજન મુજબ નર્મદા યોજનાના તમામ ઘટકોના બાકી કામો પૂર્ણ કરવા ` ૧૫૨૧૮ કરોડ ખર્ચ થવાનો અંદાજ છે. |
| (૨) સંપૂર્ણ નર્મદા યોજના ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને | (૨) નર્મદા યોજનાના તમામ કામો વહેલીતકે પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) નર્મદા યોજના પૂર્ણ થવાથી કુલ કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળવાની શક્યતા છે ? | (૩) આયોજન મુજબ નર્મદા યોજના પૂર્ણ થવાથી ગુજરાત રાજ્યમાં આશરે ૧૮.૪૫ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળવાની શક્યતા છે. |

---------

**મહાત્મા મંદિરમાં ઉપલબ્ધ સુવિધાઓ**

**144/p a g e >** ૨૮૭૭૪ **શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગાંધીનગર ખાતે મહાત્મા મંદિરમાં તા.૩૧-૧-૨૦૧૨ | તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ ગાંધીનગર ખાતે |

ની સ્થિતિએ કઇ કઇ સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે ?

મહાત્મા મંદિરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પરિસંવાદો, પ્રદર્શનો, સેમિનાર વિગેરે યોજાઇ શકે તે માટેની જરૂરી વ્યવસ્થા ઉભી થઇ ગયેલ છે અને વિવિધ કાર્યક્રમોનું આયોજન થઇ રહેલ છે. ઉપલબ્ધ સુવિધાઓ ઉપરાંત પૂજ્ય ગાંધીજીના જીવન પર આધારિત ઘટનાઓ, તત્વજ્ઞાનને આવરી લેતા સ્મારકો તથા આંતરરાષ્ટ્રીય કાર્યક્રમો માટે

(૧) મીઠા ખડક
(૨) ગાંધી ઉપવન
(૩) દાંડીપુલ
(૪) ગાંધી મ્યૂઝિયમ
(૫) ફોટો ગેલરી
(૬) ઇંફોટેન્ટમેંટ ઝોન
(૭) ફૂડ કોર્ટ

જેવી આનુષાંગિક સુવિધાઓ ઉભી કરવાનું આયોજન છે.

---------

**જામનગર જિલ્લામાં કાર્યાન્વીત નવા વીજ સબ સ્ટેશન**

૨૮૭૪૦ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

જામનગર જિલ્લામાં માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં કેટલા નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયા ?

**જવાબ**

જામનગર જિલ્લામાં માર્ચ–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં ૧૬ (સોળ) નવીન વીજ સબ સ્ટેશન કાર્યાન્વીત થયેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | ૬૬ કે.વી. | કુલ |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ૩ | ૩ |
| ૨૦૦૯–૧૦ | ૫ | ૫ |
| ૨૦૧૦–૧૧ | ૮ | ૮ |
| **કુલ** | **૧૬** | **૧૬** |

---------

**વલસાડ જિલ્લામાં વીજ બીલના નાણાંની વસૂલાત માટે લોક અદાલતોનું આયોજન**

૨૮૭૨૦ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વલસાડ જિલ્લામાં વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨ માં ડીસેમ્બર ૨૦૧૧ ની સ્થિતિએ કેટલી લોક અદાલતોનું આયોજન કરવામાં આવ્યું ?

(૨) તેમાં કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) તેમાં કેટલી રકમની વસુલાત થઇ ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ બીલના લ્હેણાં નીકળતા નાણાંની વસૂલાત માટે વલસાડ જિલ્લામાં ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૧–૧૨માં ડીસેમ્બર ૨૦૧૧ ની સ્થિતિએ ૪૫ લોક અદાલતોના આયોજન દ્વારા ૩૩૯૪ કેસોમાં સમાધાન કરવામાં આવેલ છે.

(૩) આ સમાધાન થકી કુલ ` ૧૧૬.૦૭ લાખની રકમ મળવાપાત્ર છે. તે પૈકી ` ૪૨.૨૭ લાખની રકમ લોક અદાલતના દિવસોએ જ સ્થળ ઉપર વસુલાત કરવામાં આવેલ છે, બાકી રહેતા ` ૭૩.૮૦ લાખની નિયમ મુજબ હપ્તેથી વસુલાત કરવાની કાર્યવાહી ચાલુ છે.

----------

**કલ્પસર પ્રોજેક્ટ માટે આયોજન**

૩૦૬૧૮ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિમાં કલ્પસર પ્રોજેક્ટ

**જવાબ**

(૧) પ્રોજેક્ટનો શક્યતાદર્શી અહેવાલ વર્ષ ૨૦૧૨–

માટે સરકારે તાજેતરમાં કેવું સમયપત્રક તૈયાર કરેલ છે,

૧૩ સુધીમાં પૂર્ણ કરી, કેન્દ્ર સરકાર સ્તરેથી વિવિધ મંજૂરીઓ મળ્યેથી કામ શરૂ કરી યોજના પાંચથી સાત વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

(૨) આ પ્રોજેક્ટ ક્યારથી શરૂ કરી ક્યારે પૂરો કરવાનું આયોજન કરાયું છે, અને

(૨) ઉપર મુજબ.

(૩) આ કામ માટે કેટલા મુડીરોકાણનો અંદાજ છે ?

(૩) પ્રોજેક્ટનો શક્યતાદર્શી અહેવાલ થયા બાદ મુડી રોકાણનો અંદાજ ઉપલબ્ધ થઇ શકશે.

--------

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

## મહેસૂલ વિભાગ

## માગણી નંબર– ૭૬

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું મહેસૂલ વિભાગને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.પર,પ૧,૦૯,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૭૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૬ રજૂ કરવામાં આવી.**

**કાપદરખાસ્તો**

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગવાનભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિતકુમાર અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ પ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ પ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ચંદુભાઇ મો. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ મે. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.**

## માગણી નંબર– ૭૮

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩,૩૧,૪૦,૪૧,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૭૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરસિંહ રા. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૧૯ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર- ૭૯**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( મહેસૂલ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૧,૩૭,૭૮,૧૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૯૦,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૭૯ રજૂ કરવામાં આવી.**

શ્રી કિરણકુમાર લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગવાનભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.**

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી નંબર- ૮૫**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧,૫૦,૬૯,૮૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૯૧,૩૯,૧૬,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૫ રજૂ કરવામાં આવી.**

**કાપદરખાસ્તો**

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.**

શ્રી બચુભાઇ ના. કિશોરી : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરું છું.

**કાપદરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.**

**માગણી નંબર– ૮૬**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પૂલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૫,૦૧,૦૩,૭૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૮,૧૩,૦૪,૮૦,૦૦૦/–ની માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ ૮૬ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી માનસિંહ કો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ધીરસિંહ ક. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રભુભાઇ ના. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી પરેશભાઇ ગો. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૮૭**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ માર્ગ અને મકાન** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગર બાંધકામ યોજના સેવાને લગતી માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧૩,૫૩,૯૨,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૨,૨૧,૬૬,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક ૮૭ રજૂ કરૂં છું.

**માગણી ક્રમાંક ૮૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી નટવરસિંહ ઠાકોર મણીભાઇ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી મણીભાઇ દે. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.**

**શ્રી વજેસિંહભાઇ પા. પણદા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.**

**શ્રી જોધાજી ગુ. ઠાકોર :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.**

**શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક ૧૦૫**

**પ્રો વસુબેન ન. ત્રિવેદી મહિલા અને બાળ વિકાસ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મહિલા અને બાળ વિકાસ વિભાગ સેવાને લગતી મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫,૨૨,૨૨,૦૦૦/-ની માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૧૦૫ રજૂ કરવામાં આવી.**

**શ્રી હરીલાલ મો. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.**

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

**શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.**

**શ્રી હીરાભાઈ હ. પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું .

**કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી સોમવાર, તા. ૨૦-૩-૨૦૧૨ (બીજી બેઠક) (સાતમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **મહેસૂલ વિભાગ**<br>**માગણી નં. ૭૬** | | |
| ૧. | ૨૦૫૨-સચિવાલય... સેવાઓ<br>૦૯૦-પછાત... કલ્યાણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૭,૦૭,૮૬,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૧<br>પા.નં. ૫૨ થી ૫૫ | ૧૦૦ | ગ્રામ પંચાયતોનો વિરોધ હોવા છતાં ઉચ્ચ કક્ષાએથી ગૌચર અને ખરાબાની જમીનો વેચવાના નિર્ણયો લેવાતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કુંવરજીભાઇ હળપતિ |
| ૨. | — " — | ૧૦૦ | જુનાગઢ જિલ્લાના તાલાલા તાલુકા અને આસપાસના વિસ્તારોમાં સતત ભૂકંપના આંચકાઓથી મકાનોને થયેલ નુકશાન સામે મામૂલી સહાય ચૂ(વાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગવાનભાઇ બારડ |
| ૩. * | — " — | ૧૦૦ | અધિકારીઓ દ્વારા આચરવામાં આવતી ગેરરીતિ અટકાવવા જવાબદારો સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪. | — " — | ૧૦૦ | લીઝ ઉપર આપેલ જમીનોમાં થયેલા ગેરકાયદેસર બાંધકામો દૂર કરી જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ખુમાનસિંહ ચૌહાણ |
| ૫. | —"— | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી મળતી નેશનલ કેલીમીટી ફંડ અને રાજય ફંડની સહાય | શ્રી અમીતકુમાર ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | રકમમાંથી કુદરતી આફતોથી થયેલ નુકશાન સામે સહાય ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬. * | —"— | ૧૦૦ | સરકારી જમીનો પચાવી પાડનાર ગુનેગારો અને સ્વૈચ્છિક સંસ્થાઓને આવી જમીનો નિયમિત કરી આપવાની થતી કાર્યવાહી રદ કરી જવાબદારો સામે સખત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૭. | —"— | ૧૦૦ | મુખ્યમંત્રી સ્વાગત ઓન લાઇન ફરિયાદ નિવારપ કાર્યક્રમ હેઠળ મળેલ વિભાગને લગતી ફરિયાદોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ પરમાર |
| ૮. | — " — | ૧૦૦ | મહેસૂલવેરાની અબજો રૂપિયાની બાકી નીકળતી રકમ વસૂલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદુભાઇ ડાભી |
| ૯. | ૨૦૫૨–સચિવાલય… સેવાઓ<br>૦૯૦–પછાત… કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૭,૦૭,૮૬,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૧<br>પા.નં. ૫૨ થી ૫૫ | ૧૦૦ | રાજયમાં ૧૦૦ પશુઓ દીઠ નિયમ મુજબ જમીન ગૌચર માટે જાળવી રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇકબાલ પટેલ |
| ૧૦. | — "— | ૧૦૦ | ઉદ્યોગગૃહોને સસ્તા દરે અપાતી જમીનોને આવા ઉદ્યોગગૃહો દ્વારા ઉંચી કિંમતે વેચી દેવાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રામસિંહ પરમાર |
| ૧૧. | — " — | ૧૦૦ | ભૂમાફીયાઓ દ્વારા જમીનો પચાવી પાડવાના કિસ્સામાં સીટ દ્વારા થતી નબળી કામગીરીને સુધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીબાબુભાઇ શાહ |
| ૧૨. | — " — | ૧૦૦ | સાબરમતી ગાંધી આશ્રમ અને સુરક્ષા સ્મારક ટ્રસ્ટની રેવન્યુ ફ્રી જમીનનો અમુક ભાગ નિયમ વિરૂધ્ધ જઇને માનવ સાધના ટ્રસ્ટને આપનાર જવાબદારો સામે સખ્ત પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |

**માગણી નં. ૭૮**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩. | ૨૦૫૨–સચિવાલય… સેવાઓ<br>૦૯૦–પછાત… કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૭,૦૭,૮૬,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૧<br>પા.નં. ૫૨ થી ૫૫ | ૧૦૦ | પોલીસ દ્વારા હથિયાર લાયસન્સ નહીં આપવાના સ્પષ્ટ અભિપ્રાય હોવા છતાં કલેકટરો દ્વારા ગુન્હાઇત વ્યકિતઓને હથિયાર લાયસન્સની મંજૂરી અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરૂભાઇ ભીલ |
| ૧૪.* | — " — | ૧૦૦ | જાહેર મંચ ઉપર કલેકટરો દ્વારા આમ જનતા સમક્ષ હોદાની ગરીમા જળવાય તેવું વર્તન થાય તે નિશ્ચિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૫. | —"— | ૧૦૦ | જુદા જુદા સરકારી કાર્યક્રમો માટે જિલ્લા કલેકટર અને તેના હસ્તકની તમામ કચેરીઓને સોંપાતી જવાબદારીઓને કારણે વહીવટી કામગીરી ઉપર થતી વપરીત અસરો નિવારવામાં તંત્રની | શ્રી મોહનસિંહ રાઠવા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નિષ્ફળતા. | |
| ૧૬. | —"— | ૧૦૦ | જિલ્લા સંકલન સમિતિમાં રજૂ થયેલા ધારાસભ્યોના પ્રશ્નો અને રજૂઆતોનું યોગ્ય નિરાકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષીયારા |
| ૧૭. | — " — | ૧૦૦ | જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં ગેરહાજર રહેતા જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૧૮.* | — " — | ૧૦૦ | કલેકટર કચેરીઓમાં જન સેવા કેન્દ્રો દ્વારા આમજનતાને અપાતા ઉડાઉ જવાબાોને કારણે પ્રજાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૯. | — " — | | કલેકટર કચેરીઓમાં ભૂમાફીયાઓ અને એજન્ટો દ્વારા થતી રૂપિયા પડાવવાની પ્રવૃત્તિઓ રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમરસિંહ વસાવા |

**માગણી નં. ૭૯**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦. | ૨૨૪૫–કુદરતી... રાહત<br>૦૧–અનાવૃષ્ટિ<br>૧૦૨–પીવાના... પુરવઠો<br>રૂ. ૧, ૫૦, ૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૧<br>પા.નં. ૯૩ થી ૯૪ | ૧૦૦ | અપૂરતા વરસાદને કારણે પીવાના પાણીની તંગી હોય તેવા વિસ્તારોમાં આગોતરું આયોજન કરી દરરોજ સમયસર પીવાનું પાણી પૂરૂં પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરણકુમાર મકવાણા |
| ૨૧. | ૨૨૪૫–કુદરતી... રાહત<br>૦૨–પૂર.... વગેરે<br>૧૦૨–પીવાના... પુરવઠો<br>રૂ. ૭,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૧<br>પા.નં. ૧૦૩ | ૧૦૦ | જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં દર વર્ષે વ્યાપક વરસાદ થાય છે ત્યારે આવા ગામોમાં પીવાનું શુધ્ધ પાણી નિયમિત પહોંચાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગવાનભાઇ બારડ |
| ૨૨. | ૨૨૪૫–કુદરતી... રાહત<br>૮૦–સામાન્ય<br>૧૦૨–કુદરતી.... યોજના<br>રૂ. ૩,૭૨,૮૪,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૧<br>પા.નં. ૧૩૪ થી ૧૩૬ | ૧૦૦ | દર વર્ષે ચોમાસા પહેલા કુદરતી આફતો સામે અગાઉથી કરાયેલા આયોજન કુદરતી અફતોના સમયે સદંતર નિષ્ફળ રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ જાવેદ પીરઝાદા |

**માર્ગ અને મકાન વિભાગ**

**માગણી નં. ૮૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩.* | ૨૨૧૬–આવાસન<br>૮૦–સામાન્ય<br>૮૦૦–કુદરતી.... યોજના<br>રૂ. ૧,૧૯,૫૮,૧૫,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૬૪ થી ૬૫ | ૧૦૦ | સરકારી મકાનોમાં હલકા પ્રકારનું મરામત કામ થતું નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૪. | —"— | ૧૦૦ | ઇન્વાયરી કચેરીઓમાં મરામત માટે થતી ફરિયાદોનો સમયસર નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા |
| ૨૫. | — " — | ૧૦૦ | સરકારી મકાનોમાં ચોમાસા દરમિયાન થતા લીકેજ અંગેના મરામત કામો યોગ્ય રીતે કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બચુભાઇ કિશોરી |

**માગણી નં. ૮૬**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬. | ૩૦૫૪–માર્ગો પુલ<br>૦૪–જિલ્લા... માર્ગો<br>૩૩૭–માર્ગ કામો<br>રૂ. ૯,૨૩,૩૦,૦૬,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૨<br>પા.નં.૭૯ થી ૮૦(ભાગ–૧) અને<br>પા.નં. ૨૬થી ૫૧ (ભાગ–૨) | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોનું કામ મજબૂત અને ટકાઉ થાય તેવું કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇશ્વરભાઇ વહીયા |
| ૨૭. | — " — | ૧૦૦ | ખેડા જિલ્લામાં ગ્રામ્ય માર્ગો દુરસ્ત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી માનસિંહ ચૌહાણ |
| ૨૮. | — " — | ૧૦૦ | ગામોને જિલ્લા / તાલુકા મથક સાથે જોડતા માર્ગો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૨૯. | —"— | ૧૦૦ | જૂનાગઢ જિલ્લામાં ખરાબ ગ્રામ્ય માર્ગોની મરામત કામગીરી ઝડપથી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ધીરસિંહભાઇ બારડ |
| ૩૦.* | — " — | ૧૦૦ | રાજકોટ જિલ્લામાં ગ્રામ્ય માર્ગોની મરામત કામગીરીમાં થતી ગેરરીતિ નિવારી માર્ગોની યોગ્ય રીતે મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૧. | — " — | ૧૦૦ | ગ્રામ્ય માર્ગોની મરામત કામગીરી માટે પૂરતી રકમ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીતુભાઇ ચૌધરી |
| ૩૨. | — " — | ૧૦૦ | ચોમાસામાં ગ્રામ્ય મર્ગોનું ધોવાણ થતું અટકાવવામાં તથા આવા માર્ગોની મરામતની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રભુભાઇ વસાવા |
| ૩૩. | — "— | ૧૦૦ | ગ્રામ્ય માર્ગો દુરસ્ત કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી છનાભાઇ ચૌધરી |
| ૩૪. | —"— | ૧૦૦ | ગ્રામ્ય જિલ્લા માર્ગની સુધારણા કામગીરીમાં કોન્ટ્રાકરટો અને અધિકારીઓની મીલીભગતથી થતા નબળા કામો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. અનિલભાઇ જોષીયારા |
| ૩૫. | ૫૦૫૪–માર્ગ... જોગવાઇ<br>૦૧–રાષ્ટ્રીય ધોરીમાર્ગ<br>૩૩૭–માર્ગ કામો<br>રૂ. ૧૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૩૩૦ | ૧૦૦ | રાષ્ટ્રીય ધોરી માર્ગને પહોળો કરવા તથા તેની મરામત કામગીરી સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પરેશભાઇ વસાવા |

**માગણી નં. ૮૭**

| | | | | |
|---|---|---|---|---|
| ૩૬. | ૨૨૧૭–શહેરી વિકાસ<br>૦૧–રાજય... વિકાસ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૩,૫૩,૯૨,૦૦૦<br>અં.પ્ર..નં. ૨૨ (ભાગ–૧)<br>પા.નં. ૬૭ થી ૭૦ | ૧૦૦ | લાંબા સમયથી બંધ પડેલા સરકારી મકાનોને નષ્ટ થતા અટકાવવા મટે રાહત દરના પ્લોટથી વંચિત રહેલા બિન બદલીપાત્ર સરકારી કર્મચારીઓને ફાળવી દેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નટવરસિંહ ઠાકોર (દીતાભાઇ મછાર) |
| ૩૭. | — " — | ૧૦૦ | સેકટરોની સ્ટ્રીટ લાઇટ દિવસે ચાલુ રહે છે અને રાતના બંધ રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મણીભાઇ પટેલ |
| ૩૮. | — " — | ૧૦૦ | નવા સેકટરોમાં આંતરીક/બાહય રસ્તાઓના કામો ઝડપથી પૂરા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૯. | — " — | ૧૦૦ | નવા સેકટરોમાં સેકટર ફરતે કમ્પાઉન્ડ વોલ સત્વરે બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જોધાજી ઠાકોર |
| ૪૦. | —"— | ૧૦૦ | ગાંધીનગર શહેરમાં નવ વિકસિત સેકટરોમાં આમ જનતાને શોપીંગ સેન્ટરો–દવાખાનાઓ રંગમંચો તથા બગીચાઓ જેવી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (મણીભાઇ પટેલ) |

**મહિલા અને બાળ વિકાસ વિભાગ**

**માગણી નં. ૧૦૫**

| | | | | |
|---|---|---|---|---|
| ૪૧. | ૨૨૫૧–સચિવાલય... સેવાઓ ૦૯૦–સચિવાલય રૂ.૨,૨૨,૦૨,૦૦૦ અં.પ્ર..નં. ૨૭ પા.નં. ૩૫ થી ૩૬ | ૧૦૦ | મહિલાઓ અને બાળકો સાથે અનૈતિક વ્યવહાર સંદર્ભે જરૂરી કાર્યવાહી કરી યોગ્ય પગલાંઓ લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હરીલાલ પટેલ |
| ૪૨. | — " — | ૧૦૦ | દહેજ પ્રતિંધક ધારાનો સખ્તાઇથી અમલ કરાવી મહિલાઓના આત્મહત્યાના બનતા બનાવો રોકવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા |
| ૪૩.* | — "— | ૧૦૦ | નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની નાણાકીય સહાયમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૪. | — " — | ૧૦૦ | બાળકોને આપવામાં આવતી સુખડી–શીરા યોજનામાં થતી ગેરરીતિ અંગે તપાસ કરી જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાલસિંહ વડોદિયા |
| ૪૫.* | —"— | ૧૦૦ | આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાનો મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૬. | — " — | ૧૦૦ | સગર્ભા મહિલાઓને પૌષ્ટિક આહાર અને શીશુના જતન માટે યોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદ ફારૂક શેખ |
| ૪૭. | — " — | ૧૦૦ | આંગણવાડી સંચાલકો અને તેડાઘર બહેનોને પૂરતો પગાર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હીરાભાઇ પટેલ |

*** આ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ શકી નથી.**

**શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ, રસ્તા અને મકાન અને મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સદીઓથી જમીન આપણા સૌ માટે એક કિંમતી એસેટ વ્યકિતગત હોય કે રાજય સરકારની જમીન હોય કે સામૂહિક હેતુ માટેની જમીન હોય એ મહત્વની સંપત્તિ રહી છે અને એ સંપત્તિની જાળવણી ભૂતકાળના અનેક શાસકો કરતા આવ્યા છે. અકબર બાદશાહના સમયથી આ જમીનના રેકોર્ડ છે એ સારી રીતે જાળવવાનું શરૂ થયું અને અંગ્રેજોએ એના રેકોર્ડ માટેની આખી પધ્ધતિ આપી અને એ પધ્ધતિ અને એ વખતની માપણી આજે પણ સૌથી વધારે આધારભૂત રહી છે. ૧૮૯૫માં આખા દેશની સૌથી પહેલી માપણી થઇ એના પછી આઝાદ ભારતની અંદર ૧૯૫૧માં આપણે માપણી શરૂ કરી અને સાત વર્ષમાં માપણી પૂરી થઇ, ૧૯૫૮માં રીવાઇઝડ માપણીના પ્રમોલગેશન પૂર્ણ કરવામાં આવ્યા. એ વખતે બધી જ

માપણી રાજય સરકારોએ પોતાના વિભાગના કર્મચારીઓ મારફત કરી, જૂની ટેકનોલોજી હતી અને છતાં ગામડાઓની અંદર, હોકળાઓની અંદર, નદીઓની અંદર, પર્વતો ઉપર ચડીને પણ સારામાં સારો રેકોર્ડ એ વખતે ઊભો થયો છે.આજે પણ એ જુનો રેકોર્ડ જોવા જઇએ તો જે એમાં કાગળો વપરાયા છે જે પ્રકારના અક્ષરો એમાં લખાયા છે અને જે પ્રકારે દફતરોની જાળવણી કરવામાં આવી છે તો એમ થાય કે આપણા કરતાં એ વહીવટ જમીનો માટેનો કેટલો સારો હશે કે હજી પણ એની અંદર કોઇ ક્યાંય ભુલ કાઢી શક્યા નથી. એના પછી ચાળીસ વર્ષે આપણે માપણી કરવી જોઇતી હતી, ૧૯૫૮ પછી પણ આ સરકારે દસ વર્ષ સુધી કંઇ કર્યું નહિ પણ ભારત સરકાર આયોજન લઇ આવી અને કહ્યું કે પચાસ પચાસ ટકાના ધોરણે દરેક રાજયો આ પ્રમાણે માપણી કરે, હવે તો નવી પદ્ધતિઓ આવી છે. ટોટલ સ્ટેશનથી સરવે કરવામાં આવે છે એનાથી એક ઇંચની પણ ભુલ ના રહે એ પ્રકારે અત્યારે ટેકનોલોજીના ઉપયોગથી અને નિષ્ણાતોના ઉપયોગથી આપણે કરી શકીએ તેમ છીએ, અને એ પ્રમાણે આંધ્રપ્રદેશે સૌથી પહેલાં ત્યાં ઉત્તમ પ્રકારની માપણીઓ કરી, એટલે સુધી ત્યાંની કોંગ્રેસની સરકારે કર્યું કે ખેતરની અંદર કર્સર મૂકી સરવે નંબર લઇ આવીને તો એની અંદર ક્ષાર કેટલો છે અને જે સોઇલ ટેસ્ટ કરાવ્યો હોય તેનું રિઝલ્ટ શું છે એ સહિતની માપણી નીકળે, નવા હદ નિશાન નક્કી કરવામાં આવ્યાં, ગુજરાતની અંદર પણ અત્યારે આઠ જિલ્લાઓની અંદર માપણી થઇ રહી છે, ત્યારે કોઇ રાજકીય નિરીક્ષણ કર્યા વગર મારે માનનીય મંત્રીશ્રીનું ખૂબ વિવેકપૂર્વક ધ્યાન દોરવું છે કે જે પ્રકારે ગુજરાતની અંદર આ માપણીનું કામ અપાયું છે, ૧૮૦૦ કરોડ રૂપિયાની યોજના છે આખા ગુજરાત રાજયની જે જમીનની સંપત્તિ છે એની માપણી કરવાની, હું એક જ જિલ્લાનો દાખલો આપવા માગું છું. કુલ આઠ જિલ્લાનું કામ ચાલી રહ્યું છે અત્યારે. સાબરકાંઠા, અમદાવાદ, જામનગર, કચ્છ, પાટણ, રાજકોટ અને ભાવનગર. આ આઠ જિલ્લામાંથી સાબરકાંઠા, અમદાવાદ અને જામનગર જિલ્લાનું કામ છે એ બાવીસ કરોડ રૂપિયાના ખર્ચે આઇ.આઇ.સી. ટેકનોલોજી, હૈદરાબાદને અપાયું છે અને એ માપણી કર્યા પછી કવોલિટી કન્ટ્રોલનું કામ એટલે સો એ સો ટકા ચેક કરવાનું કામ મહેન્દ્ર વિપ્રો, હૈદરાબાદને અપાયું છે, એને પણ બાવીસ કરોડ રૂપિયા ચૂકવવાના છે. ૪૪ કરોડ રૂપિયા ખાલી એક જિલ્લા જામનગરનું કામ છે આ. હવે એમાં કુલ સાત લાખ યુનિટ એકજ જિલ્લાની વાત કરું છું, સાત લાખ યુનિટો માપવાના છે, અને એમાં માપણી થયાં પછી એક એક ખેતરે જઇ, ખેડૂતને સાથે રાખીને બધાજ વિભાગોને સાથે સાંકળીને અને માપણી કરવાની હતી, કારણ કે આપણે ત્યાં હવે તો વિભાગોની જમીનો થઇ ગઇ છે, કોઇ જગ્યાએ જંગલ ખાતાની જમીન છે, ક્યાંક નર્મદા યોજનાની કેનાલો થઇ છે, કોઇક જગ્યાએ નદીઓ આવે છે, કોઇક જગ્યાએ તળાવો ઉભાં થયાં છે, જંગલો છે, ગ્રામ જંગલો છે, ગૌચરો છે, સરકારી પડતર છે અને કોઇ જગ્યાએ એકદમ પગ ન મૂકી શકાય એવી કળણવાળી જમીનો પણ છે, એ જમીન દરિયાની સપાટીથી ઉંચી કેટલી છે? એનો નકશો બનાવી, હદ નિશાન કરી અને આપવાનું છે અને એના માટે ખૂબ મોટી યોજના બનાવવામાં આવી, દરેક ગામડામાં પ્રચાર કરવાનો, સમજ આપવાની બધા વિભાગોની મિટિંગ કરવાની અને એના પછી માપણી કરવાની. જે પ્રમાણે શરતો હતી એ શરતો પ્રમાણે આમાંનું કશું થતું નથી. એના માટે સૌથી પહેલાં કન્ટ્રોલ પોઇન્ટ જોઇએ, મેઇન કન્ટ્રોલ પોઇન્ટ, એનો પત્તો નથી ક્યાંય, કે જેના આધારે બધું જ માપવામાં આવે ગામની અંદર, સેકન્ડરી કન્ટ્રોલ પોઇન્ટ કે જેમાં પણ પાકો કન્ટ્રોલ પોઇન્ટ કરવો પડે, એનો પત્તો નથી, ટટરી એટલે ત્રીજો કન્ટ્રોલ પોઇન્ટ એનોય પત્તો નથી, ઓકઝિલરી કન્ટ્રોલ પોઇન્ટ એનો પત્તો નથી, જે ખેડૂતની સહી લેવી જોઇએ એ ખેડૂતને ખબર જ નથી કે મારી જમીન મપાઇ ગઇ છે અને એમાં એવું થયું છે કે સ્થળ ઉપર માપણી કરવાના બદલે ગુગલ અર્થ ઉપરથી નકશા લઇ અને એના પર નકશો દોરી, અને ખેડૂતને એમ કહી દીધું કે તમારી જમીનની માપણી થઇ ગઇ છે. ખેડૂતને જાણ કરવી જોઇએ અમુક દિવસોની અંદર તેની જાણ થઇ નહીં. હદ નિશાન પાકા કરવા જોઇએ ભૂતકાળની અંદર જેટલી માપણીઓ થઇ છે ત્યાં ખેડૂતના ખેતરની આજુબાજુ શેઢે બધી જગ્યાએ હદ નિશાન કરવામાં આવ્યા હતા. આમાં હદ નિશાનની જોગવાઇ જ નથી રાખી. રાખે તો ખેડૂતને ખબર પડેને ? તેને કારણે એવું થયું કે ખેડૂતોને જાણ જ ના થઇ અને માપણી થઇ ગઇ. ડેપ્યુટી કલેકટર પાસે પ્રમોલગેશનમાં રેકોર્ડ પહોંચી ગયો અને પછી જે સર્વેયરો, સરકારી સર્વેયરો તેને કહેવામાં આવ્યું કે આમાં બધામાં સહી કરી આપ. હવે જે સર્વેયરો છે તે પણ ખેડૂતો છે. તેના જે પોતાના સર્વેયરોના

ખેડૂતોના ખેતરો છે તેના ખેતરો પણ ખોટા મપાય ગયા છે. તે લોકો ના પાડે છે, ઉપરથી દબાણ કરવામાં આવે કે સહી કરી દો અને તેને કારણે માનનીય અધ્યક્ષશ્રી, આજે સ્થિતિ એવી ઊભી થઇ છે કે જે ખેતર છે તે એકસનું હોય તો વાયમાં જતું રહ્યું. કોઇ ખૂણા ખાંચા હોય તે કયાંય બતાવવામાં ના આવ્યાં, જે નદીઓ છે તેની જગ્યાએ સરકારી જમીન બતાવી દેવામાં આવી. જંગલો છે સરકારી જમીનમાં જંગલની કોઇ નિશાની નહીં, કેનાલો છે કેનાલોની નિશાની નહીં, કોઇ જગ્યાએ તળાવો છે તળાવોની નિશાની નહીં. જે કામગીરી કરી છે હું માનનીય મંત્રીશ્રીને તેનું લિસ્ટ આપીશ કે કઇ કઇ કામગીરી કરવામાં આવી હતી અને કેટલી કામગીરી તેમાંથી નથી થઇ. જે લોકોની ફરિયાદો આવી છે આની અંદર કે પાંચ મુદ્દાઓમાં ભૂલ પડે તો એ આખું નવેસરથી સર્વે કરવાનું. પાંચ નહીં દસ દસ મુદ્દાઓમાં ભૂલ પડી છે આખું નવેસરથી સરવે કરવું પડે તેમ છે. એટલે સર્વેયરો ના પાડે તો ઉપરથી દબાણ કરે કે સહી કરી દો આપણે ફાયનલ કરી દેવું છે. કમનસીબી એ છે કે, આ ૪૪ કરોડનું કામ છે તેમાંથી ૨૨ કરોડ સરવેના અને ૨૨ કરોડના કવોલિટી કંટ્રોલના તેમાંથી એડવાન્સમાં ૮૦ ટકા પૈસા ચૂકવાઇ ગયા છે. આનાથી પરિસ્થિતિ એવી થવાની કે પડોશી પડોશી વચ્ચે, ગામે ગામ ઝગડાઓ થવાના છે. શેઢાની અંદર કે રસ્તાઓની અંદર બધા મારા સાથી મિત્રો ગામડાંમાં રહે છે તેને ખબર છે કે શેઢા અને આખા ગામડાંની અંદર સૌથી વધારેમાં વધારે ઝઘડા જો કોઇ મુદ્દામાં થતાં હોય તો શેઢા પાળાના અને રસ્તાઓના ઝઘડા થાય છે. આ બધા ઝઘડા થવાના. જામનગર જિલ્લામાં ખેડૂતોને જાણ કરવામાં નથી આવી છતાં ૧૫ ટકા ફરિયાદો તો આવેલી પડી છે. બીજા ખેડૂતોને તો ખબર નથી જયારે ખબર પડશે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારની સામે બળવા જેવી સ્થિતિ ઊભી થવાની છે ગામે ગામ. એટલા માટે મારી વિનંતી છે કે ૪૦ નહીં ૫૦ વર્ષ પછી આ ગુજરાત રાજયની પાસે સોનેરી સમય આવ્યો છે કે રેકોર્ડ અપડેઇટ કરાવે, ટેકનોલોજીનો ઉપયોગ કરે, એક એક શેઢા ઉપર હદ નિશાન પાકા કરાવે અને આપણાં ખેડૂતો એવા નથી કે હદ નિશાનના પૈસા ના આપે. તેના રેવન્યુની અંદર તેના ખાતે ઉધારી દેવાય અને તે માપી હદ નિશાનના પૈસા ખેડૂતો પણ ના ના પાડે. હદ નિશાન કોઇ જગ્યાએ કરવામાં આવતાં નથી. સદંતર ખોટા નકશાઓ બનાવવામાં આવ્યા છે ત્યારે મારી આપના મારફતે વિનંતી છે કે આની અંદર એક ઉચ્ચ કક્ષાનું કમિશન બનાવવામાં આવે અને તેની અંદર હાઇકોર્ટના નિવૃત્ત ન્યાયધીશ હોય અને તેની નીચે જે આ કામના અનુભવી નિષ્ણાત લોકો હોય તે આ કામગીરી તપાસે અને તેમાં જે જવાબદાર હોય તે જવાબદારને સજા કરવામાં આવે. બીજું કામ કદાચ ફરી પાછું થઇ શકશે પણ આ કામ ફરી પાછું ૫૦ વર્ષ પછી આવ્યું છે અને લગભગ હું માનું છું ત્યાં સુધી એક જીલ્લાના સાત લાખ યુનિટો માપવાના છે, ૨૬ જિલ્લા છે તે ૨૬ જિલ્લાની અંદર શું સ્થિતિ થઇ હશે તે આના ઉપરથી વિચારી શકાય ? જમીન છે તે આપણે હંમેશા તેને મા ગણી છે. તેને હંમેશા સાચવીને રાખવાની હોય છે. કોઇ દિવસ કયાંય જમીન વેંચવાનું કોઇ મા-બાપ કયારેય કહેતા નથી. સરકાર છે તે પણ મા-બાપ છે. તેણે જમીનની સંપત્તિ જાળવવાની જવાબદારી તેની હતી. આ સરકારે અહીંયા જેટલી જમીન દિવસે નથી વેચી એટલી જમીન રાતે વેચી છે અને રાતે નથી વેચી એટલી જમીન દિવસે વેચી છે. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૧-૧-૨૦૦૬ થી ૩૧-૧૨-૨૦૧૦ સુધી જે મને માહિતી આપવામાં આવી છે તે પ્રમાણે

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, *(xxxxx) (xxxxx) (xxxxx)

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## તપાસ પંચમાં તપાસાધિન બાબતોનો ઉલ્લેખ કરવા બાબત

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ મોઢવાડીયા પોતાના પ્રવચનની અંદર આ પ્રમાણેની જમીનો આપી દેવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, કયા ઉદ્યોગોને કેટલી જમીન આપી, કયા ભાવે આપી, કઇ કમિટી નિમી, એ વખતના જંત્રીના ભાવ શું હતા, એમની પાસેથી શું

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

ભાવ વસૂલ કરવામાં આવ્યા, એમને આપવામાં આવેલ જમીન બિન ફળદ્રુપ્ હતી કે કેવી હતી? આ બધાના સંદર્ભમાં રાજયના કમિશન ઓફ ઇન્કવાયરી એકટ હેઠળ નિમાયેલું પંચ એની સમગ્રતયા તપાસ કરી રહ્યું છે. એવા સંજોગોમાં ખોટી રીતે જમીન આપી એ પ્રમાણેના એમના જે ઉલ્લેખો કરે છે એ યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : તપાસને આધીન હોય એવી બાબતોનો આપણે ઉલ્લેખ ન કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : જે ૧૭ મુદ્દા છે, એનો ઉલ્લેખ નથી કરતો. ૧૭ મુદ્દા મને ખબર છે કે શું કરવા કમિશન નીમ્યું છે, એટલે હું એમાં જતો નથી. પણ હું એમાંનો ઉલ્લેખ નહીં કરું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શું કરવા નીમ્યું છે એ કહેવું પણ બરાબર નથી.

અધ્યક્ષશ્રી : આપણે જે તપાસને આધીન મુદ્દા છે એને ન છેડીએ તો સારું.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એને હું નહીં છેડુ, માનનીય અધ્યક્ષશ્રી. એ સિવાયના મુદ્દાઓ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : શું કરવા નીમ્યું છે, એ શબ્દો પાછા ખેંચવા જોઇએ. એકબાજુ તમે આક્ષેપો કરો, એની તપાસ માટે રાજય સરકાર દ્વારા કમિશન નિમવામાં આવે. એ તપાસ થાય એના માટે કમિશન નીમ્યું છે.

અધ્યક્ષશ્રી : તપાસને આધીન છે, એની આપણે ચર્ચા ન કરીએ. પ્લીઝ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : હા. એની ચર્ચા નહીં કરું. હું જે ૧૭ મુદ્દા છે, એ સિવાયની વાત કરું છું. પૂરી ફાઉન્ડેશનને ૧૦ લાખ ચોરસમીટર જમીન ૧ રૂપિયામાં આપી. એલ. એન્ડ ટી. કંપનીને હજીરાની અંદર સાવલી પાસે ૮ લાખ ચોરસમીટર જમીન એક રૂપિયામાં, માત્ર એક રૂપિયામાં આપી. આ આટલા વખતમાં અપાઇ છે. ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૧. આ ૩ વર્ષની અંદર. કચ્છ અને સુરત જિલ્લાની અંદર ૨,૨૧,૦૯,૯૫૦ ચોરસ મીટર જંગલની જમીન અપાઇ.

અધ્યક્ષશ્રી : આ બાબત પણ તપાસને આધીન જ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : આ બાબત નથી સાહેબ. આ બાબત નથી.

અધ્યક્ષશ્રીઃ આ બાબત પણ તપાસને આધીન જ છે. હું આપનું ધ્યાન દોરું છું કે એસ્સાર ગૃપને ફોરેસ્ટની જમીન ગેરકાયદેસર એલોટમેન્ટ બાબતનું..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ, એસ્સાર ગૃપનું મેં નામેય નથી લીધું.

અધ્યક્ષશ્રી : હજીરાની બાબત છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : સાહેબ, હજીરાનું મેં નામ નથી લીધું, એસ્સારનું મેં નામ નથી લીધું.

અધ્યક્ષશ્રી : સુવાલીનું..

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)(ક્રમશઃ)

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : એસ્સારનું મેં નામ નથી લીધું. મેં એલ.એન્ડ ટી. કંપનીનું નામ લીધું છે. એસ્સારનું નામ નથી લીધું. મને ખબર છે. મારે કયા નામ લેવાય એ. એક તરફ ૧,૮૨,૦૦૦ આદિવાસી ભાઇઓની જમીનની અરજી પડતર હોય, એને ન આપવામાં આવે, પણ આ બી.પી.એલ.માં આવતા ઉદ્યોગપતિઓ માનનીય મુખ્યમંત્રીશ્રીની યાદીમાં, એને અપાય છે. માનનીય અધ્યક્ષશ્રી, વાત એવી થાય છે કે બી.પી.એલ.માં આવે એને ૦ થી ૧૬માં અમે કોઇને રહેવા નથી દીધા. અરે! ૦થી ૧૬માં તો ભારત સરકારે એક વર્ષની અંદર જ ૧,૬૭,૩૧૩ મકાનો બનાવવાનો ટાર્ગેટ આપ્યો હતો, ૨૦૧૦–૧૧માં. એટલે મકાનો બનાવવા પડે. એમાં કોઇ નવી વાત નથી. પરંતુ બી.પી.એલ.માં નથી આવતા. અગાઉ ૨૦ મુદ્દાના કાર્યક્રમ હેઠળ ઇન્દિરાજીના વખતમાં જે લોકો ગામડામાં ભૂમિહીન હતા, એમને તમામને ૧૦૦ વારના પ્લોટ આપતા હતા. તે આ સરકારે બંધ કર્યા. શહેરી વિસ્તારમાં ૨૫, ૫૦ વારના પ્લોટ આપતા હતા, એ બંધ કર્યા. પણ શહેરી વિસ્તારોમાં મુખ્યમંત્રીશ્રીના બી.પી.એલ. લિસ્ટમાં જે ઉદ્યોગપતિઓ છે, એમને જોઇએ એટલી જમીનો હોટેલો બનાવવા, ઉદ્યોગો જે જોઇએ એ બધાને અપાયું છે. હવે બાકી રહ્યું તેની વાત કરું કે સ્થિતિ શું થઇ છે, જે લોકો ગરીબ લોકો છે તેમની જે જે જમીનો છે તે ખેડૂતોની જમીનો હોય તો આજુબાજુમાં પહોંચી

જાય બધા, અને એટલા માટે મને એક ખેડૂતનું જે દર્દ બોલતું હતું તે ખેડૂતની થોડીક પંક્તિઓ મારે કહેવી છે, એ વાત કરવા માગું છું, ઉત્તર ગુજરાતમાં આ ગીત બહુ સારી રીતે ગવાય છે, '' એ ભાઇ, એ ભાઇ, ભાઇ, ભલા મોરી રામા, ભલા તોરી રામા, ચોકડી એ ચોકડીએ ફરતા તા જો જમીન દલાલ, જમીન વાળી પાર્ટી મળતા તરત જ કરતા તા હલાલ, ભલા મોરી રામા, ભલા તોરી રામા, ભોળા ખેડૂતોને ભોળવે લાલચ આપે દલાલ, કાળા ધોળા કરતા થતા માલામાલ, ભલા મોરી રામા, ભલા તોરી રામા, બોનામાંથી બાઇક લઇ આવે બોના એટલે બાનુ, બોનામાંથી બાઇક લઇ આવે, ખોખામાંથી ફેરવી ફોર વ્હીલ, વીઘા વેચી મોજ કરતા, જાણે બાપાની ચાલે મીલ, ભલા મોરી રામા, ભલા તોરી રામા, વાપરતા વાપરતા કાંઇ ન વધે, થાશો નવરા ધૂપ, રસ્તે રઝળતા થઇ ગયા જાણે મોટા ભૂત, ભલા મોરી રામા, ભલા તોરી રામા, યાદ રાખો મારી વાતને યાદ રાખો મારી એ વાતને, એ દિવસો નથી દૂર, તમારી વેચેલી જમીનમાં તમે જ હશો મજૂર, આજે છે, આજે છે, જમીન માતા જગન કરે, જમીન માતા જગન કરે, કહેવડાવે જગતના તાત, માટે જમીન વેચશો નહીં તમે માનો મારી વાત, ભલા મોરી રામા, ભલા તોરી રામા, માનનીય અધ્યક્ષશ્રી, જમીનો આપવાની હતી તો ગરીબ લોકોને થોડીક તેના ભાગમાં રહેવા દે એટલી તો રહેવા દેવી હતી તમારે. શહેરની આજુબાજુની તમામ જમીનો આવા લોકોને આપી દીધી, ફોર્ડ ઇન્ડિયાને જમીન આપી, ફોર્ડ ઇન્ડિયાને કેટલામાં જમીન આપી છે? આ કમિશન હજુ નિમાયું નથી એટલે બોલી શકું, ૧૮૬૩૬૮૭ ચો.મી. જમીન ૧૧૦૦ રૂપિયામાં આપી. સૂઝૂકીને એટલામાં જ આપી, આ ફોર્ડ ઇન્ડિયાને શું કામ આપવી પડી, એ તો અમેરીકન કંપની છે, મતલબ એવો નથી કે ટાઇમ મેગેઝીનમાં ફોટો છપવવો હોય એટલે એ ચલાવી ન શકાય, ફોર્ડ ઇન્ડિયાને શું કરવા જમીન અપાય તેની તપાસ નિમો અમે તેના પુરાવાઓ આપીશું, શું હેતુ હતો તેનો? કોની સાથે કનેકશનો હતા? એક વખત તો તેની તપાસની નિમણૂક કરી જુએ પછી ખ્યાલ આવશે. એક તરફ આઇ.આઇ.ટી.ને જમીન જોઇતી હોય તો ન મળે, મારે છેલ્લે પોરબંદરની એક મિનિટમાં વાત પૂરી કરવી છે. ૧૯૫૪માં એ.સી.સી. સિમેન્ટ ફેકટરી શરૂ થાય, એમાં ૪૦ હેકટર જમીન એણે ખેડૂતોની ખરીદી, એ ૧૯૮૮માં બંધ થઇ ગઇ, ખેડૂતોની જમીન બિન ખેતી કરાવી નહીં એમ ને એમ રહી ગઇ, બીજાને વેચી દીધી બીજાએ ત્રીજાને વેચી દીધી, અને લીકવીડેશનમાં ગઇ, આ જમીન ઉપર રાજય સરકારનું ૨૦૦ કરોડ રૂપિયાનું લેણું હતું. ખેતીની જમીન હતી, બિન ખેતી નહોતી કરાવી, પણ રાજય સરકારના અધિકારીઓએ ૪ મહિના પહેલા આ બંધ થયેલી ફેકટરી હતી તેને ફેકટરીના હેતુ માટે બિન ખેતી કરી આપી. ૪ મહિના પહેલાં, એટલે ૫૪ વર્ષ પછી બિન ખેતી થઇ, આવી સગવડતાઓ તો કોઇ ખેડૂતને કયારેય ન મળે, ૫૪ વર્ષ પછી થઇ, એ લેવાઇ ગઇ, કોર્ટે સ્ટે આપ્યો છતાં' કમ્પાઉન્ડ વોલ બની ગઇ અને છાંયા અમારી નગરપાલિકા છે તેના અડધા રસ્તા બધા જ બંધ કરી અને કમ્પાઉન્ડ વોલ બનાવી દીધી, માનનીય અધ્યક્ષશ્રી, આ ૪૦૦ કરોડ રૂપિયાની જમીન ૧૫ કરોડમાં ગઇ, સરકારે જાતે ૫૪ વર્ષ પછી બિન ખેતી કરી આપી છે. કેટલા પ્રિય છે માનનીય મુખ્ય મંત્રીશ્રી, કેટલા ઉદ્યોગ વત્સલ માનનીય મુખ્ય મંત્રીશ્રી છે અને કેટલા મૂડીપતિઓના પ્રિય છે તેનો આના ઉપરથી ખ્યાલ આવે છે. આટલું કહી અને મારી વાત પૂરી કરું છું.

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓના સમર્થનમાં મારા વિચારો વ્યકત કરુ છું.

હું માનનીય અર્જુનભાઇને સાંભળતો હતો ત્યારે છેલ્લા કેટલાય સમયથી જે સત્રમાં નક્કી કરેલા પ્રિ–પ્લાનથી એક પ્રકારનું વાતાવરણ ઉભું કરવા માગે છે અને આ સરકારને બદનામ કરવાના પ્રયત્નો શરૂ થયા છે. સરકાર તો ઠીક છે પરંતુ ગુજરાતને બદનામ કરવાનો પ્રયત્ન કેટલાક દિવસોથી થઇ રહ્યો છે. એમને તો આ એક ફેશન થઇ ગઇ ટીકા કરીને ગુજરાતને બદનામ કરીને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી માટે ગમે તેવા શબ્દો વાપરવા, આમ કરીને ગુજરાતનું જબરજસ્ત અપમાન કરી રહ્યા છે અને એનું ફળ તમે ભોગવી રહ્યા છો. મારે વાત કહેવી છે, માનનીય અર્જુનભાઇએ વાત કરી કે તમે જમીનો આપી રહ્યા છો. મારે વાત એ કરવી છે એક ફેશન શરૂ થઇ છે. *

* (xxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.**

(xxxx) જોરથી બોલવું અને વારંવાર બોલવું. મારે જે વાત કરવી છે તે એ છે કે આ રીતે જમીન ફાળવણીની વાત કરે ત્યારે મારે વાત એ કરવી છે કે...

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ બોલી રહ્યા હતા, એમણે શબ્દ પ્રયોગ કર્યો કે અહીંયા ફેશન પડી ગઇ છે સામી પાટલી ઉપર (xxxx), મોટેથી બોલવું અને વારંવાર બોલવું. આ શબ્દ પ્રયોગ બિન સંસદીય છે.

અધ્યક્ષશ્રી : બિન સંસદીય હોય તો હું એ રેકર્ડ પરથી દૂર કરું છું.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દ હોય તો એ રેકર્ડ ઉપરથી દૂર કરજો. આ હાઉસમાં મારે મારા મિત્રોને વાત કરવી છે. અત્યાર સુધી સમગ્ર હાઉસને આ સભાગૃહને *2* (xxxxx) દોરવાનો પ્રયત્ન મારા મિત્રો કરી રહ્યા છે ત્યારે મારે મારે વિગતો રજૂ કરવી છે. એ વિગતો છે કે અત્યાર સુધી કોંગ્રેસના શાસનમાં આ ઉદ્યોગોના વિકાસ માટે જમીનો ફાળવવામાં આવી છે.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. અસંસદીય શબ્દ પ્રયોગની યાદી છે એમાં (xxxx) દોરવામાં આવે છે એ શબ્દ અસંસદીય છે.

શ્રી આત્મારામ મ. પરમાર : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. મારે આ સભાગૃહ સમક્ષ કેટલીક વિગતો રજૂ કરવી છે. આ ગુજરાતમાં જયારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે ઉદ્યોગોને જે જમીન આપવામાં આવતી હતી એને આપણે એમ કહીશું કે જમીન ખેરાત કરવામાં આવતી હતી એને એમ કહીશું કે ખોટી જમીન અપાઇ છે? (xxxxx) ..((અંતરાય))

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે કહો.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વાત તો એ છે કે અદાણીનો જે ઉલ્લેખ કરેલો છે એ આપણાં વિદ્વાન માનનીય મંત્રીશ્રીએ વારંવાર કહ્યું છે કે ઇન્કવાયરીમાં છે.

અધ્યક્ષશ્રી : એ વખતની વાત નથી, આ તો જૂના વખતની વાતો છે. ((અંતરાય))

શ્રી ઇકબાલ પટેલ : બીજા નંબરમાં એમ છે કે *(xxxxx)બ્દ ન વાપરી શકાય. એ અસંસદીય છે..

અધ્યક્ષશ્રી : *(xxxxx) શબ્દ હું રદ કરું છું.

શ્રી ઇકબાલ પટેલ : અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગોની યાદી તેમાં જે રીતે આ વાત થયેલી હતી..

અધ્યક્ષશ્રી : હું રેકોર્ડ જોઇને એ દૂર કરીશ.

શ્રી ઇકબાલ પટેલ : એ પાછો ખેંચવો જોઇએ સાહેબ, *(xxxxx)શબ્દ પાછો ખેંચવો પડે.

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ પ્લીઝ. મેં શબ્દ દૂર કર્યો છે. ((અંતરાય)) જયારે મેં દૂર કર્યો છે,

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું જયારે ઉલ્લેખ કરતો હતો જમીનોના, આ જ કંપનીઓના, ત્યારે કમિશન નીમેલું છે એટલે એનો રેફરન્સ ન થઇ શકે. આપે આ વાત કરી હતી. આ જે કમિશન નિમાયેલું છે એ ૧૯૮૦થી શરૂ કરી અને આજ દિવસ સુધી જે જે પ્રકારે જે જે લોકોએ જમીન આપી છે એના માટેનું છે અને એમાં જો મને ઉલ્લેખ કરવા દેવામાં ન આવ્યો હોય તો આ ઉલ્લેખો રદ થવા જોઇએ નહીં તો માનનીય..

---

* (xxxxx) **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.**

અધ્યક્ષશ્રી : આત્મારામભાઇ, આપે જે ઉલ્લેખો તપાસ હેઠળ ચાલુ છે એવા કર્યા હશે હું રેકોર્ડ જોઇને દૂર કરી દઇશ. તપાસ હેઠળ ચાલુ હશે એ હું દૂર કરીશ. આપનું પ્રવચન ચાલુ રાખો.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત એ કરવી છે, તપાસ ચાલુ હોય..

અધ્યક્ષશ્રી : ઇન્કવાયરી હેઠળ છે એ હું દૂર કરીશ.

શ્રી આત્મારામ મ. પરમાર : ઇન્કવાયરી હેઠળ હોય એવી કોઇ વસ્તુ હું કહું નહીં, બીઇંગ અ લોયર, આઇ નો, વોટ આઇ હેવ ટુ રીપ્રેઝન્ટ બીફોર ધ ઓનરેબલ હાઉસ, આઇ નો વેરી વેલ સર, એન્ડ ધેર ફોર આઇ એમ સેઇંગ કે આ સરકારે ઉદ્યોગોના વિકાસ માટે જયારે જમીન આપી છે ત્યારે મને રોકવાના પ્રયત્નો એટલા માટે થાય છે, પોઇન્ટ ઓફ ઓર્ડર એટલા માટે ઉઠાવાય છે કે આ ગૃહમાં સાચી હકીકત રજૂ ન થાય અને આ મિત્રો જે રજૂઆતો કરી રહ્યા છે એ [3]*(xxxxx)એ માટેના આ લોકોના સંગઠિત પ્રયત્નો છે.

અધ્યક્ષશ્રી : *(xxxxx)એના માટે પ્રવચનો થાય છે એ શબ્દો આપ પાછા ખેંચી લો.

શ્રી આત્મારામ મ. પરમાર : એ શબ્દો હું પાછા ખેંચી લઉં છું. ((અંતરાય)) પાછા ખેંચ્યા સાહેબ, મારે વાત એ કરવી છે કે મારી આ રજૂઆતથી કોંગ્રેસના શાસનમાં જે રીતે જે ભાવે જમીનો..((અંતરાય))

અધ્યક્ષશ્રી : જયારે શબ્દો પાછા ખેંચાઇ ગયા છે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી. શબ્દો પાછા ખેંચાઇ ગયા છે.

શ્રી આત્મારામ મ. પરમાર : મારે ત્યારે એમ કહેવું છે કારણ કે આ અર્જુનભાઇ એવા આક્ષેપ કરતા હતા કે બધા કોથળા ભરાઇને જાય, પટારા ભરાઇને જાય, ખટારા ભરાઇને જાય, આ કોંગ્રેસી શાસનમાં જે જમીનો આપવામાં આવી છે, શું એ કોથળા તમારે ત્યાં ગયા હતા? ખટારા તમારે ત્યાં ગયા હતા? પટારા તમારે ત્યાં ગયા, હિસાબ આપો ગુજરાતની જનતાને કે તમારા શાસનમાં જે જમીનો આપવામાં આવી છે, ૮૦ પૈસા, ૫૦ પૈસા, ૯૦ પૈસા. માનનીય અધ્યક્ષશ્રી, આ તો એમ કહેવાય કે અમે કરીએ એ લીલા..

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થયો.. માનનીય નીમાબેન.

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન મંત્રીશ્રી આનંદીબેન જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના વિચક્ષણ, કુશળ અને કુશાગ્ર નેતૃત્વમાં આપત્તિને અવસરમાં પલટાવવાની અને વિનાશને વિકાસમાં રૂપાંતર કરવાનું જે કાર્ય થયું છે તેનો કચ્છ જિલ્લાનો તાદશ નમૂનો અમારી નજર સમક્ષ છે. તેની વિકાસ ગાથા હું આજે અહીં કહેવા માગું છું બિલ્ડ બેક બેટરની પોલીસી અને અભિગમ સાથે કચ્છનું પુનઃવસન અને નવસર્જન કરવામાં આવ્યું. અહીંયા હમણાં વાત થતી હતી. કાપદરખાસ્તો જે હમણાં આવી છે એની વાત પહેલાં કરી દઉં, મેં બધી કાપ દરખાસ્તો જોઇ, એમાં કહેવામાં આવ્યું છે કે, રસ્તાઓના કામો નબળા થાય છે, ચોમાસામાં રસ્તા ધોવાઇ જાય છે અને એ રસ્તાઓ જલદી રિપેર થતા નથી અને એવી અનેક વાતો કાપદરખાસ્તોની અંદર જોઇ, પણ મારે ખાસ કહેવું છે કે, આ ચાર દાયકાની વાત હતી અને એ પૂરા થઇ ગયા. હવેનો દસકો છે એમાં માનનીય માર્ગ અને મકાન મંત્રી શ્રીમતી આનંદીબેને જે રીતે ગુજરાતના વિકાસનો એક્શન પ્લાન તૈયાર કર્યો છે અને એની અંદર આ તમામ મુદાઓને ધ્યાને લઇને રસ્તાઓની ક્વોલિટી કેવી રીતે સારી થાય, રાજ્યના અંતરિયાળ ગામો સુધી રસ્તાઓની સુવિધા કેવી રીતે પ્રાપ્ત થાય, વાંઢમાં રહેતા ૨૦–૨૫ ઝૂંપડા હોય એને પણ રસ્તાઓ મળે, પશુ પાલનનો ધંધો કરતો માણસ પોતાનું દૂધ ડેરીમાં લઇને જતો હોય ઉબડ–ખાબડ ખૂબ હોય તો એનું દૂધ ઢોળાઇ ન જાય એના માટે પણ ત્યાં સુધી ખૂબ જ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસી યાત્રાધામ તરીકે કચ્છને જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિકસાવ્યું છે અને એ રીતે આનંદીબેને જે રીતે પ્રવાસી ધામ માટેના રસ્તાઓ બનાવ્યા છે એમાં બહારથી આવતા પ્રવાસીઓને કોઇ તકલીફ ન પડે. યાત્રાધામ કચ્છ એ સંતો અને મહંતોની ભૂમિ છે. નારાયણ સરોવરથી

[3] **માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લેવામાં આવ્યા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

માંડીને, માતાના મઢથી માંડીને, રાપરનું રવેચી હોય, જૈનોની તિર્થ ભૂમિ કોડાઇ હોય, મુન્દ્રાનું ભદ્રેશ્વર તીર્થ, પંચતીર્થથી નલીયા અને અબડાસા હોય એ તમામ જગ્યાએ યાત્રાર્થીઓ અને પ્રવાસીઓ સારી રીતે પહોંચી શકે એવા રસ્તાઓ બનાવ્યા પછી અમારા ધ્રંગની અંદર જાંસી દેરનું બર્ડ સેન્ચુરી હોય, ધોળા વીરાની અંદર હડપ્પન સંસ્કૃતિ હોય, ત્યાર પછી બન્નીની અંદર ધોરાડોનું સફેદ રણ હોય એનો જે વિકાસ થયો છે એની ડિટેઇલ્ડ વાત કરું તો, એની વિકાસગાથા રજૂ કરું તો અહીંયા દિવસો લાગી જાય. કચ્છની વિકાસ ગાથાની ફક્ત હાઇલાઇટ્સ જ આપવા માગું છું. જે રીતે વિકાસ થયો છે, પશુ પાલન કરતો માણસ પણ પોતાનું કામ સારી રીતે કરી શકે એવી રીતે રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. ત્યારે મારે ખાસ અહીંયા ધ્યાન દોરવું છે કે, જે કાપ દરખાસ્તો છે એમાં અમે તો કહીએ છીએ કે ચોમાસાની અંદર રસ્તાઓનું ધોવાણ થાય છે. કચ્છમાં ક્યારેય વરસાદ નહોતો પડતો, ચારેક વર્ષે એકાદ વખત વરસાદ પડતો. પરંતું આવા સરસ રસ્તાઓ બનાવવામાં આવ્યા છે. ચોમાસા દરિમયાન રસ્તાઓ ધોવાઇ જાય તો રાતોરાત સમા થઇ જાય. કોઇપણ પ્રવાસી કે માણસની ફરિયાદ ન આવે કે અમારું ગામ વિખૂટું પડી ગયું છે એવું સરસ નેટવર્ક વહીવટી તંત્રની સક્ષમ કામગીરીને લીધે તૈયાર થયું છે. ખૂબ સરસ રીતે કચ્છનો વહીવટ ચાલી રહ્યો છે ત્યારે મારે કહેવું છે કે, છેલ્લા દસ વર્ષની અંદર જે કચ્છનો વિકાસ થયો છે. જ્યારે ભયાનક ભૂકંપ આવ્યો અને ભૂકંપ પછીના પાંચ વર્ષમાં આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કચ્છની ૫૫ વાર મુલાકાત લીધી છે. એવા કોઇ મુખ્યમંત્રી નહીં હોય કે જેણે એક જ જિલ્લાની ૫૫ વાર મુલાકાત લીધી હોય. એવા અમારા કચ્છને પોતાનું સીધું માર્ગદર્શન આપ્યું છે. ઉડતી મુલાકાત નહીં પણ બે-ત્રણ દિવસ કચ્છમાં રોકાઇ પૂરો અભ્યાસ કરી પૂરું માર્ગદર્શન પૂરું પાડ્યું છે અને કચ્છનો સર્વાંગી ક્ષેત્રની અંદર વિકાસ કર્યો છે. એ પછી સાગરખેડુનું કામ કરતા લોકોના રસ્તા હોય, માછીમારીનું કામ કરતા લોકોના રસ્તા હોય, તમામ જગ્યાએ પૂરું નેટવર્ક કચ્છમાં કરવામાં આવ્યું અને હું અહીંયા ખાસ કહીશ કે જે રીતે ભૂકંપ આવ્યો અને એમાં જે મુશ્કેલીઓ પડી એના માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ બનાવ્યું અને એની અંદર આપત્તિ વ્યવસ્થાપનના અનેક કાયદાઓ બનાવવામાં આવ્યા છે. હું ડિટેઇલમાં એની વાત નથી કરતી. પણ એના લીધે ફરી ક્યારેય ભૂકંપ આવે ત્યારે કોઇપણ જાનહાનિ ન થાય એવો એકશન પ્લાન કરીને એ જાતની વ્યવસ્થા કરવામાં આવી છે.

કાયદાઓ એ વિધાનસભામાંથી પણ પસાર કરવામાં આવ્યા છે ત્યારે માત્ર રસ્તાઓના કામ નહીં પરંતુ એની સાથેસાથે જાહેર બાંધકામો, મકાનો, કોલેજો એવા બધા પણ ૧૨૯ કરોડના ખર્ચે આવા મકાનોના બાંધકામો કરવામાં આવ્યા અને એ મકાનો કેવા કે આધુનિક ડિઝાઇનવાળા સુખ-સુવિધાઓવાળા આકર્ષક સ્થાપત્યવાળા એવા સરકારી મકાનો ૧૨૯ કરોડના ખર્ચે કરવામાં આવ્યા છે. કોલેજો બનાવવામાં આવી ભૂજની અંદર એન્જિનીયરીંગ કોલેજ, પોલીટિકનિક કોલેજ, એના માટેની હોસ્ટેલો, એના માટેના સ્ટાફ કવાર્ટર આ તમામ જાતની સુવિધાઓ કરવામાં આવી અને કચ્છની અંદર જે વર્ષોની અમારી માગણી હતી એવી શ્યામજી કૃષ્ણ વર્મા યુનિવર્સિટીની પણ સ્થાપના કરવામાં આવી અને ૪૦ કરોડના ખર્ચે આ કચ્છ યુનિવર્સિટી બનાવવામાં આવી. કચ્છમાં આઇ.ટી.આઇ. કોલેજો મુંદ્રા અને ગાંધીધામની અંદર સાડા આઠ કરોડના ખર્ચે અમારી મુંદ્રા અને ગાંધીધામની આઇ.ટી.આઇ. બનાવવામાં આવી. પાલારા જેલનું સુંદર મકાન બનાવવામાં આવ્યું. કલેકટર કચેરી બનાવવામાં આવી. આવા તો અનેક આયામો અમારા કચ્છની અંદર થયા છે. અને જો મારા કચ્છના રસ્તાઓના છેલ્લા બે ત્રણ વર્ષની જ જો વાત કરું તો સૌથી પહેલું તો હું કહીશ કે કચ્છનો વિકાસ થાય એના માટે કચ્છને ગાંધીનગર સુધી જોડવા માટે ગાંધીનગરથી કચ્છ સુધી ચાર માર્ગીય રસ્તો ૧૮૦ કીલોમીટરની લંબાઇ ધરાવતો ૧૬૬૮ કરોડ રૂપિયાના ખર્ચે આ રસ્તો બનવાવામાં આવ્યો. પહેલા કચ્છ જવામાં અમને સાત કલાક લાગતા હતા. આજે અમે ત્રણ-સાડાત્રણ કલાકમાં કચ્છની અંદર પ્રવેશ કરીને સામખ્યાળી પહોંચી જઇએ છીએ. અને આ છે અમારો વિકાસ કે જેના લીધે ચારેબાજુ રસ્તા બનાવવામાં આવ્યા છે. મારે અહીંયા કહેવું છે કે સરખેજ બગોદરાથી બામણમોરનો રસ્તો જે જાય છે તે ૩૫૦ કરોડના ખર્ચે બનાવવાની દરખાસ્ત કેન્દ્ર સરકારમાં મૂકાઇ ગઇ છે પણ હજી સુધી અમને એની મંજૂરી નથી મળી. અને એટલે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ અવરોધાયો છે. મારે અહીંયા છેલ્લી

વાત કરી દેવી છે. મને ખ્યાલ છે કે હું કચ્છની વાત કરું એટલે બાબુભાઇને એમાં જરાક ચિંતા થાય છે કે નીમાબેન બહારથી આવ્યા. મારે અહીયા કહેવું છે કે હું બહારથી નથી આવી. મારા પતિનો જન્મ બેલામાં થયો છે. અને અમે એમના રાપર તાલુકાના બેલાના છીએ. રોજગારી માટે અમે બહાર ગયેલા પણ અમે ડોકટર થઇને ભણ્યા એટલે કચ્છમાં પાછા આવ્યા છીએ. અને ૪૦ વર્ષથી કચ્છમાં રહીએ છીએ.

અધ્યક્ષશ્રી : એ બાબુભાઇએ સ્વીકારી લીધું છે હવે.

**શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ મંત્રી તેમના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનની અંદર હું મારા વિચારો માગણી ક્રમાંકઃ ૭૯ કુદરતી આફતો અંગે રાહત, ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઉપર રજૂ કરવા ઊભો થયો છું. આ પૃથ્વી ઉપર માનવ જાતિનો જન્મ થયો ત્યારથી સાથે સાથે આપત્તિઓ પણ સહભાગી બની છે. અને આ આપત્તિઓમાંથી રક્ષણ મેળવવા માટે બચવા માટે સામૂહિક અને વ્યકિતગત પણ પ્રયત્નો થયા છે. મારે વાત કરવી છે એક પૌરાણિક કથાની કે ગોકુળની અંદર જયારે ઇન્દ્ર કોપાયમાન થયા અને જયારે વરુણદેવને આદેશ કર્યો કે ગોકુળની પ્રજાને અતિ ભારે વરસાદ કરીને ત્રાસ આપવાનો આદેશ થયો ત્યારે ગોકુળની પ્રજા, ગોકુળની ગાયો, ગોકુળના પ્રાણીઓ ગોવર્ધન પર્વત ઉપર ચડી ગયા હતા આ પૌરાણિક કથાથી આપણે સૌ પરિચિત છીએ. મારે કહેવું છે કે એક સમય એવો આવ્યો કે અતિભારે વરસાદના કારણે જયારે ગોવર્ધન પર્વત ઉપર પણ જયારે પાણી ચડયું ત્યારે ભગવાન કૃષ્ણએ આંગળી ઉપર ગોવર્ધન પર્વતને ઉઠાવ્યો હતો. મારું માનવું છે કે આ ડીઝાસ્ટરનું પહેલું ઉદાહરણ છે. આજનો આધુનિક યુગ છે અને ટેકનોલોજીનો જમાનો છે ત્યારે આ જયારે જ્ઞાન–વિજ્ઞાનની ચરમસીમા હોય ત્યારે આપત્તિઓનું સ્વરૂપ બદલાયું છે. કુદરતી આપત્તિ અને માનવસર્જિત આપત્તિઓ જયારે આવે છે ત્યારે આપણે સૌ જાણીએ છીએ સમગ્ર જગતની અંદર આનો વિચાર ખૂબ જ આગળ વધ્યો છે. આપત્તિ વ્યવસ્થાપનની અંદર આ રાજય સરકારે ખૂબ જ અદ્યતન પ્રયોગો કરી અને આ વિભાગે સારી કામગીરી કરી છે. ગુજરાત સરકારે, આ વિભાગે, એવી કામગીરી કરી છે, બીજા કેટલાક રાજયોને પ્રેરણા મળે એવા પણ કેટલાક કામો કર્યા છે. મારે વાત કરવી છે ૨૬મી જાન્યુઆરી, ૨૦૦૧ના ભૂકંપની. હજારો લોકોએ જાન ગુમાવ્યો હતો, આખે આખા નગર અને ગામો નષ્ટ થયા હતા. અને કોઇના અસ્તિત્વની પણ નિશાની ન હતી એવા સમયે દેશ અને વિશ્વ સ્તબ્ધ થઇ ગયું હતું ત્યારે જે પ્રકારે રાજય સરકારે કામગીરી કરી અને રાજયના મુખ્યમંત્રીશ્રીએ જે આયોજન કર્યું અને આપત્તિને અવસરમાં પલટાવવાનો જે ઈતિહાસ રચ્યો છે ત્યારે તે ખરેખર બિરદાવવા લાયક છે. મારે કહેવું છે કે રાજયના મુખ્યમંત્રીની વિનંતીથી અને સમગ્ર આયોજન સરકાર સાથે પ્રજાનું જયારે બની ગયું ત્યારે એ વખતે સંવેદનના જે ઘોડાપુર બની ગયા હતા. કચ્છની ભૂમિ જે મરૂભૂમિ કહેવાય એ ધરતી આજે રળિયામણો પ્રદેશ બન્યો છે ત્યારે આ ડિઝાસ્ટર મેનેજમેન્ટનું એક ઉત્તમ ઉદાહરણ બન્યું છે. ૨૦૦૧ના ભૂકંપ પછી ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળની રચના કરી છે. આ સત્તામંડળની સિદ્ધિ જોવા માટે આપણા દેશ સિવાય બીજા દેશોના પણ પ્રતિનિધિમંડળો પણ આપણા રાજયમાં આવ્યા છે. અફઘાનિસ્તાનમાંથી, ઈરાનમાંથી, શ્રીલંકા અને બાંગ્લાદેશ વગેરે દેશોમાંથી ત્યાંના પ્રતિનિધિમંડળો આપણા દેશમાં આવ્યા અને આ ડિઝાસ્ટર મેનેજમેન્ટનો અનુભવ, એની માહિતી અને એમણે પણ આનો અનુભવ ગ્રહણ કરવાનું ઉચિત માન્યું. રાજયના મુખ્યમંત્રીના નેતૃત્વમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટે આ આંબી ન શકાય તેવી ઊંચાઇઓ હાંસલ કરી છે ત્યારે મારે આ તબક્કે એમને અભિનંદન આપીને એમનો આભાર માનવો છે. ૨૦૦૬ના સુરતના પુરની વાત કરવી છે. ૨૦૦૬માં સુરતમાં પુર આવ્યું ત્યારે શહેરમાં ૨૦ ફુટ પાણી ભરાયા ત્યારે કોઈ એવું નહોતું કહેતું કે છ મહિનાની અંદર આ સુરત બેઠું થશે. એટલું પાણી, એટલી ગંદકી, એટલો કચરો પરંતુ રાજયના મુખ્યમંત્રીએ સુરતમાં ચાર–ચાર દિવસ સુધી કેમ્પ કરી પોતાના જાત નિરીક્ષણ હેઠળ કામ કરાવ્યું. રાજયના મહેસૂલ મંત્રીએ ગાંધીનગરની અંદર કન્ટ્રોલ રૂમમાં બેસીને રાહતની સામગ્રી પહોંચાડવાનું જે કામ કર્યું અને આખા સુરતમાં આખી વ્યવસ્થા સંભાળી હતી. કન્ટ્રોલ રૂમથી માંડીને રાહત સામગ્રી રાત–દિવસ ખડે પગે રહી પહોંચાડવાની કામગીરી કરી હતી એ કામગીરી

પણ જ્યારે ઉત્તમ પ્રકારની કામગીરી કરી છે ત્યારે મહેસૂલ મંત્રીને પણ અભિનંદન આપું છું. મારા વિસ્તારની વાત કરું તો ત્રણેક વર્ષ અગાઉ જ્યારે લખતરની અંદર ૨૯ ઇંચ વરસાદ પડ્યો ત્યારે વિરમગામ–માલવણ–ધ્રાંગધ્રા રોડ ઉપર એટલું બધું પાણી આવ્યું હતું કે આખે આખી ગાડીઓ અને ટ્રેકટરો તણાયા હતા એવા સમયે મારે આજે સભાગૃહની અંદર કહેવું છે કે રાત્રે મારા વિસ્તારના ૧૩ લોકોના જીવ બચાવવા માટે સવારે પાંચ વાગ્યે મેં મહેસૂલ મંત્રી આનંદીબેનને ફોન કર્યો હતો કે હેલિકોપ્ટર સિવાય આ જાન બચી શકે એમ નથી. પાંચ વાગ્યે ઊઠીને મને સૂચના આપી કે તમે લોકેશન આઇડેન્ટીફાઇ કરો કઇ જગ્યાએ બચાવવાની જરૂર છે. તમે જાતે જાઓ અને મારે કહેવું છે કે એ વખતે મજેઠીની ગામ પાછળ જે સુરેન્દ્રનગર અને અમદાવાદ એ બે જિલ્લાની બોર્ડર છે ત્યાં ૧૩ લોકો પાણીની અંદર ફસાયા હતા એમને બચાવવા માટે વાયુદળના હેલિકોપ્ટરની વ્યવસ્થા કરી અને આ ૧૩ લોકોને જ્યારે બચાવ્યા ત્યારે અમને એમ થયું હતું કે આ રાજ્યનું ડિઝાસ્ટર મેનેજમેન્ટ ખરેખર ઉત્તમ કામ કરે છે. મારે વિશેષ કરીને આ વહીવટી તંત્રની વાત કરવી છે. કયા જિલ્લાની બોર્ડર? અમદાવાદ જિલ્લાના અને સુરેન્દ્રનગર જિલ્લાના બન્ને જિલ્લાના વહીવટી અધિકારીઓ હાજર હતા. કોઇએ એમ નહોતું કહ્યું કે આ અમારી હદ નથી. આ પણ જ્યારે કામગીરી થતી હોય ત્યારે નગરપાલિકા અને મહાનગરપાલિકાઓને પણ જ્યારે આ આપત્તિઓ સામે લડવા માટે અનેક સાધનો જ્યારે આપ્યા છે જેવા કે વોટર બ્રાઉઝર, મીની ફાયર ટેન્કર, ઇમર્જન્સી રેસ્ક્યુ વ્હીકલ, વોટર ટેન્કર, ફોર્મ નર્સર, મેડિકલ માસ કેજ્યુઅલ્ટી કન્ટેનર, મલ્ટી ફન્કશનલ રેસ્કયુ વ્હીકલ, આવા અનેક સાધનો આપીને જ્યારે આપત્તિ સામે લડવા માટે આ સરકારે વ્યવસ્થાઓ કરી છે ત્યારે મહેસૂલ મંત્રીશ્રી અને આપતિ વ્યવસ્થાપન મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું.

**સભાપતિ શ્રી મહેન્દ્ર લી મશરૂ અધ્યક્ષ સ્થાને**

**શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ(ડભોઇ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ વિભાગ, માર્ગ અને મકાન અને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે આપના થકી મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગની માગણીઓ અને તેમાંય ખાસ કરીને માર્ગ અને પુલો માટે ૪૩૧૪ કરોડની માગણીઓ લઇને મંત્રીશ્રી આવ્યા છે. ખૂબ મોટી રકમ રાજ્યમાં રસ્તાઓ અને પુલો બનાવવા માટે ખર્ચાવાની છે અને આ સભાગૃહમાં જાણે ભૂતકાળની સરકારોએ કોઇ કામગીરી જ કરી નથી, ૩૫–૩૫ વર્ષ સુધી તમે કાંઇ કર્યું નહીં અને જે કાંઇ કર્યું એ અમે એક દસકામાં કરી નાખ્યું એવી જ્યારે વાત ઊભી કરવામાં આવે છે ત્યારે આપના થકી આ સન્માનનીય સભાગૃહ સમક્ષ આ સરકાર દ્વારા પ્રસિદ્ધ થયેલ સામાજિક અને આર્થિક સમીક્ષાની ચોપડીમાં જે કેટલાક આંકડા આપવામાં આવ્યા છે એ આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. સામાજિક અને આર્થિક સમીક્ષાની ચોપડીમાં જે કેટલાક આંકડા આપવામાં આવ્યાં છે એ આ સભાગૃહ સમક્ષ મૂકવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૧–૦૨ એટલે ૩૧મી માર્ચ ૨૦૦૨ના દિવસે આ રાજ્યમાં કુલ ૭૪૦૧૮ કિ.મી.ના રસ્તાઓ હતા. ૭૪૦૧૮ કિ.મી.ના રસ્તાઓ ૨૦૦૨ ના માર્ચ મહિનામાં પછી આંકડા અપાયા કે માર્ચ ૨૦૦૯ સુધીમાં કેટલા? એટલે ૭ વર્ષ સુધી આ સરકારનો વહીવટ ચાલ્યો અને ત્યાર પછી માર્ચ ૨૦૦૯ના આંકડા જુઓ તો આ ચોપડીમાં આંકડા અપાયા છે ૭૪૧૧૭. એટલે એનો અર્થ એ થયો કે બહુજ કાર્યશીલ ગણાવે છે પોતાની સરકારને એ સરકારે આ ૭ વર્ષની અંદર ગુજરાતમાં ૯૯ કિ.મી.ના રસ્તા બનાવ્યા. સાહેબ, વાસ્તવિકતા તો એ છે કે ૧૯૯૫ની સાલમાં જ્યારે આ ભારતીય જનતા પક્ષની સરકાર પહેલી વખત સત્તા પર આવી ત્યારે પણ ગુજરાત રાજ્યની અંદર ૭૦૬૪૯ કિ.મી.ના રસ્તા બની ચૂક્યા હતા અને પાછલા ૩૫ વર્ષની જે વાતો કરવામાં આવે છે કે આ કોંગ્રેસની સરકારોએ ૭૦૦૦૦થી વધારે કિ.મી.ના રસ્તા આ ગુજરાતની અંદર બનાવી ચૂક્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, નીમાબેન વાત કરતા હતા. રસ્તાઓના બાંધકામની અંદર બહુ જબરજસ્ત મોટો ફાળો કેન્દ્ર સરકારે આપેલો છે અને Gol den Quadri lateral Scheme નીચે પાછલા બહુ ટૂંકા સમયની અંદર જ કેન્દ્ર સરકારે ૨૩૯૦ કરોડ રૂપિયા ગુજરાતની અંદર ખર્ચ્યા છે અને આ જ રાજ્ય સરકારને ગયા વર્ષે NHમાં ૧૧૯ કરોડ, PR માં ૫૭ કરોડ, M&R માં લગભગ ૯ કરોડ અને CRF માં ૧૩૫ કરોડ રૂપિયા જેવી રકમ પણ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને આપી છે પણ કેન્દ્ર સરકાર રકમ આપે તો એનો ઉપયોગ કેવી રીતે થાય છે? મારે તો એક–બે ઉદાહરણ આપના થકી માનનીય મંત્રીશ્રીના ધ્યાનમાં મૂકવા છે. ઊના–રાજુલા રોડ ૪૨ કરોડના ખર્ચે આ રસ્તાનું કામ અપાયું અને આટલી મોટી રકમ ખર્ચ્યા પછી પણ થોડા વખતમાં જ રસ્તાને ભારે નુકસાન થયું અને રસ્તો તૂટી ગયો. અમારા ધારાસભ્યોએ અધિક સચિવશ્રીને ફરિયાદ કરી. અધિક સચિવશ્રીએ ૨૨મી ડીસેમ્બરના દિવસે લેખિત કાગળ લખીને જાણ કરી કે આ અંગે ઘટતી તપાસ કરવામાં આવશે અને જે જવાબદાર લોકો હશે એમની સામે કાર્યવાહી થશે. આજે એ વાતને પણ ૩ મહિના જેટલો સમય નીકળી ગયો. હજુ શું એની તપાસ થઇ તેની ખબર પડતી નથી? અને પછી મનમાં એક સવાલ ઊભો થાય કે કોઇ માનીતા વ્યક્તિઓએ આ રસ્તાનું કામ કર્યું હતું અને એટલા માટે આ રસ્તાની તપાસ કરવામાં નથી આવતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે વડોદરા જિલ્લામાં હું દાખલો આપવા માગુ છું. વલણ–ધામણજા રસ્તો મંજૂર થયો. દેથાણ–વેલણનો રસ્તો મંજૂર થયો. આ રસ્તાઓ મંજૂર થયા એને વર્કઓર્ડર આપી દેવામાં આવ્યા. વર્કઓર્ડર આપી દીધા પછી કોન્ટ્રાકટરે ડિપોઝીટ ભરી દીધી અને આ ડિપોઝીટ ભરી દીધા પછી પણ એ કોન્ટ્રાકટર આજે એ રસ્તાનું કામ શરૂ કરતો નથી. એટલે એને પૂછવામાં આવ્યું કે, ભાઇ, તું રસ્તાનું કામ તે ડિપોઝીટ ભરી દીધી પછી કેમ રસ્તાનું કામ ચાલુ કરતો નથી? તો એણે બહુ ગભરતાં ગભરાતાં કહ્યું કે મારી પાસે સ્થાનિક આગેવાનો દ્વારા એટલી મોટી રકમની માગણી કરવામાં આવે છે કે હું પૂરી કરી શકું તેમ નથી અને એટલે મારે રસ્તાનું કામ કરવું નથી. હું કોઇ આક્ષેપ કરવા માગતો નથી. સવાલ પ્રજાના કામો થાય એ છે અને મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આવો જવાબ જ્યારે અપાયો છે ત્યારે કમસેકમ આપ તપાસ કરી અને ડિપોઝીટ ભરાઇ ગઇ હોય, કામ અપાય ગયું હોય તો ઝડપથી એ કામ શરૂ થાય અને ઝડપથી પૂરું થાય.

**સભાપતિશ્રી :** વિરામનો સમય થયો છે હવે સભાગૃહ ૫–૦૦ કલાકે મળશે. આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિરામ સાંજના ૪–૩૦ થી ૫–૦૦**

**સભાપતિશ્રી, મહેન્દ્રભાઇ મશરૂ અધ્યક્ષસ્થાને.**

**સભાપતિશ્રી :** ઓર્ડર... ઓર્ડર....શ્રી સિદ્ધાર્થભાઇ.

**શ્રી સિદ્ધાર્થભાઇ પટેલ :** માનનીય અધ્યક્ષશ્રી, વડોદરાની નજીક, વડોદરા બાયપાસ ઉપર L & T કંપનીનો ટેકનોલોજી પાર્ક બની રહ્યો છે. L & T કંપનીએ સરકારને વિનંતી કરી કે, આ ટેકનોલોજી પાર્ક બનાવવા માટે સરકાર એમના માટે જગ્યા એક્વાયર કરે. ચાર નંબરનું જાહેરનામું, છ નંબરનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. સરકારે હુકમ કર્યો કે, એક્વીઝીશનની સંપૂર્ણ કામગીરી તા.૧૬–૧૦–૨૦૦૨ પહેલાં પૂર્ણ થઇ જવી જોઇએ. સરકારનો આવો હુકમ હતો. આ તારીખ પહેલાં કાર્યવાહી પૂર્ણ થઇ નહીં અને કાર્યવાહી પૂર્ણ ન થતાં એક્વીઝીશન ઓફિસરે, જેને સંપાદન અધિકારી તરીકે સરકારે પોતે નિયુક્ત કર્યા હતા. એમણે પોતે તા.૧–૧૧–૨૦૦૨ના દિવસે હુકમ કર્યો અને એ હુકમ કરી અને તમામે તમામ એક્વીઝીશનની કાર્યવાહી એમણે ડ્રોપ કરી દેવાનો હુકમ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રી, એમ છતાંય પરિસ્થિતિ એવી સર્જાઇ કે, સંપાદન અધિકારીના એક્વીઝીશન ડ્રોપ કરવાના હુકમ પછી પણ L & T કંપની માટે આ જગ્યાઓ એક્વાયર થઇ. ખેડૂતોના વિરોધ વચ્ચે એક્વાયર થઇ અને વાસ્તવિકતા તો એ છે કે, આ આખાય ટેકનોલોજીપાર્કની અંદર બીજી કોઇ કંપનીની કોઇ ઓફિસ નહીં. L & T કંપનીએ જ પોતાની જુદી જુદી જગ્યાઓએ સ્થિત ઓફિસોને આ ટેકનોલોજી પાર્કના નામે સરકાર પાસેથી જગ્યા મેળવી અને તમામ ઓફિસો ત્યાં શીફ્ટ કરી દીધી. મારી

આપના થકી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સંપાદન અધિકારીના હુકમ પછી એણે એક્વીઝીશન પ્રોસીડિંગ્સ ડ્રોપ કરી દીધા, આ હુકમની સામે કોઇ અપીલ થઇ નથી, કોઇ આગળની કાર્યવાહી કરવામાં નહીં આવી અને સરકારે એની ઓરિજીનલ મર્યાદા જે તા.૧૬-૧૦-૨૦૦૨ની હતી એને લંબાવી પણ નથી ત્યારે એ સંજોગોમાં અત્યારે ખેડૂતોના વ્યાપક પ્રશ્નો અને અસંતોષ જે વ્યાપક ઊભો થયો છે એ સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી આ આખા પ્રકરણની તપાસ કરાવી અને ખેડૂતોને ન્યાય મળે એ દિશામાં કોઇ કાર્યવાહી કરે એવી મારી આપના થકી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે હમણાં, થોડા વખત પહેલાં જ નવી જંત્રી જાહેર કરી છે અને નવી જંત્રીમાં અગાઉની જંત્રીના સંદર્ભમાં અસામાન્ય વધારો થયો છે અને આખી જંત્રી જોઇએ તો એમ લાગે કે, અત્યંત અસંગત રીતે આ જંત્રી વધારી દેવામાં આવી હોય એવી સ્થિતિ ઊભી થઇ છે. મારે માત્ર દાખલો આપવો છે, ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં એવી સ્થિતિ ઊભી થઇ છે કે, જમીનની વાસ્તવિક બજાર કિંમત કરતાં જંત્રી એટલી બધી વધારી દેવામાં આવી છે કે, આજે એના કારણે સ્ટેમ્પ ડ્યૂટીનો જે ખર્ચો થાય એ પણ જમીનની કિંમતના ૩૦ થી ૪૦ ટકા સુધી પહોંચી જાય છે અને પરિણામે ખેડૂતોને ભારે હાલાકીનો સામનો કરવો પડે એ સ્થિતિ જયારે ઊભી થઇ છે ત્યારે આ તમામ જંત્રીમાં જે વિસંગતતાઓ ઊભી થઇ છે તો આ અંગે તપાસ કરાવે અને જયાં જંત્રીમાં ફેરફારો કરવા જેવા હોય એ સરકારે વ્યાપક હિતને ધ્યાનમાં રાખી અને આ ફેરફાર કરે એટલું પણ હું આપના થકી મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું.

શ્રી સભાપતિશ્રી : ભાનુબેન .

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ (ગ્રામ્ય) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૨-૧૩ના વર્ષના અનુદાનો માટેની મહિલા અને બાળ વિકાસ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉપસ્થિત થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે એકવીસમી સદીમાં વિશ્વની સાથે કદમ મીલાવવા માટે અને આપણા રાષ્ટ્ર અને રાજયની પ્રગતિ કઇ રીતે થાય તે જોવાની અને તેને અનુરૂપ શાસન વ્યવસ્થામાં પ્રજાના કલ્યાણ માટે આપણે સૌને પ્રજાએ અહીંયા જન-પ્રતિનિધિ તરીકેની જે જવાબદારી સોંપી છે તેના માટે થઇને હું સૌભાગ્ય અને ગૌરવ અનુભવું છું. ગુજરાત રાજયની ભા.જ.પા.ની સરકાર અને સરકારના અડગ મનોબળ ધરાવતા નીડર, લોકપ્રિય અને હમણા જેમણે દેશ અને રાજયને દુનિયાના, વિશ્વના નકશા ઉપર મુકવાનું શ્રેય જાય છે એવા ટાઇમ મેગેઝીનના કવર પેજ ઉપર જેમનો ફોટો છપાતાં જેમને ભવિષ્યના ભારતના નિર્માણ અને રાષ્ટ્રનેતા તરીકે જોઇ રહયા છે એવા આપણા ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ૨૧ મી સદીના પ્રથમ દસકામાં આ રાષ્ટ્રના સ્વપ્ના અને રાષ્ટ્રને વિકાસના પરમ વૈભવના શિખરે પહોંચાડવાની અને ગુજરાતે એમાં સક્રિય યોગદાન આપી અને આ જવાબદારી નિભાવવાનો સક્રિય પ્રયાસ કર્યો છે. હમણાં જ આઠમી માર્ચે વિશ્વ મહિલા દિવસ તરીકે સમગ્ર વિશ્વમાં તેની ઉજવણી થઇ. આપણા બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરજી, રાજારામમોહનરાય, સ્વામી દયાનંદ સરસ્વતિ આ લોકોએ એમના સમય દરમિયાન મહિલાઓ માટે થઇને એમને પોતાના હકક મળે, એમના અધિકાર માટે થઇને તેઓ તેમના સમયમાં સતત પ્રયત્નશીલ રહયા હતા. આજે આપણને ગૌરવ થાય તેવું કામ આખા રાજયમાં મહિલા અને બાળ વિકાસના વિભાગ દ્વારા થાય છે. જેમાં મહિલાઓના સર્વગ્રાહી વિકાસ માટે રાજય સરકારે મહિલાઓની સુરક્ષા, કિશોરીઓમાં જે કુપોષણ રહેલું છે તે કુપોષણની મુકિત, ચિરંજીવી યોજના, કન્યા કેળવણી અને મહિલા સશકિતકરણ જેવા પ્રશ્નો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ગુજરાતની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા દસ વર્ષ પૂર્વે ૨૦૦૨માં બાળ વિકાસનો સ્વતંત્ર વિભાગ શરૂ કરવામાં આવ્યો અને તેના ખૂબ જ સારા પરિણામો આજે આપણે જોઇ રહયા છીએ. આજે સમાજ જીવનમાં અનેક ક્ષેત્રોમાં મહિલાઓનું યોગદાન રહેલું છે ત્યારે સશકત નારી રાજયની શકિતનું પ્રતિક બની શકે તેમ છે અને સંસ્કૃત સમાજની ઓળખ પણ બની શકે તેમ છે. આમ ગુજરાતની નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં અને જેમના હૈયે ગુજરાતની બહેનોનું હિત હંમેશા જોયું છે એવા આપણા માનનીય મંત્રીશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા અનેક કલ્યાણકારી યોજનાઓ અને લાભ આપવામાં આવી

રહયા છે જેના માટે હું આનંદીબેન પટેલને ગુજરાત રાજયની અનેક બહેનો વતી લાખ લાખ અભિનંદન પાઠવું છું. બહેનો માટેની યોજના હોય, કોઇ વિધવા બહેનને જે વિધવા સહાયની રકમ આપવામાં આવે છે એ વિધવા સહાયની રકમ ૫૦૦ રૂપિયા હતી તે વધારીને ૭૫૦ રૂપિયા કરવામાં આવી છે. જેના માટે ચાલુ વર્ષમાં ૬૧.૪૬કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મહિલાઓની સુરક્ષા માટે થઇને ૨૫ મહિલા પોલીસ સ્ટેશન અને ૮ મહિલા સેલ કાર્યરત છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વાત કહેતા મને ખૂબ જ ગર્વ થાય છે કે ગુજરાત રાજયમાં જો મહિલાઓના નામે મિલકતની ખરીદી કરવામાં આવે તો ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ જાહેરાત કરી કે જે લોકો બહેનોના નામે મિલકતની ખરીદી કરશે તો એ લોકોને રજીસ્ટ્રેશન ફી માફ કરવામાં આવશે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહયું કે મારા ગુજરાત રાજયની તિજોરીમાં ખોટ પડે તો ભલે પડે પરંતુ મારા રાજયની બહેનો પોતાના નામની મિલકત ધરાવે એ રાજય સરકાર માટે ખૂબ જ મહત્વની વાત છે અને આજે ગુજરાત રાજયમાં અનેક બહેનો પોતાના નામની મિલકત ધરાવે છે તેવી જ રીતે મહિલાઓ રાજકીયક્ષેત્રે સમાન અધિકારો પ્રાપ્ત કરે તે માટે સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં જે ૩૩ ટકા મહિલા અનામત હતું તેમાંથી ૫૦ ટકા મહિલા અનામત કરવા માટે થઇને આ સન્માનનીય સભાગૃહમાં વિધેયક પસાર કરવામાં આવ્યું છે. રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ જ ઉમદા અને સરાહનીય અભિગમ કે આંગણવાડીમાં અભ્યાસ કરતા બાળકોને લોકભાગીદારીથી રમકડાં વિતરણનો કાર્યક્રમ કરવામાં આવે છે. બાળક છે એ ઇશ્વરનું સ્વરૂપ છે પછી એ બાળક કોઇ પૈસાદારનું હોય કે ગરીબનું હોય માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન દ્વારા વિભાગ તરફથી આ આંગણવાડીના બાળકોને પોષણયુકત આહાર આપવામાં આવે છે તેમજ સાથેસાથે લોકભાગીદારીથી અને દાતાઓ દ્વારા બાળકોને રમકડાં, દૂધ, સુખડી અને તિથિ ભોજન પણ કરાવવામાં આવે છે. જયારે બાળકોને તિથિ ભોજન દાતાઓ દ્વારા કરાવવામાં આવતું હોય છે ત્યારે એક જનપ્રતિનિધિ તરીકે અમે પણ ત્યાં હાજર રહેતા હોઇએ છીએ અને નાના નાના ભુલકાઓ એ કહેતા હોય છે એમને પણ ખબર છે કે અમારા ગુજરાત રાજયના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી છે. કુપોષણ સામે અભિયાન મુખ્યત્વે આંગણવાડીના માળખા દ્વારા ચલાવવામાં આવી રહેલ છે. સમાજના છેવાડાના કુટુંબોના બાળકોમાં સંસ્કારનું સિંચન થાય, આરોગ્યની કાળજી લેવાય તેવા શુભ હેતુથી આંગણવાડીને સક્ષમ બનાવવી જરૂરી છે, જેના ભાગરૂપે એના આયોજન માટે ૧૨,૦૪૫ નંદઘરો માટે બજેટમાં ૪૧૧.૯૧ કરોડની માતબર રકમની જોગવાઇ કરવામાં આવી છે, જેના માટે હું આદરણીય નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા અને મંત્રીશ્રી આનંદીબેનનો ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આમ ભારતનું ગ્રોથ એન્જિન બની ચૂકેલ ગુજરાત રાજ્યે દરેક ક્ષેત્રમાં નવી પહેલ કરી અન્ય રાજ્ય માટે માર્ગદર્શન બની રહેલ છે. ગુજરાત રાજયમાં મહિલાઓને સશક્તિકરણ, બાળકોનો વિકાસ તેમજ તેમના સ્વાસ્થ્ય, તંદુરસ્તી અને પોષણક્ષેત્રે પણ ગુજરાતે એક નવતર શરૂઆત કરી છે. હું આ માગણીને મારું સમર્થન આપું છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય માર્ગ અને મકાન મંત્રીશ્રી આનંદીબેન પટેલ માગણી નં. ૮૫, માગણી નં. ૮૬, ૮૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માર્ગ અને મકાનની ૨૦૧૨-૧૩ ના બજેટમાં ૪૨૬૦ કરોડની જોગવાઇ કરી છે અને આદિવાસી વિસ્તારમાં ૨૫૦ થી ઓછી વસ્તી તેમજ અન્ય વિસ્તારમાં ૫૦૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોને પાકા ડામર માર્ગથી સાંકળી લેવા માટેની જોગવાઇ ૧૫૦ કરોડની કરી છે. મારે ગૃહમાં જણાવવું છે કે ડાંગ જિલ્લામાં મળેલ સફળતાને ઘ્યાનમાં લેતા આદિવાસી વિસ્તારના અતિ પછાત વિસ્તારના ગામોને પાકા માર્ગથી જોડવાનું આયોજન છે. જે અંતર્ગત દાહોદ અને વિજયનગરના જંગલ વિસ્તારના ગામોને માર્ગથી જોડવા માટે જોગવાઇ ૫૦ કરોડ કરવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારના વિકાસ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ ખૂબ જ પ્રયત્નો કર્યા છે અને સમગ્ર ગુજરાતમાં આદિજાતિ વિસ્તારની અંદર જે રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે અને એમાં ચાર માર્ગીય રસ્તાઓ ૧૦ મીટર પહોળા કરેલ રસ્તાઓની વાત કરું છું. ત્યારે મારા મિત્રો થોડી વાત કરતા હતા. આ વિસ્તારનો વિકાસ થયો નથી. હાલોલ-ગોધરા-શામળાજી રોડ ચાર માર્ગીય ૧૦ મીટર પહોળો કરેલ એના રસ્તાની લંબાઇ ૧૭૩ કિ.મી. અને કિંમત છે ૧૪૨૨ કરોડ રૂપિયા. બીજો વાપી-

રાજપીપળા એની લંબાઇ ૧૦૧ કિ.મી. છે અને એની કિંમત ૯૧ કરોડ છે. ચીખલી–વાંસદા રોડ એની લંબાઇ ૩૭ કિ.મી. અને એની કિંમત ૫૫ કરોડ રૂપિયા છે. બીજો રોડ એ વઘઇ–આહવા રોડ એની લંબાઇ ૩૧ કિ.મી. છે અને તેની કિંમત ૪૦ કરોડ રૂપિયા છે. ઇડર–ભીલોડા–શામળાજી રોડ તેની લંબાઇ ૪૩ કિ.મી. અને તેની કિંમત ૨૫ કરોડ રૂપિયા. પોઇચા–રાજપીપળા રોડ તેની લંબાઇ ૧૫ કિ.મી. અને તેની કિંમત ૧૩.૫૦ કરોડ છે. ૭ મીટર પહોળા કરવાનું કામ આદિજાતિ વિસ્તારોમાં થયું છે. કોંગ્રેસના મિત્રો એવું કહેતા હતા કે વિકાસ કર્યો નથી. આ રોડની લંબાઇ અને તેના આંકડા આટલું ખાલી જુએ તો ગામડામાં તમારી ગાડી કેવી નીકળે છે અને કેટલા સમયમાં પહોંચે તો ખબર પડે કે આ ઘણું છે. જેવી રીતે ઉચ્છલ–નિઝરનો રસ્તો ૬૯ કિ.મી. અને તેની કિંમત ૩૧ કરોડની છે. તરછાડા–બારડોલી–નવસારી રોડ ૫૧ કિલોમીટરની લંબાઇ છે અને ૨૩ કરોડ રૂપિયા ખર્ચ છે. મોડાસર–કલાલાવી રોડ વડોદરા જિલ્લાની વાત કરું છું. હમણાં સિદ્ધાર્થભાઇ બોલતા હતા કે કશું થયું નથી. તો થોડુંક જણાવી દઉં. મોડાસર કલાલાવી રોડ ૪૨ કિલોમીટર અને ૨૨ કરોડ રૂપિયા ખર્ચ છે. તેવી જ રીતે વડોદરા માંકડી મોડાસર રોડ મારા જ વિસ્તારમાં આવ્યો છે અને સિદ્ધાર્થભાઇ ત્યાંથી પસાર પણ થાય છે. તે ૧૭ કિલોમીટરનો રસ્તો છે અને તેની કિંમત ૧૦ કરોડ રૂપિયા છે. મારે બીજી પણ વાત કરવી છે. સિવાય રસ્તા જ નહીં પણ ગ્રામ્ય વિસ્તારમાં જે તાલુકા મથકના વિસ્તારો આવેલા છે તેમાં સરકારે વિકાસપથ દાખલ કરેલ છે. તેમાં પણ લગભગ ચીખલીમાં ૬.૭૦ કરોડનો વિકાસપથ, સંખેડામાં ૨.૨૫ કરોડનો વિકાસપથ, છોટાઉદેપુરમાં ૬.૫૦ કરોડનો વિકાસપથ, માંગરોળમાં ૧ કરોડ ૬૦ લાખ. એવી રીતે સાહેબ ૨૮ તાલુકાના મથકો છે તેમાં વિકાસપથ આ સરકારે બનાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવાની છે કે પહેલાંના ગામડામાં રસ્તા હોય એક ગામમાંથી બીજા ગામમાં જાન લઇને જવું હોય અને વચ્ચે નદી આવતી હોય તો જાનના લોકોને ધીરે ધીરે નદીમાંથી પસાર થવું પડે. પછીથી જયારે આદિવાસી વિસ્તારમાં ભૂતકાળની સરકારોએ ૫૦ વર્ષ રાજ કર્યુ પણ પુલો નથી બનાવ્યા તે પુલો આ સરકારે બનાવ્યા છે અને લોકો તેની પર આજે ચાલતા થયા છે. નર્મદા જિલ્લામાં ડેડીયાપાડામાં કરજણ નદી પરનો પુલ, પછી વડોદરા જિલ્લામાં બાદરપુર સંખેડા ભાગપુર ઉચ્છ નદી પરનો પુલ ચાલુ થયેલ છે અને અમારા આનંદીબેન પટેલે તેનું ઉદઘાટન કર્યુ છે. ચોમાસામાં આ પુલ તૂટી ગયો હતો. ભૂતકાળમાં અમારા ધારાસભ્ય પણ કોંગ્રેસના હતા. સિદ્ધાર્થભાઇને પણ ખબર છે કે ઓરસંગ નદી ઉપર ડભોઇ અને સંખેડા તાલુકાને જોડતો પુલ આ વર્ષે ૨૨ કરોડના ખર્ચે આ સરકારે આનંદીબેન પટેલે મંજૂર કર્યો છે. ડભોઇના લોકો અહીં રજુઆત કરવા માટે આવ્યા હતા. મારી સાથે આવ્યા હતા. ત્યારે બેને તેમને પૂછયું કે તમારા ધારાસભ્ય કોણ છે? ત્યારે કહયું કે એક બાજુ અભેસિંહભાઇ તડવી અને સામે સિદ્ધાર્થભાઇ લાગે છે. આ ટૂંકુ અંતર થાય છે. સંખેડા આમ ફરીને જવું હોય તો ૪૦ કિલોમીટરનું અંતર હતું. તેને ૨૨ કરોડની રકમ અને ૮૦ ગામડાને જવા માટે ફકત ૨૫ કિલોમીટર અંતર થશે. આ વિસ્તારના મેવાસના લોકો જે છે, આ સમાજના લોકો બેનની પાસે આભાર માનવા આવ્યા હતા કે વર્ષો સુધી આ પુલ કોઇએ મંજૂર કર્યો નથી. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને તમે જે મંજૂર કર્યો છે તેનો અમે આભાર માનવા આવ્યા છીએ.

**સભાપતિશ્રીઃ** અભેસિંહભાઇ પૂરું કરો પ્લીઝ. માનનીય બાબુભાઇ.

**શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) :** માનનીય અધ્યક્ષશ્રી માનનીય મહેસૂલ મંત્રીશ્રી માગણી ક્રમાંકઃ ૭૬, ૭૮ અને ૭૯, માર્ગ અને મકાન માટે માગણી ક્રમાંકઃ ૮૫ અને ૮૭, મહિલા અને બાળકલ્યાણ વિભાગ માટેની માગણી ક્રમાંકઃ૧૦૫ લઇને આવ્યા છે તેના પર મારી વાત કહેવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ ખાતુ પ્રજાના સુખે સુખી અને પ્રજાના દુઃખે દુઃખી એ વાત સર્વવિદીત છે. મહેસૂલ ખાતા માટે શરૂઆતના વકતા અમારા અર્જુનભાઇએ ખૂબ વિસ્તૃત રીતે વાતો કરી છે. જમીન માટેની વાત કરી અને કચ્છની વાત કરીએ એટલે તરતજ અમારા દરબાર નથી નહીં તો એમ કહેત માનનીય પ્રદીપસિંહજી કે આ વાત કોર્ટમાં છે. કોર્ટની અંદરની વાત અમે નહીં કરીએ. ગૌચરની જમીન એ કચ્છના દરિયા કિનારે અપાઇ, હજારો એકર અપાઇ તેનો વાંધો નહીં. પણ કોસ્ટગાર્ડ, ભારતીય તટરક્ષક દળ તેને પીપાવાવની અંદર ચાર એકર જમીન આપી હોય તે આપણે રોકી લઇએ. એટલા માટે આ સન્માનનીય

સભાગૃહની અંદર કોસ્ટગાર્ડ માટે સંખ્યાબંધ પ્રશ્નોમાં મેં મહેસૂલ પાસેથી માહિતી માગી છે. મહેસૂલ વિભાગે મુન્દ્રાની અંદર આ જમીન માગી છે તેમ કહ્યું અને કહ્યું કે આઇડિન્ટીફીકેશન થઇ રહ્યું છે. મુંદ્રાના દરિયા કિનારે લાંચને લાંગરવા માટે, રિપેર કરવા માટે થઇને કોસ્ટગાર્ડ જેનું વડુમથક હવે ગુજરાતમાં આવ્યું છે. ભારતનો દરિયા કિનારાની જે સલામતી જાળવતા હોય એમને માટેની જગ્યા પણ આપવા માટે આપણી પાસે મહેસૂલી તંત્ર પાસે નથી એ આનાથી ફલિત થાય છે. એમણે પીપાવાવની અંદર ૨૬ એકર જમીન માગેલી, એમણે ચાર એકર ગૌચરની જમીન બાદ કરી બાકીની ૨૨ એકર જમીન જે છે ને એનો હજી ભાવ નકકી કરવાનું એ બે ત્રણ વર્ષથી ચાલી રહયું છે. આ જયારે સંરક્ષણની બાબતો આવતી હોય ત્યારે એમને જમીનો આપવા માટેની આપણી જે તત્પરતા હોવી જોઇએ એનો સદંતર અભાવ છે.એના કારણે કચ્છની અંદર એક કોસ્ટ ગાર્ડ એકેડેમી તાલીમ આપવા માટેની ઇન્સ્ટીટયૂટ કરવા માટેની એમણે કલેકટરશ્રીને લખેલું, એના ચીફ સેક્રેટરીને પણ લખેલું, અને નહીં થયું એને કારણે કેરાલાની અંદર કેરાલા સરકારે માત્ર એક રૂપિયા મીટરની અંદર એ બે દિવસમાં જ ફાઇલ કરીને આપી દીધી અને એનું કામ સો-બસો કરોડના ખર્ચે કેન્દ્ર સરકાર આ ઇન્સ્ટીટયૂટને કે જે ગુજરાત માટેની નકકી થઇ હતી, એ ગુજરાતમાંથી જતી રહી અને એટલા માટે કે આ વિભાગો જે છે ને એ કયારેય પણ ક્યાંય પ્રેસમાં જતા નથી, અમે ક્યારેક જઇએ એમની સાથે, વિવેક માટે અને ત્યારે એમની પાસેથી જે વાતો જાણવા મળે, એને કારણે આપણને એમ થાય કે, આપણે એમના માટેની વાત આ સન્માનનીય ગૃહમાં માનનીય મંત્રી પાસે કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની અંદર એમણે ૬૫ એકર જમીન માગી છે, આજે એમને સરકારે ભાડાની જમીન આપી છે અને વ્યવસ્થા કરી છે, પરંતુ ખૂબ એમનું મોટું બજેટ હોય છે, કેન્દ્ર સરકારનું સંરક્ષણ માટેનું બજેટ આ વખતે એક લાખ અને પંચાણુ હજાર કરોડનું બજેટ છે બધાય વિભાગોમાં વહેંચાઇ જાય, દેશની સંરક્ષણ વ્યવસ્થા માટે, અને ખર્ચ કરવાનું હોય અને ગુજરાતની અંદર આ ખર્ચ છે, આ ગુજરાતની અંદર એકેડેમી થાય, ગુજરાતની અંદર આ તટરક્ષક દળની ઓફિસ થાય, વહીવટ થાય, તો એના માટેની ગુજરાતના યુવાનોને પણ એની અંદર કામગીરી મળી શકે. એમાં તાલીમાર્થીઓ થઇ શકે એના માટેની કોઇ ચિંતા શા માટે થતી નથી, મારી વિનંતી છે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને કે, આ વિભાગના અધિકારીઓ પાસેથી માહિતી લે અને જરૂર જણાય તો તટરક્ષક દળની અહીંની ગાંધીનગરની ઓફિસ છે એમની પાસેની કેટલીક માગણીઓ પેન્ડિંગ છે એનો અભ્યાસ કરે અને જરૂર જણાય તો જોઇન્ટ મિટીંગ કરે, આમાં સાહેબ, કિંમત અત્યારે નકકી થાય, એના પૈસા ભરી દેવાય, પછી એમને કાગળ જાય કે અત્યારે એના માર્કેટ ભાવ વધી ગયા છે તમારા તફાવતના પૈસા ભરો, એવો એક કિસ્સો વેરાવળની અંદર એમ કહયું કે, ૪૯૮૦ મીટર જમીન આપેલી છે, પણ બાકીની જમીન જે છે, ૨૦ એકર જમીનના ૯૩ લાખ રૂપિયા એમણે ૨૦૧૧ના ઓગષ્ટ માસમાં ભરી દીધા પણ જમીન એમને મળતી નથી કારણ કે એમાં તફાવતની રકમ ભરવાની વાત આવે છે, એટલે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, કમસેકમ આ દેશની સંરક્ષણની વ્યવસ્થા જે જાળવતા હોય અને એને કારણે સાહેબ, એમણે શું કર્યું કે મુંદ્રાની અંદર જમીન આપતા નથી, એટલે વર્ષે ત્રીસ લાખ રૂપિયાનું ભાડું એ આપણા જબરજસ્ત શેઠને ચૂકવવું પડે કારણ કે ત્યાં બધી જમીનો શેઠની જમીનો છે, હું એનું નામ લઇશ તો વળી પાછા એમ કહેશે કે, આ બાબત, એમ.પી.શાહના દાયરામાં છે, માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે જમીનો આપીએ એના ઉપરનો જે ભાવ વધે એના તફાવતના ૫૦ ટકા રાજયમાં જમા કરવાના હોય છે અને એટલા માટે થઇને આ ત્યાં થતું નથી અને ખાનગી વપરાશકારોને વધુને વધુ ભાડાં મળતાં જાય અને એનો ભોગ જે છે એ કેન્દ્રની સંસ્થાઓ, રાજય સરકારની સંસ્થાઓને પણ આ ભાડા ચૂકવવા પડતા હોય છે ત્યારે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિ વ્યવસ્થા મંડળ માટે જે કહેવાયું, આપત્તિ વ્યવસ્થા મંડળની વ્યવસ્થા પ્રમાણની અંદર સારી છે અને અમે પણ જયારે એનો ઉપયોગ કરીએ છીએ ત્યારે કરીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, આપત્તિ વ્યવસ્થા મંડળ જે થયું અને કચ્છમાં ભૂકંપ આવ્યો એને કારણે કચ્છનો ઉદ્ધાર થઇ ગયો છે એ વાત સ્વીકારવા માટે હું તૈયાર નથી એટલા માટે કે, મારી પાસે એના આંકડા છે, ૮૫૦૦ કરોડ રૂપિયા તમારી પાસે જમા થયેલા છે અને એમાંથી ૫૦૦૦ કરોડ રૂપિયાનો હજી ખર્ચ થયો નથી,

૩૦૦૦ કરોડ કરતાં વધુ રકમ તમારી પાસે પડેલી છે, માનનીય અધ્યક્ષશ્રી, સોનાની થાળીમાં લોઢાના મેખ જેવી જે બાકીની જે કામગીરી છે એ જો પૂરી કરવામાં આવે તો અમે એનો સંતોષ વ્યકત કરીએ, માનનીય મંત્રીશ્રીની હંમેશાં ફરિયાદ હોય છે કે તમને કોઇ દિવસ સંતોષ થતો નથી, ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે આદરપૂર્વક કહેવાનું છે કે અમે ત્યાં જતા હોઇએ તો ખુલ્લા આકાશની નીચે કોઇ રહેતા હોય, અંજારની અંદર હજી પણ એ પ્રશ્નો છે, માનનીય નીમાબેન ભલે, સાચુ અને સારું કહે, એમની કહેલી વાત સ્વીકારી લીધી કે એમના પતિ દેવનો જન્મ બેલામાં થયો હતો પણ એમનો પોતાનો જન્મ કચ્છમાં થયો છે એ વાત નથી કરી, અને આ દેશની અંદર અમે એમને સવાયા કચ્છી કહીએ છીએ, અમે એમને સવાયા કચ્છી કહીએ છીએ. હું એમને સવાયા કચ્છી કહું છું, પણ આ દેશની અંદર અમે એમને સવાયા કચ્છી કહીએ છીએ, હું એમને સવાયા કચ્છી કહું છું. (અંતરાય) હું પણ તેમને સવાયા કચ્છી કહું પણ કચ્છની ધરતીની પવિત્રતા અને પરાક્રમી પુન્યશાળી પ્રજાને માન આપે તો નહીં કે કચ્છની ધરતીને પાણીના મુલે –ગૌચરની જમીનને વેચનારના વખાણ કરનારને સવાયા કચ્છી ન કહી શકાય તેવી સ્પષ્ટતા કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગે જે વિધવા બહેનોના પેન્શનની અંદર મારા વખતે મેં ૧૯૯૭ની અંદર ૨૦૦ ના ૫૦૦ કરેલા ૧૫ વર્ષ પછી એમાં ૨૫૦નો વધારો કર્યો છે એ વાતને આપણે સારી કહીએ પણ ૧૫ વર્ષ પછી રૂપિયાની સાઇઝ શું રહી છે? એ પ્રમાણે તમે વિચારો એટલા માટે દર વર્ષે હું કહેતો હોઉં છું કે આ સરકારની પાસે વિધવા બહેનોને આપવા માટેની રકમની જોગવાઇ નથી પણ આ વખતે થોડીક જોગવાઇ કરેલી છે એની નોંધ લઇએ. ૧૫ વર્ષે ૨૫૦ રૂપિયાનો વધારો અને એ પણ નિયમિત રીતે મળે નહીં એ યોગ્ય નથી. ૧૯૯૭માં અમે ૨૦૦ રૂ. ૫૦૦ રૂ. એટલે કે ૧૫૦ ટકાનો વધારો અને તમે પહેલા વર્ષ પછી ૫૦૦ રૂ.ની રકમમાં માત્ર ૫૦ ટકાનો વધારો વખાણવાલાયક તો નથી જ.

બીજું બાંધકામ ખાતાની અંદર મારા વિસ્તારના બે રસ્તા પર્યાવરણને કારણે અટકી પડેલા છે. એક તો ટીકરથી પલાસવા રોડ એને માટે વન મંત્રીશ્રીએ કહ્યું કે અમે કોઇ અટકાવ્યો જ નથી. અને બીજો ધોળાવીરાના પ્રવાસન કેન્દ્ર માટે જવાનો રસ્તો છે આ બે રસ્તા માટે પરામર્શ કરીને જરૂર જણાય તો કેન્દ્ર સરકારમાં પરામર્શ કરવા માટે સાથે પણ જવા અમે તૈયાર છીએ પરંતુ આ બે રસ્તા કચ્છના પ્રવાસન માટે ખૂબ જરૂરી છે એ વાત મારે કહેવી છે. આ જે રસ્તાની વાત કરતા હોય અમદાવાદથી માળિયાની તો એનો સૌથી પહેલો પ્રશ્ન આ સન્માનનીય ગૃહની અંદર મેં રજૂ કર્યો હતો અને એટલા માટે આ રસ્તાઓ આગળની સરકારમાં મંજૂર થયેલા છે.

**શ્રીમતી વંદનાબેન મ. મકવાણા(કેશોદ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિલા અને બાળ કલ્યાણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમને હું મારું સંપૂર્ણ સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રી વિશે કહેવામાં આવે છે કે, સ્ત્રી ધારે તો કાંટાળી વાડીને પણ ફૂલવાડીમાં ફેરવી દે છે. સ્ત્રી ધારે તો ગરીબમાં ગરીબ ઘરમાં પણ સંસારને સ્વર્ગ બનાવી દે છે. અરે, સ્ત્રી ધારે તો ભલભલા શૂરવીરના શિશ પણ ઝૂકાવી દે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું તો એથી પણ આગળ કહેવા માગુ છું કે, " હમ જો ઉબલતે હે તો ભૂજાએ ઉબલ જાતિ હૈ, હમ જો મચલતે હૈ તો તૂફાન આ જાતે હૈ. હમે રોકને કી કોશિશ ન કરે હમ જો ચલતે હૈ તો ઈતિહાસ બદલ જાતે હૈ." માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રીને પતિના મોત પાછળ પરાણે સતી થવાના કુરિવાજમાંથી છોડાવવાની વાત આવે તો આજે ઈતિહાસ રાજારામ મોહનરાયને યાદ કરે છે. સ્ત્રીના બંધારણીય અધિકારીની વાત આવે તો આજે ઈતિહાસ સ્ત્રીઓના મુકિતદાતા એવા ડો.બાબાસાહેબ આંબેડકરને યાદ કરવામાં આવે છે પરંતુ નિરાધાર, નિઃસહાય, લાચાર અને દુઃખિયારી મહિલાઓ પગભર થઇ સમાજમાં સન્માનભર્યું જીવન જીવી શકે એ માટે કરવામાં આવેલ અભૂતપૂર્વ યોજનાકીય કામગીરી બદલ દેશ અને દુનિયામાં ગુજરાતના સદભાવનાના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીને યાદ કરશે. સ્વામી વિવેકાનંદ એ કહ્યું હતું કે "એજ સાચો સેવક છે જે અબળાના આસું લૂછી શકે છે" હું તો આજે કહેતાં હર્ષ અને ગર્વની લાગણી અનુભવું છું કે ગુજરાતના વિકાસપુરૂષ અને ક્રાન્તિકારી મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વડપણ હેઠળની અમારી ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે અબળાઓના ઉત્થાન, વિકાસ અને પ્રગતિ માટે અનેકવિધ કલ્યાણકારી યોજનાઓ બનાવી

તેનો સફળ અને સુંદર અમલ કરી બતાવ્યો છે. તે બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણાં મંત્રીશ્રી તથા માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું અને તેમને લાખ લાખ અભિનંદન પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સમાજ એ પુરૂષ પ્રધાન સમાજ છે અને પુરૂષ પ્રધાન સમાજમાં મહિલાઓ હંમેશા તેમના પતિ પર નિર્ભર હોય છે. આવી મહિલાઓને વિધવા, ત્યક્તા કે છૂટાછેડાના કિસ્સામાં અસામાજિક તત્વો દ્વારા ખૂબ જ શોષણ થતું હોય છે. વળી આવી પરિસ્થિતિમાં મહિલા તથા તેમના બાળકો તદન નિરાધાર થઇ જતા હોય છે. આવી મહિલાઓને પુનઃવસવાટ અને પુનઃસ્થાપન માટે રાજય સરકાર દ્વારા નિરાધાર વિધવા સહાય યોજના હેઠળ બે બાળકોની મર્યાદામાં અપાતી રૂપિયા ૮૦ની સહાય વધારીને બાળક દીઠ રૂપિયા ૧૦૦ તથા વિધવા બહેનોને મળતી રૂપિયા ૫૦૦ની સહાયમાં વધારો કરીને રૂપિયા ૭૫૦ કરવામાં આવી છે. અને આ માટે બજેટમાં કુલ રૂપિયા ૬૧.૪૬ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજય સરકારે વર્ષ ૨૦૦૮થી વિધવા મહિલાઓને જૂથ વીમા કવચ પૂરું પાડવાનું શરૂ કર્યું છે. વિધવા મહિલાના અકસ્માત બાદ તેમના સંતાનોને રૂપિયા એક લાખ સુધીનું વળતર આપવામાં આવે છે. આ ઉપરાંત વિધવા બહેનોને આર્થિક સ્વાવલંબન અને વ્યવસાયલક્ષી તાલીમ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૫૬૩૫૩થી પણ વધારે મહિલાઓને રૂપિયા ૪૦૦૦ લાખના ખર્ચે રાજય સરકાર દ્વારા તાલીમ પૂરી પાડવામાં આવેલ છે. ગુજરાતમાં નારી દ્વારા, નારી માટે, નારીવાદી અભિગમ સાથે નારીઓને ન્યાય આપવા નારી અદાલતોની શરૂઆત કરાઇ છે, આવી અદાલતોમાં સમાજની આગેવાન બહેનો પોતાની કોઠાસૂઝથી ઓછી ભણેલી કે અભણ, દુઃખિયારી બહેનોને વિનામૂલ્યે ન્યાય આપવાનું પ્રસંશનીય કાર્ય કરે છે. ગુજરાતમાં છેલ્લાં ૫૦ વર્ષમાં ૩૫ નારી અદાલતો કાર્યરત છે, જ્યારે આ વર્ષે અમારી સરકારી મહિલા સશક્તિકરણની દિશામાં હરણફાળ ભરી નવી ૪૨ નારી અદાલતો ઊભી કરવા માટે બજેટમાં રૂપિયા ૩.૫૮ કરોડની જોગવાઇ કરી છે. ગુજરાતમાં મહિલાઓને સામાજિક, પારિવારીક, કૌટુમ્બિક અને કાનૂની સમસ્યાઓ અંગે જરૂરી માર્ગદર્શન અને રોજગારી માટે તાલીમ મળી રહે તે માટે જિલ્લા કક્ષાએ શહેરી વિસ્તાર અને તાલુકા કક્ષાએ એવા કુલ ૨૬૦ વિવિધલક્ષી મહિલા કેન્દ્રો કાર્યરત છે આગામી વર્ષમાં કુલ ૨૯૦ કેન્દ્રો શરૂ કરવાનું આયોજન છે.

**શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી શ્રીમતી આનંદીબેન માગણી ક્રમાંક ૭૬, ૭૮ અને ૭૯ જે લઇને આવ્યા છે તેમાં હું સમર્થન સાથે સુર પુરાવું છું. ગુજરાતનો વિકાસ આજે દેશની અંદર એક દિશાસૂચક અને સીમાસ્તંભ બની ગયો છે, જેનો યશ જો કોઇને જતો હોય તો ગુજરાત રાજયના માન્યવર મુખ્યમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી અને તેમની સમગ્ર ગુજરાતની ટીમને જાય છે અને એટલે જ ગુજરાત એટલે ' મૈં નહિ હમ ' નો સાક્ષાત્કાર છે. રાજયના સર્વાંગી વિકાસમાં મહેસૂલ વિભાગનું પણ જે યોગદાન છે તે પ્રોત્સાહક રહ્યું છે. વિકાસની રફતારને તેજ કરવા માટે મહેસૂલ વિભાગની કામગીરી તેમજ જમીન સંપાદનને લગતા અને નીતિ વિષયક નિર્ણયોની સાથે સાથે અસરકારક અને અમલીકરણ ઝડપી બને તે માટે ધ્યાન રખાયું છે. લોકોના વિશ્વાસભર્યા સાથ અને લોકભાગીદારીથી, લોકભાગીદારીના પરિણામરૂપે આજે સદભાવનાની સાથે ' સૌનો સાથ સૌનો વિકાસ ' રાજયના ઔદ્યોગિક અને કૃષિવિકાસનો આધાર રાજયમાં જમીનની ઉપલબ્ધિ અને જમીનની ગુણવત્તા પર રહેલો છે તેમ આંતરમાળખાકીય સુવિધા ઊભી કરવી હોય, જો શૈક્ષણિક સંકુલ બનાવવા હોય, રમતગમતના મેદાન બનાવવા, હોસ્પિટલ બનાવવી હોય, ઉદ્યોગો બનાવવા હોય, ઉદ્યોગ લાવવા હોય કે ઉદ્યોગ શરૂ કરવા હોય આ બધા માટે જમીનની જરૂરિયાત એ આવશ્યક બને છે અને આથી જ રાજયની જમીનનો વહીવટ એ સુચારુ રીતે થાય એ અતિ આવશ્યક બની ગયું છે. મહેસૂલ વિભાગે આ દિશાની અંદર પગરણ માંડ્યા છે ત્યારે કેટલાક લોકોને, કેટલાક વખતથી, કેટલાક વર્ષોથી જે સામી પાટલીએ બેઠેલા છે એમને ગમતું નથી, એમની *(xxxxx)આજે માત્ર ગૃહ નહિ ગુજરાતની સારીયે પ્રજા જાણી ગઇ છે. સેવા અને મહેસૂલ વિભાગના વહીવટની કાયાપલટ તે છેલ્લાં દસ વર્ષની અંદર તે ગુજરાતની અંદર મહેસૂલ વિભાગે જમીનના વહીવટની

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

અંદર કાયાપલટ કરી છે. સેવા, સંવેદના અને વિકાસના વચનબધ્ધની સાથે જમીન પાળે છે, પોષે છે, તેને સાચવનારાઓને જમીન સાચવે છે. ધરતીના ટુકડા સાથે જીવન જોડાયેલું છે તે આ ધરતી મા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી જ સંવેદનશીલતા મહેસૂલ વિભાગે પણ અનુભવી છે અને વહીવટમાં અપનાવી છે. જમીનના વહીવટમાં પ્રમાણિકતા અને પારદર્શકતા અને સંવેદનશીલતા અપનાવવામાં આવી છે. પોતાની ધરતી પ્રત્યે, પોતાની જમીન પ્રત્યે જન જન સુધી વફાદારીનો વ્હાલ અનુભવી શકે એવું વાતાવરણ આજે ગુજરાત રાજયની અંદર સર્જાયુ છે. હું આજે અમદાવાદ શહેરના ધારાસભ્ય તરીકે આવું છું ત્યારે જે અત્યારના ભૂતકાળના કોઇ શાસનકર્તા ના સૂઝયું, વહીવટી સરળીકરણ માટે થઇને સીટી,તાલુકાના, અમદાવાદ શહેરના લોકોને, પૂર્વ અને પશ્ચિમના લોકોને બે તાલુકાનો ભાગ કરી પૂર્વનો ભાગ અને પશ્ચિમનો ભાગ આ જે કામગીરી કરી છે તે સરાહનીય કામગીરી કરી છે તે બદલ આપણાં મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે આ વર્ષો જૂની માગ હતી તે કોઇને ના સૂઝી તે તમને સૂઝી તે અમદાવાદ વતી હું આ મહેસૂલ મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ મહેસૂલ જમીનના કાયદાની વાત કરીએ તો એ કાયદા આજના કાયદા નથી. રાજા રજવાડાના સમયના હતા. ત્યાર બાદ અંગ્રેજો આવ્યાં તે સમયના કાયદા હતા. અંગ્રેજો પછી સેમી અંગ્રેજો આવ્યાં છેલ્લાં ૨૫-૩૦ વર્ષ સુધી સેમી અંગ્રેજોના કાયદા પણ આજ દિન સુધી ચાલુ રહ્યા. અને તે કાયદાનું સરળીકરણ ગુજરાત બન્યું હોય પણ ગુજરાતની અંદર મુંબઇનો કાયદો. જમીન મહેસૂલનો કાયદો તે મુંબઇના કાયદા તરીકે ઓળખાતો હોય એવા કાયદાઓને આ રાજય સરકારે, આ મહેસૂલ મંત્રીશ્રીએ જરૂરિયાત પ્રમાણે બદલી અને તેની અંદર સમયાંતરે ફેરફાર કરતા ગયા છે જે આજદિન સુધી કોઈ સરકાર ના કરી શકી. માનનીય અધ્યક્ષશ્રી, મારે કાર્યક્રમમાં જવાનું થયુ હતું તેમ, આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો એમ. એ.ટી.વી.ટી.ના કાર્યક્રમમાં જવાનું થયું તેમ. એ કાર્યક્રમની અંદર એક સરપંચ હતા. મને કહેવાનું મન એટલા માટે થાય કે સરપંચની જે વેદના હતી, સરપંચનો જે ભાવ હતો, સરપંચની જે રજૂઆત હતી, તેણે તેના પ્રવચનની અંદર એવું કહ્યું કે હું કોઇ પાર્ટીનો સરપંચ નથી, હું કોઇ પાર્ટીથી જીતીને આવેલો સરપંચ નથી આ ગામની અંદર હું ૨૦-૨૨-૨૫ વર્ષથી સરપંચ બનીને આવું છું. પણ મારે આજે કહેવું પડે છે હું કોઈ લઘુમતી સમાજનો છું, હું કોઇ પાર્ટીનો નથી, નથી કોંગ્રેસનો કે નથી ભાજપનો. પણ મારે આજે કહેવું પડે છે તે સરપંચની જે વાત હતી તે વાત આજે હું આ સભાગૃહની અંદર કહેતાં આનંદ એટલા માટે અનુભવું છું કે સરપંચે જે વાત કરી હતી કે ગુજરાતને જે મુખ્યમંત્રી મળ્યાં તે ૨૦૦૦માં મળ્યાં તેના કરતાં ૧૦-૧૫ વર્ષ પહેલાં મળવા જોઇતા હતાં. આ વાત એટલા માટે તે સરપંચ બોલતાં હતા, તેનું પ્રવચન એટલા માટે હતું કે તેની વાતમાં એવું હતું કે જયારે હું પહેલી વખત સરપંચ બન્યો ત્યારે ( સમય-સૂચક ઘંટડી )

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે પ્લીઝ.

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટની વાત છે. એટલે તે સરપંચે જે વાત કરી હતી તે વાત કરીને હું એવું હશે તો મારી વાત પૂરી કરી દઇશ. એ સરપંચે જે વાત કરી કે પહેલાં ગામની અંદર જે વ્યવહાર હતો કે રાજયનું આયોજન બને, તે જિલ્લામાં આવે અને જિલ્લામાંથી તાલુકામાં આવે અને તાલુકામાંથી અમારા ગામમાં આવે. હવે ત્યાંથી તે વખતે શાળા બનાવવાનું બજેટ આવ્યું હોય કે શાળા માટે ઓરડો બનાવવાનું બજેટ આવ્યું હોય પણ મારા ગામમાં શાળા જ ના હોય તો ઓરડો કયાં બને ? ટાંકી બનાવવાનું બજેટ આવ્યું હોય પણ પાણીની લાઇન જ નંખાયેલી ના હોય તો એ ટાંકી બનાવેલી શું કામની ? એ બજેટ અમારું પાછું જતું રહેતું હતું . આજે એ પરિસ્થિતિ બદલાય છે આજે અમે બજેટ તૈયાર કરી તાલુકામાં મોકલીએ છીએ, જિલ્લામાં મોકલીએ છીએ.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે પ્લીઝ.

શ્રી ભુષણ અ. ભટ્ટ : અને સરકારમાં મોકલીએ છીએ. જેના પરિણામે અમારા કામ થાય છે, જેના પરિણામે અમારે કોઇના * (xxxxx)રહેવું નથી પડતું. એ પરિણામ આજે એટીવીટીના કાર્યક્રમ દ્વારા થાય છે. મારે એટલું જ કહેવાનું કે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યાં છે તેને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી ભૂષણભાઇના પ્રવચનમાં સામે પાટલીએ બેઠેલા લોકોને ગમતું નથી અને (xxxxx)જે શબ્દો છે એ હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું. (xxxxx) શબ્દ પણ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

**શ્રી હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહેસૂલ, માર્ગ મકાન તથા મહિલા અને બાળ વિકાસની જે માગણીઓ લઇને આવ્યા છે, એમાં હું માર્ગ અને મકાન વિશે મારા કેટલાક સૂચનો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણા જ આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી તડવી સાહેબ વાત કરતા હતા કે હાલોલથી શામળાજીનો રસ્તો હજારો કરોડના ખર્ચે એલ.એન્ડ ટી. કંપનીએ બનાવ્યો. આ ટોલ ટેકસ રોડ છે, સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર હું સમજુ છું ત્યાં સુધી આ એક જ રસ્તો એવો છે કે જેમાં સર્વિસ રોડ નથી. એટલે જેમણે કોઇએ આ રોડ ઉપર પસાર થવું હોય તેમણે ટોલટેક્સ ભરીને જ જવું પડે. આ એક પ્રકારના અનિચ્છનીય કર જેવી બાબત છે. સરકારશ્રીએ સર્વિસ રોડ આપવો જોઇએ. અને મહત્વની વાત તો એ છે કે જે તાલુકામાં એક ગામથી બીજા ગામ કોઇને જવું હોય તો દિવસમાં કેટલીયે વાર માણસો પોતાના વાહનમાં પસાર થતા હોય, એ જેટલી વાર પસાર થાય એટલી વાર એમણે આ ટોલટેક્સ આપવો પડે છે. આ અંગે સરકારશ્રી વિચારે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારા વિસ્તારની એક વાત છે. મારા વિસ્તારમાં બાવન રસ્તા છે, જે ૮ વર્ષ કરતા વધુ સમયથી રી–કાર્પેટીંગ વગરના છે. જેમાં ૩૫ રસ્તા નોન પ્લાન છે અને ૧૭ જેટલા રસ્તા પ્લાન રસ્તા છે. પ્લાનના રસ્તામાંથી ગયા વખતના બજેટમાં ૨, ૩ રસ્તા થશે, પણ આ બન્ને મળીને ૬૦ કિલોમીટરના નોન પ્લાન છે અને ૧૭ જેટલા રસ્તા બાકીના ૩૦, ૩૫ કિલોમીટર જેટલા છે. આ નોન પ્લાન રસ્તા છે તે કેટલાયે વર્ષોથી બનાવેલા છે. બિલકુલ તૂટી ગયા છે. માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આ જે રસ્તા ૫૦૦ કે ૧૦૦૦ની વસ્તીવાળા કે ૧૦૦૦થી ઉપરની વસ્તીવાળા ગામોને જે તે સમયે પાકા રોડ સાથે જોડવા માટે બનાવેલા રસ્તા છે. એ બિલકુલ ખરાબ હાલતમાં છે. આ રસ્તાની અગત્યતા ધ્યાનમાં રાખીને બનાવેલા છે. તો આ રસ્તાઓનું રી–કાર્પેટીંગ થાય એવી મારી લાગણી છે.

બીજુ કે મારે ત્યાં ગયા વર્ષે, એના આગલા વર્ષે કેટલાક રસ્તા બનાવ્યા. હાડોડથી ચાંપેલી અને એક બીજુ દાણીયા ગામ છે. એ ચાંપેલી અને દાણીયા ગામ માટે જે હાડોડથી રસ્તો બનાવ્યો, ૧ કરોડ કરતા વધુ ખર્ચ કર્યો. પણ જેના માટે રસ્તો બનાવ્યો, એ રસ્તામાં કોતર આવે છે. એ કોતર ઉપર ડીપના અભાવે એ રસ્તાનો કોઇ ઉપયોગ થતો નથી. તો માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે આટલો ખર્ચ કર્યા પછી પણ જો એ ગામને આ રસ્તાનો લાભ ન મળવાનો હોય તો આ કામ સરકારશ્રીએ કરવું જોઇએ.

બીજી એક મારી લાગણી છે કે પાંડરવાડા કાલિયાકૂવાથી પીઠ સિવિલનાડા એ બે જિલ્લાને જોડતો અને બે રાજ્યોને જોડતો સરહદી રસ્તો છે. આ બહુ અગત્યનો રસ્તો છે. એ પણ બિલકુલ તૂટીને ખરાબ હાલતમાં છે. લગભગ મધ્ય ગુજરાત અને પંચમહાલ અને એ બધા વિસ્તારોમાં જે દારૂની હેરાફેરી થાય એ આ રોડ ઉપરથી થતી હોય છે અને એ દૃષ્ટિએ પણ એને અટકાવવા માટે આ રસ્તાની અગત્યતા વધુ છે. એ રસ્તાને થોડો પહોળો કરવામાં આવે અને રી–કાર્પેટીંગ કરવામાં આવે. આ કામ અગત્યનું છે.

બીજી એક અમારી લાગણી છે કે કારંટાથી સાંપડીયાની વચ્ચે ભાદર નદી છે. એની ઉપર ડીપ બનાવવાની માગણી છે. આ ૨ બાજુ બન્ને ગામના પાકા રસ્તા બની ગયા છે. અને માત્ર ડીપના અભાવે ૧૫થી ૨૦ કિલોમીટર ફરીને જવું પડે છે. અને એક ત્રીજી લાગણી છે કે મોતીઘોડાની બાજુમાં પાનમ નદી છે. એની ઉપર લો લેવલ બ્રિજ બનાવવામાં આવે તો ત્યાં અંતર ઓછું થાય તેમ છે.

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

**શ્રી લાલસિંહ ઉ. વડોદીયા(ઉમરેઠ)** : માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન વિભાગ દ્વારા જે માગણી નંબર ૮૬ લઈને આવ્યા છે એમાં મારા મત વિસ્તારના રસ્તાઓ અને પુલની જે મુશ્કેલીઓ છે તેનાથી આ ગૃહને વાકેફ કરવું છે. માટે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરીને હું વિનંતી કરવા માગું છું કે મારા ઉમરેઠ મત વિસ્તારમાં ઉમરેઠથી સુંદરપુરાનો જે રસ્તો છે જેના ઉપર નડિયાદ બ્રાન્ચ અને મુખ્ય નહેર જાય છે. મેં સિંચાઈ ખાતાને અને આર. એન્ડ બી. બન્ને ને છેલ્લા ચાર વર્ષથી લખીએ છીએ. પણ તે રસ્તા ઉપર જે સાંકડા પુલો છે તે હજુ સુધી મોટા કરવામાં નથી આવ્યા. તેવી જ રીતે ખંભોળજથી પ્રતાપપુરા અને ખંભોળજથી ધોળી જવાના રસ્તા ઉપર પણ આ જ પ્રકારના નાના અને સાંકડા પુલ હોવાને કારણે વારંવાર અકસ્માતો થાય છે. તેથી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ પુલો સાંકડા હોવાને કારણે વાહન વ્યવહારને જે તકલીફ પડે છે તેનું નિવારણ કરવામાં આવે તો સારું.

બીજા જે તાલુકાઓને જોડતા રસ્તાઓ છે, એમાં મારા વિસ્તારના ઝાલાબોરડી ગામથી નડિયાદ તાલુકાના મઘરોલી ગામને જોડતો રસ્તો ૩ કિલોમીટરનો રસ્તો છે, એ જ રીતે મારા ગામ ઉમરેઠના કૂવા તલાવડીથી ઠાસરા તાલુકાના વીજોલ ગામને જોડતો રસ્તો ૪ કિલોમીટરનો છે. અને સુંદલપુરા તાબે નવા દુધાપુરાથી જેસાપુરા મીઠાપુરા જવાનો ૪ કિલોમીટરનો રસ્તો છે આમ એક તાલુકાથી બીજા તાલુકાને જોડતા જે રસ્તાઓ છે પણ હજુ માટી વાળા કાચા રસ્તાઓ છે તે પાકા બનાવવામાં આવે તેવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે. બીજું અગત્યનું એ છે કે અમારા ગામોની અંદર ગામડામાં ગામતળની અંદર માત્ર ૩૦ ટકા વસ્તી રહેતી હોય છે, બાકીની ૭૦ ટકા વસ્તી પરા વિસ્તારમાં રહેતી હોય છે. અને એ પરા વિસ્તારમાં ૨૫૦ થી લઈ અને ૫૦૦ની આસપાસની વસ્તીના ગામોના રસ્તા હજુ પણ કાચા છે. પાંચ વર્ષથી હું આ વિનંતી કરતો આવ્યો છું. પણ હજુ આ રસ્તા પાકા થયા નથી. તો મારે દુઃખ સાથે કહેવું પડે છે કે મારે મારી ગાડી બદલવી પડી અને કાર ની જગ્યાએ ટાટા સુમો લેવી પડી જેથી નાળોમાં જઈ શકે, એટલે આ નાળોના કાચા રસ્તાઓ પાકા કરવાની જરૂર છે.

બીજી માગણી નંબર ૧૦૫ અંગે પણ મારે વાત કરવી છે, આમાં આંગણવાડીઓ બનાવવાનો જે પ્રશ્ન છે એની અંદર મારા પોતાના તાલુકામાં ૩૧ આંગણવાડીઓ માટેની માગણીઓ થઈ હતી. એ બધી માગણીઓમાં એવું લખાઈને આવ્યું છે કે ગ્રામ પંચાયતનો ઠરાવ નહીં થવાને કારણે, આવા એક પ્રશ્નમાં પણ મેં અગાઉ જણાવ્યું હતું કે દરેક જગ્યાએ સરકારી જમીન હોતી નથી. એ સરકારી જમીન ન હોય, ત્યાં દાતા જમીન આપે અથવા સરકાર ખરીદીને ત્યાં જમીન લે તો જ આંગણવાડીઓ બની શકે એમ છે. તો આવી જગ્યાએ દાતાને જે બક્ષીસ કરાર કરવાનો છે એમાં જંત્રી પ્રમાણે ખૂબ પૈસા ભરવા પડે છે. તેથી એમાંથી જો સરકાર એમને રાહત આપે તો બક્ષીસ કરાર સરળતાથી થાય અને લોકો જમીન પણ આપે. એટલે આ આંગણવાડીઓ અત્યારે ૨૦૭૦૦ જેટલી બાકી છે તો બાકીની આંગણવાડીઓ માટે આવો નિયમમાં સુધારો કરવામાં આવે તો આંગણવાડીઓ સરળતાથી બને તો આ અંગે વિચારે તેવી મારી વિનંતી છે.

**શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાટનગર યોજના વિભાગની જે માગણી નંબર ૮૭ લઈને આવ્યા છે એને સમર્થન કરીને અને એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

ગાંધીનગરની બાજુમાં મારુ ટીંટોડા ગામ છે એની પ્રાથમિક શાળામાં ભણ્યો ત્યારે અમે સાંભળતા કે ગુજરાતનું પાટનગર ગાંધીનગર આપણા ગામથી નજીક બનવાનું છે. બે વખત ૧૯૬૫ના દિવસે રાજયના પાટનગરથી પ્રથમ ઈંટ જી.ઈ.બી. રેસ્ટ હાઉસની મૂકીને આ ગાંધીનગરની સ્થાપના થઈ તે પછી ૧૫-૨૦ વર્ષ વહી ગયા જયારે ટીંટોડાથી ગાંધીનગર વકીલાત કરવા આવતા. શેરથાથી ગાંધીનગર બસમાં આવીએ ત્યારે વચ્ચે ઊંડું નાળિયું આવે અને જયારે સામે ગાડું મળે તો અમારી એસ.ટી. એક કિલોમીટર પાછી લઈ જવી પડતી હતી, એવા કોંગ્રેસના શાસનમાં રસ્તાઓ હતા. હમણાં માનનીય સિદ્ધાર્થભાઈ કહેતા હતા અમે કોંગ્રેસના શાસનમાં આટલા રસ્તાઓ બનાવ્યા. પરંતુ અમે ટીંટોડાથી ગાંધીનગર આવીએ તો કોઈપણ જાતનો રસ્તો નહોતો. ગાંધીનગરની સ્થાપના

થઇ અને ૨૦ વર્ષ પછી અમે કોર્ટમાં વકીલાત કરીએ અને સામાન્ય વરસાદ પડી જાય તો કોર્ટની આજુબાજુથી એક પણ રસ્તો નહોતો કે ત્યાંથી સ્કૂટર લઇને નીકળી શકીએ, ચારેબાજુ પાણી ભરાઇ જાય, સ્કૂટર બંધ પડી જાય એવા ગાંધીનગરનો વિકાસ હતો અને છેલ્લા દસ વર્ષમાં ગાંધીનગરનો જે વિકાસ થયો છે. રાજયના પાટનગર ગાંધીનગરનો સર્વાંગી વિકાસ થયો છે એ માટે પાટનગર યોજના વિભાગે અને માર્ગ અને મકાન વિભાગે ગાંધીનગરનો માળખાકીય વિકાસ થાય એ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. રસ્તાઓ, પાણી પુરવઠા, સેન્ટ્રલ વિસ્ટા, ડ્રેનેઝ, વરસાદી પાણીનો નિકાલ અને અન્ય લોકપયોગી કામો, અધિકારીઓ, કર્મચારીઓ માટેના રહેણાંક અને બિન રહેણાંકના મકાનો, હયાત મકાનોની સુધારણાનું કામ આ સરકારે હાથ ઉપર લીધું છે. એની સાથે સાથે રાજયના પાટનગરની યોજનાઓ જેવી કે બે માર્ગીય રસ્તાઓને ચાર માર્ગીય રસ્તાઓ કરવા, ચાર માર્ગીય રસ્તાઓને છ માર્ગીય રસ્તાઓ તરફ ગાંધીનગર જઇ રહ્યું છે. આ રીતે ૫૧ કિલોમીટરના મુખ્ય રસ્તાઓ ઉપર ફૂટપાથ હમણાં પૂરી થઇ છે અને સેકટરોની ફૂટપાથનું કામ ચાલી રહ્યું છે. એ સિવાય પણ ગાંધીનગર પાણી પુરવઠા યોજના જે ૬૮.૬૨ કરોડના ખર્ચે અપગ્રેડ કરવાનું ચાલી રહ્યું છે. જેમાં નવી પાણીની પાઇપ લાઇન, પાણીનો સંપ અને સેકટર –૫ માં ઉંચી પાણીની ટાંકી બનાવવાનું કામ ચાલુ છે. ગાંધીનગરમાં આ પાણીની ટાંકી થવાથી ગાંધીનગરને પૂરતા પ્રમાણમાં અને પૂરતા ફોર્સથી પાણી ગાંધીનગરને મળી રહેશે. એની સાથે સાથે ભૂગર્ભ ગટરનું કામ પણ ૨૩.૩૦ કરોડના ખર્ચે પ્રગતિમાં છે. આ ઉપરાંત સેકટર–૧ માં નવું તળાવ બનાવવાનું, બગીચો બનાવવાનું અને જુદાજુદા સેકટરોમાં રંગમંચ અને લગ્નવાડીઓનું રીનોવેશનનું કામ ચાલી રહ્યું છે . ગાંધીનગરનો જે રીતે વિકાસ થવાથી લગ્ન વાડીઓ, રંગમંચમાં નાગરિકોને સામાજિક કામો માટે પૂરતી સુવિધા મળી રહેશે.

આ ગાંધીનગરની સ્થાપના થઇ એને ૪૨ વર્ષ થયા પણ ગાંધીનગરમાં સમાવિષ્ટ પાંચ ગામોમાં ગટર લાઇન નહોતી. પાટનગર યોજના વિભાગ જેના હસ્તક છે એવા બહેનશ્રી આનંદીબહેને હમણાં પાંચ ગામોમાં ગટર લાઇન માટે ૫.૯૦ કરોડ રૂપિયા ખર્ચા છે અને હાલમાં આ કામ ચાલી રહ્યું છે. એની સાથે સાથે નદીની પેલે પાર પાલજ અને બાસણ ત્યાં બે એમ.એલ.ડી. નો આધુનિક સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પ્રગતિમાં છે. જુદા જુદા સેકટરોમાં રસ્તાઓ રીસરફેસનું કામ હાથ ધરવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટેકનિકલ યુનિવર્સિટીનું કામ, સચિવાલય સંકુલમાં સુધારણાનું કામ, ગાંધીનગરમાં જૂના સચિવાલયમાં નવા બે બ્લોક બનાવવાનું કામ અને વિધાનસભાની આજુબાજુ બે નવા બ્લોક બનાવવાનું કામ પણ ચાલી રહ્યું છે. ગાંધીનગર એન્જિનિયરીંગ કોલેજ ખાતે કુમારો અને કન્યાઓ માટે હોસ્ટેલ બનાવવાનું કામ, સચિવાલય ખાતે આધુનિક લીફટ નાખવાનું કામ વગેરે હાથ ધરેલ છે. આ ગાંધીનગર આજનું ગાંધીનગર કેવું છે તેના વિશે હું કહીશ કે –

લીલું અને હરિયાળું વિશ્વમાં આ ગાંધીનું નગર છે.
સંદેશ વિકાસનો લઇ ઉગતું નિરંતર પ્રભાત છે.
સદ્ભાવનાની સુવાસ અહીં સૌ ખુશખુશાલ છે.
પાટનગર આ સૌથી નોખું ગુજરાતની શાન છે.
ફૂલોનું નગર ભલે એ તાકાત એની ગજબ છે.
મારું નહીં, તમારું નહીં, આપણાં સૌનું આ પાટનગર છે.

સૌનો સાથ, સૌનો વિકાસએ સુત્રના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની કલ્પના મુજબનું આ ગાંધીનગર એ આપણું પાટનગર છે. આ માગણીને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ઋષિકેશ ગ. પટેલ(વીસનગર)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી બહેનશ્રી જે માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું. હમણાં થોડા સમય પહેલાં, એકાદ મહિના પહેલાં મારે બાય કાર મુંબઇ જવાનું થયું. લગભગ સુરત વટાવ્યું એટલે સરસ મજાની ઉંઘ આવી ગઇ અને કયાંક એવો રસ્તો આવ્યો અને ઉંઘ ખુલી ગઇ. ડ્રાઇવરને પૂછયું કે

કેમ આ રસ્તો ખરાબ આવ્યો, તો કહ્યું કે સાહેબ, આપણે મહારાષ્ટ્રમાં પ્રવેશી ચૂક્યા. હવે એ જ રસ્તે મુંબઇથી પાછા ફરતા રાત પડી ગઇ હતી એટલે રસ્તો ખડબડ-ખડબડ અને ગાડીના અવાજો એવા થાય એટલે ઉંઘ તો આવે નહીં. ((અંતરાય)) નિરંજનભાઇ, ગાડી એવી સરસ હતી, ટોયોટો, બહુ સારામાં સારી ગાડી અને એ ગાડી ગુજરાતમાં જ ફેરવી શકાય. બાકીના રાજયોમાં ફેરવવી હોય તો જેમ કહ્યું ને ભાઇએ કે પેલી સુમો ગાડી જોઇએ. સુમો જ વપરાય છે. અહીંયા મર્સીડીઝ, બી.એમ.ડબલ્યુ. બધી અહીંયા વપરાતી થઇ છે. એનું કારણ એ છે, સુંદર મજાના રસ્તા છે. અહીંયા જે પ્રકારનું આર્થિક વ્યવસ્થાપન છે એના કારણે એ પરિસ્થિતિનું નિર્માણ થયું છે, ત્યાં અંધારપટ અને આ બાજુ જેવા ગુજરાતમાં પ્રવેશ્યા, એટલે જે ગામડાંઓ પ્રવેશ્યા એટલે લાઇટો દેખાવા માંડી અને પછી જ મને ઉંઘ આવી.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ રાજયનું અથવા તો દેશનું અર્થકારણ મુખ્ય બાબત એના ઇન્ફ્રાસ્ટ્રકચર ઉપર આધાર રાખતું હોય છે. જેમ આપણું શરીર માનવ હૃદય, માનવના અંગો એમાં પૂરતું લોહી પહોંચતું હોય અને જે ધોરી નસો અને બીજી નસોના કારણે અંગોમાં પૂરતું લોહી પહોંચતું હોય એના કારણે શરીર સ્વસ્થ રહેતું હોય છે. ગુજરાતના રોડ નાના હોય, મોટા હોય અને તમામ રોડની આજે એ પરિસ્થિતિએ છે કે ગુજરાતનું અર્થકારણ જીવંત રાખવા માટે પૂરતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના માર્ગ અને મકાન વિભાગના વર્ષ ૧૯૮૧થી વર્ષ ૨૦૦૧, ૨૦ વર્ષની અંદર જે ખર્ચ થયો એ ૨૩૦૦ કરોડનો થયો અને ૨૦૦૧થી ૨૦૧૦-૧૧, ૧૦ વર્ષમાં ૧૩,૩૦૦ કરોડ, એટલે કે અગાઉના કુલ ૨૦ વર્ષમાં થયેલ ખર્ચ સામે છેલ્લા દસ વર્ષમાં થયેલ ખર્ચમાં લગભગ છ ગણો વધારો. એટલું જ નહીં પણ ૨૦૧૧-૧૨માં ૩૩૪૦ કરોડ માર્ગ મકાન વિભાગ દ્વારા જે ખર્ચ થયો એટલે કે ૧૯૮૧થી ૨૦૦૧ સુધી ૨૦ વર્ષમાં જે ખર્ચ થયો એના કરતાં પણ ૧૦૪૦ કરોડ રૂપિયા વધારે એટલે ૪૫ ટકા વધારે આવતા નાણાકીય વર્ષમાં ૨૦૧૨-૧૩માં ૪૨૬૦ કરોડની જોગવાઇ કરી છે. મતલબ કે લગભગ ૨૦ વર્ષમાં થયેલો ખર્ચ એનાથી પોણાબે ગણો આ એક જ વર્ષમાં વપરાવાનો છે. ત્યારે આ બાબત વારંવાર મિત્રો દ્વારા કહેવામાં આવે છે, ટીકા કરવામાં આવે છે. આપણે માગણી કરતાં લોકોને શિખવાડ્યું છે. આ દસ વર્ષમાં વિકાસ કેવો કર્યો હોય કે જેમાં દસ કામ પૂર્ણ કર્યા હોય તો બે કામની માગણી આવે. રસ્તાની ભૂખ હોય, શાળાની ભૂખ હોય, શાળાના ઓરડાની ભૂખ હોય, આરોગ્યની ભૂખ હોય, આજે દરેક બાબતની ભૂખ પેદા થઇ છે. ગુજરાતના મુખ્યમંત્રીશ્રીના મતે એ બજાર નહીં પણ ઉત્પાદનના કેન્દ્રો બનાવ્યા છે તે માટે ગ્રામ્ય રસ્તાઓનું આગવું આયોજન થયું છે. આજે ગુજરાતમાં કુલ ૧,૦૫,૭૫૪ કિ.મી.ના માર્ગોનું રાજયવ્યાપી નેટવર્ક થયું છે. એમાં રાષ્ટ્રીય ધોરી માર્ગ ૩૨૫૯ કિ.મી., રાજ્ય ધોરી માર્ગ ૧૮૮૪૭ કિ.મી., મુખ્ય શહેરી માર્ગો ૨૦૫૬૪ કિ.મી. ગ્રામ્ય અને અન્ય માર્ગો ૬૩૪૮૪ કિ.મી. હમણાં સિદ્ધાર્થભાઇ કહેતા હતા કે, ૧૯૯૫ સુધીમાં ૭૦,૦૦૦ કિ.મી. લંબાઇના માર્ગો બની ચૂક્યા હતા. પણ મારે કહેવું છે કે, રાષ્ટ્રીય ધોરી માર્ગ ૩૨૫૯ કિ.મી. આપણા ગુજરાતની અંદર છે. એટલે કે, દેશની સરખામણીમાં ૫ ટકાનો હિસ્સો આપણે ધરાવીએ છીએ. રાજ્ય ધોરી માર્ગ ૧૮૮૪૭ કિ.મી. છે. એટલે કે દેશની કમ્પેરિઝનમાં ૧૨ ટકા રાજ્ય ધોરી માર્ગ આપણી પાસે છે. શહેરી માર્ગો ૧૯૩૦૬ કિ.મી.ના છે. આખા દેશની સરખામણીએ ૬.૫ ટકાનો હિસ્સો આપણે ધરાવીએ છીએ. રાષ્ટ્રીય ધોરી માર્ગની નીતિ છે એ કેન્દ્ર ઘડતું હોય છે. પણ રાજયની જે નીતિ છે એ આપણે નક્કી કરતા હોઇએ છીએ. સમગ્ર દેશમાં રાજયના ધોરી માર્ગો ૫ ટકા છે અને રાજયની નીતિ આપણે ઘડીએ છીએ એના કારણે રાજયના ધોરી માર્ગોમાં આપણે ૧૨ ટકાએ પહોંચ્યા છીએ. ગુજરાતના વિકાસમાં પ્રાણ પૂરતા માર્ગો એ માત્ર લંબાઇના નથી પણ પહોળાઇ અને મજબૂતાઇ પણ ધરાવે છે. છ માર્ગીય રસ્તાઓ ૨૦૦૧ પહેલાં ફક્ત ૧૪ કિ.મી. હતા...

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.. શ્રીમતી ચંદ્રીકાબેન ...

**શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા(લીમખેડા) :** માનનીય અધ્યક્ષશ્રી, મહિલા અને બાળ કલ્યાણ વિભાગની માગણી નં.૧૦૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા જિલ્લાની વાત કરવા માગું છું ત્યારે મારો જિલ્લો આદિવાસી વિસ્તારમાં આવેલ છે. જ્યારે આંગણવાડીઓમાં જે ભરતી થાય છે એમાં નિયમ પ્રમાણે ભરતી થતી નથી અને

ગેરરીતિઓ કરીને ખોટી ભરતી કરવામાં આવે છે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એટલો બધો ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે કે મારે મહિલા તરીકે દુઃખ સાથે વાત કરવી છે. આજે મહિલાઓ આંગણવાડીઓમાં કામ કરતી હોય ત્યારે ભરતીમાં ગેરરીતિ થાય અને એમાં ભ્રષ્ટાચાર બહેનો કરે છે અને મારા વિસ્તારમાં દાહોદમાં ભરતી વખતે એક મહિલાએ ગેરરીતિ કરી હતી અને એ કરપ્શનમાં પકડાઇ હતી અને એને ચાર વર્ષ જેલમાં રહેવું પડેલ હતું. એટલે આજે બહેનોની વાત હોય ત્યારે મારે દુઃખ સાથે ન કહેવું જોઇએ પણ કહેવું પડે છે કે આ સરકારમાં ભ્રષ્ટાચાર થઇ રહ્યો છે. અમારા વિસ્તારમાં કુપોષણ ૪૫ ટકાએ પહોંચ્યું છે. આંગણવાડી બહેનોને રક્ષણ મળતું નથી, શ્રમજીવી બાળકોને રક્ષણ મળતું નથી. આંગણવાડી બહેનોને આંગણવાડી સિવાયની કામગીરી સોંપવામાં આવે છે અને એમને મેળામાં લઇ જવામાં આવે છે. તેનાથી કુમળી વયના બાળકોના ભાવિ સાથે ચેડાં કરવામાં આવે છે. આંગણવાડીની કાર્યકર બહેનોને ટપાલીની જેમ લઇ જવા માટે દબાણ કરવામાં આવે છે. સરકાર દ્વારા આંગણવાડીની બહેનોને લઇ જવા દબાણ કરવામાં આવે છે અને એ બહેનોને ન લાવે તો કહેવામાં આવે છે કે તમારો પગાર કાપી લેવામાં આવશે. જ્યારે બહેનો આટલું બધું કામ કરે છે ત્યારે એમનો પગાર વધારી દેવામાં આવતો નથી એ દુઃખની વાત છે. આંગણવાડીની બાબતમાં મારા ઘણા બધા મિત્રો બોલ્યા છે અને કહ્યું છે કે, આંગણવાડીઓમાં બોર થયા હોય ત્યાં મોટર નથી બેસાડતા અને મોટર બેસાડતા હોય ત્યાં લાઇટના કનેક્શન આપતા નથી, લાઇટના કનેકશન આપતા હોય ત્યાં ટોઇલેટમાં પાણી જતું નથી એવી દશા થઇ રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, બાળકોને જે શીરો અને સુખડી આપવાની યોજના છે એમાં ઘણીબધી ગેરરીતિઓ થાય છે. ઘણી વખત મેં મારા મત વિસ્તારમાં વિઝિટ કરી છે ત્યારે આ નાસ્તામાં ઘણી બધી ઝીણી ઝીણી જીવાતો આવે છે. અને છોકરાઓને એ નુકસાનકારક હોય છે. આંગણવાડીમાં જે બહેનોને લીલા ફળફળાદિ અને ગરમ મસાલાના જે બિલો મૂકાણા છે અને જે ગરમ મસાલા અને ફળફળાદિ અપાતી નથી અને આ બે નંબરમાં મસાલાના બિલો મૂકાય છે. તો બહેનોને એનું પણ બિલ મળતું નથી. બીજી વાત કરવા માગુ છું કે ઘણીબધી આંગણવાડી અત્યારે પણ હજી ભાડાના મકાનમાં ચાલે છે. ભાડાના મકાનમાં ચાલે એટલે જે કોઇ દાતાઓ તરફથી જે છોકરાઓ માટે સામગ્રી રમકડાં જેવી વસ્તુઓ આપે એ તેડાઘર એના ઘરે લઇ જાય અને મૂકી રાખે છે. ત્યારે નાના નાના ભૂલકાઓ રમવા માટે કે ભણવા માટે આનાથી વંચિત રહે છે. માનનીય નીમાબેને વાત કરી કે અમારે ત્યાં મુખ્યમંત્રીશ્રી ૫૫ વખત આવ્યા. પણ હું એમ કહેવા માગું છું નીમાબેનને કે અમારા દાહોદ જિલ્લામાં ત્રણ વાર આવ્યા કે ચાર વાર આવ્યા એમનાથી કંઇ ફરક પડયો નથી. હું નીમાબેનને એમ કહેવા માગું છું કે તમે ભલામણ કરો અને દાહોદ જિલ્લામાં આવો, અમારો આદિવાસી વિસ્તારની તમે મુલાકાત લો. અને મારા વિસ્તારમાં ધાનપુર તાલુકો છે જયાં મુખ્યમંત્રીના દત્તક ગામો આવેલા છે. ત્યાં બહેનોની દશા કેવી થઇ છે એ આવીને તપાસ કરે તો ખબર પડશે. મારી આદિવાસી બહેનો જે વિધવા પેન્શન મેળવે છે, એમની દિવાળી બગડી, હોળી બગડી આજ સુધી એમના આંસુ લુછવાવાળું કોઇ મળ્યું નથી. આજે બહેનોનું દુઃખ એક બહેન તરીકે મારે કહેવું પડે છે. ત્યારે આજે વિધવા પેન્શન પણ ૬-૬ મહીનાથી બાકી છે. એટલા માટે મારે મંત્રીશ્રીને કહેવું છે.

**પ્રો વસુબેન ન. ત્રિવેદી (રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સંસ્કૃતિમાં નારી તું નારાયણીની વિભાવના સાથે પ્રાચીન કાળથી નારીને સમાજમાં સન્માનનીય સ્થાન આપ્યું છે. અને હાલમાં ભારતના યુગપુરૂષ સ્વામી વિવેકાનંદજીની ૧૫૦મી જન્મજયંતિ આપણે ઉજવી રહ્યા છીએ ત્યારે ગુજરાત સરકારે યુવાશકિત વર્ષ જાહેર કર્યુ છે, પરંતુ સ્વામીજીના શબ્દોમાં કોઇપણ રાષ્ટ્રની પ્રગતિની પારાશીશી તે દેશની સ્ત્રીઓ પ્રત્યેની વર્તણૂકમાં રહેલી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો કોઇપણ રાષ્ટ્ર કે રાજય નારી શકિતની અવગણના કરીને કયારેય ટકાઉ વિકાસ સાધી શકતો નથી. ભારતીય સંસ્કૃતિની આ ધરોહરને અનુસરીને રાજય સરકારે સ્ત્રીઓ માટેનું ગૌરવ, એમનો સર્વાંગી વિકાસ અને સશકિતકરણ પર આધારિત હોય તેવી અનેકવિધ યોજનાઓ, આ યોજનાઓનું સબળ અને સફળ સંચાલન કરી શકાય તે માટે વર્ષ ૨૦૦૧માં અલગ મહિલા અને બાળ વિકાસ વિભાગની રચના કરી અને આજ સુધી રાજયના મંત્રી તરીકે પણ, કેબીનેટ મંત્રી તરીકે પણ મહિલા જ હતા. માનનીય આનંદીબહેને જે વિકાસ કર્યો

છે મહિલાઓનો એ વિકાસ અવર્ણનીય છે અને બહેનોના ગૌરવસમો વિકાસ છે. સન્માનનીય ગૃહ સમક્ષ મારા હસ્તકના મહિલા અને બાળ વિકાસ વિભાગની ૫,૨૨,૨૨,૦૦૦ની માગણીઓ રજૂ કરતા હું આનંદ અનુભવી રહી છું. હું આનંદ અનુભવુ છું, પરંતુ માનનીય ચંદ્રિકાબેન જે ભાષામાં હમણાં બોલતા હતાં, મને લાગે છે હમણાં પેલી ડીસ્કાઉન્ટવાળી સ્કીમ છે ને, જરાક સાચું બોલ્યા હોત તો આનંદ થાત. દાહોદની બહેનો રાજયના મુખ્યમંત્રીશ્રીને આદિવાસી બહેનો પગે લાગીને આશીર્વાદ આપતી, લાખોની સંખ્યામાં બહેનો અમે જોઇ છે. આંગણવાડીમાં વિધવાઓની વાત કરી, તમારી એક એક વાતના, તમારા *(xxxxx)પરંતુ જવાબ આપી શકવા માટેનું આ ફોરમ નથી બહેન. ((અંતરાય))

અધ્યક્ષશ્રી : (xxxxx)આપવાનો શબ્દ આપ પાછો ખેંચી લો. પ્લીઝ (અંતરાય)

પ્રો વસુબેન ન. ત્રિવેદી : મેં ખેંચી લીધા પાછા.(અંતરાય) આવા હાથ કરીને ના બોલાય ચંદ્રિકાબેન આ ગૃહ છે. માનનીય અધ્યક્ષશ્રી, બહેનોની કોઇ કિંમત નથી એવું બાબુભાઇ પણ હમણાં બોલ્યા. બાબુભાઇએ એમ કહ્યું કે નીમાબેન બહારથી આવ્યા. અરે આખા સમાજમાં, આખા હિન્દુસમાજમાં બહેનો લગ્ન કરીને જાય એટલે એનું ઘર એનું સાસરું જ કહેવાય. અને ૪૦ વર્ષથી હોય, ૫ વર્ષથી હોય કે વર્ષથી હોય એ પારકી ન ગણાય. એ નીમાબેન હોય કે વસુબેન હોય. મને ખબર છે, બહેનોની જે કહેવતો હતી ''અબળા તેરી યહ કહાની, આંચલ મેં દૂધ ઔર આંખોમેં પાની'', ''દીકરીને ગાય દોરે ત્યાં જાય'' એ હું નાની હતી ત્યારે આ બધી કહેવતો મેં સાંભળી છે. આ બધી કહેવતો આજે બદલાઇ ગઇ છે. નારી સશક્ત બની છે. દરેક ક્ષેત્રમાં ઘુમી વળી છે અને એનું ઉદાહરણ અમારી સરકારમાં ભારતીય જનતા પક્ષની વિચારધારામાં આ ગૃહમાં ૧૫ ધારાસભ્ય બહેનો કામ કરી રહી છે જ્યારે સામે એક જ બેઠા છે એ મહિલા સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ તમારી સમક્ષ છે. કોઇ નકારાત્મક વિચારોથી હું વાત કરવા માગતી નથી. આંગણવાડીની વાતો થઇ. એમાં નાના બાળકો આવે છે એટલે નંદઘરની વિભાવના સાથે સ્વચ્છ અને સુઘડ આંગણવાડી બનાવવાનું આ રાજ્ય સરકારે નક્કી કર્યું છે. ૨૦૧૨-૧૩માં ગ્રામ્ય વિસ્તારમાં ૭૮૩૨ અને શહેરી વિસ્તારમાં ૪૨૧૩ એમ કુલ મળીને ૧૨૦૪૫ નંદઘર બનાવવા માટે ૪.૨૫ લાખ યુનિટ કોસ્ટ મુજબ ૫૧૧.૯૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આંગણવાડીના હયાત મકાનો છે એને સુવિધાયુક્ત બનાવવા માટે ૧૦ કરોડની મરામતની ગ્રાન્ટ, આંગણવાડીઓમાં વોલ પેઇન્ટીંગ અને ટોઇલેટ બ્લોકની સુવિધા માટે અનુક્રમે ૫ કરોડ અને ૮.૨૩ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મને દુઃખ થતું હતું જમીન, જમીન, જમીનની વાતો કરવામાં આવતી હતી. આંગણવાડીના મકાન માટે જોઇતી જમીનનો વિચાર કર્યો હોત તો વધારે આનંદ થાત. સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્યના શ્રેષ્ઠ આંગણવાડી કાર્યકરને રાજ્ય કક્ષાએ ૫૧ હજાર, જિલ્લા કક્ષાએ ૩૧ હજાર અને ઘટક કક્ષાએ ૨૧ હજારના ઇનામો આપવાનું શરૂ કર્યું છે. રાજયની શ્રેષ્ઠ આંગણવાડી અને તેડાઘરને રાજ્ય કક્ષાએ ૩૧ હજાર, જિલ્લા કક્ષાએ ૨૧ હજાર અને ઘટક કક્ષાએ ૧૧ હજારના એવોર્ડ આપવાનું રાજ્ય સરકારે નક્કી કર્યું છે અને એના કારણે ૧૪૭.૭૮ લાખના ૮૭૬ એવોર્ડ આપણે ઓલરેડી આપી દીધા છે. આંગણવાડી ખાતે બાળકોને સારો આહાર મળે, પૌષ્ટિક અને તાજો આહાર મળે તે માટે ૪૯ હજાર આંગણવાડીઓને બે સિલિન્ડરો સાથેનું ગેસ કનેકશન, ગેસની સગડી, ઇડલી કૂકર અને જરૂરિયાતના અનેક સાધનો આપ્યા છે અને એના માટે ૧.૭૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. રાજયની ૫૦,૧૭૪ આંગણવાડીઓમાં કાર્ય કરતી આંગણવાડી કાર્યકર અને તેડાઘર બહેનોને ભારત સરકાર દ્વારા ચૂકવવામાં આવતા જે નિયત માનદ્ વેતન હતા એમાં રાજ્ય સરકારે પ્રોત્સાહન સ્વરૂપે આ કાર્યકરને ૧૦૦૦ અને તેડાઘરને ૫૦૦ વધુ ચૂકવવાનું શરૂ કર્યું હતું અને તેના કારણે ૯૫.૯૭ કરોડનો ખર્ચ રાજ્ય સરકારે ભોગવ્યો છે. આ માનદ્ વેતનના દરમાં આ વર્ષે પણ ૨૦.૯૦ કરોડની જોગવાઇ કરી છે અને આંગણવાડી કાર્યકરને ૨૫૦ અને તેડાઘરને ૧૦૦ રૂપિયાનો વધારો કરવાનું વિચારી લીધું છે. પોષણયુક્ત ગુજરાત, રાજયના મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છે કે ગુજરાતના વિકાસની સાથે મારું ગુજરાત એ પોષણયુક્ત જ હોવું જોઇએ અને એના માટે જે કાંઇ કરવું પડે તે કરવા માટેની માનસિકતા હોવાના કારણે ૨૦૧૨-૧૩ દરમિયાન

---

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

આંગણવાડીઓમાં એક નવા વિજાણું વજન યંત્રની ખરીદી કરવાનું આયોજન કર્યું છે અને એના માટે ૧૦.૯૪ કરોડની જોગવાઇઓ સૂચવી છે. આ મશીનથી બાળકના સર્વાંગી વિકાસનું તારણ આંગણવાડીમાં જ કાઢી શકાશે. તાલુકા કક્ષાએ સી.ડી.પી.ઓ.ની કચેરીની સુધારણા અને વિસ્તૃતીકરણ કરવા માટેનું બજેટ પણ ૧૫ કરોડની જોગવાઇ કરીને અંદાજપત્રમાં સૂચવ્યું છે. ૧૦ સરકારી અને ૧૦ બિન સરકારી સંસ્થાઓ માટે મનોવૈજ્ઞાનિક અને મનોચિકિત્સક સેવાઓ આઉટ સોર્સથી મેળવી શકાય અને અંતેવાસીઓના ભોજન દરમાં વૃદ્ધિ થતાં વ્યક્તિ દીઠ માસિક રૂપિયા ૬૦૦ આપવાની જોગવાઇ આ બજેટમાં કરવામાં આવી છે. દહેજનું દૂષણ પીડિત મહિલાઓને માર્ગદર્શન અને એની સમસ્યાઓના નિરાકરણ માટે દહેજ પ્રતિબંધક અધિકારીઓની ઓફિસ માટે ૯૧.૨૦ લાખની જોગવાઇ આ બજેટની અંદર સૂચવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ બહેને મહિલા આયોગની પણ વાત કરી. આ મહિલા આયોગની વાત કરી ત્યારે મને જણાવતા આનંદ થાય છે કે એપ્રિલ ૨૦૦૫થી જાન્યુઆરી ૨૦૧૨ સુધીમાં મહિલા આયોગને ૫૧૦૪ રજૂઆતો મળી હતી, બહેનોએ ફરિયાદ કરી હતી એમાંથી ૪૩૪૯ રજૂઆતોનો નિકાલ કરવામાં આવ્યો છે. ૮૫% સિદ્ધિ મહિલા આયોગની છે. એક નવા વિષય સૌને ખબર છે પણ કોઇનું ધ્યાન તેના તરફ ગયું નથી. NRI સાથેના લગ્નો આ ગુજરાતમાં નવી બાબત નથી. પરંતુ આ કમનસીબ વાત આવા લગ્નો બાદ કયાંક પતિ વિદેશ જતો રહેતો હોય છે, સાસુ–સસરા દહેજ માગતા હોય છે, સતામણી કરતા હોય છે, સ્ત્રી ધન પરત આપતા નથી આ બધીજ પરિસ્થિતિમાં સ્ત્રી પોતાના હકોથી વંચિત ના રહી જાય.

માનનીય આનંદીબેનની દીર્ઘદ્રષ્ટિએ આ સંદર્ભે રાજ્યના મહિલા આયોગે એના વહીવટ દ્વારા પોલીસખાતાના પરામર્શમાં રહીને આવી ફરિયાદોના નિકાલ માટે વિદેશમાં રહેતા પ્રતિવાદીઓ સામે કાર્યવાહી કરવાની ભલામણ પણ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, સદભાવનાનો કાર્યક્રમ દરેક જિલ્લામાં થયો. લોકો લોકભાગીદારીથી આ કાર્યક્રમની અંદર જોડાયા. આ કાર્યક્રમનું આયોજન થયું મને કહેતા આનંદ થાય છે કે, બાળકોના સ્વાસ્થ્યની સુખાકારી માટે અનેક પૌષ્ટિક આહારો રાજ્યના લોકોએ લોકભાગીદારીથી આપ્યા. અનેક વસ્તુ મારે કહેવાની છે મહિલા આર્થિક વિકાસ નિગમની પ્રવૃત્તિઓમાં પણ ૨૦૧૨ અને ૧૩ના અંદાજપત્રમાં ૧૦૦ લાખ ટોકન જોગવાઇ કરી છે. પ્રતિકૂળ પરિસ્થિતિમાં જીવતી મહિલાઓ માટે રૂ.૩૦૦ લાખની જોગવાઇ કરી છે. શહેરી વિસ્તારોમાં.. ((અંતરાય))

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનો સમય પૂરો થાય છે.

પ્રો. વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, જે કાપદરખાસ્તો લઇને આવ્યાં છે. મેં કાપદરખાસ્તો જોઇ છે અને કાપદરખાસ્તોના કારણે મને મારા વિભાગની વાતો કરવાનો મોકો મળ્યો છે હું એમનો આભાર માનું છું અને મારા વકતવ્યના સમાપનમાં ધારાસભ્યોએ તેમણે રજૂ કરેલ કાપદરખાસ્તો પાછી ખેંચી લેવા માટે વિનંતી કરું છું અને સન્માનનીય સભાગૃહને મહિલા અને બાળ વિકાસ વિભાગની માગણીઓ સર્વાનુમતે પસાર કરે તેવી વિનંતી કરુ છું.

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ ( માર્ગ મકાન અને મહેસૂલ મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ મકાન, મહેસૂલ વિભાગ ઉપર લગભગ ૧૫ જેટલા માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના વિચારો વ્યકત કર્યા છે. કેટલાક મિત્રોએ પોતાના વિસ્તારના કામોની માગણી પણ કરી છે, લાગણી પણ વ્યકત કરી છે, કેટલાક સૂચનો પણ થયા છે એ બધાની નોંધ મેં અહીં લીધી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૨–૧૩નું માર્ગ અને મકાનનું ૪૨૬૦ કરોડનું બજેટ લઇને હું વિધાનસભામાં આવી છું. ૨૦૧૧–૧૨નું બજેટમાં ૩૩૪૦ કરોડમાં ૯૨૦ કરોડ જેટલો જંગી વધારો કરી અને ૨૦૧૨–૧૩નું બજેટ આપવામાં આવ્યું છે. ૨૦૦૦–૨૦૦૧માં માત્ર ૫૩૭ કરોડનું બજેટ હતું. ૨૦૧૨–૧૩માં ૪૨૬૦ કરોડનું બજેટ એટલે કે ૮ ગણું બજેટ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૦ થી ૨૦૦૦ના ૨૦ વર્ષનું બજેટ ૨૨૯૨ કરોડનું હતું અને ૨૦૦૧ થી ૨૦૧૦ સુધીનું ૧૦ વર્ષનું બજેટ ૧૩૩૦૮ કરોડ થયું. માનનીય અધ્યક્ષશ્રી, માર્ગો લાંબા જ ના હોય, પરંતુ એની સાથે પહોળા અને મજબૂત પણ હોવા જોઇએ. અમે જ્યારે ૧૯૯૮માં ચૂંટાયા ત્યારે રોડની શું દશા હતી?

એ અમે અમારી નજરે જોયું હતું અને તમેય જોયું હશે. સામે વાહન આવે તો નાના વાહનને નીચે ઊતરવું જ પડે એ દશામાં ગુજરાતના રસ્તાઓ હતા અને મેટલ પણ ઉખડી ગયેલ હતી, એક એક ફૂટના ખાડા પડેલા હતા એ બધાને સુધારવાનો પ્રયાસ છેલ્લા ૧૦ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે અહીંયા એ વાતની રજૂઆત કરવી છે અને કહેવું છે કે ૨૦૦૧ પહેલા ગુજરાતની અંદર ૬ માર્ગીય રસ્તા માત્ર ૧૪ કિ.મી.ના હતા. જ્યારે ૨૦૦૦-૨૦૦૧-૧૧ સુધીની અંદર ૪૨ કિલો મીટરના રસ્તાઓ આપણે પૂર્ણ કર્યા છે એટલે ત્રણ ગણા કર્યા છે. ચાર માર્ગીય, ૩૮૦ કિલો મીટરના હતા એમાં ત્રણ ગણો વધારો કરીને ૧,૦૭૫ કિલો મીટરના થયા છે. અને દસ મીટરના રસ્તાઓ, સાત મીટરમાંથી દસ મીટરના રસ્તાઓ જે કર્યા છે એ ૨૦૦૧ પહેલાં માત્ર ૧૩૨ કિલો મીટરના હતા જ્યારે એમાં ૧૮ ગણો વધારો કરીને ૨,૩૫૧ કિલો મીટરના રસ્તાઓ બનાવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, સાત મીટર, સાડા પાંચ મીટરમાંથી સાત મીટર કરવામાં જે રસ્તાઓ બન્યા એમાં ૨૦૦૧ પહેલાં ૧૦,૮૫૬ કિલો મીટર હતા જ્યારે એમાં ૩૮ ટકાનો વધારો કરી ૧૫,૦૨૮ કિલો મીટરના રસ્તાઓ આ રાજ્ય સરકારે બનાવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય સિદ્ધાર્થભાઇ કહેતાં હતા અને આંકડાઓ આપતા હતા. માનનીય સિદ્ધાર્થભાઇ, ૭૪,૦૧૮ કિલો મીટરનો ઉલ્લેખ કરવામાં આવ્યો એ ફકત પ્લાન રસ્તાઓનો જ છે. આ પ્લાન રસ્તાઓને દસ મીટર, ચાર માર્ગીય, છ માર્ગીય કરવામાં આવતાં ૨૦,૮૩૫ કિલો મીટરની લેન વધી છે. એટલે કે, ૨૦,૮૩૫ કિલો મીટર સીંગલ લેનના રસ્તાઓની લેન વધારવા ઉપરાંત મજબૂતીકરણમાં વિશેષ ધ્યાન આપવામા આવ્યું છે એને પણ રોડ જ કહેવાય. એ ઉપરાંત દસ વર્ષમાં ૧૦,૨૦૦ કિલો મીટરના નોન-પ્લાન રસ્તાઓ આ વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત સ્થાનિક યોજનાઓ જેવી કે, જિલ્લા આયોજન, ગોકુલ ગ્રામ યોજના, ટ્રાયબલ એરિયા સબ પ્લાન અને અન્ય યોજનાઓમાં મોટી સંખ્યામાં રસ્તાઓ થયા છે. જેનો ઉલ્લેખ આ ગણતરીમાં કરવામાં આવતો નથી એ આપના ધ્યાને રહે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી વાત કરવાના બદલામાં ૨૦૧૨-૧૩માં જે હાથ ધરાવાના છે જે કામો એની જ માત્ર હું અહીં રજૂઆત કરું છું. હમણાં ધારાસભ્યશ્રીઓ કહેતા હતા કે, સાત વર્ષ જુના રસ્તાઓ છે, આઠ વર્ષ જુના રસ્તાઓ છે. આપ સૌને કહેતાં મને આનંદ થશે આજે કે, આ રાજ્ય સરકારે સાત-સાત વર્ષથી ડામર ન થયેલા હોય એવા ૫,૮૦૦ કિલો મીટરની લંબાઇ ધરાવતા રસ્તાઓને નવિનીકરણ માટે ૧,૪૦૦ કરોડની જંગી રકમ આપી છે અને ત્રણ વર્ષમાં આ કામો આપણે પૂર્ણ કરવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ પથ યોજના ૨૦૦૪-૫માં અસ્તિત્વમાં આવી, એમાં પણ કેટલાક પાંચ વર્ષના રસ્તાઓ પૂર્ણ થઇ ગયા છે અને એમને રિસરફેશ કરવાની જરૂરિયાત ઊભી થઇ છે અને એટલા માટે ૧૮૦ કિલો મીટરની કામગીરી માટે ૧૩૩ કરોડના ખર્ચે હાથ ધરવાનું આયોજન છે અને એમાં ૬૦ કરોડની જોગવાઇ આ વર્ષના બજેટમાં કરવામાં આવી છે. વિજયનગર તાલુકો, સાગબારા તાલુકો, દાહોદ તાલુકાઓના વન વિસ્તારમાંથી પસાર થતા રસ્તાઓનું બાંધકામ અને સુદ્રઢીકરણ કરવા માટે ૧૬૫ કરોડની જોગવાઇ કરી છે, જેની સામે ૫૦ કરોડની આ વર્ષના બજેટમાં જોગવાઇ છે. છ લેન રસ્તાઓ જે નવા બનવાના છે તે, ૧૩૪ કિલો મીટરના ચાર રસ્તાઓને છ લેન કરવા માટે ૨,૯૧૨ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એમાં અમદાવાદ-ધોલેરા એકસપ્રેસ-વે ૨,૮૦૦ કરોડ રૂપિયા, સુરત-કડોદરા રોડ સર્વિસ રોડ સહિત ૬૦ કરોડ રૂપિયા, સુરત-કામરેજ રોડ સર્વિસ રોડ સહિત ૩૬ કરોડ રૂપિયા અને ગાંધીધામ-આદિપુર રોડ, ટાગોર રોડ જેને ૧૫ કરોડ રૂપિયા અને હમણાં હીરાભાઇ કહેતા હતા કે, આ જે રોડ બન્યો છે બી.ઓ.ટી. ધોરણે, આપની માહિતી માટે કહું , પુરા હિન્દુસ્તાનની અંદર બી.ઓ.ટી. ધોરણે જે રસ્તાઓ બને છે. ભારત સરકાર બનાવતી હોય કે ગમે તે બનાવતા હોય પણ એમાં કયાંય પણ સર્વિસ રોડ હોતો નથી એટલા માટે ગુજરાતની અંદર પણ સર્વિસ રોડ નથી એ આપની જાણકારી માટે મેં આપને કહ્યું છે. એજ રીતે ચાર લેન કરવાના જે રસ્તાઓ છે એમાં પાંચ રસ્તાઓ અમે નક્કી કર્યા છે અને એની પાછળ ૨૫૫ કરોડનો ખર્ચ થવાનો છે. જેમાં રાજકોટ-ભાવનગર રોડ ૧૫૫ કરોડ, સુરત-નવસારી રોડ ૫૭ કરોડ, જહાંગીરપુરા-ઇચ્છાપુર રોડ ૨૪ કરોડ, હિંમનગર-ખેડપસીયા રોડ ૧૦ કરોડ, રાજકોટ-ધ્રોલ-જામનગર રોડ પર બે નવા

બ્રિજ દ્વિમાર્ગીય એટલે બે નવા બ્રિજ સાથે ૯ કરોડ રૂપિયા. બગોદરા–ભાવનગર રોડ ૧૦૨૦ કરોડ, અંજાર –ચિરાઈ રોડ ૨૩૭ કરોડ કચ્છમાં, સુરત–બારડોલી રોડ ૧૧૯ કરોડ, સુરત–ઓલપાડ–સાઓલ–કીમ રોડ ૨૨૮ કરોડ અને વડોદરા–ડભોઈ રોડ ૧૭૯ કરોડ આમ કુલ ૨૦૩૯ કરોડની આ બજેટ જોગવાઈ છે. દસ મીટર રસ્તાઓ, કે જે ૧૭ રસ્તાઓ છે એને દસ મીટર પહોળા કરવા માટે ૫૮૪ કરોડ રૂપિયાનો ખર્ચ થનાર છે. આવા ૧૭ રસ્તાઓમાં ભરૂચમાં આમોદ–રોઝા ટંકારીયા રોડ ૭૬ કરોડ, માલવણ–પાટડી–દસાડા રોડ ૬૬ કરોડ, હિંમતનગર–રણાસણ–ધનસુરા રોડ પર કરોડકડી ધોરીયા દેત્રોજ વિઠલાપુર રોડ ૪૭ કરોડ, ભુજ અંજાર રોડ ૪૦કરોડ, પાટણ જિલ્લાના સાંતલપુરના ચારણકા ગામે સ્થપાનાર ગુજરાત સોલાર પાર્કને ૪૦કરોડનો રોડ આપવાનો છે. દાંતા પાલનપુર ૩૭કરોડ, પ્રાંતિજ હરસોલ ધનસુરા રોડ ૩૩ કરોડ, મજરા તલોદ હરસોલ રોડ ૩૩કરોડ, મહુવા સાવરકુંડલા રોડ ૫૬કરોડ, આણંદ નાવલી ઉમેટા ૨૫ કરોડ, મહેસાણા બોદલા મોઢેરા રોડ ૨૦ કરોડ, ઓલપાડ સાયણ રોડ, સાયણ કઠોર સુરતનો ૧૮ કરોડ, સાબરકાંઠામાં હિંમતનગર તલોદ રોડ ૩૫કરોડ, રાજકોટ કોઠારીયા ૧૨ કરોડ, સિરાચા દેશલપર રોડ કચ્છમાં ૬.૬૩કરોડ અને ગાંધીનગર વડસલ ખાત્રજ ભિમાછર રોડ ૬.૫૦ કરોડ સાણંદ બાયપાસ અને મહેસાણા બાયપાસનો પણ આમાં સમાવેશ થાય છે. સાત મીટર કરવાના જે રોડ છે એવા ૫૩ રોડ છે પણ એમાંથી હું અમુક જ રોડ અહીં કહીશ કારણકે સમયનો અભાવ છે આપણી પાસે જેની પાછળ ૬૦૮ કરોડ રૂપિયાનો આપણે ખર્ચ કરવા જઈ રહ્યા છીએ. કચ્છમાં ભચાઉ રામવાવ રાપર રોડ ૩૭ કરોડ, દાંતા સનાલી હડાદ રોડ ૨૯ કરોડ, સરધાર કૂવાડવા એ રાજકોટનો રોડ ૨૯કરોડ, ખેડબ્રહ્મા લક્ષ્મીપુરા આંતરસુબા રોડ ૨૮ કરોડ, નવસારી કસબા છીણમ મિરઝાપુર ૨૫ કરોડ, ગઢડા નિંગાળા ભાવનગરમાં ૨૦ કરોડ, વણછાળા મોભા કરખડી રોડ વડોદરા ૧૮ કરોડ, રાજકોટમાં અમરનગર સુલતાનપુર દેવડી રોડ ૧૮ કરોડ, ગઢડા હડદાડા લાખણકા ૧૭ કરોડ, વડોદરા સાવલી ટીંબા રોડ ૧૬ કરોડ, સરાથાન ચોટીલા ૧૬ કરોડ, માંગલેજ નારેશ્વર રોડ વડોદરા ૧૬ કરોડ, મોરબી નાની વાવડી બગથળા ૧૫કરોડ, ગોંડલ દેવડી કુકાવાવ બગસરા ધારી ૧૫ કરોડ, માંડવી શેરૂલા રોડ ટ્રાયબલનો ૨૭ કરોડ, લીમડી રાણપુર ૧૨ કરોડ, સિસોદરા ૧૨ કરોડ, સિસોદરા ઉગત મહુવા રોડ ટ્રાયબલનો ૧૨ કરોડ ઉના ગીર ગઢડા જામવાડા રોડ ૧૨ કરોડ. માનનીય અધ્યક્ષશ્રી, વર્ષોથી પુલોની માગણી હતી અને અહીં પણ માનનીય ધારાસભ્યશ્રીઓએ અનેકવાર નદીઓ ઉપર જે બેઠા પુલ છે એને પણ હાઇ લેવલના પુલ બનાવવા માટેની માગણીઓ કરી છે એ ઉપરાંત પણ જયાં જરૂરી છે ત્યાં ઘણાબધા પુલ અને એ બધું બનાવી દીધું છે પરંતુ આ વર્ષે પણ ૧૯ પુલોની કામગીરીને ૧૨૩ કરોડના ખર્ચે આપણે મંજૂરી આપવા જઈ રહયા છીએ. આમાં રાજકોટમાં ભાદર નદી પર હયાત ૧૨૩ વર્ષ જુના ભયજનક પુલની જગ્યાએ નવો પુલ ૩૬કરોડ રૂપિયા, પોરબંદર બગવદર અડવાડા રસ્તા પર ૧૪કરોડ રૂપિયા, જામનગર, સમાણા, કુલનાથ રોડ કોઝ વેની જગ્યાએ પુલ રણજીતસાગર ડેમની પાસે ૯ કરોડ, પૂર્ણ એપ્રોચ જોઈનીંગ રોડ ભાટવાડા છ કરોડ, ભાવનગરમાં સોનગઢ પાલીતાણા વચ્ચે ઓવન પુલ ૬ કરોડ જેને પહોળો કરવાનો છે. જામનગર કાલાવાડ કંડોરણા કોઝ વે સીડીના સ્થાને મોટો પુલ સાડા પાંચ કરોડ રૂપિયા અને તરસાડા કાકરાપાર વ્યારારોડ સાડા પાંચ કરોડ, હડાદ કોશીના મામ પીપળા રોડ પાંચ કરોડ, સંતરામપુર, ડોલી, મોરવા સંતરોડ સુખી નદી પરનો પુલ પાંચ કરોડ, પ્રેમપરા ગામ પાસે શેત્રુંજી નદી પર પાંચ કરોડ રૂપિયા અમરેલીમાં. જુનાગઢમાં માળીયા કેરાલા સળકડી બાબરા લાડુડી રોડ ૩ કરોડ, ભોગાવો નદી પર લીમડી ગામ પાસે ૩કરોડ રૂપિયા અને ધોળકા વૌઠા પલ્લા માર્ગ સાબરમતી નદી ઉપર ૪૫ કરોડનો રોડ મંજૂર કર્યો છે જેની જોગવાઈ ૧૬.૩૫કરોડ રૂપિયા કરવામાં આવી છે. હમણા એક ધારાસભ્યશ્રી પોતાના પ્રવચનમાં કહેતા હતા કે ખાતમૂહુર્ત થાય છે પણ રોડ મંજૂર નથી થતા. આપના ધ્યાન માટે માત્ર એક જ બાબત મારે કહેવી છે કે ૧૯૯૭માં આ વૌઠા ઉપર અમે બ્રિજ બનાવીશું અને બ્રિજ બનાવવા માટેનું ખાતમૂહુર્ત એ વખતના ૧૯૯૭માં શંકરસિંહભાઈ વાઘેલાએ કર્યું હતું ખાતમૂહુર્ત અને આજે ત્યાં પથરોય જડતો નથી એ એમનું ખાતમૂહુર્ત. માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકારે પક્ષાપક્ષીથી દુર રહીને જેટલા પણ ધારાસભ્યો રાજયની અંદર છે એ તમામ ધારાસભ્યશ્રીઓને એમના વિસ્તારની અંદર જે રોડો મંજૂર કર્યા છે એમાં થોડીક વાત હું કરું તો આદિજાતિ પટ્ટીમાં અશ્વિનભાઈ કોટવાલના વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં ૯૨ કરોડના કામો

મંજૂર કર્યા છે. વિજયભાઇ પટેલ ડાંગ વાંસદા ૧૧૭ કરોડના કામો એ જ રીતે રણછોડભાઇ મેર ૬૮ કરોડ રૂપિયા, શંકરભાઇ ચૌધરી ૧૫૨ કરોડ રૂપિયા, ઇકબાલભાઇ પટેલ વાગરામાં ૨૩૭ કરોડ રૂપિયા. પ્રભુભાઇ વસાવા, સોનગઢમાં ૬૦ કરોડ રૂપિયા. કચ્છ વિસ્તારમાં બાબુભાઇ શાહના વિસ્તારમાં ૧૦૫ કરોડ, નીમાબેન આચાર્યના વિસ્તારમાં ૧૨૯ કરોડ, જોઘાજી ઠાકોર ૬૩ કરોડ કોઇ દિવસ મળવા માટે પણ નથી આવ્યા. ભાવસિંહ રાઠોડ ૧૦૧ કરોડ, ભગવાનભાઇ બારડ ૫૧ કરોડ, દેવજીભાઇ ફતેપુરા હળવદની અંદર ૧૦૬ કરોડ, પ્રવીણભાઇ માકડિયા ઉપલેટા ૯૦ કરોડનાં કામો મંજૂર કર્યાં છે. આપ પૂછશો કે આનંદીબેનના વિસ્તારમાં કેટલા? તો ૫૫ કરોડ. એટલા માટે કહેવું છે કે આપ બોલો છો અમારા વિસ્તારમાં કામો થતાં નથી, એટલા માટે ખાસ કરીને તમારી સમક્ષ આ બાબતો મૂકવામાં આવી છે. વનબંધુ યોજના ૨૦૧૧-૧૨ માં ૪૮૨ કરોડની જોગવાઇ સામે ૨૦૧૨-૧૩ માં ૭૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જેમાં ૪૭ ટકાનો જંગી વધારો કરવામાં આવેલ છે. ૨૦૧૨-૧૩ માં આદિજાતિ વિસ્તારમાં ૮ પુલો પૂર્ણ કરવાનું આયોજન છે. ઉચ્છ નદી ઉપર ૪.૫ કરોડનો પૂલ અને અશ્વીની નદી ઉપર પોણા ચાર કરોડના પુલોનો સમાવેશ કરી દેવામાં આવેલ છે. ૧૨૦ કિ.મી.ની લંબાઇના ૧૦ મીટર પહોળા કરવાનું આયોજન છે. ૨૧૦ કિ.મી. ની લંબાઇના ૭ મીટર પહોળા કરવાનું આયોજન છે. ૨૧૦૦ કિ.મી.ની લંબાઇના રસ્તા સપાટી સુધારણા કરવાનું આયોજન વનબંધુ યોજના નીચે કરવામાં આવ્યું છે. એ વાત કરવાની છે કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાંથી ૫૦૦ ની વસ્તી ધરાવતા ગામો અને ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા ગામોમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના દ્વારા આપણને ગ્રાન્ટ મળતી હોય છે. ભારત સરકારની નીતિ અનુસાર છેલ્લા ૧૦ વર્ષથી આવતા ૧૦ વર્ષની અંદર કોઇ ગ્રાન્ટ આપી શકે તેવી સ્થિતિમાં નથી તેવી વાત કરી છે, ત્યારે ગુજરાત સરકારે ૨૫૦ થી ઓછી વસ્તી ધરાવતા અને ૫૦૦ ગામ પરાને જોડવા માટે ૨૩૨ કરોડનો ખર્ચ આ વખતે બજેટમાં મંજૂર કરેલ છે અને ૨૫૦ થી ૪૯૯ ની વસ્તી ધરાવતા પરાઓ ૧૧૧૩ કિ.મી.ની લંબાઇના ૩૨૭ કરોડના ખર્ચે મંજૂરી રાજ્ય સરકારે આપી દીધી છે, જેથી કરીને ૨૫૦ થી વધારે વસ્તી અને ૫૦૦ થી ઓછી વસ્તી હોય તો પણ રસ્તાઓ બને અને સૌને ન્યાય મળે. સાગર ખેડુ ૨૦૧૨ ની અંદર ૨૦૧૨-૧૩ માં ૩૮ તાલુકામાં પંચાયતના અને રાજ્યના રસ્તાઓ માટે ૩૫૦ કરોડનો ખર્ચ કરીશું. ૯૦૦ કિ.મી. લંબાઇના રસ્તાઓની સુધારણા હાથ ધરીશું. એની અંદરનું આયોજન રાજ્ય સરકારે પૂર્ણ કર્યુ છે. અનુસૂચિત જાતિના ૨૫૦ થી વધુ વસ્તી ધરાવતા હોય એવા ગામોમાં પહેલા આપના સમયમાં માત્ર એક કરોડ જેવી નહિવત રકમ મૂકવામાં આવતી હતી, એટલાં કામો થતાં હતાં. ૨૦૦૯-૧૦ ના બજેટમાં ૧૨૭ કરોડ અને ૨૦૧૦-૧૧ માં ૧૭૭ કરોડ અને ૨૦૧૧-૧૨ માં ૧૯૭ કરોડનાં કામો પૂર્ણ કર્યાં છે. ૨૦૧૨-૧૩ ના બજેટમાં ૨૨૪ કરોડ જેટલી માતબર રકમ રાજ્ય સરકારે મૂકી છે અને એનાં કામ પણ સમય મર્યાદામાં પૂર્ણ કરીશું. ૨૦૦૫ માં દેશના વડાપ્રધાન દાંડી યાત્રા માટે અહીયા ગુજરાતમાં આવ્યા હતા અને કોંગ્રેસના એમ કહું તો ચાલે. એમણે સાબરમતીથી દાંડીની એક યાત્રા કાઢી હતી. એ વખતે જાહેરાત કરી હતી કે અમદાવાદથી દાંડીનો હેરિટેઝ રૂટ અમે બનાવીશું. પૂજ્ય મહાત્મા ગાંધી જયારે આ દેશની અંદર અંગ્રેજ સલ્તનત હતી ત્યારે ચપટી મીઠું ઉપાડીને અંગ્રેજ સલ્તનતને હચમચાવી મૂકી હતી. એવો માર્ગ હતો તેને દાંડી હેરિટેઝ બનાવવાની જાહેરાત કરી, પરંતુ પહેલા ફેઇઝનાં કામો પણ ૪ વર્ષ પછી ગુજરાત સરકારને કરવા માટે આપ્યા અને આપણે એક વર્ષના ટૂંકાગાળામાં ૧૫૨ કરોડનું પહેલા ફેઇઝનું કામ પૂર્ણ કરી દીધું. હવે કેટલી કટિબદ્ધતા છે ગાંધીના સ્વપ્નને સાકાર કરવા માટેની. ફેઇઝ-૨ હમણાં ૨૪-૯-૨૦૦૯ ના રોજ ૨૦૧૩ કરોડના અંદાજો દિલ્હી સરકારને મોકલી આપ્યા. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૦-૧૧માં એમણે ૧૨૫ કરોડની જોગવાઇ કરી અને અચાનક શું થયું કે ૨૫ કરોડની જોગવાઇ કરી નાંખી? ત્યારપછી ૨૦૧૧-૧૨માં ૧૦ કરોડની જોગવાઇ કરી, માત્ર ૧૦ કરોડની જોગવાઇ કરી. જેમાં એકપણ પુલ બનાવી ન શકાય. મારી તો વિનંતી છે કે આપ સાહેબો જાઓ દિલ્હીમાં. હમણાં કપાસ માટે ગયા હતા તેમ આના માટે પણ જાઓ. કારણકે બહુ અગત્યનો આ રોડ છે. આવતી પેઢી અને આવતી એકવીસમી સદીના બાળકો તે જુએ કે આ દેશને આઝાદી અપાવવામાં આ દેશના નેતાઓએ કેવો ભાગ ભજવ્યો છે. આ દાંડી રૂટ બનાવો તો તેમને સંસ્કાર મળશે. તે જ રીતે બગોદરા-બામણવા-રાજકોટનો નેશનલ હાઇવે છ માર્ગીય કરવા માટે તા.૧૩-૪-૨૦૧૦ના રોજ આપણે દરખાસ્ત

કરી છે. હજુ સુધી તેનો કોઇ ઉત્તર મળતો નથી. વારંવાર પત્રો લખો પણ જવાબ કંઇ ન મળે. ભાવનગર–ત્રાપજ રોડને ચાર માર્ગીય કરવા માટે તા.૪–૩–૨૦૧૦ના રોજ તેમને દરખાસ્ત કરી છે પણ હજુ તેનો પત્તો પડતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી સડક યોજનામાં આપણા ગુજરાતને કેટલું નુકસાન કરી રહ્યા છે, અન્યાય કરી રહ્યા છે તેના આંકડા મારી પાસે છે. આંધ્રપ્રદેશમાં ૪૨૯૩ કરોડ રૂપિયા આપ્યા છે. મહારાષ્ટ્રમાં ૨૪૨૩ કરોડ રૂપિયા ફાળવ્યા. ઉત્તરપ્રદેશમાં ૧૦૧૦૬ કરોડ આપ્યા છે. ઓરિસ્સામાં ૧૦૨૭૩ કરોડ રૂપિયા આપ્યા છે. મધ્યપ્રદેશમાં ૧૩૬૦૪ કરોડ રૂપિયા આપ્યા. જયારે ગુજરાતને ૧૪૨૩ કરોડ રૂપિયા આપ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું છે. વિશ્વ બેંક સહાયિત યોજના ૨૦૦૧–૦૨થી શરૂ થઇ. ૨૦૦૧થી ૨૦૦૭ વચ્ચે ૧૮૦૦ કરોડના ખર્ચે ૧૮૫૬ કિલોમીટરની લંબાઇના કામો આપણે પૂર્ણ કર્યા છે. વિશ્વ બેંક દ્વારા ગુજરાતને સ્ટેટ હાઇવે પ્રોજેકટ માટે અત્યંત સંતોષકારક અમલીકરણનું રેટીંગ આપેલ છે. વિશ્વ બેંકના તજજ્ઞો દ્વારા ઇન્સ્ટિટયુશનલ સ્ટ્રેન્ધનીંગ એન્ડ ગુડ ગવર્નન્સ ઇન હાઇવે સેકટર લર્નિંગ ફ્રોમ ગુજરાતનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.અહેવાલ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તેમાં ગુજરાત સરકારની દ્દઢ રાજકીય ઇચ્છાશકિત, આગેવાનીમાં સાતત્યતા, રોડ સેકટરમાં ગુડ પ્રેકટીસનું અમલીકરણ, જનતાને સાથે રાખીને પ્રશ્નોનું નિરાકરણ કરવું, રાજય સ્તરે ગવર્નમેન્ટ ક્ષેત્રે ઇનોવેટીવ પદ્ધતિનું અમલીકરણ, તાલીમ અંગે ઉચ્ચ સ્તરની જાગૃતિ વગેરે મુદાઓનો ઉલ્લેખ કરી આ મુદાઓનો અન્ય રાજયોએ પણ અમલમાં મૂકવા જોઇએ તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હવે જયારે એક નવો પ્રોજેકટ વિશ્વ બેંકનો આવી રહ્યો છે. ચાર ટીમ અહીં ચારવાર વિઝિટ લઇ ગયા છે અને ૧૫૭૭ કિલોમીટરની લંબાઇની કામગીરી માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની સહાય હાથ ધરવામાં આવશે. આ જે વિશ્વ બેંક સહાયિત યોજનાઓ છે તેમાં ચાર–પાંચ હું બોલીશ. પછી બાકીના મારા વિભાગમાંથી લેવા માટેની વિનંતી છે. હિંમતનગર–મહેસાણા–રાધનપુર રોડ ૫૫૬ કરોડ ચાર માર્ગીય, સેવાલીયા–ઉમરેઠ–વાસદ રોડ ૬૮ કરોડ રૂપિયા અને ચાર માર્ગીય કરવાનો, જુનાગઢ–ધોરાજી રોડ ૬૩ કરોડ રૂપિયા ચાર માર્ગીય કરવાનો, જામનગર–ખંભાળીયા–દ્વારકા રોડ ૧૬૨ કરોડ ૧૦ મીટર કરવાનો, ડભોઇ–બોડેલી–અલીરાજપુર રોડ ૧૯૬ કરોડ ૧૦ મીટર કરવાનો, વાંસદા–ધરમપુર–અંભેટી–વાપી રોડ ૧૪૪ કરોડ અને ૧૦ મીટરનો રસ્તો કરવાનો છે. ગુજરાત રોડ મેનેજમેન્ટ સિસ્ટમની અગત્યતા તથા ઉપયોગિતા વિશ્વ બેંક ઇન્ડિયન રોડ કોંગ્રેસ દ્વારા પણ નોંધ લેવાયેલ છે. આ સિસ્ટમથી રસ્તાઓનું આગોતરું સુવ્યવસ્થિત આયોજન તથા રસ્તા અને પુલોની મરામત અને જાળવણીની કામગીરીને વૈજ્ઞાનિક પદ્ધતિથી અગ્રીમતા નકકી કરી શકાય છે. આપણે આના આધારે, ડેટાબેઝના આધારે અગ્રીમતા કયા રસ્તાને આપવી જોઇએ તે આના ઉપરથી નકકી કરીએ છીએ. મને કહેતાં આનંદ થાય છે કે મહારાષ્ટ્ર સરકારે આ સિસ્ટમની માગણી કરી છે. ગુજરાત સરકારે એકપણ રૂપિયો લીધા વગર આ સિસ્ટમ તેમને આપી છે. નહીંતર આપણે પૈસા લઇ શકીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૨–૧૩ના આયોજનમાં મકાનો બાંધવા માટે ૧૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે, જેમાં ૧૮ તાલુકા મથકોએ તાલુકા સેવા સદનો બનાવવામાં આવશે. એમાં દહેગામ, કપડવંજ, ખેડબ્રહ્મા, કડી, જસદણ, ઓલપાડ, ઉપલેટા, ધોરાજી, મહૂવા, વિજયનગર, પ્રાંતીજ, ખેડા, નસવાડી, લુણાવાડા, વાપી, વાંસદા, સંખેડા અને કોડીનારની અંદર આ મકાનો તૈયાર થઇ જશે. માનનીય અધ્યક્ષશ્રી, અન્ય વિભાગોની વાત હું કરતી નથી કારણ કે, શિક્ષણ વિભાગના મકાનો પણ અમારે જ બાંધવાના હોય છે, પણ એક વાત જયારે પાટનગર યોજનાની વાત આવી છે ત્યારે આજનું ગાંધીનગર વાયબ્રન્ટ નગર બનાવવા માટે માનનીય નરેન્દ્રભાઇ મોદી બહુ જ પ્રયાસ કરી રહયા છે, જેમાં મહાત્મા મંદિર, સ્વર્ણિમ પાર્કની સાથે સાથે સાબરમતીના કિનારે પંચામૃત ભવનનો પણ વિકાસ થવાનો છે. માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર ભલે J N N U R Mમાં ગાંધીનગરનો સમાવેશ ન કરે પણ રાજય સરકારે તો પોતે આયોજન કર્યું જ છે કે પાટનગરનો પણ સર્વાંગી વિકાસ અને ધબકતું નગર બનાવવા ચાહીએ છીએ. માનનીય અધ્યક્ષશ્રી, પાટનગરની યોજના ૧૮૦ કરોડની જોગવાઇ માર્ગ અને મકાન વિભાગે કરી છે અને શહેરી વિકાસ વિભાગે ૩૮.૭૦ કરોડની જોગવાઇ કરી છે, અને બધા કામો હવે તબકકાવાર કરવાના છીએ. મહાત્મા મંદિરનો બીજો તબકકો જેમાં સોલ્ટ માઉન્ટ, ગાંધી ગાર્ડન,

કેબલ સ્ટેન્ડ બ્રીઝ વગેરે બનશે, ૨૫૦ કરોડના ખર્ચે, સચિવાલય ખાતે વિધાનસભા અને સચિવાલયના બ્લોકની વચ્ચે ૧૪૦ કરોડના બે બ્લોક બનાવવાનું કામ શરૂ થઇ ગયું છે, જિલ્લા કક્ષાની કચેરીઓ માટે બહુમાળી મકાન ૨૫ કરોડના ખર્ચે અને ગાંધીનગરની અંદરથી જે ઝૂપડાંઓ હટાવ્યા, એ વિવેકાનંદ નગર બનાવવાનું કામ શરૂ થયું છે, જેની પાછળ ૪૧ કરોડનો ખર્ચ આપણે કરવાના છીએ, ગાંધીનગર કોબા હાંસોલ એક્સપ્રેસ વે ૭૫ કરોડ અને ગાંધીનગર હાંસોલ રસ્તા પર હાંસોલ બ્રિજને છ માર્ગીય કરવા માટે ૪૫ કરોડની જોગવાઇ રાજય સરકારે કરી છે, આ બધું જ કામ કરવા માટે મહેકમ જોઇએ,અને એટલે ૪૮૭ ટેકનીકલ માણસોની ભરતી થઇ ગઇ છે, ૧૫ નોનટેકનીકલ માણસોની ભરતી થઇ ગઇ છે અને ૨૯૩ ટેકનીકલ માણસોને ભરવા માટે જીપીએસસી અને સીલેક્શન કમિટી સામે આ કામ ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું મારા મહેસૂલ વિભાગ ઉપર આવીશ. મારે આ સન્માનનીય ગૃહને એટલી જ વાત કરવી છે કે, ૧૯૬૦થી માંડીને જે તે સરકારો આવી, અમારી સરકારે વીસ લાખ ચોરસમીટર જમીન આપી હોય કે આપની સરકારે દસ લાખ ચોરસ મીટર જમીન આપી હોય, આ કારણ એટલા માટે છે મિત્રો કે, છેલ્લા દસ વર્ષની અંદર ગુજરાતની અંદર જે રીતે આદ્યોગિક વિકાસ થઇ રહયો છે, એનું કારણ એ છે કે, ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ છે, સલામતી છે, રોડ અને રસ્તાઓ છે, પોર્ટ સુધીના રસ્તાઓ છે, રેલવે સુધીના રસ્તાઓ છે, સીક્સ લેન રસ્તાઓ છે, ફોરલેન રસ્તાઓ છે, અને એક જમાનાની અંદર અમદાવાદમાં સવારે અને સાંજે માત્ર બે ટાઇમ ફલાઇટો આવતી હતી, આજે પચાસ ફલાઇટ આવી રહી છે ગુજરાતની અંદર, અમદાવાદની અંદર, જોઇએ એટલું પાણી મળે છે, વીજળી મળે છે, પ્રોએકટીવ ગવર્નમેન્ટ છે, અને ગુડ ગવર્નન્સ છે. પારદર્શક રીતે જમીનની કિંમત ગણાય છે, D L P C અને S L P C દ્વારા જમીનની કિંમત ગણાય છે, માનનીય અધ્યક્ષશ્રી, એ ઉપરાંત નામદાર સુપ્રીમ કોર્ટે પણ ગુજરાતની સંપાદન નીતિને વખાણી છે, જે તે સમયે ગૌચરની જમીન આપી ત્યારે વધારાની ગૌચરની જે જમીન આપી હોય ત્યારે ૩૦ ટકા વધુ રકમ પણ આ જ સરકારે લીધી છે, ભૂતકાળની અંદર આ નથી લેવાયું , માનનીય અધ્યક્ષશ્રી, જમીનો કેવી રીતે અપાતી હતી એનો પણ મારે અહીં ઉલ્લેખ કરવો છે અને મારી પાસે પુરાવા છે જ, એટલે કોઇ ઉભું થઇને એમ ના કહે કે પુરાવા રજૂ કરો, આ પુરાવા છે, અને અમારા માનનીય અધ્યક્ષશ્રી, માગશે તો હું પુરાવા રજૂ કરીશ. માનનીય અધ્યક્ષશ્રી, જમીન આપ્યા પછી ભાવ નકકી થતા હતા, જમીનનો ઓર્ડર થયા પછી જમીનના ભાવ નકકી થતા હતા અને અભિપ્રાયો પણ પાછળથી લેવાના, પહેલાં કોઇ અભિપ્રાય નહીં મેળવવાનો, ઓર્ડર કરી દેવાનો કે હવે અભિપ્રાય મેળવી લો, અને માગી હોય ૧૫૦ એકર અને આપી હોય ૩૦૦ એકર, એવા પણ પુરાવાઓ આની અંદર છે.• (xxxxx)૧૫૦ એકરના બદલામાં ૩૦૦ એકર જમીન.

અધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે અગાઉ પણ રદ કરેલા છે, એ પાછા ખેંચી લો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કાઢી નાખો, મને ખબર જ હતી, માનનીય અધ્યક્ષશ્રી, અહીં તો જમીનની કિંમત પહેલાં D L P C નકકી કરે છે, ત્યાર પછી S L P C થાય છે, ત્યાર પછી કેબીનેટની અંદર આવે છે અને અને કેબિનેટ એને મંજૂર કરે છે ત્યારે તમારા સમયમાં માત્રને માત્ર એક વ્યકિત નાયબ નગરનિયોજક ભાવ નક્કી કરતા હતા. કોઇ ડી.એલ.વી.સી. ન હતી કે કોઇ એસ.એલ.વી.સી. પણ ન હતી અને એ પણ ભાવ તમે નક્કી કરતા હતા કે ૧ રૂપિયાની અંદર આ જમીન આપી દેવી એના પુરાવા આની અંદર છે, હું વાત નથી કરતી કે કોણે કોણે કર્યું છે. આ પ્રમાણે આ મહેસૂલ વિભાગ ચાલતો હતો. ((અંતરાય)) આ રહ્યો પુરાવો, આ રહ્યો પુરાવો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકાની વાત અહીં ઘણાં બધાએ કરી છે પણ હું લાંબુ એમાં કહેવા નથી માગતી. આ ૨૨૫ તાલુકાઓમાં જનસેવા કેન્દ્રોમાં ૧૫૬થી પણ વધુ સેવાઓ આપવામાં આવી રહી છે અને એમાં ૧૬-૩-૨૦૧૨ સુધીમાં ૧૯,૮૧,૬૩૬ અરજીઓ પ્રાપ્ત થઇ અને એમાંથી ૧૮,૪૧,૬૯૮ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આ બતાવે છે કે જનસેવા કેન્દ્ર પબ્લિક

---

**• (xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

માટે કેટલા ઉપયોગી છે. ૧૫ થી ૨૦ ગામોનો એક સમૂહ બનાવી અને ક્લસ્ટર બનાવ્યા છે અને આ ક્લસ્ટરના જે ઇન્ચાર્જો છે એ ગામની અંદર જઇને એ ગામની બધા જ પ્રશ્નોની જાણકારી મેળવે છે આવીને જે તે વિભાગને ફોન કરે છે અને એ વિભાગને લખીને મોકલી આપે છે જેથી એ પ્રશ્નોનો નિકાલ થાય છે. આ પ્રકારની એક એ.ટી.વી.સી. આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકોની એક વિધિ શરૂ કરવામાં આવી છે. રીસર્વેની વાત અહીં અમારા અર્જુનભાઇ મોઢવાડીયાએ કરી છે. ૨૦૦૯માં યોજના શરૂ થઇ, ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. જામનગર, પાટણ, ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, કચ્છ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર, વડોદરા અને તાપી એની અંદર રીસર્વેની શરૂઆત થઇ છે અને આ ૧૨ જિલ્લાને એની અંદર આવરી લેવા માટે નાણાકીય વ્યવસ્થામાં ૧૨૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. મારે એ વાતનો આજે ઉલ્લેખ કરવો છે કે આ રાજય સરકાર જે કામ કરી રહી છે એમાં અમે એક મહત્વનો ઐતિહાસિક નિર્ણય લીધો છે એમાં અત્યાર સુધી ૭ અને ૧૨ એટલે કે ૭/૧૨ બે ભેગુ અપાતું હતું આપણે નંબર ૭ને જુદું કરીએ છીએ અને નંબર ૧૨ને પણ જુદું કરીએ છીએ. આવો એક ઐતિહાસિક નિર્ણય રાજય સરકારે લીધો છે. હું તો નમૂનો બતાવવા માટે લઇ આવી છું, આ જે પીળો ભાગ દેખાય છે એ એની જમીનની ચતુર્ દિશામાં શું આવેલું છે એ બતાવે છે, એનો સર્વે નંબર કયો છે એ બતાવે છે, એના નંબરો, કબજેદારના નામો બતાવે છે, એનું ક્ષેત્રફળ બતાવે છે, જૂની શરત છે કે નવી શરત છે, ગણોતિયો, ક્યો તાલુકો, જૂની શરત, નવી શરત ખેતીલાયક આ બધી જ બાબતોનો ઉલ્લેખ આની અંદર કરવામાં આવ્યો છે અને નંબર ૧૨ એ અલગ કરવામાં આવશે, એ કરી રહ્યા છીએ. ખેતી વિભાગ, કૃષિ વિભાગ એની અંદર જે પાણી પત્રક વગેરે લખવાનું છે એ એની અંદર આવશે. માનનીય અધ્યક્ષશ્રી, આ એક મહત્વનો નિર્ણય રાજય સરકારે કર્યો છે અને પ્રાંતિજમાં કેટલાક ખેડૂતોને મેં સ્વયં જઇને આ પ્રકારેના નમૂનાઓ આપી દીધા છે અને ગામના લોકો ખુશ ખુશાલ હતા કે આ સારું કામ કર્યું. માનનીય અર્જુનભાઇએ કહ્યું કે કાલાવાડમાં કેટલા બધા વાંધા આવ્યા. કાલાવાડમાં શરૂઆત થઇ જામનગર જિલ્લામાં તો ૧૧.૬૪ ટકા વાંધા આવ્યા અને ધીરે ધીરે કરીને લોકો સમજતા થયા ત્યારે દ્વારકામાં કામગીરી શરૂ થઇ ત્યારે ૨.૭૬ ટકા વાંધાઓ આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, એમણે પોઇન્ટ્સની વાત કરી કે પ્રાઇમરી પોઇન્ટ્સ ૪૩, સેકન્ડરી પોઇન્ટ્સ ૬૦૩ અને નર્સરી ૮૪૨૪ કરવામાં આવ્યા છે. હું તો આપને વિનંતી કરું છું કે જોવા માટે જાવ. માનનીય અધ્યક્ષશ્રી, આંધ્રની વાત કરતા હતા, એન.એલ.આર.એમ.પી. યોજના હેઠળ આંધ્રપ્રદેશે માપણી કરેલી જ નથી. એટલે પહેલા તો આપણા ધ્યાને રહે. માત્ર ગુજરાત રાજયે શરૂઆત કરી છે. આંધ્રપ્રદેશ સહિત અન્ય રાજયો અત્રે થઇ રહેલ માપણી જોવા માટે આવ્યા છે અને તમે એમ કહ્યું કે આંધ્રપ્રદેશે સૌથી પહેલી શરૂઆત કરી. ક્યાંથી લાવ્યા આ માહિતી? એ તો આંધ્રપ્રદેશ અહીં જોવા આવ્યું છે અને ચારથી પાંચ રાજયોએ મુલાકાત લીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત ચારથી પાંચ રાજયોએ મુલાકાત લીધી અને ભારત સરકારે ડિપાર્ટમેન્ટ ઓફ લેન્ડ રીસોર્સની વેબસાઇટ ઉપર ગુજરાતમાં ટેન્ડર ડોક્યુમેન્ટ આધારીત મોડેલ ડોક્યુમેન્ટ મૂકેલા છે. મારા ડોક્યુમેન્ટ્સ ત્યાં મૂક્યા છે, અન્ય રાજયોની જેમ એરિયા સરવેના બદલે સ્થળ પર ખાતેદારની હાજરીમાં ઇ.ટી.એસ. અને જી.પી.એસ. થી સરવે કરવામાં આવે છે. બીજી વાત કરી પૈસા ફાળવવાની, જામનગરની અંદર અત્યારસુધીમાં જે ખર્ચ થયો એ ૧૧૭૩ લાખ રૂપિયા થયો, સાબરકાંઠામાં ૨૩૮ લાખ રૂપિયા થયો, અમદાવાદની અંદર ૪૨૧ લાખ રૂપિયા થયો, જામનગરમાં માત્ર શરૂઆત હતી અને એટલા માટે કન્સલ્ટન્સી આપણે રાખી હતી અને પાયલોટ પ્રોજેકટને કારણે ૧૭૦ લાખનો ખર્ચ એની પાછળ આપણે કરવો પડ્યો છે, ત્યાર પછી કોઇ જિલ્લાની અંદર આવા કન્સલ્ટન્ટ આપણે નિમ્યા નથી અને આપણે નિમવા પણ માગતા નથી, બીજી વાત એમણે એમ કરી કે શહેરી જમીન ટોચમર્યાદાની ફાજલ થતી જમીનના ૨૫ ચો.મી.ના પ્લોટ આપણે આપતા હતા, વગર પૈસે મકાન આ બધા ગરીબ લોકો બનાવી ના શકે અને એના ઉપર દબાણો થઇ ગયા, વેચી નાંખ્યા બધા લોકોએ, હવે ૨૦૦૧ પછી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને "શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના" બનાવી અને એમાં વડોદરા માટે ૧,૬૧,૯૭૭ ચોરસમીટર જમીન આપી, અમદાવાદમાં ૨,૯૯,૩૭૧ ચોરસમીટર જમીન આપી, દાણીલીમડામાં ૩૧૬૮૭ મકાનો બનાવ્યા, ૨૦૮૪૨ બહેરામપુરામાં બનાવ્યા, સુરતમાં ૭૪૮૫૪ ચોરસમીટર જમીન આપી, જમીન આપી પણ મકાન તો બનાવવાના હતાને એ બનાવતા કોણે રોક્યા હતા

તમને? આ સરકારે જમીનો ઉપર મકાનો બનાવ્યા, આવાસ બનાવ્યા, ગાર્ડન આપ્યા, શાળાઓ આપી અને એમને આંગણવાડીઓ પણ આપી, એવા સુંદર મકાનો, સ્વર્ણિમ કોલોનીઓ આ રાજય સરકારે બનાવી છે, ઇ–જમીન, ઇ–જમીનનો પ્રોજેક્ટ ખેડૂત પોતાની જમીનનો માલિક બન્યો છે, ત્યારે આંગળાની છાપ, ચહેરાનો ફોટો, આ બન્ને પણ મેળવવામાં આવ્યા છે અને કમ્પ્યુટર ડેટા બેઝમાં સંગ્રહ કરવામાં આવ્યો છે, ખેડૂત પોતાની જમીન કોઇને વેચવા જશે તો પ્રથમ કચેરીમાં તેના આંગળાની છાપ અને ચહેરાનો ફોટો ઓળખ તરીકે લેવામાં આવશે અને ત્યારબાદ ખાતેદારનો ફોટો અને ફીંગરપ્રિન્ટ કેપ્ચર કરવામાં આવશે. એમાં સ્ટેમ્પ ડ્યૂટી કેટલી ભરવાની થશે એની ગણતરી પણ ખેડૂત ખાતેદાર જાતે જ કરી શકશે, એનાથી પારદર્શકતા આવી છે અને ખરીદ કરનારના નામે દસ્તાવેજની નોંધણી થાય છે. ૩૨ ટકા જેટલું કામ ખેડૂત ખાતેદારના ફોટા વિગેરે લેવાનું પૂર્ણ કરી દીધું છે, એ ઉપરાંત આ જ ઇ–જમીન પ્રોજેક્ટને ઇન્ટીગ્રેટેડ ઇ–ગવર્નન્સ પ્રોજેક્ટ તરીકે પણ અમે આગળ ધપાવવા માગીએ છીએ અને એમાં શહેરી જમીનો અને મિલકતના મિલકત કાર્ડ પણ કમ્પ્યુટર પર તૈયાર કરીને આપવાની શરૂઆત થઇ છે અને અત્યારસુધીમાં ૨૩ લાખ કાર્ડ અમે આપી દીધા છે,

બીજી ઘણી બધી બાબતો છે, ગણોતધારામાં જે સુધારાઓ કર્યા છે એની વાત હું નથી કરતી, કારણકે ટુકડાધારો, મારી તો વિનંતી છે કે ટુકડાધારાનું બિલ જે અહીં મંજૂર કર્યુ આપણે પણ કેન્દ્રમાંથી નામંજૂર થઇને આવ્યું છે, આવા જે કામો થઇ રહ્યા છે એમાં તો હું આપને કહુ છું કે આપ પણ અમને મદદ કરો આની અંદર, એ જ રીતે મુંબઇની ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેના એકત્રીકરણ બાબતનો અધિનિયમ, ૧૯૪૭ના અમલીકરણમાં કલમ–૭, ૯ અને ૩૧માં આપણે સુધારા કર્યા, ખેડૂત હોય તેવી કોઇપણ વ્યક્તિને ટુકડાની જમીન તબદીલ કરી શકશે એવી જોગવાઇ પણ આપણે એની અંદર કરી છે અને બાજુવાળાને જમીન તબદીલ થશે તો ટુકડાની જમીન લાગુ જમીનમાં ફરજિયાત એકત્રિત કરવાની રહેશે એ પ્રમાણે આપણે સુધારો કર્યો, એ ઉપરાંત એકત્રીકરણ યોજના અમલમાં મૂકાયેલ હોય તેવી જમીનોના બ્લોક વિભાજન માટેની મંજૂરી કલેકટર પાસેથી મેળવવાની જોગવાઇના બદલે ટૂકડો પડે તેવી રીતેની તબદીલી થઇ શકશે નહિ એવી જોગવાઇ પણ કરવામાં આવી છે, કૂવા, ધોરિયા માટે જમીનો અમે પણ આપતા હતા, તમે પણ આપતા હતા, પરંતુ એ જમીનનો ભાવ ગણવામાં ઘણીવાર વર્ષો વિતી જતા હતા, પરંતુ એટલા માટે રાજય સરકારે એસ.એલ.પી.સી. અને ડી.એલ.પી.સી. થી એનો ભાવ ન ગણતાં જંત્રીના આધારિત ભાવ ગણી અને કલેકટર જ એને ત્યાં મંજૂરી આપી દે એવી એક સરળ વ્યવસ્થા પણ આ ખેડૂતો માટે રાજય સરકારે વિચારી છે. તત્કાળ યોજના અને ઓનલાઇન બિનખેતી પણ આપણે કરી રહ્યા છીએ અને એસ.આઇ.ટી. આ રાજય સરકારે જે ભૂમાફિયાઓ હતા અને એક સામાન્ય ખેડૂત, ગરીબ ખેડૂતની જમીનો પડાવી જવા માટેના પ્રયત્નો કરતા હતા એના ઉપર પણ કન્ટ્રોલ કરવા માટે, નિયંત્રણ કરવા માટે જિલ્લા જમીન તકેદારી સમિતિની રચના આપણે કરી. અને તેની અંદર અત્યાર સુધીમાં લગભગ એક હજાર જેટલાં કેસો જુદા જુદા જિલ્લાઓની અંદર આવ્યાં. સાહેબ, આપણે તપાસ કરી અને તપાસ કરીને ૨૨૭ની સામે એફ.આઇ.આર. દાખલ કરી છે. ૧૫૨ ઇસમોની ધરપકડ કરવામાં આવી છે અને તેમને જેલમાં મોકલવામાં આવ્યાં છે અને ૫૨ કેસોની અંદર તપાસ ચાલુ છે અને આટલી કડકાઇ જયારે આપણે શરૂ કરી છે ત્યારે ધીરે ધીરે કરીને આવા કૌભાંડો ઓછાં થવા માંડયા છે. જયારે રાજય સરકાર આપત્તિ વ્યવસ્થાપનનું કામ કરે છે અને અમારા ઘણાં ધારાસભ્યશ્રીઓએ તેમની વાત અહીં કરી છે એટલે તે વાતનું હું પુનરાવર્તન અહીંયા કરવા માગતી નથી. મહેસૂલી મકાનો જે અમે બનાવવાના છીએ તેમાં અત્યાર સુધીમાં ૩૨ મામલતદાર કચેરીઓ, ૩ પ્રાંત કચેરીઓ એમ ૩૫ કચેરીઓનું કામ અમે પૂર્ણ કર્યુ છે. અને ૨૪ મામલતદાર કચેરી ૭ પ્રાંત અને ૪ કલેકટર કચેરી અને એક સર્વે ભવનનું બાંધકામ પ્રગતિમાં છે. (સમય–સૂચક ઘંટડી) અને હવે ૨૦૧૨–૧૩માં ૭૯ મહેસૂલી કચેરીઓનું બાંધકામ કરવા માટે ૧૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ રાજય સરકારે કરી છે.

અધ્યક્ષશ્રી : એક જ મિનિટમાં પૂરું કરો પ્લીઝ.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ચારેય વિભાગોના જવાબો મેં અહીંયા આપવાની પૂરેપૂરી કોશિશ કરી છે અને જે સિધ્ધાર્થભાઇએ વાત કરી તેમાં ૨૦૧૧ના રોજ જિલ્લા પંચાયતની ભલામણથી ટેન્ડર જ મંજૂર કર્યા છે. ૭-૧નો વર્ક ઓર્ડર આપ્યો છે. સમય-મર્યાદા અગિયાર માસની છે. કેટલીક જગ્યાએ એમને ચૂંટણી નડી છે અને એટલા માટે એ સમય-મર્યાદાની અંદર કામ નથી કરી શકયા, હવે કામ શરૂ થશે. તેના ધારાસભ્ય ચંદુભાઇ ડાભી છે. અને આપણે જે વાત કરી કોઇ પૈસાની માગણીઓ કરતા હતા તો તેમાં આપ નામ આપશો કે આ માગણીઓ કરતા હતા તો મારી જવાબદારી છે તેમને બોલાવીને પૂછવાની અને આપની સામે એ વાત કરવાની. બાકી કોઇ ધારાસભ્યશ્રીઓએ જે માગણીઓ કરી છે તેમને મારે એટલી જ વાત છે કે આપના ઘણાં બધા રોડ આજે પણ મંજૂર થયા છે, ગઇકાલે પણ મંજૂર થયા છે. આપ મારી ઓફિસમાંથી આવીને લઇ જશો તો મને આનંદ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન ટૂંકાવો.

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : આપની જે કાપ દરખાસ્તો છે તે કાપ દરખાસ્તો હું પાછી ખેંચવા માટે ધારાસભ્યશ્રીઓને વિનંતી કરું છું અને મારું બજેટ સર્વાનુમત્તે પાસ કરવા માટે વિનંતી કરું છું.

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારે એક પ્રશ્ન પૂછવો છે કે, તાજેતરમાં સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં ગૌચર લેન્ડ બચાવવા માટે જે ચૂકાદો આપેલ છે તે ચૂકાદા પછી રાજય સરકારે ગૌચર લેન્ડ બચાવવા કેવા પ્રકારના પગલાંઓ ભરેલાં છે ?

શ્રીમતી આનંદીબેન મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી કોઇને પણ ગૌચર આપ્યું નથી અને તેને બચાવવા માટેના આપણે પૂરાં પ્રયાસ કરીએ છીએ.

**કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫, ૭ થી ૧૩, ૧૫ થી ૧૭, ૧૯ થી ૨૨, ૨૪ થી ૨૯, ૩૧ થી ૪૨, ૪૪, ૪૬ અને ૪૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંકઃ ૭૬, ૭૮, ૭૯, ૮૫, ૮૬, ૮૭ અને ૧૦૫ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૬-૫૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨**
**ચૈત્ર ૧, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક ૧.

શ્રી સિદ્ધાર્થ ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી......

શ્રી વજુભાઇ વાળાઃ માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્નોતરીમાં શેના માટે વાત કરી રહ્યા છે?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નોત્તરીનો સમય છે. આપ બધા બેસી જાઓ, પ્લીઝ, બધા બેસી જાઓ.

**(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા કાગળો હાથમાં લઈ અને પ્રદર્શન કરવામાં આવ્યું.**

અધ્યક્ષશ્રી : આપ બેસી જાઓ, આ પ્રશ્નોત્તરીનો સમય છે. અને સભાગૃહમાં આ રીતે પ્રદર્શન કરી શકાતું નથી. પલીઝ બેસી જાઓ. પ્રશ્ન ક્રમાંક ૧, માનનીય બાબુભાઇ.

**શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ)** : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંક ૧.

**અમદાવાદ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

* **૨૮૯૫૯ શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ)** : **માનનીય સામાજીક ન્યાય અને** અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) અમદાવાદ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી,
(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને
(૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી?

**સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રીઃ**
(૧) ૨૩૩૧.
(૨) ૧૯૧૨.
(૩) ૧૯૧૨.

# સૂત્રોચ્ચાર અને દેખાવો

**(સભ્યશ્રી બાબુભાઇ જ. પટેલ અગ્રતાક્રમ–૧ નો પૂરક પ્રશ્ન પૂછી રહયા હતા તે તબકકે સભાગૃહમાં ઉપસ્થિત રહેલ વિરોધપાક્ષના સભ્યશ્રીઓએ નગ્ન તસ્વીર જોનારાને ડીસમીસ કરો ડીસમીસ કરો ના સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા)**

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આ પ્રશ્નોત્તરીનો સમય છે અને આપના સભ્યશ્રીઓને આપ બેસાડો, પ્રશ્નોત્તરીના સમય દરમિયાન કોઇ બીજો પ્રશ્ન ઉપસ્થિત કરી શકાતો નથી. પ્લીઝ, આપ બેસી જાઓ. (સતત સૂત્રોચ્ચાર ચાલુ રહેતા)

અધ્યક્ષશ્રી : હું સભાગૃહ એક કલાક માટે મુલતવી રાખું છું. (બપોરના ૧૨.૦૨)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૦૧–૦૨ કલાકે ફરી મળી**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન**

૨૯૦૩૮ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલા સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઇઝેશન થયું અને | (૧) કોઈ સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન થયેલ નથી. |
| (૨) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**સુરત જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૮૯૭૦ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ તાલીમ લોન યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૦૩. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૦૨. |
| (૩) કેટલા લાભાર્થીઓને લોન આપવામાં આવી? | (૩) ૦૨. |

---------

**અમદાવાદ જિલ્લામાં કાર્યરત સરકારી છાત્રાલયો**

૨૮૯૬૬ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, | (૧) ત્રણ સરકારી છાત્રાલયો અને એક આદર્શ નિવાસી શાળા કાર્યરત છે. |
| (૨) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં ઉક્ત છાત્રાલયો અને શાળાઓમાં કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને | (૨) છાત્રાલયોમાં ૧૫૦ કન્યાઓને અને નિવાસી શાળામાં ૯૩ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો. |
| (૩) આ કન્યાઓને સરકારી છાત્રાલયો અને આદર્શ નિવાસી શાળાઓમાં શી સવલતો આપવામાં આવે છે? | (૩) છાત્રાલય ખાતે કન્યાઓને વિના મૂલ્યે રહેવા–જમવાની સુવિધા તથા રમતગમતના સાધનો, બુકબેંક, સામયિકો જેવી સુવિધાઓ તથા આદર્શ નિવાસી શાળાઓમાં કન્યાઓને વિના મૂલ્યે માધ્યમિક શિક્ષણની સાથોસાથ રહેવા જમવાની સુવિધા અને બે જોડી ગણવેશ, બુટ–મોજાં, પુસ્તકો અને સ્ટેશનરીની સુવિધા આપવામાં આવે છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો**

૨૮૯૯૦ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લા રોજગાર કચેરીમાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને | (૧) ૧૮૩૮૪. |
| (૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી? | (૨) ૧૨૦૪૭. |

---------

**રાજકોટ જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૯૦૨૫ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૪,૨૦,૩૪૬. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે.? | (૨) ` ૭,૩૫,૦૨,૪૫૦/– ની રકમ ચૂકવવામાં આવેલ છે. |

**નવસારી જિલ્લામાં વેટની આવક**

**188/p a g e >** ૨૯૦૦૮ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં નવસારી જિલ્લામાં વેટની આવક કેટલી થઈ, | (૧) ` ૧૦૭.૨૩ કરોડ. |
| (૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને | (૨) ` ૧૧.૫૫ કરોડ. |
| (૩) બાકી રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવામાં આવ્યા? | (૩) શકય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**કચ્છ જિલ્લામાં નોંધાયેલ વાહનો**

૨૯૦૭૬ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને | (૧) ૫,૫૫,૪૮૪. |
| (૨) વર્ષ–૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો? | (૨) ૫૬,૭૮૦ વાહનોનો વધારો થયો. |

---------

**મહેસાણા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૮૯૬૪ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ગણવેશ સહાય યોજનામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલા વિદ્યાર્થીઓને સહાય આપવામાં આવેલ છે, અને | (૧) ૩,૪૭,૯૧૪ |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) ` ૬,૦૮,૦૮,૬૦૦/– |

---------

## આણંદ જિલ્લામાં મફત તબીબી સહાય માટે મળેલ અરજીઓ

૨૯૧૮૮ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ અનુસૂચિત જાતિના લોકોને મફત તબીબી સહાય યોજના અંતર્ગત ટી.બી. રોગની સારવાર મેળવવા છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકા દીઠ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કેટલાને સહાય ચૂકવી અને કેટલાને સહાય ચૂકવવાની બાકી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | આણંદ | ૪૬ |
| ૨ | ઉમરેઠ | ૧૮ |
| ૩ | બોરસદ | ૩૨ |
| ૪ | આંકલાવ | ૨૪ |
| ૫ | પેટલાદ | ૫૮ |
| ૬ | સોજીત્રા | ૩૨ |
| ૭ | ખંભાત | ૧૩૦ |
| ૮ | તારાપુર | ૪૫ |
| | કુલ | ૩૮૫ |

(૨) ૩૮૩ દર્દીઓને સહાય ચૂકવેલ છે. ૨ (બે) અરજીઓ વધુ આવક હોવાથી નામંજૂર કરેલ છે. કોઈ દર્દીને સહાય ચૂકવવાની બાકી નથી.

## પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ બેરોજગારો

૨૮૯૯૨ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લા રોજગાર કચેરીમાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કેટલા બેરોજગારોની નોંધણી થયેલ છે, અને

(૨) વર્ષ દરમ્યાન કેટલા ઉમેદવારોને રોજગારી મળી ?

**જવાબ**

(૧) ૧૮૩૮૪.

(૨) ૧૨૦૪૭.

## પ્રાચીન સ્મારકોના વિકાસ માટે લીધેલ પગલાં

૨૯૧૨૫ **ડાં. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા રાજ્યમાં આવેલ પ્રાચીન સ્મારકોના વિકાસ માટે શી કાર્યવાહી કરવામાં આવી ?

**જવાબ**

તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા રાજ્યમાં આવેલ પ્રાચીન સ્મારકો પૈકીના ૩૪ પ્રાચીન સ્મારકોનાં વિકાસ માટે કુલ ` ૫૬,૪૪,૦૮૭ ના ખર્ચે જરૂરિયાત વાળા સ્મારકોનાં પુરારક્ષણ કાર્ય, રાસાયણિક માવજત, કલરકામ, કંપાઉન્ડ વોલનું બાંધકામ, લોખંડની જાળી, ફલોરીંગનું કામ પથ્થરોનું રીસેટીંગ, જનરલ સાફ–સફાઈ તેમજ ચોકીદાર ક્વાર્ટરની મરામતની કામગીરી કરવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લામાં નોંધાયેલ વાહનો

૨૯૦૭૮ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ–૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) ૫,૫૫,૪૮૪.

(૨) ૫૬,૭૮૦ વાહનોનો વધારો થયો.

## સુરેન્દ્રનગર જિલ્લામાં નોંધાયેલ વાહનો

૨૯૦૮૪ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ–૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો ?

**જવાબ**

(૧) ૨,૩૯,૩૦૩.

(૨) ૨૯,૫૭૦ વાહનોનો વધારો થયો.

---------

## રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમ કરવા કલાકારોને અપાતી સુવિધા

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

૨૯૧૨૧ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર–કાઝીપુર) : માનનીય રમત–ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કલાવૃંદોને રાજય બહાર અને વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે,

(૨) રાજય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતાં કલાકારોને રાજય સરકાર તરફથી શી સુવિધા આપવામાં આવે છે, અને

(૩) યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને આ યોજના હેઠળ ૩૧–૧૨–૨૦૧૧ની સુધીમાં કેટલી અરજીઓ મળી ?

**જવાબ**

(૧) રાજય બહાર ૫૨ કલાવૃંદોને કુલ ૬૫ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે તથા વિદેશ ખાતે ૦૨ કલાવૃંદોને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે મંજૂરી આપવામાં આવી છે,

(૨) રાજય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતા કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રવાસ ખર્ચ, દૈનિક ભથ્થુ, કાર્યક્રમ પુરસ્કાર, ડ્રેસ ભાડું, જેવી સુવિધા આપવામાં આવે છે.

(૩) ૧૨૩ અરજીઓ મળેલ છે.

---------

**190/p a g e > ભરૂચ જિલ્લામાં નિરાધાર વૃધ્ધ અપંગ સહાય અંતર્ગત મળેલ રજૂઆત**

૩૦૦૧૧ **શ્રી ઈકબાલ પટેલ( વાગરા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તાલુકાવાર–નિરાધાર–વૃધ્ધ–અપંગ સહાય અંતર્ગત ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન મેળવનારાઓની કેટલી સંખ્યા છે, અને

**જવાબ**

(૧) ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન મેળવનારની સંખ્યા

| ક્રમ | તાલુકાનું નામ | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૪૦૭ |
| ૨ | જંબુસર | ૨૦૮૬ |
| ૩ | આમોદ | ૧૦૮૮ |
| ૪ | વાગરા | ૫૧૮ |
| ૫ | અંકલેશ્વર | ૮૩૧ |
| ૬ | હાંસોટ | ૨૯૫ |
| ૭ | વાલીયા | ૧૨૧૦ |
| ૮ | ઝગડીયા | ૫૫૩ |
| | **કુલ** | **૭૯૮૮** |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવી સહાય મેળવવા કેટલી અરજીઓ મળેલ અને કેટલી મંજૂર કરવામાં આવી ?

(૨) ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શનની મળેલ અરજીઓ અને મંજુર કરેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજી | મંજુર અરજી |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૮૬ | ૧૭૬ |
| ૨ | જંબુસર | ૧૦૨૮ | ૮૦૬ |
| ૩ | આમોદ | ૩૧૯ | ૨૫૪ |
| ૪ | વાગરા | ૩૦ | ૨૫ |
| ૫ | અંકલેશ્વર | ૨૮ | ૨૮ |
| ૬ | હાંસોટ | ૪ | ૨ |
| ૭ | વાલીયા | ૩૨૪ | ૩૨૪ |
| ૮ | ઝગડીયા | ૧૪૩ | ૧૪૩ |
| | **કુલ** | **૨૦૬૨** | **૧૭૫૮** |

**જામનગર જિલ્લામાં વેટની આવક**

૨૯૦૦૩ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ૨૦૧૧ના વર્ષમાં જામનગર જિલ્લામાં વેટની આવક કેટલી થઈ,

(૨) કેટલી રકમ વસૂલ કરવાની બાકી છે, અને

(૩) બાકી રકમ વસૂલ કરવા માટે શાં પગલાં લેવામાં

**જવાબ**

(૧) ` ૧૯૮૬.૩૩ કરોડ.

(૨) ` ૨૭૭૯.૧૫ કરોડ.

(૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા

| | |
|---|---|
| આવ્યા ? | કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

**પ્રાચીન સ્મારકોના વિકાસ માટે લીધેલ પગલાં**

૨૯૧૨૬ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા રાજ્યમાં આવેલ પ્રાચીન સ્મારકોના વિકાસ માટે શી કાર્યવાહી કરવામાં આવી ? | તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા રાજ્યમાં આવેલ પ્રાચીન સ્મારકો પૈકીના ૩૪ પ્રાચીન સ્મારકોના વિકાસ માટે કુલ ` ૫૬,૪૪,૦૮૭/- ના ખર્ચે જરૂરીયાત વાળા સ્મારકોનાં પુરારક્ષણ કાર્ય, રાસાયણિક માવજત, કલરકામ, કંપાઉન્ડ વોલનું બાંધકામ, લોખંડની જાળી, ફલોરીંગનું કામ પથ્થરોનું રીસેટીંગ, જનરલ સાફ-સફાઈ તેમજ ચોકીદાર ક્વાર્ટરની મરામતની કામગીરી કરવામાં આવેલ છે. |

**અમદાવાદ જિલ્લામાં લઘુત્તમ કરતા ઓછા વેતનની ચુકવણીના કિસ્સા**

૨૯૮૭૬ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ૨૦૧૦-૧૧ના વર્ષમાં લઘુત્તમ વેતન ભંગની ચૂકવણી કરવા અંગેના કેટલા કિસ્સાઓ શ્રમ આયુક્ત કચેરીના ધ્યાને આવ્યા, અને | (૧) ૩૭૮. |
| (૨) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ આ કિસ્સાઓ પૈકી કેટલા ઔધોગિક શ્રમયોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી ? | (૨) ૧૩૦૦. |

---------

**રાજકોટ જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૮૯૬૯ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં સાત ફેરા સમૂહ લગ્ન યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી. | (૧) ૮૨. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૬૬. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી ? | (૩) ૪૪. |

---------

**બક્ષીપંચના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ વખતે ચૂકવવાની શિષ્યવૃત્તિ**

૨૯૮૮૬ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં બક્ષીપંચ જાતિના વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ વખતે જ શિષ્યવૃત્તિ ચૂકવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજકોટ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) ` ૧૧,૪૮,૫૧,૯૩૦/-. |

---------

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ જિલ્લામાં મંજૂર થયેલ ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો**

૨૮૯૬૩ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨ માં અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં અનુસૂચિત જાતિના કેટલા ગ્રાન્ટ ઈન એઈડ છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૧) શૂન્ય. |
| (૨) તે પૈકી કેટલા કુમાર અને કન્યા છાત્રાલયો મંજૂર કરવામાં આવ્યા ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જૂનાગઢ આર.ટી.ઓ. કચેરીની આવક**

૨૯૦૧૧ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આર.ટી.ઓ. જૂનાગઢની કચેરીને ૨૦૧૧ ના વર્ષમાં કુલ કેટલી રકમની આવક થઇ, | (૧) ` ૪૮.૦૫ કરોડ. |
| (૨) વર્ષ ૨૦૧૦ ના સંદર્ભમાં આવકમાં વધારો થયો કે ઘટાડો, | (૨) વધારો. |
| (૩) જો આવકમાં વધારો થયો હોય તો કેટલી રકમનો, અને | (૩) ` ૧૦.૩૪ કરોડનો. |
| (૪) ઘટાડો થયો હોય તો તેના કારણો શાં છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**બનાસકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલા ડ્રાઈવીંગ લાયસન્સો**

૨૯૦૬૦ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧ ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૨૦,૯૩૯ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા. |
| (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે શા સુધારા કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |
| (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે શા પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે આઇ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઇઝેશન સીસ્ટમ વિકસાવીને ક્લાઇન્ટ બેઇઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે. |

**અમરેલી જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

**192/p a g e >** ૨૯૧૫૦ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૧૪૩. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવી ? | (૨) ૧૪૩ કન્યાઓને ` ૩,૩૭,૦૮૬/– ની કીંમતી સાયકલો આપી. |

**કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો**

૨૯૦૫૪ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ ૨૦૧૧ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૪૩,૯૭૦ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવ્યા. |
| (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે શા સુધારા કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |
| (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે શા પગલાં લેવામાં આવ્યા છે ? | (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે આઇ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઇઝેશન સીસ્ટમ વિકસાવીને ક્લાઇન્ટ બેઇઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે. |

**રાજ્યમાં રોજગારી માટે ખાનગી કંપનીઓને આપેલ કોન્ટ્રાક્ટ**

૩૦૬૦૩ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સરકારી, અર્ધ સરકારી કચેરીઓમાં રોજગારી પૂરી પાડવા સરકારે કોઇ કંપની સાથે તાજેતરમાં કરાર કર્યો છે તે હકીકત સાચી છે, અને | (૧) શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા કોઇ કરાર કરવામાં આવેલ નથી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઈઝેશન**

૨૯૧૨૭ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કેટલા સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઇઝેશન થયું, અને | (૧) છેલ્લા એક વર્ષમાં કોઇ સરકારી ગ્રંથાલયોનું કોમ્પ્યુટરાઇઝેશન થયેલ નથી. |
| (૨) તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમો**

૨૮૯૮૫ **શ્રી ગુલસીંગભાઇ ૨. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ આવરી લેવાયેલ એકમોની સંખ્યા કેટલી છે, | (૧) ૧૪૪૧. |
| (૨) આવરી લેવાયેલ એકમોમાં કુલ કેટલી બેઠકોની ફાળવણી થયેલ છે, | (૨) ૬૮૮૪. |
| (૩) ફાળવણી થયેલ બેઠકો પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને | (૩) ૪૧૨૫. |
| (૪) જો જગ્યાઓ ખાલી રહેતી હોય તો ખાલી રહેવાના સામાન્યતઃ કારણો શાં છે ? | (૪) આકર્ષક રોજગારીની તકો ન હોય તેવા વ્યવસાયોમાં ઉમેદવારો એપ્રેન્ટીસ તરીકે જોડાતા નથી. |

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**આણંદ-ખેડા જિલ્લામાં ખેત મજૂરોને લઘુત્તમ વેતન કરતા ઓછા વેતન ચૂકવણીની ફરીયાદો**

૩૧૭૫૯ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ ખેતી કામમાં જોડાયેલ મજુરો માટે લઘુત્તમ વેતન કેટલું નક્કી થયેલ છે,

(૨) ખેત મજૂરોને ઓછુ વેતન મળવાના કિસ્સામાં મજૂર દ્વારા કોને ફરીયાદની જોગવાઇ છે,

(૩) તેવા કિસ્સામાં શું કાર્યવાહી કરવામાં આવે છે, અને

(૪) તે અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ-ખેડા જિલ્લામાં આવી કેટલી ફરીયાદો મળી ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છૂટક ખેતમજૂરોને દૈનિક ` ૧૦૦ અને કામ કરવા માટે ભાડેથી/ બદલાથી બાર મહિના માટે રાખવામાં આવેલા મજૂરને વાર્ષિક

` ૩૬,૫૦૦/.

(૨) તાલુકા કક્ષાએ મદદનીશ સરકારી શ્રમ અધિકારી, જિલ્લા કક્ષાએ સરકારી શ્રમ અધિકારી (ખેત) અને રાજ્ય કક્ષાએ ગ્રામ શ્રમ આયુક્તશ્રીને.

(૩) જે તે તાલુકાના મદદનીશ સરકારી શ્રમ અધિકારી/ જિલ્લાના સરકારી શ્રમ અધિકારી (ખેત) દ્વારા સ્થળ તપાસ કરી પક્ષકારો વચ્ચે સમાધાનની કાર્યવાહી કરી નિકાલ કરવામાં આવે છે. સમાધાન ન થતા લઘુત્તમ વેતન ધારા હેઠળ માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે.

(૪) આણંદમાં ૪૫ અને ખેડામાં ૬૦.

**વડોદરા જિલ્લા તિજોરી કચેરી સામે મળેલ ફરીયાદો**

૨૯૪૪૩ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તારીખઃ ૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ અધિક તિજોરી અધિકારી (ઓડિટ અને પેન્શન) જિલ્લા તિજોરી કચેરી વડોદરા સામે ડિસેમ્બર-૧૧ માં કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉપરોક્ત ફરીયાદોના આધારે આ કચેરીની આકસ્મિક ચકાસણી-તપાસણી ક્યારે કરવામાં આવી,

(૩) તે અન્વયે ક્યા પ્રકારની ગેરરીતિઓ માલુમ પડી, અને

(૪) જવાબદાર અધિકારી/કર્મચારીઓ સામે ક્યા પ્રકારના પગલા લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૧ (એક).

(૨) આ ફરીયાદના આધારે તા.૧૭-૨-૨૦૧૨ ના રોજ સંયુક્ત નિયામક કક્ષાના અધિકારીને થયેલ ફરીયાદની પ્રાથમિક તપાસ સોંપાયેલ છે.

(૩) પ્રાથમિક તપાસ અહેવાલ મળેલ નથી.

(૪) તપાસ અહેવાલ મળ્યા બાદ વિચારણા કરવામાં આવશે. હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ**

૨૯૧૯૨ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે શૈક્ષણિક વર્ષમાં વડોદરા જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સ્કોલરશીપ કેટલી આપવાની છે,

(૨) કેટલી સ્કોલરશીપ આપવાની બાકી છે, અને

(૩) ચૂકવવાની બાકી હોય તેવા કિસ્સાઓમાં સ્કોલરશીપ ક્યારે ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) ` ૧,૭૨,૦૬,૩૪૬/-.

(૨) ` ૨૦,૭૦,૦૮૦/-.

(૩) જેમ બને તેમ જલ્દી.

## ડાંગ જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલા ડ્રાઈવીંગ લાયસન્સો

૨૯૦૫૫ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ડાંગ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ૨૦૧૧ ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા,

(૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે શા સુધારા કરવામાં આવ્યા છે, અને

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે શા પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં અલગ આર.ટી.ઓ. કચેરી આવેલ નથી. ડાંગ જિલ્લાનાં વાહન ચાલકોને આર.ટી.ઓ. કચેરી, વલસાડ ખાતે અપાતા ડ્રાઈવીંગ લાયસન્સની સાથોસાથ ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં આવે છે. જે ધ્યાને લેતા આર.ટી.ઓ. કચેરી વલસાડ ખાતે તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ૩૧,૮૨૨ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા.

(૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે.

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે આઇ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઇઝેશન સીસ્ટમ વિકસાવીને ક્લાઈન્ટ બેઇઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે.

## રાજકોટ જિલ્લામાં કાર્યરત સરકારી છાત્રાલયો

૨૮૯૭૪ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કન્યાઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને કેટલી આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે,

(૨) વર્ષ ૨૦૧૧-૧૨ મા તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ઉક્ત છાત્રાલયો અને શાળાઓમાં કેટલી કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૩) આ કન્યાઓને ઉક્ત છાત્રાલયો અને શાળાઓમાં શી સવલતો આપવામાં આવે છે ?

**જવાબ**

(૧) ત્રણ સરકારી છાત્રાલયો અને એક આદર્શ નિવાસી શાળા કાર્યરત છે.

(૨) છાત્રાલયોમાં ૧૯૨ કન્યાઓને અને આદર્શ નિવાસી શાળામાં ૧૦૬ કન્યાઓને પ્રવેશ આપવામાં આવ્યો.

(૩) છાત્રાલય ખાતે કન્યાઓને વિના મૂલ્યે રહેવા-જમવાની સુવિધા તથા રમત-ગમતના સાધનો, બુકબેંક, સામયિકો જેવી સુવિધાઓ તથા આદર્શ નિવાસી શાળાઓમાં કન્યાઓને વિના મૂલ્યે માધ્યમિક શિક્ષણની સાથોસાથ રહેવા-જમવાની સુવિધા અને બે જોડી ગણવેશ, બુટ-મોજાં, પુસ્તકો અને સ્ટેશનરીની સુવિધા આપવામાં આવે છે.

## કચ્છ જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલ ડ્રાઈવીંગ લાયસન્સો

૨૯૦૫૨ **શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી (માંડવી) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ ૨૦૧૧ ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા,

(૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે શા સુધાર કરવામાં આવ્યા છે, અને

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે શા પગલાં લેવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ૪૩,૯૭૦ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા.

(૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઇ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે.

(૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઇ રહે તે માટે આઇ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઇઝેશન સીસ્ટમ

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

વિકસાવીને ક્લાઇન્ટ બેઇઝ સરવરમાં રાખવા અંગેના પગલા લેવામાં આવ્યા છે.

**રાજ્યમાં ગ્રંથાલયો માટે ભવનોનું નિર્માણ**

૨૯૦૪૨ **શ્રીમતિ ગીતાબેન યો. પટેલ(સાબરમતી) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા ગ્રંથાલયો માટે પોતાના ભવનોનું નિર્માણ કરવામાં આવ્યું, અને | (૧) ૪ (ચાર). |
| (૨) તેમાં કેટલો ખર્ચ થયો ? | (૨) ` ૪૮૨.૯૧ લાખ. |

**રાજ્યના ખેલાડીઓએ રાષ્ટ્રકક્ષાની રમતોમાં મેળવેલ ચંદ્રકો**

૨૯૦૬૩ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેલાડીઓ દ્વારા રાષ્ટ્રકક્ષાએ યોજાતી વિવિધ રમતોની સ્પર્ધાઓમાં રમતોની સ્પર્ધાઓમાં કેટલા ચંદ્રકો પ્રાપ્ત કર્યા ? | તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યના ખેલાડીઓ દ્વારા રાષ્ટ્રકક્ષાએ વિવિધ રમતોની સ્પર્ધાઓમાં ૨૦૩ ચંદ્રકો પ્રાપ્ત કરેલ છે. |

**વલસાડ જિલ્લામાં લઘુત્તમ વેતન કરતા ઓછા વેતનની ચુકવણીનાં કિસ્સા**

૨૮૯૯૩ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં ૨૦૧૧ ના વર્ષ દરમ્યાન લઘુત્તમ વેતન કરતાં ઓછા વેતનની ચૂકવણી કરવામાં આવતી હોય તેવા કિસ્સા શ્રમ તંત્રના ધ્યાન પર આવ્યા, | (૧) ૩૮. |
| (૨) ધ્યાન પર આવેલ કિસ્સાઓને કારણે કેટલા ઔદ્યોગિક શ્રમ યોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી, અને | (૨) ૩૫૬. |
| (૩) શ્રમયોગીઓને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી? | (૩) ` ૧૨,૨૫,૭૮૮/–. |

**અમરેલી જિલ્લામાં અનુસૂચિત જાતિ અને સામાજીક શૈક્ષણિક રીતે પછાત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન માટે સહાય**

૨૮૯૫૩ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૭૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૦૮. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૬૦. |

**અમદાવાદ જિલ્લામાં વેટની આવક**

૨૯૦૦૫ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૧ના વર્ષમાં અમદાવાદ જિલ્લામાં વેટની આવક કેટલી થઇ, | (૧) ૬૯૧૫.૦૬ કરોડ |
| (૨) કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) ૩૬૧.૨૫ કરોડ. |
| (૩) બાકી રકમ વસુલ કરવા માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) શક્ય વસુલાતવાળા કેસોમાં ગુજરાત વેચાણવેરા કાયદા, ગુજરાત મૂલ્યવર્ધિત વેરા કાયદા તથા જમીન મહેસૂલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

**દાહોદ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૨૯ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૦૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૩૯. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૮૪.૦૦ લાખ. |

**રાજકોટ જિલ્લામાં મરણોત્તર સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૯૦૩૫ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજકોટ જિલ્લામાં મરણોત્તર સહાયની યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી સહાય ચૂકવવામાં આવી? | ` ૧૨.૩૫ લાખ |

**નવસારી જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૫૬ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઇસમોને લાભ આપવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરેલ છે, અને | (૨) ૧૧૫. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ` ૩.૧૦ લાખ |

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**મહેસાણા જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૧૪ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૭૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૪૨. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૧૧૧. |

**આણંદ જિલ્લામાં ખેલ મહાકુંભમાં ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા**

૨૯૧૯૦ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા છ માસમાં આણંદ જિલ્લામાં રમાયેલ ખેલ મહાકુંભ અન્વયે કુલ કેટલા ખેલાડીઓએ લાભ લીધો, અને | (૧) ૯૦,૧૩૪. |
| (૨) તે અન્વયે વિજેતા ઉમેદવારોને ઇનામ આપવા પાછળ કેટલો ખર્ચ થયો ? | (૨) ` ૩૯,૪૭,૭૦૦/– |

**પંચમહાલ જિલ્લામાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૯૬૪ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં ડૉ. આંબેડકર આવાસ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓની અરજીઓ આવી,

**જવાબ**

(૧) તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ ૫૫૮ (પાંચસો અઠાવન) અરજીઓ મળેલ છે. **પત્રક** સામેલ છે.

**પત્રક**

| તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કુલ ૫૫૮ અરજીઓ મળેલ છે. | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
| | | વર્ષ ૨૦૧૦–૧૧ | વર્ષ ૨૦૧૧–૧૨ | કુલ |
| ૧. | ગોધરા | ૩૮ | ૧૨ | ૫૦ |
| ૨. | કાલોલ | ૩૫ | ૫ | ૪૦ |
| ૩. | હાલોલ | ૧૭ | ૭ | ૨૪ |
| ૪. | ઘોઘંબા | ૫૪ | ૨૦ | ૭૪ |
| ૫. | જાંબુઘોડા | ૬ | ૦ | ૬ |
| ૬. | શહેરા | ૫૧ | ૧૪ | ૬૫ |
| ૭. | લુણાવાડા | ૪૫ | ૨૮ | ૭૩ |
| ૮. | ખાનપુર | ૨૧ | ૧૦ | ૩૧ |
| ૯. | કડાણા | ૨૯ | ૮ | ૩૭ |
| ૧૦. | સંતરામપુર | ૮૩ | ૨૭ | ૧૧૦ |
| ૧૧. | મોરવા(હ) | ૪૩ | ૫ | ૪૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પૈકી શહેરા તાલુકાની કેટલી અરજીઓ મંજૂર કરી અને કેટલી નામંજૂર કરી, | (૨) ૬૫ અરજીઓ મંજૂર કરી, એકપણ અરજી નામંજૂર કરેલ નથી. |
| (૩) ના મંજૂર કરવાના કારણો શાં છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) મંજૂર થયેલ કેટલા લાભાર્થીઓના આવાસો પૂર્ણ કર્યા અને કેટલા બાકી છે, અને | (૪) શહેરા તાલુકાના મંજૂર થયેલ ૬૫ આવાસો પૈકી ૨૬ આવાસો પૂર્ણ થયેલ છે અને ૩૯ આવાસો બાકી છે. |
| (૫) બાકી રાખવાના કારણો શાં છે? | (૫) અરજદારો તરફથી મકાન બાંધકામ પૂર્ણ કર્યાના પ્રમાણપત્રો રજુ કરવામાં આવેલ નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૨૨ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૩૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૯૦. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી ? | (૩) ૫૩. |

**જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

૨૯૧૫૨ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૧૨૨. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવી? | (૨) ૮૨ કન્યાઓને ` ૧,૯૩,૨૯૫/–ની કીંમતની સાયકલો આપવામાં આવી. |

**રાજકોટ જિલ્લામાં ટ્યુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૦૨૪ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ટ્યુશન સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૦૭. |

**અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૪૦ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૩ સંસ્થાની. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, | (૨) ૩ સંસ્થાના ૧૧૪ લાભાર્થીઓ. |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) કૂલ ` ૬.૦૦ લાખ. |
| (૪) લાભાર્થીઓની અરજી ના મંજૂર કરેલ હોય તો તેના સમાન્ય કારણો શાં છે? | (૪) અરજદારની આવક વધુ હોવાથી, લગ્ન નોંધણી થયેલ ન હોવાથી, અગાઉ એક કન્યાને લાભ મળેલ હોવાથી. |

## જૂનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૯૧૩૮ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં જૂનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૭ સંસ્થા. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, | (૨) ૭ સંસ્થાના ૧૭૮ લાભાર્થી. |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) કુલ સહાય ` ૯,૬૦,૦૦૦/– . |
| (૪) લાભાર્થીઓની અરજી ના મંજૂર કરેલ હોય તો તેના સમાન્ય કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

એચબી–૮૭૮–૧૬

## વડોદરા જિલ્લામાં લઘુત્તમ વેતન કરતાં ઓછા વેતનની ચુકવણીના કિસ્સા

૨૯૦૭૪ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) :માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન લઘુત્તમ વેતન કરતાં ઓછા વેતનની ચૂકવણી કરવામાં આવતી હોય તેવા કેટલા કિસ્સા શ્રમ તંત્રના ધ્યાન પર આવ્યા, | (૧) ૪૬. |
| (૨) ધ્યાન પર આવેલ કિસ્સાઓને કારણે કેટલા ઔદ્યોગિક શ્રમ યોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી, અને | (૨) ૫૦૬. |
| (૩) શ્રમયોગીઓને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી? | (૩) ` ૧૯,૬૪,૯૮૫/– . |

## 242/p a g e > આણંદ જિલ્લામાં સમાજ કલ્યાણ કચેરીમાં મંજૂર થયેલ મહેકમ

૩૧૭૬૧ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સમાજ કલ્યાણ કચેરી વિકસતી જાતિનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું,

**જવાબ**

(૧)

| સંવર્ગનું નામ | સંખ્યા |
|---|---|
| સમાજ કલ્યાણ અધિકારી | ૧ |
| મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી | ૧ |
| હેડ કલાર્ક | ૧ |
| સીનીયર કલાર્ક | ૧ |
| સમાજ કલ્યાણ નિરીક્ષક | ૩ |
| સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષક | ૩ |
| ડ્રાઈવર કમ પટાવાળા | ૧ |

(૨) તે પૈકી કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) સીનીયર કલાર્કની ૧ જગ્યા તા. ૧૫–૧૦–૦૯ થી સહાયક સમાજ કલ્યાણ નિરીક્ષકની ૧ જગ્યા તા. ૨૬–૯–૦૬ થી અને ૨ જગ્યા તા.૩–૪–૦૭ થી ખાલી છે.

(૩) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવાનું આયોજન છે?

(૩) જેમ બને તેમ જલદી.

**ડાંગ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૨૯૦૯૦ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૧૫૧૦. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) એક પણ નહી. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) ૧૫૧૦. |
| (૪) કેટલા પેન્શનરો મની ઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) એક પણ નહી. |

**રાજકોટ જિલ્લામાં ર્ડા. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૦૨૭ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ર્ડા. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના માટે વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી? | (૧) ૩૬. |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી છે, અને | (૨) ૩૪. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી છે? | (૩) ` ૧૭.૦૦ લાખ. |

**કચ્છ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૨૯૦૮૭ **શ્રી ધનજીભાઇ ગો. સેંધાણી (માંડવી) :માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતીએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૯૧૩૧. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) એક પણ નહી. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફત પેન્શન મેળવે છે, અને | (૩) ૯૧૨૬. |
| (૪) કેટલા પેન્શનરો મની ઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) ૫ (પાંચ). |

**વલસાડ જિલ્લામાં પેન્શનરોની સંખ્યા**

૨૯૦૮૯ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતીએ પેન્શનરોની કુલ સંખ્યા કેટલી છે, | (૧) ૯૮૫૦. |
| (૨) ઉક્ત પેન્શનરો પૈકી કેટલા પેન્શનરો તિજોરી કચેરી દ્વારા પેન્શન મેળવે છે, | (૨) એક પણ નહી. |
| (૩) કેટલા પેન્શનરો બેંક મારફતે પેન્શન મેળવે છે, અને | (૩) (૧) I R L A યોજના હેઠળ ૯૮૪૭ પેન્શનરો પેન્શન મેળવે છે.<br>(૨) જાહેર ક્ષેત્રની બેંક મારફત ભારત સરકારના ૩ પેન્શનરો પેન્શન મેળવે છે. |
| (૪) કેટલા પેન્શનરો મની ઓર્ડરથી પેન્શન મેળવે છે? | (૪) એક પણ નહી. |

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

## અમરેલી જિલ્લામાં નોંધાયેલ વાહનો

૨૯૦૮૧ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ નોંધાયેલ વાહનોની સંખ્યા કેટલી છે, અને

(૨) વર્ષ–૨૦૧૦ની સ્થિતિએ વાહનોની નોંધણીમાં કેટલો વધારો થયો?

**જવાબ**

(૧) ૧,૬૬,૬૮૮.

(૨) ૨૦,૩૧૨ વાહનોનો વધારો થયો.

## વલસાડ જિલ્લામાં વયવંદના યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૯૨૦૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વસસાડ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર વયવંદના યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરી, કેટલી નામંજૂર કરી, અને

(૩) કેટલા કિસ્સામાં સહાય ચૂકવાઈ અને કેટલામાં બાકી છે?

**જવાબ**

(૧) આવેલ અરજીઓ

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ |
|---|---|---|---|
| ૧ | વલસાડ | ૧૫૯૦ | ૭૮૦ |
| ૨ | પારડી | ૫૯૫ | ૩૨૮ |
| ૩ | ઉમરગામ | ૧૩૩ | ૧૩૨ |
| ૪ | ધરમપુર | ૧૦૬૮ | ૬૦૯ |
| ૫ | કપરાડા | ૨૦૩૭ | ૪૧૧ |
| | **કુલ** | **૫૪૨૩** | **૨૨૬૦** |

(૨) મંજૂર અને નામંજૂર અરજીઓ

| **ક્રમ** | **તાલુકાનું નામ** | **વર્ષ ૨૦૧૦** | | **વર્ષ ૨૦૧૧** | |
|---|---|---|---|---|---|
| | | **મંજૂર** | **નામંજૂર** | **મંજૂર** | **નામંજૂર** |
| ૧ | વલસાડ | ૧૩૩૪ | ૨૨૮ | ૬૪૪ | ૯૦ |
| ૨ | પારડી | ૫૦૫ | ૭૨ | ૨૮૦ | ૪૪ |
| ૩ | ઉમરગામ | ૧૦૭ | ૨૧ | ૧૧૩ | ૧૯ |
| ૪ | ધરમપુર | ૯૫૩ | ૭૩ | ૫૨૧ | ૫૪ |
| ૫ | કપરાડા | ૧૭૬૨ | ૨૬૨ | ૧૨૨ | ૨૯ |
| | **કુલ** | **૪૬૬૧** | **૬૫૬** | **૧૬૮૦** | **૨૩૬** |

(૩) મંજૂર અરજીઓમાં

| વર્ષ | મંજૂર અરજીઓ | |
|---|---|---|
| | ચૂકવેલ સહાય | ચૂકવવાની બાકી સહાય |
| ૨૦૧૦ | ૪૬૬૧ | શૂન્ય |

## રમતગમત સ્પર્ધાઓ માટે રમતવીરોને ચુકવાયેલ પ્રવાસ અને દૈનિક ભથ્થા

૨૯૭૮૦ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા યોજાતી જુદી જુદી રમતગમત સ્પર્ધાઓ માટે રમતવીરોને કેટલા પ્રવાસ અને દૈનિક ભથ્થા ચુકવવામાં આવે છે.

(૨) ઉક્ત દરો કયારથી અમલમાં છે, અને

(૩) રાજ્ય સરકારે આ દરોમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલીવાર વધારો કર્યો?

**જવાબ**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા યોજાતી જુદી જુદી રાજ્ય કક્ષાની અને રાષ્ટ્રકક્ષાની રમગગમત સ્પર્ધાઓમાં રમત વીરોને પ્રવર્તમાન નિયમાનુસાર રેલ્વેના બીજા વર્ગનું ભાડુ અથવા એસ.ટી. બસનું ભાડુ (લકઝરી સિવાય) પ્રવાસ ખર્ચ રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. રમતવીરોને દૈનિક ભથ્થુ ચુકવવામાં આવતું નથી.

(૨) સ્પર્ધાઓની શરૂઆત થી

(૩) રમતવીરોને પ્રવર્તમાન નિયમાનુસાર ખરેખર થતુ પ્રવાસ ખર્ચ રાજ્યસરકાર દ્વારા ચુકવવામાં આવતું હોઈ અલગથી વધારો કરવાનું પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ગાંધીનગર જિલ્લામાં ગણવેશ સહાય માટે મળેલ અરજીઓ

૨૯૧૪૩ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષઃ ૨૦૧૧–૧૨ માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ વિકસતી જાતીના

**જવાબ**

(૧) ૧,૦૫,૩૦૯.

બાળકોની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલા બાળકોને કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? — (૨) ૧,૦૫,૨૨૫ બાળકોને. ` ૨,૧૦,૪૫,૦૦૦/– ની સહાય ચુકવવામાં આવી.

**મહેસાણા જિલ્લામાં સંકટમોચન યોજના હેટળ મળેલ અરજીઓ**

૨૯૧૨૦ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૭૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૪૨. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩) ૧૧૧. |

**વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૦૩ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૫૩૨. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૧૩૦૭. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૨૨૫. |
| (૪) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૧૫,૭૩,૫૦૦/–. |

**જુનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૩૪ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ૨૦૧૧–૧૨ના નાણાકીય વર્ષમાં તા.૩૧/૧૨/૨૦૧૧ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વિકસતિ જાતિના કેટલા અરજદારોની અરજી મળી, | (૧) ૪૭૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) ૪૬૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, | (૩) ૧૬. |
| (૪) અરજીઓ નામંજુર કરવાના કારણો શાં છે, અને | (૪) (૧) ૫ અરજી આવક વધુ હોવાથી<br>(૨) ૧ અરજી અગાઉ એક કન્યાને લાભ મળેલ હોવાથી<br>(૩) ૧૦ અરજી સમયમર્યાદા પછી મળેલ હોવાથી |
| (૫) કૂલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૫) ` ૨૩.૦૫ લાખ |

**દાહોદ જિલ્લામાં ખેત મજૂરોના આકસ્મિક મૃત્યુ વીમા સહાય માટે મળેલ અરજીઓ**

૨૮૯૩૬ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ખેત મજૂરોને આકસ્મિક મૃત્યુ વીમા સહાયની કેટલી અરજીઓ તાલુકાવાર મળેલ છે,

(૧)

| ક્રમ | તાલુકો | ૨૦૦૯/૧૦ | ૨૦૧૦/૧૧ | ૨૦૧૧/૧૨ |
|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૦૪ | ૧૨ | ૦૪ |
| ૨ | દે.બારીયા | ૦૪ | ૦૨ | ૦૧ |
| ૩ | ઝાલોદ | ૦૩ | ૦૫ | ૦૪ |
| ૪ | લીમખેડા | ૦૭ | ૦૬ | ૦૧ |
| ૫ | ગરબાડા | ૦૨ | ૦૧ | ૦૫ |
| ૬ | ફતેપુરા | ૦૪ | ૦૬ | ૦૨ |
| ૭ | ધાનપુર | ૦૦ | ૦૧ | ૦૩ |

(૨) મળેલ અરજીઓમાંથી કેટલા અરજદારોની — (૨) ૪(ચાર).

અરજીઓ મંજૂર કરી વીમા સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે, અને

| | |
|---|---|
| (૩) મળેલ અરજીઓમાં કેટલાને વીમા સહાય ચૂકવવાની બાકી છે ? | (૩) ૭(સાત). |

**બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

૨૯૧૪૮ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ–૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૮૮૦. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચુકવી ? | (૨) ૮૮૦ કન્યાઓને, કુલ ` ૨૦,૭૪,૩૮૦/–ની સહાય ચુકવી. |

**બનાસકાંઠા જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

૨૯૧૪૯ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ–૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૮૮૦. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચુકવી ? | (૨) ૮૮૦ કન્યાઓને, કુલ ` ૨૦,૭૪,૩૮૦/–ની સહાય ચુકવી. |

**અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૩૯ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) :માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૩ સંસ્થા. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, | (૨) ૩ સંસ્થાના, ૧૧૪ લાભાર્થીઓ. |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) સંસ્થા ` ૦.૩૦ લાખ<br>લાભાર્થી ` ૫.૭૦ લાખ<br>કુલ ` ૬.૦૦ લાખ. |
| (૪) લાભાર્થીઓની અરજી ના મંજુર કરેલ હોય તો તેના સામાન્ય કારણો શાં છે ? | (૪) અરજદારની આવક વધુ હોવાથી, લગ્ન નોંધણી થયેલ ન હોવાથી, અગાઉ એક કન્યાને લાભ મળેલ હોવાથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૧૮ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૧૨૫. |
| (૨) તે પૈકી કેટલી મંજુર કરવામાં આવી, અને | (૨) ૮૦. |

(૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, — (૩) ` ૨,૧૨,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ બાર હજાર પુરા).

---------

**બનાસકાંઠા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ ચૂકવાયેલ સહાય**

૨૯૮૯૬ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ગણવેશ સહાય યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને સહાય ચૂકવવામાં આવી, અને | (૧) |

| અ.નં. | તાલુકાનું નામ | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૫૯૧૮૪ |
| ૨ | ડીસા | ૧૨૬૫૮૫ |
| ૩ | વડગામ | ૪૩૨૧૩ |
| ૪ | દાંતા | ૨૨૧૭૯ |
| ૫ | દાંતીવાડા | ૨૪૪૧૮ |
| ૬ | દિયોદર | ૪૪૭૦૬ |
| ૭ | થરાદ | ૮૦૩૪૭ |
| ૮ | ભાભર | ૩૧૯૭૧ |
| ૯ | વાવ | ૪૬૮૨૭ |
| ૧૦ | અમીરગઢ | ૧૩૧૯૫ |
| ૧૧ | કાંકરેજ | ૬૬૯૬૪ |
| ૧૨ | ધાનેરા | ૪૨૧૦૭ |

| | |
|---|---|
| (૨) કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ` ૧૦,૫૪,૭૦,૮૦૦/-. |

**ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૧૨ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં વિકલાંગ શિષ્યવૃત્તિ યોજના અન્વયે તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૧૪૯૮. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૧૪૮૨. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૬. |
| (૪) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૪) ` ૧૮,૮૭,૦૦૦/-. |

**દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૩૦ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય સામજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** | |
|---|---|---|
| | દાહોદ | પંચમહાલ |
| (૧) દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૫૩૯ | ૩૩૪ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, | (૨) ૪૦૦ | ૩૩૪. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૧૩૯ | શૂન્ય. |
| (૪) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૪) ` ૮૪.૦૦ લાખ | ` ૭૦.૧૪ લાખ. |

**સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૩૧ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૧૧-૧૨ના નાણાકીય વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ વિકસતિ જાતિના કેટલા અરજદારોની અરજી મળી, | (૧) ૩૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) ૩૩૮. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, | (૩) ૮. |

(૪) અરજીઓ નામંજુર કરવાના કારણો શાં છે, અને

(૫) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૪) લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોવાથી.

(૫) ` ૧૬.૯૦ લાખ.

**જૂનાગઢ જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૮૩૩ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અનુસૂચિત જાતિના લોકોને મફત તબીબી સહાય આપવા અન્વયેની સરકારી યોજના અંતર્ગત ટી.બી., કેન્સર જેવા ગંભીર પ્રકારના રોગની સારવારમાં સહાય મેળવવા તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં તાલુકાદીઠ કેટલી અરજીઓ મળી,

**જવાબ**

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ટી.બી. | કેન્સર | રક્તપિત્ત |
| ૧ | જૂનાગઢ | ૧૦૧ | ૩૨ | ૦ |
| ૨ | વંથલી | ૧૦૨ | ૨૮ | ૦ |
| ૩ | માણાવદર | ૧૧૧ | ૪૨ | ૦ |
| ૪ | કેશોદ | ૮૦ | ૩૯ | ૦ |
| ૫ | કોડીનાર | ૧૪૫ | ૩૫ | ૦ |
| ૬ | ઉના | ૧૦૯ | ૨૧ | ૦ |
| ૭ | વેરાવળ | ૧૧૭ | ૨૬ | ૧ |
| ૮ | માંગરોળ | ૧૪૬ | ૩૫ | ૦ |
| ૯ | સૂત્રાપાડા | ૪૭ | ૧૯ | ૦ |
| ૧૦ | વીસાવદર | ૪૬ | ૧૫ | ૦ |
| ૧૧ | ભેંસાણ | ૨૬ | ૦ | ૦ |
| ૧૨ | મેંદરડા | ૪૧ | ૩૨ | ૦ |
| ૧૩ | માળીયા | ૧૧૧ | ૧૨ | ૦ |
| ૧૪ | તાલાળા | ૩૪ | ૨૦ | ૦ |
| | કુલ | ૧૨૧૬ | ૩૫૬ | ૧ |

(૨) તે પૈકી તા.૩૧–૧–૨૦૧૨ ની સ્થિતિએ તાલુકાદીઠ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી છે, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | ટી.બી. | કેન્સર | રક્તપિત્ત |
| ૧ | જૂનાગઢ | ૯૯ | ૩૨ | ૦ |
| ૨ | વંથલી | ૯૯ | ૨૭ | ૦ |
| ૩ | માણાવદર | ૧૧૦ | ૪૧ | ૦ |
| ૪ | કેશોદ | ૭૯ | ૩૮ | ૦ |
| ૫ | કોડીનાર | ૧૪૩ | ૩૪ | ૦ |
| ૬ | ઉના | ૧૦૭ | ૨૧ | ૦ |
| ૭ | વેરાવળ | ૧૧૫ | ૨૫ | ૧ |
| ૮ | માંગરોળ | ૧૪૪ | ૩૩ | ૦ |
| ૯ | સૂત્રાપાડા | ૪૭ | ૧૯ | ૦ |
| ૧૦ | વીસાવદર | ૪૫ | ૧૫ | ૦ |
| ૧૧ | ભેંસાણ | ૨૬ | ૦ | ૦ |
| ૧૨ | મેંદરડા | ૪૧ | ૩૧ | ૦ |
| ૧૩ | માળીયા | ૧૧૦ | ૧૨ | ૦ |
| ૧૪ | તાલાળા | ૩૩ | ૧૯ | ૦ |
| | કુલ | ૧૧૯૮ | ૩૪૭ | ૧ |

(૩) તે માટે તાલુકાદીઠ કેટલી રકમ સહાય તરીકે ચૂકવી ?

(૩)

| અ.નં. | તાલુકાનું નામ | ચુકવેલ સહાય | | |
|---|---|---|---|---|
| | | ટી.બી. | કેન્સર | રક્તપિત્ત |
| ૧ | જૂનાગઢ | ૮૨૭૫૦ | ૧૧૨૫૦૦ | ૦ |
| ૨ | વંથલી | ૭૭૨૫૦ | ૪૬૫૦૦ | ૦ |
| ૩ | માણાવદર | ૮૭૭૫૦ | ૬૬૦૦૦ | ૦ |
| ૪ | કેશોદ | ૬૩૦૦૦ | ૬૬૦૦૦ | ૦ |
| ૫ | કોડીનાર | ૧૧૧૭૫૦ | ૫૧૦૦૦ | ૦ |
| ૬ | ઉના | ૮૭૨૫૦ | ૩૧૫૦૦ | ૦ |
| ૭ | વેરાવળ | ૯૭૫૦૦ | ૪૨૦૦૦ | ૧૨૦૦ |
| ૮ | માંગરોળ | ૧૨૦૨૫૦ | ૬૦૦૦૦ | ૦ |
| ૯ | સૂત્રાપાડા | ૩૬૭૫૦ | ૨૮૫૦૦ | ૦ |
| ૧૦ | વીસાવદર | ૩૪૫૦૦ | ૨૨૫૦૦ | ૦ |
| ૧૧ | ભેંસાણ | ૧૯૫૦૦ | ૦ | ૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨ | મેંદરડા | ૩૦૭૫૦ | ૪૬૫૦૦ | ૦ |
| ૧૩ | માળીયા | ૮૩૭૫૦ | ૧૮૦૦૦ | ૦ |
| ૧૪ | તાલાળા | ૨૪૭૫૦ | ૨૮૫૦૦ | ૦ |
| | કુલ | ૯૫૭૫૦૦ | ૬૧૯૫૦૦ | ૧૨૦૦ |

**સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૩૨ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) ૨૦૧૧–૧૨ના નાણાકીય વર્ષમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વિકસતિ જાતિના કેટલા અરજદારોની અરજી મળી, | (૧) ૩૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, | (૨) ૩૩૮. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, | (૩) ૮. |
| (૪) અરજીઓ નામંજુર કરવાના કારણો શાં છે, અને | (૪) લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર રજુ કરેલ ન હોવાથી. |
| (૫) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૫) ` ૧૬.૯૦ લાખ. |

એચબી–૯૭૮–૧૮

**મહેસાણા જિલ્લામાં ગણવેશ સહાય માટે મળેલ અરજીઓ**

૨૯૧૪૬ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં વર્ષઃ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ વિકસતી જાતીના બાળકોની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૭૩,૧૭૪. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૨) ૧,૬૯,૪૭૫ બાળકોને, કુલ ` ૩,૩૮,૯૫,૦૦૦/– ની સહાય ચુકવી. |

**આણંદ અને ખેડા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી**

૨૯૯૧૩ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) આણંદ અને ખેડા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ઔદ્યોગિક એકમોમાં સ્થાનિક લોકોને રોજગારી આપવાને બદલે બહારના લોકોને રોજગારી આપવામાં આવે છે તેની કેટલી ફરિયાદો આવી, | (૧) શૂન્ય. |
| (૨) આવેલ ફરિયાદો સામે વર્ષવાર જિલ્લાવાર વિભાગ દ્વારા શાં પગલાં ભરવામાં આવ્યા, | (૨) પ્રશ્ન રહેતો નથી. |
| (૩) ફરિયાદ ન આવી હોય તો પણ સરકાર તા.૩૧–૩–૧૯૯૫ના ઠરાવના અનુસંધાનમાં નિયમિત ઔદ્યોગિક એકમોમાં તપાસ કરે છે કે કેમ, અને | (૩) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૩–૧૯૯૫ ના ઠરાવમાં તપાસ કરવા માટે કોઇ સત્તા આપવામાં આવેલ નથી. જેથી તપાસ કરવાનો પ્રશ્ન રહેતો નથી. |
| (૪) તપાસબાદ શાં પગલાં ભરવામાં આવ્યા ? | (૪) શ્રમ અને રોજગાર વિભાગના તા.૩૧–૩–૧૯૯૫ ના ઠરાવ મુજબ સ્થાનિક બેરોજગારોને રોજગારી ન આપતા ઔદ્યોગિક એકમો સામે પગલાં લેવાની ઠરાવમાં કોઇ જોગવાઇ નથી. તેમ છતાં નિયત ટકાવારી ન જાળવતા એકમોની યાદી સંબંધિત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તથા વેચાણવેરા કચેરીને મોકલવામાં આવે છે. જેથી યાદી પૈકીના પ્રોત્સાહિત એકમો સામે જરૂરી કાર્યવાહી કરી શકે. |

**રાજ્યની માથાદીઠ આવક**

૨૯૧૯૬ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય નાણા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યની | (૧) રાજ્યની માથાદીઠ આવક કોઇ ચોક્કસ સમયે |

માથાદીઠ આવક કેટલી છે,

તૈયાર કરવામાં આવતી નથી. આથી તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યની માથાદીઠ આવકનો અંદાજ બાંધી શકાય નહી.

તેમ છતાં રાજયની ચાલુ ભાવે માથાદીઠ આવક વર્ષ ૨૦૧૦-૧૧ માટે ` ૭૫૧૧૫/- અંદાજવામાં આવેલ છે.

(૨) માથાદીઠ દેવું કેટલું છે,

(૨) ` ૧૯૫૯૧/- (અંદાજીત).

(૩) વર્ષ ૨૦૦૯-૧૦ ની સ્થિતિએ ૨૦૧૦-૧૧ ના વર્ષમાં માથાદીઠ દેવામાં વધારો થયેલ છે કે કેમ, અને

(૩) હા, જી.

(૪) જો વધારો થયો હોય તો કેટલો વધારો થયેલ છે ?

(૪) ` ૧૯૬૩/- (અંદાજીત).

## જૂનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૯૧૩૭ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ માં જૂનાગઢ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી,

(૧) ૭ સંસ્થા.

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો,

(૨) ૭ સંસ્થાના ૧૭૮ લાભાર્થી.

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩)

| | |
|---|---|
| ૭ સંસ્થાઓને | ` ૭૦,૦૦૦/- |
| ૧૭૮ લાભાર્થી | ` ૮,૯૦,૦૦૦/- |
| કુલ સહાય | ` ૯,૬૦,૦૦૦/-. |

(૪) લાભાર્થીઓની અરજી ના મંજૂર કરેલ હોય તો તેના સામાન્ય કારણો શાં છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા કલાકારોને અપાતી સુવિધા

૨૯૧૨૪ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સાંસ્કૃતિક વારસાની જાળવણી હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા કલાવૃંદોને રાજ્ય બહાર અને વિદેશ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે મંજૂરી આપવામાં આવી છે,

(૧) રાજ્ય બહાર ૫૨ કલાવૃંદોને કુલ ૬૫ સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે તથા વિદેશ ખાતે ૦૨ કલાવૃંદોને સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા માટે મંજૂરી આપવામાં આવી છે.

(૨) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતાં કલાકારોને રાજ્ય સરકાર તરફથી શી સુવિધા આપવામાં આવે છે, અને

(૨) રાજ્ય બહાર સાંસ્કૃતિક કાર્યક્રમો કરવા જતા કલાકારોને રાજ્ય સરકાર તરફથી પ્રવાસ ખર્ચ, દૈનીક ભથ્થુ, કાર્યક્રમ પુરસ્કાર, ડ્રેસ ભાડું જેવી સુવિધાઓ આપવામાં આવે છે.

(૩) યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને આ યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૧ ની સુધીમાં કેટલી અરજીઓ મળી ?

(૩) ૧૨૩ અરજીઓ મળેલ છે.

## આણંદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ

૨૯૧૪૧ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ માં આણંદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી,

(૧) ૧ (એક) સંસ્થા.

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, — (૨) એક સંસ્થાના ૧૮ લાભાર્થી.

(૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને — (૩) ` ૧,૦૦,૦૦૦/-.

(૪) લાભાર્થીઓની અરજી ના મંજૂર કરેલ હોય તો તેના સામાન્ય કારણો શાં છે ? — (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવસારી જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૫૭ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મફત તબીબી સહાય યોજના હેઠળ વિકસતી જાતિના ઇસમોને લાભ આપવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૫. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરેલ છે, અને | (૨) ૧૧૫. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ` ૩.૧૦ લાખ. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૧૭ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં સંત સુરદાસ યોજના અન્વયે તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ આવી, | (૧) ૧૨૫. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને | (૨) ૮૦. |
| (૩) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) ` ૨,૧૨,૦૦૦/- (અંકે રૂપીયા બે લાખ બાર હજાર પુરા). |

**નવસારી જિલ્લામાં આર.ટી.ઓ. એ આપેલા ડ્રાઈવીંગ લાયસન્સો**

૨૯૦૬૫ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧ના વર્ષમાં આર.ટી.ઓ. તંત્ર દ્વારા કુલ કેટલા વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા, | (૧) ૧૫,૩૫૭ વાહન ચાલકોને ડ્રાઈવીંગ લાયસન્સ કાઢી આપવામાં આવ્યા. |
| (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે શા સુધારો કરવામાં આવ્યા છે, અને | (૨) ડ્રાઈવીંગ લાયસન્સ/રજીસ્ટ્રેશન બુક લાંબા સમય સુધી જળવાઈ રહે તે માટે તે સ્માર્ટ કાર્ડના સ્વરૂપે આપવા અંગેના સુધારા કરવામાં આવ્યા છે. |
| (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે શા પગલાં લેવામાં આવ્યા છે? | (૩) વાહન નોંધણી અને લાયસન્સોનું રેકર્ડ આર.ટી.ઓ. કચેરીમાં યોગ્ય રીતે જળવાઈ રહે તે માટે આઈ.ટી. ટેકનોલોજી અંતર્ગત કોમ્પ્યુટરાઈઝેશન સીસ્ટમ વિકસાવીને કલાઈન્ટ બેઈઝ સરવરમાં રાખવા અંગેના પગલાં લેવામાં આવ્યા છે. |

**વડોદરા જિલ્લામાં લઘુત્તમ વેતન કરતા ઓછા વેતનની ચુકવણીનાં કિસ્સા**

૨૯૦૭૫ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ૨૦૧૧ના વર્ષ દરમ્યાન લઘુત્તમ વેતન કરતાં ઓછા વેતનની ચૂકવણી કરવામાં આવતી હોય તેવા કેટલા કિસ્સા શ્રમ તંત્રના ધ્યાન પર આવ્યા, | (૧) ૪૬. |

| | |
|---|---|
| (૨) ધ્યાન પર આવેલા કિસ્સાઓને કારણે કેટલા ઔદ્યોગિક શ્રમ યોગીઓને લઘુત્તમ વેતનની ચૂકવણી કરવામાં આવી, અને | (૨) ૫૦૬. |
| (૩) શ્રમયોગીઓને કેટલી રકમની ચૂકવણી કરવામાં આવી? | (૩) ` ૧૯,૬૪,૯૮૫/-. |

**જામનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૦૭ **શ્રી લાલજીભાઈ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વિકલાંગ સાધન સહાય યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૩૫૯. |
| (૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, | (૨) ૩૧૨. |
| (૩) કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૩) ૪૭.. |
| (૪) કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૪) ` ૯,૯૪,૦૦૦/-. |

**પાટણ જિલ્લામાં કાર્યરત કન્યા અને કુમાર છાત્રાલયો**

૨૯૧૫૫ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલા કન્યા અને કુમાર છાત્રાલયો ચાલે છે, | (૧) ૩-કન્યા.<br>૪૩-કુમાર |
| (૨) તે પૈકી કેટલા છાત્રાલયો સરકારી મકાનોમાં ચાલે છે, અને | (૨) ૨ (બે). |
| (૩) તે પાછળ વર્ષે કુલ કેટલો ખર્ચ કરવામાં આવે છે? | (૩) ` ૧૫૯.૪૯ લાખ. |

**ગાંધીનગર જિલ્લામાં ગણવેશ સહાય માટે મળેલ અરજીઓ**

૨૯૧૪૪ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨ માં તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ વિકસતી જાતીના બાળકોની ગણવેશ સહાય મેળવવા માટેની કેટલી અરજીઓ મળી, અને | (૧) ૧,૦૫,૩૦૯. |
| (૨) તે પૈકી કેટલા બાળકોને કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ? | (૨) ૧,૦૫,૨૨૫ બાળકોને ` ૨,૧૦,૪૫,૦૦૦/- ની સહાય ચુકવવામાં આવી. |

**સુરત જિલ્લામાં સંકટમોચન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૦૨ **શ્રી કિરીટભાઈ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં સંકટમોચન યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી અરજીઓ મળેલ છે, | (૧) ૨૭૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) ૧૦૮. |
| (૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી? | (૩) ૬૦. |

**પાટણ જિલ્લામાં કાર્યરત કન્યા અને કુમાર છાત્રાલયો**

૨૯૧૫૪ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં વિકસતી જાતિના વિદ્યાર્થીઓ | (૧) ૩-કન્યા. |

| | |
|---|---|
| માટે તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલા કન્યા અને કુમાર છાત્રાલયો ચાલે છે, | ૪૩-કુમાર |
| (૨) તે પૈકી કેટલા છાત્રાલયો સરકારી મકાનોમાં ચાલે છે, અને | (૨) ૨ (બે). |
| (૩) તે પાછળ વર્ષે કુલ કેટલો ખર્ચ કરવામાં આવે છે? | (૩) ` ૧૫૯.૪૯ લાખ. |

**દાહોદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૨૦૬ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને | (૧) શૂન્ય. |
| (૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાજકોટ જિલ્લામાં ટયુશન સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૦૨૨ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં ટયુશન સહાયની યોજનામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૧૧ સુધીમાં કેટલી અરજીઓ મળી, | (૧) ૩૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨. |
| (૩) કેટલી અરજીઓમાં સહાય ચૂકવવામાં આવી? | (૩) ૦૭. |

**આણંદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૪૨ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૧-૨૦૧૨માં આણંદ જિલ્લામાં સાતફેરા સમૂહલગ્ન યોજના હેઠળ વિકસતી જાતિના અરજદારોને લાભ આપવા માટે કેટલી સંસ્થાઓની અરજીઓ મળી, | (૧) ૧ (એક) સંસ્થા. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો, | (૨) ૧૮ લાભાર્થીઓ. |
| (૩) કુલ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | (૩) કૂલ ` ૧,૦૦,૦૦૦/- |
| (૪) લાભાર્થીઓની અરજી ના મંજુર કરેલ હોય તો તેના સમાન્ય કારણો શાં છે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જામનગર જિલ્લામાં વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા મળેલ અરજીઓ**

૨૯૧૫૧ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વિકસતી જાતિની કન્યાઓની સાયકલો મેળવવા માટે કેટલી અરજીઓ આવી, અને | (૧) ૧૨૨. |
| (૨) તે પૈકી કેટલી કન્યાઓને કુલ કેટલી રકમની સહાય ચૂકવી? | (૨) ૮૨ કન્યાઓને ` ૧,૯૩,૨૯૫/-ની કીંમતની સાયકલો આપવામાં આવી. |

તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૨૯૧૩૩ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧–૧૨ના નાણાકીય વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ વિકસતિ જાતિના કેટલા અરજદારોની અરજી મળી, | (૧) ૪૭૭. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૨) ૪૬૧. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી, | (૩) ૧૬. |
| (૪) અરજીઓ નામંજુર કરવાના કારણો શાં છે, અને | (૪) (૧) ૫ અરજીમાં આવક વધુ હોવાથી<br>(૨) ૧ અરજીમાં અગાઉ એક કન્યાને લાભ મળેલ હોવાથી.<br>(૩) ૧૦ અરજી સમય મર્યાદા પછી મળેલ હોવાથી. |
| (૫) કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૫) રૂા. ` ૨૩.૦૫. |

**વડોદરા જિલ્લામાં ગણવેશ સહાય યોજના હેઠળ અનુસૂચિત જાતિના લાભાર્થીઓ**

૩૦૦૩૪ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર–પાવી) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં ગણવેશ સહાયની યોજનામાં તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૧૭૧૭૪. |
| (૨) તે અંગે તાલુકાવાર કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) |

| **અ.નં.** | **તાલુકો** | **રકમ `** |
|---|---|---|
| ૧ | વડોદરા | ૧૬૯૨૬૦૦/– |
| ૨ | કરજણ | ૧૮૨૨૫૦/– |
| ૩ | પાદરા | ૨૭૦૫૦૦/– |
| ૪ | સાવલી | ૧૯૪૬૫૦/– |
| ૫ | છોટાઉદેપુર | ૧૧૬૨૦૦/– |
| ૬ | ડભોઇ | ૧૪૭૪૦૦/– |
| ૭ | વાઘોડિયા | ૭૫૩૦૦/– |
| ૮ | શિનોર | ૫૮૮૦૦/– |
| ૯ | જેતપુરપાવી | ૭૧૧૦૦/– |
| ૧૦ | સંખેડા | ૬૬૮૫૦/– |
| ૧૧ | કવાંટ | ૧૦૯૩૫૦/– |
| ૧૨ | નસવાડી | ૨૧૮૫૦/– |

| | |
|---|---|
| (૩) એ વિદ્યાર્થી દીઠ ગણવેશની જે રકમ ચુકવવામાં આવે છે તેમાં સરકાર વધારો કરવા માગે છે કે કેમ? | (૩) હા, જી. |

---------

અધ્યક્ષશ્રી : ઓર્ડર ઓર્ડર, માનનીય શંકરભાઇ ચૌધરી...

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી ઇકબાલ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કયા નિયમના આધારે માનનીય સભ્યશ્રી બોલવા ઉભા થયા છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી શંકરભાઇ સવારે ૧૧ વાગ્યે મારી પાસે આવ્યા હતા અને કલમ ૪૫ હેઠળ અંગત ખુલાસો કરવાની મારી પાસે લેખિત માગણી કરી હતી અને મેં એમને પરમિટ કર્યા છે. એમની બાબતમાં જે કંઇ આક્ષેપ વર્તમાનપત્રમાં આવ્યા છે તે બાબતમાં ખુલાસો કરવાનો છે અને મેં એમને પરમિશન આપી છે. (સતત અંતરાય અને સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા) પ્લીઝ, આપ બેસી જાઓ. કોઇ પણ સભ્યશ્રી પોતાનો અંગત ખુલાસો કરવા મારી સમક્ષ માગણી કરે ત્યારે નિયમાનુસાર હું તેમને પરવાનગી આપી શકું છું. એમની વ્યાજબી વાત હોય તો નિયમાનુસાર પરમિશન આપવામાં આવે છે. પ્લીઝ, બેસી જાઓ.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આપની પાસે વિનંતી કરી હતી કે નિયમ ૪૫ અન્વયે મારી બાબતે જે નિવેદન અખબારોમાં આવ્યા છે તે અંગે મારે સભાગૃહ સમક્ષ ખુલાસો કરવો છે અને તે માટે પરવાનગી આપવા માટે મેં આપને વિનંતી કરી હતી. આપે મને મંજૂરી આપી છે. (અંતરા) આપ મને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આ રીતે આ સભાગૃહ ન ચાલવા દેવું તે યોગ્ય નથી. બધા બેસી જાઓ.
(આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રી તરફથી સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા) આપ બેસી જાઓ, પ્લીઝ, કોઇ પણ સભ્યોને ખુલાસો કરવાનો અધિકાર છે. અને તે વિધાનસભાના નિયમો અનુસાર એમને મળેલા અધિકાર છે. પ્લીઝ, બેસી જાઓ. અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાવ. (અંતરાય) એમને જયારે મેં ખુલાસો કરવાની પરમિશન આપી છે. (અંતરાય)

# રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

## સભ્યશ્રીઓને નેઇમ કરવા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરીને પ્રેસમાં આવેલા અહેવાલોના કટીંગનું પ્રદર્શન કરીને જે પ્રશ્નોત્તરીનો સમય સભાગૃહનો તથા સભાગૃહના સન્માનનીય સભ્યશ્રીઓ માટે સૌથી અગત્યનો હોય છે. આ અગત્યના સમયમાં આવો અવરોધ ઉભો કર્યો. આજ સવારથી આ હાઉસને કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ દ્વારા ઓર્ડરમાં રાખવામાં આવતું નથી, આપે હાઉસને એડજોર્ન કરવું પડયું એ એડજોર્ન કર્યા પછી જયારે નિયમ ૪૫ પ્રમાણે માનનીય શંકરભાઇ ચૌધરી આપની સમક્ષ આ સન્માનનીય સભાગૃહ સમક્ષ ખુલાસો કરે છે ત્યારે એવા સંજોગોમાં કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરીને, પ્રદર્શન કરીને, પાટલીઓ થપથપાવીને આ સમગ્ર સભાગૃહનું કામ ઓર્ડરમાં રહેવા દેતા નથી. એટલે હું કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો જે દેખાવો, સૂત્રોચ્ચારો અને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડે છે એ સૌને નેઇમ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી તરફથી ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરી ગૃહની કાર્યવાહીમાં અડચણ ઉભી કરી રહેલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઇમ કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવેલ હોવાથી હું ગૃહની કાર્યવાહી અવરોધતા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ–પર હેઠળ નેઇમ કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આપે નેઇમ કરેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને ગૃહની કાયર્વાહીમાંથી આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે.

**શ્રી પંકજ દેસાઇ (મુખ્ય દંડકશ્રી)** : માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને ગૃહની આજની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. હું સલામતી અધિકારીઓને આદેશ કરીશ કે તમામ સભ્યશ્રીઓને વિન્રમતાથી ગૃહની બહાર લઇ જાય.

**(આ તબક્કે માનનીય સભ્યશ્રી પરેશભાઇ વસાવા વેલમાં ધસી આવતાં તેઓને સાર્જન્ટ દ્વારા બહાર લઇ જવામાં આવ્યા ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા સભાગૃહ છોડી ગયા.)**

અધ્યક્ષશ્રી : હું સભાગૃહને અડધો કલાક મુલતવી રાખું છું. (બપોરના ૧-૦૯ )

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧-૩૯ વાગ્યે ફરી મળ્યું.**
**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર, ઓર્ડર. માનનીય શંકરભાઇ.

# સભ્યશ્રીનો અંગત ખુલાસો (નિયમ-૪૫)

**શ્રી શંકરભાઇ લ. ચૌધરી(રાધનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો આભારી થઇશ કે નિયમ-૪૫ મુજબ મેં આપની પાસે આ વિધાનસભા ગૃહમાં મારો વિષય મૂકવા માટે જે વિનંતી કરી હતી તેની આપે મંજૂરી આપી.

માનનીય અધ્યક્ષશ્રી, આજના અખબારોમાં મારા નામે જે છાપામાં અલગ અલગ રીતે જે બોકસ આઇટમો કરી કરીને હું કોઇ ખરાબ પ્રકારની કલીપીંગ જોતા હતો એ પ્રમાણેના નિવેદનો સાથેની પ્રેસનોટો આવી છે તેના અનુસંધાને મારે વાત કરવી છે. હું એમાંનો માણસ નથી. હું તો ૧૮ વર્ષની ઉંમરે આ દેશભકિતના રંગે રંગાયો અને વ્યકિતગત કોઇ જીવન..જે સાર્વજનિક જીવન છે એ જ મારું વ્યકિતગત જીવન રહ્યું. કયારેય મનમાં આ પ્રમાણેનો વિચાર પણ ન આવ્યો અમને અને આજે માત્ર રાજકીય જીવન જ નહીં પરંતુ સામાજીક જીવન અને વ્યકિતગત જીવનમાં પણ ન પૂરી શકાય એ પ્રમાણેના આક્ષેપો અસહ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ મારે એ વિનંતી કરવી છે કે જે કલીપીંગ માટેની જે વાત કરે છે, આ પ્રકારનું આજે જ નહીં, મેં મારા જીવનમાં પણ કયારેય..મારું આઇપેડ આપની સમક્ષ હું જમા કરાવવા માગું છું. મેં જયારથી આઇપેડનો ઉપયોગ કર્યો છે ત્યારથી કરીને અત્યાર સુધીમાં કોઇ પણ પ્રકારનું આ પ્રમાણેનું સર્ચ પણ કર્યું હોય તો હું જાહેર જીવન છોડી દઇશ. હવે કોઇ બાબત છૂપી રહી શકે એવી હોતી નથી. જો મેં આજે નહીં, એક મહિના પહેલાં, બે મહિના પહેલાં કયારેય આ પ્રમાણેનું સર્ચ પણ કર્યું હોય અને ડીલીટ થયું હોય તો પણ અત્યારે ફોરેન્સીક અને વિજ્ઞાનના જમાનામાં કોઇ પણ બાબત છૂપી રહેતી નથી. હું મારું તમામ વ્યકિતગત જીવન આપના ચરણોમાં મૂકું છું, ખુલ્લું મૂકું છું. આની તપાસ થાય, મારા ઉપર જે પ્રકારના આ પ્રમાણેના આક્ષેપો કર્યા છે. સહન ન કરી શકાય એ પ્રમાણેના છે. એટલું જ નહીં, જેમણે કહ્યું છે કે અમે કલીપીંગ ઉતાર્યું છે તો એ બતાવે કે શું હું જોતો હતો, બતાવો તમે ખુલ્લું. હું આ સભાગૃહ સમક્ષ વિનંતી કરું છું કે આવું કયારેય કોઇ પણ પ્રકારનું, વિધાનસભામાં કયારેય આ પ્રમાણેનું કલીપીંગ જોયું નથી. જાહેર જીવનમાં મારા વિસ્તારની પ્રજા પ્રશ્ન મૂકે તો મેં મારા કાર્યાલયમાં વ્યવસ્થા કરાવી છે કે ત્યાંથી પ્રજાના પ્રશ્નો આઇપેડ ઉપર આવતા હોય છે. હું કાર્યાલયથી જવાબ પણ આપતો હોઉં છું. પાર્ટીનું કામ હોય તો તેના પરિપત્રથી કરીને બાકીના કામ જોતો હોઉં છું. અખબારોમાં આવેલ સમાચારોની સમીક્ષા હું મારા આઇપેડ ઉપર કરતો હોઉં છું. મારી એક વિનંતી છે કે આ એક મોટું ષડયંત્ર છે. આપની પાસે આ વિધાનસભાગૃહના સભ્ય તરીકે ચોકકસ આ પ્રમાણેની વિનંતી કરીશ કે અમારી સરકાર, અમારી પાર્ટીને બદનામ કરવા માટે કરોડો રૂપિયા ખર્ચીને એક કલીપીંગ જે બતાવતા નથી, શું છે તે કહેતા નથી. માત્ર બિભત્સ પ્રકારનું કલીપીંગ છે આવો અપપ્રચાર કરીને આખા દેશના મિડિયામાં મેનેજ કરીને બદનામ કરવામાં આવી રહ્યા છે ત્યારે મારી આ સભાગૃહ સમક્ષ વિનંતી છે કે આની તપાસ આપશ્રી કરાવો. આપની કક્ષાએથી કરાવો અને અહીં વિશેષાધિકાર કમિટી પણ છે આપના સાનિધ્યમાં, ત્યારે આજે હું છું, આવતી કાલે વિધાનસભા ગૃહના બાકી કોઇ સભ્ય હોય, જેમણે આખું જીવન દેશ માટે, પ્રજા માટે આપી દીધું હોય ત્યારે આ પ્રમાણેના આક્ષેપો કરી એની કારકિર્દી તો પૂરી થાય પણ માત્ર રાજકીય કારકિર્દી નહીં, અમારા બાળકો પણ

મોટા થયા છે. તેમને પણ ક્યારેક કોઇ પ્રશ્ન પૂછે, માનનીય અધ્યક્ષશ્રી, શો જવાબ આપી શકે? આવા બેજવાબદાર લોકો, કદાચ તેમના માટે તો થોડા સમય માટેની સનસનાટી હશે કે તેમના માટે એવું હશે કે અમે આ પ્રકારનું માઇલેજ મેળવી લીધું, પણ તેમને એ ખ્યાલ નથી કે એક પરિવાર માટે કેટલી મોટી આફતરૂપ થતું હોય છે. મારે સભાગૃહ સમક્ષ એ પણ વિનંતી કરવી છે કે હું વ્યક્તિગત રીતે તો આ લડાઇ લડીશ, હું સત્ય માટે લડીશ, પરંતુ આ સભાગૃહ પણ મને રક્ષણ આપે. આપ પણ મને રક્ષણ આપો. તપાસ કરીને જે જે ષડયંત્રકારીઓ હોય એ ખુલ્લા થાય, કલીપીંગ ઉતારી છે તો કલીપીંગમાં શું છે કે પબ્લિકમાં પ્રસિદ્ધ કરે. એ પ્રમાણેની મારી વિનંતી આપની પાસે છે અને ફરી માત્ર એક શંકરભાઇ ચૌધરી નહીં પણ વિધાનસભા ગૃહના કોઇપણ નિર્દોષ ધારાસભ્ય ઉપર આ પ્રકારની ઘટના બને નહીં એટલા માટે આપની પાસે હું વિનંતી કરું છું અને મારું આઇપેડ છે એ પણ આપની સમક્ષ હું જમા કરાવું છું. આનો જે કોઇ વૈજ્ઞાનિક પદ્ધતિથી દુનિયામાં સારામાં સારા સંશોધન હોય એનાથી તપાસ કરાવી અને તે પછી કોઇપણ પ્રકારની મારી ગુનેગારી સાબિત થશે તો આપ જે પણ કહેશો એ સજા ભોગવવા માટે હું તૈયાર છું.

શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, મારે પણ કહેવું છે કે,.. (અંતરાય)... મારે પણ ખુલાસો કરવો છે કે,...

અધ્યક્ષશ્રી : પ્લીઝ... આજ રોજ વર્તમાનપત્રોમાં માનનીય સભ્યશ્રી શંકરભાઇ ચૌધરી અંગે પ્રસિદ્ધ થયેલ બાબત સંબંધે તેઓશ્રીએ ગૃહ સમક્ષ નિયમ-૭૫ હેઠળ ખુલાસો કરવાની પરવાનગી માગી હતી અને તે મેં આપી છે અને તેના અનુસંધાને તેઓશ્રીએ કરેલ સ્પષ્ટતા અને રજૂઆત જોતાં આ બાબતમાં પ્રથમ દર્શને આ ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાનનો મુદો બને છે.

આપણે સૌ જાણીએ છીએ કે, સંસદીય લોકશાહીમાં પ્રજાના પ્રતિનિધિઓથી બનેલી વિધાનસભાને સર્વોચ્ચ સ્થાન બક્ષવામાં આવ્યું છે. આપણા બંધારણ હેઠળ પણ વિધાનસભાને સર્વોચ્ચ સ્થાન અને દરજ્જો બક્ષવામાં આવ્યો છે. આજ રોજ વર્તમાનપત્રોમાં આ ગૃહના માનનીય સભ્યશ્રી શંકરભાઇ ચૌધરી સંબંધમાં જે બાબત પ્રસિદ્ધ થઇ છે, તે ખૂબ જ ગંભીર પ્રકારનો આક્ષેપ છે અને જ્યારે સભ્યશ્રી ચૌધરીએ જે સ્પષ્ટતા આ ગૃહમાં કરી છે, તે જોતાં કોઇ ચોક્કસ તત્વો દ્વારા આ ગૃહની માનહાનિ કરી અને તેની ગરિમાને ખંડિત કરવાનો ઈરાદાપૂર્વકનો પ્રયત્ન થયો હોય તેમ મને જણાય છે. ગુજરાત વિધાનસભાનો સંસદીય ઈતિહાસ તેની સ્થાપનાથી આજ દિન સુધીનો ઉજ્જવળ રહ્યો છે. દેશની અન્ય વિધાનસભાઓની સરખામણીમાં પણ ગુજરાત વિધાનસભાએ પોતાનો આગવો દરજ્જો અને ગરિમા પ્રસ્થાપિત કરી છે. ભૂતકાળમાં ક્યારેય બન્યું ન હોય તેવા આ ગંભીર પ્રકારના આક્ષેપથી આ ગૃહના માનનીય સભ્યશ્રી ચૌધરીની માનહાનિ કરીને સમગ્ર સભાગૃહની ગરિમાને નીચે ઉતારી પાડવાનો ઈરાદાપૂર્વકનો હીન પ્રયાસ થયો હોય તેમ મને જણાય છે.

સંસદીય લોકશાહીમાં પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓની માધ્યમો દ્વારા ઈરાદાપૂર્વક માનહાનિ થાય તેવા બનાવો ચલાવી લેવાય નહિ અને જેને કારણે સમગ્ર વિધાનસભા ગૃહની ગરિમાને લોકોની નજરમાં ઉતારી પાડી કલંકિત કરવાની આ પ્રકારની ચેષ્ટાને અટકાવવામાં ન આવે તો ભવિષ્યમાં વિધાનસભા ગૃહ બંધારણ હેઠળ તેને સોંપેલ કર્તવ્યો યોગ્ય રીતે અદા કરી શકે નહિ અને તે કારણસર જ આ સભાગૃહ તથા તેના સભ્યોને બંધારણની કલમ-૧૯૪ હેઠળ ખૂબ જ ગૌરવપૂર્વક જે અધિકારો અને દરજ્જો બક્ષવામાં આવ્યા છે, તેનું જતન કરવાનો અધ્યક્ષ તરીકે મારું કર્તવ્ય બને છે. માનનીય સભ્યશ્રી શંકરભાઇ ચૌધરીએ કરેલ રજૂઆત જોતાં પ્રસ્તુત બાબતમાં આ ગૃહના વિશેષાધિકારનો ભંગ અને અવમાન થતું હોય તેમ જણાય છે. તેથી વિધાનસભાના નિયમોના નિયમ-૨૫૩(૨) હેઠળ આ બાબત હું તપાસ અને અહેવાલ અર્થે આ ગૃહની વિશેષાધિકાર સમિતિને સોંપું છું.

માનનીય સભ્યશ્રી શંકરભાઇ ચૌધરીએ કરેલ રજૂઆત મુજબ આઇપેડ વિધાનસભાના સચિવ દ્વારા જમા લેવામાં આવે છે અને તેને તાત્કાલિક એફએસએલમાં મોકલવામાં આવે. જ્યાં સુધી આ ગૃહના ક્ષેત્રાધિકારની બાબત છે, ત્યાં સુધી આ બાબતને મેં ખૂબ જ ગંભીરતાપૂર્વક લીધી છે અને તેની તપાસ આ ગૃહની સમિતિને સોંપવાનું જાહેર કર્યું છે, ત્યારે આ તબક્કે વિશેષ કોઇ કાર્યવાહી કરવાની થતી નથી.

**અધ્યક્ષશ્રીને અધ્યક્ષ પદેથી દૂર કરવા માટેનો પ્રસ્તાવ**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, સિદ્ધાર્થભાઇ પટેલ, મોહનસિંહભાઇ રાઠવા અને બાવકુભાઇ ઉંધાડનો પ્રસ્તાવ એ છે કે આ સભાગૃહ વિધાનસભાના અધ્યક્ષને અધ્યક્ષપદેથી દૂર કરવા ઠરાવે છે. પ્રસ્તાવ રજૂ કરવા માટે પરવાનગી આપવાની તરફેણમાં જે માનનીય સભ્યશ્રીઓ હોય એ માનનીય સભ્યશ્રીઓ પોતાના સ્થાન ઉપર ઉભા થાય.

પ્રસ્તાવ રજૂ કરવાની પરવાનગી આપવાની તરફેણમાં કોઇ માનનીય સભ્યશ્રી ઉભા નહિ થતા.

અધ્યક્ષશ્રી : પ્રસ્તાવ રજૂ કરવાની માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા(શ્રી સિદ્ધાર્થ પટેલ, શ્રી મોહનસિંહ રાઠવા અને શ્રી બાવકુભાઇ ઉંધાડ)ને પરવાનગી મળતી નથી.

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

**શ્રી નારાયણભાઇ લ. પટેલ(બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો એકવીસમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી **નારાયણભાઇ લ. પટેલ(બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના એકવીસમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**માગણી નં. ૨૬**

**વન અને પર્યાવરણ**

**શ્રી મંગુભાઇ છ. પટેલ ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨,૯૪,૨૧,૯૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટેની રૂ.૨,૪૯,૫૮,૮૬,૦૦૦ની માગણી ક્રમાંકઃ૨૬ રજૂ કરું છું.

**માગણી નં. ૨૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રીઃ** માગણી ક્રમાંકઃ ૨૬ પરની કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરાયેલા હોઇ રજૂ થઇ શકે એમ નથી.

**માગણી ક્રમાંકઃ ૨૭**

**શ્રી મંગુભાઇ છ. પટેલ ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૮,૦૦,૦૦,૦૦૦ની માગણી ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

**માંગણી ક્રમાંકઃ૨૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રીઃ** માગણી ક્રમાંકઃ ૨૭ પરની કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરાયેલા હોઇ રજૂ થઇ શકે એમ નથી.

**માગણી ક્રમાંકઃ૯૩**

**આદિજાતિ વિકાસ વિભાગ**

**શ્રી મંગુભાઇ છ. પટેલ (આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિનું કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૮૮,૮૯,૪૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂ.૧૨,૫૭,૧૪,૦૦૦ની માંગણી ક્રમાંકઃ ૯૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંકઃ૯૩ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રીઃ** માગણી ક્રમાંકઃ ૯૩ પરની કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરાયેલા હોઇ રજૂ થઇ શકે એમ નથી.

**માગણી નં. ૯૬**

**શ્રી મંગુભાઇ છ. પટેલ (આદિજાતિ કલ્યાણમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૧,૭૧,૪૧,૫૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૮,૯૧,૬૪,૪૬,૦૦૦/-ની માગણી નં. ૯૬ રજૂ કરું છું.

**માગણી નં. ૯૬ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રીઃ** માગણી ક્રમાંકઃ ૯૬ પરની કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરાયેલા હોઇ રજૂ થઇ શકે એમ નથી.

**કલાઇમેટ ચેઇન્જ વિભાગ**

**માગણી નં. ૧૦૭**

**કલાઇમેટ ચેઇન્જ વિભાગ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( કલાઇમેટ ચેઇન્જ મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઇમેટ ચેઇન્જ વિભાગ સેવાને લગતી કલાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬૭,૦૮,૦૦૦/-ની માગણી નં. ૧૦૭ રજૂ કરું છું.

**માગણી નં. ૧૦૭ રજૂ કરવામાં આવી.**

**સચિવશ્રીઃ** માગણી ક્રમાંકઃ ૧૦૭ પરની કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરાયેલા હોઇ રજૂ થઇ શકે એમ નથી.

**સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૨૧-૩-૨૦૧૨ (આઠમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | વન અને પર્યાવરણ વિભાગ<br>માગણી નં. ૨૬ | | |
| ૧. * | ૨૪૦૬-વનનિર્માણ.... જીવન<br>૦૧-વનનિર્માણ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૧,૯૩,૭૫,૬૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૧૪ થી ૧૬ | ૧૦૦ | સાસણગીર વિસ્તારમાં એમ.ઓ.યુ. થયેલા રીસોર્ટ અને હોટેલોને મંજૂરી આપવામાં તંત્રની નિષ્ફળતા | |
| ૨. * | — ॰ — | ૧૦૦ | ગીરના માલધારીઓએ આપવી પડતી વ્હીકલ એન્ટ્રીની રકમ બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩. * | — ॰ — | ૧૦૦ | જંગલોમાં વસવાટ કરતા માલધારીઓ | |

| | | | |
|---|---|---|---|
| | | | વચ્ચે રખાતો કાયમી અને બિન કાયમી માલધારી જેવો ભેદભાવ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૪. * | — ક — | ૧૦૦ | જંગલમાં અને જંગલ બહાર રહેતા માનવી/પશુઓ ઉપર થતાં જંગલી પ્રા◌ીઓના હિંસક હુમલામાં માણસ અને પશુના મૃત્યુ વખતે અપાતા વળતરમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૫. * | — ક — | ૧૦૦ | વન્ય પ્રાણીઓ પાછળ વાહનો દોડાવી હેરાનગતિ કરતા તત્વો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૬. * | — ક — | ૧૦૦ | જંગલોમાં સાવજના મોતનું કારણ બનતા ખુલ્લા કુવા અને ગેરકાયદેસર લાયન શો બંધ કરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૭. * | — ક — | ૧૦૦ | સાસણગીરમાં આવતા પ્રવાસીઓને પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૮. * | — ક — | ૧૦૦ | જંગલમાં રહેતા અને બહાર રહેતા માલધારીઓને આદિજાતિના દાખલા આપવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૯. * | ૨૪૦૬–વનનિર્માણ.... જીવન<br>૦૧–વનનિર્માણ<br>૦૦૧–વન... પુનનિર્માણ<br>રૂ. ૨,૪૨,૧૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૨૧ થી ૨૩ | ૧૦૦ | વન નિર્માણ માટે વાવેતર થયેલા રોપાઓ જીવિત રહે તેની કાળજી લેવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૧૦. * | — ક — | ૧૦૦ | વન સરંક્ષણ અને તેના વિકાસના કામો ઝડપથી હાથ ધરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૧૧. * | — ક — | ૧૦૦ | વિકાસના નામે વ્યાપક પ્રમાણમાં વૃક્ષોને કપાતાં અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૧૨. * | ૨૪૦૬–વનનિર્માણ.... જીવન<br>૦૧–વનનિર્માણ<br>૧૦૧–વન... પુનનિર્માણ<br>રૂ. ૨,૪૨,૧૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૨૧ થી ૨૩ | ૧૦૦ | જંગલમાં લાકડાઓની થતી ચોરી અને ગેરકાયદેસર વૃક્ષછેદનને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૧૩. * | — ક — | ૧૦૦ | જંગલોમાં વારંવાર લાગતી આગના કારણે જંગલોનો ઘડતો વ્યાપ ન્વિારવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૧૪. * | — ક — | ૧૦૦ | ફોરેસ્ટ સર્વે ઓફ ઇન્ડીયાના અહેવાલ મુજબ વન વિસ્તારનો થતો ઘટાડો રોકી તેનો વિકાસ થાય તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૧૫. * | ૨૪૦૬–વનનિર્માણ.... જીવન<br>૦૧–પર્યાવરણની... પ્રાણીજીવન<br>૧૧૦–વન્ય...સરંક્ષણ<br>રૂ. ૬૮,૦૪,૮૫,૦૦૦ | ૧૦૦ | સિંહ દર્શન માટે રાતના સમયે બહારથી ઘુસી આવતા ઇસમો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. |

| | | | |
|---|---|---|---|
| | અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૨૯ થી ૩૫ | | |
| ૧૬.<br>* | — " — | ૧૦૦ | વન્ય પ્રાણીઓના ગેરકાયદેસર શિકાર કરતી ટોળકીઓ સામે પગલાં લેવા અને સતત પેટ્રોલીંગ કરવામાં તંત્રની ઉદાસીનતા. |
| | | | **માગણી નં. ૨૭** |
| ૧૭.<br>* | ૨૨૧૫–પાણી સ્વચ્છ<br>૦૨–ગટર.... સ્વચ્છતા<br>૧૦૬–વાયુ... નિવારણ<br>રૂ. ૧૩,૦૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પા.નં. ૯ થી ૧૦ | ૧૦૦ | તાપી નદીમાં કેમીકલ્સ યુકત પાણી છોડવાથી પાણી પ્રદૂષિત થતું અટકાવવામાં તેમજ જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૧૮. | — " — | ૧૦૦ | ઔદ્યોગિક એકમના ઝેરી કચરાના નિકાલનું વ્યવસ્થાપન કરતી ગેમીને અસરકારક અને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૧૯.<br>* | — " — | ૧૦૦ | અશુધ્ધ પાણીના બદલે શુધ્ધ પાણીના સેમ્પલો લઇ ખોટા રીપોર્ટ કરી પાણીને પ્રદષિત કરતા એકમોને બચાવવા અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૦.<br>* | — " — | ૧૦૦ | પ્રદૂષણ અંગેની વ્યાપક ફરિયાદો હોવા છતાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ધ્વારા કોઇ પગલાં લેવાતા ન હોઇ વિભાગના પ્રમાણિક અધિકારીઓને બોર્ડમાં સત્વરે નીમવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૧.<br>* | — " — | ૧૦૦ | પ્રદૂષિત પાણી/વાયુ અંગે થતી ફરિયાદો/આંદોલનો અન્વયે જવાબદાર કંપનીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૨. * | — " — | ૧૦૦ | પ્રદૂષણ ફેલાવતા એકમોને સત્વરે બંધ કરી તેમની શિક્ષત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૩.<br>* | — " — | ૧૦૦ | ખારીકટ કેનાલમાં પ્રદૂષિત પાણી છોડતા એકમો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૪.<br>* | — " — | ૧૦૦ | પ્રદૂષિત પાણી/હવાથી પ્રાણીજીવન અને મનુષ્ય/કૃષિને તંત્રની નિષ્ફળતા. |
| | | | **આદિજાતિ વિકાસ વિભાગ** |
| | | | **માગણી નં. ૯૩** |
| ૨૫.<br>* | ૨૨૧૫–પાણી સ્વચ્છ<br>૦૧–પાણી પુરવઠો<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૪ (ભાગ–૩)<br>પા.નં. ૧૨ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણી માટેની /પાણી પુરવઠા યોજનાઓનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૨૬.<br>* | — " — | ૧૦૦ | આદિજાતિ વિસ્તારો માટે પીવાના પાણી માટે ફાળવવામાં આવતી બજેટની રકમમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. |

| | | | |
|---|---|---|---|
| ૨૭.<br>* | | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં તેમજ આંતરિયાળ વિસ્તારોમાં પીવાના પાણીની કાયમી સમસ્યા હલ કરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૮.<br>* | ૨૨૨૫–અનુસૂચિત... કલ્યાણ<br>૦૨– અનુસૂચિત... કલ્યાણ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૧,૧૭,૪૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ–૩)<br>પા.નં. ૧૫ થી ૧૬ | ૧૦૦ | આદિવાસીઓના વિકાસ માટેુ કેન્દ્ર સરકાર તરફથી દર વરસે મળતી કરોડો રૂતિયાના સહાયનો પૂરતો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૨૯.<br>* | — ” — | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોની આમજનતાને પ્રાથમિક શિક્ષણ/ આરોગ્યની સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૩૦.<br>* | — ” — | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં ખાણખનીજની લીઝો બીજા જિલ્લાની બીનઆદિવાસી વ્યકિતઓને અપાતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. |

**માગણી નં. ૯૬**

| | | | |
|---|---|---|---|
| ૩૧.<br>* | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રાથમિક શિક્ષણ<br>૦૦૧–આદિજાતિ... યોજના<br>રૂ. ૨,૭૭,૫૫,૦૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ–૪)<br>પા.નં. ૨૫ થી ૩૦ | ૧૦૦ | આદિવાસી વિસ્તારોમાં આવેલ પ્રાથમિક શાળાઓના કથળેલા શિક્ષણને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૩૨.<br>* | — ” — | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોના આંતરિયાળ વિસ્તારના બાળકલ અભ્યાસ કરી શકે તે માટે વધુ પ્રાથમિક શાળાઓ શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૩૩.<br>* | ૨૨૦૨–સામાન્ય શિક્ષણ<br>૦૩– યુનિર્સિટી... શિક્ષણ<br>૭૯૬–આદિજાતિ... યોજના<br>૦૪–ઈડીએન–૨૮સરકારી... વિકાસ<br>રૂ. ૧૧,૧૮,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ–૪)<br>પા.નં. ૩૭ થી ૩૮ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં પૂરતા પ્રમાણમાં સરકારી કોલેજો શરૂ કરી વિદ્યોર્થીઓને સરળતાથી પ્રવેશ મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૩૪.<br>* | — ” — | ૧૦૦ | આદિજાતિ ધારાસભ્યોએ પોતાના વિસ્તારોમાં સરકારી કોલેજો શરૂ કરવા લખેલ પત્રોના અનુસંધાને ઘટતી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૩૫.<br>* | ૨૨૦૨–અનુસૂચિત... કલ્યાણ<br>૦૨– અનુસૂચિત... કલ્યાણ<br>૭૯૬–આદિજાતિ... યોજના<br>૮૯–બીસીકે–૨૩૦એકલવ્ય... શાળાઓ<br>રૂ. ૯૬,૫૪,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૪(ભાગ–૪)<br>પા.નં. ૧૮૦ | ૧૦૦ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમમાંથી એકલવ્ય મોડલ સ્કુલો શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા. |

**કલામેટ ચેઈન્જ વિભાગ**

**માગણી નં. ૧૦૭**

| | | | |
|---|---|---|---|
| ૩૬. | ૩૪૫૧–સચિવાલય... સેવાઓ | ૧૦૦ | વિભાગ દ્વારા કરવામાં આવેલ |

| | | | |
|---|---|---|---|
| * | ૦૯૦-સચિવાલય<br>રૂ. ૬૭,૦૮,૦૦૦<br>અં.પ્ર.નં.૨૮<br>પા.નં. ૯ થી ૧૦ | | કામગીરીની વિગતો આમજનતા સમક્ષ તંત્રની નિષ્ફળતા. |
| ૩૭.<br>* | — " — | ૧૦૦ | પર્યવારણલક્ષી સંશોધન વધુ સઘન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. |
| ૩૮.<br>* | — " — | ૧૦૦ | બજેટમાં ફાળવવામાં આવતી અપૂરતી રકમમાં વધારો કરવામાં તંત્રની ઉદાસીનતા. |
| ૩૯.<br>* | — " — | ૧૦૦ | વિભાગની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. |

*** આ કાપ દરખાસ્ત રજૂ કરનાર સભ્યોશ્રીઓને સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરાયેલા હોઇ રજૂ થઇ નથી.**

**શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ)** : માનનીય અધ્યક્ષશ્રી, આજના કામકાજની માગણી નં. ૨૬, ૨૭, ૯૩,૯૬ અને ૧૦૭ માનનીય મંત્રીશ્રીઓ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓમાં ગુજરાતની પૂર્વપટ્ટીના આદિવાસીઓ અને વનબંધુઓ છે ત્યારે આ માગણી પર બોલતા પહેલાં ખૂબ દુઃખ એ થાય છે કે જ્યારે ૧૯૪૭માં આ દેશ આઝાદ થયો અને ગાંધીજીના શબ્દો હતા કે આ હિન્દુસ્તાનને આપણે આઝાદ કર્યું છે અને હવે મારું ગામડું કેવું હશે અને એના ફળ આ દેશના ગામડાને કેવા મળતા હશે? ત્યારે અમે ઘણા સમયથી રાજકારણમાં છીએ પણ રાજકિય દ્રષ્ટિએ અમે જ્યારે અવલોકનો કરતા હોઇએ ત્યારે આદિવાસી ક્ષેત્રની અને આદિવાસી સમાજ માટેની અને એના હક્કો માટેની જો કોઇએ ચિંતા કરી હોય તો આ ભારતીય જનતા પક્ષ ૧૯૯૫ માં સત્તા પર આવ્યો અને એ દરમિયાન ૨૦૦૧ થી અત્યાર સુધી એ ચિંતા કરતો આવ્યો છે. આજના એજન્ડામાં આપ આદિવાસી ક્ષેત્રમાંથી આવો છો, આ વિધાનસભા ગૃહનું કામકાજ નિયામાનુસાર ચાલે છે. અત્યાર સુધીની અમારી આ ત્રીજી ટર્મ છે છતાં નિયમો અને બંધારણનું પાલન કરતાં અધ્યક્ષ તરીકે મેં આપને નિહાળ્યા છે અને ત્યારે વિરોધ પક્ષના મારા સાથી સભ્યોએ આપના ઉપર જે આરોપ મૂક્યો છે અને આરોપના અનુસંધાનમાં આદિવાસી પ્રજાને દુઃખ થાય એવી આપના ઉપર અવિશ્વાસની દરખાસ્ત લાવીને આપના ઉપર અવિશ્વાસ મૂકવાનો જે પ્રયાસ કર્યો છે એ હું આદિવાસી સમાજ વતી અને આ ગૃહ વતી આ દરખાસ્તને વખોડી કાઢું છું. આજનો દિવસ એ વિશ્વ વન પર્યાવરણનો દિવસ છે અને એટલા માટે હું આપની પરવાનગી પણ લઉં છું કે આજે ગૃહમાં બેઠેલા તમામ સાથી સભ્યો, પ્રેક્ષકો, અધિકારીઓ તમામને વિનંતી કરું છું કે વન એ જીવન સાથે સંકળાયેલ એક વિષય છે અને આપણે સૌ વનની વૃદ્ધિ થાય એવા નવા નવા કાર્યક્રમો આપવા જઇએ છીએ ત્યારે આ ગુજરાતની તમામ જનતા, ભાઇ-બહેનોને અપીલ અને વિનંતી કરું છું કે જીવનમાં ઓછામાં ઓછા પાંચ ઝાડ વાવવાની એક પ્રતિજ્ઞા લે. મારી આ જાહેર અપીલ છે. વન અને જીવન આ બન્ને ઘટના આપણા સૌના માટે ખૂબ અગત્યની બાબત છે. આપણે જોઇએ છીએ કે જ્યારે માણસના જીવન માટે હવા, પાણી અને ખોરાક જોઇએ છે ત્યારે હવા લઇએ છીએ એ ક્યાંથી મળે છે? એ હવામાં ઓક્સિજન આપણને ઝાડ આપે છે. આ ઝાડ આપણને ઓક્સિજન આપતા હોય ત્યારે આપણે ઝાડનું જતન કરવું, ઝાડનું વધુ ને વધુ વાવેતર કરવું એ આપણી પાયાની ફરજ બને છે અને એટલા માટે આજની માગણીની અંદર જે મેં બજેટ જોયું ત્યારે એ બજેટની અંદર દર વર્ષે વનો વધારવા માટેનો જે પ્રયાસ થયો છે એ ખૂબ અભિનંદનને પાત્ર છે. વન જીવનમાં કેટલા ઉપયોગી છે એ અંગે હું થોડાક દાખલા આપવા માગુ છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પીપળો છે એ બીજા ઝાડથી અલગ પ્રકારનું ઝાડ છે. બીજા ઝાડ ઓકસિજન અમુક સમય આપે છે ત્યારે પીપળો એક એવી વનસ્પતિ છે કે એ ૨૪ કલાક ઓકસિજન આપનારું એક ઝાડ છે. એટલા માટે માનવ જીવનને ખૂબ ઉપયોગી આ પીપળો કહી શકાય. આપણે ત્યાં જે

ક્ષેત્ર છે એ ક્ષેત્રની અંદર ૯.૮૯% વન વિસ્તાર તરીકે છે અને એમાં ટોટલ ૧,૯૧,૪૦૦ ચો.કિ.મી. જેટલા વનો પથરાયેલ છે. આ પૃથ્વી ઉપર વનોની સંખ્યા કેટલા ટકા જોઇએ? તો સાયન્સે આપણને દર્શાવ્યું છે કે ૩૩% વૃક્ષારોપણ હોવું જોઇએ. આ ૩૩% જો ના હોય તો એ આપણુ બેલેન્સ વાતાવરણને જાળવી શકીએ નહિ અને એના માટે આપણને નુકશાનકર્તા હોય છે એના માટે આપણા બજેટની અંદર કેટલી જોગવાઇ કરીએ છીએ? આપણા બજેટની અંદર દર વર્ષે હું બજેટ જોતો રહ્યું છું એમાં આ વર્ષે મહેસૂલી ખર્ચ માટે ૨૯૪ કરોડ ૨૧ લાખ ૯૦ હજાર અને મૂડી ખર્ચ ૨૪૯ કરોડ ૫૮ લાખ ૮૬ હજાર વન અને પર્યાવરણ હેડની અંદર મૂકવામાં આવ્યાં છે. ગયા વખતે મેં જોયું તો ગયા વખતે જે વન ઉછેર કરવા માટેના જે આંકડાઓ હતા એમાં વધારો છે. એટલું જ નહિ પણ વન કયા વિસ્તારની અંદર હોઇ શકે? ઉંમરગામથી અંબાજી સુધીની જે પૂર્વપટ્ટીનો જે વિસ્તાર છે, ત્યાં જે આદિવાસીઓ રહે છે. ડુંગરાળ પ્રદેશ છે અને એમાં એ ક્ષેત્રની અંદર ઝાડનો વધુ ને વધુ ઉછેર થાય એ સરકારનો ઉદ્ધેશ રહેલો છે અને એ ઉદ્ધેશની સાથે સાથે આ બજેટમાંથી અનુસૂચિત જનજાતિ એટલે કે આદિજાતિ પેટા વિભાગ દ્વારા પણ ખર્ચો કરવામાં આવે છે અને સાથે સાથે ખાસ આ વિસ્તારની અંદર અનુસૂચિત જાતિ હેઠળ હાય કે જેને આપણે અંગભૂત યોજના કહીએ છીએ એ હેડની અંદર પણ ખર્ચો કરવામાં આવે છે. આ ખર્ચો કર્યા પછી આજે ઝાડનું રક્ષણ આપણે કેવી રીતે કરીએ છીએ? આ આ ઝાડની અંદર વધારે વ્યાપ લેવો હોય તો આપણે શું કરીએ છીએ? તો આજે મને કહેતા ગર્વ થાય છે કે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીએ ખૂબ સૂઝબૂઝથી એક નિયમ મૂક્યો કે જંગલ વિસ્તારની નજીક રહેતા આદિવાસી વિસ્તારના જે ફળિયાઓ હોય, રહેણાંક વિસ્તાર હોય એ રહેણાંક વિસ્તારના ભાઇ–બહેનો એક સહભાગી વન મંડળી બનાવે. એ મંડળીની એને જવાબદારી આપવામાં આવે અને એ જવાબદારી પ્રમાણે એ ઝાડનું રક્ષણ કરે.

**(સભાપતિશ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ અધ્યક્ષસ્થાને)**

સરકાર દ્વારા શું એને આપવામાં આવે છે? તો સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવા માટે એને પોતાને થવું જોઇએ કે આ વન મારું છે, આ ઝાડ મારું છે એ ભાવ ઊભો થવો જોઇએ. એ ભાવ ઊભો કરવા માટે સરકાર દ્વારા સામાજિક કાર્ય કરવા માટે લગ્ન હોય તો લગ્નના સાધનો..માઇકો, ટેબલ–ખુરશી અને સાથે સાથે એ સહકારી મંડળીઓને એક પ્રોત્સાહિત રીતે કે, જે વીસ વર્ષનું વન થાય પછી આ જંગલો કાપવામાં આવે અથવા તો ઉભા ઝાડની અંદર એનું વિન્ડુ કરવામાં આવે ત્યારે એમાંથી એને સો ટકા જેટલી રકમ પણ આ મંડળીને આપવામાં આવી. એનું પરિણામ આપણે જોઇ રહ્યા છીએ. અમે દક્ષિણ ગુજરાતની અંદર, અમારા સંજાણ વિસ્તારમાં કમ સે કમ દસ જેટલા ડુંગરો આવેલા છે. ભૂતકાળમાં એ ડુંગરોની અંદર કશું પણ નહતું, કોઇ ઝાડ પણ નહતું પણ આજે આ સહકારી સહભાગી મંડળીઓ બની, એને એમ થયું કે આ જંગલ અમારું છે, અમને સોંપવામાં આવ્યું છે અને એના કારણે આજે ત્યાં ખૂબ સારું જંગલ આજે અમે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં પણ, આજે અમારે ત્યાં, અમારો દરિયા કિનારાનો વિસ્તાર છે, કોઇ વખતે ચિત્તા અમે જોયા નહતા પણ અમારે ત્યાં આજે વૃક્ષોનું ખૂબ સારું જતન થવાના કારણે ત્યાં આજે અમે ચિત્તા જોઇ શકીએ છીએ, રાષ્ટ્રીય પક્ષી મોર જોઇ શકીએ છીએ, અમે ત્યાં સસલાઓ જોઇ શકીએ છીએ અને સારા એવા જંગલો આજે ત્યાં ઉભા થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આજે આનંદ થાય છે કે, અમે જંગલો જોવા માટે ડાંગમાં જતા હતા પણ ગયે વખતે જયારે આજ સહકારી મંડળી દ્વારા મારા મત વિસ્તારની અંદર, મારા ગામની અંદર કાજુફળિયા નામનું ગામ છે ત્યાં એમણે આ મંડળી દ્વારા વાંસ ઉછેરની યોજના કરવામાં આવી હતી અને ગયે વખતે જયારે કપાઇ ત્યારે ખરેખર મને એમ થયું કે જો આ યોજનાના કારણે, સહકારી ભાવનાના કારણે એક સારામાં સારા જંગલો આપણે ઉભા કરી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ જંગલોનું ડેવલપીંગ લોકો સાથે થાય એટલા માટે આપણે દર વખતે રાષ્ટ્રીય કક્ષાનો વનોત્સવ ઉજવીએ છીએ, જિલ્લાનો કરીએ છીએ, તાલુકામાં કરતા ગયા છીએ અને હવે આ વર્ષે આપણે વનોત્સવને ત્રણ યોજના સાથે જોડવામાં આવ્યો છે. જયાં શાળા પ્રવેશ થતો હોય, જયાં શાળા આરોગ્ય તપાસ કાર્યક્રમ થતો હોય ત્યાં પણ વૃક્ષોનું રોપણ થાય અને તેનું જતન થાય એ પ્રમાણેનો કાર્યક્રમ

સરકાર દ્વારા કરવામાં આવ્યો છે અને એના કારણે આજે આપણે જોઇ શકીએ છીએ કે વનોના વિસ્તરણમાં વધારો થતો જાય છે.દરેક જગ્યા ઉપર વનોનો સારો ઉછેર આજે આપણે જોઇ શકીએ છીએ. એમાં કેટલાક આજે જે છે, ભૂતકાળના ઇતિહાસ ઉપર જો આપણે નજર કરીશું તો જયારે સીતાજીનું હરણ થયું અને એને પ્રાપ્ત કરવા માટે રામ અને એમના સાથી સૈન્યો લંકામાં ગયા, યુદ્ધ થયું અને એ યુદ્ધમાં લક્ષ્મણજી મૂર્છિત થયા ત્યારે તે વખતે કોઇ એલોપથી દવાનું સંશોધન નહતું, પણ રામ એ તો પૂર્ણ પુરુષ છે, એમણે એ વિચાર્યું કે, લક્ષ્મણજીને સજીવન કરવા જોઇએ. તો તે વખતે પણ એક વનસ્પતિ લાવીને લક્ષ્મણજીને ફરી પાછા જીવંત કરવામાં આવ્યા હતા. આજે અમે બીજું પણ જોઇએ છીએ કે, જયારે આપણા શાસ્ત્રની અંદર વાલિયો લૂંટારો, લૂંટારો શબ્દ આ સભાગૃહમાં યોગ્ય નથી પણ એનું નામ આવે છે એટલે હું આ શબ્દનો પ્રયોગ કરું છું કે, એમણે એક બિલિપત્રના ઝાડ ઉપર આખી રાત વાસો કર્યો અને એની ઇચ્છા એવી હતી કે, અહીંયાથી કોઇ પણ માણસ જશે તો એને હું લૂંટી લઇશ. એના વિચારો દુર્ભાગ્ય હતા, વિચારો સારા નહતા પરંતુ એ કયા ઝાડ ઉપર હતો ? બિલિપત્રના ઝાડ ઉપર હતો એણે આખી રાત આ બિલિપત્રના પાંદડા તોડી તોડી નીચે નાખતો હતો અને નીચે ભગવાન શંકરજીનું લીંગ હતું, એના ઉપર આ બિલિપત્ર ચઢ્યા અને એને સદભાવના જાગી અને એ સદભાવના જાગવાના કારણે આજે જે વાલિયો લૂંટારો તરીકે નામ જે આજે પ્રખ્યાત છે એ પાછળ જતાં એક વાલ્મિકી ઋષિ બન્યા એ એક સારામાં સારું દષ્ટાંત આજે આપણી સામે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં કેટલાક વનો છે. એ વનોને નક્ષત્ર સાથે અને લોક ઉત્સવ સાથે જોડવામાં આવ્યા છે. એના પણ હું નામ કહેવા માગુ છું. આપણા જે નવ ગ્રહો છે એ નવ ગ્રહની અંદર, નક્ષત્ર વન, રાશી વન, પંચવટી વન, સંપત્તિ વન, શિરપણી વન, તિર્થંકર વન અને આરોગ્ય વન આ નક્ષત્ર સાથે જોડાયેલા વનો છે એ જ રીતે સમગ્ર ગુજરાતની અંદર જયાં જયાં વનો છે એમાં આદર્શ બને. લોકો એ વનને જોવા માટે આવે એમાંથી પ્રેરણા લે અને પ્રેરણા લઇ અને પોતાના મત વિસ્તારની અંદર અથવા તો પોતાના ગામે એ વનનું જતન કરે એ ઉદ્વેશ સાથે બીજા પણ વનો જે કર્યા છે એમાં પુનિત વન ગાંધીનગર, માલદેવી વન અંબાજી, ભકિત વન ચોટીલા, હરિહરિ વન સોમનાથ, શ્યામ વન શામળાજી, પાવક વન પાલીતાણા અને વિશ્વાસુ વન પાવાગઢ. આ રીતે આ ગુજરાતની અંદર સાંસ્કૃતિક વનથી આ શબ્દથી જોડાયા છે અને એટલા માટે આજે મને કહેતા આનંદ થાય છે કે જયારે માણસને જીવવા માટે ચોખ્ખી હવા જોઇએ છે અને ચોખ્ખી હવા વન આપતા હોય ત્યારે વનની અંદર રીઝર્વ ફોરેસ્ટ, વુલ્લન ફોરેસ્ટ, ગામતળ, પંચાયત ગૌચર, માર્ગ મકાનની સાઇડ બાઉન્ડ્રી આ તમામને સરકાશ્રીએ નિર્દેશ કરીને વનો ઉછેર કરવા માટેનો આ કાર્યક્રમ જે કર્યો છે એ મારી દ્રષ્ટિએ ખૂબ મહત્વનો છે અને એના કારણે આજે આપણે સારા પરિણામ પણ મેળવી શકયા છીએ. મારે પર્યાવરણ ઉપર પણ થોડી વાત કરવી છે. મારા મત વિસ્તારની અંદર ત્રણ જી.આઇ.ડી.સી. આવેલી છે. સરીગામ, ઉમરગામ, વાપી અને વાપીનું નામ તો આપને પણ ખબર હશે કે એશિયાની અંદર વાપી ઔધોગિક મંદિર તરીકે પ્રખ્યાત છે. કેમિકલ ઝોન છે સરીગામ અને વાપી એટલે સ્વાભાવિક રીતે પર્યાવરણને નુકશાન થાય એ આપણે સૌ જાણીએ છીએ પરંતુ એનું જતન કરવા માટે ભારત સરકાર અને ગુજરાત સરકારે જે કમર કસી છે એ કહેતા આજે મને ખૂબ આનંદ થાય છે કે દરેક જી.આઇ.ડી.સી.ની અંદર અત્યારે આધુનિક સાધનો મુકીને એનું પર્યાવરણ માપવામાં આવે છે કોઇપણ ઉધોગ વધારે પ્રદૂષણ ન કરે એની કાળજી લેવામાં આવે છે. લોકફરિયાદની અંદર નેટ ઉપરથી એની ફરિયાદ જો દાખલ થાય તો તાત્કાલિક એને કલોઝર નોટિસ આપવામાં આવે છે અને આ રીતે એક સારામાં સારી જાળવણી પર્યાવરણની અંદર કરવામાં આવે છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રી વન અને પર્યાવરણ હેડની અંદર જે દરખાસ્ત લઇને આવ્યા છે એને હું અનુમોદન આપીને મારું પ્રવચન પૂરું કરું છું.

**શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે કલાઇમેટ ચેન્જ વિભાગ ઉપર માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજયની સ્થાપના થઇ અને સ્થાપના થયા બાદ આજદિન સુધી યુવા આદિવાસી અધ્યક્ષ ઉપર જે અવિશ્વાસની દરખાસ્ત કોંગ્રેસના સાથી મિત્રોએ જે લગાવી છે એને હું સખત શબ્દોમાં વખોડી કાઢું છું. આ સમગ્ર આદિવાસી વિસ્તારનું, સમગ્ર

સમાજનું આ એક અપમાન છે. આનાથી મારા સાથી મિત્રો કોંગ્રેસની માનસિકતા ખરી થાય છે. * (xxxx) જયારે હોય ત્યારે...

શ્રી સભાપતિશ્રી : એ શબ્દો પાછા ખેંચો દુષ્યંતભાઈ,

શ્રી દુષ્યંતભાઈ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પાછા ખેંચું છું. એ કહેવત છે જયારે હોય ત્યારે આ ગૃહની અંદર આદિવાસી સમાજના હિતની જયારે વાત કરતા હોય અને જયારે એક ભણેલા યુવાન અધ્યક્ષની વિના કારણે જે અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા છે તે ગેરવ્યાજબી છે તેને સખત શબ્દોમાં વખોડી કાઢું છું. કલાઈમેટ ચેન્જ ૨૧ મી સદીનો સૌથી મોટો પડકાર છે. એક સદી પહેલા સ્વામી વિવેકાનંદજીએ ખૂબ સરસ વાકય લખ્યું હતું.

Quote:

All nature is bound by law, the law is of its own action. This law cannot be broken. If you break the law of nature, all nature will come to an end in an instant and there would be no more nature.[૫]

Unquote:

માનનીય અધ્યક્ષશ્રી, એમણે એમ કહ્યું હતું કે પ્રકૃતિ નિયમથી બંધાયેલી છે અને એ નિયમ તેની મર્યાદામાં હોય છે અને આ નિયમ તોડી શકાતા નથી જો આ નિયમોની મર્યાદા તોડશો આ પૃથ્વી પરની પ્રકૃતિ સદાય માટે નાશ પામશે.ક્લાઈમેટ ચેઈન્જ એ કોઈ દંત કથા નથી, પરંતુ વાસ્તવિકતા છે. હમણા આપણા અસ્તિત્વ ઉપર સૌથી મોટો ખતરો છે. કલાઈમેટ ચેઈન્જની અસરો અને આબોહવામાં થતા ફેરફારો પર્યાવરણ અને મનુષ્ય જીવન બંને માટે ચિંતાનો વિષય છે. તાપમાનમાં થયેલ વધારા પાછળનું અત્યંત સંભવિત જો કારણ હોય તો ગ્રીન હાઉસ વાયુમાં થયેલ નોંધપાત્ર વધારો છે. પ્રાચીન કાળમાં ઋગ્વેદમાં પણ પાંચ તત્ત્વોને મહત્વ અપાયેલ છે. આ પાંચ તત્વોઃ પૃથ્વી, હવા, જળ, તેજ અને આકાશ. જાણે અજાણ્યે આપણે આ અટલ સંતુલનમાં વિક્ષેપ ઉભો કર્યો હોય તેમ જણાય છે. સાદી ભાષામાં વાત કરું તો એવરેજ ટેમ્પરેચરમાં થયેલ વધારો એટલે પૃથ્વીના તાપમાનમાં થયેલ વધારાને ગ્લોબલ વોર્મિંગ કહેવાય. એનાથી સાદી ભાષામાં કહું સૂર્યની ગરમીને ઓછા કરતા ઓઝોન લેયર હોય છે, તે ઓઝોન લેયરમાં ગાબડા પડવાની શરૂઆત થઈ છે, તેના પરિણામે સૂર્યના કિરણ સીધા જમીન ઉપર પડવાથી તાપમાન ઉપર સતત વધારો થતો આવ્યો છે, તેને ગ્લોબલ વોર્મિંગ કહેવાય છે. મનુષ્યએ કુદરતી સંપત્તિનું દોહન કરવાના બદલે દમન કર્યુ છે, એટલે જ ગ્લોબલ વોર્મિંગ નામના રાક્ષસી સમસ્યા થઈ છે. વધુ ગરમી, વધુ ઠંડી, તથા ડિઝાસ્ટર જેવા દુષ્કાળ, વંટોળ અને અતિવૃષ્ટિ આજની સૌથી મોટી સમસ્યા છે. નજીકના ભૂતકાળની કેટલીક ઘટનાઓ જે છેલ્લાં ૧૦ વર્ષમાં થઈ છે તેની ઝાંખી યાદ કરાવું તો ૨૦૦૫ ની અંદર મુંબઈમાં ભારે વરસાદ, હીટ વેવ યુરોપ અને ઓસ્ટ્રેલિયામાં થયો. હમણા ગયા વર્ષે ઉપર વાવાઝોડું અને સુનામી મેક્સિકો, અખાત અને જાપાનમાં થઈ. આવી અનેક ઘટનાઓમાં લાખો લોકોએ જીવ ગુમાવ્યા છે. લાખો લોકો બેઘર બન્યા છે. પ્રકૃતિ, પ્રકોપ અને કુદરતી આફતની વિપરીત અસરનો ભોગ વિશ્વની વિકસિત અને સાધન સંપન્ન દેશો બની રહ્યા છે. આર્થિક પ્રગતિ અને વિકાસ ઉપર પ્રતિકૂળ અને અવરોધક અસર વિશ્વમાં જોવા મળી રહી છે. આ સંજોગોમાં વિકાસને વરેલા અને વિકાસની ગતિને જાળવવા માટે પ્રતિબદ્ધ રહેવામાં જરા પણ ઉદાસીન રહેવું પાલવે તેમ નથી. અત્યાર સુધીના સંશોધન મુજબ પૃથ્વી સિવાય બીજો એવો એક પણ એવો ગ્રહ નથી કે ત્યાં માનવ જીવન શક્ય હોય. એટલે એક ખૂબ સરસ વાક્ય લખાયેલ છે. પ્રજાતિ અનેક, ધરા એક, ભાવિ એક. આ ધરતી ઉપર જીવન સૃષ્ટિમાં માનવ લાખેણો એક છે. કુલ ૧ કરોડ ૫૦ લાખ પ્રજાતિઓ છે, તેમાં માનવી એક છે આ પ્રજાતિ તો કલાઈમેટ ચેઈન્જના હિસાબે દુર્લભ થવા જાય છે. એક વૈજ્ઞાનિકના સંશોધન પ્રમાણે ૧૭૦૦૦ થી વધારે પ્રજાતિઓ ઉપર ખતરો ઉભો થયો છે. ઘણી પ્રજાતિઓ નોંધ લેવાઈ ગયાને અગાઉ જ નસ્ત થઈ છે. આ સતત બની રહેલ ઘટનાઓના પાછળ માનવ જીવનની બેફામ પ્રવૃત્તિ છે. આ ધરતી ઉપરના ઘણા વનનો

*** (xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધેલા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

સફાયો થયો છે. વિશ્વના અડધા જળગ્રસ્ત વિસ્તારોનો સફાયો થઇ ગયો છે. પોણા ભાગના મત્સ્યોદ્યોગ, મત્સ્યનો જથ્થો ખલાસ થઇ ગયો છે. પૃથ્વીમાં આ કલાઇમેટમાં ધીમી અને ચોક્કસ ગતિ કરતા વધુ બદલાવ આવવા માંડ્યો છે. વાસ્તવમાં છેલ્લા થોડાક દાયકાઓથી કલાઇમેટ ચેઇન્જમાં જે ઝડપે પરિવર્તન આવી રહ્યું છે, તે જોતાં વૈજ્ઞાનિકો અને હવામાન શાસ્ત્રીઓને ચિંતા બેઠી છે. કમનસીબે આ વધારો માનવ સર્જિત છે અને ખરેખર બહુ મોટી ચિંતાનો વિષય છે. કેમ કે પૃથ્વી દરેક જીવનને અસરકર્તા છે. અત્યાર સુધીમાં પૃથ્વી કુલ ૧૪.૫ ગીગાટન કાર્બન ડાયોકસાઇડનું ઉત્સર્જન કરી શકે છે.મારી પાસે એક નાસાનો ખૂબ લેટેસ્ટ રિપોર્ટ છે, આજે કાર્બન ડાયોકસાઇડ એમિશન માથાદીઠ તથા વૈશ્વિક હિસ્સામાં વિકસિત દેશોનો જે હિસ્સો ઘણો જ વધારે છે, વિશ્વનું સરેરાશ માથાદીઠ કાર્બન ડાયોકસાઇડ એમિશન ૪.૫ ટન છે જેમાં વિકસિત દેશોનું સરેરાશ કાર્બન ડાયોકસાઇડ એમિશન ૧૧.૫ ટન છે. જયારે વિકાસશીલ દેશ સરેરાશ માથાદીઠ કાર્બન ડાયોકસાઇડ એમિશન ૨.૪ ટન છે, અમેરિકા કાર્બન ડાયોકસાઇડ એમિશનમાં સૌથી વધારે છે, એ ૨૦.૬ ટન છે, કેનેડા ૨૦ ટન છે, ઓસ્ટ્રેલિયા ૨૦ ટનથી ઉપર છે. જેથી જ એક સરસ વાક્ય એ છે કે, જે પ્રમાણે યુ.એસ.એ,, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જે વાતાવરણમાં કાર્બન ડાયોકસાઇડ છોડે છે જો એટલો ઉમેરો વિશ્વના બધા જ દેશો આ કાર્બન ડાયોકસાઇડ ઉમેરે તો આપણને નવ પૃથ્વીની જરૂર પડે અને અત્યાર સુધીના સંશોધનમાં મેં જેમ કહ્યું તેમ પૃથ્વી સિવાય બીજો એવો એક પણ ગ્રહ નથી કે જયાં માનવજીવન શક્ય હોય, ત્યારે આ પરિસ્થિતિને કટોકટી નહીં કહીએ તો શું કહીશું?

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ખૂબ સરસ આંકડા છે, રોજના એક બેરલ નવું ખનીજ ઓઇલની ખોજ માટે દરરોજ બે બેરલનો વપરાશ થાય છે, વર્ષ ૨૦૩૦માં ઓટોમોબાઇલ્સની સંખ્યા વિશ્વમાં જે છે એમાં પચાસ ટકા વૃદ્ધિ થવાના એંધાણ છે, વિશ્વમાં જેટલું ઓઇલ ૧૨૫ વર્ષમાં આપણે વાપર્યું છે એટલું જ ઓઇલ આગામી ત્રીસ વર્ષોમાં વપરાઇ જવાની ગણતરી છે. માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં આજે વપરાતા ઓઇલના જથ્થા કરતાં ૪૦ ટકા વધુ જથ્થો આગામી વીસ વર્ષમાં વપરાઇ જશે. વૈજ્ઞાનિકોના મત પ્રમાણે દરિયાઇ સપાટી વધવાનો વર્તમાન દર અગાઉ કરતાં ત્રણ ગણો વધુ જણાય છે, જેમાં ભવિષ્યમાં વધારો થવાની ખૂબ મોટી સંભાવના છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી અગત્યની વાત આ છે કે, ગરમ તાપમાનથી મેલેરિયા અને વેસનાઇલ નામના વાઇરસ રોગથી મોટી સંખ્યામાં લોકો ભોગ બનવાની પણ સંભાવના છે. ઔદ્યોગિક ક્રાંતિમાં વાતાવરણમાં કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ ૩૧ ટકાનો વધારો થયો છે, એક ચોક્કસ અનુમાન મુજબ એક સાયન્ટીસ્ટ પ્રમાણે વર્ષ ૨૦૩૦ સુધીમાં દરિયાનું પાણી ૧૫૦ એમએમથી ૩૦૦ એમએમનો વધારો થશે. જેના કારણે દરિયા નજીકના વિસ્તારમાં રહેતા લોકો ઉપર ખૂબ મોટી અસર પડવાની છે. વીજળી કે જે અત્યારે સૌથી વધારે પ્રાથમિક જરૂરિયાત છે, અને આજના યુગની અગ્રીમ જરૂરિયાત છે ત્યારે વિશ્વમાં ૪૦ ટકા ગ્લોબલ કાર્બન ડાયોકસાઇડ માત્ર ઉર્જા પેદા કરવાથી થાય છે અને એ જે પ્રમાણે ઉર્જાની ડિમાન્ડ વધતી જાય છે તે જોતાં વર્ષ ૨૦૩૦ સુધીમાં તે ડબલ થઇ જશે. એક સાદી ભાષામાં કહીએ તો પૃથ્વીને ગુજરાતીમાં કહીએ તો તાવ આવી ગયો છે, અને તેમાં સતત વધારો થતો આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ સામે આપણા રાજય એ પ્રથમ એવું રાજય છે કે, જેણે એશિયાની અંદર એક કલાઇમેટ ચેઇન્જ નામનો વિભાગ ઉભો કર્યો છે, અને આ વિભાગ કામ કરવા માટે જ નહીં પણ આ અલગ વિભાગની રચના કરી આજે ગુજરાત જે પ્રગતિ કરતું આવ્યું છે અને કરે છે, તો તેમાં એક નમૂનો બેસાડે અને આ તમામ એક વીઝનરી માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આભારી છે, તેમનું વીઝન એવું છે કે, seeing invisibleઅમે મિશન એવું છે કે, doing impossible દૂરંદેશી જે જોઇને જે આ વિચાર કર્યો છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે અને વિશ્વમાં પહેલી એવી વ્યકિત છે કે જેણે આ રાક્ષસી સમસ્યા સામે એના નિવારણ માટે એક પુસ્તક લખ્યું છે, Convenient Action કલાઇમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મીંગના પડકારો આજની પેઢીના જ નહીં પરંતુ આવતી કાલની પેઢીના છે અને ખૂબ મહત્વના છે. સમગ્ર દેશમાં કાર્બન ક્રેડિટ મેળવવામાં ગુજરાત રાજય પ્રથમ છે અને આખા દેશમાં જેટલા કાર્બન ક્રેડિટ મેળવવામાં આવે છે તેમાં ૨૯ ટકાનો રેશિયો ગુજરાતનો છે. પર્યાવરણની જાળવણી માટે ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ તૈયાર

કરી છે જેમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવો તેના વપરાશ તેના ઉત્પાદન અને ક્લીન ટેકનોલોજીનો ઉપયોગ કરવો, કાર્બન ફૂટ પ્રીન્ટમાં ઘટાડો થાય, ક્લીન ફ્યુઅલનો વપરાશ થાય, રીન્યુએબલ એનર્જી અને સુર્ય ઉર્જાનો વપરાશ કરવો, પર્યાવરણમાં ઈન્ફ્રાસ્ટ્રચર પ્રોજેકટનું આયોજન કરવું વગેરે મુદા આવરી લીધા છે. વાયુ પ્રદૂષણ અટકાવવા આ દેશમાં અને રાજયમાં સી.એન.જી.નું પરિવહન માટેનું એક નેટવર્ક વિકસાવ્યું છે. ગેસ ગ્રીડની ૨૨૦૦ કિલોમીટરની પાઇપ લાઇનનું પુરવેગથી કામ ચાલી રહ્યું છે. આ વિભાગે આ વર્ષમાં ૮૦૦૦ કરોડની પણ બજેટમાં જોગવાઇ કરી છે. શુધ્ધ પીવાનું પાણી, શુધ્ધ હવા પર્યાવરણ અને શુધ્ધ ખોરાક સર્વ સમાવિષ્ટ અને સાર્વજનિક સુખાકારી સમગ્ર દેશમાં પ્રથમ સંકલિત વ્યહરચના અપનાવી છે. ગ્રીન ક્રેડિટ મુવમેન્ટ માટે ગુજરાત આ દેશને નવો રાહ બતાવશે. સોલર પોલિસી જે દેશની અંદર પહેલું એવું રાજ્ય છે કે તેણે સોલર પોલિસી અમલમાં મુકી છે અને સાથે સાથે વિન્ડ એનર્જી અને હવે ટાઇડલ એનર્જીમાં પણ આ રાજય આગળ વધતું જાય છે. સોલર પાવર જનરેશનમાં દેશમાં ગુજરાત અવ્વલ નંબરે છે અને આવનારા દિવસોમાં ગુજરાત એ ક્લીન એનર્જીનું હબ બનવાનું છે. આપણા સમયસરના પગલાં અને અમલીકરણ આશાનો માર્ગ ઉભો કરી શકે છે અને જે આપણી આગામી પેઢીને આપણો ગ્રહ પૃથ્વી જેને સોંપવા માગીએ છીએ તો તેને એક સંદેશો છે થીન્ક ગ્રીન, એક્ટ ગ્રીન્, લિવ ગ્રીન આનો મંત્ર દરેક વ્યકિત માટે આ યોગદાન આપીને પરિણામ લાવી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીએ પણ કહ્યું હતું કે, ક્ષઆપણે વિશ્વમાં જે ફરક જોવા માગીએ છીએ તે મુજબનો ફરક આપણે લાવવો પડે.ૃ આજે જે માનનીય મંત્રીશ્રી આ માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું અને મારો સૂર પૂરાવું છું.

**શ્રી નરેશભાઇ મ. પટેલ(ચીખલી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા આદિજાતિ વિભાગ સંભાળતા આદરણીય મંત્રીશ્રી મંગુભાઇ પટેલ સાહેબ જે માગણી નંબર ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સવારે ઓર્ડર ઓફ ધ ડે જોતા જ મને એક આદિવાસી ધારાસભ્ય તરીકે ખૂબ જ દુઃખ થયું. એક અમારા યુવા અધ્યક્ષ હોય, (અંતરાય)

શ્રી સભાપતિશ્રી : માનનીય નરેશભાઇ, જ્યારે માનનીય અધ્યક્ષશ્રી સામેનો અવિશ્વાસનો પ્રસ્તાવ આ સભાગૃહની પ્રોપર્ટી બનતી નથી ત્યારે એ વિશે ચર્ચા કરી શકાતી નથી. આપ આ વિભાગની માગણીઓ પર આવી જાવ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જે વાત કરવા જઇ રહ્યો છું તે એક સમાજમાંથી આવું છું, એક આદિવાસી સમાજમાંથી આવું છું ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, સ્વભાવિક રીતે અમારી વેદના આ ગૃહ સમક્ષ જો અમે રજૂ નહીં કરી શકીએ તો આજે અમને દુઃખ થાય છે. એટલા માટે કે અમારા યુવા અધ્યક્ષ માટેનો ગર્વ ગૃહના બધા સભ્યોએ લેવો જોઇએ.(અંતરાય)

શ્રી સભાપતિશ્રી : માનનીય નરેશભાઇ, હજુ આપને ફરીથી વિનંતી કરું છું કે આપની લાગણી વ્યકત કરવા માટે અનેક પ્રસંગો ઉપસ્થિત થશે ત્યારે અત્યારે આ આપણા ગૃહની પ્રોપર્ટી બનતી જ નથી અને પ્રસ્તાવ દાખલ થયો જ નથી, રજૂ થયો નથી ત્યારે આપણે વાત ન કરી શકીએ પ્લીઝ.

શ્રી નરેશભાઇ મ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું બિલકુલ આપની વાતને સ્વીકારું છું. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

શ્રી દિલીપભાઇ સંઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહની પ્રોપર્ટી નથી બનતી ત્યારે સ્વભાવિકપણે આપનો આદેશ સ્વીકારી લઇએ. પરંતુ એમણે આદિવાસી સમાજની લાગણી હું વ્યકત કરું છું એવો ઉલ્લેખ કર્યો છે બીજો ઉલ્લેખ નથી કર્યો એટલે બાકીનું તો આપની વાત સાચી છે કે એજન્ડામાં નથી. આદિવાસી સમાજની અધ્યક્ષ સ્થાને બેઠેલાની વારંવાર કોઇ વાત કરી એમના આદેશોનું પાલન નથી થતું અને જે પરિસ્થિતિ હાઉસમાં સર્જાય છે એનો ઉલ્લેખ કર્યો છે. (અંતરાય)

શ્રી સભાપતિશ્રી : માનનીય દિલીપભાઇ, માનનીય એક બે સભ્યશ્રીઓએ આ વાત કરી લીધી છે એટલે પ્લીઝ, હવે આ વાત ન કરીએ. (અંતરાય)એક બે સભ્યશ્રીઓએ લાગણી વ્યક્ત કરી લીધી છે હવે

વિશેષ એમાં ન કહેતા આપણે માગણીઓ ઉપર આવી જાવ. વિરામનો સમય થયો છે હવે ગૃહ ફરીથી ૩–૧૫ કલાકે મળશે, આપનું પ્રવચન ચાલુ રહે છે.

**વિ રા મ   બપોરના ૨–૩૦  થી ૩–૧૫**

**સભાપતિશ્રી  મહેન્દ્રભાઇ લી. મશરૂ : અઘ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી :** ઓર્ડર ઓર્ડર, માનનીય નરેશભાઇ,

**શ્રી નરેશભાઇ મ. પટેલ(ચીખલી)** : (પ્રવચન ચાલુ) માનનીય અધ્યક્ષશ્રી આજે જ્યારે અમારા મંત્રીશ્રી અમારા આદિજાતિ વિસ્તાર માટે માગણીઓ લઇને આવતા હોય ત્યારે સ્વાભાવિક રીતે હું જ્યારથી ગૃહમાં આવ્યો છું ત્યારથી જોયું છે તો કોઇને કોઇ રીતે આદિવાસી સમાજનું કેવી રીતે અપમાન થઇ શકે, કેવી રીતે અપમાન કરાવી શકાય એવા અનેકવાર પ્રયત્નો થયાં છે. આ ગૃહના અધ્યક્ષનું અપમાન એ અમારા આદિવાસી સમાજનું અપમાન છે એ સ્વાભાવિક છે અને એને અમે સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ. અધ્યક્ષશ્રીનું અપમાન એ ફક્ત અમારા સમાજનું અપમાન નથી એ ગુજરાતની તમામ જનતાનું અપમાન છે અને લોકશાહી પ્રક્રિયાનું પણ એક અપમાન કહેવાય અને એ કેવી રીતે ચલાવી શકીએ અને સ્વાભાવિક રીતે અમે એક આદિવાસી ધારાસભ્ય તરીકે અમારા સમાજના એક ધારાસભ્યશ્રી યુવા અધ્યક્ષ જ્યારથી બન્યા છે ત્યારથી અમે ગર્વ લેતા હતા અને જ્યારે એમને અધ્યક્ષપદેથી દૂર કરવા માટેનો આવી અવિશ્વાસની દરખાસ્ત લાવતા હોય ત્યારે આ ગૃહના ભારતીય જનતા પાર્ટીના તમામ સભ્યો વતી વખોડી કાઢું છું.  આજે જ્યારે અમારા મંત્રીશ્રી આદિજાતિ વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારે એના ઉપર પણ મારા વિચારો રજૂ કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ કલ્યાણ યોજના દ્વારા જુદા જુદા આયામોને કેન્દ્રમાં રાખીને આદિવાસીઓનો સર્વાંગી વિકાસ અને માળખાકીય સુવિધા કેવી રીતે પુરી પડાય એની આ સરકારે ચિંતા કરી છે. સામેના મિત્રો આજે નથી, ભલે એ લોકોના નેતા ગરીબોના ઘેર જઇને રોટલા ખાતા હોય પરંતુ અમારા નેતા અને આ રાજયના મુખ્યમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ એ વરસો પહેલાં સત્તા પર નહોતા ત્યારથી આદિવાસી વિસ્તારોમાં એ જાતે ફર્યા છે અને એ ગરીબોના ઘેર ગયા છે, ગરીબોના ઘેર રાત રોકાયા છે, ગરીબોના ઘરે નાગલીના રોટલા ખાધા છે, એટલું જ નહિ પણ અડદનું ભૂજિયું પણ ખાધુ છે અને એના કારણે એમણે આદિવાસીઓની પીડા જોઇ છે અને એ આદિવાસીઓની પીડા જોઇને એમને વિચાર આવ્યો કે આદિવાસી વિસ્તારનો વિકાસ કેવી રીતે કરી શકાય. કોઇકને ત્યાં રોટલા ખાવાથી આદિવાસી વિસ્તારનો વિકાસ નથી થઇ જતો, એના માટે સંવેદનશીલ બનવું પડે, એના માટે આયોજન કરવું પડે, અને આયોજનબદ્ધ આગળ વધવું પડે અને એના માટે આ સરકાર આગળ વધી રહી છે અને જ્યારે ગયા પાંચ વરસનું ૧૫ હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપ્યું અને જ્યારે એ વપરાયું, એનો એક પ્રયોગ થયો અને એ પંદર હજારના બદલે સત્તર હજાર આઠસો આડત્રીસ કરોડ રૂપિયા વપરાયા ત્યારે એ પ્રયોગ સફળ થયેલો ગણાય અને એનાથી આગળ વધીને અમારા આદરણીય નાણાંમંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબ અને મુખ્યમંત્રીશ્રીએ જ્યારે અમારા આદિજાતિ વિસ્તાર માટે ચિંતા કરીને પંચવર્ષીય યોજના માટે ૪૦ હજાર કરોડ રૂપિયાના પેકેજનું જે આયોજન કર્યું  ત્યારે એક આદિવાસી ધારાસભ્ય તરીકે આદિવાસી સમાજ વતી હું આ સરકારને અભિનંદન આપું છું. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણાંમંત્રીશ્રી અને અમારા આદિજાતિ વિભાગ સંભાળતા મંત્રીશ્રી મંગુભાઇ પટેલનો હું આભાર માનું છું અને અભિનંદન આપું છું. મને બે મિનિટ વધારે સમય આપજો જરા. એટલા માટે કે હજી તો મારી શરૂઆત થઇ છે. આદિવાસી વિસ્તારમાં અમારો ભૌગોલિક રીતનો વિસ્તાર એ બિલકુલ ખડકાળ, અનિશ્ચિત વરસાદ, છુટાછવાયા ઘરો અને આવા વિસ્તારનો જ્યારે વિકાસ કરવાનો હોય તો એ સહેલું નથી પરંતુ  હું ગર્વ લઇ શકું કે અમારા આદિવાસી સમાજ માટે જે પાયાની જરૂરિયાત જેને કહેવાય કે શિક્ષણ, આરોગ્ય, પાણી અને રસ્તા, આ ચાર જે બાબતો છે એના ઉપર આ સરકારે

દરેક વિભાગો દ્વારા, આમ તો અમારો દસ મુદ્દાનો કાર્યક્રમ છે, અને દસ મુદ્દાના કાર્યક્રમનું જયારે અમલીકરણ થઇ રહ્યું છે ત્યારે દરેક રીતે, દરેક ક્ષેત્રમાં આદિવાસી ક્ષેત્રનો ખૂબ સારો વિકાસ થઇ રહયો છે. અને તે ગૃહ સમક્ષ અમે રજૂ કરીએ તેમાં કોઇ વાંધો નથી ભલે સામેના મિત્રો અમારંુ સ્વીકારે ના સ્વીકારે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની વાત કરીએ એક સમય હતો ગ્રામ્ય વિસ્તારની અંદર પૂરતી પ્રાથમિક શાળા નહોતી, માધ્યમિક શાળા નહોતી, ઉત્તર બુનિયાદી શાળાઓ ચાલે. ઉત્તર બુનિયાદી શાળામાં એડમિશન લેવાનું હોય એટલે કોંગ્રેસના મોટા નેતાની ચિઠ્ઠી માંગે. આ દિવસો અમે જોયાં છે. અને તેમ છતાં આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ જયારથી ધુરા સંભાળી છે ત્યારથી અમારા વિસ્તારની અંદર માધ્યમિક શાળા, વિજ્ઞાન શાળા, વિજ્ઞાન કોલેજ, આઇ.ટી.આઇ., પોલિટેકનીક કોલેજ, એન્જિનીયરીંગ કોલેજ, ફાર્મસી કોલેજ, વેટરનરી કોલેજ ઉચ્ચ શિક્ષણ માટેની સુવિધા ઉભી થઇ છે તેના કારણે અમારા આદિવાસીના બાળકો આજે ઉચ્ચ શિક્ષણ મેળવી શકયા છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યાં છે તેને સમર્થન આપું છું.

**શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા(છોટાઉદેપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી પૂરક માગણી ક્રમાંકઃ૯૩ અને ૯૬ લઇને આવ્યાં છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સન્માનીય ગૃહના સંસદીય ઇતિહાસના પ્રથમ આદિવાસી સમાજના યુવા આદિવાસી અધ્યક્ષ પર કોંગ્રેસ દ્વારા અવિશ્વાસનો પ્રસ્તાવ લાવીને કોંગ્રેસ પક્ષે  સમગ્ર ગુજરાતના આદિવાસી સમાજનું ઘોર અપમાન કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એક આદિવાસી ધારાસભ્ય તરીકે આ દુઃખદ ઘટના કાયમી યાદ રહેશે. અને મારા ગુજરાતના આદિવાસી ભાઇ/બહેનો આ અપમાનને કયારેય સહન કરશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર.૯૩ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૮૮,૮૯,૪૦,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧૨,૫૭,૧૪,૦૦૦ તેમજ માગણી ક્રમાંકઃ૯૬ હેઠળ મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૪૧,૭૧,૪૧,૫૦,૦૦૦ તથા મૂડી ખર્ચ માટે ૨૮,૯૧,૬૪,૪૬,૦૦૦/– ની માગણી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની મોટાભાગની આદિજાતિ વસ્તી રાજયની પૂર્વ સરહદ પર વસવાટ કરે છે. આ વિસ્તાર ડુંગરાળ, ખડકાળ, ખાડા ટેકરાવાળો અને અનિયમિત વરસાદવાળો વિસ્તાર છે. આ વિસ્તારની જમીનમાં મોટાભાગે જંગલો આવેલાં છે. આ વિસ્તારમાં વસતા નાગરિકો અભણ, શહેરી વિસ્તારથી દૂર, અંધશ્રધ્ધાવાળા હોય છે. તેમજ સમાજમાં કુરિવાજો પણ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અમારા આદિવાસી સમાજને આગળ લાવવા માટે, આર્થિક રીતે પગભર બનાવવા અગાઉની કોંગ્રેસની સરકારે કોઇ જ કામગીરી કરી નથી અને આ આદિવાસી સમાજને પાછળ જ રાખવાના પ્રયત્નો થયા છે. જયારે ચૂંટણી આવે ત્યારે અમારી આ ગરીબ, ભોળી અને આદિવાસી પ્રજા આગળ લોભામણી વાતો કરી મત મેળવી છેલ્લા ૫૦ વર્ષ જેટલું રાજ આ કોંગ્રેસે કર્યું છે. જયારથી આ ભાજપ સરકાર અને માનનીય નરેન્દ્ર મોદી સાહેબના નેતૃત્વવાળી સરકાર આવી ત્યારથી આદિવાસી સમાજને આર્થિક રીતે પગભર થવા, આગળ આવવા અનેક પ્રકારની યોજનાઓ આપી છે. આ યોજનાઓ થકી આ આદિવાસી સમાજ આર્થિક રીતે પગભર થયો છે. અને સરકારની અનેક યોજનાઓનો લાભ લેતો થયો છે. અગાઉના સમયમાં અમારો આદિવાસી સમાજ દેવામાં ડૂબેલો રહેતો હતો અને શાહુકારોના ચક્રવૃદ્ધિ વ્યાજના ચક્કરમાંથી બહાર નીકળી શકતો નહોતો.  પરંતુ હાલ ભાજપની સરકાર આવ્યાં પછી છેલ્લાં ૧૦ વર્ષના ગાળા દરમિયાન આખી પરિસ્થિતિ બદલાઇ ગઇ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ તથા માનનીય આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી મંગુભાઇના નેતૃત્વમાં આદિવાસીઓના ઉત્થાન માટે અને સરકારની તમામ યોજનાઓની માહિતી છેવાડાના અને ઉંડાણના જંગલમાં વસતા આદિવાસી ભાઇ–બહેનોને મળી રહે તે માટે અનેક કાર્યક્રમો આ સરકારે આપ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમોમાં કૃષિ રથ, કૃષિ મેળા, કૃષિ મહોત્સવ, ખેડૂત સંમેલનો, પશુ આરોગ્ય મેળા, કેમ્પો, શાળા પ્રવેશ મહોત્સવ, શાળા ગુણોત્સવ, ગરીબ કલ્યાણ મેળા,સદ્ભાવના મિશન, વાવે ગુજરાત, વાંચે ગુજરાત,ખેલ મહાકૂંભ, મંગલમ્ મિશન, સ્વાગત ઓનલાઇન જયોતિ ગ્રામ યોજના, ઉર્જા

શકિત, મમતા ઓનલાઇન, ચિરંજીવી યોજના વગેરેથી તથા સૌનો સાથ, સૌનો વિકાસના મંત્રથી અમારા આદિવાસી સમાજમાં ખૂબ જ જાગૃતિ આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ કાર્યક્રમોમાં સરકારશ્રીના સચિવો, ઉચ્ચ કક્ષાના અધિકારીઓ, મંત્રીશ્રીઓ, સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જે તે વિસ્તારના કર્મચારીઓ, પદાધિકારીઓ, કાર્યકરો ગામડે ગામડે ઉંડાણના જંગલ વિસ્તારના છેવાડાના ગામોમાં જઇ સરકારની વિવિધ યોજનાઓની જાણકારી અને માહિતી આપી જાગૃત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આનાથી અમારા આદિવાસી ખેડૂતો સુધારેલી અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ખેતી કરતા થયા છે. સુધારેલા બિયારણ વાપરતા થયા છે. સિંચાઇની સુવિધાઓ મોટા પ્રમાણમાં થવાથી સિંચાઇથી ખેતી કરતા થયા છે. આથી વર્ષમાં બે થી ત્રણવાર પાક લેતા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના સમયમાં અમારા આદિવાસી ખેડૂતો અનાજ, ફૂલો, ફળફળાદી, શાકભાજી, કપાસ, કઠોળ, મગફળી જેવા પાકો બજારમાં કે શહેરમાં વેચતા થયા છે અને આર્થિક રીતે સદ્ધર થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે અને મેં નજરે નિહાળેલ છે કે પહેલા અમારા આદિવાસી ભાઇ બહેનો, કુટુંબો ભૂખમરાથી પીડાતા હતા. જયારે વરસાદ ઓછો પડે અને દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે અમારા આદિવાસી ભાઇઓ જંગલો અને ડુંગરોમાંથી કંદમૂળ અને ઘાસના દાણા લાવીને ખાતા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, મેં એ પણ જોયું છે કે કેટલાક કુટુંબોને જંગલના કંદમૂળથી અવળી અસર પણ થતી હતી અને માન ચઢતું હતું. કેટલાય ટંક ખાવાનું નહોતું મળતું. પરંતુ આજે આ પરિસ્થિતિ રહેવા પામી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીના શાસનકાળ પહેલા ૧૯૭૪ થી ૨૦૦૨ સુધીમાં ૨૭ વર્ષોમાં આદિવાસીઓના કલ્યાણ માટે ૬૫૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલ હતો. તે સામે આ ભાજપની સરકારે છેલ્લા ૧૦ વર્ષમાં રૂપિયા ૨૩,૪૦૧ કરોડનો ખર્ચ કરેલ છે. ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ છેલ્લા દસ વર્ષમાં રૂપિયા ૨૫૫૬ કરોડની રકમ આદિજાતિના વિકાસના હવાલે મૂકેલ છે. જે થકી ૬૦,૮૧૫ જેટલા વિકાસના કામો પૂર્ણ થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તાર પેટા યોજના મારફત ૧૨ જિલ્લાઓ અને ૪૩ તાલુકાના વનબંધુઓનો છેલ્લા ૧૦ વર્ષમાં ત્રણ ગણાથી વધુ સર્વાંગી વિકાસ થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદિજાતિ વિસ્તારોના તમામ ગામો, ફળિયા, પેટા પરાનું જોડતા બારમાસી રસ્તાઓ બનાવી દેવામાં આવેલ છે. રાજયની સરહદે આવેલ અને આંતરિયાળ વિસ્તારોમાં આવેલ ૪૦૧ ગામોને પણ પાકા રસ્તાથી જોડી દેવામાં આવેલ છે.

મારા મત વિસ્તારના છોટાઉદેપુર તાલુકાના રોજડા, બોરગામ, ગાંઠીયાગાબડીયા, સીંગલા, કાકડકુંડ, મીઠીબોર જેવા ગામોને જોડતા પાકા ડામર રસ્તા આઝાદી પછી પ્રથમવાર કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારના તમામ ગામોને બસ સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. આદિજાતિ વિસ્તારમાં ૮૭૨ જેટલી નવી બસો શરૂ કરવામાં આવેલ છે. રાજયના આદિવાસી વિસ્તારોનું ૧,૫૦,૬૦૧ ઘરોનું વીજળીકરણ કરવામાં આવેલ છે. તેમજ ૩૮૨૩૧ કૂવા તથા ૪૭૦૦૬ જેટલા પંપસેટનું વીજળીકરણ કરવામાં આવેલ છે. આદિવાસી વિસ્તારોમાં વીજળીકરણ માટે રૂપિયા ૧૧૬૮.૩૭ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. **શ્રી દોલતરાય ના. દેસાઇ(વલસાડ)** : માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીજીની ચળવળમાં એક વિદ્યાર્થી તરીકે પ્રભાતફેરી ફરવાનો મેં લાભ લીધો છે. જયારે પ્રભાતફેરી ફરતા ત્યારે એવું કહેવાતું હતું કે સ્વરાજ લઇશું અને ગરીબ કેરા રાજ થશે. તો આ ગરીબ કેરા રાજ થવાનો જો ખરી રીતે મૂર્તિમંત સ્વરૂપ થયું હોય તો આ ગરીબ કલ્યાણ મેળાઓ જે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં મને લાગે છે કે આ ગરીબ કલ્યાણ મેળાએ ગરીબોના રાજની પ્રતીતિ કરાવી છે. ગરીબ લોકોના લાભ લાભાર્થીઓના હાથમાં

સીધા પદાધિકારીઓની રૂબરૂમાં આપવામાં આવ્યો હોય તેવો કદાચ અજોડ પ્રસંગ મને લાગે છે કે ઇતિહાસમાં આવું થયું નથી અને દુનિયામાં આવું કયારેય બન્યું નથી. એવો જો કોઇ પ્રસંગ સાંપડયો હોય તો ગરીબ કેરા રાજનું મૂર્તિમંત સ્વરૂપ જો કોઇએ આપ્યું હોય તો આ સરકારે આપ્યું છે. મારે ખાસ બીજું કહેવું નથી સાહેબ, પણ હું પણ એક લાભાર્થી છું આદિજાતિનો, છું સવર્ણ, પણ આ બધા હમણાં આદિજાતિના આપણા સ્પીકરની સામે અવિશ્વાસ દરખાસ્તનો વિરોધ કરતા હતા, તો હું સવર્ણ પણ એમાં સૂર પૂરાવું છું, હું ચર્ચા કરવા માગતો નથી. આપની વાત સાચી છે કે ચર્ચા અસ્થાને છે. પણ હું પણ લાભાર્થી એ રીતે છું કે સાહેબ મારે વજુભાઇ વાળા, પ્રથમ મુખ્ય મંત્રી, વજુભાઇ અને મંગુભાઇનો આભાર પ્રદર્શિત કરવાનો મોકો મને મળ્યો, આ આદિજાતિ વિભાગમાં મને બોલવાની તક આપી ત્યારે આ મોકો મને મળ્યો છે. આજે મારા ગામે વાઘેઘરા વિભાગ સરવણી કેળવણી મંડળને આદિજાતિ વિભાગમાંથી વોકેશનલ ટ્રેઇનિંગ સ્કૂલ પાર્વતીબેન નાથુભાઇ, નાથુભાઇ નીશાભાઇ દેસાઇના નામે આપવામાં આવી. વ્યવસાયી તાલીમ કેન્દ્ર, ગુજરાતમાં આ અજોડ તાલીમ કેન્દ્ર છે અને માનનીય મંત્રીશ્રીએ પણ તેની મુલાકાત લીધી છે. તેની વ્યવસ્થાથી પ્રભાવિત પણ થયા છે. તો એમાં ગરીબ, આદિવાસી, પદદલિતો, કે જે બહુ ઓછું ભણેલા અને કેટલાક તો ઉઠી ગયેલા હતા, ૫ ચોપડી ભણેલા, ૬ ચોપડી ભણેલા, ૭ ચોપડી ભણેલા, ૮ ચોપડી ભણેલા અને ૧૦ ચોપડી ભણેલાને પ્રવેશ આપવામાં આવે છે અને એને વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે. એમાં નાના નાના ઉદ્યોગોને લગતી તાલીમ આપવામાં આવે છે. ખાસ કરીને આજે જયારે ઉદ્યોગોનો વિકાસ થયો છે ત્યારે ઉદ્યોગપતિઓને તેમની જરૂર છે. એટલે મને કહેવા દો કે છ છ મહિનાની બે ટ્રેઇનિંગ થઇ તેમાં સો ટકા રીઝલ્ટ પણ આવ્યું છે અને સો ટકા વિદ્યાર્થીઓને આવા પાંચ કે સાત ચોપડી ભણેલાને ૭ હજારથી ૧૦ હજારની નોકરી પણ મળી છે. એટલે મારે ખાસ કરીને આજે માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે વનબંધુ યોજનામાં આપ્યું છે અને માનનીય વજુભાઇએ જયારે આ ફાળવણી કરી છે અને માનનીય મંગુભાઇએ જયારે આ લાભ અમને આપ્યો છે ત્યારે હું ખરેખર એમનો આભાર વ્યકત કરું છું. બીજું મારે ખાસ એ કહેવાનું છે કે સાહેબ અમે હોસ્ટેલ બનાવી છે, તેમાં રહેવાનું, ખાવાનું અને ભણવાનું બધું સાહેબ મફત, એમાં હવે અમારે સાહેબ લેડીઝ હોસ્ટેલની જરૂરિયાત પણ ઉપસ્થિત થઇ છે. એટલે મારે ખાસ કરીને આદિજાતિ મંત્રીશ્રીને વિનંતી કરવાની છે કે લેડીઝ હોસ્ટેલ, છાત્રાલય તાત્કાલિક અમને મંજૂર કરી આપે તેવી મારી વિનંતી છે. લોક ભાગીદારીથી હો સાહેબ, આ લોકભાગીદારીથી થયું છે, અઢી કરોડ અમારા અને સાડા ચાર કરોડ સરકારના, આ લોક ભાગીદારીથી, જેમ નરેન્દ્રભાઇ મોદી ઇચ્છે છે કે પ્રત્યેક પ્રવૃતિમાં જો લોકભાગીદારી હોય તો તો જ એ પ્રવૃતિમાં આત્મીયતા આવે છે. એટલે અમે લોકભાગીદારીથી આ ઉભું કર્યુ છે ત્યારે અમને વહેલીતકે આ આદિજાતિ કન્યા છાત્રાલય મળે તેવી મારી વિનંતી છે. હવે બીજું મારે એટલું જ કહેવાનું છે કે સાહેબ આમાં થોડો ભેદભાવ રખાય છે સાહેબ, તમે આદિજાતિ છાત્રાલયોમાં મેસના પૈસા ૬૦૦ રૂપિયા એક વ્યકિતએ મહિનાના આપો છો. હવે એક વ્યકિતએ ૬૦૦ રૂપિયા એટલે વીસ રૂપિયા એક જણને ભાગે આવે અને એક ટાઇમના ૧૦ રૂપિયા થાય તો દસ રૂપિયામાં કઇ રીતે વ્યકિત ખાઇ શકે? મને લાગે છે કે એમાં વધારો કરવાની તાત્કાલિક અસરથી જરૂર છે. આપણે જયારે મોંઘવારીની વાતો કરતા હોઇએ અને મોંઘવારી માટે નિંદા કરતા હોઇએ તો મારી માનનીય મંગુભાઇ સાહેબને વિનંતી છે કે દસને બદલે ૨૦ કરવા જોઇએ અથવા તો સારી એવી રકમ એમાં આપે જેથી છોકરાઓ સારી રીતે ધરાઇને ખાઇ શકે. બીજું એ પણ છે કે હોસ્ટેલ અને આશ્રમશાળાની માન્ય સંખ્યામાં વધારો પણ કરવો જોઇએ આ પણ મારી એક માગણી છે. બીજી વાત એ કે સરકારી છાત્રાલયમાં હજાર રૂપિયા, સરકાર હસ્તક જે આદિવાસી છાત્રાલયો ચાલે છે તેમાં હજાર રૂપિયા અને જે લોકો વ્યકિતગત રીતે આદિજાતિ છાત્રાલયો ચલાવે છે તેમાં ૬૦૦ રૂપિયા આપવામાં આવે છે. તેથી આવો ભેદભાવ ન હોવો જોઇએ તેવું હું માનું છું. એટલે એ ભેદભાવ ન રહે અને બધાને સરખા થાય તે જોવા મારી વિનંતી છે. બીજું સાહેબ આજે અમારી મુલાકાત પણ છે. માનનીય મુખ્ય મંત્રી સાથે, અને એમાં ખાસ કરીને મંગુભાઇ તો પરિચિત જ છે એ પ્રવૃત્તિથી, પણ એ પ્રવૃતિને આપણે જો સારી રીતે નિભાવવી હોય તો એને માગ્યા પ્રમાણેનું અનુદાન મળે તે જોવા મારી વિનંતી છે. વ્યવસાયિક વન ખેતી યોજનાનો પ્રોજેકટ છે સાહેબ, એમાં એક હજાર થી લગભગ દસ હજાર, દસ હજાર આદિવાસીઓને સભ્ય બનાવવામાં આવ્યા છે. દસ હજાર

આદિવાસીઓ એની સવા સવા એકરમાં ઝાડ ઉગાડવાના છે એટલે લાખોની સંખ્યામાં જયારે વનીકરણ થવાનું છે ત્યારે મને લાગે છે કે વનનો બચાવ થવાનો છે અને સાથે સાથે પર્યાવરણની જાળવણી થવાની છે એટલે એમના જે ખૂટતા ફંડો છે એની જોગવાઇ આદિજાતિ વિભાગ કરે તો આ દેશની અને ગુજરાત રાજયની સારામાં સારી સેવા પર્યાવરણ દ્વારા કરી શકાશે એવું હું માનુ છું.

હમણાં મારા મુરબ્બી મુખ્યમંત્રીશ્રીએ મને બપોરના ૩-૪૦ કલાકનો ટાઇમ આપ્યો એ બદલ આભાર માનું છું, માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે આ બાબતે મુલાકાત છે ત્યારે માનનીય મંગુભાઇ જરૂર મદદરૂપ થશે તેવા વિશ્વાસ સાથે હું માનનીય મંત્રીશ્રી તથા રાજય સરકારનો આભાર માની વિરમુ છું.

**શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રી આદરણીય મંગુભાઇ પટેલ સાહેબ માગણી નંબર ૯૩ અને ૯૬ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું એને સમર્થન આપું છું.

સાથે સાથે આદિજાતિ વિકાસની વાત હોય, એના માટે બજેટ વાપરવાનું હોય ત્યારે આદિવાસી વિસ્તારના લોકો માટેની કામગીરી થતી હોય ત્યારે કોંગ્રેસના મિત્રો આજે હાઉસમાં નથી એ ખરેખર દુઃખદ બાબત છે, એ આદિવાસીઓ સાથે નથી આદિવાસીઓના વિરોધી છે તેવું મારું માનવું છે. આદિવાસી લોકો આગળ જાય તેવું કોંગ્રેસના મિત્રોને ગમતું નથી આ ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે ૧૫ હજાર કરોડનું બજેટ આદિવાસી સમાજના સર્વાંગી વિકાસ માટે એનું ઉત્થાન થાય એના છોકરા આગળ વધે એના માટે લાવ્યા છે. આ રાજય ઉપર ૫૦ વરસ સુધી કોંગ્રેસે રાજય કર્યુ છે ત્યારે ગુજરાતના આ માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓની વેદના જાણી ગરીબોની વેદના જાણીને એના માટે બજેટ લઇને આવ્યા છે ત્યારે એની ચર્ચા થાય છે ત્યારે કોંગ્રેસના મિત્રો બહાર છે. અમારા અધ્યક્ષ ઉપર ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી યુવાનને તક આપી કે આદિવાસી યુવા નેતા અધ્યક્ષ બને, તેઓ આ સભાગૃહનું સંચાલન પણ સારી રીતે કરે છે ત્યારે આવા અધ્યક્ષની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવવાનો પ્રયત્ન કર્યો છે એ ગુજરાતનો આદિવાસી સમાજ કોઇ કાળે સાંખી લે તેમ નથી. આદિવાસી સમાજના ધારાસભ્ય તરીકે હું ટ્રાયબલ વિસ્તારમાંથી આવું છું ત્યારે આ વાતને વખોડી કાઢું છું અને આ સમાજની ચિંતા કરવા માગતા હોય ત્યારે કોંગ્રેસે સાથ આપવો જોઇએ. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી આ બજેટ લઇને આવ્યા છે, આવડું મોટુ બજેટ આપ્યું છે ત્યારે આ વિસ્તારની અંદર મારા વિસ્તારની વાત કરું ત્યારે ગુજરાતના ૧૨ જિલ્લામાં આ વિસ્તાર આવેલો છે એમાં ૪૩ તાલુકા છે અને ૫૮૭૨ ગામડાં છે અને સન ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૭૫ લાખની વસ્તી આવેલી છે. આ સમાજનું ઉત્થાન થાય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય મંગુભાઇ સાહેબ તથા માનનીય જશવંતસિંહ ભાભોર સાહેબ છેલ્લા દસ વર્ષથી મહેનત કરે છે. ગામડે ગામડે ફરે છે, તાલુકાઓનો વિકાસ થાય અને આદિવાસી સમાજના છાત્રાલયો હોય આશ્રમશાળાઓ હોય, કન્યા છાત્રાલયો હોય, સામાન્ય જ્ઞાન પ્રવાહની શાળાઓ હોય, એકલવ્ય આદિવાસી શાળાઓ હોય એની અંદર ખૂબ મોટુ ભંડોળ આપી રહ્યા છે અને આદિવાસી સમાજ કેમ બેઠો થાય, કેમ પગભર બને એના માટે પ્રયત્નો ખૂબ કરી રહ્યા છે.

વનબંધુ કલ્યાણ યોજના હેઠળ છેલ્લા દસ મુદ્દાના કાર્યક્રમ હેઠળ પાંચ લાખ કુટુંબો માટે રોજગારી, ગુણવત્તા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ ઉપર ભાર આદિજાતિ વિસ્તારનો વેગવંતો આર્થિક વિકાસ સૌને માટે આરોગ્ય, સૌને માટે ઘર, સૌને માટે પીવાનું પાણી, સિંચાઇ બારમાસી રસ્તા આપવા , સાર્વત્રિક વીજળીકરણ કરવું અને શહેરી વિસ્તારમાં આદિવાસીઓ રહેતા હોય એને વિવિધ યોજના નીચે લાભ આપવો એવી સરકારની નેમ છે. એવી આ સરકારની નેમ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની જયારે વાત આવે છે ત્યારે ૩૩ નવી આઇ.ટી.આઇ. સંસ્થાઓ સ્થાપી છે. ૩ આદિવાસી ઇજનેરી કોલેજો સ્થાપી છે. ૨ સાયન્સ કોલેજ સ્થાપી છે. ફિઝીયોથેરપી કોલેજ

આપી છે. એગ્રીકલ્ચર એન્જિનિયરીંગ કોલેજ આપી છે. વેટરનરી કોલેજની પણ સ્થાપના કરી છે. આ વિસ્તારમાં ૫૦ વર્ષમાં કોંગ્રેસે જયારે રાજ કર્યું, આવી કોઇ સંસ્થાઓ નહોતી પણ આ ગુજરાતના મુખ્યમંત્રીને અભિનંદન એટલા માટે આપવાનું મન થાય છે કે અમારા વિસ્તારની જે એમણે ચિંતા કરી છે. વિસ્તારોની કાયાપલટ કરવાનું જે સ્વપ્ન જોયું છે એને માટે ગુજરાતના મુખ્યમંત્રીને આ ગૃહના સભ્ય તરીકે ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનીય અધ્યક્ષશ્રી, સૌને માટે આરોગ્ય, સૌને માટે ઘર. ૩૪,૯૫૫ એસ.ટી. કુટુંબોને પ્લોટની ફાળવણી કરી. ૩,૨૪,૪૬૨ ઘરવિહોણા એસ.ટી. કુટુંબોને ૯૩૨ કરોડની સહાય આપી છે. સૌને માટે આરોગ્ય. ચિરંજીવી યોજના, આદિવાસી વિસ્તારની અંદર અમારી બહેનોને ખૂબ તકલીફ પડે ત્યારે એવા સમયે આ ગુજરાતની સરકાર એમની રાહબરી હેઠળ એમની મોભી બની છે. આ સરકારના મુખ્યમંત્રી આદિવાસીઓના બેલી છે, ત્યારે ચિરંજીવી યોજના હેઠળ ૩,૫૬,૯૦૬ આદિવાસી પ્રસૂતાઓને સહાય આપી. બાલસખા યોજના હેઠળ ૯૩,૦૦૧ આદિવાસી બાળકોને સારવાર આપી છે. ૧,૬૦,૦૦૦ એસ.ટી. કુટુંબોને મચ્છરદાનીનું વિતરણ પણ કર્યું છે. સીકલસેલ એનિમીયા માટે ૧૫,૭૪,૨૭૯ એસ.ટી. વ્યકિતઓની તબીબી ચકાસણી પણ કરી છે. સીકલસેલ એનિમીયા માટે ૧૧ કરોડ રૂપિયાની જોગવાઇ પણ કરી છે. ભૂતકાળની સરકારોએ આ રોગને નાથવા માટે કોઇ પણ પ્રયત્નો કર્યા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સૌને માટે પીવાના પાણીની વ્યવસ્થા. આદિવાસી વિસ્તારમાં રહેતા લોકો માટે ૫,૮૮૪ ગામોમાં ૧૦,૨૭૬ વસાહતો મળી કુલ ૧૬,૧૬૦ ગામોમાં, વસાહતોમાં પાણીની વ્યવસ્થા કરી છે. આદિવાસી વિસ્તારોમાં પાણી પુરવઠા યોજનામાં ૫૮૦૦ ગામો અને વસાહતોને વ્યકિતગત પાણી પણ આપ્યું છે. સિંચાઇની વ્યવસ્થાની વાત કરું છું ત્યારે આ સરકારે સારું આયોજન કર્યું છે. આદિવાસી વિસ્તારમાં ૧૬.૭૫ લાખ હેકટર જમીન પૈકી ૬.૧૨ લાખ હેકટર જમીનને સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જેના લીધે આદિવાસી ખેડૂત પોતે પગભર થઇ શકયો છે. પોતાનું જીવન સારી રીતે વિતાવી રહ્યો છે. ખેડૂત ખેતી કરીને પોતાનો માલ વેચીને આર્થિક રીતે પગભર થઇ શકયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનબંધુ કલ્યાણ યોજનામાં અમારા બાળકો વિદેશોમાં પણ ભણવા માટે ગયા છે. ભૂતકાળમાં કોઇ સરકારોએ શિક્ષણની વ્યવસ્થા કરી નથી. આદિવાસી સમાજનો વિકાસ અને ઉત્કર્ષ થાય તેના માટે વિદેશ જતા પણ અમારા વિદ્યાર્થીઓની પણ આ સરકારે લોન આપી છે. પાઇલોટીંગની પણ વ્યવસ્થા કરી છે. આદરણીય આદિજાતિ મંત્રીશ્રી મંગુભાઇ પટેલ જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપું છું.

**શ્રી વિજયભાઇ ર. પટેલ (ડાંગ-વાંસદા) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી વન પર્યાવરણ અને આદિજાતિ કલ્યાણની જે માગણી લઇને આવ્યા છે તેમાં હું સમર્થન માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર આદિવાસી વિસ્તારનો સૂર્યોદય થઇ રહ્યો છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી જયારે આદિવાસી વિસ્તારની ચિંતા કરીને ૧૫ હજાર કરોડની માતબર રકમની વનબંધુ કલ્યાણ યોજના આપી અને ચાલુ પંચવર્ષીય યોજનામાં ૪૦,૦૦૦ કરોડની જે જોગવાઇ કરવામાં આવી છે ત્યારે આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આદિવાસી સમાજના ઉત્થાન માટે અનેક પ્રયત્નો કરી રહી છે ત્યારે મારે દુઃખ સાથે કહેવું પડે છે કે સામેના કોંગ્રેસના લોકો આ રાજયના જે આદિવાસી વિસ્તારના યુવાન અને અમારા આદિવાસી સમાજને ગૌરવ અપાવે એવા અધ્યક્ષ સ્થાને માનનીય અધ્યક્ષશ્રી જયારે બેઠાં હોય અને એમના ઉપર જ્યારે અવિશ્વાસની દરખાસ્ત કોંગ્રેસના લોકો લઇને આવતા હોય ત્યારે આ પ્રસ્તાવને હું સખત શબ્દોમાં વખોડી કાઢું છું. આ અમારા ગૃહનું તો અપમાન છે પણ આ અમારા સન્માનનીય સભ્યશ્રીનું પણ અપમાન છે અમારા આદિવાસી સમાજનું પણ અપમાન છે, અમારો આદિવાસી સમાજ ક્યારેય માફ નહીં કરે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે વન-પર્યાવરણ વિભાગ ઉપર પણ વાત કરવાની છે. આજે રાજયના કુલ ભૌગોલિક વિસ્તારની દષ્ટિએ જોઇએ તો વન વિસ્તારનું પ્રમાણ લગભગ ૯.૪૨ ટકા જેટલું છે. ત્યારે આ જે મુખ્યત્વે વન વિસ્તાર છે એ આદિવાસી પટ્ટામાં આવેલ છે. અંબાજીથી માંડીને ઉમરગામ સુધીના

વિસ્તારમાં ખૂબ જ વન આવેલા છે ત્યારે આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ વૃક્ષોના મહિમાને ઉજાગર કરવા માટે ક્ક્ક્વાવે ગુજરાતક્ક અભિયાન શરૂ કરાવ્યું છે. તેના થકી આ ચેતનાનો એવો નવો સંચાર થયો છે અને એના કારણે સરકારશ્રીના પ્રયત્નો અને લોકભાગીદારીથી વન અને વન્ય જીવનની જાળવણી માટેનો એક નવો વેગ મળ્યો છે. આ વન વિભાગના મુખ્ય પ્રયત્નો છે એમાં વનીકરણની વ્યવસ્થા છે, આ વનીકરણની વ્યવસ્થાના કારણે જે જમીનોનું ધોવાણ થાય છે એ અટક્યું છે. સાથેસાથ આદિવાસી વિસ્તારમાં જે જંગલો આવેલા છે એ આદિવાસી વિસ્તારના સમાજના લોકો છે એ સમાજના લોકોને માટે રોજગારીની તકો ઉભી થઇ છે. એના માટે રાજ્યના વન વિભાગ દ્વારા વન વિકાસ એજન્સીની સ્થાપના કરવામાં આવી છે અને આ રાજ્યની અંદર લગભગ ૨૫ જેટલી વન વિકાસ એજન્સીઓ કાર્યરતછે અને આ વન વિકાસ એજન્સી દ્વારા ૨૦૦૯–૧૦ના વર્ષમાં ૧૬૭૭૧ હેકટર અને ૨૦૧૦–૧૧ના વર્ષમાં ૭૩૮૪ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું છે. આ વન વિકાસ એજન્સી છે તેના દ્વારા વનીકરણની સાથેસાથ લોકોપયોગી કાર્યો જેવા કે, પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરવી, સિંચાઈની વ્યવસ્થા કરવી, ચેકડેમ બનાવવા, વન તલાવડી બનાવવી, કોમ્યુનિટી હોલ બનાવવા, વન પેદાશો માટે બજારની વ્યવસ્થા ઉભી કરવી, જેવા અનેક સમાજોપયોગી કાર્યો કરવામાં આવે છે. જેના કારણે ગુજરાતના પાંખા થયેલા વનોનું પુનઃનિર્માણ થયું છે. આ ઉપરાંત વન વિસ્તારો માટે સહભાગી વન સમિતિઓની રચના કરવામાં આવી છે. તે સ્થાનિક લોકોની બનેલી છે અને તેના દ્વારા સ્થાનિક લોકોને રોજગારી પૂરી પાડવા માટે પ્રયત્નો કરવામાં આવે છે અને તે માટે જ આ સમિતિ કાર્યરત છે. સમગ્ર ગુજરાતની અંદર લગભગ ૩૨૦૦ જેટલી સહભાગી વન સમિતિઓ છે. જેના દ્વારા ૪.૧૫ લાખ વન વિસ્તારનું રક્ષણ થાય છે. આ સમિતિઓ વનોનું પ્લાન્ટેશન કરે છે પણ સાથેસાથ તે વનોનું રક્ષણ પણ કરે છે. આ સમિતિઓના કારણે મારા આદિવાસી વિસ્તારમાં રોજગારીની તકો ઉભી થઇ છે. વનબંધુ યોજના થકી આદિવાસીભાઇઓ રોજગારી મેળવે છે અને તેનાથી અમારા આદિવાસીભાઇઓનું આર્થિક સ્તર ઉપર આવી રહ્યું છે. આ કામગીરી વન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. જેનાથી વન વિસ્તારમાં રહેતા સમાજ માટે રોજગારીની તકો ઉભી કરવાનું કાર્ય થઇ રહેલ છે. આવી જ રીતે આ વન વિભાગ દ્વારા સામાજિક વનીકરણ કરવામાં આવે છે. જ્યાં વન છે ત્યાં વનીકરણ થાય છે. પણ વન વિસ્તાર સિવાયના બહારના વિસ્તારોમાં વનીકરણ કરવા માટે સામાજિક વનીકરણનો કાર્યક્રમ કરવામાં આવે છે. ૮૦ના દાયકામાં આ કાર્યક્રમને જ્વલંત સફળતા મળી હતી. જેના કારણે ગુજરાતને સામાજિક વનીકરણના પ્રણેતા તરીકે વિશ્વમાં ઓળખવામાં આવે છે. સામાજિક વનીકરણ કાર્યક્રમ દ્વારા વન વિસ્તાર બહારના વિસ્તારમાં ૨૦૧૧માં પાટણ જિલ્લામાં ૨૪ કલાકમાં ૧૧,૧૧,૧૧૧ રોપાનું લક્ષાંક હતું. એની સામે લોકભાગીદારીથી ૨૪ કલાકમાં ૧૩,૪૯,૮૯૬ રોપાનું વાવેતર કરવામાં આવેલું છે. અને ચાલુ વર્ષમાં જ મહેસાણા જિલ્લામાં એક જ દિવસે ૨૧ લાખ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. આજે આપણા રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જયારે વાવે ગુજરાતનું સૂત્ર લઇને આ રાજયની અંદર વૃક્ષારોપણ થાય અને આ વૃક્ષોનું જતન થાય એના માટે આહવાન કરતા હોય ત્યારે અમારા વન વિસ્તારમાં રહેતા લોકો માટે ખૂબ જ મોટી બાબત છે. આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રેરણાથી સાંસ્કૃતિક વનોનું નિર્માણ પણ કરવામાં આવેલ છે. એક સમય એવો હતો કે વનોત્સવનો કાર્યક્રમ માત્ર પાટનગર ગાંધીનગરમાં જ થતો હતો. પણ જયારથી આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ શાસનની ધૂરા સંભાળી ત્યારથી ૨૦૦૪ થી આ જે જૂની પદ્ધતિ ચાલતી હતી કે વનોત્સવ પાટનગરમાં જ થાય એ પદ્ધતિને તિલાંજલી આપીને આજે સમગ્ર ગુજરાતમાં થાય છે. મારા ડાંગ માટે પણ અનેક યોજનાઓ આ વન વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. મારે ગૌરવ સાથે કહેવું છે કે મારા ડાંગ જિલ્લાના જે ખેડૂતો છે એ ખેડૂતોને દસ ઝાડ કાપવા માટે માલકીની મંજૂરી આપવામાં આવે છે. આ માલકીના ઝાડના જે પૈસા હતા એ મળવામાં વિલંબ થતો હતો એ રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રી સુધી ગઇ ત્યારે આ રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ માલકીના નાણા સમયસર મળે એના માટે ડાંગ જિલ્લાની અંદર ૧૬ લાખનું રીવોલ્વીંગ ફંડ આપેલ છે. એના કારણે મારા ડાંગના જે આદિવાસી ખેડૂતો છે એમને સમયસર નાણા મળી રહે છે. આ ઉપરાંત પણ મારા ડાંગના જે વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ કરતા હોય,

એન્જિનીયરીંગ કરતા હોય, કોલેજ કરતા હોય, પી.ટી.સી. કરતા હોય સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં અભ્યાસ કરતા હોય એવા વિદ્યાર્થીને કદાચ નાણાની જરૂર હોય તો આ વન વિભાગ દ્વારા સ્પેશીયલ કેસમાં માલકીની મંજૂરી આપવામાં આવે છે. અને એનાથી ઉપર જઇને કહું, મારો ડાંગ એ ગરીબ વિસ્તાર છે. ડાંગમાં ગરીબ ખેડૂતો રહે છે ત્યારે અમૂક વખતે એવા કિસ્સાઓ હોય છે, વાલ્વની બીમારી હોય, કેન્સરની બીમારી હોય, કીડનીની બીમારી હોય એવી બીમારીની સારવાર લેવા માટે એમની પાસે પૈસા ના હોય એવા કિસ્સામાં પણ આ વન વિભાગ દ્વારા સ્પેશીયલ કેસમાં માલિકીની મંજૂરી આપવામાં આવે છે જેનાથી અમારો ગરીબ આદિવાસી ભાઇ–બહેન સારી હોસ્પિટલમાં જઇને સારી રીતે સારવાર મેળવી શકે છે. આ ગુજરાતની અંદર આ અમારો એક ડાંગ જિલ્લો એવો છે કે જે જંગલોથી ઓળખાય છે અને ડાંગની અંદર જે અમારા પાંચ રાજવીશ્રીઓ છે એ પાંચ રાજવીશ્રીઓએ આ જંગલનું રક્ષણ કર્યુ છે એના માટે આજે ડાંગ દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. જે માગણીઓ મંત્રીશ્રી લાવ્યા છે એને હું સમર્થન આપું છું.

**શ્રીમતી ભારતીબેન અ. રાઠોડ(કામરેજ)** : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, માનનીય મંત્રીશ્રી આદિજાતિ વિકાસ વિભાગના જે માગણી નં. ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું. મારા વિસ્તારમાં અને આદિવાસીઓ માટે જે અનેક જોગવાઇઓ થઇ રહી છે જે દર વર્ષે ઘટતી રહી છે ત્યારે આ કોંગ્રેસના સભ્યોએ શું કર્યુ, આટલા વર્ષો પછી પહેલી વખત ગૃહના અઘ્યક્ષશ્રી સામે અવિશ્વાસની દરખાસ્ત લાવ્યા છે. મને તેમના આવા દુષ્કૃત્ય સામે ખરેખર શરમ આવે છે. મારા આ ીદવાસી આદિવાસી ભાઇબહેનો આ કૃત્યને કદી માફ નહીં કરે. હું આદિવાસી વિસ્તારના ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરું છું. આ સન્માનનીય ગૃહને જણાવવા માગુ છું કે ભૂતકાળમાં કોન્ગ્રેસના લોકોએ મારી આદિજાતિ વિસ્તારને શું આપ્યું હતું તો મને સમજાયું છે કે ખાલી *(xxxx) કર્યા છે. સાચા અર્થમાં વિકાસ થયો હોય તો માત્ર અને માત્ર ભારતીય જનતા પાર્ટીની કામગીરી અને માનનીય મુખ્યમંત્રીશ્રીની લાભકારી યોજના થકી જ થયો છે. આ સરકાર મારી આદિવાસી દીકરી, ગરીબીને કારણે, આર્થિક પરિસ્થિતિને કારણે કુંવારી રહી ન જાય તે માટે ગુજરાતની ભા.જ.પ.ની સરકારે જે લગ્ન પ્રસંગે કુંવરબાઇનું મામેરાની જે યોજના ચાલુ કરી હતી ત્યારે એ આદિવાસી દિકરીને આ યોજના હેઠળ પાંચ હજાર રૂપિયાની સહાય ચૂકવવામાં આવતી હતી અને તે રકમ આ સરકારે બમણી કરી અને દસ હજારની જોગવાઇ કરી છે તેને હું આવકારૂં છું. મારા આદિવાસી કોઇ ભાઇઓ ઘર વગરના ન રહી જાય એ માટે વર્તમાન સરકારે ૦ થી ૧૬ના અંકવાળા કુટુંબોને જમીનના પ્લોટ ઉપર ઘર બનાવી આપ્યા છે. પરંતુ જે આદિવાસીઓ ઘર વગરના રહી ગયેલા છે અને ૧૭ થી ૨૦ના અંકમાં આવે છે તે આદિવાસીઓને પણ પોતાનું ઘર બને અને પોતાના ઘરના માલિક થાય તે માટે મકાનો બનાવવા માટે આ બજેટમાં બમણી રકમનું આયોજન કરીને રૂપિયા ૫૦૦ કરોડની ફાળવણી કરેલ છે તે બદલ સરકાર અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. ભારતીય જનતા પક્ષની સરકાર સિવાય અગાઉની કોઇપણ સરકારે હું જે સમાજમાંથી આવું છું તે સમાજ ગુજરાતનો અતિ પછાત એવો મારો હળપતિ સમાજ છે એની ચિંતા કરી ન હતી. આ સરકારે તેમજ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે હળપતિઓને આવાસ માટે ૫૦ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરી છે. તે માટે મુખ્યમંત્રીશ્રી તેમજ નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું અને મારા હળપતિ સમાજ વતી પણ તેમને અભિનંદન આપું છું. આ તકે હું વિરોધ પક્ષના ધારાસભ્ય શ્રી કુંવરજીભાઇ હળપતિ કે જેઓ મારા સમાજમાંથી આવે છે અને અત્યારે ગૃહમાં હાજર નથી એમને કહેવા માગું છું કે ભલે તમે વિરોધ પક્ષના સભ્ય હો પણ આ સરકારને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને આપણા હળપતિ સમાજ માટે જે આવાસો માટે ૫૦ કરોડની જોગવાઇ કરી છે તે બદલ આપ પણ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપો કે જેથી આપણા હળપતિ સમાજનું ગૌરવ જળવાઇ રહે. ૨૦૦૧ પહેલા મારા વિસ્તારમાં માત્ર ૩.૯ ટકા ઘરોને પાણી મળતું હતું માણસો પાણી માટે ટળવળતા હતા. પરંતુ જ્યારથી વન બંધુ કલ્યાણ યોજનાની અમલવારી થઇ છે ત્યારથી આજે ૪૨.૫૫ ટકા ઘરોને પણીની સુવિધા કરી શક્યા છીએ. મને વિશ્વાસ છે કે જે બાકી છે તેને આ સરકાર જ

* **(xxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

પૂરા કરી શકશે. હું આ તબક્કે માનનીય મુખ્યમંત્રીશ્રીનો હૃદયપૂર્વકનો આભાર માનીશ. અંતમાં મારા આદિવાસી સમાજ માટે આ સરકારે બજેટમાં જે વિકાસલક્ષી આયોજન કર્યું છે તે બદલ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને નાણામંત્રીશ્રી વજુભાઇ વાળા સાહેબનો હું ખૂબ ખૂબ આભાર માની આ માગણીઓને મારું સમર્થન આપું છું.

**શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ(પાલનપુર)** : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ અને વન વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી નં. ૨૬ અને ૨૭ હેઠળ વન વિકાસ માટે મહેસૂલી ખર્ચ માટે ૨૯૪.૨૨ કરોડ અને મૂડી ખર્ચ માટે ૨૪૯.૯૫ કરોડની દરખાસ્ત અને ૨૭ હેઠળ ૧૮ કરોડની જે મહેસૂલી ખર્ચની દરખાસ્ત લઇ આવ્યા છે તે બાબતે હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું એ વાત કરીશ કે આજે ગૃહના અધ્યક્ષ મહોદય સામે જે અવિશ્વાસની દરખાસ્ત આવી છે એને હું સખત શબ્દોમાં વખોડી કાઢું છું. ગુજરાત રાજ્યની પાંચમી વિધાનસભા, એમાં અમારા વિસ્તારના ખેરાળુ મત વિસ્તારમાંથી ડોકટર વસંત પરીખ ચૂંટાઇ આવેલા. અમારી શાળાનો રૌપ્ય ઉત્સવ ઉજવાતો હતો અને મોક વિધાનસભા સમજાવીને અમને વિધાનસભાની કાર્યવાહી સમજાવતા હતા ત્યારે એમણે કહેલું કે જ્યારે અવિશ્વાસની દરખાસ્ત આવતી એ વખતે સ્પીકર તરીકે સ્વ. રાઘવજીભાઇ લેઉવા હતા અને મુખ્યમંત્રી તરીકે હિતેન્દ્રભાઇ દેસાઇ હતા ત્યારે વિરોધ પક્ષના નેતા અવિશ્વાસની દરખાસ્ત લાવતા. આજે જ્યારે ગૃહમાં વારંવાર સંસદીય ગરિમાની દુહાઇ દેવામાં આવે છે, જે અભદ્ર શબ્દોનો પ્રયોગ કરીને સંસદીય ગરિમાને નીચે ઉતારવાનો પ્રયત્ન થયો છે ત્યારે મને લાગે છે કે આપણે ખૂબ નીચે ઉતરી રહ્યા છીએ. માનનીય અધ્યક્ષ મહોદય, એ વખતે વિરોધપક્ષના નેતા એવું કહેતા હતા મુરબ્બી હિતેન્દ્રભાઇ સામે અવિશ્વાસની દરખાસ્ત, મુરબ્બી હિતેન્દ્રભાઇ સામે અવિશ્વાસ ના હોઇ શકે. પરંતુ એમની સરકાર સામે હું અવિશ્વાસની દરખાસ્ત લાવ્યો છું.

માનનીય અધ્યક્ષ મહોદય, માનનીય મંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એમાં ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે અગાઉના વર્ષે ૩૫ કરોડ ૬૦ લાખની દરખાસ્ત હતી એની સામે ૮૧ કરોડ ૫૦ લાખની દરખાસ્ત લાવ્યા છે. વન વિસ્તારમાં વનીકરણ દ્વારા ૩૨૧૯ સંયુકત વન વહીવટ સમિતિઓ રચીને વનનું સંર્વધન, જ્યાં પાંખા વન થયા છે ત્યાં ગીચતા લાવવા માટે અને વધુ કૌશલ્ય વર્ધન કરવા માટે દોઢ કરોડની એમાં જોગવાઇ કરવામાં આવી છે. સામુહિક વન નિર્માણ આજે વન નિર્માણ બને એ આયોજનબદ્ધ બને, ઔષધિવન બને અને નિયમિત થતા અનધિકૃત ખેડાણ સામે વળતરમાં ૧૦.૩૭ કરોડની જોગવાઇ છે.

માનનીય અધ્યક્ષ મહોદય, ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન જેને ટૂંકમાં ગીર ફાઉન્ડેશન કહેવામાં આવે છે. ૧૯૯૩ ફેબ્રુઆરીમાં એની સ્થાપના થઇ છે અને એના દ્વારા આપણા વિદ્યાર્થીઓમાં, આપણા નાગરિકોમાં વન અને પર્યાવરણનું સંવર્ધન કરવા માટેની અવેરનેશ લાવવાના સંનિષ્ઠ પ્રયત્નો થઇ રહ્યાં છે એનો પણ આમાં ઉલ્લેખ થયો છે.

માનનીય અધ્યક્ષ મહોદય, પર્યાવરણની વાત કરીએ તો ગુજરાત રાજ્યની અંદર આપણે ત્યાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની જે રચના કરવામાં આવી છે એના દ્વારા અનેક સારા કામો હાથ ધરવામાં આવી રહ્યાં છે. આ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને જે બે પારિતોષિકો મળેલા છે. એમાં ૨૬મી નવેમ્બર ૨૦૧૦નાં રોજ મુંબઇ ખાતે સી.એસ.આઇ. નીહલંત ઇગર્વનન્સ એવોર્ડ જે મળેલો છે અને ૧૩માં રાષ્ટ્રીય ઇગર્વનન્સમાં ભારત સરકારે રિએન્જિનિયરિંગ ઓફ બિઝનેસ પ્રોસેસિંગ સેકટરમાં જે રજત ચંદ્રક આપ્યો છે. ગુજરાત રાજ્યમાં જ નહિ પણ સમગ્ર ભારતમાં અને કેન્દ્ર સરકારમાં પણ આ એવોર્ડ મેળવવામાં આપણે પ્રથમ ક્રમાંકે રહેલા છીએ. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ એવું પ્રથમ રાજ્ય બોર્ડ છે જેને પોતાની ગુણવત્તાના પ્રમાણ માટે ભારતીય માનાંક સંખ્યા આઇ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણપત્રથી પ્રમાણિત કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષ મહોદય, હું જ્યારે કોલેજમાં ભણતો એટલે ૧૯૭૪–૭૫ થી મને દાંતાના વન વિભાગમાં કામ કરવાની તક મળી છે. આપણો દાંતા અને અંબાજીથી ઉંમરગામ જે પૂર્વપટ્ટી છે એના જે આદિવાસી ભાઇઓ છે એ આર્થિક રીતે કચડાયેલા અભ્યાસની કોઇ સવલત ના મળતી એવા દૂરસુદૂર

સુધીના વિસ્તારમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જે રીતે પૂર્વપટ્ટીના ઉત્થાન માટે ખર્ચ કરીને આપણી આદિવાસી દીકરો હોય, આદિવાસી દીકરી હોય એ પાયલોટ બને, ડોકટર બને, એન્જિનિયર બને એ માટેના જે પ્રયત્નો કર્યા છે એ ખૂબ જ સ્તૃત્ય છે અને જ્યારે ગુજરાત સરકાર આ બાબતે સઘન પ્રયત્નો કરી રહી છે ત્યારે આપણા નાણામંત્રી મુરબ્બી વજુભાઇ વાળા અને મુખ્યમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીને ખૂબ ખૂબ અભિનંદન આપીને મારી વાત પુરી કરીને આ સમર્થન પુરાવું છું.

**શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ(ગણદેવી)** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા વન અને પર્યાવરણ મંત્રીશ્રી અને આદિજાતિ વિભાગના મંત્રીશ્રી માગણી ક્રમાંક ૯૩, ૯૬ લઇને આવ્યા છે હું એને અનુમોદન આપવા અને મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઉંમરગામથી અંબાજી સુધીનો જે પૂર્વ સરહદી વિસ્તાર છે એના ૧૨ જિલ્લાના ૪૩ તાલુકાઓ,૧૬ પોકેટ વિસ્તાર અને ૬ કલસ્ટરમાં આ રાજ્યની લગભગ ૧૪% ઉપરાંતની આદિજાતિ વસ્તી વસે છે અને તેથી જ ૧૨ પ્રાયોજના વિસ્તારમાં એનો સમાવેશ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારમાં મારી પૂર્વ સેવાઓ દરમ્યાન મને લાંબો એટલે કે, અંદાજે ચૌદેક વર્ષનો સેવાનો લાભ મળેલો છે ત્યારે મારે બે જ વાત કહેવી છે કે, આદિવાસી વિસ્તારની જે પરિસ્થિતિ છે. એમાં પહેલી વાત, બે-ત્રણ પરિબળો એમાં કામ કરે છે. એક તો, નબળો પૂર્વ આવશ્યક વિકાસ, બીજો અપૂર્ણ રીતે વિકસેલી આર્થિક પ્રવૃત્તિઓ અને ત્રીજું મહદ્અંશે અવિકસિત માનવ મૂલ્ય. માનનીય અધ્યક્ષશ્રી, મેં જોયું છે કે, આ સરહદી વિસ્તારમાં, ડુંગરાળ પ્રદેશમાં જંગલમાં અલગ જીવન જીવવાની જે સંસ્કારિતા છે અને એમની ગરીબી અને અજ્ઞાનતાને લીધે એમના વિકાસ પર કોઇ ધ્યાન આપી શક્યું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ઘણી બધી વાતો કરવી છે પણ સમયનો અભાવ છે એટલે હું ટૂંકમાં પતાવીશ. જીવનના ઘણા ક્ષેત્રોમાં અને ખાસ કરીને સમાજથી અલગ પડીને એમની સામાજિક અને આર્થિક પ્રવૃત્તિઓમાં વિકાસ થઇ શક્યો નથી અને ખાસ કરીને એમના શિક્ષણમાં જે વિકાસ નથી થઇ શક્યો એટલે જ આ સમાજ આજે પાછળ રહી ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ સત્તાનું સુકાન સંભાળ્યા પછી આદિવાસીઓના ખરેખર હીતમાં, વંચિતોનો વિકાસ, નોંધારાનો આધાર, સૌનો સાથ-સૌનો વિકાસ અને ગરીબોના બેલી બનવાની જે એક પ્રસ્થાપિતા ઉભી કરી છે એને કોઇ રીતે ભૂલી શકાય એમ નથી. આ માટે એક ન્યુ ગુજરાત પેટર્નનો આપણે એક નવતર અભિગમ અપનાવવામાં આવ્યો. એની ખાસિયત એટલી છે કે, તાલુકા કક્ષાએ અને જિલ્લા કક્ષાએ એની સમિતિઓ બનાવી ત્યારે ત્યાંના લોકોની સ્થાનિક જરૂરિયાત છે એને આપણે વાચા આપીને, આપણે એનું અમલીકરણ કરી શકીએ અને સાચા અર્થમાં એમને આપણે એમને મદદ કરી શકીએ છીએ. મારે એક વાત કહેવી છે કે, જયારે આ ગૃહમાં નિવેદન કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ જયારે ૧૫ હજાર કરોડની વનબંધુ કલ્યાણ યોજનાની જાહેરાત કરેલી ત્યારે કેટલાક મિત્રો એમ કહેતા હતા કે, How it is possible ? મારે કહેવું છે, ત્યારે મેં એમ કહેલું કે, આ તો હજુ તણખો થયો, અગ્નિને તો હજુ વાર છે. માનનીય અધ્યક્ષશ્રી, એ ૧૫ હજાર કરોડના પેકેજ પેટે, ૧૭ હજાર કરોડથી વધારે રકમ ખર્ચીને આપણે એ સાબીત કરી ચૂક્યા છીએ. આથી પણ વિશેષ મેં કીધું ને કે હજી વાર છે, ૪૦ હજાર રૂપિયાનું પંચવર્ષીય આયોજન આજે નકકી થયું છે ત્યારે મારે ખરેખર માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી અને અમારા મંગુભાઇ સાહેબને અભિનંદન આપવા પડે. વનબંધુ કલ્યાણ યોજનાની જે વાત છે તેમાં આપણે એમ જોયું છે કે, આજે તો આદિવાસીઓના કલ્યાણનું એક મોડેલ સ્ટેટ આ બની રહ્યું છે. આદિવાસી યોજનાઓના થકી, એમના સર્વાંગી વિકાસનું આજે એક મહાઅભિયાન ચાલી રહ્યું છે. મારે એમ કહેવું છે કે, નક્કર આયોજન અને અમલીકરણ થકી આપણે એવા ધાર્યા પરિણામો લાવી શકીશું કે, હું માનું છું કે, આદિજાતિ ભાઇ-બહેનોના વિકાસ માટેનું આ એક આખરી ચરણ બની રહેવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, કહેવું છે કે, નંબર-વન એમ નથી થવાતું, નથી મફતમાં મળતું એના મૂલ્ય ચૂકવવા પડતા સંતોને સંતપણા રે નથી મફતમાં મળતા.

માનનીય અધ્યક્ષશ્રી, જો આપણે સાચા અર્થમાં આ જ આદિજાતિ ભાઇઓનો વિકાસ કરવો હોય તો એમને સાચા શિક્ષણની, ગુણવત્તાસભર શિક્ષણની તાતી જરૂરિયાત છે અને એટલે જ આ વિસ્તારમાં એ પણ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં આ સુસંગત રહી શકે, સમાજની સાથે જોડાઇ શકે એટલે ધોરણ–૧૨ની જયાં સાયન્સની શાળાઓ નહતી, ત્યાં આપણે સાયન્સની શાળાઓ ઉભી કરી. આપણે ૨૦૦૧માં મૉડેલ શાળાઓ ઉભી કરી અને ૨૪૦ વિદ્યાર્થીઓને આપણે ખૂબ સારું અને ગુણવત્તાવાળું શિક્ષણ આપી શક્યા છીએ. ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં, ૨૦૦૧ પહેલાં તો આપણે ૨૪૦ જણને જ સુવિધા આપેલી પણ ૨૦૦૧ થી ૨૦૧૧ સુધીમાં ૮૬૦૪ બાળકોને આપણે ગુણવત્તાલક્ષી સુવિધાઓ આપણે આપી શક્યા છીએ. એજ નહીં, સેટેલાઇટ થકી શિક્ષણ, બાયોમેટ્રિક એટેન્ડન્સ લર્નીંગ સિસ્ટમ, ઈન્ટરનલ લર્નીંગ સિસ્ટમ, આ બધું આપણે કરી શકયા છીએ. એ કયારે ? કે આપણે જે વિજ્ઞાન પ્રવાહની ૯૫ જેટલી શાળાઓ શરૂ કરી, ૧૧ સામાન્ય પ્રવાહની, ૩૫ શાળાઓ જે વિજ્ઞાન પ્રવાહની હતી એનું આપણે અપગ્રેડેશન કર્યું અને ૪૫ નવી માધ્યમિક શાળાઓ સ્થાપી. પ્રવેશ અને ટેલેન્ટ પુલની નિર્માણ યોજના કરી. એકલવ્ય મોડલ સ્કૂલ ચાલુ કરી છે. ૩૩ આઇ.ટી.આઇ. ચાલુ કરી. ત્રણ ઈજનેરી કોલેજ, કૃષિ પોલીટેકનીક ૬, સાયન્સ કોલેજં બે, નર્સિંગ અને ફીઝીયોથેરાપી કોલેજ ચાર અને કૃષિ સંસ્થા બે ચાલુ કરી. એ સિવાય પણ વકીલના વ્યવસાયમાં એ લોકો આગળ આવી શકે તે માટે આપણે ૨૦૦૫–૦૬માં એક યોજના શરૂ કરી અને ૩૫૪ લાભાર્થીઓને ૧૬૫.૬૭ લાખની સહાય કરી. વનમાંથી વિદેશ એ માટે પણ આપણે ૨૦૦૧–૦૨માં યોજના શરૂ કરી અને ૮૦ ઉમેદવારોને ૭૩૭.૫૦ લાખની સહાય આપણે કરી. વનમાંથી ગગનમાં, પાયલોટ યોજના. આ યોજના થકી આપણે ૧૪ ઉમેદવારોને ૧૨૦ લાખની સહાય ચૂકવી છે. અમારા ભારતીબેને કીધું એટલે હું વિશેષ વાત કહેતો નથી પણ આદિવાસીઓમાં જેમ પ્રાઇમેટીવ જે ગૃપ છે તે જ રીતે હું જે વિસ્તારમાંથી આવું છું. જે મત વિસ્તારનો હું પ્રતિનિધિ છું તે આદિવાસીઓમાં હળપતિભાઇઓની ખૂબ સંખ્યા છે. અમે ઘણીબધી રજૂઆતો કરી હતી પણ આજે મારે આનંદ સાથે કહેવું પડે છે કે હળપતિ માટે એક સ્પેશ્યલ પેકેજ બનાવવામાં આવ્યું છે. ખરેખર મુખ્યમંત્રીશ્રી અને અમારા વનમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું. મેં ચૌદ વર્ષ સુધી આ વિસ્તારમાં સેવા બજાવી છે. મારી લાગણી અને આત્મીયતા એની સાથે જોડાયેલી છે. અભેસિંહભાઇ કહેતા હતા અને અમારા કુલસિંહભાઇ કહેતા હતા કે જયારે ગરીબાઇ હતી ત્યારે ફકત કંદમુળ અને અમારા મહુડાના ફુલ ખાઇને એ જીવન નિર્વાહ ચલાવતા હતા એ આદિવાસીભાઇ બહેનોને મેં જોયા છે. એ ભલે ભૌતિક રીતે ગરીબ હશે પણ એમનો જે આતિથ્યભાવ છે, એ કદાચ ગરીબ હશે પણ એમના દિલમાં અમીરાઇ છે. એમનો આતિથ્યભાવ મેં માણ્યો છે, જોયો છે, અનુભવ્યો છે. આપણામાં એમ કહેવાય છે કે અતિથિ દેવો ભવઃ આપણે ફિલ્મી ગીતોમાં પણ સાંભળ્યુ છે કે મહેમાં જો હમારા હોતા હૈ વો જાન સે પ્યારા હોતા હૈ પણ આ લાગણીને મારે એક શાયરના શબ્દોમાં કહેવી છે એમનો આતિથ્ય ભાવ કેવો છે

એ બાદલ તુ ઈતના ન બરસ કે મહેમાં હમારે ઘર આ ન સકે,
ઔર ફીર આને કે બાદ, એ બાદલ તુ ઈતના બરસ કે મહેમાં હમારે ઘર સે જા ન સકે.

આ અમારી સંસ્કૃતિનો એક ભાવ છે. એને મેં જોયો છે મેં કીધુંને કે મેં અનુભવ્યો છે. મારે કોઇ બીજી વાત કરવી નથી અને કોઇ પોલીટીકલ ઓબ્ઝર્વેશન પણ આપવા નથી પણ મારે એમ કહેવું છે કે આજે ગુજરાતને બદનામ કરો અને ગુજરાતની ટીકા કરવી એ આજે એક ફેશન બની ગઇ છે કેટલાક મિત્રોની. અમારા ગુણવંતભાઇ શાહે લખેલું અને મોરારી બાપુની કથામાં કહેલું કે કેટલાક મિત્રોને એવું છે કે ગુજરાતના કોઇ વખાણ કરે ને તો એને ખાવાનું પચતું નથી જેવી રીતે અગાઉ પણ આપણી આ દંભી બિનસાંપ્રદાયિકતાના નામે જે બખાડાઓ થતા એવા બખાડાઓ આજે ચાલુ કરી દીધા છે. મારે બીજી પણ એક વાત કહેવી છે. મારે એમ કહેવું છે કે કોઇ ગમે તેટલા પ્રયત્ન કરે આજે નરેન્દ્રભાઇ મોદીસાહેબની ટીમ હેઠળની આપણી સરકાર અને આપણા ફળદુસાહેબ હેઠળની ભારતીય જનતા પક્ષની ટીમ જે ટીમ ગુજરાત તરીકે ઓળખાય છે એમણે જે વિકાસ અને પ્રતિબદ્ધતાના નામે જે કામ કર્યુ છે ત્યારે આ પ્રજા માનસમાં એક લાગણીનો તંતુ ઉભરાયો છે અને એના માનસ પટ પર આ વિકાસની એક છબી અંકિત થઇ છે ત્યારે મને એક શાયરનો શેર યાદ આવે છે. તમે ગમે તેટલા પ્રયત્ન કરો

ફુલો કી પત્તી પર શબનમ કે ગિરનેસે પત્તી કભી નમ નહીં હોતી,
લાખ મહોબ્બત કમ કરો મહોબ્બત કભી કમ નહીં હોતી.

આ પ્રજા માનસ ઉપર છબી અંકાયેલી છે. લોકોના દિલમાં જે વિશ્વાસ છે એ વિશ્વાસને તમે કદી ભૂંસવામાં ફળીભૂત થવાના નથી. મારી ઘણી બધી વાતો કરી શકાય, પણ એક–બે વાત પૂરી કરીને મારી વાતને પૂર્ણ કરીશ. અમારી પંચાયત રાજ સમિતિના પ્રવાસમાં આહવા મૂકામે ગયેલો. અમારા અધ્યક્ષ દિલીપસિંહજી હતા. સાથે રાજસીભાઇ અને મિત્રો હતા. અમે કેટલુક વિશ્લેષણ કરી અને કેટલીક સ્થળ તપાસ કરી તો જાણવા મળ્યું કે એમને જે સહાય આપવામાં આવી છે, એનો પૂરેપૂરો ઉપયોગ થયો છે કે કેમ? મારે આનંદ સાથે કહેવું પડે છે કે જે વિસ્તારમાં વિકાસ થયો છે તેમાના કેટલાક મિત્રોએ કહ્યું કે મેં લારીમાંથી દુકાન કરી અને ટ્રક, ટેમ્પો લીધો. અને ઘણા બધા વ્યવસાય શરૂ કર્યા. પણ એક દીકરીની વાત આજે યાદ છે. વિકાસ કોને કહેવાય એનો એક દ્રષ્ટાંત આપવા માગુ છું. એક દીકરી હતી તે ભણેલ ગણેલ અને સાસરે ગયેલી. એને બોલાવેલ એટલે આવેલ હશે. તે સાસરેથી આવેલી. તે દીકરીએ એમ કહ્યું કે હું મહિલા મંડળી ચલાવતી હતી, પણ મારા લગ્ન મહારાષ્ટ્રમાં બાજુમાં થયેલ. હું પરણીને સાસરે ગઇ. મંડળી મેં બીજાને સોંપી. પણ આનંદની વાત એ છે કે આ ગુજરાતના વિકાસને મહારાષ્ટ્રમાં લઇ ગઇ અને ત્યાં પણ એણે મંડળી બનાવી. આનું નામ વિકાસ કહેવાય. વિકાસની સારી પરિભાષા છે. ખૂબ વાત કરી, પણ આજે મારા સાથી પક્ષના મિત્રો નથી. એક જ વાત કરીને હું મારી વાત પૂર્ણ કરીશ. એમણે કાપ દરખાસ્ત મૂકી કે શિક્ષણ અને આરોગ્ય તંત્રમાં આ સરકારની નિષ્ફળતા છે. સાથી પક્ષોના મિત્રો નથી મારે એમને કહેવું છે કે, ચાલો મારી સાથે આરોગ્ય તંત્રમાં. અરે છનાભાઇ તમારા અંકલાવનું જે પી.એ.સી. બન્યું છે ને તેવું કોઇ જગ્યાએ એવું નથી. માનપુનીયાનું પી.એ.સી. હોય તે બોર્ડર ઉપર આવેલ છે, ત્યાં ગુજરાતથી નહિ, પણ મહારાષ્ટ્રથી પણ દર્દીઓ સારવાર લેવા આવે છે. આદિવાસી વિસ્તારમાં આવેલ મહુવાસ અમારા મંત્રીશ્રી પરબતભાઇ છે. આ રાષ્ટ્રમાં બીજા નંબરનું પી.એચ.સી. છે. તમે કહો કે તંત્ર નિષ્ફળ ગયું છે. એટલે આટલી વાત કરીને અનુમોદન આપીને મારી વાતને વિરામ આપું છું.

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સમંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની માગણીઓ લઇને આ સભાગૃહમાં હું આવ્યો છું. સભ્યશ્રીઓએ જે પ્રમાણે એમાં સૂર પૂરાવ્યો છે તે બદલ આભાર વ્યકત કરું છું. ખાસ કરીને માનનીય સભ્યશ્રી દુષ્યંતભાઇએ ખૂબ વિગતવાર આ વિષય ઉપર અગત્યતા ઉપર ભાર મૂકયો હતો. એ ધ્યાનમાં રાખીને જે છેલ્લાં વર્ષની અંદર કરેલી કામગીરી અને આવતા દિવસોમાં કરવાની કામગીરી વિષે થોડી વાત કરવા માગુ છું. Gujarat is the fastest developing region. હું સ્ટેટની વાત નથી કરતો, પણ આખાય Asiatic region ની અંદર જો કોઇ એશિયાનો સૌથી વધારે વિકાસ દર હોય તો તે ગુજરાતનો વિકાસદર હશે અને એના કારણે દિવસે દિવસે જે ફ્યુઅલનો વપરાશ થતો જાય છે એ વપરાશ પણ ખૂબ મોટા પ્રમાણમાં એમાં વધતો જતો વપરાશ અને માંગ થતી જાય છે. આ ધ્યાનમાં રાખીને આવતા દિવસોમાં ક્લાઇમેટ ચેઇન્જ કેવી રીતે કન્ટ્રોલ કરવો એ આપણા રાજ્ય માટે ખૂબ અગત્યનો વિષય છે. Not only that, ગુજરાતની દરેક ક્ષેત્રમાં લીડ રહી છે. એ લીડ લેવામાં આ વિષયમાં પણ આપણે લીડ લેવા આખા દેશમાં માગતા હતા એના કારણે આદરણીય મુખ્યમંત્રીશ્રીએ પહેલી વખત ક્લાઇમેટ ચેઇન્જ ડિપાર્ટમેન્ટ જુદો કર્યો. એશિયાનું પહેલું રાજય છે કે ક્લાઇમેટ ચેઇન્જ ડિપાર્ટમેન્ટ માટે જુદી વ્યવસ્થા કરી. જે અગત્યના બે–ત્રણ વિષય ઉપર આપણે પ્રગતિ કરી છે. એમાં એક વિષય છે સોલર, આજે આપણે ચોકકસપણે કહી શકીએ કે આપણે Solar Capital of the World તરીકે આપણે આવતા દિવસોની અંદર ધીમે ધીમે આગળ વધી રહયા છીએ. આજે ગુજરાત સોલર મિશન જાન્યુઆરી, ૨૦૦૯માં આપણે પોલિસી બહાર પાડી અને એના in a short span ૫૦૦ મેગાવોટનો આપણે જે ટારગેટ મૂક્યો હતો, એ ટારગેટ આપણે સંપૂર્ણપણે પૂરો કર્યો, અને આનંદ થાય છે કહેતાં કે approximately ૫૩૮ મેગાવોટ કમિશન થયા અને ૮૦ મેગાવોટ ready for commissioning એટલે ૬૦૦ મેગાવોટની આશરે સોલર એનર્જી આપણે ખૂબ ઓછા સમયની અંદર સફળતાપૂર્વક એનું કમિશન કરવામાં આવ્યું. આજે વિરોધપક્ષના સભ્યશ્રીઓ છે નહીં, ખૂબ મોટા વાજતેગાજતે National Mission ની

એમણે જાન્યુઆરી ૨૦૧૦ની અંદર એટલે આપણા એક વર્ષ પછી એમણે પોલિસી જાહેર કરી, અને એક વર્ષમાં એમણે કહયું કે અમે ૨૦૦૦૦ મેગાવોટ કરવા માગીએ છીએ, આ ૨૦૦૦૦ મેગાવોટની જગ્યાએ એ લોકોએ અત્યાર સુધી ૧૯૮ મેગાવોટ કર્યું, એટલે એક બાજુ ગુજરાતના ૬૦૦ મેગાવોટ અને આખા દેશમાં ૧૯૮ મેગાવોટ, આ સ્પષ્ટ બતાવે છે કે, આપણી પોલિસીની સફળતા, આપણી અમલીકરણની સફળતા અને સોલરની અંદર આપણી કેવી લીડ આખા દેશની અંદર લીધી છે. માનનીય અધ્યક્ષશ્રી, આના કારણે લાભ કેટલા થવાના છે? ૧૫.૫૪ લાખ ટન carbon dioxide emission માં આપણે ઘટાડો કરી શકીશું, ૧૦.૮૮ લાખ ટન કોલસોની બચત કરી શકીશું, આટલા ૫૩૮ મેગાવોટની અંદર આપણે આટલું કામ ઉભું કરી શકીશું. આપણો હેતુ આનાથી મોટો છે, આપણો હેતુ છે કે, આપણે આવતા દિવસોની અંદર કોલસાની અછત થવાની છે, કોલસો મળતો નથી, કોલસાના ભાવ વધે છે, બીજી બાજુ ગેસ મળતો નથી, ગેસના ભાવ વધે છે, તો આની અંદર આવતા દિવસોમાં સોલર અને ખાસ કરીને roof top એને આપણે પ્રાધાન્ય આપવા માગીએ છીએ અને દેશની અંદર ગુજરાત એ પહેલું રાજય છે અને ગાંધીનગરની અંદર આપણે ૫ મેગાવોટ roof top સોલરના bids ફાઇનાલાઇઝ કર્યા છે, બે કંપનીઓને આપી દીધા છે, અને એનું જે ટેરીફ નકકી કરવામાં આવ્યા છે એ ૧૧.૨૧ અને ૧૧.૭૯, માનનીય અધ્યક્ષશ્રી, આ શરૂઆતનું છે, અને આની અંદર ત્રણ રૂપિયે એટલે આશરે દર વ્યકિત કે જે પોતે roof top panel ઉપર મૂકશે, એને ૧૫૦૦ રૂપિયાની આવક આ સોલર roof top મૂકવાના કારણે, એની અગાશી ઉપર મૂકે તો અગાશીના કારણે એને ૧૫૦૦ રૂપિયાની આવક થઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, જે કેપીટલ કોસ્ટ મૂકવાની છે, એ સંપૂર્ણપણે જે developer હોય એને કરવું પડે, અને જે વીજળી હોય એ પાવર યુટિલિટીને એને વેચાણ કરવી પડતી હોય છે, આ ધ્યાનમાં રાખીને સફળતા જોઇ આપણે રાજકોટ, સુરત, ભાવનગર, વડોદરા જેવા આવા પાંચ મોટા શહેરોની અંદર આપણે ૧૨-૧૩માં બીજા પાઇલોટ પ્રોજેકટો આની અંદર આપણે નાખવા માગીએ છીએ. પાંચ વર્ષ પછી એક જમાનો હશે કે કોલસાના ભાવ વધી ગયા, ગેસના ભાવ વધી ગયા અને બીજી બાજુ નવી ટેકનલોજી આવવાના કારણે સોલરની અંદર ભાવ ઘટશે અને આના લીધે ગુજરાતે લીધેલી લીડ એ ગુજરાતને કામમાં આવશે અને એટલે ગુજરાતે દેશને આ બાબતમાં દિશા બતાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવો બીજો એક નવો પ્રોજેકટ હાથમાં લીધો છે, એ નર્મદા કેનાલ ઉપર, એક મેગાવોટ સોલર પાવર પ્લાન્ટ નર્મદા કેનાલ ઉપર સાણંદ ડિસ્ટ્રિકટની અંદર આપણું કામ અત્યારે ચાલુ છે, ટૂંક સમયમાં એનું કામ પૂર્ણ થશે, આના કારણે અપેક્ષા છે કે ૯૦ હજાર લિટર પાણીનું evaporation બચશે અને આખી કેનાલ ઉપર એ જગ્યા આપણે સોલરમાં જગ્યા બહુ જોઇએ, એ જગ્યાનો પણ આપણે ઉપયોગ આની અંદર કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું આપણે પ્રાધાન્ય આપ્યું છે એ વીન્ડમાં આપ્યું છે અને ૨૬૨૫ મેગાવોટ વીન્ડ ઓલરેડી આપણે ઇન્સ્ટોલ કરી દીધી છે, કમિશન કરી નાખ્યું છે એનાથી ૩૬.૭૫ લાખ ટન કોલસાની બચત થશે, અને એ પણ આવતા દિવસોની અંદર carbon dioxide ના reduction ની અંદર એ રીલેકશની અંદર આપણે મહેનત કર્યા છે એની અંદર આપણને લાભ થશે. આ સિવાય આ ડિપાર્ટમેન્ટ દ્વારા energy conservation ઉપર મહેનત કરવામાં આવે છે, energy audit કરવામાં આવે છે,અને energy audit ની અંદર ઇન્ડસ્ટ્રીઝની અંદર જઇ કેવી રીતે એ લોકોનો વીજળીનો વપરાશ ઘટે, એ પ્રમાણેના પ્રયાસો કરવામાં આવે છે, આ ઉપરાંત માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ મોટા પ્રમાણમાં એક ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન દ્વારા લોકોને સાચી માહિતી આપવા માટેનો પ્રયાસ કરવામાં આવે છે તેના કારણે વીજળીની બચત કેવી રીતે કરવી, વીજળીનો ઉપયોગ બરાબર રીતથી કરવો આ પ્રમાણે સ્કૂલોમાં અને કોલેજીસમાં બાળ ઉર્જા રક્ષકદળ દ્વારા ૫૦ હજાર વિદ્યાર્થીઓને આપણે મેમ્બર બનાવ્યા છે અને ઘરે ઘરે સંદેશો આપવાનો આપણે પ્રયાસ કર્યો છે. આવતા દિવસોની અંદર સરકારની કોશીશ રહેવાની છે કે એક એક્શન પ્લાન ઓન કલાઇમેટ ચેન્જ ઉભો કરવામાં આવે અને આજે અમે એક ઇન્સ્ટીટ્યુટ ઓફ રિસર્ચ ઓફ કલાઇમેટ ચેન્જ બનાવવાની સરકાર વિચારણા કરી રહી છે અને કદાચ એમાં જો સફળતા મળે તો પેટ્રોલિયમ યુનિવર્સિટીની અંદર આપણે એ કરવાનું વિચારણા કરી રહ્યા છીએ કે જેથી આવતા દિવસોમાં આખા ગુજરાત રાજયની અંદર

અને દેશની અંદર કઇ કઇ ટાઇપના ક્લાઇમેટ ચેન્જીસ થવાના છે અને એના પ્રમાણમાં રાજયે શું કરવું જોઇએ, દેશે શું કરવું જોઇએ એ ઇન્ફોર્મેશન મળે અને એ પ્રમાણે આપણે આવતા દિવસોમાં અમલીકર કરીએ એ પ્રમાણેના પ્રયાસો આ વિભાગ દ્વારા કરવામાં આવશે. ફરીથી હું કહું છું માનનીય અધ્યક્ષશ્રી કે જે સભ્યશ્રીએ આ મારા વિભાગની ચર્ચામાં ભાગ લીધો છે એમનો આભાર વ્યકત કરું છું.

**શ્રી મંગુભાઇ છ. પટેલ (આદિજાતિ કલ્યાણ તથા વન અને પર્યાવરણ) :** માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ કલ્યાણ અને વન અને પર્યાવરણ વિભાગની જે માગણીઓ હું લઇને આવ્યો છું એ મારા વિભાગની માગણીમાં લગભગ ૯ જેટલા ધારાસભ્યશ્રીએ ભાગ લીધો છે. ઘણી બધી વાત સરકારની સિદ્દિધની વાત એમની ચર્ચામાં આવી ગયેલી છે. ઘણી બધી શાયરીના રૂપમાં પણ આપણે વાત સાંભળી છે એટલે એ વાત રિપીટ નહીં કરતા કેટલીક મુદ્દાની જે વાત છે એ વાત કરવાનો હું પ્રયત્ન કરીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી ખાસ કરીને ઉમરગામથી અંબાજી સુધીની જે પૂર્વપટ્ટી છે એ પૂર્વપટ્ટીના ૧૨ જિલ્લા અને ૪૩ જેટલા તાલુકામાં એમની વસ્તી આવેલી છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ગણીએ તો આદિવાસીઓની ગુજરાતમાં કુલ વસ્તી ૮૦ લાખની નજીક નજીક પહોંચી છે. આ મારો આદિજાતિ વિભાગ છે એ વિભાગ ૧૯૬૧માં જ્યારે ગુજરાત મહારાષ્ટ્રમાંથી છૂટું પડ્યું ત્યારથી આદિજાતિ કલ્યાણનું બજેટ ફળવાતું આવ્યું છે. મને બરાબર યાદ છે કે, ૧૯૬૧માં આ મારા વિભાગમાં કદાચ તે વખતે આદિજાતિની વસ્તી ૫૦ લાખની હશે. તે વખતે ફક્ત ૫૮ કરોડ રૂપિયાનું આયોજન મારા વિભાગમાં થયું હતું તે ધીરે ધીરે આગળ વધીને જ્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇ પટેલ હતા ત્યારે મારા આદિજાતિ વિભાગને ૪૫૦ કરોડનું બજેટ એક વર્ષમાં વાપરવા માટે મળ્યું હતું. ત્યાર પછી ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી કેશુભાઇ આવ્યા ત્યારે પહેલા જ વર્ષે અમને ૬૬૬ કરોડ રૂપિયા જેટલું બજેટ મળ્યું અને આ લગભગ ૧૯૬૧થી માંડીને ૪૦-૪૨ વર્ષમાં એનો ટોટલ જો કરીએ તો આદિજાતિ વિભાગને લગભગ ૬૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ આ ૪૦-૪૨ વર્ષમાં ફળવાયું હતું. માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી પાંચ જ વર્ષમાં એમણે ૬૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ આદિજાતિ વિભાગને ફાળવ્યું. એકબાજુ ૪૨ વર્ષનું અને એક બાજુ પાંચ વર્ષનું બજેટ આમ જો ગણીએ તો ૧૨૫૦૦ કરોડ વાપર્યા પછી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇને અમે બહું વર્ષોથી જાણીએ છીએ. આખા ગુજરાતના ટ્રયબલ વિસ્તારમાં વર્ષો સુધી એમણે સેવા કરી છે અને એના કારણે જે આદિવાસીઓની મુશ્કેલી, આદિવાસીઓને કઇ રીતે એની પ્રગતિ લાવી શકાય એમના મનમાં ચોક્કસ એક વિચાર પડેલો હતો અને જ્યારે એ પોતે આવા સ્થાન પર આવ્યા ત્યારે એમના વિચારને કેવી રીતે મૂર્તિમંત બનાવાય, કેવી રીતે આદિવાસી સમાજને ઉપયોગી થવાય? એના માટેનું ચિંતન હંમેશા એમના મનમાં રહેતું અને જ્યારે સાડા બાર હજાર કરોડ રૂપિયા વાપર્યા પછી પણ આદિવાસીનો વિકાસ તેમને જોઇએ તેવો દેખાયો નહિ ત્યારે એમણે દસ મુદ્દાનો કાર્યક્રમ આદિવાસી માટે નક્કી કર્યા કે મારા ગુજરાતના આદિવાસીને આ દસ મુદ્દામાં જ્યારે બરાબર હું ન્યાય આપું ત્યારે જ હું ખરો મુખ્યમંત્રી કે ખરો આદિવાસીની લાગણીવાળો માણસ ગણી શકાય. એમ કરીને એમણે જે બજેટ ફાળવ્યું, એ આ ૪૪નું નિવેદન કરીને, એકબાજુ લગભગ ૪૭ વરસના સાડા બાર હજાર કરોડની સામે એમણે ૪૪નું નિવેદન કરીને જે જાહેર કર્યું કે પાંચ વરસમાં પંદર હજાર કરોડ રૂપિયા આદિજાતિને વનબંધુના સ્વરૂપમાં આપું છું અને આપણે એ જોયું કે, પાંચ વરસ જે આ વખતે પૂરું થાય છે, આ વખતનું બજેટ એ ૪૮૯૮ કરોડ, કેટલો વધારો? તો પંદર હજાર કરોડની જગ્યાએ ૧૭૭૩૮ કરોડ રૂપિયા, આ કેવો વધારો કહી શકાય, જે લક્ષ્યાંક હતો તેના કરતાં પણ ૧૭૦૦ કરોડ રૂપિયા જેટલો વધારો આપીને ખરેખર આદજાતિ સમાજના આ જે દસ મુદ્દાના કાર્યક્રમ અંતર્ગત જે આદિવાસી વિસ્તારમાં જે કામ થયું છે મારા કોંગ્રેસના મિત્રો આજે નથી, વિરોધપક્ષમાં બેઠાં છે એટલે વિરોધની વાત કરવી પડે, એમની ફરજ બને, પરંતુ એ પણ પોતાની છાતી ઉપર હાથ મૂકીને કહે કે અમે ક્યાં આદિવાસીઓને રાખ્યા હતા અને આજે આદિવાસી ક્યાં છે? આજે અત્યારે કહ્યુંને કોઇ સભ્યએ કે આજે પંદર જેટલા આદિવાસીના છોકરા પાયલોટનું શિક્ષણ મેળવે છે, કોઇ આદિવાસીનો છોકરો વિમાન ચલાવવાનું શીખે એ સ્વપ્નમાં પણ કલ્પના ના કરી શકાય એવી વાત છે પણ આજે એ પ્રત્યક્ષ થયું છે. આજે પણ અમે ઉંડાણના ગામોમાં જઇએ છીએ, હેલીકોપ્ટરમાં મુખ્યમંત્રીશ્રી આવતા હોય, અરધુ પબ્લિક તો

સભાનું ત્યાં જ હેલીપેડ પર બેઠું હોય, આપણે કહીએ કે ચાલો સાહેબ આવી ગયા, હવે સાંભળવા ચાલો પણ પેલું હેલીકોપ્ટર ઉતરે, હેલીકોપ્ટર પાછું ઉડે તે જોવાની લાલસા, અમારા મુખ્યમંત્રી માટે ખૂબ લાગણી છે, પરંતુ અમારા મનમાં આ જે કંઇ ઇચ્છા છે, મહેચ્છા છે એને અમે પહેલાં જોઇશું, આમ કરીને એ હેલીકોપ્ટર કેવી રીતે આવે અને કેવી રીતે ઉડે તે જોઇને આજે એવો સમય માનનીય મુખ્યમંત્રીશ્રી લાવ્યા છે કે કદાચ આવતા દિવસોમાં કોઇ નેતાઓ ડાંગ જવાના હશે કે મુખ્યમંત્રીશ્રી પોતે જવાના હશે ત્યારે મુખ્યમંત્રીશ્રી જે ઉતરે એની સાથે પાયલોટ જે ઉતરશે તે પણ આદિવાસી છોકરો હશે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ સાબિત કરી બતાવ્યું છે, આજે લગભગ ૮૦ જેટલા છોકરાઓ સરકારના તાલીમવર્ગમાં તાલીમ લઇને આજે વિદેશમાં નોકરી કરે છે, કોઇ એવો છોકરો નથી કે જેનો એક લાખ રૂપિયાથી નીચે પગાર હોય. આજે ૫૮ જેટલા છોકરાઓ વિદેશમાં ભણે છે, આ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓની પ્રગતિ કરાવી છે, એ પ્રત્યક્ષ છે આટલું બધું કરાવ્યા પછી પણ વનબંધુનું ફેઇઝ–ટુ જે આવ્યું એમાં બજેટમાં કેટલા રૂપિયા ફાળવ્યા? માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણાંમંત્રીશ્રી વજુભાઇએ પાંચ વરસ માટે ચાળીસ હજાર કરોડ રૂપિયા ફાળવ્યા છે, ક્યાં સત્તર હજાર કરોડ અને ક્યાં ચાળીસ હજાર કરોડ? હું આગળ કહેતો હતોને કે ૪૨ વરસમાં સાડા છ હજાર કરોડ, આ વખતનું બજેટ જે છે એ ૬૬૦૦ કરોડ રૂપિયાનું બજેટ એકજ વરસનું છે, એટલા પેલા બેંતાલીસ વરસનું જો સાથે ગણીએ તો એક વરસમાં ૬૬૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવીને આદિવાસી સમાજ પર કેટલી મોટી મહેરબાની કરી છે, "ન ભૂતો ન ભવિષ્યતે", એ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ સાબિત કરી બતાવ્યું છે અને એક બાજુ મારા કોંગ્રેસના મિત્રો, ધારાસભ્યશ્રીઓ જે વેદના ઠાલવતા હતા કે ભારતીય જનતા પાર્ટીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આદિવાસી સમાજના એક નેતાને જ્યારે ગૃહના ઉચ્ચ પદ પર બેસાડ્યા છે ત્યારે એમની સામે અવિશ્વાસની દરખાસ્ત લાવીને આદિવાસી સમાજનું અપમાન નથી તો તમે શું કરો છો? એકબાજુ આદિવાસના વિકાસના કામો માટે કંઇ કરી નથી શક્યા અને જ્યારે ભારતીય જનતા પાર્ટીએ, માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉચ્ચ પદ પર બેસાડ્યા તેને પણ તમારે ટકવા નથી દેવા? મેં કહ્યું તે " ન ભૂતો ન ભવિષ્યત" પણ જે કંઇ આજે સરકાર બજેટ ફાળવે છે તેમાં માનનીય વિરોધપક્ષના લોકોને પણ મારી વિનંતી છે કે તમને જયારે ધારાસભ્ય તરીકે મોકો મળ્યો છે ૨૦૧૨માં મળશે કે કેમ ભગવાન જાણે ? પણ જે કંઇ સમય છે તેમાં આ બજેટનો કેવી રીતે વ્યવસ્થિત ઉપયોગ કરીને એકદમ ગરીબમાં ગરીબ માણસ છે તેને કેવી રીતે સરકારની જે યોજના છે તેના ઘર સુધી, તેના પરિવાર સુધી કેવી રીતે આપણે લઇ જઇ શકીએ તેમાં બધા કામ કરે એવી મારી અપેક્ષા છે. દસ મુદ્દાની વાતમાં સૌના માટે ઘર આજે આદિવાસી સમાજ માટે ઘર પોતાનું હોવું ખૂબ આવશ્યક છે પણ સરકારની યોજનામાં છેલ્લાં પાંચ વર્ષમાં ૩,૨૪,૪૬૨ વ્યકિતને મફતમાં મકાન ફાળવીને આજે આદિવાસી સમાજ માટે ૯૩૨ કરોડની સહાય આપી છે. સૌના માટે સ્વચ્છ પીવાનું પાણી, પ્રાદેશિક મુખ્ય પાણી પુરવઠાની ૭૬ જેટલી રિજીયોનલ યોજના પૂરી કરી છે અને છ જેટલી રિજીયોજનલ યોજનાનું કામ પ્રગતિમાં છે. વર્ષ ૨૦૧૧માં ૧૫.૨૫ લાખ કુટુંબો પૈકી ૬ લાખ ૪૮ હજાર ૮૩૩ જેટલાંને પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ થાય તેના માટે યોજના બનાવીને તે તમામને પીવાના પાણીની સુવિધા આપી છે. ૨૦૧૧માં ૪૮,૬૯૮ કુટુંબોને રસોડા સુધી પાણી પહોંચાડયું. અને ૨૦૧૧માં ૩૭.૪૫ ટકા લોકો ૫,૦૮,૦૪૭ કુટુંબોને ઘર સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે. વીજળીકરણ સાર્વત્રિક વીજળીકરણ કાર્યક્રમ હેઠળ ૭૯૮ જેટલાં પેટા પરાનું વીજળીનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. ૪,૮૪,૭૭૩ ઘરનું વિના મૂલ્યે વીજળીકરણ થયું છે. ૧૭ જેટલાં સબ સ્ટેશનોની સ્થાપના કરી છે. આદિજાતિના સરહદી વિસ્તારના ૪૦૧ ગામોમાં ૩૬૦૮ વ્યકિતને મકાન અને ૩૨૮૫ વ્યકિતને ઘરોમાં વીજળી જોડાણ તથા આ ગામોમાં ૧૧૪.૪૫ કિલોમીટરના રસ્તા પણ બનાવી આપ્યાં છે. માનનીય અધ્યક્ષશ્રી, કાલે આનંદીબહેન પોતાના માર્ગ મકાનની વાત કરતા હતા . તે માર્ગ મકાનમાં આજે આદિવાસીના જે કંઇ ફળિયાના રસ્તા છે તે ફળિયાના રસ્તા પણ આજે એ કરવામાં આવ્યાં છે. ૨૫૦ થી નીચેની વસ્તી ૨૫૦ થી ૫૦૦ની વસ્તી તે તમામના રસ્તાઓ આજે આપણે આદિવાસી વિસ્તારમાં જુઓ તો સિમેન્ટના રસ્તા દેખાય છે, ડામરના રસ્તા જોવા મળે છે. નહીંતર એક સમય એવો હતો કે આદિવાસી વિસ્તારમાં જવું હોય તો કાદવ ખૂંદીને જવું પડતું હતું તે હવે રહ્યું નથી. સિંચાઇની પણ એટલી જ વ્યવસ્થા

૨૪૬ જેટલી ઉદ્વહન સિંચાઇ યોજનામાં ૩૫૪૦૦ હેક્ટરમાં પિયત સિંચાઇનો આદિવાસીને લાભ આપવામાં આવે છે. ૭૭૯ નહેરોના સુધારણાનું કામ કરી ૯૮,૮૮૨ હેક્ટરમાં સિંચાઇમાં વધારો કરી શકાયો છે. આજે આદિવાસી વિસ્તારમાં પણ ૭૫,૭૮૭ જેટલાં ચેક ડેમ બાંધીને ૩૧,૮૬૬ હેક્ટરમાં સિંચાઇનો લાભ આપવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં આગળ પણ કહ્યું તેમ આજે આદિવાસીના છોકરાઓ વિદેશમાં ભણે છે, આજે પાયલોટ બને છે પરંતુ તેમાં ગુણવત્તાયુકત શિક્ષણ આવે, નવી નવી ટેકનોલોજીનું શિક્ષણ આવે તે રીતે આ સરકારે કામ કર્યુ છે. આદિજાતિ બાળકોમાં શિક્ષણનો વ્યાપ વધે તે હેતુથી તમામ તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની ૭૫ જેટલી ઉચ્ચત્તર શાળાઓ કાર્યરત થઇ છે. ૬૭ જેટલી નિવાસી શાળાઓ, ૫૭૬૭ વિદ્યાર્થીને લાભ આપ્યો છે. આદિવાસી વિસ્તારમાં છેલ્લાં પાંચ વર્ષમાં ડેડીયાપાડા, અમીરગઢ, ચીખલી, માંગરોલમાં કોલેજ કાર્યરત છે. આદિજાતિ વિસ્તારમાં ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ એજયુકેશન ઇન્સ્ટીટયુટ ઓફ સોસાયટી દ્વારા ૧૯ એકલવ્ય સ્કૂલ, ૩૫ ગર્લ્સ રેસિડન્સ સ્કૂલ તથા ૧૨ મોડેલ સ્કૂલ શરૂ કરવામાં આવી છે. એના કારણે ૫૮૨૩ આદિજાતિ બાળકો ગુણવત્તાયુકત શિક્ષણ મેળવી શકશે. આદિજાતિ વિસ્તારોમાં જેમ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ બની તે પ્રમાણે ૧૧ જેટલી સામાન્ય પ્રવાહની માધ્યમિક શાળાઓ પણ કાર્યાન્વિત કરવામાં આવી છે. ૧૮ જેટલી સરકારી ગ્રાન્ટેડ અને ૩૭ જેટલી ગ્રાન્ટેડ કોલેજો મળીને ૫૧ જેટલી કોલેજો કાર્યરત છે. ૩૩ જેટલી આઇ.ટી.આઇ., ૩ ઇજનેરી કોલેજો, ૪ કૃષિ પોલિટેકનીક, ૨ સાયન્સ કોલેજો, ૩ નર્સિંગ સ્કૂલ ફિઝિયોથેરાપી કોલેજ, એગ્રીકલ્ચર, એન્જિનીયરીંગ, વેટરનરી કોલેજ. આ રીતે આ સરકારે આદિવાસી વિસ્તારોમાં શિક્ષણની પણ ઉપલબ્ધિ કરાવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમાજમાં જે કેટલીક વ્યવસ્થાઓ છે. સરકાર માન્ય આઇ.ટી.આઇ. માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, જનજાતિના વિદ્યાર્થીઓને હાલ ચૂકવવામાં આવતી શિષ્યવૃત્તિમાં ૨૫૦ હતી, એમાં વધારો કરીને ૪૦૦ ની જોગવાઇ કરવામાં આવેલી છે. કુંવરબાઇનું મામેરું યોજના છે આદિવાસીમાં. મંગળસૂત્ર યોજના. અત્યારે હાલ ૫ હજારની સહાય આપવામાં આવે છે, એમાં વધારો કરીને ૧૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. એ હેડ હેઠળ ૯૦ લાખની વધારાની જોગવાઇ કરવામાં આવી છે. ૭ ફેરા સમૂહલગ્ન. આદિવાસીમાં જયારે આવા સમૂહલગ્ન થતા હોય, કોઇ વ્યકિતગત લગ્ન કરવા હોય તો આદિવાસીને મોટું ભારણ આવે છે, અને એના માટે જે ૭ ફેરા સમૂહલગ્ન હેઠળ જે અત્યાર સુધી ૬ હજારની સહાય આપવામાં આવતી હતી. એની જગ્યાએ ૧૨ હજારની સહાય વધારવામાં આવી છે અને ૩૦ લાખની એમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગુજરાત પેટર્નની વાત કરવી છે. થોડી વાત થઇ છે. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાત પેટર્ન દાખલ કરીને સ્થાનિક મુશ્કેલી શું છે અને સ્થાનિક લોકો જ એમાં પોતાની રજૂઆત કરીને એને ન્યાય આપી શકે એ માટે ૧૯૯૯– ૨૦૦૦ થી ગુજરાત પેટર્ન શરૂ કરી છે અને આજ સુધીની વાત કરીએ. પહેલા એમાં ૨૦૦ કરોડની યોજના થતી હતી, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ આવ્યા પછી ૨૦૦૫–૦૬માં ૨૬૧, ૨૭૧, ૪૦૭, ૩૨૩, ૩૨૬, ૩૩૫, ૪૬૪. આ રીતે એનું બજેટ વધારીને લગભગ ૭૮ હજાર જેટલા નાના મોટા કામો આજે આદિવાસી વિસ્તારોમાં થયા છે અને કેટલાક કામો આજે પ્રગતિમાં છે. અને એ ગુજરાત પેટર્ન આજે તમે જૂઓ તો બહારના કેટલાક પ્રાંતના લોકો પણ અહીંયા આવીને આ યોજના સમજવાનો પ્રયત્ન કરે છે, એવી ગુજરાત પેટર્ન આદિવાસીઓ માટેની યોજના બની છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અધિકાર નિયમ ૨૦૦૬માં કેન્દ્ર સરકારમાં આવ્યો અને એનો અમલ કેન્દ્ર સરકારે લગભગ ૨ વર્ષ જેટલો સમય નિયમો બનાવવામાં ગયો અને ત્યારપછી અમલીકરણની વાત આવી ત્યારે તમામ વહીવટી વ્યવસ્થાને પૂરી કરીને જયારે વિભાગે ૧૨ જિલ્લા અને ૪૩ તાલુકામાં આ કાયદાનું અમલીકરણ હાથમાં લીધું, ત્યારે વન અધિકાર સમિતિ પાસે લગભગ ૧,૮૨,૮૬૯ વ્યકિતગત દાવા અને ૮૭૨૩ સામૂહિક દાવા એમ કરીને કુલ ૧,૯૧,૫૯૨ જેટલા હકક દાવા મળેલા. એમાં જુદા જુદા સ્તર ઉપર

સમિતિ બનાવીને એની બરાબર ચકાસણી કરીને ગ્રામ પંચાયત લેવલે, તાલુકા લેવલે અને પ્રાંત અને જિલ્લા લેવલે એની ચકાસણી કરીને સાચા જે લોકો હતા એમને જમીન આપવાની શરૂઆત કરી.

મારે એ પણ ધ્યાનમાં લેવું છે કે આ જે કંઇ અરજીઓ કેટલીક ડુપ્લીકેટ હતી, કેટલીક અધૂરી અરજીઓ હતી અને એમાંથી જે કંઇ અરજીઓ આજે લગભગ ૩૮૨૭૪ જેટલા આદિવાસીઓને એ કબજા રસીદ આપવામાં આવી છે અને એ પહેલા આ ભારતીય જનતા પાર્ટીએ ૧૯૬૭ પહેલા, ૧૯૮૦ પહેલા, આખા દેશમાં કોઇ એવો જો પ્રાંત હોય તો એ ગુજરાત પ્રાંત છે. કે જેમાં ૪૫૫૦૨ જેટલા લોકોને ૧૯૬૭ પહેલાના અને ૧૯૮૦ પહેલાની જમીન આપેલ છે. અને આ ૩૮૨૭૪ ગણીએ તો લગભગ ૮૫ હજાર જેટલા આદિવાસીઓને જંગલની જમીનો જે વર્ષોથી ખેડતા આવેલા તેવા લોકોને જમીનો આપી છે. એક આદિજાતિ પરિષદમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીની સામે રજૂઆત આવી, એટલે ચકાસણી થયા પછી કેટલીક અરજીઓ નામંજૂર થઇ હતી તેના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીએ વિભાગને સૂચના આપી છે કે તમામ નામંજૂર થયેલી જે અરજીઓ છે તેની ફરીથી ચકાસણી કરો, અને એમાં કોઇ સાચા હોય તો તેને ચોકકસ જમીન આપવી જોઇએ. અને તેની પુનઃ સમીક્ષા પણ અત્યારે ચાલી રહી છે. અને એવા કોઇ પણ સાચા આદિવાસી હશે તે એકે એક ને ચોકકસ જમીન અપાવાની જ છે એમાં કોઇ શંકાને સ્થાન નથી. પણ કેટલાક બની બેઠેલા આદિવાસી નેતાઓ આદિવાસી સમાજને ઉશ્કેરીને જે વૃક્ષ કપાવી નાખે છે, આદિવાસીને સામેલ રાખીને ગુનો કરાવે છે તેને વિનંતી કે મહેરબાની કરીને ભોળી અજ્ઞાન પ્રજાને આ રીતે ઉશ્કેરીને ગુનાહીત કામમાં નહી દોરવા જોઇએ અને તે રીતે તમે કરશો તો કુદરતના તમે ખરા ગુનેગાર બનશો, અભણ લોકોને આગળ ધરીને આવો ગુનો કરાવો છો. આવું ગંદુ પોલીટીકસ ન હોય કે જેથી આદિવાસી અભણ અને અજ્ઞાનને તમે ખોટી રીતે ગુનાહિત પ્રવૃતિમાં ના પ્રેરો, મારી આટલી આદિજાતિ વિભાગની વાત કર્યા પછી વન વિભાગની વાત કરવી છે. આજે વિશ્વ વન દિનનો દિવસ ૨૧મી માર્ચનો દિવસ છે. ૧૯૭૨ થી આખા વિશ્વમાં આ પ્રમાણેનો ૨૧મી માર્ચ એટલે વિશ્વ વન દિનની ઉજવણી થાય છે.આમ તો કલાઇમેટ ચેન્જની વાત ઘણી બધી થાય છે. આમ સરસ મજાનું કોઇએ ભજન બનાવ્યું છે ‹‹જીતે લકડી, મરતે લકડી, દેખ તમાશા લકડી કા›› જન્મતાની સાથે બાળક રડે તો તરત ઘોડીયામાં સુવડાવવામાં આવે. એ ઘોડીયું લકડીનું અને એ રડતું બાળક શાંત થઇ જાય, ચાલતા શીખવવું હોય તો ચાલન ગાડી લાકડાની, ભણવા જવું હોય તો સ્લેટ લાકડાની, બેન્ચ પર બેસવું હોય તો બેન્ચ પણ લાકડાની, જુઓ તો ખરા લાકડાનો કમાલ, આજે મુખ્ય મંત્રીશ્રી પણ લાકડાના ટેબલ–ખુરશી પર બેસે, આપણે બધા ધારાસભ્યો, અધિકારીઓ પણ લાકડાંના ટેબલ ખુરશી પર બેસીએ છીએ, કેટલું ઉપયોગી છે લાકડું? લાકડું ફુલ આપે, લાકડું ફળ આપે, ઘર બનાવવા માટે લાકડા આપે, છતાં પણ આપણે એટલું ધ્યાન નથી આપતાં, એના તરફ જે લાગણી હોવી જોઇએ તે નથી રાખતા, અહીં ઘણા બધાએ ભાષણ કર્યા છે કે કેટલું વન વધાર્યુ છે, મારે ચોકકસ કહેવું છે કે ૨૦૦૪માં મારા વન વિભાગે ગણતરી કરી હતી ઝાડની, તો ૨૫ કરોડ ૧૦ લાખ જેટલા ઝાડ હતા, ૨૦૦૯માં વન વિસ્તારની બહારની વાત કરું છું, એ વન વિસ્તારની બહાર ૨૦૦૯માં ગણતરી કરી તો ૨૬ કરોડ ૯૦ લાખ જેટલા ઝાડ થયા, ૧ કરોડ અને ૮૦ લાખ જેટલા વૃક્ષો વધ્યા છે. દેશમાં બીજો નંબર છે આપણો વન વિસ્તારની બહારના વૃક્ષોમાં. મેન્ગ્રુવ્ઝની વાત કરો, તો દરિયા કિનારે, ભૂતકાળમાં જયરામ રમેશ કેન્દ્રીય મંત્રી હતા તેમણે બીજા પ્રાન્તને કહ્યું કે જુઓ ગુજરાતમાં મેન્ગ્રુવ્ઝ કેવું કર્યુ છે, આ રીતે વન વિસ્તાર કેવી રીતે વધે તેના પ્રયત્નો કર્યા છે. કોઇકે કહ્યું કે વડ અને પીપળા, એ પણ અમે ૭૨ હજાર જેટલા વડ અને પીપળાના વૃક્ષોના રોપણ કર્યા છે. આજે એમ કહેવાય છે કે વડમાં શંકર ભગવાનનો વાસ છે, પીપળામાં વિષ્ણુ ભગવાનનો વાસ છે. વટ સાવિત્રીના દિવસે બહેનો પોતાના પતિનું આયુષ્ય માંગવા માટે વ્રત કરે છે. એમ કહેવાય કે વડમાં શંકર ભગવાન વસે છે અને પીપળામાં વિષ્ણુ ભગવાન વસે છે. આપણા પૂર્વજોએ શીખવેલું કે વૃક્ષોનું જતન કરવું, પણ આપણે પ્રગતિની લાયમાં આવીને વધારે પડતો ઉપયોગ કર્યો.જે વૃક્ષ છેદન કરતાં આવ્યા એનું જતન ન કરીને આપણે મુશ્કેલી વહોરી ગ્લોબલ વોર્મિંગ અને કલાઇમેઇટ ચેઇન્જ, આજે વિધાનસભાનું પણ કલાઇમેઇટ ચેઇન્જ સવારમાં થઇ ગયું. ઠીક છે મારે બધાને જ આ ૨૧મી તારીખની વન દિનની શુભેચ્છા આપવી છે પણ જયાં બેઠા હોય ત્યાં સાંભળે તેમને શુભેચ્છા અને વધારેમાં વધારે વૃક્ષ કેવી રીતે વાવે અને એનું જતન કરે. મારે એક

વન મંત્રી તરીકે અહીંયા બેઠેલા જેટલા લોકો છે એને કહેવું છે કે આપણે આપણા ઘરમાં જયારે કોઇ જન્મ દિવસ ઉજવતા હોય, પરિવારમાં પાંચ લોકો હોય અને વરસમાં પાંચે પાંચનો જન્મ દિવસ આવવાનો છે. કેક ભલે કાપો, મોંઘામાં મોંઘી કેક કાપો એની સાથે એક વૃક્ષ વાવો એની સાથે પરિવારમાં પાંચ વૃક્ષ એક વરસમાં વાવશે એનું જતન કરશે તો આપણે ત્યાં છ કરોડની જનતા છે એ એકજ વરસમાં ૩૦ કરોડ જેટલા આપણે વૃક્ષો વાવી શકીએ અને પાંચ વરસ માટે વાવીએ તો કેટલા વૃક્ષો થાય. એક સમય એવો હતો સુરત શહેરે એકજ દિવસે પાંચ લાખ વૃક્ષો વાવ્યા. એની સામે બનાસકાંઠામાં એકજ જિલ્લામાં એક સમય આવ્યો કે ૧૫ લાખ જેટલા વૃક્ષો વવાયા. પાટણમાં નક્કી કર્યુ એમણે કે અમે ૧૧ લાખ જેટલા વૃક્ષો વાવીશું કારણ કે એક પાકિસ્તાનનો રેકર્ડ હતો પાંચ લાખ ૮૦ હજાર વૃક્ષો ૨૪ કલાકમાં વાવવા એની સામે પાટણ જિલ્લામાં ૧૩ લાખ જેટલા વૃક્ષો વાવીને રેકર્ડ કર્યો. પાકિસ્તાને એક જ જગ્યાએ વાવેલા આપણે આખા જિલ્લામાં વાવેલા છે. લીમ્કા એવોર્ડ આપણને કેમ મળે એના માટે વન વિભાગ પ્રયત્ન કરે છે. આપણે મહેસાણાની વાત કરીએ જીતુભાઇ, ઋષિકેશભાઇના ભાઇ એ ટ્રસ્ટ ચલાવે છે એમણે નક્કી કર્યુ તિરૂપતિ ફાઉન્ડેશને એમ કહ્યું કે અમે ૨૧ લાખ જેટલા વૃક્ષો વાવીશું પણ જીતુભાઇને વૃક્ષો પ્રત્યેની લાગણી છે તમે માનશો નહિ એ વ્યકિત ગામે ગામ જઇને રથ ફેરવીને ૨૧ લાખની જગ્યાએ ૫૧ લાખ જેટલા વૃક્ષો વાવીને એમને માટે એક મંત્રી તરીકે હું અભિનંદન આપું છું. આ રીતે કરીને આટલા બધા લોકો વૃક્ષ વાવે છે ત્યારે આપણે પણ આપણી સામે આવેલા પ્રત્યાઘાતને આપણે કેવી રીતે વધારેમાં વધારે વૃક્ષો વાવીને એનું જતન કરીને કલાઇમેઇટ ચેઇન્જ જેવી પરિસ્થિતિને કેવી રીતે નિવારી શકાય તે રીતે પ્રયત્ન કરીશું

છેલ્લે મારે પર્યાવરણની વાત કરવી છે. વિભાગ, પ્રદૂષણ, જી.પી.સી.બી.ની મારે વાત કરવી છે. ગુજરાતમાં સંયુકત પર્યાવરણ આંતરમાળખું જાહેર ખાનગી ભાગીદારી પદ્ધતિથી સી.ઇ.ટી.પી. ટી.એસ.ડી.પી. અને આવી બીજી સવલતો આપવામાં ગુજરાત રાજય અગ્રેસર છે. ગુજરાત દેશમાં સૌથી વધારે સંખ્યામાં સંયુકત પર્યાવરણ આંતરમાળખું ધરાવે છે. પર્યાવરણ પ્રદૂષણનું નિયંત્રણ કરવા માટે રાજયમાં ઉપલબ્ધ વિવિધ પ્રકારની સંયુકત આંતર માળખાકીય સવલતો આ પ્રમાણે છે. સંયુકત ગંદા પ્રવાહી શુદ્ધિકરણ પ્લાન્ટ હાલમાં ૨૮ જેટલા ચાલુ છે અને બીજા છ પાઇપ લાઇનમાં છે. જોખમી કચરા માટે સંયુકત પ્રક્રિયા સ્થાયીકરણ અને નિકાલની સવલત આઠ સાઇટ પર છે. નકામા જોખમી કન્ટેનરને પ્રદૂષણ મુકત કરવા માટેની સંયુકત સવલત એક છે. સંયુકત જોખમી કચરાનું દહન એટલે કે ભઠ્ઠીની સવલતો પાંચ છે. જોખમી કચરા ડી.એસ., ડી.એફ.ની વ્યકિતગત સવલતો ૧૪ છે. જોખમી કચરાની દહન ભઠ્ઠીની વ્યકિતગત સવલતો ૪૩ જેટલી છે. સંયુકત જૈવિક તબીબી કચરો શુદ્ધિકરણ ૧૩ જેટલી છે. જૈવિક તબીબી કચરા દહન ભઠ્ઠીની વ્યકિતગત ૨૧ જેટલી સવલતો આપવામાં આવી છે અને આમ કરીને જે કંઇ પ્રદૂષણ પર નિયંત્રણ મેળવાના છે એ માટે અમે પ્રયત્ન કરી રહ્યા છીએ. અને જે કોઇ ઉદ્યોગ જે પ્રદૂષણ કરતો હશે એની વધારે પડતી પ્રદૂષણની માત્રા હશે તો એના ઉપર નોટિસ આપીએ છીએ અને કલોઝર પણ આપીએ છીએ અને એવા જે ઉદ્યોગો કેવી રીતે માપમાં રહે પ્રદૂષણ નહિ કરે, વાતાવરણ બગાડે નહિ પર્યાવરણની માત્રા જાળવે એના માટે પ્રયત્ન કરીએ છીએ. પર્યાવરણની સમતુલા જાળવે તેના માટે પણ અમે પ્રયત્ન કરીએ છીએ. ૨૦૧૧-૧૨ની જ મારે વાત કરવી છે. કલમ-૩૩ એ મુજબ ૪૫૫ જેટલી અમે નોટિસ આપી છે તેમાં ૪૯૮ જેટલાને કલોઝર આપ્યું છે. કલમ-૩૧-એ હેઠળ ૩૧૯ જેટલી નોટિસ આપી છે. કલમ-૩૧ હેઠળ કલોઝરના આદેશ આપ્યા છે એટલે ૨૧૪ જેટલાને કલોઝર કર્યા છે. નોટિસ ઓફ ડાયરેકશન આપી હોય તેવા કેસ ૨૯ જેટલા છે. કલમ-૫ હેઠળ ઔદ્યોગિક એકમને બંધ કરવાના આદેશ કર્યા છે તે લગભગ ૫૩ જેટલા છે આમ ૮૦૩ને નોટિસ અને બંધના જે આદેશો આપ્યા છે. ૭૪૫ને કલોઝર આપ્યા છે. આમ કરીને કેવી રીતે પર્યાવરણની સમતુલા જળવાય એના માટે પણ મારો જી.પી.સી.બી. અને પર્યાવરણ વિભાગ કામ કરી રહ્યો છે. કાપ દરખાસ્તની કોઇ વાત નહોતી. પરંતુ આજે જે કંઇ વાત આજે આદિવાસી સમાજની કે વન-પર્યાવરણની વાત હશે એ સરકાર જે કામ કરી રહેલી છે, મેં આગળ કહ્યું તેમ ક્કક્ક ન ભૂતો ન ભવિષ્યતિક્ક આજે જે સરકાર કામ કરી રહેલી છે એ

કાર્યક્રમને કેવી રીતે આગળ વધારીએ, સૌનો સાથ સૌનો વિકાસ. એ રીતે આપણે આગળ વધીએ એ જ અપેક્ષા.

**માગણી ક્રમાંક– ૨૬,૨૭,૯૩, ૯૬ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને વિના વિરોધે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૪–૫૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ સભાપતિશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા.૨૨મી માર્ચ, ૨૦૧૨**
**ચૈત્ર ૨, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

### રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત

**શ્રી * ૩૦૭૨૪ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી)** : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,
(૨) જો હા, ઉકત સ્થિતિએ છેલ્લા બે વરસમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને
(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?
વન મંત્રીશ્રીઃ

(૧) સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી, પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે.
(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વરસમાં રાજકોટ જિલ્લામાં કુલ ૧૮ અરજીઓ મંજૂર કરેલ છે.
(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કુલ રૂપિયા ૪.૭૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

**શ્રી કાંતિલાલ શી. અમૃતિયા :** માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લામાં ૧૮ અરજીઓ મંજૂર કરી છે તો

(આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ ઉભા થઇને નગ્ન તસ્વીર જોનારાને સસ્પેન્ડ કરો સસ્પેન્ડ કરોના સૂત્રોચ્ચાર ચાલુ કર્યા)

મોરબી અને માળિયા તાલુકાની કેટલી છે ? મારો બીજો પ્રશ્ન એ છે કે એક સ્મશાન સગડી પાછળ અંદાજે કેટલો ખર્ચો થાય છે એના માટે કોઇ ખાસ યોજના છે કે કેમ?

શ્રી કિરીટસિંહ જી. રાણા : સ્મશાન સગડી માટે ૩૦ હજાર રૂપિયા ખર્ચ થાય છે. આમાં વન વિભાગમાં કોઇ ખાસ યોજના નથી. પરંતુ સામૂહિક વન નિર્માણ અને ખાસ અંગભૂત કાર્યક્રમ હેઠળ

મૃતકોને બાળવા માટે ઓછો વપરાશ અને ખાસ અંગભૂત યોજના માટે સ્મશાન સગડીઓ બનાવવામાં આવે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે આ સ્મશાન સગડીઓ છે એ કઇ રીતે ફાયદાકારક છે.?

શ્રી કિરીટસિંહ જી. રાણા : સુધારેલ સ્મશાન સગડીમાં મૃતદેહ બાળવામાં આવે તો ૨૦૦ થી ૨૫૦ કિલો લાકડુ વપરાય છે. જે ખુલ્લામાં બાળવાથી ૪૦૦ કિલો વપરાય છે. આ રીતે સુધારેલ સ્મશાન સગડીથી ૪૦ ટકા લાકડાની બચત થાય છે તે ઉપરાંત મૃતદેહ સંપૂર્ણ રીતે બળી જાય છે. (અંતરાય) (સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : સમગ્ર બાબતનો ગઇકાલે નિર્ણય લેવાઇ ગયો છે. તેથી અત્યારે ચર્ચા અસ્થાને છે. આજ વિધાનસભાની સમિતિને તપાસ સોંપાઇ છે એમાં એની સંપૂર્ણ તપાસ થઇ રિપોર્ટ આવશે. (અંતરાય) આપ સૌ બેસી જાવ તેવી મારી સૌને વિનંતી છે. (અંતરાય) પ્લીઝ, આપ સૌ બેસી જાવ. માનનીય સભ્યશ્રી ભરતભાઇ...

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : માનનીય અધ્યક્ષશ્રી, હું વન મંત્રીશ્રીને પૂછવા માગું છું કે.....(અંતરાય) (સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીના સમય સુધી આ સભાગૃહને મુલતવી રાખું છું.

સભાગૃહ બપોરના ૧૨.૦૩ વાગ્યાથી બપોરના ૧–૦૦ વાગ્યા સુધી મુલતવી રહ્યું.

**મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧–૦૦વાગ્યે ફરી મળ્યું.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

સભાગૃહની બેઠક મુલતવી રહેવાના કારણે તારાંકિત યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમઃ ૨ થી ૨૬૨ ન પૂછાવાના કારણે અતારાંકિત ગણવામાં આવ્યા.

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ભાવનગર જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો

૨૯૨૬૫ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા, | (૨) કન્યા– ૧ (એક) અને<br>કુમાર– ૧ (એક) |
| (૩) તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને | (૩) કન્યાઓ ૪૮<br>કુમાર ૫૯ |
| (૪) તે પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૪) ` ૬૭,૨૭,૦૦૦/– |

---------

### તાપી જિલ્લામાં નાયબ ડી.ડી.ઓની ખાલી જગ્યા

૩૦૪૫૨ **શ્રી પુનાભાઇ ઢે. ગામીત( વ્યારા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તાપી જિલ્લામાં તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ નાયબ ડી.ડી.ઓની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૧) નાયબ જિલ્લા વિકાસ અધિકારીની એક જગ્યા તા. ૮–૪–૨૦૧૦થી ખાલી છે. |

(૨) આ ખાલી જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે?

(૨) વહીવટી અનુકૂળતાએ.

---------

**સુરત જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામમાં વીજળી બિલ લેવા બાબત**

૨૯૩૪૯ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૨૦૧૧–૧૨ દરમ્યાન કેટલી ગ્રામ પંચાયતોમાં ઈ–ગ્રામ વિશ્વ ગ્રામ કેન્દ્રો દ્વારા વીજળી બીલ કલેકશન કરવામાં આવે છે.

(૨) કેટલી ગ્રામ પંચાયતોમાં તે રીતે વીજળી બીલ કલેકશન કરવામાં આવતું નથી, અને

(૩) બાકી કેન્દ્રોમાં તે રીતથી વીજળી બીલ કલેકશનની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) (૨) અને (૩) સુરત જિલ્લાની તમામ ૫૬૭ ગ્રામ પંચાયતોમાં લાઇટ બીલ કલેકશન સોફ્ટવેર ઈન્સ્ટોલ કરીને લાઇટબીલ કલેકશનની જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

---------

**ગાંધીનગર જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

૨૯૨૮૨ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા, | (૨) કન્યા– ૧ (એક) અને<br>કુમાર– ૧ (એક) |
| (૩) તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને | (૩) કન્યાઓ ૧૪૪<br>કુમાર ૨૦૦ |
| (૪) તે પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૪) ` ૨,૦૧,૬૩,૩૦૯/– |

---------

**ખેત મજુરી માટે સ્થળાંતર થતા આદિવાસી લોકો માટેની યોજના**

૩૧૮૪૭ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેત મજૂરી માટે પ્રતિ વર્ષ સ્થળાંતરીત થતા આદિવાસી જાતિના ખેત મજૂરોના કલ્યાણ માટે આદિજાતિ વિકાસ વિભાગે ડીસે–૨૦૧૧ની સ્થિતિએ કોઈ યોજના તૈયાર કરી છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેની શી વિગતો છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**વડોદરા જિલ્લામાં સ્વર્ણિમ ગામ જાહેર કરવા બાબત**

૨૯૩૩૧ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વર્ણિમ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા, | (૧) વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન સ્વર્ણિમ ગ્રામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન વડોદરા જિલ્લાના ૧૬ ગામોને ‘‘સ્વર્ણિમ ગ્રામ’’ તરીકે જાહેર કરવામાં આવેલ છે. |
| (૨) આ પૈકી કેટલા ગામોને અનુદાનની રકમ આપવામાં આવી, અને | (૨) સ્વર્ણિમ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ગામોને જરૂરિયાત મુજબ અનુદાનની રકમ આપવામાં આવેલ છે. |

આ ઉપરાંત, સ્વર્ણિમ ગ્રામ તરીકે જાહેર કરવામાં આવેલ આ તમામ ૧૬ ગામોને રોકડ પુરસ્કાર તરીકે પુરસ્કારની રકમ પણ આપવામાં આવેલ છે.

(૩) બાકી ગામોને અનુદાનની રકમ ક્યાં સુધી ચૂકવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વલસાડ અને નવસારી જિલ્લામાં વનાધિકાર કાયદા નીચે જમીનની સનદો**

૩૦૭૨૦ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ અને નવસારી જિલ્લામાં તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ ત્રણ વર્ષમાં વન અધિકાર કાયદા હેઠળ કેટલી જમીનની સનદો આપવામાં આવી? | વન અધિકાર ધારો–૨૦૦૬ હેઠળ જંગલ જમીન માન્ય કરવા અંગેના અધિકારપત્ર આપવામાં આવે છે. આ ધારા હેઠળ સનદ આપવાની જોગવાઈ નથી.<br>વલસાડ જિલ્લામાં ૩૮૭૫ અને નવસારી જિલ્લામાં ૧૯૪૪ અરજદારોને અધિકારપત્ર આપવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં ડેરી વિકાસ યોજના**

૨૯૩૧૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ગરીબ આદિવાસી કુટુંબોને ગરીબી રેખાથી બહાર લાવવાના હેતુથી ડેરી વિકાસ યોજનાનો અમલ કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં કયા કયા પ્રકારની સવલતો લાભાર્થીઓને આપવામાં આવે છે, | (૨) દુધાળા પશુ ખરીદી, કેટલ શેડ, ઘાસચારા કીટ, પશુ ચિકિત્સા તથા રસીકરણ, કૃમિનાશક દવાઓ દાણ ઘાસ કાપવાનો સુડો, પશુપાલન અંગેની તાલીમ, દુધમંડળીને ઓટોમેટીક મિલ્ક કલેકશન યુનીટ વગેરે સહાય આપવામાં આવે છે. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૩) ૪૦૩૭. |
| (૪) લાભાર્થી દીઠ આવકમાં કોઈ વધારો જોવા મળેલ છે? | (૪) હા, જી. |

---------

**તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના ધોરણ–૧ થી ૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દુધ સંજીવની યોજનાનો લાભ**

૨૯૩૬૮ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ–વાંસદા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં વનબંધુ કલ્યાણ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના ધોરણ ૧ થી ૭ના પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને દૂધ સંજીવની યોજનાનો લાભ આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં કેટલા બાળકોને લાભ આપવામાં આવેલ છે. | (૨) ૨૨,૬૯,૦૨૦ |
| (૩) આ યોજનાથી બાળકોમાં કયા પ્રકારના સુધારા જોવા મળેલ છે, અને | (૩) બાળકોની નિયમિત હાજરી, તંદુરસ્તીમાં વધારો, અભ્યાસના સાતત્યમાં સુધારો. |

(૪) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૪) ` ૨૧૧.૯૫ લાખ.

---------

**અમદાવાદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

૨૯૨૮૦ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે, | (૧) ૨ (બે) |
| (૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા, | (૨) કન્યા-૧ અને કુમાર-૧ |
| (૩) તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને | (૩) કન્યાઓ - ૧૮૩<br>કુમાર - ૧૮૭ |
| (૪) તે પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૪) ` ૨,૪૯,૭૮,૭૩૦/- |

---------

**આણંદ જિલ્લામાં નિર્મળ ગ્રામ જાહેર કરેલ ગામો**

૨૯૯૧૪ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કેટલા ગામો વર્ષવાર નિર્મળ ગ્રામ જાહેર કરવામાં આવ્યા, | (૧) આ અંગેની વિગતો પરિશિષ્ટ-૧માં આપેલ છે. |
| (૨) નિર્મળ ગ્રામ જાહેર કરેલ ગામોને તાલુકાવાર, વર્ષવાર વિકાસ કામો માટે કેટલા નાણાં ફાળવવામાં આવ્યા, | (૨) આ અંગેની વિગતો પરિશિષ્ટ-૩માં આપેલ છે. |
| (૩) કેટલા ગામ તાલુકાવાર નિર્મળ ગ્રામ જાહેર કરવાના બાકી છે, અને | (૩) આ અંગેની વિગતો પરિશિષ્ટ-૨માં આપેલ છે. |
| (૪) બાકી રહેલ ગામોને નિર્મળ ગ્રામ બનાવવાનું સરકારનું શું આયોજન છે ? | (૪) બાકી રહેલ ગામોને નિર્મળ ગામ બનાવવા માટે સરકાર દ્વારા ગ્રામ પંચાયત તેમજ લાભાર્થીઓને યોજનાનુસાર આર્થિક અને તાંત્રિક મદદ આપવાનું આયોજન છે. |

**પરિશિષ્ટ-૧**

| તાલુકાનું નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|---|
| આણંદ | ૦ | ૩ | ૦ |
| ઉમરેઠ | ૦ | ૦ | ૦ |
| બોરસદ | ૦ | ૦ | ૦ |
| આંકલાવ | ૦ | ૦ | ૦ |
| પેટલાદ | ૦ | ૦ | ૦ |
| સોજીત્રા | ૦ | ૦ | ૦ |
| ખંભાત | ૦ | ૪ | ૦ |
| તારાપુર | ૦ | ૦ | ૦ |
| **કુલ :** | **૦** | **૭** | **૦** |

**પરિશિષ્ટ-૨**

**(રૂા. લાખમાં)**

| તાલુકો | ગામનું નામ | વર્ષ | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
| આણંદ | જીટોડીયા | ૮.૭૪ | ૧૩.૩૧ | ૧૬.૬૭ |
| | મેઘવાગાના | ૦.૦૦ | ૪.૨૩ | ૫.૬૦ |
| | મોગરી | ૧.૯૯ | ૧૨.૭૩ | ૧૯.૫૩ |
| ખંભાત | જલુંધ | ૨.૫૪ | ૬.૧૫ | ૬.૪૮ |
| | ખડોધી | ૧.૯૭ | ૪.૧૧ | ૪.૫૪ |
| | નવાગામબારા | ૪.૦૮ | ૬.૩૮ | ૧૨.૭૫ |
| | રાલજ | ૫.૯૭ | ૧૧.૩૧ | ૭.૫૯ |

| | | | | |
|---|---|---|---|---|
| કુલ :– | | ૨૫.૨૯ | ૫૮.૨૨ | ૭૩.૧૬ |

**પરિશિષ્ટ–૩**

| તાલુકાનું નામ | બાકી ગામોની સંખ્યા |
|---|---|
| આણંદ | ૩૪ |
| ઉમરેઠ | ૩૪ |
| બોરસદ | ૬૧ |
| આંકલાવ | ૨૯ |
| પેટલાદ | ૪૬ |
| સોજીત્રા | ૨૦ |
| ખંભાત | ૪૦ |
| તારાપુર | ૩૬ |
| **કુલ :–** | **૩૦૦** |

---------

## બનાસકાંઠા જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના

૨૯૩૦૫ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરીઝમ વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવ્યા, અને

(૩) તે પાછળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં
તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્યના વિકાસની યોજના તળે ઈકો ટુરીઝમની કામગીરી લેવામાં આવે છે.

(૨) આ યોજનામાં જિલ્લાના જેસોર વન્યજીવ અભયારણ્ય અને બાલારામ–અંબાજી વન્યજીવ અભયારણ્ય તેમજ માંગલ્યવન અંબાજી સ્થળો પસંદ કરવામાં આવેલ છે.

(૩) આ સ્થળોના વ્યવસ્થાપન માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| સ્થળ | ૨૦૧૦–૧૧ (રૂ઼ા. લાખમાં) | ૨૦૧૧–૧૨ (રૂ઼ા. લાખમાં) |
|---|---|---|
| ૧. જેસોર | ૨૨.૩૦ | ૧૨.૦૯ |
| ૨. બાલારામ | ૧૧.૪૦ | ૧૦.૯૩ |
| ૩. માંગલ્ય વન | – | ૬.૦૦ |

---------

## વડોદરા જિલ્લામાં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત

૨૯૩૪૦ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩)બાકી ગામોને આ રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન વડોદરા જિલ્લાના ૧૯૨ ગામોને સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ આ તમામ ૧૯૨ ગામોને રોકડ પુરસ્કાર તરીકે પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**અમીરગઢ તાલુકામાં ઈકો ટુરીઝમની યોજનાનો અમલ**

૨૯૨૯૩ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ તાલુકામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે,

(૨) જો હા, તો આ યોજનામાં અમરીગઢ તાલુકાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં
તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્યના વિકાસની યોજના તળે ઈકો ટુરીઝમની કામગીરી લેવામાં આવે છે.

(૨) અમીરગઢ તાલુકામાં જેસોર વન્યજીવ અભયારણ્યને પ્રવાસન સ્થળ તરીકે પસંદ કરવામાં આવેલ છે.

(૩) આ સ્થળના વ્યવસ્થાપન માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.

| સ્થળ | ૨૦૧૦–૧૧ (રૂા. લાખમાં) | ૨૦૧૧–૧૨ (રૂા. લાખમાં) |
|---|---|---|
| ૧. જેસોર | ૨૨.૩૦ | ૧૨.૦૯ |

---------

**રાપર તાલુકામાં અછત રાહતના સમયમાં કામની સામે અનાજ પુરૂ પાડવાનું બાકી હોવા બાબત**

૩૧૭૭૧ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં રાપર તાલુકામાં શ્રમજીવીઓના કામ સામે અનાજ આપવા સબબે શ્રમજીવીના પ્રતિદીન પાંચ કિલો ઘઉં પેટે દશ રૂપિયા ૨૦૦૨–૨૦૦૩ ના અછત રાહતના કામો અન્વયે જમા રાખેલ (કાપી લીધેલ) તે સામે શ્રમજીવીઓને તમામ જથ્થો આપવામાં આવેલ નથી તે હકીકત સાચી છે,

(૨) નાગરિક પુરવઠા નિગમ દ્વારા શ્રમજીવીઓને નિયમ અનુસાર આપવાનો જથ્થો પરિવહન ઠેકેદાર કે વ્યાજબી ભાવના દુકાનદારો દ્વારા સગેવગે કરવા કે બારોબાર વેચવા અંગે ફરિયાદ ક્યારે કોના દ્વારા કયા પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી, અને

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બાકી જથ્થો રાહત કામના શ્રમજીવીઓને ક્યારે મળશે ?

**જવાબ**

(૧) રાહત કામ ઉપરના શ્રમજીવીઓના કામ સામે અનાજ આપવાની યોજનામાં વર્ષ ૨૦૦૨–૨૦૦૩માં પ્રતિદીન ૫ કિલો અનાજ આપવા માટે રાપર તાલુકામાં ૪૫૧૯ મે.ટન ઘઉંનો જથ્થો ફાળવવામાં આવેલ હતો.

શ્રમજીવીઓને અનાજ વિતરણમાં જે તે સમયે ગેરરીતિ થયેલ તે અન્વયે જવાબદારો સામે કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

બાકી રહી ગયેલ શ્રમજીવીઓને અનાજ વિતરણ કરવા કલેક્ટરશ્રી કચ્છના તા. ૨૪–૧–૨૦૦૫ના પત્રથી માંગણી મુજબ વધારાના ૫૦૦ મે.ટન ઘઉંનો જથ્થો વિતરણમાં મુકવામાં આવેલ હતો.

(૨) પરિવહન ઠેકેદાર એસ. કુમાર ટ્રાન્સપોર્ટ તથા લેબર કોન્ટ્રાક્ટર શ્રી સનત ઠક્કર, તથા શ્રી દાનુભા વાઘેલા સામે રાપર પોલીસ સ્ટેશનમાં મામલતદારશ્રી રાપરે તા. ૧–૪–૦૫થી ફરીયાદ આપેલ છે. ગેરરીતિમાં સંડોવાયેલા વ્યાજબી ભાવની દુકાનના સંચાલકો સામે મામલતદારશ્રી રાપરે રાપર પોલીસ સ્ટેશનમાં તા. ૨૬–૭–૦૪ના રોજ એફ.આઇ.આર. ૬૦/૨૦૦૪ તથા ૭૪/૨૦૦૪ અને તા. ૨૨/૧૨/૦૪ના રોજ એફ.આઇ.આર. ૧૨૯/૦૪ થી પોલીસ ફરીયાદ દાખલ કરેલ છે.

(૩) વર્ષ ૨૦૦૨–૨૦૦૩ના વર્ષમાં શ્રમજીવીઓ માટે જરૂરીયાત મુજબ અનાજનો જથ્થો ખંડ (૧) ની વિગત મુજબ જે તે સમયે વિતરણમાં મુકવામાં આવેલ છે. તેમ છતાં માંગણી થયેથી જથ્થો વિતરણમાં મુકવામાં આવશે.

**જુનાગઢ જિલ્લામાં ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ.કનેક્ટીવીટીની સગવડતાઓ**

૨૯૪૦૯ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી ગ્રામપંચાયતોને બ્રોડબેન્ડ ઈ–કનેક્ટીવીટીની સગવડ આપવામાં આવી, અને

(૨) આ અંગે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો નાણાંકીય ફાળો કેટલો છે ?

**જવાબ**

(૧) જુનાગઢ જિલ્લાની કુલ ૮૨૧ ગ્રામ પંચાયતો છે. જે પૈકી ૮૨૧ ગ્રામ પંચાયતોને બ્રોડબેન્ડ ઈ–કનેક્ટીવીટીથી જોડવામાં આવેલ છે. તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગ્રામ પંચાયતોની સંખ્યા | બ્રોડબેન્ડ ઈ–કનેક્ટીવીટી પુરી પાડેલ ગ્રામ પંચાયતોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | માણાવદર | ૫૫ | ૫૫ |
| ૨ | વંથલી | ૪૬ | ૪૬ |
| ૩ | જુનાગઢ | ૫૮ | ૫૮ |
| ૪ | ભેંસાણ | ૩૭ | ૩૭ |
| ૫ | વિસાવદર | ૭૭ | ૭૭ |
| ૬ | મેંદરડા | ૩૯ | ૩૯ |
| ૭ | કેશોદ | ૫૩ | ૫૩ |
| ૮ | માંગરોળ | ૬૦ | ૬૦ |
| ૯ | માળીયા હાટીના | ૬૪ | ૬૪ |
| ૧૦ | તાલાળા | ૪૭ | ૪૭ |
| ૧૧ | વેરાવળ | ૫૩ | ૫૩ |
| ૧૨ | સુત્રાપાડા | ૪૭ | ૪૭ |
| ૧૩ | કોડીનાર | ૫૪ | ૫૪ |
| ૧૪ | ઉના | ૧૩૧ | ૧૩૧ |
| | કુલ | ૮૨૧ | ૮૨૧ |

(૨) ૧૦૦ ટકા રાજ્ય સરકારનો ફાળો છે.

---------

**લુણાવાડા તાલુકાના ચારણગામ ગૃપ ગ્રામ પંચાયતમાં ઈન્દિરા આવાસોની ફાળવણી**

૨૯૪૨૬ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના ચારણગામ (નમનાર) ગૃપ ગ્રામ પંચાયતમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા ઈન્દિરા આવાસ ફાળવવામાં આવ્યા છે,

(૨) આ આવાસો પૂર્ણ થયા છે કે કેમ, અને

(૩) ઈન્દિરા આવાસના નાણાં કેટલી વ્યક્તિઓને કેટલા ચૂકવવામાં આવ્યા છે ?

**જવાબ**

(૧) ૧૦ આવાસ ફાળવવામાં આવેલ છે.

(૨) ૬ આવાસો પૂર્ણ થયેલ છે અને ૪ આવાસો પ્રગતિ હેઠળ છે.

(૩) ૧૦ વ્યક્તિઓને કુલ ` ૩.૫૮ લાખ ચૂકવવામાં આવેલ છે.

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ટોટલ સેનિટેશન કાર્યક્રમમાં બી.પી.એલ. લાભાર્થીઓ માટે શૌચાલયો બનાવવા**

૨૯૨૩૯ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ટોટલ સેનીટેશન કાર્યક્રમ હેઠળ કેટલા બી.પી.એલ. લાભાર્થીઓ માટે શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા

**જવાબ**

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં ૧૪.૬૭૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ૩,૯૮૯ બી.પી.એલ. લાભાર્થીઓ માટે ટોટલ સેનિટેશન કાર્યક્રમ હેઠળ શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા.

(૨) જે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ મંજૂર

શૌચાલયોનું કામ પૂર્ણ થયેલ છે, | કરેલ તમામ બી.પી.એલ. લાભાર્થીઓ માટેના શૌચાલયોનું કામ પૂર્ણ કરેલ છે.

(૩) કેટલા બાકી છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બાકી કામ તે ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કેન્દ્ર સરકારે વાજબી ભાવની દુકાનો માટે ફાળવેલ અનાજનો જથ્થો**

૨૯૭૯૩ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી વાજબી ભાવની દુકાનો માટે વ્યાજબી ભાવના દરે અનાજ આપવા અન્વયે વર્ષવાર કેટલો જથ્થો રાજ્ય સરકારને ફાળવ્યો, અને | (૧) વર્ષ ૨૦૧૦માં ૧૮,૯૩,૪૫૪ મે. ટન અને વર્ષ ૨૦૧૧માં ૨૧,૫૭,૫૯૪ મે.ટન અનાજનો જથ્થો રાજ્ય સરકારને ફાળવવામાં આવેલ છે. |
| (૨) ફાળવેલ અનાજ પ્રત્યે રાજ્ય સરકારે વર્ષવાર કેટલો ઉપાડ કર્યો ? | (૨) ફાળવેલ અનાજ પૈકી રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૦માં ૧૫,૦૯,૭૫૬ મે.ટન અને વર્ષ ૨૦૧૧માં ૧૫,૬૦,૧૬૩ મે.ટન અનાજના જથ્થાનો ઉપાડ કર્યો છે. |

**અમદાવાદ જિલ્લામાં બી.પી.એલ પરિવારોને મફત પ્લોટ આપવા બાબત**

૨૯૩૯૭ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બી.પી.એલ. પરિવારોને કેટલા મફત પ્લોટ આપવામાં આવ્યા, અને | (૧) ૬૯૭૨. |
| (૨) તે અન્વયે કેટલા લાભાર્થીઓને ઉક્ત સ્થિતિએ પ્લોટ આપવાના બાકી છે ? | (૨) ૨૭૫. |

**સરવે અને તાલીમ યોજનામાં ફાળવેલ રકમમાંથી ગરીબ કલ્યાણ મેળામાં થયેલ ખર્ચ**

૨૯૪૧૧ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સને ૨૦૧૦-૧૧ના અંદાજપત્રમાં પંચાયત વિભાગ હસ્તકની સરવે અને તાલીમ અંગેની યોજના હેઠળ કેટલી રકમ ફાળવવામાં આવી હતી, | (૧) ` ૨૪.૦૦ કરોડ |
| (૨) આ રકમ ગરીબ કલ્યાણ મેળાના ખર્ચ માટે કરવામાં આવી છે તે હકિકત સાચી છે, અને | (૨) હા, ગરીબ કલ્યાણ મેળા માટે પુરેપુરી રકમ નહીં પરંતુ ` ૧૮,૩૧,૬૪,૪૭૦.૦૦ ની રકમ ખર્ચ કરવામાં આવેલ છે. |
| (૩) જો હા, તો તેના કારણો શા છે ? | (૩) ગરીબ કલ્યાણ મેળામાં આવેલ લાભાર્થીઓને પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ કરાવવા. |

---------

**જૂનાગઢ જિલ્લામાં ઈંદિરા આવાસને મંજૂરી બાબત**

૨૯૨૫૭ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.—

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૨૦૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા, | (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૯૬ અને ૨૦૧૧-૨૦૧૨માં ૧૧૩૪ એમ કુલ ૧૨૩૦ ઈન્દિરા આવાસો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ મંજૂર કરવામાં આવ્યા, |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા આવાસ બાંધવામાં આવ્યા, | (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ૧૫૫ આવાસો બાંધવામાં આવ્યા, |
| (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ ` ૨૮૪.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

(૪) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) ઈન્દિરા આવાસ યોજનાની ગાઈડ લાઈન મુજબ ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોના બાંધકામ કરવાના હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

---------

## રાજકોટ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં મંજૂર થયેલ જગ્યાઓ

૩૦૬૫૫ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–૧) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ માટે બેન્ચ મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ બેન્ચમાં પ્રમુખ અને સભ્યોની કેટલી જગ્યાઓ મંજુર થઈ છે,

(૩) તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

**જવાબ**

(૧) રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ માટે બેન્ચ મંજૂર થયેલ નથી. પરંતુ બે જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ મંજુર થયેલ છે અને કાર્યરત છે. (૧) રાજકોટ (મુખ્ય) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને (૨) રાજકોટ (એડીશનલ) ગ્રાહક તકરાર નિવારણ ફોરમ.

(૨) ઉપરોક્ત બન્ને ફોરમોમાં નીચે મુજબ પ્રમુખશ્રી અને સભ્યશ્રીઓની જગ્યાઓ મંજુર થયેલ છે.

| ફોરમનું નામ | પ્રમુખ | સભ્યશ્રી |
|---|---|---|
| રાજકોટ (મુખ્ય) | ૦૧ | ૦૨ |
| રાજકોટ (એડીશનલ) | ૦૧ | ૦૨ |
| **કુલ** | **૦૨** | **૦૪** |

(૩)

| ફોરમનું નામ | ભરાયેલ જગ્યા | | ખાલી જગ્યા | |
|---|---|---|---|---|
| | પ્રમુખશ્રી | સભ્યશ્રી | પ્રમુખશ્રી | સભ્યશ્રી |
| રાજકોટ (મુખ્ય) | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| રાજકોટ (એડીશનલ) | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૨ |
| **કુલ** | **૦૨** | **૦૨** | **૦૦** | **૦૨** |

(૪) તા.૨૧–૨–૨૦૧૨ની અધિસૂચનાથી રાજકોટ (એડી.) ગ્રાહક તકરાર નિવારણ ફોરમના સભ્યોની બે ખાલી જગ્યા માટે નિમણૂંકના હુકમો કરવામાં આવેલ છે.

---------

## અમરેલી જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

૩૧૭૬૬ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ બારકોડેડ રેશન કાર્ડની કામગીરી ક્યારથી શરૂ કરવામાં આવી,

(૨) આ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે કે નહીં,

(૩) આ અન્વયે કોઈ અરજદારને અલગ રેશનકાર્ડની જરૂરિયાત હોય તો તેના માટે શી વ્યવસ્થા છે ?

**જવાબ**

(૧) હયાત જુના રેશનકાર્ડ સામે નવા બારકોડેડ રેશન કાર્ડના ફોર્મ ભરવાની કામગીરી જુન–૨૦૧૦થી શરૂ કરવામાં આવી.

(૨) ફોર્મ ભરવાની કામગીરી પૂર્ણ થતાં નવા બારકોડેડ રેશનકાર્ડની ડેટા એન્ટ્રીની કામગીરી શરૂ કરવામાં આવેલ હતી. જે કામગીરી પૂર્ણ થયેલ છે. હવે બાયોમેટ્રીક વિગતો મેળવી બારકોડેડ રેશનકાર્ડ વિતરણ કરવાની કામગીરી ચાલુમાં છે.

(૩) કોઈ અરજદારને અલગ રેશનકાર્ડની જરૂરીયાત હોય તે માટે નીચે મુજબ વ્યવસ્થા કરેલ છે.
તા. ૦૫–૦૮–૧૦ના ઠરાવથી તદ્દન નવા રેશનકાર્ડ માટે ફોર્મ નં.–૨, અને કાર્ડ વિભાજન દ્વારા નવું કાર્ડ મેળવવા

ફોર્મ નં.–૫ માં જરૂરી આધાર પુરાવા સાથે અરજી કરવાની રહે છે.

**અમદાવાદ જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજનાનો અમલ**

૨૯૨૭૬ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે.

(૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) રાજય કક્ષાની રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યના વિકાસની યોજના તળે ઈકો ટુરીઝમની કામગીરી લેવામાં આવે છે.

(૨) આ યોજનામાં નળ સરોવર સ્થળ પસંદ કરવામાં આવેલ છે.

(૩) નળ સરોવર ખાતે રાજય યોજના સદરે વર્ષ ૨૦૧૦–૧૧માં ` ૪.૯૩ લાખ અને ૨૦૧૧–૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૧૦.૦૦ લાખનો ખર્ચ થયેલ છે તેમજ કલેકટરશ્રી અમદાવાદ તરફથી પ્રવાસન અંગેની ગ્રાન્ટ સને ૨૦૧૧–૧૨ ના વર્ષમાં ` ૧૦૫.૬૬ લાખ ફાળવેલ છે, જેમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ` ૩૨.૬૧ લાખનો ખર્ચ થયેલ છે.

**સાબરકાંઠા જિલ્લામાં નોર્મલ ફોરેસ્ટ અને સામાજિક વનીકરણમાં રોપા રોપવા બાબત**

૩૧૮૫૪ **ર્ડા. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર નોર્મલ ફોરેસ્ટ અને સામાજિક વનીકરણ દ્ધારા કેટલા રોપાઓ રોપવામાં આવ્યા, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અને તાલુકાવાર નોર્મલ ફોરેસ્ટ અને સામાજિક વનીકરણ દ્ધારા કુલ ૨૧૧.૭૦ લાખ રોપાઓ રોપવામાં આવ્યા.

| અ.નં. | તાલુકાનું નામ | વાવેતર કરેલ રોપા (લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ |
| ૧ | હિંમતનગર | ૫.૯૪ | ૪.૭૧ | ૫.૫૫ |
| ૨ | ઈડર | ૩.૨૮ | ૪.૪૪ | ૩.૬૫ |
| ૩ | વડાલી | ૪.૨૪ | ૨.૮૨ | ૨.૮૨ |
| ૪ | પ્રાંતિજ | ૧.૨૯ | ૦.૮૦ | ૧.૧૧ |
| ૫ | તલોદ | ૦.૯૮ | ૦.૪૯ | ૧.૦૭ |
| ૬ | મોડાસા | ૪.૦૫ | ૬.૬૫ | ૪.૨૧ |
| ૭ | ધનસુરા | ૧.૧૦ | ૦.૭૭ | ૧.૧૧ |
| ૮ | બાયડ | ૧.૦૫ | ૦.૭૩ | ૧.૧૪ |
| ૯ | માલપુર | ૪.૬૬ | ૩.૯૯ | ૪.૭૧ |
| ૧૦ | મેઘરજ | ૫.૪૦ | ૯.૨૯ | ૬.૮૩ |
| ૧૧ | ભિલોડા | ૯.૫૨ | ૧૨.૯૪ | ૧૦.૦૧ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૧૬.૧૮ | ૧૩.૮૨ | ૧૪.૧૧ |
| ૧૩ | વિજયનગર | ૧૪.૩૪ | ૧૩.૧૩ | ૮.૭૭ |
| | **કુલ** | **૭૨.૦૩** | **૭૪.૫૮** | **૬૫.૦૯** |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર કેટલા રોપાઓ જીવીત છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર અને વર્ષવાર ૧૬૯.૦૫ લાખ રોપાઓ જીવીત છે.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **જીવંત રોપા (લાખમાં)** | | |
|---|---|---|---|---|
| | | **૨૦૦૯–૧૦** | **૨૦૧૦–૧૧** | **૨૦૧૧–૧૨** |
| ૧ | હિંમતનગર | ૪.૪૨ | ૪.૦૪ | ૪.૬૮ |
| ૨ | ઈડર | ૨.૩૧ | ૩.૫૮ | ૩.૨૪ |
| ૩ | વડાલી | ૩.૧૩ | ૨.૩૦ | ૨.૪૮ |
| ૪ | પ્રાંતિજ | ૦.૮૮ | ૦.૬૨ | ૦.૯૭ |
| ૫ | તલોદ | ૦.૬૪ | ૦.૩૭ | ૦.૯૩ |
| ૬ | મોડાસા | ૨.૯૬ | ૫.૮૩ | ૩.૬૨ |
| ૭ | ધનસુરા | ૦.૭૨ | ૦.૬૦ | ૦.૯૭ |
| ૮ | બાયડ | ૦.૫૯ | ૦.૩૭ | ૦.૩૫ |
| ૯ | માલપુર | ૩.૪૧ | ૩.૫૮ | ૩.૮૭ |
| ૧૦ | મેઘરજ | ૩.૯૫ | ૮.૧૮ | ૬.૦૨ |
| ૧૧ | ભિલોડા | ૭.૧૬ | ૧૧.૪૬ | ૮.૭૯ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૧૧.૦૬ | ૧૦.૬૭ | ૧૧.૩૨ |
| ૧૩ | વિજયનગર | ૧૦.૬૩ | ૧૦.૭૫ | ૭.૬૦ |
| | **કુલ** | **૫૧.૮૬** | **૬૨.૩૫** | **૫૪.૮૪** |

(૩) એની પાછળ વર્ષવાર અને તાલુકાવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) એની પાછળ વર્ષવાર અને તાલુકાવાર ` ૪૨૭૨.૭૫ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

| **અ.નં.** | **તાલુકાનું નામ** | **વાવેતરનો ખર્ચ (` લાખમાં)** | | |
|---|---|---|---|---|
| | | **૨૦૦૯–૧૦** | **૨૦૧૦–૧૧** | **૨૦૧૧–૧૨** |
| ૧ | હિંમતનગર | ૧૫૭.૭૦ | ૧૪૧.૨૯ | ૧૩૪.૩૪ |
| ૨ | ઈડર | ૬૦.૩૯ | ૬૭.૪૪ | ૫૩.૯૦ |
| ૩ | વડાલી | ૫૭.૮૮ | ૬૧.૨૪ | ૪૩.૪૧ |
| ૪ | પ્રાંતિજ | ૪૧.૯૪ | ૨૯.૦૦ | ૨૯.૧૩ |
| ૫ | તલોદ | ૩૨.૮૪ | ૧૫.૩૯ | ૨૮.૧૦ |
| ૬ | મોડાસા | ૧૨૨.૭૪ | ૧૨૮.૪૮ | ૯૦.૫૦ |
| ૭ | ધનસુરા | ૩૩.૨૩ | ૨૩.૫૬ | ૨૯.૮૨ |
| ૮ | બાયડ | ૩૪.૩૦ | ૨૨.૭૮ | ૩૦.૦૫ |
| ૯ | માલપુર | ૧૩૨.૧૮ | ૧૪૫.૪૩ | ૭૫.૧૪ |
| ૧૦ | મેઘરજ | ૨૩૫.૨૦ | ૨૨૦.૩૯ | ૧૫૧.૪૦ |
| ૧૧ | ભિલોડા | ૨૭૧.૪૮ | ૨૪૯.૭૬ | ૨૦૦.૨૦ |
| ૧૨ | ખેડબ્રહ્મા | ૧૭૬.૦૯ | ૨૨૨.૪૮ | ૧૫૮.૪૫ |
| ૧૩ | વિજયનગર | ૨૪૧.૭૩ | ૨૦૧.૬૩ | ૧૨૧.૭૪ |
| | **કુલ** | **૧૫૯૭.૭૦** | **૧૫૨૮.૮૭** | **૧૧૪૬.૧૮** |

## વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮ માં ભણતી કન્યાઓને સાયકલ આપવા બાબત

૨૯૩૩૭ **શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં વિદ્યાસાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ માં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ જિલ્લાની કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૨૧૫૪. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ` ૪૯.૦૦ લાખ |

**પાટણ જિલ્લામાં કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર**

૨૯૨૯૦ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય ગ્રામ પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માં કેન્દ્ર સરકાર દ્વારા કેટલી ગ્રામ પંચાયતોને નિર્મળ ગ્રામ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે, અને

(૨) કેટલી રકમ અનુદાન તરીકે મંજૂર કરવામાં આવી, અને આ રકમ ક્યારે મળશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૪ ગ્રામ પંચાયતોને અને વર્ષ ૨૦૧૧–૧૨ દરમ્યાન ૧૭ ગ્રામ પંચાતોને નિર્મળ પુરસ્કાર આપવા માટે નક્કી કરવામાં આવેલ છે.

(૨) નિર્મળ ગ્રામ પુરસ્કાર માટે પસંદગી પામેલ ગ્રામ પંચાયતોને અનુદાન નહીં પરંતુ પુરસ્કારની રકમ કુલ ` ૩૨.૦૦ લાખ મંજૂર કરવામાં આવેલ છે. રાજયમાં યોજાનાર પુરસ્કાર વિતરણ સમારોહ દરમ્યાન પુરસ્કારની રકમ નિયત કરાવેલ ધોરણોનુસાર આપવામાં આવશે.

**પાટણ જિલ્લામાં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૯૨૮૭ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) પાટણ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૨૦૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ કેટલા ગામોને સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૨) આ ગામો પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૩) બાકી ગામોને રકમ કયાં સુધીમાં ચૂકવવામાં આવશે ?

**જવાબ**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં આ યોજના ન હતી, જ્યારે વર્ષ ૨૦૧૧–૨૦૧૨ માં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય, વર્ષ ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન પાટણ જિલ્લાના ૧૭૭ ગામો સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) સ્વચ્છ ગામ સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૭૭ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જામનગર જિલ્લામાં મહિલા જુથોની રચના**

૨૯૨૫૨ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧માં કેટલા મહિલા જુથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે,

(૩) કોઈ જુથોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને

(૪) જો હા, તો તેમને તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કુલ ૫૪૪૦ અને વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૫૨૪ મહિલા જુથોની રચના થઈ,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કુલ ૪૧૭૩ જ્યારે વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૧૩૩૩ મહિલા જુથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) હા, જી.

(૪) માર્ચ–૨૦૧૦૨ સુધીમાં ચુકવાવમાં આવશે.

**ભાવનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૨૯૨૭૦ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૧ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેટલા કેસો પડતર હતાં,

(૨) તા. ૧–૧–૨૦૧૧ થી તા. ૩૧–૧૨–૨૦૧૧

**જવાબ**

(૧) ૧૪૭.

(૨)

સુધીમાં કેટલા કેસો નવા દાખલ થતાં કુલ કેટલા કેસો થયા,

| | |
|---|---|
| તા. ૧-૧-૨૦૧૧ ના કેસો | ૧૪૭ |
| તા.૧-૧-૨૦૧૧ થી તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં દાખલ થયેલ કેસો | ૩૦૪ |
| **કુલ** | **૪૫૧** |

(૩) તે પૈકી તા. તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા કેસોનો નિકાલ થયો, અને

(૩) ૨૬૦.

(૪) કેટલા બાકી છે ?

(૪) ૧૯૧.

**અમદાવાદ શહેર અને જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોની સંખ્યા**

૨૯૪૨૧ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની કેટલી સંખ્યા છે, અને

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં બી.પી.એલ. યાદીમાંથી વર્ષવાર કેટલા નામો રદ કરવામાં આવ્યાં ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારોની સંખ્યા નીચે મુજબ છે.
૦ થી ૧૬ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા - ૮૬,૧૫૫
૧૭ થી ૨૦ ગુણાંકવાળા પરિવારોની સંખ્યા - ૭૩,૧૦૭

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં બી.પી.એલ. યાદીમાંથી કોઈ જ નામો રદ કરવામાં આવેલ નથી.

**કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીનના જથ્થામાં કાપ**

૩૦૬૪૫ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યને મળતા કેરોસીનના જથ્થામાં કેટલો કાપ મુકાયો, અને

(૨) તેના અનુસંધાને રાજ્ય દ્વારા કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ ? અને

(૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

**જવાબ**

(૧) કેન્દ્ર સરકાર દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યને મળતા કેરોસીનના જથ્થામાં માહે જુન-૧૧ થી માસિક ધોરણે ૨૪,૬૯૦ કિલોલીટર નો કેરોસીનના જથ્થામાં કાપ મુકેલ છે.

(૨) હા, જી. રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને તા. ૧-૬-૨૦૧૧, તા. ૨૦-૬-૨૦૧૧, તા. ૧૫-૯-૨૦૧૧ તથા તા. ૧૪-૨-૨૦૧૨ના પત્રોથી દરખાસ્ત કરેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**301/p a g e > પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી આપવા બાબત**

૩૦૭૨૮ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બળતણના બચાવ સારૂ પોરબંદર જિલ્લામાં ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. પોરબંદર જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર જિલ્લામાં કુલ ૧૨ અરજીઓ મંજૂર કરેલ છે.

(૩) તે પાછળ તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કુલ ` ૩.૩૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

તા.૨૨મી માર્ચ, ૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિની ધોરણ –૮માં ભણતી કન્યાઓને સાયકલ આપવા બાબત**

૨૯૩૭૦ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં વિદ્યાસાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧ માં અનુસૂચિત જનજાતિના ધોરણ–૮ માં અભ્યાસ કરતી કન્યાઓને સાયકલ આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ જિલ્લાની કેટલી કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને | (૨) ૪૭૦૪. |
| (૩) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ` ૧૦૭.૦૨ લાખ. |

**સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં સ્વરોજગારી માટે માનવગરીમા યોજનામાં મળેલ લાભ**

૨૯૩૦૮ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સ્વરોજગારી માટે આર્થિક ઉત્કર્ષની માનવગરીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આદિજાતિના કેટલા લોકોને લાભ આપવામાં આવેલ છે, | (૧) ૭૧૬. |
| (૨) તેમાં કઈ કઈ સ્વરોજગારી માટે કેટલી સહાય આપવામાં આવે છે, અને | (૨) સામેલ પત્રક મુજબ |

| **ક્રમ** | **વ્યવસાયનું નામ** | **ટુલકીટ્સની કિંમત `** |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | સીલાઈ મશીન | ૬૦૦૦ |
| ૨ | ધોબીકામ/ઈસ્ત્રીકામ | ૪૦૦૦ |
| ૩ | સાવરણી/સુપડા/ટોપલી બનાવનાર | ૩૭૦૦ |
| ૪ | બ્યુટી પાર્લર | ૨૩૦૦ |
| ૫ | પાપડ ઉદ્યોગ | ૩૧૦૦ |
| ૬ | શાકભાજી ફળ વેચનાર | ૫૧૯૨ |
| ૭ | કાપડફેરી હાથલારી દ્વારા | ૪૯૪૫ |
| ૮ એ | કટલરી–હોઝીયરી હાથલારી દ્ધારા વેચનાર | ૪૬૯૪ |
| ૮ બી | કટલરી–હોઝીયરી હાથલારી દ્ધારા વેચનાર | ૩૨૦૦ |
| ૯ | મીઠુ, ગોળ, કરીયાણા વેચનાર | ૫૩૫૭ |
| ૧૦ | લારી ખેંચનાર | ૪૬૯૪ |
| ૧૧ | ઈંડાની લારી | ૬૩૨૧ |
| ૧૨ | વિવિધ વસ્તુઓની ફેરી માટે ટુલ્સકીટ્સ | ૪૭૭૪ |
| ૧૩ | સાયકલ દ્ધારા કાપડફેરી | ૩૪૦૦ |
| ૧૪ | ફીશ વેચનાર | ૩૪૦૦ |
| ૧૫ | માછલી પકડવી | ૪૦૦૦ |
| ૧૬ | આઈસ કેન્ડી ફેરી | ૩૫૦૦ |
| ૧૭ | સાયકલ રીપેરીંગ સાયકલ વગર | ૨૦૦૦ |
| ૧૮ | સાયકલ રીપેરીંગ સાયકલ સાથે | ૪૪૦૦ |
| ૧૯ | વાયરમેન | ૨૬૭૦ |
| ૨૦ | પ્લમ્બીંગકામ | ૪૧૦૦ |
| ૨૧ | કડીયાકામ | ૪૨૦૦ |
| ૨૨ | ઈલેક્ટ્રોકનીક વસ્તુઓનું રીપેરીંગ કામ | ૪૦૦૦ |
| ૨૩ | પેઈન્ટીંગ/રંગકામ/સાઈનબોર્ડ | ૬૯૮૦ |
| ૨૪ | મોચીકામ | ૪૯૫૮ |
| ૨૫ | ઓટો રીપેરીંગ | ૩૩૦૦ |
| ૨૬ | હેન્ડ પમ્પ રીપેરીંગ | ૪૩૦૦ |
| ૨૭ | ચાના સાધનો | ૫૭૭૬ |
| ૨૮ | દુધ દહીં વેચનાર | ૪૦૦૦ |
| ૨૯ | ઠંડા પીણા વેચનાર | ૫૧૯૫ |

| | | |
|---|---|---|
| ૩૦ | અલ્પાહાર વેચનાર | ૫૮૬૫ |
| ૩૧ | કેટરર્સ (રસોઈ કામ) | ૩૧૦૦ |
| ૩૨ | પાન બીડીનું વેચાણ | ૫૪૦૦ |
| ૩૩ | વાણંદકામ | ૨૦૦૦ |
| ૩૪ | ઢોલ-ત્રાંસના સાધનો | ૩૬૦૦ |
| ૩૫ | લાઈટ ડેકોરેટર્સ | ૩૮૦૦ |
| ૩૬ | લુહારી કામ | ૫૧૦૪ |
| ૩૭ | સુથારીકામ | ૩૭૨૦ |
| ૩૮ | નેતરવાંસકામ | ૨૧૦૦ |
| ૩૯ | સાયકલ | ૨૪૦૦ |
| ૪૦ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૨૯૬૨ |

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

(૩) ` ૩૩,૧૦,૧૬૫-૦૦.

**જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમમાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં જમીનનાં કામો**

૨૯૮૭૩ **શ્રી રણછોડભાઈ ક. મેર(ધંધુકા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કેટલા હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યુ, અને

(૨) આ યોજના અતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) જળસ્ત્રાવ વિકાસ કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં કુલ ૧૦૦૦૧.૪૮ લાખ હેકટર જમીનમાં કામ પૂર્ણ કરવામાં આવ્યુ, જેની વિગત નીચે મુજબ છે.

| **તાલુકો** | **તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯** | **તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦** | **તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧** | **કુલ** |
|---|---|---|---|---|
| ધંધુકા | ૬૫૦.૫૦ | ૩૦૬૮.૧૭ | ૪૫૬.૬૬ | ૪૧૭૫.૩૩ |
| બરવાળા | ૪૧૪.૮૩ | ૨૧૭૬.૮૩ | ૨૯૦૯.૬૬ | ૨૯૦૯.૬૬ |
| રાણપુર | ૫૮૩.૮૩ | ૧૯૧૬.૦૦ | ૨૯૧૬.૪૯ | ૨૯૧૬.૪૯ |
| **કુલ** | **૧૬૪૯.૧૬** | **૭૧૬૧.૦૦** | **૧૧૯૧.૩૨** | **૧૦૦૦૧.૪૮** |

(૨) આ યોજના અતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કુલ ૬૦૦.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવ્યો

જેની વિગત નીચે મુજબ છે.

(રકમ ` લાખમાં)

| તાલુકો | તા. ૧-૧-૨૦૦૯ થી તા. ૩૧-૧૨-૨૦૦૯ | તા. ૧-૧-૨૦૧૦ થી તા. ૩૧-૧૨-૨૦૧૦ | તા. ૧-૧-૨૦૧૧ થી તા. ૩૧-૧૨-૨૦૧૧ | કુલ |
|---|---|---|---|---|
| ધંધુકા | ૩૯.૦૩ | ૧૮૪.૦૯ | ૨૭.૪૦ | ૨૫૦.૫૨ |
| બરવાળા | ૨૪.૮૩ | ૧૩૦.૬૧ | ૧૯.૦૮ | ૧૭૪.૫૮ |
| રાણપુર | ૩૫.૦૩ | ૧૧૪.૯૬ | ૨૫.૦૦ | ૧૭૪.૯૯ |
| **કુલ** | **૯૮.૯૫** | **૪૨૯.૬૬** | **૭૧.૪૮** | **૬૦૦.૦૯** |

## ખેરાલુ તાલુકામાં સરદાર આવાસ બનાવવા બાબત

૩૧૨૧૮ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરદાર આવાસ બનાવવામાં આવ્યા, અને | (૧) ૩૦૮. |
| (૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને સનદ આપવામાં આવી, અને | (૨) ૩૦૮. |
| (૩) બાકી સનદો ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## રાજકોટ જિલ્લામાં ગ્રામ પંચાયતોને સ્મશાન સગડી આપવા પાછળ ખર્ચ

૨૯૨૪૨ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ બળતણના બચાવ માટે ગ્રામ પંચાયતોને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવા માટેની ખાસ યોજના વન વિભાગમાં અમલમાં નથી. પરંતુ સામૂહિક વન નિર્માણ યોજના અને ખાસ અંગભૂત યોજના હેઠળના કાર્યક્રમમાં ગ્રામ પંચાયતને વિના મૂલ્યે સ્મશાન સગડી પૂરી પાડવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં પણ આ યોજના અમલમાં છે. |
| (૨) જો હા, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી અરજીઓ મંજૂર કરેલ છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ ૧૮ અરજીઓ મંજૂર કરેલ છે. |
| (૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કુલ ` ૪.૭૭ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## મહેસાણા જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજનાનો અમલ

૨૯૨૮૬ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે, | (૧) રાજ્ય કક્ષાની રાષ્ટ્રીય ઉદ્યાન અને અભ્યારણ્યના વિકાસ યોજના તળે ઈકો ટુરીઝમની કામગીરી લેવામાં આવે છે. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) આ યોજનામાં જિલ્લાના થોળ સરોવર, તારણ ધારણ માતા મંદિર અને વડનગરના સ્થળો પસંદ કરવામાં આવેલ છે. |
| (૩) તે પાછળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ માં | (૩) જિલ્લા કલેકટરશ્રી, મહેસાણા તરફથી પ્રવાસન |

તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલો ખર્ચ થયેલ છે?

યોજના અંતર્ગત જિલ્લા કક્ષાએથી ફાળવેલ ગ્રાન્ટમાંથી સને ૨૦૧૦-૧૧ના વર્ષમાં ` ૫.૫૮ લાખનો ખર્ચ થયેલ છે. જ્યારે સને ૨૦૧૧-૧૨ના વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ કોઈ ખર્ચ થયેલ નથી.

## દાહોદ જિલ્લામાં ઈન્દિરા આવાસોને મંજૂરી

૨૯૩૧૪ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા આવાસો પૂર્ણ કરેલ છે,

(૩) કેટલા આવાસોનું બાંધકામ બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૨૦૪૮ અને ૨૦૧૧-૧૨માં ૩૪૪૨૪ એમ કુલ ૪૬૪૭૨ ઈન્દિરા આવાસો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ૧૨૪૫૪ આવાસો બાંધવામાં આવ્યા,

(૩) ૩૪૦૧૮ આવાસોનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે.

(૪) ઈન્દિરા આવાસ યોજનાની ગાઈડ લાઈન મુજબ ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોના બાંધકામ કરવાના હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

## ખેડા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજનામાં રોપાનું વાવેતર

૩૦૭૪૪ **શ્રી કનુભાઈ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લામાં સામાજિક વનીકરણ એટલે કે સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ અંતિત કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

(૨) તે પૈકી કઠલાલ તાલુકામાં કેટલા વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ અંતિત **૮૬૨ હેકટર** વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે,

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૩૦૮.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૫૫૪.૦૦ |
| **કુલ** | **૮૬૨.૦૦** |

(૨) તે પૈકી **કઠલાલ** તાલુકામાં **૮૩ હેકટર** વિસ્તારમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

| વર્ષ | વાવેતર વિસ્તાર (હેકટર) |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૩૦.૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૫૩.૦૦ |
| **કુલ** | **૮૩.૦૦** |

(૩) તે પાછળ તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં **ખેડા** જિલ્લામાં **` ૨૩૯.૫૨ લાખ** ખર્ચ

કરવામાં આવેલ છે તે પૈકી **કઠલાલ** તાલુકામાં **` ૩૫.૨૯** લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

## આણંદ જિલ્લામાં ઈકો ટુરીઝમ યોજનાનો વિકાસ

૨૯૪૧૮ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરીઝમ વિકાસ માટેની કઈ કઈ યોજના અમલમાં છે, | (૧) કોઈ યોજના અમલમાં નથી. |
| (૨) આ યોજનામાં જિલ્લાના કયા કયા સ્થળો પસંદ કરવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉપરોક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## નર્મદા અને ભરૂચ જિલ્લામાં વનાધિકાર કાયદા નીચે જંગલની જમીન મેળવવાની અરજીઓ

૨૯૪૦૩ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા અને ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વન અધિકાર કાયદા હેઠળ જંગલની જમીન મેળવવા આવેલ અરજીઓ અન્વયે કેટલી અરજીઓ નામંજુર થઈ છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં ૧૦૧૬૪ અને ભરૂચ જિલ્લામાં ૧૯૧૩ મળી કુલ ૧૨૦૭૭ અરજીઓ નામંજુર કરવામાં આવેલ છે. |
| (૨) આવી નામંજુર થયેલ અરજીઓની સરકારે ફેર વિચારણા કરી છે કે કેમ? | (૨) હા, આવી નામંજુર થયેલ અરજીઓ અંગે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદની તા. ૧–૬–૧૧ની બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ ફેરવિચારણા/પુનઃસમીક્ષા (રીવ્યુ) કરવાનો નિર્ણય લીધેલ છે. |

## ભરૂચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજનામાં અનુસૂચિત જનજાતિના ધોરણ–૮માં ભણતી કન્યાઓને સાયકલ આપવા બાબત

૨૯૩૪૩ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતગર્ત વિદ્યા સાધના યોજના હેઠળ વર્ષ ૨૦૧૦–૧૧માં અનુસૂચિત જનજાતિની ધોરણ–૮માં અભ્યાસ કરતી કેટલી કન્યાઓને સાયકલ આપવામાં આવી, અને | (૧) ૭૫૦. |
| (૨) તે અંતર્ગત કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) ` ૧૭,૦૬,૨૫૦/–. |

## જૂનાગઢ જિલ્લામાં ઈન્દિરા આવાસને મંજૂરી

૨૯૨૬૨ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા | (૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૯૬ અને ૨૦૧૧–૧૨માં ૧૧૩૪ એમ કુલ ૧૨૩૦ ઈન્દિરા આવાસો |

ઈન્દિરા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં કેટલા આવાસ બાંધવામાં આવ્યા,

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં ૧૫૫ આવાસો બાંધવામાં આવ્યા,

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ ` ૨૮૪.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) ઈન્દિરા આવાસ યોજનાની ગાઈડ લાઈન મુજબ ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોના બાંધકામ કરવાના હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

## કોડીનાર તાલુકામાં નવા ઈન્દિરા આવાસમાં જેમને સુધારાના આવાસમાં લાભાર્થીને નિયમ બહાર આપેલ સહાય

૨૯૮૩૦ **શ્રી ધીરસિંહ ક. બારડ(કોડીનાર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લાના કોડીનાર તાલુકામાં નાણાંકીય વર્ષ ૨૦૦૮-૨૦૦૯ માં નવા ઈન્દિરા આવાસમાં ૧૭૭ તેમજ સુધારણા આવાસમાં ૮૭ લાભાર્થીઓને નિયમ બહાર સહાય આપેલ હોવાનું જણાઈ આવેલ છે તે હકીકત ખરી છે,

(૨) જો હા, તો જવાબદાર જણાયેલ અધિકરી / કર્મચારીઓને ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવેલ છે તે હકીકત ખરી છે,

(૩) જો હા, તો આ અધિકારી / કર્મચારીઓ કોણ કોણ છે હાલ તેઓ કયા હોદ્દા ઉપર કઈ જગ્યાએ ફરજ બજાવે છે, અને

(૪) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ખાતાકીય તપાસ કયાં તબક્કામાં છે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) હા, જી.

(૩) આ અંગેની વિગતો પરિશિષ્ટ-૧માં આપેલ છે.

(૪) ખાતાકીય તપાસની કાર્યવાહી સુનાવણીના તબક્કામાં છે.

### પરિશિષ્ટ-૧

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | હાલ ક્યાં ફરજ બજાવે છે |
|---|---|---|---|
| ૧ | શ્રી એમ. ટી. મકવાણા | મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, ચાર્જ તાલુકા વિકાસ અધિકારી | નિવૃત્ત |
| ૨ | શ્રી એ. ટી. પુરોહિત | અધિક મદદનીશ ઈજનેર | તાલુકા પંચાયત કોડીનાર |
| ૩ | શ્રી જે. ટી. રાઠોડ | ગ્રામ સેવક | તાલુકા પંચાયત કોડીનાર |
| ૪ | શ્રી એસ. સી. રાવલ | ગ્રામ સેવક | તાલુકા પંચાયત કોડીનાર |
| ૫ | શ્રી એમ. બી. મકવાણા | તલાટી કમ મંત્રી દેદાનીદેવળી | તલાટી કમ મંત્રી દેદાનીદેવળી |
| ૬ | શ્રી એસ. એ. કયાડા | તલાટી કમ મંત્રી ગીરદેવળી | તલાટી કમ મંત્રી રમરેચી તાલાળા |
| ૭ | શ્રી પી. બી, રાણા | તલાટી કમ મંત્રી પણાદર | તલાટી કમ મંત્રી પણાદરા |
| ૮ | શ્રી બી. એન. કાતરીયા | તલાટી કમ મંત્રી સરખડી (ચાર્જમાં હતા) | તલાટી કમ મંત્રી છારા |
| ૯ | શ્રી એચ. એસ. કરવત | તલાટી કમ મંત્રી મીતીયાજ | તલાટી કમ મંત્રી ગોહીલની ખાણ |
| ૧૦ | શ્રી વી. બી. બસીયા | તલાટી કમ મંત્રી કાજ | તલાટી કમ મંત્રી કાજ |
| ૧૧ | શ્રી એમ. એસ. વાજા | તલાટી કમ મંત્રી બાવાના પીપળવા | તલાટી કમ મંત્રી બાવાના પીપળવા |
| ૧૨ | શ્રી વી. એલ. ખુમાણ | તલાટી કમ મંત્રી છાછર | તલાટી કમ મંત્રી છાછર |
| ૧૩ | શ્રી ડી. પી. દવે | તલાટી કમ મંત્રી દેદાનીદેવળી | તલાટી કમ મંત્રી દેદાનીદેવળી |
| ૧૪ | શ્રી વી. જે. ત્રિવેદી | તલાટી કમ મંત્રી સરખડી | તલાટી કમ મંત્રી ચાપરડા |
| ૧૫ | શ્રી એ. જે. ડોડીયા | તલાટી કમ મંત્રી વેલણ | તલાટી કમ મંત્રી છારા |
| ૧૬ | શ્રી એચ. એ. ખરા | તલાટી કમ મંત્રી માલગામ | તલાટી કમ મંત્રી માલગામ |
| ૧૭ | શ્રી એમ. વી. ચંડેરા | તલાટી કમ મંત્રી હરમડીયા | તલાટી કમ મંત્રી હરમડીયા |
| ૧૮ | શ્રી એન. કે. રાવળ | તલાટી કમ મંત્રી પીપળી | તલાટી કમ મંત્રી પીપળી |
| ૧૯ | શ્રી જી. કે. વાઘેલા | તલાટી કમ મંત્રી ઘાટવડ | તલાટી કમ મંત્રી પાવટી |
| ૨૦ | શ્રી પી. કે. વાજા | તલાટી કમ મંત્રી દુદાણા | તલાટી કમ મંત્રી દુદાણા |
| ૨૧ | શ્રી જી. એન. લાખણોત્રા | તલાટી કમ મંત્રી નાનાવાડા | તલાટી કમ મંત્રી નાનાવાડા |
| ૨૨ | શ્રી એસ. એચ. ચાવડા | તલાટી કમ મંત્રી અરણેજ | તલાટી કમ મંત્રી અરણેજ |

તા.૨૨મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**પંચાયતોને ચુકવેલ ઈરીગેશન સેસ**

૨૯૪૨૮ શ્રી **શંકરભાઇ દે. વાઘેલા ( ચકલાસી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યમાં પંચાયતોને ઈરીગેશન સેસ છેલ્લા બે વર્ષમાં આપવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) સન ૨૦૧૦ અને ૨૦૧૧ દરમ્યાન સરકારે કેટલો ઈરીગેશન સેસ ચુકવેલ છે, અને | (૨) સને ૨૦૧૦માં ` ૨,૫૨,૯૬,૦૦૦/–અને સને ૨૦૧૧માં ` ૭૫,૧૦,૯૦૦/–ઈરીગેશન સેસ ચુકવેલ છે. |
| (૩) ખેડા અને આણંદ જિલ્લામાં કેટલા સમયથી કેટલો સેસ ચુકવવાની બાકી છે? | (૩) ખેડા જિલ્લામાં સને ૨૦૦૭ થી ૨૦૧૧ સુધીનો ` ૭૯.૯૦ લાખ અને આણંદ જિલ્લામાં સને ૨૦૦૩–૦૪ થી સને ૨૦૦૯–૧૦ સુધીનો ` ૧,૨૦,૫૪,૬૭૨/–નો ઈરીગેશન સેસ ચુકવવાનો બાકી છે. |

**દાહોદ જિલ્લામાં એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ**

૨૯૪૦૦ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર આદિજાતિઓના વિદ્યાર્થીઓ માટે કેટલી એકલવ્ય આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે, અને | (૧) ખરેડી ખાતે એક |
| (૨) નવી કેટલી શાળાઓ શરૂ કરવાનું આયોજન છે? | (૨) એક |

**જૂનાગઢ શહેરના કાનૂની માપ અને વિજ્ઞાન તંત્ર દ્વારા ઈલેકટ્રીક વજનકાંટા અને લોખંડના બાટની તપાસ**

૩૦૬૬૧ **શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ શહેરમાં કાનૂની માપ અને વિજ્ઞાન તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તોલમાપ ઈલેકટ્રોનિક વજન કાંટા અને લોખંડના વજનના બાટની કેટલી તપાસો કરવામાં આવેલ છે, અને | (૧) જૂનાગઢ શહેરમાં કાનૂની માપ અને વિજ્ઞાન તંત્ર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તોલમાપ ઈલેકટ્રોનિક વજન કાંટા અને લોખંડના વજનના બાટની સન ૨૦૧૦માં–૧૪૩૮ અને સન ૨૦૧૧માં ૧૬૮૪ તપાસો કરવામાં આવી. |
| (૨) કસૂરદારો પાસેથી કેટલી રકમનો દંડ વસુલ કરવામાં આવ્યો? | (૨) વર્ષ–૨૦૧૦માં ` ૨૩૯૦૦/– અને વર્ષ ૨૦૧૧માં ` ૨૩૦૦૦/– દંડ વસુલ કરવામાં આવ્યો. |

**રાજકોટ જિલ્લામાં ટોટલ સેનિટેશન પ્રોગ્રામમાં શાળામાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો**

૩૦૬૩૩ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨માં તા. ૩૧–૧–૧૨ ની સ્થિતિએ ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ કેટલી શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે શૌચાલયો બનાવવા કેટલી માંગણીઓ આવી, | (૧) રાજકોટ જિલ્લામાં વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં તા. ૩૧–૧–૧૨ ની સ્થિતિએ ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ અનુક્રમે ૧૬૮ શાળા શૌચાલયો બનાવવા માંગણી આવેલ. |
| (૨) તે પૈકી કેટલા શૌચાલયો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં તા.૩૧–૧–૧૨ની સ્થિતિએ ટોટલ સેનીટિશન કાર્યક્રમ હેઠળ માંગણી મુજબના તમામ ૧૬૮ શાળા શૌચાલયો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) બાકીના શૌચાલયો ક્યારે મંજૂર કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**આમોદ અને જંબુસર તાલુકામાં નવા રેશનકાર્ડ આપવા બાબત**

૩૦૮૧૬ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લાના આમોદ અને જંબુસર તાલુકામાં તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા નવા રેશન કાર્ડ બનાવી આપવામાં આવ્યા, અને | (૧) ભરૂચ જિલ્લાના આમોદ અને જંબુસર તાલુકામાં તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર નીચે મુજબ નવા રેશન કાર્ડ બનાવી આપ્યા. |

| વર્ષ | આમોદ | જંબુસર |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૨૦૦૯ | ૨૧૧ | ૦૨ |
| ૨૦૧૦ | ૨૪૭ | -- |
| ૨૦૧૧ (૩૧-૧-૧૨ની સ્થિતિએ) | ૭૭ | ૪૦૩<br>૪૭૫-જુના હયાત રેશનકાર્ડ પુનઃજીવિત કર્યા |

(૨) કેટલી અરજીઓ હજૂ પડતર છે?

(૨) આમોદ તાલુકામાં કોઈ અરજી પડતર નથી. જંબુસર તાલુકાની ૭૩૪ અરજીઓ તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ પડતર હતી. તેનો નિકાલ થયેલ છે. તેથી હવે કોઈ અરજી પડતર નથી.

**વડોદરા જિલ્લામાં સરકાર માન્ય દુકાનો અને ફેરિયાના પરવાનેદારો પાસેથી રાષ્ટ્રીય બચતપત્રોની ડાપોઝીટ**

૩૦૦૩૫ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ તાલુકાવાર સરકાર માન્ય દુકાનો/ફેરીયાના પરવાનેદાર પાસે રાષ્ટ્રીય બચતપત્રો ડીપોઝીટ તરીકે મૂકવામાં આવેલ છે તે કેટલી રકમના છે,

(૧) વડોદરા જિલ્લામાં વાજબી ભાવના સંચાલકો પાસેથી ` ૫૦૦૦/-ની રકમના બચતપત્રો તથા કેરોસીનના ફેરીયાઓ પાસેથી ` ૫૦૦/-ની રકમના બચતપત્રો ડીપોઝીટ તરીકે મુકવામાં આવેલ છે.

તાલુકાવાર માહિતીનું પત્રક-૧ આ સાથે સામેલ છે.

(૨) આ બચતપત્રોની મુદત પુરી થઈ ગઈ હોવા છતાં પરવાનેદારોને પરત આપેલ નથી તે હકીકત સાચી છે,

(૨) હા, જી.

(૩) વર્ષવાર કેટલા બચતપત્રો પરત આપવાના થાય છે, અને

(૩) ૨૧૧ વાજબી ભાવની દુકાનોના તથા ૧૯૮ કેરોસીનના ફેરીયાઓના બચતપત્રો પરત આપવાના બાકી છે. વર્ષવાર વિગત અંગેનું પત્રક-૨ આ સાથે સામેલ છે.

(૪) કેટલા સમયમાં પરત આપવામાં આવશે?

(૪) સંબંધિત વાજબી ભાવના દુકાનના સંચાલકો તથા કેરોસીનના ફેરીયાઓ તરફથી નવીન બચતપત્રો જમા થયેથી મુદત પૂર્ણ થયેલ બચતપત્રો પરત કરવામાં આવશે.

**પત્રક-૧**

| અ.નં. | ઝોનલ/તાલુકાનું નામ | વાજબી ભાવની દુકાનની સંખ્યા | વાજબી ભાવની દુકાનના રજુ થયેલ બચતપત્રો (રૂપિયામાં) | કેરોસીનની સંખ્યા | ફેરીયાના રજુ થયેલ બચતપત્રો (રૂપિયામાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ઝોનલ-૧ | ૬૭ | ૩,૩૫,૦૦૦ | ૦ | ૦ |
| ૨ | ઝોનલ-૨ | ૭૩ | ૩,૬૫,૦૦૦ | ૦ | ૦ |
| ૩ | ઝોનલ-૩ | ૯૯ | ૪,૯૫,૦૦૦ | ૦ | ૦ |
| ૪ | ઝોનલ-૪ | ૬૮ | ૩,૪૦,૦૦૦ | ૦ | ૦ |
| ૫ | વડોદરા (શહેર) | ૧૬ | ૮૦,૦૦૦ | ૧૯૧ | ૯૫૫૦૦ |
| ૬ | વડોદરા (ગ્રામ્ય) | ૯૭ | ૪,૮૫,૦૦૦ | ૨૦ | ૧૦૦૦૦ |
| ૭ | પાદરા | ૭૭ | ૩,૮૫,૦૦૦ | ૨૮ | ૧૪૦૦૦ |
| ૮ | સાવલી | ૧૦૭ | ૫,૩૫,૦૦૦ | ૩૯ | ૧૯૫૦૦ |
| ૯ | કરજણ | ૬૫ | ૩,૨૫,૦૦૦ | ૨૧ | ૧૦૫૦૦ |
| ૧૦ | ડભોઈ | ૭૧ | ૩,૫૫,૦૦૦ | ૧૧ | ૫૫૦૦ |
| ૧૧ | વાઘોડીયા | ૪૪ | ૨,૨૦,૦૦૦ | ૫ | ૨૫૦૦ |
| ૧૨ | શીનોર | ૩૧ | ૧,૫૫,૦૦૦ | ૧ | ૫૦૦ |
| ૧૩ | નસવાડી | ૪૨ | ૨,૧૦,૦૦૦ | ૨ | ૧૦૦૦ |
| ૧૪ | છોટાઉદેપુર | ૬૩ | ૩,૧૫,૦૦૦ | ૨ | ૧૦૦૦ |
| ૧૫ | જેતપુર-પાવી | ૯૬ | ૪,૮૦,૦૦૦ | ૬ | ૩૦૦૦ |
| ૧૬ | સંખેડા | ૮૯ | ૪,૪૫,૦૦૦ | ૯ | ૪૫૦૦ |
| ૧૭ | કવાંટ | ૬૮ | ૩,૪૦,૦૦૦ | ૧ | ૫૦૦ |
| | **કુલ** | **૧૧૭૩** | **૫૮,૬૫,૦૦૦** | **૩૩૬** | **૧,૬૮,૦૦૦** |

**પત્રક-૨**

| વર્ષ | વાજબી ભાવની દુકાનના પરત આપવાના બાકી બચતપત્રો | કેરોસીન ફેરીયા પરત આપવાના બાકી બચતપત્રો | કુલ બાકી બચતપત્રો |
|---|---|---|---|
| ૧૯૯૯ | ૧ | ૦ | ૧ |
| ૨૦૦૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦૦૧ | ૧ | ૦ | ૧ |
| ૨૦૦૨ | ૧૩ | ૦ | ૧૩ |
| ૨૦૦૩ | ૬ | ૧ | ૭ |
| ૨૦૦૪ | ૫ | ૦ | ૫ |
| ૨૦૦૫ | ૩૫ | ૧ | ૩૬ |
| ૨૦૦૬ | ૨ | ૧૨ | ૧૪ |
| ૨૦૦૭ | ૭ | ૪૯ | ૫૬ |
| ૨૦૦૮ | ૧૪ | ૦ | ૧૪ |
| ૨૦૦૯ | ૩૦ | ૨ | ૩૨ |
| ૨૦૧૦ | ૨૮ | ૪ | ૩૨ |
| ૨૦૧૧ | ૫૩ | ૧૨૯ | ૧૮૨ |
| ૨૦૧૨ | ૧૬ | ૦ | ૧૬ |
| કુલ | ૨૧૧ | ૧૯૮ | ૪૦૯ |

**બનાસકાંઠા જિલ્લામાં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ જાહેર કરવા બાબત**

૨૯૩૦૨ **શ્રી ગોવિંદભાઇ મા. પ્રજાપતિ( પાલનપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૨૦૧૨માં કેટલા ગામોને સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવ્યા,

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં આ યોજના ન હતી. જ્યારે વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ પુરસ્કાર આપવાનું નક્કી કરવામાં આવેલ હોય વર્ષ ૨૦૧૧–૨૦૧૨ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાનાં ૧૩૦ ગામોને સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ છે.

(૨) આ ગામો પૈકી કેટલા ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવી, અને

(૨) સ્વચ્છ ગામ–સ્વસ્થ ગામ તરીકે જાહેર કરવામાં આવેલ તમામ ૧૩૦ ગામોને પુરસ્કારની રકમ આપવામાં આવેલ છે.

(૩) બાકી ગામોને રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**310/p a g e > ભાવનગર જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં પડતર કેસો**

૨૯૨૬૭ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) ભાવનગર જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૧ની સ્થિતિએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કુલ કેટલા કેસો પડતર હતાં,

(૧) ૧૪૭.

(૨) તા. ૧–૧–૨૦૧૧ થી તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કેસો નવા દાખલ થતાં કુલ કેટલા કેસો થયા,

(૨)

| | |
|---|---|
| તા. ૧–૧–૨૦૧૧ના કેસો | ૧૪૭ |
| તા. ૧–૧–૨૦૧૧ થી તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં દાખલ થયેલ કેસો | ૩૦૪ |
| કુલ | ૪૫૧ |

(૩) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા કેસોનો નિકાલ થયો, અને

(૩) ૨૬૦.

(૪) કેટલા બાકી છે?

(૪) ૧૯૧.

### નવસારી જિલ્લામાં તલાટી–કમ–મંત્રીઓની ખાલી જગ્યાઓ

૨૯૩૬૧ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તલાટી–કમ–મંત્રીઓની કેટલી જગ્યાઓ ખાલી હતી, | (૧) ૨૭૯ જગ્યાઓ મંજૂર થયેલ છે તે પૈકી ૬૭ જગ્યાઓ ખાલી છે. |
| (૨) તે પૈકી કેટલી જગ્યાઓ ભરવામાં આવી, કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) તે પૈકી કોઇ જગ્યા ભરવામાં આવેલ નથી. ૬૭ જગ્યાઓ ખાલી છે. |
| (૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) બનતી ત્વરાએ ભરવાનું આયોજન છે. |

### વડોદરા જિલ્લામાં મહિલા જૂથોની રચના

૨૯૩૨૮ **શ્રી ગુલસીંગભાઇ ર. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં કેટલા મહિલા જૂથોની રચના થઇ, | (૧) વડોદરા જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૧૦ની સ્થિતિએ કુલ ૧૧૩૮૦ અને વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૧૦૦૨ મહિલા જૂથોની રચના કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે, | (૨) તા. ૩૧–૧૨–૧૦ની સ્થિતિએ કુલ ૫૫૯૪ જ્યારે વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૬૮૮ મહિલા જુથોને રિવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે. |
| (૩) કોઇ જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને | (૩) હા, જી. |
| (૪) જો હા, તો તેમને તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૪) માર્ચ–૨૦૧૨ સુધી ચુકવવામાં આવશે. |

### આણંદ જિલ્લામાં તલાટીઓને એક કરતાં વધુ ગામનો ચાર્જ

૨૯૩૯૬ **શ્રી જયંતભાઇ ર. પટેલ( સારસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લાના કેટલાક ગામોમાં તલાટીની નિમણૂંકો થઇ નથી અને એક તલાટી પાસે ત્રણથી ચાર ગામોના ચાર્જ આપવામાં આવેલ છે. જેથી તલાટીઓ જે તે ગામમાં હાજર રહેતા નથી પરિણામે ગ્રામજનો અને ખેડૂતો હેરાન થઇ રહ્યા છે, તો આ અંગે સરકારે કોઇ વિચારણા કરી છે કે કેમ, અને | (૧) જિલ્લામાં અપવાદરૂપ કિસ્સા સિવાય એક જ તલાટી પાસે વધારાનો ચાર્જ હેઠળનું એક જ ગામ હોય જેથી ગ્રામજનો તથા ખેડૂતોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તેની તકેદારી તથા કાળજી રાખવામાં આવેલ છે.<br>૯૨ ઉમેદવારોને પસંદ કરી તલાટી તરીકે આણંદ જિલ્લામાં ફાળવણી કરેલ છે. |
| (૨) નવા તલાટીઓની ભરતી કરવા અંગે સરકારે કોઇ પગલાં લીધા છે, કે કેમ? | (૨) હા, જી. બનતી ત્વરાએ ખાલી જગ્યાઓ ભરવાનું આયોજન છે. |

### કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીન ફાળવણીમાં કાપ

૩૦૬૫૩ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીનની ફાળવણીમાં કેટલા લીટર કેરોસીનનો કાપ મૂકવામાં આવ્યો, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર દ્વારા કેરોસીનની ફાળવણીમાં માહે જુન–૧૧ થી માસિક ધોરણે ૨,૪૬,૯૦,૦૦૦ લીટરનો કેરોસીનના જથ્થામાં કાપ મુકેલ છે. |
| (૨) આ ક્વોટા વધારવા રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર | (૨) હા,જી. રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને તા. ૧–૬–૨૦૧૧, તા. ૨૦–૬–૨૦૧૧, તા. ૧૫–૯– |

સરકારને દરખાસ્ત કરવામાં આવી છે કે કેમ, અને

૨૦૧૧ તથા તા. ૧૪–૨–૨૦૧૨ના પત્રોથી દરખાસ્ત કરેલ છે.

(૩) તેમાં કેટલી સબસીડી આપવામાં આવી ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**જૂનાગઢ જિલ્લામાં ઈન્દિરા આવાસને મંજૂરી**

૨૯૨૬૦ **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા ઈન્દિરા આવાસો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલા આવાસ બાંધવામાં આવ્યા,

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને

(૪) બાકી આવાસો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

**જવાબ**

(૧) જૂનાગઢ જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧માં ૯૬ અને ૨૦૧૧–૨૦૧૨માં ૧૧૩૪ એમ કુલ ૧૨૩૦ ઈન્દિરા આવાસો
તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં ૧૫૫ આવાસો બાંધવામાં આવ્યા,

(૩) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ ` ૨૮૪.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

(૪) ઈન્દિરા આવાસ યોજનાની ગાઇડ લાઈન મુજબ ઈન્દિરા આવાસ યોજનાના લાભાર્થીઓએ જાતે આવાસોના બાંધકામ કરવાના હોય છે. લાભાર્થી પોતે પોતાના આવાસની કામગીરી ઝડપથી પૂર્ણ કરે તે માટે પ્રયાસ કરવામાં આવશે.

**સુરત જિલ્લામાં ગરીબ કુટુંબોને પામોલીન તેલ આપવા બાબત**

૨૯૩૫૨ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ તહેવારોમાં ગરીબ કુટુંબોને સસ્તા દરે કેટલું પામોલીન તેલ વિતરણ કર્યું

(૨) કઈ કિંમતે વિતરણ કરવામાં આવ્યું, અને

(૩) હવે કોઈ કુલ જથ્થો બચત રહેવા પામેલ છે કે કેમ ?

**જવાબ**

(૧)

| ક્રમ | વર્ષ | વિતરણ (૧ લીટરના પાઉચ) |
|---|---|---|
| ૧ | ૨૦૧૦–૧૧ | ૭,૭૧,૬૨૨ |
| ૨ | ૨૦૧૧–૧૨ | ૭,૦૪,૯૨૮ |

(૨) સને ૨૦૧૦–૧૧ માં પ્રતિ પાઉચના ` ૩૨/–ના ભાવે તેમજ સને ૨૦૧૧–૧૨માં પ્રતિ લીટર પાઉચના ` ૪૦/– ના ભાવે

(૩) રાજ્યમાં ૧૨૦ મે. ટન પરંતુ આ જથ્થો જાન્યુઆરી–ફેબ્રુઆરી–૨૦૧૨માં વિતરણ કરેલ છે.

**આણંદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો**

૨૯૩૨૬ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) :** માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં ઉચ્ચ અભ્યાસ કરતા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલા સરકારી છાત્રાલયો ચાલે છે,

(૨) તે પૈકી કન્યા અને કુમારના કેટલા,

(૩) તેમાં રહી અભ્યાસ કરતા કન્યા અને કુમારની સંખ્યા કેટલી, અને

(૪) તે પાછળ છેલ્લા બે વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) ૩ (ત્રણ)

(૨) કન્યા– ૨ (બે)
કુમાર– ૧ (એક)

(૩) કન્યાઓ– ૧૬૪
કુમાર – ૨૩૬

(૪) ` ૨,૨૩,૩૧,૨૪૯/–

**અમરેલી જિલ્લામાં ૦ થી ૨૦ ના સ્કોરના બી.પી.એલ. કુટુંબોને ૧૦૦ ચોરસવારના મફત પ્લોટ**

૩૧૧૭૭ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૧૨માં ૦ થી ૨૦ ના સ્કોરના ગરીબી રેખા નીચેના કુલ કેટલા કુટુંબોને ૧૦૦ ચોરસવારના મફત પ્લોટની ફાળવણી કરવામાં આવી,

(૨) હવે કેટલા ઈસમોને પ્લોટ ફાળવણી કરવાની બાકી છે, અને

(૩) તે ક્યાં સુધીમાં સરકાર દ્વારા ફાળવવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | ૧૦૦ ચો. વાર ફાળવેલ મફત પ્લોટ (તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ) |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૧૩૫૫ |
| ૨૦૧૧–૧૨ | ૨૮૯ |
| **કુલ** | **૧૬૪૪** |

(૨) ૧૭૪

(૩) બનતી ત્વરાએ

**સુરત જિલ્લામાં પંચવટી યોજના**

૨૯૩૪૬ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત જિલ્લામાં વર્ષ ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ માં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી પંચવટી મંજૂર કરવામાં આવી,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી પંચવટી બનાવવામાં આવી,

(૩) કેટલી પંચવટી બનાવવાની બાકી છે, અને

(૪) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

**જવાબ**

(૧)

| વર્ષ | મંજૂર કરેલ પંચવટી |
|---|---|
| ૨૦૧૦–૧૧ | ૨૮ |
| ૨૦૧૧–૧૨<br>(તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ | ૨૬ |
| **કુલ** | **૫૪** |

(૨) ૨૮

(૩) ૨૬

(૪) બનતી ત્વરાએ

**જામનગર જિલ્લામાં મહિલા જૂથોની રચના**

૨૯૨૪૬ **શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી(જામનગર ગ્રામ્ય) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) જામનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ વર્ષ ૨૦૧૦–૧૧માં કેટલા મહિલા જૂથોની રચના થઈ,

(૨) તે પૈકી કેટલા મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે,

(૩) કોઈ જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવાનું બાકી છે, અને

(૪) જો હા, તો તેમને તે ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) જામનગર જિલ્લામાં મહિલા સશક્તિકરણ કાર્યક્રમ અન્વયે સખીમંડળ યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કુલ ૫૪૪૦ અને વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૫૨૪ મહિલા જૂથોની રચના થઈ,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૦ની સ્થિતિએ કુલ ૪૧૭૩ જ્યારે વર્ષ ૨૦૧૦–૧૧ દરમ્યાન ૧૩૩૩ મહિલા જૂથોને રીવોલ્વીંગ ફંડ આપવામાં આવેલ છે.

(૩) હા, જી.

(૪) માર્ચ–૨૦૧૨ સુધીમાં ચુકવવામાં આવશે.

**મહેસાણા જિલ્લામાં ઈકો ટુરીઝમની યોજનાનો અમલ**

૨૯૨૮૫ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઇ યોજના અમલમાં છે,

| | SR. NO. | સેજો | વસ્તી | કયારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| 120 | 1 | વાળંદાપુરા | ૧૫૧૫ | ૦૫-૧૨-૧૦ |
| 121 | 2 | તારાપુર-૨ | ૧૪૯૩૪ | ૩૧-૧૨-૯૯ |
| 122 | 3 | તારાપુર-૩ | ૧૪૯૩૪ | ૨૬-૦૯-૦૩ |
| 123 | 4 | ફતેપુરા | ૧૨૦૯ | ૧૬-૧૦-૦૯ |
| 124 | 5 | ભંડેરજ-૧ | ૧૫૫૩ | ૧૬-૧૦-૦૯ |
| 125 | 6 | ભંડેરજ-૨ | ૧૫૫૩ | ૨૬-૦૯-૦૩ |
| 126 | 7 | પાદરા-૨ જાફરાબાદ | ૧૩૯૫-૪૪૬ | ૨૬-૦૯-૦૩ |
| 127 | 8 | આદરૂજ માલપુર | ૧૦૩૫-૪૦૭ | ૩૧-૦૮-૧૦ |
| 128 | 9 | ખડા-૨ | -- | ૨૬-૦૯-૦૩ |

**પત્રક**

| આણંદ તાલુકો | | | | |
|---|---|---|---|---|
| | SR. NO. | સેજો | વસ્તી | કયારથી ખાલી છે. |
| 1 | 1 | ખંભોળજ-૨ | ૮૨૧૨ | ૦૬-૧૧-૦૮ |
| 2 | 2 | સારસા-૨ | ૧૪૨૦૦ | ૩૦-૦૯-૦૩ |
| 3 | 3 | સારસા-૨ | ૧૪૨૦૦ | ૩૦-૦૭-૯૭ |
| 4 | 4 | કુંજરાવ-૨ | ૬૨૬૫ | ૨૫-૦૬-૦૦ |
| 5 | 5 | વહેરાખાડી-૨ | ૭૦૪૫ | ૩૦-૦૭-૯૭ |
| 6 | 6 | વાસદ-૨ | ૧૨૪૮૭ | ૨૦-૦૯-૦૫ |
| 7 | 7 | આંકલાવાડી | ૨૨૮૧ | ૩૦-૧૧-૧૦ |
| 8 | 8 | ચિખોદરા-૨ | ૧૩૭૩૪ | ૨૦-૦૯-૦૫ |
| 9 | 9 | નાપાડ તળપદ-૧ | ૫૩૪૪ | ૧૬-૧૦-૦૯ |
| 10 | 10 | નાપાડ તળપદ-૨ | ૫૩૪૪ | ૦૫-૦૭-૦૧ |
| 11 | 11 | મોગરી-૨ | ૮૪૮૮ | ૨૭-૦૮-૦૮ |
| 12 | 12 | મોગર-૨ | ૭૫૬૮ | ૨૦-૯-૦૫ |
| 13 | 13 | અજરપુરા-૧ | ૪૮૫૦ | ૧૬-૧૦-૦૯ |
| 14 | 14 | અજરપુરા-૨ | ૪૮૫૦ | ૧૩-૧૦-૦૩ |
| 15 | 15 | અડાસ-૨ | ૧૦૯૪૬ | ૩૦-૦૯-૦૩ |
| 16 | 16 | રાસનોલ-૧ | ૮૧૮૯ | ૨૦-૦૫-૧૦ |
| | SR. NO. | સેજો | વસ્તી | કયારથી ખાલી છે. |
| 17 | 17 | રાસનોલ-૨ | ૮૧૮૯ | ૦૬-૧૧-૦૮ |
| 18 | 18 | નાવલી-૨ | ૬૮૦૮ | ૨૯-૦૯-૦૯ |
| 19 | 19 | ખાનપુર | ૩૭૯૯ | ૩૧-૦૫-૦૯ |
| 20 | 20 | સામરખા-૨ | ૧૫૨૬૧ | ૦૫-૦૭-૦૧ |
| 21 | 21 | સામરખા-૩ | ૧૫૨૬૧ | ૧૪-૧૦-૦૧ |
| 22 | 22 | લીવરીઝર્વ-૧ | -- | -- |
| 23 | 23 | લીવરીઝર્વ-૩ | -- | -- |
| તાલુકો ઉમરેઠ | | | | |
| | SR. NO. | સેજો | વસ્તી | કયારથી ખાલી છે. |
| 24 | 1 | પરવટા | ૧૫૧૬ | ૧૮-૦૨-૧૧ |
| 25 | 2 | થામણા-૨ | ૪૬૮૯ | ૧૫-૦૯-૦૮ |
| 26 | 3 | વણસોલ હેમરાજપુરા | ૫૪૦૫ | ૩૦-૧૧-૦૯ |
| 27 | 4 | મેઘવા | ૨૬૭૫ | ૦૪-૦૭-૧૦ |
| 28 | 5 | શીલી-૨ | ૧૧૩૮૨ | ૧૦-૦૫-૦૯ |
| 29 | 6 | ભાટપુરા નવાપુરા | ૨૯૧૩-૫૫૭ | ૧૬-૧૦-૦૯ |
| 30 | 7 | સૈયદપુરા | ૩૦૯૫ | ૧૮-૦૨-૧૧ |
| 31 | 8 | ભાલેજ-૨ | ૧૨૬૩૫ | ૨૦-૦૯-૦૫ |
| 32 | 9 | સુંદલપુરા | ૭૬૦૪ | ૨૭-૦૯-૦૭ |
| 33 | 10 | આશીપુરા | ૧૬૪૪-૯૮૭ | ૩૦-૦૪-૧૦ |
| તાલુકો બોરસદ | | | | |
| | SR. NO. | ગામનું નામ | વસ્તી | કયારથી ખાલી છે. |
| 34 | 1 | રાસ-૨ | ૬૫૫૫ | ૩૦-૦૯-૦૩ |
| 35 | 2 | નાપા વાંટા | ૫૪૩૬ | ૧૮-૦૨-૧૧ |
| 36 | 3 | વિરસદ-૨ | ૮૩૨૭ | ૩૦-૦૯-૦૩ |
| 37 | 4 | વાલસોડ-૨ | ૬૯૩૩ | ૧૫-૦૬-૯૯ |
| 38 | 5 | દાવોલ-૨ | ૧૦૪૨૬ | ૧૬-૧૦-૦૯ |
| 39 | 6 | દહેવાણ-૨ | ૧૦૧૪૬ | ૩૦-૦૬-૦૧ |
| 40 | 7 | સીસ્વા | ૪૮૩૬ | ૦૯-૦૮-૧૦ |
| 41 | 8 | દિવેલ | ૨૩૬૦ | ૧૬-૧૦-૧૧ |

| | | | | |
|---|---|---|---|---|
| 42 | 9 | ઝારોલા-૨ | ૫૧૪૫ | ૧૯-૦૪-૦૦ |
| 43 | 10 | ગૉરેલ | ૩૨૮૦ | ૧૬-૧૦-૧૧ |
| 44 | 11 | વાંછિયેલ | ૨૪૨૬ | ૧૮-૧૨-૦૮ |
| 45 | 12 | નાપા તળપદ-૨ | ૯૨૭૭ | ૦૫-૧૨-૦૩ |
| 46 | 13 | વહેરા | ૫૬૩૮ | ૩૧-૦૭-૧૧ |
| 47 | 14 | વાસણા(રાસ) | ૩૧૮૨ | ૩૦-૧૧-૦૯ |
| 48 | 15 | નામણ | ૨૯૩૧ | ૧૮-૧૨-૦૮ |
| 49 | 16 | ભાદરણ-૨ | ૧૦૧૪૭ | ૦૬-૦૧-૦૭ |
| 50 | 17 | અલારસા-૨ | ૮૮૭૫ | ૩૦-૦૯-૨૦૦૩ |
| 51 | 18 | હરખાપુરા | ૧૭૭૯ | ૧૮-૦૨-૨૦૧૧ |
| તાલુકો આંકલાવ | | | | |
| | SR. NO. | સેજો | વસ્તી | ક્યારથી ખાલી છે. |
| 52 | 1 | આસોદર-૨ | ૮૮૧૧ | ૩૦-૦૯-૦૩ |
| 53 | 2 | અંબાવ | ૪૩૪૪ | ૦૨-૦૪-૧૦ |
| 54 | 3 | કંથારિયા | ૩૮૦૦ | ૦૯-૦૮-૧૦ |
| 55 | 4 | ગંભીરા-૨ | ૭૦૩૮ | ૨૬-૦૯-૦૩ |
| 56 | 5 | નવાખલ, માનપુરા | ૫૮૧૯-૧૭૨૦ | ૧૧-૦૯-૧૦ |
| 57 | 6 | બામણગામ(૨) | ૮૨૨૦ | ૨૭-૧૧-૦૮ |
| 58 | 7 | ભેટાસી(વા) | ૪૦૯૭ | ૧૩-૧૦-૦૮ |
| 59 | 8 | હળદરી | ૨૨૪૯ | ૧૬-૧૦-૦૯ |
| તાલુકો પેટલાદ | | | | |
| | SR. NO. | સેજો | વસ્તી | ક્યારથી ખાલી છે. |
| 60 | 1 | અરડી | ૩૧૯૦ | ૨૫-૦૨-૦૯ |
| 61 | 2 | ચાંગા-૨ | ૬૮૨૮ | ૦૭-૦૭-૯૯ |
| 62 | 3 | ભારેલ | ૧૫૪૪ | ૧૦-૦૧-૦૭ |
| 63 | 4 | નાર-૨ | ૭૭૪૨ | ૧૦-૦૧-૦૩ |
| 64 | 5 | પાળજ-૨ | ૭૪૬૯ | ૧૬-૦૧-૯૭ |
| 65 | 6 | પંડોળી-૨ | ૧૩૪૮૦ | ૧૦-૦૧-૦૩ |
| 66 | 7 | બામરોલી મહુડીયાપુરા | ૫૧૦૩-૧૮૮૯ | ૩૧-૦૫-૧૦ |
| 67 | 8 | ભવાનીપુરા | ૨૮૭૪ | ૧૬-૧૦-૦૯ |
| 68 | 9 | ભાટીયેલ | ૨૨૯૦ | ૧૬-૧૦-૦૯ |
| 69 | 10 | ભુરાકુઈ | ૨૭૧૭ | ૧૬-૧૦-૦૯ |
| 70 | 11 | મહેળાવ-૨ | ૧૧૩૯૮ | ૧૦-૦૧-૦૩ |
| 71 | 12 | મહેળાવ-૩ | ૧૧૩૯૮ | ૨૫-૦૨-૦૯ |
| 72 | 13 | મોરડ | ૩૯૩૬ | ૨૮-૦૧-૦૯ |
| 73 | 14 | સિંહોલ-૨ | ૫૬૫૨ | ૦૫-૦૧-૯૧ |
| 74 | 15 | સુંદરણા | ૪૮૨૬ | ૩૦-૧૧-૦૯ |
| 75 | 16 | શાહપુર વિશ્રામપુરા | ૧૯૪૧-૧૮૧૯ | ૧૮-૦૨-૧૧ |
| 76 | 17 | શેખડી જોગણ | ૧૨૬૦-૨૯૩૮ | ૩૦-૦૯-૦૮ |
| 77 | 18 | આમોદ | ૩૫૫૨ | ૧૬-૦૨-૧૧ |
| 78 | 19 | બોરીયા | ૩૮૫૨ | ૧૬-૦૨-૧૧ |
| 79 | 20 | સુણાવ-૨ | ૫૩૯૯ | ૧૬-૦૫-૯૯ |
| 80 | 21 | માણજ | ૨૮૦૫ | ૧૬-૧૦-૨૦૦૯ |
| 81 | 22 | ફાંગણી | ૩૩૧૭ | ૧૮-૦૨-૧૧ |
| 82 | 23 | લીવરીઝર્વ-૧ | -- | -- |
| 83 | 24 | લીવરીઝર્વ-૨ | -- | -- |
| 84 | 25 | લીવરીઝર્વ-૩ | -- | -- |
| તાલુકો સોજિત્રા | | | | |

| | SR. NO. | સેજો | વસ્તી | ક્યારથી ખાલી છે. |
|---|---|---|---|---|
| 85 | 1 | ખણસોલ કોઠાવી | ૧૦૦૮-૧૧૮૫ | ૧૬-૧૦-૦૯ |
| 86 | 2 | કાસોર-૨ | ૧૨૦૩૧ | ૨૫-૧૧-૦૮ |
| 87 | 3 | ગાડા | ૩૧૧૬ | ૨૬-૦૯-૦૭ |
| 88 | 4 | દેવાવાંટા | ૨૪૬૪ | ૧૬-૧૦-૦૯ |
| 89 | 5 | દેવાતળપદ-૨ | ૬૯૫૬ | ૩૦-૦૪-૯૯ |
| 90 | 6 | પેટલી | ૩૮૬૮ | ૧૬-૧૦-૦૯ |
| 91 | 7 | મલાતજ-૨ | ૪૬૬૬ | ૧૩-૦૧-૯૫ |
| 92 | 8 | ડભોઉ-૨ | ૫૫૭૬ | ૦૧-૧૨-૯૩ |
| 93 | 9 | બાંટવા | ૧૧૭૭ | ૧૮-૦૨-૨૦૧૧ |
| 94 | 10 | રૂણ | ૧૫૬૫ | ૧૮-૦૧-૧૦ |

---------

## પંચમહાલ જિલ્લામાં ગૌચર અને સરકારી જમીનની હરાજી વગર ફાળવણી

અતારાંકિતઃ ૫૦૬૬ (૧૧-૧૧-૨૦૧૧) **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૦–૦૯–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંચમહાલ જિલ્લામાં સરકારી પડતર, ગૌચર અને ખરાબાની જમીન હરાજી કર્યા વગર કેટલી જમીન કોને, શા ભાવે કયારે આપવામાં આવી ?

**મહેસુલ મંત્રીશ્રી :** (૧૩-૨-૨૦૧૨)

**સામેલ પત્રક મુજબ**

| ક્રમ | જમીન મેળવનારનું નામ | જમીનની વિગત : સર્વે નંબર, ગામ તથા તાલુકાનું નામ | જમીનનું સદર | ક્ષેત્રફળ હે.-આરે-ચો.મી. | જમીનની ફાળવણીના હુકમ નંબર અને તારીખ | જમીનની પ્રતિ ચો. મી. લેખે કિંમત | વસુલ કરેલ કિંમત રૂપિયા | રિમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ષ ૧-૧૦-૦૬ થી તા. ૩૦-૯-૦૭ | | | | | | | | |
| ૧ | શ્રી મોહનભાઈ ગુલાબભાઈ પટેલ ડ્રાયવર, એ.સી.બી. કચેરી | મોજે : ગોધરાના સ. નં. ૨૩૫ | સરકારી પડતર | ૭૦ ચો.મી. | જમન/વશી. ૪૧૬૧ તા. ૧-૧૨-૦૬ | ૪૮૦.૦૦ | ૩૩,૬૦૦.૦૦ | રહેણાંક માટે |
| ૨ | શ્રીમતી શીલ્પાબેન વ્યાસ રહેવાશી : ઘોઘંબા | મોજે : ફરોડ, તા. ઘોઘંબાના સ.નં. ૪૧૮ | -,,- | ૪૦૪૭ ચો.મી. | જમન/વશી. ૪૨૭૧ તા. ૭-૧૨-૦૬ | ૩૫.૦૦ | ૧,૪૧,૬૪૫.૦૦ | પોલ્ટ્રીફાર્મ માટે |
| ૩ | એલેમ્બીક કંપની, મુ. પો. પાનેવાલ | મોજે : પાનેવાલ, તા. હાલોલના સ.નં.૭૯/બી | -,,- | ૨૦,૦૦૦ ચો.મી. | જમન/વશી. ૫૫/૦૭ તા. ૧૧-૧-૦૭ | ૭૫.૦૦ | ૧૫,૦૦,૦૦૦.૦૦ | ઔદ્યોગિક હેતુ |
| ૪ | વણકર કોયાભાઈ ઘુળાભાઈ રહે. શામણા, તા. હાલોલ | મોજે : શામણા, તા. હાલોલના સ.નં. ૬૫ પૈ. | -,,- | ૨૦૦ ચો.મી. | જમન/વશી. ૧૯૯ તા. ૧૫-૨-૦૭ | ૫૦.૦૦ | ૧૦,૦૦૦.૦૦ | માજી સૈનિક |
| વર્ષ ૧-૧૦-૦૭ થી તા. ૩૦-૯-૦૮ | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | સપના બળવંતસિંહ પરીહાર, લુણાવાડા | મોજે : લુણાવાડાના સ.નં. ૧૧૨/અ પૈ. | સરકારી પડતર | ૧૬૦૦ ચો.મી. | જમન/વશી. ૨૭૪ તા. ૧૬-૨-૦૮ | ૪૨૫.૦૦ | ૬,૮૦,૦૦૦.૦૦ | મસાલા ઉધોગ માટે |
| ૨ | શ્રી દિપક શીવશંકર દવે, રહે. લુણાવાડા | -,,- | -,,- | ૧૬૦૦ ચો.મી. | જમન/વશી. ૨૭૫ તા. ૧૬-૨-૦૮ | ૪૨૫.૦૦ | ૬,૮૦,૦૦૦.૦૦ | મસાલા ઉધોગ માટે |
| ૩ | ગુણેલી દુધ ઉત્પા. સહકારી મંડળી, તા. શહેરા | મોજે : ગુણેલી, તા. શહેરાના સ.નં. ૧૪/બ પઉ ૧ પૈ. ૧ | -,,- | ૨૦૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૨૬૪ તા. ૧૪-૫-૦૮ | ૧૦૧.૦૦ | ૨૦,૧૬૦.૦૦ | દુધ મંડળી |
| વર્ષ ૧-૧૦-૦૮ થી તા. ૩૦-૯-૦૯ | | | | | | | | |
| ૧ | ધી વાવ ધનસર દુધ ઉત્પા. સહ. મંડળી, તા. હાલોલ | મોજે. વાવ ધનસર તા. હાલોલ | ગામતળ | ૨૦૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૧૨૪ તા. ૪-૨-૦૯ | ૧૫૦.૦૦ | ૩૦,૦૦૦.૦૦ | દુધ મંડળી |
| ૨ | શ્રી શાંતીલાલ કાળુભાઈ વણકર, રહે. પટ્ટણ, તા. લુણાવાડા | મોજે : લુણાવાડા, ૧૧૨/અ પૈ. ૧ પૈ. ૧ | સરકારી પડતર | ૧૦૦ ચો.મી. | જમન/વશી. ૪૧૫ તા. ૧૭-૨-૦૯ | ૭૦૦.૦૦ | ૭૦,૦૦૦.૦૦ | માજી સૈનિક |
| ૩ | શ્રી દેવેન્દ્ર ભરતસિંહ રાઠોડ, રહે. લુણાવાડા | -,,- | -,,- | ૧૦૦ ચો.મી. | જમન/વશી. ૪૧૪ તા. ૧૭-૨-૦૯ | ૭૦૦.૦૦ | ૭૦,૦૦૦.૦૦ | -,,- |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | શ્રી કૃષ્ણબહાદુરસિંહ ભરતસિંહ રાઠોડ, રહે. લુણાવાડા | -,,- | -,,- | ૧૦૦ ચો.મી. | જમન/વશી. ૪૧૭ તા. ૧૮-૨-૦૯ | ૭૦૦.૦૦ | ૭૦,૦૦૦.૦૦ | -,,- |
| ૫ | ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી | મોજે : તા. ગોધરાના સ.નં. ૩૧૨/૩અ | -,,- | ૭૦૪ ચો.મી. | જમન/વશી. ૪૦૧ તા. ૨૦-૩-૦૯ | ૫૦૩.૦૦ | ૩,૫૩,૭૬૦.૦૦ | ફીઝીયોથેરાપી સેન્ટર માટે |
| ૬ | કથોલો દુધ ઉત્પા. સહ. મંડળી | મોજે : કથોલા તા. હાલોલના સ.નં. ૧૧૬/૩ | -,,- | ૪૬ ચો.મી. | વીપી/જમન/વશી. ૨૨૮ તા. ૧-૭-૦૯ | ૪૩.૦૦ | ૧,૯૬૪.૦૦ | દુધ મંડળી |
| વર્ષ ૧-૧૦-૦૯ થી તા. ૩૦-૯-૧૦ | | | | | | | | |
| ૧ | ધી ભમરીયા દુધ ઉત્પા. સહ. મંડળી | મોજે : ભમરીયા, તા. હાલોલના સ.નં. ૧૩૦/૪/૨ | સરકારી પડતર | ૧૫૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૪૯૧ તા. ૧૮-૨-૧૦ | ૧૧૦.૦૦ | ૧૬,૫૦૦.૦૦ | દુધ મંડળી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૨ | શ્રી સુરેન્દ્રકુમાર જમીયતરામ પાઠક, રહે. શહેરા | મોજે : શહેરાના સી.સ.નં. ૧૪૬૦ | -,,- | ૭૬ ચો.મી. | વીપી/જમન/વશી. ૧૦૧૫-૨૧ તા. ૩-૪-૧૦ | ૫૦૨.૦૦ | ૩૮,૧૩૦.૦૦ | ભાડાપટ્ટાની જમીન કાયમથી |
| ૩ | ધી હાંસેલાવ દુધ ઉત્પા. સહ. મંડળી | મોજે : હાંસેલાવ, તા. શહેરા | -,,- | ૨૦૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૧૩૩૬-૪૩ તા. ૬-૫-૧૦ | ૧૧૫.૦૦ | ૨૩,૦૦૦.૦૦ | દુધ મંડળી |
| ૪ | જીવ કલ્યાણ પાંજળાપલળ, પરવડી, તા. ગોધરા | મોજે : પરવડી તા. ગોધરાના સ. નં. ૧૭૨ | -,,- | ૬૩૭૪ ચો.મી. | જમન/વશી. ૯૭૯૨-૯૮ તા. ૯-૭-૧૦ | ૨૦૦.૦૦ | ૧૨,૭૪,૮૦૦.૦૦ | ગૌશાળા |
| ૫ | ધી તલવાડી દુધ ઉત્પા. સહ. મંડળી | મોજે : તલવાડી તા. હોસોલના સ. નં. ૧૨૭ | -,,- | ૨૦૦ ચો.મી. | વપી/જમન/વશી. ૨૬૫૧-૫૮ તા. ૯-૯-૧૦ | ૮૦.૦૦ | ૧૬,૦૦૦.૦૦ | દુધ મંડળી |
| વર્ષ ૧-૧૦-૧૦ થી તા. ૩૦-૯-૧૧ | | | | | | | | |
| ૧ | કાર્યપાલક ઈજનેરશ્રી, જેટકો, જાંબુઆ, વડોદરા | મોજે : ડીટવાસ, તા. કડાણાના સ. નં. ૧૦૧ પૈ. ૧૧ | સરકારી પડતર | ૪૯૦૦ ચો.મી. | વપી/જમન/વશી. ૩૩૫૩-૩૩૬૦ તા. ૨૫-૧-૧૦ | ૩૭૫.૦૦ | ૧૮,૩૭,૫૦૦.૦૦ | ૬૬ કેવી. સબસ્ટેશન |
| ૨ | કાર્યપાલક ઈજનેરશ્રી, જેટકો, જાંબુઆ, વડોદરા | મોજે : સવદાસનાં મુવાડા, તા.લુણાવા-ડાના સ. નં. ૩૧,૩૩,૩૫,૩૬,૩૭ | સરકારી પડતર | ૯૦,૦૦૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૩૪૭૫-૮૦ તા. ૩-૧૨-૧૦ | ૭૨.૦૦ | ૬૪,૮૦,૦૦૦.૦૦ | -,,- |
| ૩ | શ્રી આરીફહુસેન ભાગલીયા, જી. ગ્રા. વિ. એ. | મોજે : ગોધરા સ.નં. ૫૩૨ (સી સ.નં. ૮૫૦) | -,,- | ૫૪ ચો.મી. | વીપી/જમન/વશી. ૨૭-૩૩ તા. ૪-૧-૧૧ | ૨૨૦૦.૦૦ | ૧,૧૮,૮૦૦.૦૦ | રહેઠાણ |
| ૪ | ધી લકડીપોયડા દુધ ઉત્પા. સહ. મંડળી | મોજે : લકડીપોયડા તા. લુણાવાડાના સ.નં. ૩૯૪/૧ | -,,- | ૨૦૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૨૨૨-૨૩૦ તા. ૧૩-૧-૧૦ | ૧૭૫.૦૦ | ૩૫,૦૦૦.૦૦ | દુધ મંડળી |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૫ | ધી વક્તાપુરા દુધ ઉત્પા. સહ. મંડળી | મોજે : કડાછલા, તા.લુણાવાના સ.નં. ૧૩૫ | -,,- | ૨૦૦ ચો.મી. | વીપી/જમન/વશી. ૨૧૯૭-૨૨૦૪ તા. ૧૫-૬-૧૦ | ૧૫૦.૦૦ | ૩૦,૦૦૦.૦૦ | દુધ મંડળી |
| ૬ | ગોપાલક વિકાસ મંડળ, અણીયાદ | મોજે : અણીયાદ, તા. શહેરાના સ.નં. ૧૯૬/૨ | -,,- | ૨૨૨૬ ચો.મી. | વીપી/જમન/વશી. ૨૪૬૬ તા. ૨૪-૭-૧૧ | ૨૨૫ | ૫,૫૦૦,૮૫૦.૦૦ | શૈક્ષણિક |

## નર્મદા જિલ્લામાં રેવન્યુ કોડની કલમ-૭૩.એએ હેઠળ જમીનની માંગણી

અતારાંકિતઃ ૫૦૮૩(૧૧-૧૧-૨૦૧૧) **શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા** (પોરબંદર) :

**માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૯-૨૦૧૧ ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ-૭૩.એએ હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી જમીનની કોના દ્વારા મંજુરી માંગવામાં આવી, અને

(૨) તે પૈકી કોને કેટલી જમીનની મંજૂરી આપવામાં આવી?

**મહેસૂલ મંત્રીશ્રી** (તા.૪-૨-૨૦૧૨)

(૧) સામેલ પત્રક–૧ મુજબ

(૨) સામેલ પત્રક–૨ મુજબ

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

**ગાંધીનગર તાલુકામાં ખોટા દસ્તાવેજો કરી જમીન પચાવી પાડવા બાબત**

અતારાંકિતઃ ૫૧૯૫ (૨૫-૧૧-૨૦૧૧) **શ્રી દેવજીભાઇ ગો. ફતેપરા(હળવદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૧૫–૧૦–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં સરકાર સમક્ષ ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર તાલુકાના મોજે નાના–ચિલોડાના રે. સર્વે નં. ૨૪૩ અને ૨૫૬ની જમીન ભૂ–માફીયા અને બેનામી ખેડૂત ખાતેદારો દ્વારા ગેરકાયદેસર વેચાણ દસ્તાવેજ કરી જમીન પચાવી પાડવાની ફરીયાદ આવેલ છે કે કેમ,

(૨) સદરહુ જમીન વારસાઈ–હક્કના વારસદારના નામ ખોટી રીતે કમી કે રદ કરવામાં આવેલા છે કે કેમ,

(૩) વેચાણ–દસ્તાવેજ ખોટી રીતે નોંધવામાં અને એન.એ./એન.ઓ.સી. ખેડૂત ખાતેદારોના નામે ક્યા સંજોગોમાં કરવામાં આવ્યા, અને

(૪) આ કાર્યવાહીમાં સંડોવાયેલા સામે કાયદાકીય શું પગલાં લેવામાં આવ્યા?

**મહેસૂલ મંત્રીશ્રી** (તા.૧૭-૨-૨૦૧૨)

(૧) હા, જી

(૨) ના, જી

(૩) ભારતીય નોંધણી અધિનિયમ–૧૯૦૮ તથા સ્ટેમ્પ એક્ટ ૧૯૫૮ ની જોગવાઈ અન્વયે દસ્તાવેજની નોંધણી કરવામાં આવેલ છે તેમજ જમીનના રેકર્ડનું ટાઇટલ ક્લીયર હોવાથી રહેણાંકના હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**સરસ્વતી સાધના યોજના હેઠળ મળેલ અરજીઓ**

અતારાંકિતઃ ૫૪૩૬(૬-૧-૨૦૧૨) **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦–૬–૨૦૧૧ ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી, અને

(૨) કેટલી અરજીઓ મંજૂર કરીને કેટલી સહાય ચુકવવામાં આવી ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી** (તા.૧૫-૨-૨૦૧૨)

(૧) અને (૨)

તા. ૩૦-૬-૧૧ ની સ્થિતિએ સરસ્વતી સાધના યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને મંજૂર કરીને ચૂકવેલ સહાયની વિગતો

અનુસૂચિત જાતિ અંગેની વિગતો પત્રક-૧ અને વિકસતી જાતિ અંગેની વિગતો પત્રક-૨માં સામેલ છે. *પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

તા.૨૨મી માર્ચ, ૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો (પાંચમી અતારાંકિત યાદી)

**ગરીબ કલ્યાણ મેળાઓમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા લોકોને ચુકવેલ સહાય**

અતારાંકિતઃ ૫૮૮૧ (૬-૧-૨૦૧૨) **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૧૫–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં વિવિધ જગ્યાએ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં લોકોને સમાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય / વળતર / રાહત ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષવાર અને જિલ્લાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ક્યારે ક્યારે ચુકવવામાં આવી?

**સા. ન્યા. મંત્રી શ્રી** (તા. ૯-૨-૨૦૧૨)

(૧) હા જી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા તેના હસ્તકના ખાતાના વડા તથા બોર્ડ /કોર્પોરેશન દ્વારા સહાય ચૂકવવામાં આવેલ છે.

(૨) વર્ષવાર અને જિલ્લાવાર ચૂકવાયેલ સહાયનું યોજનાવાર પત્રક સામેલ છે.

*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

---------

**ગરીબ કલ્યાણ મેળાઓમાં રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ દ્વારા લોકોને ચુકવાયેલ સહાય**

અતારાંકિતઃ ૫૮૮૨ (૬-૧-૨૦૧૨) **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૨૫–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વિવિધ જગ્યાએ યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં લોકોને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓના વિભાગ કે તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોઈ સહાય/વળતર/રાહત ચૂકવવામાં આવી છે, કે કેમ, અને

(૨) જો હા, તો વર્ષવાર અને જિલ્લાવાર કઈ કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય કયારે કયારે ચૂકવવામાં આવી.

**માનનીય રમતગમત મંત્રીશ્રી** (૮-૨-૨૦૧૨)

(૧) હા,

(૨)

| ક્રમ | વર્ષ | જિલ્લાનું નામ/તાબાની કચેરીનું નામ | યોજનાનું નામ | ચુકવવામાં આવેલ રકમ | મેળાનું નામ | મેળાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | તા. ૧૬-૧૨-૦૬ થી તા. ૧૫-૧૨-૦૭ | - | - | - | - | - |
| ૨ | તા. ૧૬-૧૨-૦૭ થી તા. ૧૫-૧૨-૦૮ | - | - | - | - | - |
| ૩ | તા. ૧૬-૧૨-૦૮ થી તા. ૧૫-૧૨-૦૯ | - | - | - | - | - |
| ૪ | તા. ૧૬-૧૨-૦૯ થી તા. ૧૫-૧૨-૧૦ | જી અમદાવાદ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અમદાવાદ | નિવૃત રમતવીરોને પેન્શન ચૂકવવાની યોજના અંતર્ગત | ૩,૪૨,૦૦૦ | વિરમગામ | તા. ૦૭-૦૧-૧૦ |
| ૫ | તા. ૧૬-૧૨-૧૦ થી તા. ૧૫-૧૨-૧૨ | જી. ભાવનગર જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ભાવનગર | નિઃ સહાય કલાકારોને આર્થિક સહાય ચૂકવવાની યોજના અંર્તગત | ૭૮૦૦ | શિહોર | તા. ૦૩-૧૧-૧૧ |
| | | | | ૧૮૦૦ | બોટાદ | તા. ૪-૧૧-૧૧ |
| | | | | ૧૨૦૦ | ગારીયાધાર | તા. ૧૧-૧૧-૧૧ |
| | | | | ૨૪૦૦ | પાલીતાણા | તા. ૧૯-૧૧-૧૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | ૧૨૦૦ | ભાવનગર | તા. ૨૧-૧૧-૧૧ |
| | | | **કુલઃ** | **૧૪,૪૦૦** | | |

**રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કુવાઓ-બોરવેલ ઉપર વીજ જોડાણ માટેની અરજીઓ**

અતારાંકિતઃ ૫૮૭૧ (૬-૨-૨૦૧૨) **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૧ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર કુવાઓ–બોરવેલ ઉપર પાંચ હોર્સ પાવર કે તેથી વધુ હોર્સ પાવરની મોટર મૂકવા વીજ જોડાણ મેળવવા કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) આ પડતર અરજીઓનો નિકાલ સરકાર ક્યારે કરવા માગે છે ?

**મુખ્ય મંત્રીશ્રી** (ઉર્જા) (૬-૧-૨૦૧૨)

(૧) રાજકોટ જિલ્લામાં તા. ૩૦–૧૧–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુવાઓ–બોરવેલ ઉપર અને પાંચ હોર્સપાવર કે તેથી વધુ હોર્સપાવરની મોટર મુકવા વીજ જોડાણ મેળવવા માટે મળેલ

(૨) અરજીઓ અને તે પૈકી પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| **તાલુકો** | **૨૦૦૯** | **૨૦૧૦** | **૨૦૧૧ (તા.૩૦/૧૧/૧૧ની સ્થિતિએ)** | **તે પૈકી પડતર અરજીઓ (તા.૩૦/૧૧/૧૧ની સ્થિતિએ)** |
|---|---|---|---|---|
| ઉપલેટા | ૧૧૩૫ | ૭૩૮ | ૬૯૪ | ૨૨૦૨ |
| કોટડા | ૫૯૦ | ૪૬૬ | ૫૧૦ | ૧૪૦૨ |
| ગોંડલ | ૨૩૬૫ | ૧૩૯૧ | ૧૪૭૦ | ૪૮૦૮ |
| જસદણ | ૨૫૪૬ | ૧૪૭૯ | ૭૩ | ૩૯૧૮ |
| જામકંડોરણા | ૧૩૩૨ | ૪૮૭ | ૪૪૨ | ૨૨૨૨ |
| જેતપુર | ૧૦૫૦ | ૮૭૧ | ૮૧૭ | ૨૦૫૨ |
| ટંકારા | ૮૫૩ | ૩૯૦ | ૮૧૩ | ૨૦૨૧ |
| ધોરાજી | ૭૯૦ | ૫૩૯ | ૪૬૦ | ૧૩૪૬ |
| પડધરી | ૧૦૭૧ | ૫૧૬ | ૮૪૨ | ૨૩૫૦ |
| માળીયા | ૦ | ૦ | ૦ | ૦ |
| મોરબી | ૨૮૪ | ૧૯૦ | ૨૮૭ | ૭૦૧ |
| રાજકોટ | ૧૧૮૯ | ૭૫૫ | ૧૨૭૨ | ૩૦૯૫ |
| લોધીકા | ૫૭૩ | ૩૫૭ | ૪૨૧ | ૧૨૫૦ |
| વાંકાનેર | ૭૧૩ | ૪૧૦ | ૮૧૦ | ૧૮૬૩ |

(૩) ખેતી વિષયક વીજજોડાણ એ સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિ વર્ષ વીજ ઉત્પાદન અને વીજમાંગ વચ્ચે સંકલન જાળવીને ઉપલબ્ધ માળખાગત સુવિધા, નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવાર નાણાકીય આયોજનને ધ્યાને લઈને તબક્કાવાર વીજજોડાણો આપવાનું આયોજન કરવામાં આવતું હોય છે. પ્રતિ વર્ષ શક્ય તેટલા વધુ ખેતી વિષયક વીજજોડાણો આપવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

-----------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| | | | |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | ૪૯૮૧, ૫૦૪૨, ૫૮૫૩, ૫૮૬૪ | ૪ |
| ૨ | નાણા વિભાગ | ૫૪૩૦ | ૧ |
| ૩ | વન અને પર્યાવરણ વિભાગ | ૫૪૨૦ | ૧ |
| ૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૫૮૫૬ | ૧ |
| ૫ | ગૃહ વિભાગ | ૫૨૬૭ | ૧ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૫૦૪૮, ૫૨૬૫, ૫૯૦૨, ૫૯૭૪ | ૪ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૫૬૪૧ | ૧ |
| ૮ | કાયદા વિભાગ | ૫૨૬૮, ૫૪૨૬ | ૨ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ | ૫૧૦૪, ૫૨૬૩, ૫૪૩૨, ૫૪૩૮, ૫૫૨૭, ૫૫૨૮, ૫૫૨૯, ૫૫૩૦, ૫૫૩૧, ૫૫૩૨, ૫૫૩૩, ૫૫૩૪, ૫૫૩૬, ૫૫૩૯, ૫૫૪૦, ૫૫૪૧, ૫૫૪૩, ૫૫૪૪, ૫૫૪૫, ૫૫૪૬, ૫૫૪૭, ૫૫૪૯, ૫૫૫૦, ૫૫૫૧, | ૨૭ |

| | | | |
|---|---|---|---|
| | | ૫૬૩૮, ૫૮૭૫, ૫૮૮૩ | |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૦૯૪ | ૧ |
| ૧૧ | મહેસુલ વિભાગ | ૫૦૬૬,૫૦૮૩,૫૧૯૫ | ૩ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૫૪૩૬,૫૮૮૧ | ૨ |
| ૧૩ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૫૮૮૨ | ૧ |
| ૧૪ | ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ | ૫૮૭૧ | ૧ |
| | | **કુલ** | **૫૦** |

# શોકદર્શક ઉલ્લેખ

## ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોર, તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લખો

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોરના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્ર દા. મોદી(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોરનું તારીખ ૩જી માર્ચ, ૨૦૧૨ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી ભાભોરનો જન્મ ૯મી જુલાઇ, ૧૯૨૬ના રોજ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના કુંડલા ગામે આદિવાસી ખેડૂત પરિવારમાં થયો હતો. તેઓશ્રીએ ઇન્ટર સુધીનો અભ્યાસ કર્યો હતો.

સ્વાતંત્ર્ય સેનાની સ્વર્ગસ્થ શ્રી ભાભોરે ૧૯૪૨માં હિંદ છોડો ચળવળમાં નાની ઉંમરે સક્રિય ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ ભીલ સેવા મંડળ, દાહોદ દ્વારા આદિવાસીઓમાં સમાજ સુધારણા, કેળવણી અને સહકારી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો અને એસ.ટી. સલાહકાર સમિતિ વડોદરા વિભાગના સક્રિય સભ્ય તરીકે પ્રસંશનીય કામગીરી કરેલ હતી.

સ્વર્ગસ્થ શ્રી ભાભોરે બીજી ગુજરાત વિધાનસભામાં સંતરામપુર મત વિસ્તારના ધારાસભ્ય તરીકે લોકોનું પ્રતિનિધિત્વ કર્યું હતું. સ્વર્ગસ્થ શ્રી ભાભોર ખોખો, વોલીબોલ વગેરે રમતોનો શોખ ધરાવતા હતા. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્દગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

### ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ

**શ્રી નરેન્દ્ર દા. મોદી(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારાનું તારીખ ૧૪મી માર્ચ, ૨૦૧૨ના રોજ ૫૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ શ્રી કટારાનો જન્મ ૧૬મી માર્ચ, ૧૯૫૪ના રોજ દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના હિંગલા મુકામે થયો હતો. તેઓશ્રીએ એસ.એસ.સી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને ખેતી તથા પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા હતા.

સ્વર્ગસ્થ શ્રી કટારાએ નાની ભૂગેડી સેવા સહકારી મંડળી લિમિટેડ, ફતેપુરાના પ્રમુખ તરીકે અને દાહોદ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ આપી હતી. તેઓશ્રીએ તેમના મત વિસ્તારમાં આદિવાસી લોકોના શિક્ષણ માટે જુદી જુદી જગ્યાઓએ આઇ.ટી.આઇ., સી.પી.એડ કોલેજ, બી.એડ કોલેજ, હાઇસ્કૂલો તેમજ આશ્રમશાળાઓની સ્થાપના માટે શિક્ષણ ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું હતું. તેઓશ્રીએ

ભાણા સીમલજૂથ પાણી પુરવઠા યોજનાની શરૂઆત કરવામાં, ચેકડેમના બાંધકામમાં તથા નદી પરના પુલ બાંધવામાં યોગદાન આપી વિકાસના કાર્યો કર્યા હતા, તેમજ વનબંધુ કલ્યાણ યોજના તથા શ્રમવિકાસ યોજનાઓનો ગ્રામજનોને લાભ મળે તે માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આજીવન પ્રવૃત્ત રહ્યા હતા.

સ્વર્ગસ્થ શ્રી કટારાએ અગિયારમી ગુજરાત વિધાનસભામાં ઝાલોદ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે પ્રસંશનીય કામગીરી કરી હતી.

સ્વર્ગસ્થ શ્રી કટારા વાંચન અને લોકસેવામાં ખાસ રસ ધરાવતા હતા.

તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદ્ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

**શ્રી મોહનસિંહ છો. રાઠવા(ભા.રા.કોં)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક ઠરાવ લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોર એ દાહોદ જિલ્લાના વતની હતા. ૩૧ માર્ચ–૨૦૧૨ના રોજ ૮૫ વર્ષની વયે તેઓનું અવસાન થયું છે. શરૂઆતમાં સમગ્ર દાહોદ જિલ્લો ખૂબ પછાત જિલ્લો હતો. વર્ષો પહેલાં શિક્ષણની કોઇ સુવિધા ન હતી. તેવા જમાનામાં તેમણે ઈન્ટર સુધીનો અભ્યાસ કરેલો.

અને શિક્ષણના ક્ષેત્ર અને સામાજિક ક્ષેત્રે બધા ક્ષેત્રોમાં તેમણે સમાજમાં કામ કરીને એક જબરજસ્ત નામના પ્રાપ્ત કરેલ. સ્વાતંત્ર્ય સેનાની તરીકે ૧૯૧૪માં નાની ઉંમરે તેઓએ ભાગ લીધો હતો. કેળવાણીના ક્ષેત્રે, શિક્ષણના ક્ષેત્રે, સહકારી પ્રવૃત્તિમાં સક્રિયપણે ત્યાંના આદિવાસી સમાજના ઉત્થાન માટે તેમણે કામ કરેલું છે. સંતરામપુર મત વિસ્તારના એક ધારાસભ્ય તરીકે તેમણે સક્રિય કામગીરી કરી હતી. તેઓના અવસાનથી રાજ્યે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના પૂર્વ સભ્ય માનનીય ભૂરાભાઇ કટારાનું ૧૪મી માર્ચ ૨૦૧૨ના રોજ ૫૭ વર્ષની વયે કેન્સરના રોગથી અવસાન થયેલ છે. ૧૬ માર્ચ ૧૯૫૪ના રોજ દાહોદ તાલુકાના હિંગલા ગામે તેમનો જન્મ થયો હતો. તેઓએ એસ.એસ.સી. સુધી અભ્યાસ કરેલ હતો. ભૂરાભાઇ સેવાને સહકારી મંડળીના પ્રમુખ તરીકે, દાહોદ જિલ્લાના સભ્ય તરીકે અમૂલ્ય સેવાઓ તેમણે બજાવી હતી. સી.પી.એડ., બી.એડ, હાઇસ્કૂલ, આશ્રમશાળાઓની તેમણે સ્થાપના પણ કરી હતી. શિક્ષણ ક્ષેત્રે, આદિવાસી વિસ્તારોમાં અનેક જુદી જુદી પ્રવૃત્તિઓ તેમણે કરી હતી. તેઓએ ભાણા સીમલજૂથ પાણી પુરવઠા યોજના, ચેકડેમ, નદી પરના પુલો, સંરક્ષણ દિવાલ બાંધવામાં તેમણે યોગદાન આપી તેમના સમાજના અને મત વિસ્તારના લોકો માટે કાર્યો કર્યા છે. ધારાસભ્ય તરીકે તેમણે ખૂબ પ્રશંસનીય કામગીરી બજાવી છે. સદ્ ગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ.

**શ્રી હીરાભાઇ હ. પટેલ(ભા.રા.કોં)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ વિધાનસભાગૃહમાં જે શોક સંદેશ લઇને આવ્યા છે અને મોહનસિંહભાઇએ જેને સમર્થન આપ્યું છે તેમાં મારો સૂર પૂરાવું છું. ઓરિજિનલ પંચમહાલ જિલ્લાના સંતરામપુર તાલુકાના વતની સ્વ.વીરસિંહભાઇ જ્યોતિભાઇ ભાભોર ૮૫ વર્ષની જૈફ વયે દેવલોક પામ્યા છે. તેમની સાથે ઘણા બધા વર્ષો સાથે રહીને કામ કરવાનો મને મોકો મળેલ. વીરસિંહભાઇ પ્રામાણિક, નિષ્ઠાવાન અને સેવા કરવાની વૃત્તિ ધરાવતા હતા. તેમણે બહુ ઉમદા કાર્ય કર્યા છે. ભીલ સેવા મંડળમાં એમણે છેલ્લા શ્વાસ સુધી કામ કર્યું હતું. ધારાસભ્ય તરીકે પણ તેમણે કામ કર્યું છે. સહકારી સંસ્થાઓ, કેળવણીની સંસ્થાઓમાં આજીવન સેવક તરીકે તેમણે કામ કર્યું અને એ આજે

આપણી વચ્ચે નથી.પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને ચિર શાંતિ અર્પે અને એમના કુટુંબીજનોને આ આઘાત સહન કરવાની શકિત અર્પે એવી પ્રાર્થના કરુ છું. એ જ રીતે સંતરામપુરના વતની સ્વ. શ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારા ફતેપુરાના, આજે તો ફતેપુરા તાલુકો બન્યો છે પણ પહેલા સંતરામપુર તાલુકાના વતની હતા. સહકારી ક્ષેત્રે, કેળવણીના ક્ષેત્રે, જિલ્લા પંચાયતમાં, તાલુકા પંચાયતમાં એમાં પણ અમે વર્ષો સુધી સાથે કામ કર્યુ. ખૂબ જ નીડર વ્યકિતત્વ હતું. જે કઇ મનમાં આવે એ સીધું કહેવાની ટેવવાળા, એ પછી એમ ના વિચારે કે હું કોની સાથે વાત કરુ છું. એવું એક આગવું વ્યકિતત્વ ભૂરાભાઇનું હતું અને આજે એ બાહોશ વ્યકિત આપણી વચ્ચે નથી. બહુ નાની વયે એમનું અવસાન થયું છે. પરમકૃપાળુ પરમાત્મા એમના આત્માને પણ ચિર શાંતિ અર્પે અને એમના કુટુંબીજનોને આ દુઃખ સહન કરવાની શકિત અર્પે એવી પ્રાર્થના સાથે વિરમું છું.

**શ્રી બચુભાઇ ના. કિશોરી(ભા.રા.કોં)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી પૂર્વ સભ્યશ્રી વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોર અને પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારાનો જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે તેમાં હું પણ મારો સૂર પૂરાવુ છું. શ્રી ભાભોર અમારા ગુરુજી તરીકે હતા. વર્ષો સુધી એમણે અમારા ઘડતરમાં જે ફાળો આપ્યો છે આજે અમે એમના આભારી છીએ. તેઓ ભીલ સેવા મંડળના આજીવન સેવક હતા. શિક્ષણ, સહકાર તમામ ક્ષેત્રે સંકળાયેલા હતા. સ્વાતંત્ર સેનાની પણ હતા અને તેઓ ખૂબ જ સાદા અને ગાંધીજીની વિચારસરણી ધરાવતા હતા. તેઓએ જે કંઇ દાહોદ જિલ્લાની સેવા કરી છે તે કયારેય પણ ભૂલી શકાય તેવી નથી. તેમના જવાથી દાહોદ જિલ્લાને ખૂબ જ મોટી ખોટ પડી છે. બીજા પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ કટારા, જેઓ જનતા દળથી અમે સાથે હતા. તેઓ ખૂબ બાહોશ, હીરાભાઇએ વાત કરી તેમ નીડર, અને જે કંઇ સાચું હોય તે કહેવાવાળા હતા. તેઓ પણ શિક્ષણ, સમાજ અને આદિવાસી સેવાના તમામ ક્ષેત્રે સંકળાયેલા હતા. તેઓના જવાથી પણ દાહોદ જિલ્લાને ખૂબ મોટી ખોટ પડી છે. પ્રભુ બંન્ને સદ્ ગત આત્માને શાશ્વત શાંતિ અર્પે અને સદગતના કુટુંબીજનોને પણ આ દુઃખ સહન કરવાની શકિત આપે એ જ પ્રાર્થના.

**શ્રી મંગુભાઇ છ. પટેલ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું. સ્વ. વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોર, જેઓ આદિવાસી સમાજમાંથી આવીને આદિવાસી સમાજની ખૂબ મોટી સેવા કરી છે. અને એમના જવાથી આદિવાસી સમાજને એક મોટી ખોટ પડી છે. એજ રીતે સ્વ. ભૂરાભાઇ કટારા જેની સાથે આ ગૃહમાં કામ કરવાનો પણ મોકો મળ્યો છે. સ્વ. ભૂરાભાઇ માટે એમ કહી શકાય કે ખૂબ હિંમતવાન અને ગરીબો માટે આદિવાસીઓ માટે ખાસ કરીને શિક્ષણમાં એમણે જે કામગીરી કરી છે અને સાથેસાથે તેઓ કેટલીક સંસ્થા પણ ચલાવતા હતા. આમ કરીને આદિવાસીઓમાં શિક્ષણ કેવી રીતે વધે એવા છેલ્લે સુધીના એમના પ્રયત્નો હતા. આદિવાસી સમાજના બન્ને નેતાઓ જયારે સ્વર્ગવાસી થયા છે ત્યારે આદિવાસી સમાજને ખૂબ જ મોટી ખોટ પડી છે. એમના આત્માને શાંતિ મળે અને આપના દ્વારા એમના પરિવારને આ દુઃખ સહન કરવાની પ્રભુ શકિત આપે એ જ અભ્યર્થના.

**શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ(ભા.જ.પ.)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઠરાવ લઇને આવ્યા છે એમા હું મારો સૂર પૂરાવુ છું. પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી વીરસિંહભાઇ જયોતિભાઇ ભાભોર અને પૂર્વ ધારાસભ્ય મારા મિત્ર સ્વ.શ્રી ભૂરાભાઇ જેતાભાઇ કટારાનું દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.ભૂરાભાઇ જેતાભાઇ કટારા સાથે અગિયારમી વિધાનસભામાં સાથે કામ કરવાનો મોકો મળ્યો. અને સાથે રહીને જે કામો કરતા હતા એનાથી પણ અમને માર્ગદર્શન મળતું હતું. જ્યારે પંચમહાલ અને દાહોદ જિલ્લા એક હતા ત્યારે શ્રી ભુરાભાઇ જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા. તેઓ મૂળ કુંડલા ગામના વતની હતા અને હાલમાં એમના પુત્રને તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે આદિવાસી પ્રજાની સેવા કરવા મૂકીને ગયા છે. દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારે એક મોટા અને ખૂબ સેવાભાવી આદિવાસી નેતા ગુમાવ્યા છે અને જિલ્લા અને રાજ્યના આદિવાસી સમાજમાં ખૂબ મોટી ખોટ પડી

છે. તેમના આત્માને પ્રભુ સદગતિ આપે અને તેમના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફતને સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના.

**અધ્યક્ષશ્રી :** આ ગૃહના પૂર્વ સભ્યશ્રી વીરસિંહભાઇ જ્યોતિભાઇ ભાભોર અને પૂર્વ સભ્યશ્રી ભુરાભાઇ જેતાભાઇ કટારાના અવસાન અંગે ગૃહના નેતા તરફથી રજૂ થયેલ અને વિરોધ પક્ષના ઉપનેતા તરફથી અનુમોદન મળેલ શોક પ્રસ્તાવમાં હું મારો સૂર પૂરાવું છું. ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી વીરસિંહભાઇ જ્યોતિભાઇ ભાભોરે બીજી ગુજરાત વિધાનસભામાં સંતરામપુર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને જાહેર જીવનમાં અમૂલ્ય યોગદાન આપ્યું હતું. તેઓશ્રીનું ૩જી માર્ચ ૨૦૧૨ ના રોજ ૮૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે જેનાથી ગુજરાતના આદિવાસી સમાજે એક મોભી નેતા ગુમાવ્યો છે. સ્વર્ગસ્થ શ્રી ભાભોરે ૧૯૪૨માં હિન્દ છોડો ચળવળમાં નાની ઉંમરે સક્રિય ભાગ લઇ જેલવાસ ભોગવ્યો હતો. તેઓશ્રીએ ભીલ સેવા મંડળ દાહોદ દ્વારા આદિવાસીઓમાં સમાજ સુધારણા કરવાની સાથે સહકારી પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો હતો. તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક સ્વાતંત્ર્ય સેનાની અને ઉમદા સમાજ સેવક ગુમાવ્યો છે.

એ જ પ્રમાણે ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી ભૂરાભાઇ કટારા કે જેઓએ ૧૧મી ગુજરાત વિધાનસભામાં ઝાલોદ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવીને એક જાગૃત ધારાસભ્ય તરીકે ઉમદા કામગીરી કરી હતી. તેઓશ્રીનું ૧૪મી માર્ચ ૨૦૧૨ના રોજ ખૂબ જ નાની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી કટારા ખેતી તથા પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેમના મત વિસ્તારમાં આદિવાસી લોકોના શિક્ષણ માટે તેમણે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરીને શિક્ષણ ક્ષેત્રે આગવું પ્રદાન કર્યું હતું. વન બંધુ કલ્યાણ યોજના તથા શ્રમ વિકાસ યોજનાઓનો છેવાડાના માનવીને લાભ મળે તે માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં તેઓ હંમેશા અગ્રેસર રહ્યા હતા. તેઓશ્રીના અવસાનથી ગુજરાતે એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. બન્ને સદગત આત્માઓના અવસાનથી ગુજરાતના જાહેર જીવનમાં ભારે મોટી ખોટ પડી છે. પ્રભુ આ સર્વે સદગત આત્માઓને શાશ્વત શાંતિ આપે એવી પ્રાર્થના સાથે આપણે સૌ પોતાના સ્થાન ઉપર ઉભા થઇ બે મિનિટનું મૌન પાળીશું.

**(આ તબક્કે ઊભા થઇ બે મિનિટ મૌન પાળવામાં આવ્યું)**

સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનો તરફ મોકલી આપવામાં આવશે.

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ૨૦૦૬-૨૦૦૭નો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો (.. સતત અંતરાય..) હું સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૦૬-૨૦૦૭ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું. (સતત અંતરાય ) વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો (.. સતત અંતરાય.. )

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર.. પ્લીઝ.. (સતત અંતરાય)નેકસ્ટ.. વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો (.. સતત અંતરાય.. )

**ઓડિટ અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

# વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા અનુમતિ મળેલાં વિધેયકો

**સચિવશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું બારમી ગુજરાત વિધાનસભાના ચાલુ સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૧૨ના વિધેયક ક્રમાંક–૩, ૫, ૬ અને ૮ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધ્યક્ષશ્રી : ઓર્ડર.. ઓર્ડર..

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

વિરોધપક્ષના સભાગૃહમાં હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (સતત અંતરાય)

# વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

### જાહેર સાહસો માટેની સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત

**શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા(સમિતિના પ્રમુખશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, ૧૨મી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરવાની રજા લઉં છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. )

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

### માગણી ક્રમાંક : ૪૨

### ગૃહ વિભાગ

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ ( રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગૃહ વિભાગ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૧૩,૮૮,૩૫,૦૦૦/– ની માગણી ક્રમાંક ૪૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૨ રજૂ કરવામાં આવી.**

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. )

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧** માનનીય સભ્યશ્રી મોહનસિંહભાઇ રાઠવાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨** માનનીય સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩** માનનીય સભ્યશ્રી કુંવરજીભાઇ હળપતિએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૪** માનનીય સભ્યશ્રી છનાભાઇ ચૌધરીએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૫** માનનીય સભ્યશ્રી ભગવાનભાઇ બારડે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૬** માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૭** માનનીય સભ્યશ્રી મણીભાઇ પટેલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૮** માનનીય સભ્યશ્રી ખુમાનસિંહ ચૌહાણે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. )

અધ્યક્ષશ્રી : નહિ, પ્લીઝ.. (.. સતત અંતરાય .. ) માનનીય મંત્રીશ્રી..

**માગણી ક્રમાંક : ૪૩**

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ ( ગૃહમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પોલીસ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૭,૪૪,૯૮,૦૨,૦૦૦/– ની માગણી ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.**

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. )

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૯** માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૦** માનનીય સભ્યશ્રી અમિતકુમાર ચાવડાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૧** માનનીય સભ્યશ્રી અશ્વિન કોટવાલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૨** માનનીય સભ્યશ્રીમતી ચંદ્રીકાબેન બારીયાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૩** માનનીય સભ્યશ્રી ઇકબાલભાઇ પટેલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૪** માનનીય સભ્યશ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૫** માનનીય સભ્યશ્રી નટવરસિંહ ઠાકોરે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૬** માનનીય સભ્યશ્રી રાજેન્દ્રસિંહ પરમારે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૭** માનનીય સભ્યશ્રી સી. કે. રાઉલજીએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૮** માનનીય સભ્યશ્રી હીરાભાઇ પટેલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૧૯** માનનીય સભ્યશ્રી સી. કે. રાઉલજીએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૦** માનનીય સભ્યશ્રી બાબુભાઇ શાહે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૧** માનનીય સભ્યશ્રી શૈલેષ પરમારે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૨** માનનીય સભ્યશ્રી ગ્યાસુદીન શેખે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૩** માનનીય સભ્યશ્રી ચંદુભાઇ ડાભીએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૪** માનનીય સભ્યશ્રી હરિલાલ પટેલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૫** માનનીય સભ્યશ્રી દીતાભાઇ મછારે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૬** માનનીય સભ્યશ્રી ધીરૂભાઇ ભીલે કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**માગણી ક્રમાંક : ૪૪**

**શ્રી પ્રફુલભાઇ ખો. પટેલ ( ગૃહમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું જેલ સેવાને લગતી ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૮૬,૮૬,૫૫,૦૦૦/- ની માગણી ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.**

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. )

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૭** માનનીય સભ્યશ્રી લાલસિંહ વડોદિયાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૮** માનનીય સભ્યશ્રી પ્રભુભાઇ વસાવાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૨૯** માનનીય સભ્યશ્રી બચુભાઇ કિશોરીએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

**કાપ દરખાસ્ત ક્રમાંક : ૩૦** માનનીય સભ્યશ્રી પરેશભાઇ વસાવાએ કાપ દરખાસ્ત રજૂ કરી નહિ.

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. )

**શ્રમ અને રોજગાર વિભાગ**

**માગણી ક્રમાંક : ૫૭**

**શ્રીવજુભાઇ વાળા(શ્રમ અને રોજગાર મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું શ્રમ અને રોજગાર સેવાને લગતી શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૪,૧૪,૮૭,૯૩,૦૦૦/- ની માગણી ક્રમાંક ૫૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૭ રજૂ કરવામાં આવી.**

વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રચ્ચારો, (..સતત અંતરાય.. ) સામે પક્ષે સત્તાધારી પક્ષના કેટલાક સભ્યશ્રીઓએ પોતાના સ્થાન ઉપર ઊભા થઇ સૂત્રોચ્ચાર શરૂ કર્યો. (.. સતત અંતરાય.. )

(અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) માગણી ક્રમાંક : ૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૧ થી ૪૪ પૈકીના સભ્યશ્રીઓ, સભાગૃહમાં હાજર હોવા છતાં કાપ દરખાસ્તો રજૂ કરી નહીં.

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**.

**માગણી ક્રમાંક : ૭૪**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( બંદરો અને વાહનવ્યવહાર વિભાગના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવહનને લગતી સેવા અંગેની બંદરો અને વાહનવ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૬,૨૮,૮૩,૨૮,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૫,૫૫,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક: ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક : ૭૪ રજૂ કરવામાં આવી.**

(સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે )માગણી ક્રમાંક : ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૪૫ થી ૬૦ પૈકીના સભ્યશ્રીઓ, સભાગૃહમાં હાજર હોવા છતાં કાપ દરખાસ્તો રજૂ કરી નહીં.( અંતરાય અને સતત સૂત્રોચ્ચાર.)

**સન ૨૦૧૨-૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી ગુરૂવાર, તા. ૨૨-૩-૨૦૧૨ (નવમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **ગૃહ વિભાગ** **માગણી નં. ૪૨** | | | | |
| ૧. * | ૨૦૫૨-સચિવાલય સેવાઓ ૦૯૦-સચિવાલય રૂ. ૨૧૧,૩૦,૫૪,૦૦૦ અં.પ્ર.નં.૧૨ પા.નં. ૧૬ થી ૧૭ | ૧૦૦ | ઉચ્ચ પોલીસ અધિકારીઓને બડતી આપવામાં ચાલતી ભેદભાવ ભરી નીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨.* | — “ — | ૧૦૦ | પ્રાઇવેટ સિક્યુરીટી ગાર્ડ પાસે હથિયારો લાયસન્સ વગરના હોય છે તે ત્રુટીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩.* | — “ — | ૧૦૦ | ગુન્હાઇત પ્રવૃત્તિ કરનાર ઇસમોને અપાયેલા લાયસન્સો તાકીદે રદ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪.* | — “ — | ૧૦૦ | વસ્તી વધારાની સાપેક્ષમં ગુન્હાખોરી વધતી અટકાવવા મટે જરૂરી પોલીસ કર્મીઓની ઘટ સત્વરે દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫.* | — “ — | ૧૦૦ | રાજ્યમાં ગંભીર ઘટનાઓ અંગે નિમાયેલા તપાસ પંચના અહેવાલો સમયસર પૂર્ણ કરી તંત્રની નિષ્ફળતા. | |
| ૬.* | | ૧૦૦ | સી.બી.આઇ.ને માળખાકીય સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૭.* | — “ — | ૧૦૦ | ધારાસભ્યો/સંસદ સભ્યોએ લખેલા પત્રો અન્વયે અસરકારક કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૮.* | — “ — | ૧૦૦ | રાજ્યમાં જુદા જુદા શહેરો એ વિસ્તારોમાંથી ગુમ થઇ જતાં બાળકોની ભાળ મેળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| **માગણી નં. ૪૩** | | | | |
| ૯.* | ૨૦૫૫-પોલીસ | ૧૦૦ | ભૂમાફીયા વિરુધ્ધ થયેલ પોલીસ | |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૮૭,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૨૫-૨૬ | | ફરીયાદો અન્વયે પોલીસ ઈન્સ્પેકટરરોને નાણાકીય તોડ કરી ભુમાફીયાઓનો બચાવ કરતા અટકાવવામાં તેમજ ઉચ્ચ કક્ષાએથી આવી ફરીયાદોનું મોનીટરીંગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૦.* | — ” — | ૧૦૦ | લાગવગ ધરાવતા પોલીસ ઈન્સ્પેકટરોને સારી જગ્યાએ અપાતુ પોસ્ટીંગ અટકાવી વહીવટને અનુકૂળ નિમણૂંકો આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૧.* | ૨૦૫૫-પોલીસ<br>૦૦૧-નિદેશ અને વહીવટ<br>રૂ. ૧૫,૮૭,૭૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૨૫-૨૬ | ૧૦૦ | કાયદો અને વ્યવસ્થાની કથળેલ સ્થિતિને નિયંત્રણમાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૨.* | — ” — | ૧૦૦ | ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં બદલી/બઢતીઓ અંગે વ્યાપેલ આંતરીક રોષ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૩.* | — ” — | ૧૦૦ | રોજબરોજ ઘરફોડ ચોરી-લૂંટ-ધાડ-બળાત્કારના વધતા કિસ્સાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૪.* | ૨૦૫૫-પોલીસ<br>૦૦૩-શિક્ષણ અને તાલીમ<br>રૂ. ૫૩,૫૨,૦૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૨૭-૨૯ | ૧૦૦ | પોલીસ કર્મચારીઓને કોમ્પ્યુટરની તાલીમ આપવામાં થતો વ્યાપક વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૫.* | ૨૦૫૫-પોલીસ<br>૧૦૧-ગુન્હા... તકેદારી<br>રૂ. ૭૧,૫૭,૯૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૩૦ થી ૩૭ | ૧૦૦ | રાજયમાં થયેલ ગુન્હાઓનો સત્વરે ભેદ ઉકેલવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬.* | ૨૦૫૫-પોલીસ<br>૧૦૯-જિલ્લા પોલીસ<br>રૂ. ૨૨,૧૫,૬૬,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૪૦ થી ૫૫ | ૧૦૦ | સમગ્ર વર્ષ દરમ્યાન દરેક જિલ્લામાં ઉજવાતા સરકારી કાર્યક્રમોમાં વ્યસ્ત રહેવાના કારણે અસામાજિક તત્વોની વધી ગયેલ ગુન્હાઇત પ્રવૃત્તિ નિવારવામાં જિલ્લામાંતંત્રની નિષ્ફળતા. | |
| ૧૭.* | — ” — | ૧૦૦ | રોજબરોજ જુદા જુદા વિસ્તારોમાંથી નાની વયના બાળકોને ગુમ કરતાં તત્વો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૮.* | — ” — | ૧૦૦ | પોલીસ કર્મીઓ પાસેથી યોગ્ય રીતે કામો લેવાના અભાવે વધતી ગુન્હાઇત પ્રવૃત્તિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૯.* | — ” — | ૧૦૦ | દરેક પોલીસ સ્ટેશનમાં પોલીસ કર્મીઓને પોઇન્ટ આપી કાયદો વ્યવસ્થા જાળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦.* | — ” — | ૧૦૦ | ઘરફોડ-ધાડ, હત્યા જેવા ગંભીર | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ગુન્હાઓના ગુન્હેગારોને ઝડપથી પકડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૧.* | — " — | ૧૦૦ | અમદાવાદ શહેરમાં બનતી ગુન્હાઇત પ્રવૃત્તિઓ રોકવામાં પોલીસની નિષ્ક્રિયતાના કારણે પ્રજાને પડતી હાડમારી નિવારમાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૨.* | — " — | ૧૦૦ | અમદાવાદ શહેરના તમામ પોલીસ સ્ટેશનોની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૩.* | — " — | ૧૦૦ | અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિની ફરિયાદો અંગે ઝડપી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૪.* | ૨૦૫૫–પોલીસ<br>૦૦૧–રેલ્વે પોલીસ(કે.પુ.યો)<br>રૂ. ૪૭,૨૭,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૫૬–૫૭ | ૧૦૦ | રેલ્વે સ્ટેશનો અને યાર્ડમાં ચાલતી ગુરકાનૂની પ્રવૃત્તિઓ રોકવામાં અને જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૫.* | ૨૦૫૫–પોલીસ<br>૦૦૧–રેલ્વે પોલીસ(કે.પુ.યો)<br>રૂ. ૪૭,૨૭,૪૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૫૬–૫૭ | ૧૦૦ | કેલ્વેમાં અસામાજિક તત્વો અને વગર લાયસન્સે ફરતા ફેરીયાઓના ત્રાસને સદંતર બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૬.* | ૨૦૫૫–પોલીસ<br>૧૧૨૫–રાજ્ય... આધુનિકરણ (કે.પુ.યો)<br>રૂ. ૧,૩૧,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૬૩ થી ૬૪ | ૧૦૦ | કેન્દ્ર સરકાર તરફથી પોલીસ દળના આધુનિકીકરણ પાછળ મોટી રકમ આપવા છતાં પોલીસ તંત્રનું આધુનિકરણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **માગણી નં. ૪૪** | | |
| ૨૭.* | ૨૦૫૬–જેલ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૩૦,૯૭,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૧૨<br>પા.નં. ૭૪ થી ૭૫ | ૧૦૦ | જેલોમાં ચાલતી વ્યાપક ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૮.* | — " — | ૧૦૦ | જેલોમાં ગુન્હેગારો પાસેથી પ્રતિબંધિત વસ્તુઓ મળતી નિવારી તેની તપાસ કરી જવાબદારો સામે સખત પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૯.* | — " — | ૧૦૦ | જેલોમાં કેદીઓ વચ્ચે થતા ઘર્ષણો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૦.* | — " — | ૧૦૦ | જેલોમાં રહેલા કેદીઓ દ્વારા ઘડાતા ગુન્હાઇત કાવતરાં નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| | | **શ્રમ અને રોજગાર વિભાગમાગણી નં. ૫૭** | | |
| ૩૧.* | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૯,૯૧,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૮ થી ૧૦ | ૧૦૦ | મજૂર અદાલતો દ્વારા શ્રમિકોની તરફેણમાં ચુકાદો અપાયા પછી તેનું સમયસર પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨.* | — ૬ — | ૧૦૦ | શ્રમિકોના પડતર પ્રશ્નોનું નિરાકરણ સત્વરે લાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૩.* | — ૬ — | ૧૦૦ | ૮૦ ટકા સ્થાનિક લોકોને રોજગારી આપવાના પરિપત્રનુ સરેઆમ ઉલ્લંઘન કરતા ઔદ્યોગિક એકમો સામે સખતાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૪.* | — ૬ — | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટી તંત્રને સંગીન બનાવી લાંબા સમયથી એકજ જગ્યાએ ફરજ બજાવતા અધિકારી/કર્મીને અન્યત્ર બદલવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૫.* | — ૬ — | ૧૦૦ | કોઇ પણ દુકાનો/મોલ/સ્ટોર્સ ખુલ્લા રાખવામાં ગુમાસ્તાધારાનું પાલન કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૬.* | — ૬ — | ૧૦૦ | વેપારીઓ સાથેની અધિકારીઓની સાંઠગાંઠના કારણે ગુમાસ્તાધારનું સરેઆમ થતું ઉલ્લંઘન નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૭.* | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–શ્રમ<br>૦૦૧–કામકાજની... સલામતી<br>રૂ. ૧૪,૫૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૧૩ થી ૧૭ | ૧૦૦ | બોઇલર ઇન્સ્પેકટરો દ્વારા કારખનાઓમાં નિયમિત ચકાસણી ના અભાવે દુર્ઘટનાઓ બનતી રોકવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૮.* | ૨૨૩૦–શ્રમ અને રોજગાર<br>૦૧–રોજગાર<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૨,૪૬,૮૪,૦૦૦<br>અં.પ્ર.નં.૧૫<br>પા.નં. ૨૯–૩૦ | ૧૦૦ | લોકોને સરળતાથી રોજગારી મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૯.* | — ૬ — | ૧૦૦ | રોજગાર વિનિમય કચેરીઓના વહીવટી ખર્ચાઓ ઉપર અંકુશ મુકી કરકસર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૦.* | — ૬ — | ૧૦૦ | એમ્પલોયમેન્ટ ગેરંટી સ્કીમ શરૂ કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪૧.* | — ૬ — | ૧૦૦ | બેરોજગાર મહિલાઓને સ્વરોજગાર માટે રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી ઓછા વ્યાજે સરળતાથી લોન મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૨.* | — ૬ — | ૧૦૦ | બેરોજગારોને નોકરી માટેના ઇન્ટરવ્યુ માટે જતાં–આવતાં વિના મુલ્યે એસ.ટી. મુસાફરીનો લાભ સેવા જરૂરી માર્ગદર્શન આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૩.* | — ૬ — | ૧૦૦ | બેરોજગારોની નોંધણી થયા બાદ રોજગારી ન મળે ત્યાં સુધી બેરોજગારી ભથ્થું આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૪.* | — ૬ — | ૧૦૦ | રોજગાર કચેરોને બદલે ખાનગી કંપનીઓ દ્વારા બેરોજગારોના નામો નોંધી રોજગારી પૂરી પડાતી નિવારવા | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા. | |
| **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | | | |
| ૪૫.* | ૨૦૪૧–વાહનો પર કરપોલીસ<br>૧૦૨–મોટર.... નિરીક્ષણ<br>રૂ. ૧,૨૫,૦૨,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં. ૬–૭ | ૧૦૦ | ચેકપોસ્ટો ઉપર થયેલા કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની તપાસમાં થતો અસહ્ય વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૬.* | — " — | ૧૦૦ | એસ.ટી.તંત્રની બસોને ટોલટેક્સ માંથી મુકિત આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૭.* | — " — | ૧૦૦ | અન્ય રાજયોમાંથી આવતા વાહનો દ્વારા થતી વ્યાપક ટેક્સ ચોરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૮.* | — " — | ૧૦૦ | તહેવારો દરમ્યાન ખાનગી બસો દ્વારા ભાડામાં કરાતો બેફામ વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪૯.* | — " — | ૧૦૦ | ખાનગી બસ ચાલકો દ્વારા વાહનોના ખોટા નંબરો દર્શાવી થતી કરચોરી નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૦.* | — " — | ૧૦૦ | આર.ટી.ઓ કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૧.* | ૩૦૫૫–માર્ગ પરિવહન<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૨,૮૧,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં. ૧૩ થી ૧૭ | ૧૦૦ | સરકારી કાર્યક્રમો/ઉત્સવો માટે મોટા પ્રમાણમાં એસ.ટી.ની બસો આપવાથી એસ.ટી.ને થતી ખોટ સરભર કરવા ટોલટેક્સના નામે ભાડામાં કરવામાં આવતો વધારો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૨.* | — " — | ૧૦૦ | સરકારી વાહન વ્યવહાર સેવામાં ડ્રાયવરોની ઘટ પૂરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૩.* | ૩૦૫૫–માર્ગ પરિવહન<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૨,૮૧,૨૧,૦૦૦<br>અં.પ્ર.નં.૨૦<br>પા.નં. ૧૩ થી ૧૭ | ૧૦૦ | એસ.ટી. બસોમાં નિયમિતપણે સફાઇ કરાવવામાં તેમજ ખરાબ હાલતમાં ફરતી બસોને રીપેર કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૪.* | — " — | ૧૦૦ | સરકારના જુદા જુદા કાર્યક્રમોમાં એસ.ટી.ની બસો ભાડે લેવાય છે તે માટે અન્ય વિભાગ દ્વારા અપાતી સૂચનાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૫.* | — " — | ૧૦૦ | અમદાવાદથી સચિવાલય અપડાઉન કરતા કર્મચારીઓ માટે અપાતી પોઇન્ટ બસની સેવામાં સરકારી કાર્યક્રમોને કારણે કાપ ન આવે તેવી સૂચનાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૬.* | — " — | ૧૦૦ | ગાંધીનગરથી વિરપુર જતી બસનો વાયા લીંબડીયા ચોકડી–ખાનપુર–અનથાણી(કડાણા) સુધી રૂટ લંબાવવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૫૭.* | — ૬ — | ૧૦૦ | ગાંધીનગરની પ્રજાને પણ અમદાવાદ શહેર જેવી બી.આર.ટી.એસ.ની સુવિધાઓ સત્વરે આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૮.* | — ૬ — | ૧૦૦ | એસ.જી.હાઇવે પરથી થતી દરેક પોઇન્ટ બસોને રૂટમાં આવતા મોટા બસસ્ટોપ જેવા કે ગોતાબ્રીજ, સોલા ભાગવત, સોલાબ્રીજ, ઇસ્કોન વગેરે દરેક સ્ટેન્ડ પરથી બસોમાં જગ્યા હોવા છતાં પેસેન્જરો લેવાતા નથી તે અટકાવી પેસેન્જરો લેવા ઉતારવાનું ફરજીયાત કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫૯.* | — ૬ — | ૧૦૦ | સાબરમતી આશ્રમરોડ રૂટ પરથી પસાર થતી દરેક પોઇન્ટ બસોને માર્ગમાં આવતા મોટા બસસ્ટેન્ડ જેમ કે સાબરમતી–સુભાષબ્રીજ– વાડજ વગેરે સ્ટેન્ડ પરથી બસોમાં જગ્યા હોવા છતાં લેવા ઉતારવામાં આવતા નથી તે અટકાવી આ સ્થળોએથી મુસાફરોને લેવા ઉતારવાનું ફરજીયાત કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬૦.* | — ૬ — | ૧૦૦ | ગાંધીનગર–અમદાવાદ વચ્ચે દોડતી પોઇન્ટ બસો પૈકી વાયા ઇન્દિરાબ્રીજ, સાબરમતી, આશ્રમરોડ અને સરખેજ હાઇવે પરથી જતી બસોને અલગ અલગ રોડ મુજબ પ્લેટફોર્મ ફાળવવામાં અને બસો ઉભી રાખવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપ દરખાસ્તો સભ્યશ્રીઓએ રજૂ કરી નહીં**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર...ઓર્ડર....માનનીય તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે, આપ શાંતિ જાળવો પ્લીઝ, બેસી જાઓ પ્લીઝ (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) પ્લીઝ, પ્લીઝ, ગઇ કાલે આ ગૃહની સર્વપક્ષીય એવી વિશેષાધિકાર સમિતિને આ તમામ બાબત તપાસ માટે સોંપવામાં આવી છે અને હવે પછી એ તપાસને આધીન છે, આપણે એમાં ચર્ચા કરી ના શકીએ, પ્લીઝ (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) પ્લીઝ. આપણી જે કાંઇ ઉચ્ચ પરંપરા અને પ્રણાલિકાઓ છે, વિધાનસભાના નિયમો છે એનું પાલન કરવા આપ સૌને મારી નમ્ર વિનંતી છે. (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) પ્લીઝ. આ સભ્યશ્રીઓને ચર્ચા કરવા માટે, માગણીઓ માટે મહત્વનો સમય છે (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) પ્લીઝ. આપ સર્વેને બેસી જવા મારી નમ્ર વિનંતી છે, પ્લીઝ. (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) બેસી જાઓ પ્લીઝ. (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર વચ્ચે ) ઓર્ડર...ઓર્ડર...પ્લીઝ. હું, ગૃહની બેઠક સમય ૨.૧૫ સુધી મુલતવી રાખું છું. (બપોરના ૧–૨૮)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૨–૧૫ વાગે ફરી મળી**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**અધ્યક્ષશ્રી** : ઓર્ડર...ઓર્ડર...માનનીય મંત્રીશ્રી, (અંતરાય) પ્લીઝ. આજે ખૂબ જ મહત્વની એવી ગૃહ વિભાગની પણ માગણી હતી. જેલ વિભાગ, શ્રમ અને રોજગાર, પરિવહનની માગણી હતી એમાં તમામ સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લઇ શકે એવું હતું. આપે સહકાર આપવાની જરૂર હતી. જે બાબતનો નિર્ણય થઇ ગયો છે અને બંને પક્ષના સભ્યશ્રીઓ એમાં મેમ્બર છે એવી સમિતિને જયારે વિષય સોંપાયો હોય ત્યારે એ સમગ્ર બાબત તપાસને આધીન છે એમનો રિપોર્ટ આવવા દેવો જોઇએ. પ્લીઝ. આ રીત યોગ્ય નથી. (નગ્ન

તસ્વીર જોનારાને દૂર કરો, દૂર કરો....વિરોધ પક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર) આપને બેસી જવા વિનંતી છે. પ્લીઝ.

માગણી ક્રમાંક – ૪૨, ૪૩, ૪૪, ૫૭ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સભા અંગે.**

**અધ્યક્ષશ્રી :** મારે એક અગત્યની જાહેરાત કરવાની છે કે આજરોજ ગૃહની બેઠકના વિરામ સમયની શરૂઆતમાં ગુજરાત પાર્લામેન્ટરી એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભાના ચોથા માળે આવેલા સમિતિ ખંડ–૧માં રાખવામાં આવી છે તેમાં દરેક સભ્યોએ અચૂક હાજર રહેવા વિનંતી છે. ગૃહ વિરામ સમય સુધી હું મુલતવી રાખું છું. (બપોરના ૨–૧૮ કલાકે)

**વિરામ બપોરના ૨–૩૦ થી ૩–૧૫**

**સભાપતિ ડો.નીમાબેન આચાર્ય અધ્યક્ષસ્થાને**

**સભાપતિશ્રી** : ઓર્ડર..ઓર્ડર..

( આ તબક્કે વિરોધપક્ષના તમામ સભ્યો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા. )(અંતરાય)

# બિન–સરકારી સંકલ્પો

**મિશન મંગલમ્ ને સફળ બનાવવા અંગે**

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કેઃ–

સભાપતિશ્રી : આપ બેસો. સંકલ્પ રજૂ થાય છે. રમેશભાઇનો. (અંતરાય) (સતત સૂત્રોચ્ચાર ચાલુ) આપ બેસો રમેશભાઇનો સંકલ્પ રજૂ થાય છે.

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પોતાનું સ્થાન છોડતા )

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવવાના કામને ટોચ અગ્રતા આપી તેને મૂર્તિમંત કરવા રાજય સરકારે જુદી જુદી અનેક યોજનાઓ/કાર્યક્રમો અમલમાં મૂકેલા છે. તે પૈકી મહિલાઓના સશક્તિકરણ માટે સખીમંડળ યોજના એક વિશિષ્ટ પ્રકારની યોજના છે.(અંતરાય)

સભાપતિશ્રી : આપ બેસો શાંતિથી. શ્રી રમેશભાઇનો સંકલ્પ રજૂ થાય છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : જેના થકી ગરીબ બહેનોને સંગઠિત કરી તેઓને આર્થિક, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક તથા રાજકીય રીતે પગભર કરવવાનો ઉદ્દેશ છે. જેના થકી બહેનોમાં સંગઠિત થવાની જાગૃતિ વધે..

સભાપતિશ્રી : રમેશભાઇ, રમેશભાઇ..

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**નેઇમ કરવા અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રીઓ આજે સવારથી સભાગૃહનું કામકાજ ચાલવા દેતા નથી, પરંતુ પોતાની બેઠક છોડીને આગળના ભાગમાં આવે છે. સૂત્રોચ્ચાર કરે છે. ગૃહની ગરિમાને ઝાંખપ થાય તેવું કામ કરે છે. આજે જે બિઝનેસ છે, તેમાં બિન–સરકારી સંકલ્પો છે (સતત સૂત્રોચ્ચાર ચાલુ )અને આ બિન–સરકારી સંકલ્પો એટલે પ્રાઇવેટ મેમ્બરનો બિઝનેસ કહેવાય અને આ પ્રાઇવેટ મેમ્બરનો

બિઝનેસ વિધાનસભાના ઈતિહાસમાં ભૂતકાળમાં અનેક પ્રસંગો બન્યા, પરંતુ આ પ્રાઈવેટ મેમ્બરનો બિઝનેસ ક્યારેય અટકાવવામાં આવ્યો નથી. આ પ્રમાણે આ બિઝનેસને અટકાવીને આ સમગ્ર સભાગૃહનું કામ ખોરંભે પાડે છે. હાઉસ ઓર્ડરમાં રહેવા દેતા નથી, તેઓ દ્વારા આ ગૃહની કાર્યવાહીમાં ખલેલ કરવામાં આવે છે, એટલા માટે એમને નેઇમ કરવામાં આવે. (સતત સૂત્રોચ્ચાર ચાલુ )

**શ્રી દિલીપભાઇ સંઘાણી (સંસદીય બાબતોના મંત્રીશ્રી )** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદીપસિંહજી જે દરખાસ્ત લઇને આવ્યા છે, તેમને ટેકો આપવા માટે મારે ઉભા થવું પડયું છે. *(xxxxx)(xxxxx)કોંગ્રેસની આખે આખી પાર્ટી આ હાઉસને બાનમાં રાખવા માગે છે.(અંતરાય) અને આ હાઉસને બાનમાં એટલા માટે રાખવા માગે છે કે આ દેશમાં આજદિવસ સુધીમાં કોઇ કૌભાંડ ન થયું હોય એવડું મોટું કૌભાંડ કોંગ્રેસના (xxxxx)તેના કારણે આજની પરિસ્થિતિમાં કોંગ્રેસ આખી સંપીને આ હાઉસને બાનમાં રાખીને પ્રાઇવેટ મેમ્બર બિલ ન ચલાવવા દેતા હોય, તેવા સંજોગોમાં (xxxxx)કોંગ્રેસ હાઉસને બાનમાં રાખવા માગતી હોય. દેશ અને રાજયને જુદી દિશા આપવા માગતી હોય, ત્યારે પ્રાઇવેટ મેમ્બર બિલને નહિ ચાલવા દેવાની વાત, જે અટકાવાનો પ્રયત્ન કરે છે અને પ્રદિપસિંહે જે દરખાસ્ત મૂકી છે તેને હું મારો ટેકો આપું છું.(અંતરાય)

સભાપતિશ્રી : પ્રદીપસિંહભાઈએ જે પ્રસ્તાવ રજૂ કર્યો છે અને સંસદીય મંત્રીશ્રીએ જેને ટેકો આપેલ છે. વિરોધપક્ષના દેખાવો કરી રહેલા તમામ સભ્યોને હું નેઇમ કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું પ્રસ્તાવ રજુ કરું છું કે આપે નેઇમ કરેલા કોંગ્રેસ પક્ષના તમામ ધારાસભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે.

શ્રી પંકજકુમાર વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધયક્ષશ્રી હું પ્રદીપસિંહજીના આ પ્રસ્તાવને ટેકો આપું છું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

સભાપતિશ્રી : હું તમામ સભ્યશ્રીઓને ગૃહની આજની કાર્યવાહીમાંથી દૂર કરું છું.( અંતરાય) સાર્જન્ટો સભ્યોને દૂર કરો, સાર્જન્ટો, દેખાવ કરી રહેલા અને સસ્પેન્ડ કરેલા સભ્યશ્રીઓને નમ્રતાપૂર્વક બહાર લઇ જાઓ. ( અંતરાય) ( આ તબકકે સાર્જન્ટો દ્વારા વિરોધ પક્ષના કેટલાક સભ્યશ્રીઓને બહાર લઇ જવામાં આવ્યા.) હું ગૃહને ૧૫ મિનિટ માટે મુલતવી રાખું છું. **(બપોરના ૩–૨૧)**

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક બપોરના ૩–૩૬ કલાકે ફરી મળી**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# બિન– સરકારી સંકલ્પો (ક્રમશઃ)

### મિશન મંગલમ્ ને સફળ બનાવવા અંગે

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(મુંદ્રા)** : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવવાના કામને ટોચ અગ્રતા આપી તેને મૂર્તિમંત કરવા રાજય સરકારે જુદી જુદી અનેક યોજનાઓ / કાર્યક્રમો અમલમાં મૂકેલા છે. તે પૈકી મહિલાઓના સશક્તિકરણ માટે સખીમંડળ યોજના એક વિશિષ્ટ પ્રકારની યોજના છે, જેના થકી ગરીબ બહેનોને સંગઠિત કરી તેઓને આર્થિક, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક તથા રાજકીય રીતે પગભર કરવાનો ઉદ્દેશ છે, જેના થકી બહેનોમાં સંગઠિત થવાની જાગૃતિ વધે અને સરકારની વિવિધલક્ષી યોજનાઓનો તેઓ લાભ મેળવી શકે. આ માટે તેમને વિવિધ પ્રકારની કૌશલ્ય તાલીમો આપી બેંકો પાસેથી નાણાકીય ધિરાણ / સવલતો અપાવી તથા તેઓ દ્વારા ઉત્પાદિત ચીજ–

---

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

વસ્તુઓના વેચાણ માટે બજાર સાથે જોડીને તેમને ગરીબીમાંથી બહાર લાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. આ કાર્યક્રમ વર્ષ– ૨૦૦૭થી સખીમંડળ યોજનાના નામે સરકારે હાથ ધરેલ છે. હવે તેને વિશાળ ફલક પર લઇ જવાનો સરકારનો '' **મિશન મંગલમ્** '' ઉદ્દેશ છે. આમ, મિશન મંગલમ્ યોજના હેઠળ આજીવિકાને ઉત્તેજન આપી ગરીબી નાબૂદી, મહિલા સશક્તિકરણ અને માનવ સૂચકાંક (HDI )માં વધારો કરવા પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ અંતર્ગત સૌથી મોટી પહેલ છે. રાજયની મહિલાઓના સર્વાંગી વિકાસ માટે રાજય સરકારે એક ઉમદા કદમ ઉઠાવ્યું છે ત્યારે આ **મિશન** મંગલમ્ ને સફળ બનાવવા, ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવવા અને મહિલા સશક્તિકરણ કરવા માટે સઘન કાર્યવાહી કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

**બિન– સરકારી સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી** : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જોયું છે, પેપરમાં પણ વાંચ્યું છે કે, દેશના વડાપ્રધાન ૧૦.૭૦ લાખ કરોડનું કોલસાનું કૌભાંડ કરે, આ રાજય સરકાર ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળા કરે, ત્યારે આ ગૃહમાં બોલવામાં પણ શરમ આવે છે કે વડાપ્રધાન જેવા વ્યક્તિ આ ભારતને શરમજનક રીતે અન્ય દેશોમાં કૌભૌંડોનો આ દેશ બનાવવાનો પ્રયત્ન કરી રહયા છે,

માનનીય અધ્યક્ષશ્રી, મિશન મંગલમ્ યોજના દ્વારા મહિલાઓના સશક્તિકરણ અને ગરીબોના જીવન ધોરણમાં સુધારો લાવી શકાયો છે, તેમજ સેવાકીય પ્રવૃત્તિ કરી શકાય છે, જે બહેનો ગામડાંમાં ભણી નથી, જે બહેનો શહેરોમાં ઝૂંપડપટ્ટીમાં રહે છે અને ભણતી નથી એવી બહેનો માટે એક ઓર્ગેનાઇઝેશન કરવું અને રાજયના સરકારી મિશન મંગલમ્ દ્વારા બહેનો આર્થિક રીતે સધ્ધર થાય અને ગુજરાન ચલાવી શકે અને મહિલા પગભર થાય તેવા અસરકારક પ્રયત્નો માનનીય મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કરી રહયા છે, એમને હું લાખ–લાખ અભિનંદન આપું છું. ગરીબોના જીવનધોરણમાં સુધારા લાવવા રાજય સરકારે સૌથી ઉંચી અગ્રિમતાક્રમ આપેલ છે. આજીવિકાલક્ષી કાર્યક્રમો અસરકારક અમલીકરણ કરવા સ્વર્ણિમ ગુજરાત વર્ષ નિમિત્તે સશક્તિકરણ મહા અભિયાન પાર પાડવા આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ મિશન મંગલમ્ ની શરૂઆત કરવામાં આવી છે, સખી મંડળ યોજના ૨–૨–૨૦૦૭ના આ ગુજરાતમાં રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ શરૂ કરી, ત્યારે જોતજોતામાં આ સખી મંડળ યોજનામાં બે લાખ એક હજાર કરતાં વધુ સખીમંડળોની રચના થઇ, આ સખીમંડળોની રાજયમાં ટૂંકસમયમાં ૨૪.૫૫ લાખ જેટલા સભ્યો થઇ ગયેલ છે.માનનીય અધ્યક્ષશ્રી, તમામ બહેનોએ એકઠી થઇને નાની નાની બચતથી રૂપિયા ૧૦૫ કરોડનું વિતરણ કર્યું છે. આ ગુજરાત રાજયની અંદર ૧.૭૮ લાખ બહેનોને ગ્રેડીંગ અપાયું છે આ ગ્રેડીંગ સાથે મહિલાઓ એક પોતાનું પોતાની રીતે કામ કરી શકે એવું રાજય સરકારે આયોજન કર્યું છે. માનનીય મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ ગામડામાં ઓછું ભણેલી બહેનોનો વિકાસ કરવા અને કામધંધો રોજગારી તેમને મળી રહે તે માટે એક આશીર્વાદરૂપ આ યોજના લઇને આવ્યા છે. આ રાજય સરકારે રૂપિયા ૫ કરોડ સુધીનું સીધું ભંડોળ આ સખીમંડળોના હાથમાં મૂકવાનું આયોજન કરેલ છે. આથી ૫૦ ટકા જેટલા કુટુંબોને જે ગરીબી રેખા નીચે જીવતા લોકો છે એમને રાજયના મુખ્યમંત્રીશ્રીએ આ ગરીબીમાંથી બહાર લાવવાનું આયોજન કરેલ છે. રાજય સરકાર અને બેન્કોના સહયોગથી રૂપિયા ૧૮ હજાર કરોડના એમ.ઓ.યુ. કર્યા છે. જે ઉદ્યોગો સેવામાં માને છે, જે ગરીબોની મદદ કરવામાં માને છે એવા ઉદ્યોગકારોએ આ વિધવા બહેનોને સહાય આપવા માટેના આ એમ.ઓ.યુ. કર્યાં છે. વર્ષ ૨૦૧૨–૧૩માં મિશન મંગલમ માટે રૂપિયા ૧૫૯.૩૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. હું આ રાજયના મુખ્યમંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપવા માગુ છું કે આ બહેનોની ચિંતા ૪૦ વર્ષની અંદર કોઇ પણ રાજય સરકારે કે કોઇ પણ રાજયના મુખ્યમંત્રીએ કરી નથી. જયારે પણ જોઇએ તો કેન્દ્રમાં કૌભાંડોના કાર્યક્રમો થાય છે પણ બહેનોની કોઇએ ચિંતા કરી નથી. ત્યારે આ ઉમદા કાર્ય કરવા બદલ આપણા રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આ તકે અભિનંદન આપું છું. સખીમંડળોને વ્યાજની સબસીડી આપવા માટે રાજય સરકારે રૂપિયા ૪૫ કરોડની જોગવાઇ કરી છે જેથી આ સખીમંડળમાં કામ કરતી બહેનોને વ્યાજમાં સીધે સીધો ફાયદો થવાનો છે. મારા કચ્છ જિલ્લાની વાત કરું તો આજે કુલ ૬૭૩૩ સખીમંડળોનું કચ્છની અંદર આયોજન થયું છે તેમાં ૫૩૩૭ ને ગ્રેડીંગ આપીને

૪૦૭૨ સખીમંડોળને રૂપિયા ૩૦.૩૧ કરોડની કેશક્રેડીટ ચૂકવાય છે જેથી મહિલાઓને ફાયદો થયો છે. આજે આપણે જોઈએ છીએ કે સમગ્ર ગુજરાતની અંદર આમ મિશન મંગલમના કાર્યક્રમથી ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્યલક્ષી અને કુપોષણની નાબૂદી માટે સર્વાંગી નમૂનારૂપ કાર્યક્રમ શરૂ થઈ રહ્યા છે. ત્યારે અમારા કચ્છની અંદર એક વિધવા બહેન હતા, વિધવા બહેનને એક દિવસ મળવા જવાનું થયું મારા મત વિસ્તારની અંદર ત્યારે મેં બહેનને પૂછ્યું કે બહેન, તમારું ઘર અને તમારો આખો ઘર-સંસાર કેવી રીતે ચાલે છે? તો કહે, ભાઈ, તમારા ભાઈ ગુજરી ગયા ત્યાર પછી થોડીક તકલીફ હતી પણ ધીરે ધીરે મને ગામડામાં અમારી ગલિયોમાં સખીમંડળની રચના થઈ એ સખીમંડળમાં હું એક મેમ્બર તરીકે ગઈ ત્યારે બધી બહેનોએ મને મદદ કરી કે આ બહેન વિધવા છે, વિધવા બહેનોનું પણ એક સંગઠન થવું જોઈએ. આ સંગઠન કર્યા પછી આ બહેનોએ પહેલી લોન મને આપી અને કહ્યું કે તમે ગૃહ ઉદ્યોગ તરીકે ઘરમાં કોઈ પણ પાપડ બનાવો, આ બનાવો, તે બનાવો કે સિલાઈ મશીન લઈને તમારા ઘરનું ભરણ પોષણ કરી શકશો. આ બહેનની બે દિકરીઓ હતી અને એક દિકરો હતો, બહેને કહ્યું કે આ મિશન મંગલમની સખીમંડળની જે યોજના બની આ યોજના થકી હું મારા બાળકોને સારી રીતે ભણાવી શકું છું, સારી રીતે એનું પોષણ કરી શકું છું. આ રાજયના મુખ્યમંત્રીશ્રી જે ગુજરાતમાં અમારા ભાઈ બેઠા છે નરેન્દ્રભાઈ એમણે મને મદદ કરી છે એને મારા આશીર્વાદ આપજો અને મારા વતી એમને આભાર માનજો કે ભાઈ, તમારી બહેન હવે સુખી છે. આવું સુંદર કામ બહેનો માટે આ રાજયના મુખ્યમંત્રીશ્રી કરી રહ્યા છે ત્યારે આ કોંગ્રેસના લોકો વિરોધ કરીને આ ગુજરાતની શાંતિને અશાંતિમાં ફેરવવાનું કામ કરી રહ્યા છે. રાજયના મુખ્યમંત્રીએ છેલ્લા દસ વર્ષમાં રાજયમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને આર્થિક રીતે સધ્ધર કરવાનું મિશન હાથ ધર્યું છે. ગરીબ અને મહિલાઓના આર્થિક વિકાસ કરવાની ચિંતા ૪૦ વર્ષમાં કોઈ સરકારે કરી નથી ત્યારે આ ગરીબોના બેલી મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સરકારની વિવિધ યોજનાઓનો મોડેલરૂપ અમલ કર્યો છે જે સમગ્ર દેશમાં સિમાચિહ્ન છે. "ગુર્જર ધરાની છે નારીનું સન્માન જ્યાં નારી શક્તિનો થાય છે વિકાસ એ છે અમારી જય જય ગરવી ગુજરાત, એ છે અમારી જય જય ગરવી ગુજરાત સૌનો સાથ-સૌનો વિકાસ."

**ડૉ. નીમાબેન ભા. આચાર્ય(અંજાર)** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સાથી સભ્યશ્રી રમેશભાઈ જે સંકલ્પ લઈને આવ્યા છે મિશન મંગલમ્ નું એને હું ટેકો આપું છું અને એના વિશે મારા વિચારો રજૂ કરું છું. Mr. Speaker, Sir, Men and women are equal partner of life and they are complimentary and supplimentary. આજ થિયરીના આધારે જ્યારથી આપણા મુખ્યમંત્રીશ્રીએ શાસનધૂરા સંભાળી છે ત્યારથી એમણે એક સંકલ્પ કર્યો છે અને રાજયમાં જે પચાસ ટકા મહિલાઓની વસ્તી છે તેને પણ આર્થિક રીતે પગભર કરી તમામ ક્ષેત્રમાં એને સહાય કરી અને એમનો સર્વાંગી વિકાસ થાય એ જાતની યોજનાઓ બનાવવી, મહિલા અને બાળ વિકાસ ખાતુ કરી અને એની અંદર અનેક યોજનાઓ અને અનેક લાભો મહિલાઓ માટે કર્યા. આજે આપણે એ જોઈ શકીએ છીએ કે, વિધાનસભામાં હોય કે પછી સદભાવના મિશન હોય કે કોઈપણ કાર્યક્રમ મુખ્યમંત્રીશ્રીનો હોય, હજ્જારોની સંખ્યામાં મહિલાઓ, પુરુષો કરતાં પણ વધારે મહિલાઓ આ કાર્યક્રમમાં આવતી હોય છે, અહીંયા પણ તમે જૂઓ વિધાનસભામાં મુખ્યમંત્રીશ્રીને મળવા માટે ખૂબજ પ્રમાણમાં મહિલાઓ આવે છે અને એનું કારણ એકજ માત્ર છે કે મહિલાઓને સમજાઈ ગયું છે કે આ દસ વર્ષના નરેન્દ્રભાઈના શાસનમાં મહિલાઓને સમજાઈ ગયું છે કે એમનો કોઈ ઉદ્ધાર કરી રહ્યું છે તો તે આ નરેન્દ્રભાઈ, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય છે અને એટલા માટે મહિલાઓ આટલું માન સન્માન ધરાવે છે અને એમને મળવા આવે છે, એમના આશીર્વાદ લેવા માટે આવે છે. અહીંયા જે મિશન મંગલમ્ ની વાત થઈ, એના માટે જો હું કહું તો મહિલાઓ ઉપર હંમેશા વરસોથી શોષણ થતું આવ્યું છે અને મહિલાઓ શોષિત અને પીડિત રહી છે. અનેક પ્રકારના અત્યાચારો થતાં હોય છે અને જેનું મુખ્ય કારણ હોય છે કે મહિલાઓ આર્થિક રીતે પગભર હોતી નથી, ઘરની એક કમાતી વ્યક્તિ નથી અને એને પૈસા માટે હાથ લાંબો કરવો પડતો હોય છે. એટલે એ સ્વમાનભેર જીવી પણ નથી શકતી અને એટલા જ માટે મુખ્યમંત્રીશ્રીએ નક્કી કર્યું કે સૌથી પહેલું કાર્ય જો કોઈ કરવાનું હોય તો મહિલાઓને આ બધા શોષણ અને પીડિતમાંથી બચાવવી જોઈએ

એને આર્થિક રીતે પગભર કરવી જોઇએ, એના ઉપરના અત્યાચારો દૂર કરવા જોઇએ. એના શારીરિક અત્યાચારો દૂર કરવા, એમના માટે આરોગ્યલક્ષી કાર્યક્રમો કર્યા. એને પૂરક પોષણ આપવા માટેના કાર્યક્રમો આવા અનેક કાર્યક્રમો કર્યા. એની સાથે સાથે સખીમંડળની જે યોજના મૂકી તે સમગ્ર દેશ અને વિશ્વની અંદર પણ સ્વીકૃતિ પામી છે. આ સખીમંડળની યોજનાઓ અને એની અંદર નક્કી થયું કે ૩૦ લાખ ગરીબ કુટુંબોને આની અંદર આવરી લેવા. એના માટે બે લાખ સખીમંડળો, સ્વસહાય જૂથો અને પચાસ હજાર જેટલા અન્ય સમૂહોની રચના કરી અને આ બે લાખ પચાસ હજાર જૂથોને તૈયાર કરવા અને આ જૂથો મહિલાઓને આર્થિક રીતે પગભર કરવા માટેના પગલાં ભરશે, બહેનોને રોજગારી આપવી, એમને કુપોષણમાંથી બહાર કાઢવા, એ લોકોને આરોગ્યની સેવા આપવી, એ લોકોને પ્રોજેક્ટ આપવા કે કઇ જાતની તાલીમ આપવાથી બહેનો આર્થિક રીતે પગભર થઇ શકે. એના તાલીમ કાર્યક્રમો કરવામાં આવ્યા અને ઉદ્યોગોની સાથે એને લિન્કઅપ કરવામાં આવ્યું. સૌથી મોટો વિષય હોય તો માર્કેટીંગ સરવેનો હોય છે કે તમે કોઇને તાલીમ આપો, કોઇ ઉદ્યોગ કરાવો નાના મોટા તો એનું માર્કેટ છે કે નહિ તો એનું માર્કેટીંગ સરવે કરવામાં આવ્યું અને એની સાથે સાથે એના વેચાણ માટેની બજારની વ્યવસ્થા પણ કરી આપવામાં આવી કે જેથી કરીને જે કંઇ ઉત્પાદન આ મહિલાઓ કે સ્વસહાય જૂથો કરે એને પુરેપુરુ માર્કેટીંગ મળે, એને સારા ભાવો મળે, આ તમામ પ્રકારની વ્યવસ્થા કરી અને સરસ રીતે એક આયોજન ગોઠવવામાં આવ્યું અને આ મિશન મંગલમ્ નો જે સંકલ્પ કરવામાં આવ્યો એમાં બે પ્રકારના હેડ મૂકવામાં આવ્યા, એમાં એક હેડ છે એ એનું કાઉન્સીલર કે મિશન મંગલમ્ નું જે હેડ બનાવવામાં આવ્યું તેની અંદર બહેનોને એનું જે કાઉન્સીલીંગ બનાવવામાં આવ્યું એમાં જે એડવાઇઝરી કમિટિ બની એમાં મુખ્યમંત્રી એના અધ્યક્ષ રહેશે અને એની નીચે ઉદ્યોગપતિઓ, એના પ્રતિનિધિઓ, સંસ્થાઓના પ્રતિનિધિઓ, મિનિસ્ટરો, આ બધાજ લોકો આની અંદર સભ્યો રહેશે અને છ મહિને એકવાર એની કમિટિ મળશે, અને આ મિશન મંગલમ્ ને માર્ગદર્શન આપશે અને એના સલાહકાર તરીકે કાઉન્સીલીંગ કામ કરશે અને બીજું જે બનાવવામાં આવ્યું તે છે ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ, એને આપણે જી.એલ.પી.સી.લી,. એવું કહીએ છીએ. આ જીએલપીસીનું જે સંચાલક મંડળ થયું તેમાં એક અધ્યક્ષ હશે અને ૧૨ સંચાલકોનું બનેલું હશે. આ સંચાલકોમાં સિનિયર સચિવો હશે, સિનિયર બેન્કરો હશે, ઉદ્યોગોના પ્રતિનિધિઓ હશે, વેપારી ગૃહોના પ્રતિનિધિઓ હશે અને સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ આની અંદર હશે. અને એ લોકોની મિટિંગ દ્વારા એ તમામ રીતે વ્યવસ્થિત ચાલે તે રીતનું આયોજન કરવામાં આવશે.આ જીએલપીસીની જે કચેરી છે માનનીય અધ્યક્ષશ્રી, એ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પણ કરવામાં આવશે.અને આના જે મેનેજીંગ ડિરેકટર હશે તેને ૧૧ વર્તૂળો રિપોર્ટીંગ કરશે. આ ૧૧ જે વર્તૂળો છે તે ખરેખર સમજવા જેવી વસ્તુ છે કે મિશન મંગલમ્ શું છે અને આ મિશન મંગલમ્ કઇ રીતે કામ કરશે આ ૧૧ વર્તૂળો જે છે તે જુદા જુદા કાર્યો કરશે. તે બહેનોના સામાજિક ઘડતરનું, સંસ્થાઓના ઘડતરનું, એને તાલીમ આપવાનું, તેની કેટલી ક્ષમતા છે તે પ્રમાણે તેને skilled કરવાનું કામ કરશે, તેને ખેતી બાબતનું કામ, પશુપાલનનું કામ, પાપડ, મસાલા, ખાખરા આ બધુ બનાવવાનું ગૃહ ઉદ્યોગનું કામ, કુટિર ઉદ્યોગો માટેનું કામ, એ લોકો ખરીદી કયાંથી કરે રો–મટિરિયલ, વેચાણ કયાં કરે તેનું માર્કેટીંગ આવું તમામ રીતે અને તેને તાલીમ આપવી આ બધું જ કરવામાં આવશે અને જે તેમને તાલીમ આપવામાં આવશે એ તાલીમમાં તે લોકોને ખર્ચ પણ આપવામાં આવશે. રહેવા જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે. અને આ રીતે આ મહિલાઓને તાલીમબદ્ધ કરી અને તે લોકોને આજીવિકા પૂરી પાડવામાં આવશે. એમનું જીવન ધોરણ ઉંચુ આવે અને ગરીબી રેખા નીચે જીવતી આ મહિલાઓને અને યુવાનોને ખાસ કરીને આની અંદર આવરી લઇ અને તે લોકોને રોજગારી મળે અને તેનું આર્થિક સ્તર ઉંચુ આવે અને તેમની ગરીબી દૂર થાય અને સ્વમાનભેર તે લોકો જીવી શકે તે જાતનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું છે. અને વાયબ્રન્ટ ગુજરાત સમિટની અંદર ૨૦૧૧માં ૫૭ જેટલાં એમ.ઓ.યુ થયા છે અને આ એમ.ઓ.યુ.ની અંદર અલગ અલગ રીતે કઇ રીતે, કયા ઉદ્યોગો, કેવી તાલીમ આપશે અને કેવી રીતે રોજગારી આપશે એનું પણ પૂરેપૂરું વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને કાર્યક્ષેત્ર બધાને પૂરું પાડવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને ગામડામાં રહેતી બહેનો અને ગામડામાં રહેતાં યુવાનોને શહેર તરફ તેનું સ્થળાંતર ના થાય અને ગામડાંની અંદર જ તે પોતાની આજીવિકા રળી ખાય અને તે લોકોનું જીવન–ધોરણ ઉંચુ આવે તે જાતના અનેક કાર્યક્રમો તે પછી અગરિયા માટે પણ કરવામાં આવ્યાં છે, ખેતી માટે પણ કરવામાં આવ્યાં છે, ફૂડ પ્રોસેસિંગ માટે કોલ્ડ સ્ટૉરેજ કરી આપવા આવા અનેક અને તેમાં પણ સૌથી વિશેષ જો આની અંદર અગત્યની કોઇ વાત લાગતી હોય તો એ છે કે, હંમેશા એમ થતું હોય છે કે આવા સ્વસહાય જૂથો જે હોય છે કે નાના ઉદ્યોગો જે કરવા માંગતા હોય તેને બેન્કો ધિરાણ નથી આપતી હોતી. આ પ્રશ્ન હંમેશા આવતો હોય છે તો એ પ્રશ્નને હલ કરવા માટે બેન્કોએ પણ એમ.ઓ.યુ.કર્યા છે. અને મને કહેતાં આનંદ થાય છે કે, બેન્કોનું ૫ હજાર કરોડ રૂપિયાનું એમ.ઓ.યુ. થયેલું છે અને તેની અંદર જુદી જુદી બેન્કો એ પોતે ગેરંટી આપે છે કે આટલા અમુક લોકોને તે ધિરાણ કરશે. જેમ કે દેના બેન્કવાળા ૩ હજાર કરોડ રૂપિયાનું ધિરાણ કરશે, સેન્ટ્રલ બેન્ક ૨૫૦૦ કરોડ રૂપિયાનું ધિરાણ કરશે આવી રીતે વિવિધ બેન્કોનું છે. આમાં સૌથી અગત્યની વાત જો હોય તો ૫૦ હજારથી ઓછું હોય એવા સ્વસહાય જૂથોને કેશ ક્રેડિટથી જોડવામાં આવશે. અને ૧૨ મહિનામાં બે લાખ સ્વસહાય જૂથોને ક્રેડિટ લિન્ક કરવામાં આવશે અને જેની રકમ રૂપિયા એક હજાર કરોડની રહેશે જેનાથી જૂથો સ્વયં આર્થિક પ્રવૃત્તિ કરતા થશે l i v e l i h o o d મળશે અને આને લીધે આપણો માનવ સૂચકાંક પણ વધશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે મિશન મંગલમ્ કરી અને જે ૩૦ લાખ લોકોને રોજગારીનું આયોજન સ્વસહાય જૂથોને જે ગરીબ કુટુંબો છે તેમને ગરીબીમાંથી બહાર લાવવાનું આયોજન કર્યુ છે ત્યારે બીજી બાજુ હમણાં મારા સભ્યશ્રીએ કહ્યું તેમ ખરેખર આજે સમગ્ર દેશના લોકોની નજર શરમથી ઝૂકી જાય એ જાતનું કૃત્ય આજે બહાર આવ્યું છે. અને *(xxxxx) (xxxxx)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, જે વ્યકિત આ ગૃહના સભ્ય નથી તેની આપણે ટીકા કરી શકતા નથી તેનું આપણે ધ્યાન રાખીએ પ્લીઝ.

ડો. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી,સભ્યનું નામ દૂર કરો. પણ જે આવું જબરજસ્ત કૌભાંડ થયું હોય અને કયારેય કોઇએ ઇતિહાસમાં સાંભળ્યું પણ ના હોય એવા ૧૦ લાખ કરોડ રૂપિયાના કૌભાંડની અંદર જો આવી રીતે સરકાર સંડોવાતી હોય તો ખરેખર મને તો એમ લાગે છે કે આનાથી વધારે કાળું કૌભાંડ, કાળા અક્ષરે લખાનારું કોઇ કૌભાંડ તે દુનિયામાં હોઇ શકે નહીં. અને મહિલાઓ માટે આવું સુંદર કાર્ય જયારે અહીંયા ગુજરાતમાં થઇ રહ્યું હોય ત્યારે હું માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ લાખ અભિનંદન આપું છું અને ઉદ્યોગ મંત્રીશ્રીને પણ લાખ લાખ અભિનંદન આપું છું કે મિશન મંગલમ્ જેવા કાર્યો કરીને બહેનો સાચા અર્થમાં આર્થિક ઉપાર્જન કરે, બહેનો પગભર થાય, સ્વમાનભેર જીવી શકે અને બહેનો સાચા અર્થમાં મેં જેમ અગાઉ કહ્યું તેમ, '' મેન એન્ડ વુમન આર ઇકવલ પાર્ટનર ઓફ લાઇફ, ધે આર કોમ્પલીમેન્ટરી એન્ડ સપ્લીમેન્ટરી.'' આ વાત સાચા અર્થમાં ચરિતાર્થ થાય એવું કામ વિધાનસભામાં કર્યુ છે એનો મને આનંદ છે અને હું એને સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

**શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ(ગ્રામ્ય)):** માનનીય ધારાસભ્ય ભાઇ શ્રી રમેશભાઇ મિશન મંગલમ્ નો જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, તેમાં હું મારી વાત રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સ્વપ્નદ્રષ્ટા, ગરીબોના બેલી, નીડર, દ્રઢ મનોબળ ધરાવતા એવા ગુજરાત રાજયના આદરણીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં અત્યારે ગુજરાત રાજય સર્વ ક્ષેત્રમાં પ્રગતિ કરી રહ્યું છે. જે આપણે ગુજરાત રાજયની અનેકવિધ યોજનાઓ માટે થઇને જે એવોર્ડો મળે છે, સન્માન મળે છે, તેના ઉપરથી સાબિત થાય છે. તેનુ હું આ ગૃહના સભ્ય તરીકે ગૌરવ અનુભવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે નરેન્દ્રભાઇ મોદીની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આપણને વિશ્વમાં એક ગુજરાતી હોવાનું ગૌરવ થાય, એવું ગૌરવ આપણને નરેન્દ્રભાઇ મોદીએ અપાવ્યુ છે. આપણા

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

દેશના મહાન પુરુષોમાં મહાત્મા ગાંધી હોય, ડો. બાબાસાહેબ આંબેડકર હોય, સ્વામી વિવેકાનંદ હોય, સ્વામી દયાનંદ સરસ્વતી હોય કે પંડિત દીનદયાળજી હોય. આ લોકો સતત ને સતત આ રાષ્ટ્રનો વિકાસ કઇ રીતે થાય, આ રાષ્ટ્રની પ્રગતિ કઇ રીતે થાય એના માટે સતત ચિંતિત હતા અને તે લોકોનું એક ધ્યેય હતું કે આ રાષ્ટ્રના વિકાસમાં દરેકે દરેક વ્યકિતનું યોગદાન હોય અને દરેકે દરેક વ્યકિતને રોજગારીની તકો પૂરી પાડવામાં આવે તો તે વ્યકિતઓ દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ થઇ શકશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર દેશમાં ગુજરાત એક એવું પ્રથમ રાજય છે કે જયાં બહેનોને સ્વરોજગારી મળી રહે અને તેઓ આત્મનિર્ભર થાય અને કુટુંબનું સ્વતંત્ર રીતે ભરણપોષણ કરી શકે અને કુટુંબને મદદરૂપ થાય તે માટે ગુજરાત સરકાર દ્વારા બહેનો માટે અનેકવિધ યોજનાઓ સાકાર કરવામાં આવી છે.

આપણા ગુજરાત રાજયમાં જયારે દેશના બાકીના ભાગોમાં બેરોજગારી જેવા પ્રશ્નો હોય ત્યારે મિશન મંગલમ્ કેવી રીતે સરકારી અને ખાનગી ક્ષેત્રની સંગઠિત શકિતને પરસ્પર લાભદાયી બનાવી શકાય તેનો રસ્તો મિશન મંગલમ્ દ્વારા થઇ રહ્યો છે. મિશન મંગલમ્ યોજના થકી ગ્રામીણ ક્ષેત્રમાં સ્વ સહાય જૂથો અને ઉદ્યોગ સાહસિકોને લાભ થાય છે. કારણ કે નોકરી ધંધા માટે જે લોકોને બહાર જવું પડતું હોય છે, એ બહાર ગયા વગર જ આ માધ્યમથી પોતાના રાજયમાં, પોતાના શહેરમાં સ્વરોજગારીની તક મળી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજયમાં સખી મંડળોની સંખ્યા લગભગ ૨ લાખ કરતા વધારે છે. તેમાં લગભગ ૨૫ લાખ કરતા વધારે પણ સભ્ય સંખ્યા નોંધાયેલી છે. જે ટૂંકા ગાળામાં ખૂબ જ નોંધપાત્ર કહી શકાય એવા ગૌરવની વાત છે. લગભગ ૯૦ ટકા સ્વસહાય જૂથોનું બેંક દ્વારા અપગ્રેડીંગ કરીને આશરે રૂપિયા ૧૦૨૪ કરોડનું ધિરાણ બેંકો દ્વારા કરવામાં આવેલ છે. આ ૨ લાખ સ્વસહાય જૂથો અને રાજયભરમાં પ્રસરેલા ૨૫ લાખ સભ્યોનું સંગઠિત માનવશકિતનું તૈયાર નેટવર્ક છે. આ સૌને સંગઠિત કરવામાં આવે છે. એમનું પ્રશિક્ષણ કરવામાં આવે છે. નાણાકીય રીતે સક્ષમ કર્યા છે. અને બેંકોમાં માઇક્રો ફાયનાન્સનું સંકલન કરી આપવામાં આવે છે. હાલ આ જૂથોની બચત અંદાજે ૩૦૦ કરોડ રૂપિયા અને રાજય સરકારે આપેલ રીવોલ્વીંગ ફંડની રકમ લગભગ ૮૦ કરોડ છે. આમ આ સ્વસહાય જૂથોમાં ગૃપમાં ગુજરાતની મહિલાઓ પાસે રૂપિયા ૧૪૦૦ કરોડનો કારોબાર નિર્માણ થયેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય સભાગૃહમાં મારે મારા મત વિસ્તારની વાત કરવી છે કે મારા મત વિસ્તારમાં રાજકોટ તાલુકાનું હલેન્ડા ગામ છે. તે ગામનાં બહેનોએ સખી મંડળમાં સ્વ સહાય જૂથમાંથી સહાય લઇ અને પશુ પાલન માટે પશુઓને ખવડાવવાનો ખોરાક જે ખોળ હોય છે તે ખોળ બધી બહેનો સાથે મળી અને જથ્થાબંધ ખરીદી કરી અને ગામના લોકોને વેચાણ કરે છે અને એમાંથી પોતાની આજીવિકા મેળવે છે. આ જ રીતે કોટડા સાંગાણી તાલુકાનું શાપર વેરાવળનું એક ગામ છે ત્યા' પણ બહેનોએ સખી મંડળના માધ્યમથી રીક્ષા લીધી છે અને રીક્ષા ભાડે ચલાવવા આપે છે અને આમ આ બહેનો આત્મ નિર્ભર બનવા માટે આ સખી મંડળ અને મિશન મંગલમ યોજના મારફત પોતાની રોજી રોટી મેળવી રહી છે. એટલે માનનીય સભ્યશ્રી જે સંકલ્પ્ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન કરું છું.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ)** : માનનીય અધ્યક્ષશ્રી, અમારા પક્ષના સાથી મિત્ર સભ્યશ્રી રમેશભાઇ મહેશ્વરી બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે ખૂબ જ સારો સંકલ્પ તેઓએ આજે રજૂ કર્યો છે. હું એમનો આભાર માનું છું કે આમ તો તેઓ જાણે જ છે કે સરકાર આ દિશામાં જ કામ કરી રહી છે. સરકારની કામ કરવાની દિશા સૌ જાણે છે. પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે સરકારને આ બાબતમાં આગળ વધવાનો તેમણે અનુરોધ કર્યો છે અને સરકાર જે દિશામાં આગળ વધી રહી છે તેને સમર્થન કર્યુ છે. બાકીના ૪ સભ્યશ્રીઓએ પણ સમર્થનમાં પોતાની રજૂઆતો કરી છે તેની જરૂર અમે નોંધ લઇશું અને પ્રેરણા લઇશું. સરકાર આગળ વધવા માટે પ્રયત્ન કરે છે. આ મિશન મંગલમની બાબતમાં વિભાગની વાત મારે કરવાની છે. હમણાં જ આખું બપોર પછી વાતાવરણ બદલાઇ ગયું છે. મારા સામેના વિપક્ષોના મિત્રો હાઉસ છોડીને ચાલ્યા ગયા છે. મને એવું લાગે છે કે એમને બીક લાગે છે કે આજે દિલ્હીમાં જે કૌભાંડ બહાર પડયું છે ૧૦.૭ લાખ કરોડનું કૌભાંડ કોંગ્રેસના શાસનમાં થયું છે અને આ કારણે

આજનો દિવસ આ દેશમાં કાળો દિવસ કહેવાશે. હિન્દુસ્તાનના કોઇ પણ વડાપ્રધાન આટલા મોટા કૌભાંડમાં ઇન્વોલ્વ થયા હોય તેવું ઇતિહાસમાં કયારેય બન્યું નથી, એટલા માટે એમની ડોક નીચી નમી જાય, માથું શરમથી ઝૂકી જાય અને અમારી સામે ઉભા ન રહી શકે તેના માટે આજે તેઓ ગૃહ છોડીને જતા રહ્યા છે. આ દેશની આ કમનસીબી છે કે આવી સરકાર લાંબા સમય સુધી દિલ્હીમાં બેઠી છે. આ દેશ તેને ભુલવાનો નથી. અને આવતા દિવસોમાં પ્રજા આની કેવી રીતે સજા કરશે તે સમય બતાવશે. થોડુંક હાથમાં આવે તો હવામાં ઉડતા આવા લોકોને ધરતી પર આવવાનો સમય પાકી ગયો છે. મારે આ મિત્રોનું ધ્યાન દોરવું છે કે ૨૦૦૭-૦૮ માં આ મિશન મંગલમની યોજના માનનીય મુખ્ય મંત્રીશ્રીએ ખૂબ વિચારણા કરીને શરૂ કરી છે. આમ પણ માનનીય મુખ્ય મંત્રીશ્રી કોઇ પણ બાબતમાં આગળ વધે છે ત્યારે એમના વિચારો સઘન અને ચોકકસ થાય ત્યારે જ કોઇ પણ બાબતમાં આગળ વધે છે. આ મિશન મંગલમ યોજનાને હું સામાન્ય પ્રયોગ નથી કહેતો, પણ આ એક મહા મંત્ર છે. હું તેને મહામંત્ર તરીકે લઉં છું. ગુજરાતમાં આ મહામંત્ર કેવી રીતે શકિતશાળી બની ગયો છે અને દેશ એમાંથી પ્રેરણા લે છે, આ મિશન મંગલમ ૨૦૦૭-૦૮ થી કાર્યાન્વિત થઇ છે એમાં આખું જે આયોજન છે એમાં જે બહેનો ગામડાંમાં રહે છે, ભણેલ ગણેલ નથી અને છતાં પોતાના કુટુંબના ગુજરાન માટે આજિવીકાની જરૂર ઉભી થાય છે એવી બહેનો અને યુવાનો જે મિહલાઓ ઉપરાંત સ્વ સહાય જૂથો છે તે સ્વ સહાય જૂથો પણ પોત પોતાના ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે આ બધા વેર વિખેર અલગ અલગ વિભાગોમાં કામ કરી રહ્યા છે.શહેરી વિકાસ હોય, ઉદ્યોગ વિભાગ હોય, અમારો લઘુ ઉદ્યોગ હોય દરેકમાં આવા ગૃપો કામ કરે છે. પંચાયત અને ગ્રામ વિકાસમાં પણ આવી રીતે બહેનો ભાઇઓ અને યુવાનો કામ કરે છે. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીએ એવો વિચાર કર્યો, આ બધા અલગ અલગ વિભાગમાં ચાલતા ગૃપોને એક અમ્બ્રેલા નીચે લાવીએ અને એમનું સશકિતકરણ કરીએ તો આ ગુજરાતમાં એક મોટી શકિત પેદા થાય એ વિચારના કારણે એમણે આ મિશન મંગલમ યુનિટની સ્થાપના કરી છે. મિશન મંગલમના યુનિટમાં સખી મંડળની વાત અમારા સભ્યોએ કરી. એમાં ૧૧-૧૨ બહેનો એકઠી થાય, છ મહિના સુધી પોતાનું ગૃપ ચલાવે, પોતાની નાની બચત કરે, બચત કરીને બેંકમાં આયોજન કરે, બેંક સાથે વ્યવહાર કરે, થોડું એકાઉન્ટીંગ શીખે, છ મહિનામાં એ પોતે દસ-પંદર, ૫૦ એમની મહિનાની બચત જમા કરાવે અને હિસાબ કિતાબનું ગ્રેડીંગ કરાવે અને છ મહિનામાં નાની મોટી એકાઉન્ટિબિલિટી શીખે તો એને ગ્રેડીંગ કરે છે. સરકાર એમને પ્રોત્સાહન કરવા પાંચ હજારનું રીવોલ્વીંગ ફંડ આપે છે. એ આપ્યા પછી બેંકો એનાથી ચાર ગણી રકમ એટલે કે જેટલી રકમ એમણે એકઠી કરી હોય વધતાં પાંચ હજાર રૂપિયા, એકઠા થયા હોય એના ચાર ગણા કરીને આપતી હતી. પરંતુ અમારા મુખ્યમંત્રીશ્રીને ખ્યાલ આવ્યો કે આટલી રકમથી બહેનો કામ ન કરી શકે તો એમણે બેંકો સાથે મિટિંગ કરીને ૫૦ હજાર થી એક લાખ રૂપિયા સુધી આપવા માટે બેંકોને આગ્રહ કર્યો અને મને આનંદ થાય છે કે દરેક બેંકોએ એ વાતનો સ્વીકાર કર્યો અને એક લાખ રૂપિયા આપવાની સંમતિ આપી છે. બહેનો આગળ વધી છે અને જોત જોતામાં હમણાં કહ્યું એ પ્રમાણે ઘણી બધી વિગતો અહીંયા આપી છે. બે લાખ કરતાં વધુ સખી મંડળોનું ફોર્મેશન થયું છે. ૫૦ હજાર અમારા સ્વસહાયક જૂથો છે. ૨.૫ લાખ કરતાં વધારે ગૃપો તૈયાર થયા એને એકજ છત્રછાયા નીચે જેના અધ્યક્ષ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ છે અને અમે બધા સભ્યો છીએ અને ઉદ્યોગપતિઓ એ કમિટીમાં છે આનું આખું ડેવલપમેન્ટ અમે કરી રહ્યા છીએ એ જોત જોતામાં આ સખી મંડળોની જે રચના થઇ એમાં ૯૩૦ કરોડની બચત થઇ છે. ૮૦ કરોડનું ફંડ આપ્યું છે. સખી મંડળના ૩૦૧ કરોડ રૂપિયા બહેનોએ પોતાના એકઠા કર્યા છે. આ પ્રમાણે લગભગ ૧૦૧૬ કરોડ એકઠા કરીને કેશ ક્રેડીટ સાથે મહિલાઓના હાથમાં છે. બેંકોની રકમ અને મહિલાઓએ એકઠી કરેલી રકમ અને રીવોલ્વીંગ ફંડ સાથે આ મિશન મંગલમમાં ૧૩૯૮ કરોડ એટલે ૧૪૦૦ કરોડ જેટલી માતબર રકમ મહિલાઓના હાથમાં આવી છે. મને કહેતાં આનંદ થાય છે અમારા શેહરી વિકાસ મંત્રીશ્રી બેઠા છે એમના ધ્યાનમાં મૂકયું હતું કે શહેરી વિકાસ વિભાગમાં પણ આ પ્રમાણે કૌશલ્ય વર્ધક તાલીમ આપીને આવા સ્વ સહાયક ગૃપો તૈયાર કરવાની માનનીય મુખ્યમંત્રીશ્રીએ મંજૂરી આપી છે. તેઓ પણ મિશન મંગલમના ટેકનિકલી સહાય

લઈને ફાઈનાન્સ બોર્ડ દ્વારા શહેરી વિસ્તારમાં રચના કરવાની વાત આગળ વધી છે. આ જે ગરીબોને સ્વસહાયક જૂથોનું ફેડરેશન અન્ય સમૂહમાં સ્ટ્રેન્થન કરીને એમનું સશકિતકરણ કરવાનો હેતુ છે ૩૦ લાખ કરતાં વધારે કુટુંબો આમાં ભાગ લઈ રહ્યા છે. આની અંદર નાણાકીય સેવાનો લાભ આપવા માટે ઘરની સ્ત્રીઓને બેંકોમાં શૂન્ય બેલેન્સે ખાતા ખોલાવાના હોય છે. એન.જી.ઓ.નારેગા યોજના વગેરે બાબતમાં પણ આની અંદરથી મદદ મળે છે. વીમો, આરોગ્ય, જીવન, પાક, પશુઓ, મિલકતનો સામૂહિક વીમો આપવા માટેની વ્યવસ્થા મિશન મંગલમના માધ્યમથી ગોઠવી છે. આરોગ્ય અને પોષણ માટે આવા ગ્રામ્ય જૂથો કુટુંબોને આરોગ્ય મળે, કુપોષણ દૂર થાય તે માટે સામાજિક જાગૃતિ અને જ્ઞાનના આદાનપ્રદાનની કામગીરી પણ સાંકળી લેવામાં આવી છે. વિધવા નારી સશકિતકરણનું પણ આની અંદર ધ્યાન રાખવામાં આવેલ છે. આમ ગુજરાત રાજયના સ્વર્ણિમ જયંતિ ઉજવણી પ્રસંગે માનનીય મુખ્યમંત્રી નરેનદ્રભાઇ મોદી દ્વારા મિશન મંગલમ કાર્યક્રમનો આરંભ કરેલો છે. માનનીય અધ્યક્ષશ્રી, કુટુંબોની આવક વધારવાના જે પ્રયત્નો છે તેમાં ખેતી અને પશુપાલનનો પણ ઉપયોગ કર્યો છે. ગામડાંમાં રહેતી બહેનો પશુપાલનમાં નિષ્ણાત હોય છે એમને સમર્થન કરવા આ મિશન મંગલમમાંથી કામગીરી આપવામાં આવે છે. સ્વસહાય જૂથોને કુટિર ઉદ્યોગોનું કામ પણ સોંપવામાં આવે છે. ડેરી પ્રોજેકટનું કામ પણ સોંપવામાં આવે છે. કંપની દ્વારા અલગ અલગ સ્વસહાય જૂથો ખેતી ક્ષેત્રે ઉત્પાદનમાં વધારો કરે અને અદ્યતન પ્રથા દ્વારા ઉત્પાદન કરી શકે તેના માટે પણ મિશન મંગલમનો સહયોગ મળે છે. હમણાં જ મારા મિત્રો કહેતાં હતા કે આ આખું આયોજન કર્યું છે, નાણાકીય વ્યવસ્થા વગર થઇ શકે નહીં. જયાં સુધી આ બધી જ બહેનો પોતપોતના ક્ષેત્રોમાં કામ કરે અને કોઇ પણ પ્રોડકશન કરે તો તેના માટે માર્કેટ જોઇએ. તો તેના માટે મોટા મોટા ઉદ્યોગોને પણ એની અંદર જોડયા છે. મને કહેતાં આનંદ થાય છે કે જયારે અમારો વાયબ્રન્ટ ગુજરાત સમિટ થયો એ વખતે ૩૨ જેટલી સંસ્થાઓએ અહીંયા કમિટમેન્ટ કર્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે ખેતીવાડી ક્ષેત્રે જૈન ઈરીગેશન સિસ્ટમ લિમિટેડ, આઇ.ટી.સી., અરવિંદ મિલ્સ લિમિટેડ, ગોદરેજ, એગ્રોવેટ, સહયોગ કૃષિ વિકાસ જેવી છ જેટલી કંપનીઓએ ૬૩૧ કરોડના એમ.ઓ.યુ. કરેલા છે. ૩.૧૦ લાખ લોકોને..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ એક મિનિટમાં પૂરું કરો. સમય થઇ ગયો છે.

શ્રી નરોત્તમભાઈ ત્રિ. પટેલ : એની સાથે બેંકોએ પણ આપણને સહયોગ કર્યો છે. બેંકોમાં સ્ટેટબેંકે ૫,૦૦૦ કરોડનું અમારી સાથે એમ.ઓ.યુ. કરેલ છે. બેંક ઓફ બરોડાએ ૩,૦૦૦, દેના બેંકે ૩,૦૦૦ કરોડનું, સેન્ટ્રલ બેંકે ૨,૫૦૦ કરોડ, બેંક ઓફ ઇન્ડિયાએ ૨,૦૦૦ કરોડ, ગુજરાત ગ્રામિણ બેંકે ૫૦૦ કરોડ, દેના ગુજરાત બેંકે ૫૦૦ કરોડ, સૌરાષ્ટ્ર ગ્રામિણ બેંકે ૫૦૦ કરોડ, સ્ટેટ લેવલ બેંકર્સ કમિટી દ્વારા ૧,૦૦૦ કરોડ. આ પ્રમાણે ૧૮,૦૦ કરોડના એમ.ઓ.યુ. થઇને અમારી આ મહિલાઓને અને અમારા સ્વસહાય જૂથોને મિશન મંગલમ દ્વારા સ્ટ્રેન્ધનીંગ કરવા માટેની આખી વ્યવસ્થા ગોઠવી છે. એ રીતે ગુજરાતમાં આ એક એવું યુનિટ તૈયાર કર્યું છે જેના કારણે ઓછું ભણેલાં બહેનો અને યુવાનોને એક જગ્યાએ પોતાનું કામ કરવાની તક મળવાની છે. આ એક એવું મિશન યુનિટ બન્યું છે જેની સમગ્ર દેશમાં નોંધ લેવાઇ છે અને દેશના લોકો પણ અહીંયા જોવા માટે અને શીખવા માટે આવે છે. મને પૂરો વિશ્વાસ છે કે રમેશભાઇ મહેશ્વરી જે સંકલ્પ અહીં લાવ્યા છે એ અમારા વિચારોની સાથે સુસંગત છે અને એમણે અમોને અનુમોદન આપવા માટે કહ્યું છે, સરકાર આ સંકલ્પને અનુમોદન આપે છે અને ભવિષ્યમાં એને વધારે આગળ વધારવા નિર્ણય કરે છે. ધન્યવાદ.

**સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

## ગરીબ કલ્યાણ મેળાના સક્ષમ આયોજન અંગે

**શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે–

“ રાજય સરકારે ગરીબોના ઉત્કર્ષ માટે અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ અમલમાં મૂકેલ છે. આ યોજનાઓનો અમલ વહીવટીતંત્ર દ્વારા આજ પર્યંત થતો હતો પરંતુ તેના લાભાર્થીઓને મળવાપાત્ર સહાય પૂર્ણરૂપે મળતી ન હતી તેમજ વહીવટી પ્રક્રિયામાં વિલંબ થતો હોવાની વ્યાપક ફરિયાદો પણ ઉઠવા પામતી હતી. આ બધામાંથી ગરીબ પ્રજાને મુકિત અપાવવા રાજય સરકાર દ્વારા પિડીતો, શોષિતો, વંચિતો અને છેવાડાના કચડાયેલા ગરીબોના સર્વાંગી વિકાસ માટે અમલમાં મૂકેલ વિવિધ યોજનાઓનો લાભ એક જ જગ્યાએથી ગરીબોને સીધો જ પહોંચે તેવા શુભ અભિગમ સાથે દરિદ્રનારાયણના ઘરમાં દીવો પ્રગટાવવા સમાન **ગરીબ કલ્યાણ મેળાઓનું** આયોજન કરવામાં આવેલ છે. ગરીબોના બેલી બની, દુઃખીજનના દુઃખ હરવા સરકાર પ્રજાના દ્વારે પહોંચવાથી ગરીબોના ઉત્કર્ષની પ્રક્રિયાએ વેગ પકડયો છે. સંપન્ન થયેલ ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી સરકારની વિવિધ યોજના હેઠળ મળવાપાત્ર સહાય પૂરેપૂરી લાભાર્થીના હાથમાં આવે તેવા આયોજનોથી લાભાર્થીઓ તેમજ આમજનતા પ્રભાવિત થયેલ છે. આ પ્રકારના વિશિષ્ટ આયોજનથી વચેટીયા બંધ થતા ગરીબ કલ્યાણ મેળાના આયોજનને લોકો તરફથી અભૂતપૂર્વ આવકાર મળ્યો છે. આ પ્રકારની વ્યવસ્થા/પ્રક્રિયા કાયમ રહે તેવું જનતા ઇચ્છે છે. ગુજરાતના ગરીબોનું કલ્યાણ થાય તથા રાજય સરકારની વિવિધ યોજનાઓના લાભ મેળવી પગભર થઇ સમાજના અન્ય વર્ગોની જેમ તે પણ સ્વમાનભેર જીવન જીવી રાજયની વિકાસયાત્રામાં જોડાઇ શકે, તેવી રાજયની જનતાની આ લાગણીને માન આપી ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન વધુ દ્રઢીભૂત થાય, વધારે સક્ષમ બને તેમજ આવા આયોજનો હજુ વધુ કાર્યક્ષમતાથી ચાલુ રહે તે માટે આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.”

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

**શ્રી અનિલકુમાર અ. માળી** : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પનું હાર્દ એક એવા સંવેદનશીલ વિષય ઉપર છે. સતત આ દેશમાં ગરીબોની ચિંતા, ગરીબોનું ભલુ કેવી રીતે થાય એ વિષય લઇને હું આવ્યો છું ત્યારે મારે એ વાત કરવી પડે કે, ગરીબોના કલ્યાણ માટે, સમગ્ર દેશની અંદર જ્યારે ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર અને આદરણીય નરેન્દ્રભાઇ મોદી સતત ૨૪ કલાકમાંથી ૨૦–૨૦ કલાક કામ કરી ગરીબોનું કલ્યાણ કેવી રીતે થાય, ગરીબોનું ભલું કેવી રીતે થાય, છેવાડાના માનવીનું ભલુ કેવી રીતે થાય એની ચિંતા કરતા હોય ત્યારે રાત્રે હું ગરીબ કલ્યાણ મેળા વિશેની માહિતી એકત્ર કરતો હતો ત્યારે ગરીબ કલ્યાણ વિશે કહેવાનું મન હતું. સવારે ઉઠ્યો અને જોયું કે ટી.વી.ની અંદર અને સમાચાર પત્રોમાં હેડ લાઇન વાંચી ત્યારે મને વિચાર આવ્યો કે, ગરીબોને દ્વારે, ગરીબોને વિશે, ગરીબોને છેતરી–છેતરી જે લોકો સત્તા ઉપર બેઠા છે, એવી સરકારોના કારસ્તાનો સાંભળ્યા હતા પણ ગરીબો દ્વારા જે લોકો સત્તા ઉપર બેઠા છે એવા લોકોએ આજે આ દેશની અંદર અઘઘ હદ કરી નાખી! ટુ–જી કૌભાંડની વાત આવી ત્યારે આ દેશની પ્રજા એક શબ્દ પણ ન બોલી શકી. આ તો એક–બે–ત્રણ નહીં પણ અનેકગણું મોટું કૌભાંડ આ સરકારે કર્યું છે. આ કૌભાંડની અસર ગરીબોને પણ થાય છે. સમગ્ર દેશની અંદર ગુજરાતના ગરીબોના કેરોસીનમાં ૩૨ ટકા કાપ મૂકી ગરીબોના ઘરની એક પ્રાયમસ ઉપર એક રોટલો અને રોટલી પકવતા એને અન્યાય કર્યો હોય, ગરીબ મહિલા એ કોલસા દ્વારા ઘરના બે–ચાર સભ્યોની રસોઇ બનાવતી હોય એમાં પણ આ કેન્દ્ર સરકારના *(xxxxx)રૂ.૧૦.૬૭ લાખ કરોડનું આટલું મોટું કૌભાંડ, ગરીબીને દૂર કરવાવાળા લોકો આજે ગરીબોને જ દૂર કરવા માગે છે. એ ગરીબોને દૂર કરવા માગે છે કે ગરીબીને દૂર કરવા માગે છે એ જ મને તો સમજાતું નથી. અનેકવિધ કૌભાંડથી આ દેશને કઇ જગ્યાએ લઇ જવા માગે છે એ જ મને સમજાતું નથી. મારે પણ એક વાત કરવી પડે કે, ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકારનો અને આદરણીય નરેન્દ્રભાઇ મોદીનો એક સંકલ્પ હતો કે,

“ન ધરા સુધી ન ગગન સુધી, મારે જવું છે છેવાડાના માનવી સુધી”

માનનીય અધ્યક્ષશ્રી, ગરીબોનું ભલું કેવી રીતે થાય, ગરીબોનું કલ્યાણ કેવી રીતે થાય, ગુજરાતની અંદર એવા પ્રકારની ગરીબી હતી કે ગામડાનો ગરીબ ગામડામાંથી માઇગ્રેશન કરીને શહેરમાં જવા માટે મિટ

---

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

માંડીને બેઠો હતો. ત્યારે આ સરકારે અને નરેન્દ્રભાઇ મોદીએ ગરીબનું કલ્યાણ એ ગામડામાં જ કેવી રીતે થાય, ગરીબનું કલ્યાણ એ શહેરમાં રહેતો હોય તો એનું કલ્યાણ કેવી રીતે થાય આ રીતે એક આયોજન કરી તમામ યોજના, ગરીબને સરકારમાંથી એને મળતા હકકો, એને મળતા લાભો સીધે સીધા ગરીબના હાથમાં કઇ રીતે પહોંચે એની ચિંતા કરી. પહેલાની સરકારોમાં પણ નાની મોટી યોજનાઓ હતી. પણ એ સરકારને એટલી ગરીબો પ્રત્યે સંવેદના નહોતી કે ગરીબને આ લાભ કેવી રીતે આપવો. પહેલાના સમયમાં ગરીબો બિચારા લાભ લેવા માટે આમ તેમ ઓફીસોમાં રખડતા. રખડતા રખડતા એમને વચેટીયાઓ મળે, વચેટીયાઓ એમને ફોર્મ ભરી આપે અને ધીરે ધીરે કરતા કરતા ઓફીસોમાં જઇ અષ્ટમ પષ્ટમ કરે અને એ યોજના થકી જે લાભ મળવાનો હોય એનો ૫૦ ટકા લાભ એ વચેટીયા લઇ જતા અને ૫૦ ટકા લાભ એ લાભાર્થીને મળે, બિચારો ધકકો ખઇને ઘેર જાય અને અફસોસ કરીને એના દિલમાંથી એક વાત બહાર આવતી કે, વાતો કરી મારી મને લૂંટયો કયાંક તો ગોતી આપો. .. કયાંક તો ગોતી આપો

આવી વેદના આ ગરીબો કરતા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકારે અને રાજયના ગરીબોના બેલી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ આ ગરીબો વિશે છેક છેવાડાના છાપરામાં રહેતો માનવી હોય એનું દર્દ એમણે ચકાસ્યું કે આ ગરીબનું ભલું કેવી રીતે થાય અને તમામ યોજનાનું એક સાથે સંકલન કર્યુ. મારે એ પણ વાત કરવી પડે કે ગરીબ કલ્યાણ મેળો, માત્ર કહેવાનો મેળો પણ આની અંદર આ યોજના થકી ગરીબ કલ્યાણ મેળાના પહેલા આ સરકારના અધિકારીઓ, સરકારના કર્મચારીઓ એ ગામડામાં જાય, ખેતરોમાં જાય ધખધખતા તાપમાં જાય અને લાભાર્થીને ગોતી અને યોજનાની સમજણ આપે, યોજના વિશે સમજાવે અને એને ફોર્મ ભરાવે અને એને એ પણ કહે કે આ તારીખે મેળો છે સરકારની બસ તને લેવા આવશે. કલસ્ટર અધિકારી નિમાય અને જયાં ગરીબ કલ્યાણ મેળો હોય ત્યાં સુધી એને મંચ સુધી લઇ જવામાં આવે અને એને સીધે સીધો વચેટીયા વગર એને સીધે સીધો લાભ એના હાથમાં આપવામાં આવે અને માનભેર એ લાભાર્થીને પાછો પરત સરકારી ખર્ચે એના ગામમાં એના ઘેર મૂકવામાં આવે, ત્યારે એ ગરીબ લાભાર્થીઓ વાતો કરતા હોય કે ઇતિહાસમાં કયાંય જોયું નહોતું કે વડીલો પાસે કયાંય સાંભળ્યું નહોતું કે સરકાર આવી સંવેદનશીલ હોય અને કયારેય એવી અપેક્ષાઓ પણ નહોતી એમને કે આવી કોઇ સરકાર કે આવો કોઇ મહાપુરુષ ગરીબોનો બેલી કોઇ સત્તા ઉપર બેસશે. કદાચ કોઇ બેસે તો એ સાક્ષાત ભગવાન હોય તો અમારા દરિદ્ર નારાયણનું કલ્યાણ કરવા આવે. આ લાભાર્થીના દિલમાં, ગરીબોના દિલમાં નરેન્દ્રભાઇ મોદીએ એક ભગવાન તરીકે સ્થાન મેળવ્યું છે ત્યારે મારે એ વાત કરવી પડે કે ગુજરાતની અંદર પ્રથમ તબકકાના ગરીબ કલ્યાણ મેળા થયા એની અંદર ગરીબોની, લાભાર્થીઓની સંખ્યા ૨૧,૧૨,૨૧૩ હતી લાભાર્થીઓને ૨૭૪૧.૭૧ કરોડની સહાય મળી. એની સફળતા પછી આ રાજય સરકારે બીજા તબકકાનો ગરીબ કલ્યાણ મેળો કર્યો એ ગરીબ કલ્યાણ મેળાની અંદર લાભાર્થીની સંખ્યા ૧૬,૫૭,૨૪૭ હતી અને એના રૂપિયા ૨૧૧૭.૫૩ કરોડની સહાય આપવામાં આવી હતી. આ બન્ને મેળા પછી લોકોમાં જાગૃતતા આવી, લાભાર્થીઓની અંદર જાગૃતતા આવી. વહીવટી પ્રક્રિયાઓની અંદર ખૂબ મોટી જાગૃતતા આવી. અધિકારીઓમાં પણ સદભાવનારૂપે ગરીબો પ્રત્યે ખૂબ લાગણી પેદા થઇ અને એના પરિણામે ત્રીજા તબકકાના ગરીબ કલ્યાણ મેળાની અંદર આ ગુજરાતની અંદર ૨૦,૯૭ ,૯૧૨ લાભાર્થીઓને આ રાજય સરકારે ૩૨૬૧.૫૬ કરોડની સહાય આપી. ગુજરાતની અંદર ત્રણ તબકકાના ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૬૪૨ ગરીબ કલ્યાણ મેળા યોજી અને ગુજરાતની અંદરથી ૫૮,૮૭,૪૩૨ લાખ લાભાર્થીઓને ૮૧૨૦.૮૦ કરોડની જંગમ સહાય આપી છે. આમ આ ગરીબ કલ્યાણના મેળા દ્વારા ગરીબ, પિડિત, શોષિત, દલિત, વનબંધુ, સાગરખેડૂ આવા જે વિકાસથી વંચિત રહી ગયેલા આ તમામ જરૂરિયાતમંદોને વિકાસના ફળ પહોંચાડવામાં આ રાજય સરકારે ખૂબ મોટું કાર્ય કર્યુ છે.આ ગરીબ કલ્યાણ મેળા કરવાથી ગરીબોને બે સીધા લાભ થયા છે. એક તમામ યોજનાઓનું માર્ગદર્શન આ તમામ લાભાર્થીઓને મળ્યું છે અને જે વચેટિયા લોકો હતા, કહેવાય કે દલાલ હતા એ આખા ગુજરાતની અંદરથી આ ગરીબ કલ્યાણ મેળાઓના કારણે નાબૂદ થયા છે. જેના કારણે ગુજરાતમાંથી ભ્રષ્ટાચાર પણ ખૂબ મોટા પાયા પર નાબૂદ થયો છે. માત્ર ગરીબોની વાત નહીં,

સાચા હૃદયથી ગરીબોની સેવા કઇ રીતે થાય એ રીતે નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ મોટો પ્રયાસ છે. આ સરકાર માને છે કે,

**'' તું અપને ઘર પે દીપ જલાકે મત રૂક જાના, તુમ દીપ ચોરાહે પે ભી મત રખ આખા,**
**જો લોગ ભટકતે હૈં અંધેરી રાહો પે, ઉનકે પથ મેં ભી ઊજાલા કર આના''**

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની જ્યારે આ નેમ હોય, નરેન્દ્રભાઇની આ નેમ હોય ત્યારે એના સાથી તરીકે અમને પણ ખૂબ મોટું ગૌરવ થાય છે. મારે વાત કરવી છે કે આ ગરીબ કલ્યાણ મેળાના કારણે મારો વિસ્તાર એ બનાસકાંઠાનો ખૂબ છેવાડાનો વિસ્તાર દિયોદર છે અને મારા વિસ્તારમાં આ ગરીબ કલ્યાણ મેળા થવાના કારણે મારા વિસ્તારના લાભાર્થીઓને ખૂબ મોટો ફાયદો થયો છે. આ રાજ્ય સરકારની અનેકવિધ કલ્યાણલક્ષી યોજનાઓ હોવા છતાં આ અંગેની માહિતી અને જાણકારીના અભાવે આપણા ગરીબ લાભાર્થીઓને એનો લાભ મળતો ન હતો. આ ગરીબ કલ્યાણ મેળા દ્વારા આપણા ગરીબ લાભાર્થીઓને ખૂબ મોટો ફાયદો થવાનો છે. મારા દિયોદર તાલુકાના ત્રણ તબક્કાના ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૧૫,૮૬૫ જેટલા લાભાર્થીઓને ૧૬૦૬.૯૪ લાખની સહાય મળી છે. એવી જ રીતે મારા મત વિસ્તારનો ખૂબ નાનો તાલુકો ભાભર છે ત્યાં પણ ૧૦,૩૪૫ લાભાર્થીઓને ૮૭૨ લાખની સહાય મળી છે. મારા સંકલ્પને ગૃહ સ્વીકારે એવી અપેક્ષા રાખું છું.

**શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અનિલભાઇ જે ગરીબ કલ્યાણ મેળાનો સંકલ્પ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને સંકલ્પને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અંદર ગરીબી નાબૂદ થઇ ગઇ હોય એવું એક ચિત્ર ઉપસ્યુ છે. એના કારણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ ગરીબોના ઘર સુધી આ સહાય પહોંચે, વચેટિયા પ્રથા દૂર થાય અને સીધેસીધી સહાય એના સુધી પહોંચે એના માટેના પ્રયત્નો કર્યા. ખૂબ મંથન કરીને આ યોજના મૂકવામાં આવી છે. પહેલા શું થતું હતું કે જે લાભાર્થીઓ હોય એ તાલુકા સુધી આવે, જિલ્લા સુધી આવે, ફોર્મ મેળવે, ધક્કા ખાય પછી વચેટિયા મળે અને એ પૈસા લઇ જાય અને જ્યારે સહાય આપવાની થાય ત્યારે ૪૦-૫૦ ટકા સહાય લાભાર્થીને મળે અને બાકીના વચેટિયા લઇ જતા. આ કારણે સીધી સહાય ગરીબ સુધી પહોંચે અને એ યોજનાનો લાભ એને મળે, એના સાધનો મળે તો એનો એ ઉપયોગ કરી શકે એટલા માટે પ્રથમ તબક્કો, બીજો તબક્કો અને ત્રીજો તબક્કો એમ ત્રણ તબક્કામાં ગરીબ કલ્યાણ મેળા કર્યા. એમાં કુલ ૪૪,૩૨,૧૩૭ લાભાર્થીઓને ૬૫૦૨.૧૬ કરોડની સહાય સીધી ગરીબોના હાથમાં ગઇ. અનુસૂચિત જાતિના લોકોને પણ એમાં સહાય મળી છે. એમાં પહેલા તબક્કામાં ૩,૨૦,૨૯૧ લાભાર્થીઓ અનુસૂચિત જાતિના એમાં જોડાયા અને ૩૨૬.૫૯ કરોડની સહાય એમને મળી. બીજા તબક્કામાં ૧,૫૩,૨૭૯ લાભાર્થીઓ જોડાયા અને ૯૯.૮૨ કરોડની સહાય મળી અને ત્રીજા તબક્કામાં ૧,૭૧,૦૦૯ લાભાર્થીઓ જોડાયા અને ૧૬૬.૫૭ કરોડની સહાય એમને મળી. આમ, કુલ ૬,૪૪,૫૭૯ લાભાર્થીઓ એમાં જોડાયા. અને ૫૯૨.૯૮ કરોડ રૂપિયાની સહાય એમને મળી અને સાથે સાથે ૮ મહા નગરપાલિકાઓના લાભાર્થીઓને પણ જોડવામાં આવ્યાં.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સહાય ચૂકવાઇ એમાં સરદાર આવાસના મકાનો હોય, ડો. બાબાસાહેબ આંબેડકર આવાસ યોજના હોય, પંડિતદીનદયાળ આવાસ યોજના હોય, વીજના મીટર ના હોય એને વીજળીના મીટર મફત આપવાની યોજના હોય, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા કીટસ્ આપવાની યોજના હોય, માનનીય બાજબાપાલ બેંકેબલ યોજનાની સ્કીમ હોય, મીઠાના અગરિયાને રચનાત્મક કીટસ્ માટેની યોજના હોય, એમ બક્ષીપંચ, અનુસૂચિત જાતિ, આદિજાતિ આ તમામ લાભાર્થીઓને જે ગરીબ છે એમને સીધી સહાય આપવાની એક માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે આ ગરીબ કલ્યાણ મેળા યોજીને આપવાનું જે આયોજન કર્યુ છે એમાં કોઇ પાનનો ગલ્લો ચલાવતું હોય એ કોઇ નાના એવામાં પાણી રાખી એમાં પાન રાખવા માટે તેને ડોલ આપવામાં આવે અને તેની અંદર પાન રાખે. જ્યારે એને સાધનો મળ્યાં હોય ત્યારે આપણે જઇએ ત્યારે કહે કે, મારો ગલ્લો એ ટનાટન ચાલે છે. કારણે કે મારે ત્યાં હવે ગલ્લા ઉપર આવવા વાળા સભ્યો વધ્યાં છે અને પાન ખાય છૈયા હમારા, એવા પાન ખાવા લોકો આવે છે. એવી રીતે દૂધના સાધનો,

કડિયાકામના સાધનો કડિયામાં જે લોકો બકડિયા ઉચકાવા જતા હતા અને એની પાસે કડિયાકામની જાણકારી હતી પણ જો સાધનો આપવામાં આવે તો એ કડિયો બને અને એને વધુ રોજગારી મળે, એવા ઘણાં લોકો કડિયા બન્યાં. આ ગુજરાતની અંદર જેટલો વિકાસ થયો છે અને એ વિકાસની અંદર લોકો પાસે પૈસા આવ્યાં છે અને એ પૈસાના કારણે મકાન બાંધકામની, પોતાનું મકાન–બંગલા બનાવવાનું અને સોસાયટીઓ બનાવવાનું કામ પૂરજોશમાં છે ત્યારે કડિયા, પ્લમ્બર, સુથાર આ મળવા મુશ્કેલ છે ત્યારે આ બધાને તાલીમ આપીને એ સાધનો આપ્યાં છે ત્યારે એ પોતે વધુ રોજગારી મળવતા થયા છે અને આ જે શ્રેય છે એ માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીને જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક મકાનમાં જે પહેલા મકાનો આપતા હતા ત્યારે પ્લોટ મેળવવા માટે એને જેટલા ધક્કા ખાવા પડતા હતા. મારા વિસ્તારનું એક ગામ છે. એમાં ૪૦ મકાનો મંજૂર કરવાના અને ૯૦ જણા પાસેથી એ વચેટિયાએ પૈસા લીધેલા. કોઇની પાસેથી ૫૦૦૦, કોઇની પાસેથી ૩૦૦૦, કોઇની પાસેથી ૨૦૦૦. મકાન તૈયાર થયા ત્યારે ૪૦ મકાન અને ૯૦ જણા મકાન લેવા આવ્યાં. એટલે અમે બધાને બોલાવ્યાં. તો પૈસા આપીને અમે મકાન મંજૂર કરાવ્યું છે તો વચેટિયા હતા એ કોંગ્રેસના નીકળ્યાં. અમે એ ત્રણે ત્રણ જણાને બોલાવ્યાં. પોલીસ સ્ટેશનમાં એની ફરિયાદ નોંધાઇ અને ત્યાર પછી એ બે જણા તો ગામ છોડીને જતાં રહ્યાં અને એક જણાએ ત્રણે ત્રણ પાસેથી પૈસા બધાને પાછા અપાવ્યાં અને એ ૪૦ મકાનો એ મૂળ લાભાર્થીઓને અપાવ્યાં ત્યારે આવી પરિસ્થિતિમાં ગરીબ લોકો પાસેથી શોષણ કરતા આ લોકો છે એમને આ ગરીબ કલ્યાણ મેળા એ ગમતાં ના હોય.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે વચેટિયા પ્રથા નાબૂદ થઇ એના કારણે ગરીબોને સીધી સહાય મળવાનું ચાલુ થયું. આ હમણાં ગરીબ દેશની કેન્દ્ર સરકારમાં આયોજન પંચમાંથી એક આંકડા બહાર પડ્યાં કે એ શહેરી વિસ્તારના ગરીબ હોય તો ૩૨ રૂપિયા અને ૨૦ પૈસાની આવક હોય તો એ ગરીબીથી ઉપર નીકળી ગયો અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ રૂપિયા અને ૩૦ પૈસાની આવક હોય તો એ ગરીબીથી ઉપર નીકળી ગયો. માનનીય અધ્યક્ષશ્રી એનો ખૂબ વિરોધ થયો છે. આટલી આવકમાં તમે જ્યારે સત્તા ઉપર આવ્યાં ત્યારે તમે એમ કીધું હતું કે ૧૦૦ દિવસમાં અમે મોંઘવારી ઘટાડીશું. એ ૧૦૦ દિવસમાં મોંઘવારી ઘટી નહિ પણ બમણી થઇને, ત્રણ ગણી, ચાર ગણી, પાંચ ગણી મોંઘવારી થઇ અને દાળ–કઠોળના ભાવ એટલા બધા વધ્યાં કે ગરીબને પાણી રેડીને એને દાળ બનાવવાની થઇ. એવા વખતમાં આટલો જે ૨૫ રૂપિયા અને ૩૦ પૈસાનો આંક બાંધ્યો એમાં ક્યો ગરીબ આખા દિવસનું બે ટંકનું ભોજન, બે ટાઇમની ચા. આ કરી શકે. એટલે આ જો આંકડો આ રીતનો હોય તો ૨૦૨૦ સુધીમાં. આ ભારતની અંદર એક પણ ગરીબ રહે નહીં, એટલે આ ગરીબી હટાવવાનું કામ નથી પણ ગરીબોને હટાવવાની જે કેન્દ્ર સરકાર યોજના કરી રહી છે કોંગ્રેસની એટલે આ ગરીબોને હટાવવાનું કામ એ કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ જે લોકો છે એ મજૂરી કામ કરતા હોય અને ત્યાં આગળ ખાળિયા ખોદતા હોય ત્યાં બે બકડિયા જઇ માટી નાખવાથી એ ગરીબોની ગરીબી દૂર થતી નથી. કોઇના ઘરમાં જઇને રાતવાસો કરી અને ત્યાં રોટલો ખાવાથી એની ગરીબી દૂર થતી નથી. એની ગરીબી દૂર કરવી હોય તો આવા ગરીબ કલ્યાણ મેળાઓ કરી, ગરીબોની યોજનાઓ કરી, ગરીબોને સીધે સીધો લાભ એના ઘર સુધી મળે એવી યોજનાઓ કરવાની ગરીબોની ગરીબી દૂર થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ મુખ્યમંત્રીશ્રી પણ જયારે મુખ્યમંત્રી નહતા ત્યારે ગરીબોના ઘર ઉપર, છાપરા ઉપર, પતરા ઉપર સૂતેલા છે. કોઇના ત્યાંથી રોટલો મંગાવ્યો, કોઇના ત્યાંથી શાક મંગાવ્યું છે, અને એમણે ગરીબી જોઇ છે, ગરીબી નિહાળેલી છે અને એટલે જ એમના મનમાં આવી યોજના નક્કી થાય છે અને દ્રઢ સંકલ્પ સાથે આ ગુજરાતની અંદરથી ગરીબી દૂર કરવાનો એ સંકલ્પ લઇને આવ્યા છે ત્યારે આ સંકલ્પ જે માનનીય અનિલભાઇ લઇને આવ્યા છે, એ સંકલ્પને હું મારું અનુમોદન આપું છું અને વિરમું છું.

**શ્રી નાનુભાઇ ભ. વાનાણી**(**સુરત શહેર(ઉત્તર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનીય સભાગૃહના સભ્યશ્રી અનિલભાઇ, ગરીબ કલ્યાણ મેળાનો જે સંકલ્પ લઇને આવ્યા એને હું મારું સમર્થન આપવા અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અનિલભાઇએ સંકલ્પ અહીં રજૂ કરતાં ગરીબ કલ્યાણ મેળાથી થતા લાભો ખૂબ વિસ્તૃત રીતે વર્ણવ્યા છે. મારે પુનરૂક્તિનો દોષ વહોરીને એ વિષયને ફરી વખત છેડવો નથી, એ વાતને છેડવી નથી. મારે એ વાત કરવી છે કે, આપણો દેશ આઝાદ થયો, ૬૫ વર્ષ વિતી ગયા. ૬૫ વર્ષના અંતે પણ આ દેશની અંદર ગરીબો માટે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવું પડે એવી પરિસ્થિતિનું નિર્માણ કેમ થયું ?

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની અંદર મોટા ભાગનો સમય જો કોઇએ શાસન કર્યું હોય તો એ શાસન કોંગ્રેસે કર્યું છે. કોંગ્રેસની નીતિ અને નિયતિ એ બંને ગરીબ વિરોધી હતી. આ કોંગ્રેસે માણસને ક્યારેય માણસ તરીકે નથી જોયો. ગરીબને ક્યારેય ગરીબ તરીકે નથી જોયો. ગરીબને એણે હંમેશા મતની દ્રષ્ટિએ જોયો છે, માણસની દ્રષ્ટિએ નહીં. જો આ કોગ્રેસના શાસનમાં ગરીબોને જો માણસની દ્રષ્ટિએ જોવામાં આવ્યો હોત તો આ ગરીબ કલ્યાણ મેળાઓના આયોજનની અત્યારે જરૂર ન પડત. અત્યારે કોંગ્રેસ જે શાસન કરી રહી છે એણે માણસને મત તરીકે જોયો, એટલું જ નહીં પરંતુ એની ગરીબોના કલ્યાણ માટેની ઇચ્છા શક્તિનો પણ અભાવ હતો. આપણે રીતે પણ જો એને કહીએ તો, કોંગ્રેસે આજ દિન સુધી, આઝાદીના ૬૫ વર્ષો સુધી ગરીબોનું રાજકીય શોષણ કરી અને શાસન ચલાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણને દુઃખ થાય. જો ગરીબોની ચિંતા શાસકોએ કરી હોત તો કોઇ વાંધો નહતો પણ આ દેશના પ્રધાનમંત્રી એમ કહે, આમ તો સામાન્ય રીતે એવું હોવું જોઇએ કે, આ દેશના સંશાધનો ઉપર પહેલો હક્ક ગરીબોનો હોવો જોઇએ પણ આ દેશના પ્રધાનમંત્રી શું કહે છે ? આ પ્રધાનમંત્રી એમ કહે કે, આ દેશના સંશાધનો ઉપર પહેલો હક્ક લઘુમતિઓનો છે. લઘુમતિઓનો છે ત્યારે, આ ગરીબોની વાત કરવાવાળા શાસકોના કારણે આ ગરીબોની ગરીબાઇ વધી છે. અને એટલા માટે તાજેતરમાં સુપ્રીમ કોર્ટે એક ટીપ્પણી કરી કે આ દેશની અંદર, એક દેશની અંદર બે દેશનો સમાવેશ થાય છે. એક ગરીબ દેશ અને બીજો અમીર દેશ. આ દેશની અંદર શું પરિસ્થિતિ થઇ મેં જે વાત કરી કે આ દેશના શાસકોની નીતિ અને નિયતિમાં ફરક હતો અને એટલા માટે હું આ ગૃહને જણાવતા સંકોચ અનુભવું છું કે આજે ૬૫ વર્ષ પછી પણ ગરીબોને નકકી કરવાની નીતિ આ કેન્દ્ર સરકાર નકકી કરી શકી નથી. આયોજન પંચ આ ક્ષેત્ર સંભાળે છે. આ દેશની અંદર ગરીબો કેટલા એનો આંકડો નકકી કરવા માટે આયોજન પંચે પહેલા આંકડો જાહેર કર્યો કે આ દેશની અંદર બી.પી.એલ. પરિવાર ૧૦.૮૭ લાખ છે ત્યારપછી આ જ આયોજન પંચે સકસેના સમિતિની નિમણૂક કરી કે તમે ગરીબોનું તારણ કાઢો. સકસેના સમિતિએ તારણ કાઢયું કે આ દેશની અંદર ગરીબોની સંખ્યા ૬.૫૨લાખ છે. આનો પણ  જબરજસ્ત વિરોધ થયો આ દેશની અંદર સામાજિક અને રાજકીય ક્ષેત્રે ખૂબ વિરોધ થયો. લોકસભાની અંદર પણ વિરોધ થયો ત્યારપછી ૨૦૦૯માં સુરેશ તેંડુલકર સમિતિની નિમણૂક કરવામાં આવી. સુરેશ તેંડુલકર સમિતિએ આંકડો આપ્યો કે આ દેશની અંદર ૮.૩૨ લાખ ગરીબો છે. કોઇ નીતિ નથી, કોઇ નિયત નથી. ગરીબોને કેમ નકકી કરવા, ગરીબીની રેખા કેવી રીતે નકકી એના માપદંડો નકકી નથી. પહેલા એવું નકકી કર્યું કે આ દેશના ગરીબને નકકી કરવા માટે આ દેશમાં પ્રત્યેક વ્યકિતને ખોરાકમાં કેટલી કેલરી મળે છે એનો એણે આધાર રાખ્યો હતો પરંતુ આ કેલરીનો વિરોધ થયો ત્યારપછી આ તેંડુલકર સમિતિએ રોટી, કપડા, મકાન, શિક્ષણ, આરોગ્ય પાછળ એક દિવસમાં પ્રતિ વ્યકિત કેટલો ખર્ચ થાય એ માટેના એણે ધોરણો નકકી કર્યા અને એમાં ૨૪ ચીજોનો સમાવેશ કરવામાં આવ્યો. આ તેંડુલકર સમિતિના રિપોર્ટના આધારે કેન્દ્ર સરકારના આયોજન પંચે સુપ્રીમ કોર્ટની અંદર હલફનામુ જાહેર કર્યું  અને એમાં કીધું કે શહેરી ગરીબો જે છે એ એક દિવસના ૩૨ રૂપિયાની જો કમાણી કરતા હોય તો એ ગરીબી રેખાની બહાર છે અને ગ્રામ્ય વિસ્તારની અંદર ૨૬ રૂપિયાની જો કમાણી કરતા હોય તો એ ગરીબી રેખાની બહાર છે. આ જયારે આંકડો જાહેર થયો ત્યારે આખા દેશની અંદર હોબાળો મચી ગયો. આયોજન પંચના ઉપાધ્યક્ષને બોલાવવામાં આવ્યા અને સુપ્રીમ કોર્ટે  એને ખખડાવ્યા અને કહયું કે તમે આ ગરીબોની મશ્કરી કરી રહયા છો તમે ફરી વખત આનો  રિપોર્ટ કરો. આપણને કહેતાં શરમ થાય બે દિવસ પહેલા આ આયોજન પંચે સુપ્રીમ કોર્ટની આટલી ટીપ્પણી પછી પણ એ આંકડો વધારે કરવાને બદલે શરમ બિલકુલ નેવે મુકીને શહેરી ગરીબનો જે ૩૨ રૂપિયાનો આંકડો આપ્યો હતો એ શહેરી ગરીબનો અઠયાવીસ

રૂપિયા અને પાંસઠ પૈસાનો આપ્યો અને ગ્રામીણ ગરીબોનો જે ૨૬ રૂપિયાનો આપ્યો હતો એ બાવીસ રૂપિયા અને બેંતાલીસ પૈસાનો આપ્યો. આની અસર એ થઇ કે આ કોંગ્રેસના શાસનમાં સારી યોજનાઓ દ્વારા, લાભો દ્વારા તો ગરીબી હટી નહીં પણ આ ૩૨ ના ૨૮ કર્યા, ૨૬ ના ૨૨ કર્યા એટલે સાત ટકા જે ૩૭લાખ ગરીબો હતા એ આપોઆપ ૨૯લાખે આવી ગયા. આવી રીતે ગરીબી હટાવી. આવી રીતે ગરીબોને સરકારની યોજનાથી વંચિત રાખવાનું આ કેન્દ્ર સરકારનું પગલું નથી તો શું છે? મારે એ કહેવું છે કે આ રાજયની અંદર એની અસર શું થઇ કે આપણા રાજયની અંદર અંત્યોદય કાર્ડ પહેલા આઠ લાખ પચાસ હજાર હતા, બી.પી.એલ. કાર્ડ ચોવીસ લાખ હતા. કુલ બી.પી.એલ. કાર્ડ ઝીરોથી ૨૦ ના ૩૨,૫૦,૦૦૦ હતા અને આ કેન્દ્રએ નિર્ણય કર્યો એના કારણે આ રાજયની અંદર પણ જે ગરીબની સંખ્યા ઘટી એમાં ૧૧,૧૬,૦૦૦ કાર્ડ આપોઆપ બી.પી.એલ.ના રદ થયા. જે ૩૩ ટકા થવા જાય છે. જ્યારે ગુજરાત સરકારે આ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ, ત્યારે એનો હાર્દ હતો એ માત્ર ગરીબોને સલામતી આપવાનો નહિ, સામાજિક સલામતી આપવાનો નહિ, પણ સામાજિક સશક્ત કરવાનો એમનો હાર્દ હતો. સામાજિક સલામતી એ હોય કે સલામતીની કયારે જરૂર પડે એ નિર્બળ હોય તો એને કાયમી નહિ, પણ ટેમ્પરરી સહાય અપાય. આ સન્માનનીય ગૃહના સભ્ય ભાનુબેન જયારે સખી મંડળોની વાત કરી રહ્યા હતા કે કેવી રીતે સમાજને સશક્ત કર્યો? એ આ નરેન્દ્રભાઇ મોદીના શાસનની અંદર સમાજને કાયમી મજબૂરીથી નહિ, એને સલામતીથી નહિ, છત્રથી નહિ, પણ અંદરથી મજબૂત કરવાનાં પગલાં લીધાં છે, ત્યારે હું આ ગરીબ કલ્યાણ મેળાને આવકારું છું. આ રાજયની અંદર શાસનની નીતિ અને નિયતિ સાફ છે, ત્યારે આ દેશના ગરીબો માત્ર ગરીબ રહે એટલું જ નહિ બહારથી મજબૂત નહિ, પણ અંદરથી મજબૂત કરવાનાં પગલાં લેવાઇ રહ્યાં છે. આ ગરીબોને એના નસીબના આધારે નહિ, એના પ્રારબ્ધના આધારે નહિ, પણ પોતે સ્વયં પોતાનાથી પ્રકાશ ફેલાવે, પોતે સશક્ત થાય તે માટેના પ્રયત્ન કરી રહ્યા છે, ત્યારે મને એક વાક્ય યાદ આવે છે.

**'પ્રારબ્ધને અહી ગાંઠે છે કોણ? પ્રારબ્ધને અહી ગાંઠે છે કોણ?**
**હું પડકાર ઝીલનારો માણસ છું,**
**હું તેજ ઉછીનું લઉં નહિ,**
**હું જાતે બળતું ફાનસ છું.'**

આ દેશના ગરીબોને પોતાની જાતે મહેનત કરીને સશક્ત થાય તે માટેનું નિર્માણ કરવાનું છે. બીજી કડી લઇને વાત મારી પૂરી કરું છું. નિર્માણ એવું થયું છે કે,

**લેતે જા, લેતે જા, લેતે લેતે, લેતે જા,**
**લેતે લેતે આગે બઢકર, દેને વાલા, ખૂદ બન જા.**

આવી પરિસ્થિતિનું નિર્માણ નરેન્દ્રભાઇ મોદીશ્રીએ કર્યુ છે ત્યારે હું આ સંકલ્પને આવકારું છું.

**શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અનિલકુમાર માળી સંકલ્પ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું.

આ દેશ આઝાદ થયો. સ્વામી વિવેકાનંદજીએ આ દેશના લોકોને સૂત્ર આપ્યું હતું. 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' આ દેશનો મુઠ્ઠી ઉંચેરો માનવી આ સૂત્રની પાછળ હંમેશા મંડ્યા રહ્યા, ત્યારે આજની આ દેશની સ્થિતિ એવી થઇ છે, ત્યારે *(xxxxx) (xxxxx)આ સ્થિતિ દેશમાં ઊભી થઇ. એનાથી વિશેષ બીજાને કહે જાગતા રહો, ખાતા રહો અને કઇ ન મળે તો કોલસા પણ ચાવતા રહો. આ એક જાહેર જીવનના ધારાસભ્ય તરીકે આ દેશના કોંગ્રેસના લોકોએ એવી પ્રકારની સ્થિતિનું નિર્માણ કર્યુ કે આજે અમારે કોઇની વચ્ચે જઇને ધારાસભ્ય કહેવું હોય તો જાહેર જીવનને કલંકિત કરી દીધું છે. આ પ્રકારના કૌભાંડો કર્યા છે, ત્યારે મારે એ વાત કરવી છે કે ૬ કરોડ ગુજરાતીઓની જેણે ચિંતા કરી છે એવા મર્દ મુખ્યમંત્રી નરેન્દ્રભાઇના શાસનમાં ગુજરાતની અંદર અમે ૬૪૨ ગરીબ કલ્યાણ મેળા કર્યા. ગરીબોને સીધી સહાય આપી. ગરીબોના હક્કના પૈસા ગરીબીમાંથી બહાર આવવા માટે આ મુખ્યમંત્રીએ અલગ અલગ

---

* **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

યોજના મારફત સહાય મારફતે આપ્યા. કેન્દ્રના લોકોએ શું કર્યુ? ૧ લાખ ૭૬ હજાર કરોડનું કૌભાંડ કર્યુ. આ ગરીબોના પૈસાઓને લૂંટીને અમે ૮,૦૦૦ કરોડ ગરીબોને સીધી સહાયરૂપે આપ્યા. ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૮,૦૦૦ કરોડ રૂપિયા આ ગુજરાતના ગરીબોને સીધી સહાય આપી. કેન્દ્રના લોકોએ શું કર્યુ? ૧૦ લાખ કરોડના કોલસા ખાઇ ગયા. આ સ્થિતિ અને આ પરિસ્થિતિમાં મારે એટલું જ કહેવું છે કે આ એક ગુજરાત રાજય જ્યાં ૫૮ લાખ લાભાર્થીઓને જુદી જુદી યોજનાઓ મારફત એમના હક્કના પૈસા આ ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી આપ્યા. જ્યારે અમારા કોંગ્રેસના મિત્રો લાખો રમતવીરોના પૈસા ખાઇ ગયા. એક ક્ષેત્ર બાકી નથી મૂક્યું. જે રમતવીરોનો ઉત્સાહ માટે એના પ્રોત્સાહન માટે એમની રમતોનું પ્રદર્શન એમણે કર્યુ હોય અને તેમને સારા ઇનામો આપવાના બદલે આ રમતવીરોના પૈસા પણ કોંગ્રેસના લોકોએ છોડ્યા નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ કૃષિ પ્રધાન દેશ છે, આ રાજયના છેવાડે રહેતો ખેડૂત, ગામડામાં રહેતા ખેડૂત, એ એની ખેતી વધારે સારી રીતે કરી શકે એના માટે અમે ગરીબ કલ્યાણ મેળામાં ખેડૂતોને સીધી ટ્રેકટરની સહાય આપી, રોટરવેટર આપ્યું, આદિવાસી વિસ્તારમાં ડિઝલ એન્જિન આપ્યાં, આ પ્રકારે ખેડૂતોને જાગૃત કરી, ખેડૂત વધારે કામ કરતો થયો, વધારે મહેનત કરતો થયો, ગરીબીમાંથી બહાર આવવા માટે એણે કપાસ પકવ્યો, શું પરિણામ આવ્યું? રાત-દિવસ ખેતરમાં કાળી મજૂરી કરીને એણે કપાસ પકવ્યો, બરાબર કપાસ વેચવાનો સમય આવ્યો ત્યારે આ કૌભાંડી કોંગ્રેસના લોકોએ કપાસની નિકાસબંધી કરી નાખી, ખેડૂતોને આ કાળઝાળ મોંઘવારીમાં કપાસ પકવતાં એક મણે સાતસો- આઠસો રૂપિયા ખર્ચ થાય, ત્યારે આ નિકાસ પ્રતિબંધ કરવાથી કપાસનો ભાવ ખૂબ ઘટી ગયો, ખેડૂતોને ખૂબ નુકસાન થયું. એનાથી વધારે કહું તો, આ દેશનું એક માત્ર ગુજરાત રાજય એવું છે કે, જયાં ઝીરો થી સોળના બધા જ લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી મકાનો આપ્યાં, અને આ વિધાનસભામાં ૧૭ થી ૨૦ સુધીના બાકીના બધા લાભાર્થીઓને મકાન આપવાનું કામ કર્યું, આ દેશની એક માત્ર સરકાર, એક માત્ર માનનીય મુખ્ય મંત્રીશ્રી કે જેણે ગરીબને પોતાનું ઘર મળી રહે એ પ્રકારનું આયોજન કર્યું, અને એ લોકોએ શું કર્યું, માનનીય અધ્યક્ષશ્રી, જે માજી સૈનિકોએ સેવાઓ આપી હતી, એમનાં હક્કનાં મકાનો લઇને સાસુ-સસરાઓને આપ્યાં, આદર્શ કૌભાંડ કર્યું, માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ વિકાસ- વિકાસ અને એક બાજું કૌભાંડ જ કૌભાંડ, માનનીય અધ્યક્ષશ્રી, અમે નારીઓને સશકત કરવા મહિલાઓને સશક્તિકરણ કરવા એક હજાર કરોડ રૂપિયા મિશન મંગલમ્ યોજનામાં આપ્યા, અને આખા રાજયની નારીઓ પગભર થઇ, હમણાં માનનીય ભાનુબેન કહેતાં હતાં એમ નારીઓ પોતાના સ્વમાનથી ફરી શકે એ પ્રકારનું વાતાવરણ આ રાજયમાં ઉભું કર્યું. કોંગ્રેસના લોકોએ શું કર્યું? માનનીય અધ્યક્ષશ્રી, • (xxxxx) (xxxxx)આ પ્રકારની સ્થિતિ? માનનીય મોહનભાઇ, મારી વાત એ છે કે, કદાચ ..

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઇ, આપશ્રી મર્યાદામાં ચર્ચા કરો તો ઠીક રહેશે તો હાઉસની પણ ગરિમા જળવાશે, એટલે જે અહીંયાં સભ્ય નથી એવી વ્યક્તિના નામનો ઉલ્લેખ આપણે ના કરીએ, પ્લીઝ.

શ્રી ભરતભાઇ ખો. બોઘરા : સાહેબ, એ શબ્દો પાછા ખેંચી લઉં છું, પણ વાત એટલી જ છે કે, આ રાજયની અંદર મહિલાઓના સશક્તિકરણ માટે આ એક પ્રકારની એવી વ્યવસ્થા ઉભી કરી છે ગરીબ કલ્યાણ મેળામાં કે અલગ અલગ યોજનાઓ અલગ અલગ હુન્નરો શીખીને આ દેશની મહિલાઓ આગળ આવે એ પ્રકારના મોડેલ કામ ગુજરાત રાજયમાં કરે છે, ત્યારે મારી એટલી જ વાત છે કે, જે પ્રકારે ગરીબ કલ્યાણ મેળા છેલ્લા બે વર્ષથી આ રાજય સરકાર કરે છે એને વધારે વેગ મળે અને આ રાજયમાં છેવાડાના ગામડાંમાં કારીગર વર્ગનો માણસ હોય, કોઇ મજૂર વર્ગનો માણસ હોય, કોઇ ગરીબ વર્ગનો માણસ હોય એને આ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી જે પ્રકારનું પ્રોત્સાહન મળે છે તો આ ગરીબ કલ્યાણ મેળાને વધારે પ્રોત્સાહન આપવા માટેની મારી વાત છે અને હું જે વિસ્તારમાંથી આવું છું, એ વિસ્તારમાં જયારે ગામડાના પ્રવાસમાં જઇએ ત્યારે ગરીબ લોકો કહેતાં હોય છે કે, આ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ખરેખર ગરીબને એક આત્મવિશ્વાસ જાગ્યો છે, એમને એવું લાગે છે કે અમારી પાછળ કોઇક બેઠું છે, આ પ્રકારની હૂંફનો

• **(xxxxx) માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવામાં આવ્યા છે.**

અનુભવ થાય છે, અને માનનીય અધ્યક્ષશ્રી, હું સાંજે બેઠો હતો ત્યારે મને એક વાત યાદ આવી, હું એ આ વિધાનસભામાં શેર કરવા માગું છું.–

*(xxxxx) (xxxxx) માનનીય અધ્યક્ષશ્રી, હું આ સભાગૃહમાં સભ્યશ્રી અનિલકુમાર જે સંકલ્પ લઇને આવ્યા છે એમને હું મારું સમર્થન આપું છું અને આ સભાગૃહને વિનંતી કરું છું કે, આ સંકલ્પ વિના વિરોધે પસાર કરે.

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી):** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અનિલભાઇ માળી જે બિનસરકારી સંકલ્પ લઇને અહીં આવ્યા છે અને એના સમર્થનમાં અમારા પક્ષના પાંચ મિત્રોએ જે સમર્થન કર્યું છે એના હાર્દ સાથે સરકાર સંમત છે. એમના સંકલ્પનો જે હાર્દ છે તેમાં ગુજરાત સરકાર આ દિશામાં કામ કરી રહી છે અને એને સમર્થ આપવા માટે ગૃહમાં આ જે સંકલ્પ લઇને આવ્યા એ બદલ માનનીય અનિલભાઇને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગરીબ કલ્યાણ મેળાની બાબત અને વિચાર માનનીય મુખ્યમંત્રીશ્રીને જયારે આવ્યો અને બધાના મનમાં એમ હતું કે આ ગરીબ કલ્યાણ મેળો એટલે શું હશે? અમારામાંથી બધાને એવો વિચાર આવતો હતો એમને વિચાર આવો શા માટે આવ્યો? એક તો એમના હ્રદયમાં, માનનીય મુખ્યમંત્રીશ્રીના હ્રદયમાં એક વેદના હતી કે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીએ એક વાર એવો ઉલ્લેખ કરેલો કે હું દિલ્હીથી ૧૦૦ રૂપિયા મોકલું છું અને ઘસાતા ઘસાતા કોઇ પણ વ્યકિત પાસે ૧૦ રૂપિયા જ પહોંચે છે. એનો અર્થ એ થયો કે ૯૦ ટકા નાણાં વચ્ચે ખવાઇ જાય છે. બીજી એક એમને વેદના થઇ અને વિચાર કર્યો કે, આનો ઉપાય શું હોઇ શકે? તો બીજી એક બાબત એમના ધ્યાનમાં આવી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અમોને મંત્રીઓને પૃચ્છા કરતા હતા અને અધિકારીઓને ખ્યાલમાં રાખીને અમે વાતો કરતા હતા તો એમના હ્રદયમાં એક વાત આવી અને એમણે પૂછ્યું કે માર્ચ એન્ડીંગમાં કેટલો ખર્ચ થયો છે? પહેલા પણ એવું જ હતું કે સામાન્ય રીતે જે બજેટ અહીંયા રાજ્યમાં વપરાતા હોય છે એ બજેટ બારે મહિના વપરાવું જોઇએ સરેરાશ એના બદલે બજેટ ખેંચાતું ખેંચાતું માર્ચના અંત સુધી આવે અને મને લાગે છે કે બધા અધિકારીઓ/કર્મચારીઓ અને અમે બધા છેલ્લા મહિનામાં ફાંફાં મારીને એનો ખર્ચો બૂક કરાવવા માટે મહેનત કરતા હોઇએ છીએ. ઘણી વખતે બૂક ન થતો હોય તો ડાઇવર્ઝન કરે છે, પણ આ બધું શા માટે થાય છે? મુખ્યમંત્રીશ્રીના મનમાં એક વેદના થવા માંડી અને એમના મનમાં ખિન્નતા પણ આવી હતી અને મને ખબર છે હું એમની સાથે મંત્રીમંડળમાં બેસું છું ત્યારે એમની એ વેદનાનો કોઇને કોઇ ઉપાય શોધતા હતા કે આ માટે શું કરવું જોઇએ? ત્યારે એમણે એ ઉપાય જોયો, એમને ખ્યાલમાં આવ્યું કે આ રકમ ખેંચાતી ખેંચાતી વર્ષના અંત સુધી શા માટે જાય છે? શા માટે શરૂઆતમાં નથી વપરાતી? અને એમણે શોધી કાઢ્યું આને આડશ કરનારા, કોઇ પણ વસ્તુનો વેગ થતો હોય તો એને અટકાવનાર કોઇ આડશ હોય તો જ એનો વેગ ઘટી જાય અને આડશ એટલે વચેટિયા. આ રકમ નહીં વાપરવા દેવાની બાબતમાં આ નાણાં નહીં વાપરવા

દેવાની બાબતમાં વચેટિયાઓનો જે રોલ છે એ કોઇના ખ્યાલમાં આવતો ન હતો, ખ્યાલમાં આવતો હતો તો ઉપાય શોધતા ન હતા અને ઉપાય ન મળવાના કારણે દર વખતે નિઃસહાય બની જતી હતી સરકાર. મારે ગંભીરતાથી કહેવું છે કે, આ બે કારણોના લીધે એમના મનમાં એમ થયું કે આનો કોઇ ઉપાય શોધવો જોઇએ અને એમાંથી જન્મ થયો આ ગરીબ કલ્યાણ મેળાનો. ગરીબોને આ નાણાં સમયસર નથી મળતા અને મારે એ નાણાં સમયસર આપવા જોઇએ અને હાથોહાથ આપવા જોઇએ એમાંથી જન્મ થયો છે આ ગરીબ કલ્યાણ મેળાનો અને આ ગરીબ કલ્યાણ મેળાનો જે જન્મ થયો અને પછી એમણે કહ્યું કે મારે હવે મારા હાથો-હાથ મારે આપવું છે. ગરીબ કલ્યાણ મેળો કરો અને જેટલું પણ પેમેન્ટ બાકી છે એ મારે પોતે જાતે જઇને આપવું છે. આના કારણે એમણે જાતે નિર્ણય કર્યો કે હું જાતે મેળો કરીશ અને હું જાતે ત્યાં ઉભો રહીને બધાને નાણાં ચૂકવીશ. અધિકારીઓને સૂચના આપી કે તમે શોધી કાઢો કે કેટલું પેમેન્ટ બાકી છે? સાહેબ, હજારો કરોડ રૂપિયાનું પેમેન્ટ બાકી હતું. આ રકમ ગરીબોને મારે હાથો-હાથ વેહેંચવી છે એવી એમની સંવેદના પેદા થઇ અને એમાંથી આ વિચાર આવ્યો અને અમને બધાને કહ્યું કે બધા મંત્રીઓ પણ હાજર રહે, બધા અધિકારીઓ પણ હાજર રહે. આમ, અનેક મેળાઓનું આયોજન કર્યું. એ મેળાનું જે આયોજન કર્યું અને જે પેમેન્ટ આપવાનું હતું એ ગરીબ લોકોને આપવા માટેની વ્યવસ્થા ગોઠવી,અધિકારીઓને સૂચના આપી કે તમે શોધી કાઢો કે પોતપોતાના વિસ્તારમાં, પોતપોતાના ગામમાં, પોતપોતાના ક્ષેત્રમાં, પોતપોતાના વિભાગોમાં અને આજે પણ મને એ દશ્ય બરાબર યાદ છે કે પહેલો જે ગરીબ કલ્યાણ મેળો થયો એ વખતે સેક્રેટરીઓથી માંડીને, નાનામાં નાનો કર્મચારી છેક તલાટી લેવલનો માણસ દોડતો થઇ ગયો અને મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી કે એકપણ માણસનું પેમેન્ટ જો બાકી રહ્યું તો હી વીલ બી ટેઇકન ઓન ટાસ્ક. એના ઉપર ગંભીરતાપૂર્વક પગલાં લેવામાં આવશે. મને આજેય યાદ છે એ દશ્ય કે જે ગામમાં જઇને કોઇ પુછતું નહિ, કોઇ ગરીબોને, કોઇ પોતાને મળવા માટેની રકમોની ખબરેય ન હોય, વૃદ્ધોને પેન્શન ના મળે કે પછી અપંગને એનો પોતાનો અધિકાર ના મળે અગર તો વિદ્યાર્થીઓને સાયકલ ના મળે, આ બધી જ બાબતોમાં, જેટલી આઇટેમો હતી એ તમામને ખોળી કાઢી અને એ રીતે સંશોધન થયું ગરીબ કલ્યાણ મેળાનું અને આ ગરીબ કલ્યાણ મેળામાં એક ખાતાનું નહિ, ઘણા બધા, રાજ્યના જુદા જુદા વિભાગો, ખાતાઓ, બોર્ડો, નિગમો, બેન્કો દ્વારા અનેકવિધ વ્યક્તિલક્ષી, કલ્યાણલક્ષી યોજનાઓના આ કામ હોય છે અને એક મેળો કર્યા પછી એમને વિચાર આવ્યો અને તે પછી ત્રણ તબક્કામાં રાજયમાં મેળાનું આયોજન થયું, પહેલા વખતે જિલ્લા કક્ષાના મેળા કર્યા, પચાસ મેળા કરવામાં આવ્યા, ત્યારે એના કામનો વ્યાપ જોતાં એમ લાગ્યું કે હજીપણ ગરીબોને જિલ્લા કક્ષાએ જવું પડે છે, સરકારે વ્યવસ્થા કરી, વિપક્ષોએ તો હવનમાં હાડકાં નાંખવાનું ચાલુ જ રાખ્યું હતું કે આ તમે ખર્ચો કરો છો તે ખોટો કરો છો કારણકે એમાં કાતરા જેમ ખેતરમાં મરી જાય એમ

વચેટિયાનો નાશ થતો હતો અને એમના હાથમાં જે આવતું હતું તે ન મળતા આ લોકોના હાથ હેઠા પડ્યા હતા એ વખતે. મને બરાબર યાદ છે કે એક મેળા પછી પચાસ મેળા પહેલાં વરસે કર્યા, એ જિલ્લા કક્ષાએ કર્યા તેમ છતાં એમને સંતોષ ના થયો, તો એમણે વિચાર્યું કે શા માટે એક ગરીબ માણસ પોતાનો અધિકાર લેવા માટે જિલ્લા કક્ષાએ જાય, શા માટે પોતાના તાલુકામાં જ ના આવે, તો એ રીતે તાલુકાની અંદર મેળો કરો, એમાંથી વિચાર આવ્યો અને એનો વ્યાપ વધ્યો, તો બીજા તબક્કાની અંદર ૨૯૨ મેળા કર્યા. એમાંથી વ્યાપ વધાર્યો કે હજીપણ શહેરી વિસ્તારો અને મોટા શહેરોમાં અને નગરપાલિકાઓમાં પણ મેળા કરો, એમાંથી ૩૦૦ મેળા ત્રીજા તબક્કામાં કર્યા, કુલ ૬૪૨ મેળા કર્યા અને મને કહેતાં આનંદ થાય છે કે, ગરીબ લોકોને, સામાન્ય લોકોને, જે લોકોને જે અધિકારીઓ સાહેબો કંઇ હાથમાં આપતા નહોતા, વચેટિયાઓ આવે નહિ ત્યાંસુધી પેમેન્ટ નહોતું મળતું, એ પેમેન્ટ અપાવવા માટે આખું આયોજન ગોઠવાઇ ગયું અને એના કારણે એમાં જે રકમ આપવામાં આવી, અમારા કુલ ૬૪૨ મેળામાં ૮૧૦૦ કરોડ રૂપિયા કરતાં પણ વધારે રકમ ગરીબોના હાથમાં ત્રણ તબક્કામાં મૂકવામાં આવી, ટીકાકારો ટીકા કર્યા કરે, વચેટિયાઓને પોતાના હાથમાં રકમ ના આવી એટલે વચેટિયાઓએ બૂમાબૂમ શરૂ કરી, પરંતુ આ સરકાર એવા કોઇ વચેટિયાઓને મહત્વ આપતી નહોતી અને આની અંદરથી જે રસ્તો જડ્યો, ગરીબ કલ્યાણ મેળાનું જે સંશોધન થયું અને એના કારણે ગરીબોને એનો લાભ હાથોહાથ મળવા માંડ્યો, ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાના આયોજનમાં ૫૮ લાખ લોકો કરતાં વધારે લોકોને ૮૧૨૧ કરોડ રૂપિયાની સહાય આપવામાં આવી, આવા ગરીબ કલ્યાણ મેળામાં શું શું મદદ કરીએ છીએ અમે. એમાં ઇન્દિરા આવાસ બાંધીએ છીએ, એમાં એમને તબક્કાવાર પેમેન્ટ નહોતું મળતું, એમને સામે જઇને એનું પેમેન્ટ અને એના હપ્તા મળવા માંડ્યા, ઇન્દિરા આવાસ યોજના હોય, સરદાર આવાસ યોજના હોય, પંડિત દીનદયાળ આવાસ યોજના હોય, ડો. આંબેડકર આવાસ યોજના હોય વિગેરે આવાસ યોજનાઓને ત્રણ તબક્કામાં ગરીબ કલ્યાણ મેળામાં કેટલા, ૬,૦૭,૧૭૫ લાભાર્થીઓને ૨૦૫૮ કરોડ રૂપિયાની આવાસ સહાય આપી અને એ પણ ગરીબોને હાથોહાથ આપી, રોજગાર નિર્માણને આ સરકારે અગ્રતા આપી છે, રોજગાર યોજનાઓ હેઠળ ૭,૪૮,૪૩૧ લાભાર્થીઓને ૯૪૫ કરોડની સહાય આપવામાં આવી છે, સામાજિક સુરક્ષા હેઠળ ઇન્દિરા ગાંધી સહાય વૃદ્ધ પેન્શન યોજના, નિરાધાર વૃદ્ધ સહાય યોજના, નિરાધાર વિધવાઓની સહાય યોજના તથા સંકટમોચન યોજના હેઠળ ત્રણ તબક્કામાં આ ગરીબ કલ્યાણ મેળા થકી..

૮૭૪૬૦ લાભાર્થીઓને ૧૫ કરોડ રૂપિયાની રકમ હાથો હાથ આપી. એક બીજો અમારો વિભાગ માતૃ બાળ કલ્યાણ કાર્યક્રમ હેઠળ જનની સુરક્ષા યોજના, ચિરંજીવી યોજના, બાલિકા સમૃદ્ધિ યોજના ૪,૬૧,૬૧૨ લાભાર્થીઓને રૂપિયા ૨૫ કરોડની સહાય ત્યાં રૂબરૂ ચૂકવવામાં આવી. આ ત્રણ તબક્કા યોજવામાં આવેલાં એમાં ગરીબ કલ્યાણ મેળા હેઠળ અનુસૂચિત જાતિના ૬,૪૪,૫૮૮ લાભાર્થીઓને ૫૯૩ કરોડ રૂપિયા હાથો હાથ આપ્યાં છે. અનુસૂચિત જનજાતિના લોકો ૧૫,૧૯,૯૦૯ લાભાર્થીઓને ૧૯૯૬ કરોડ રૂપિયા અને

અન્ય વર્ગના ૧૯,૬૫,૬૩૩ લાભાર્થીઓને ૩૫૮૯ કરોડની સહાય ચૂકવી છે. આ ગરીબ કલ્યાણ મેળામાં આટલી મોટી રકમ અને આટલી બધી વ્યકિતઓને હાથો હાથ ચૂકવવાનું કામ સહેલું નથી. પણ ઇટ વોઝ વેલ એરેન્જ બહુ વ્યવસ્થિત રીતે ઓર્ગેનાઇઝ કર્યુ હતું. અને એટલા માટે અમારા અન્ય વિવિધ વિભાગના અધિકારીઓને/કર્મચારીઓને આ કામને સફળ બનાવવા માટે મારે અભિનંદન આપવા રહ્યાં. ગરીબ કલ્યાણ મેળામાં વહીવટી તંત્ર દ્વારા આ બધી કામગીરી ગોઠવી અને તે કામ સફળપૂર્વક કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યકિતલક્ષી યોજના તે ખૂબ મહત્વનું છે જે ધ્યાને લઇને તાલુકા ક્રેડિટ સમિતિઓની બેઠક અને જિલ્લા ક્રેડિટ સમિતિઓની બેઠક નિયમિત રીતે તાલુકાઓમાં લાયઝન અધિકારીના અધ્યક્ષસ્થાને, કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને દર મહિને નિયમિત યોજવામાં આવે. બે મહિના કામ કરવામાં આવે ત્યારે મેળો સફળ થાય છે અને એટલે હાથો હાથ આનું કામ કરી શકયા છીએ. આ પ્રમાણે માનનીય અધ્યક્ષશ્રી ગરીબ કલ્યાણ મેળાને સફળ બનાવવા માટે જે તમામ વિભાગોએ કામ કર્યુ છે, સંકલિત થઇને કામ કર્યુ છે અને આ સરકારે જે આખુ આયોજન કર્યુ છે અને મોડલ તરીકે દેશના વિવિધ રાજયો આને જોઇ રહ્યાં છે અને આ વિવિધ રાજયો આની કોપી કરવા માટે પ્રયત્ન કરે છે. પરંતુ માનનીય અધ્યક્ષશ્રી, જયાં સુધી એન્જિન મજબૂત ના હોય ત્યાં સુધી ડબ્બા કામ કરી શકતા નથી. અને એટલા માટે કોઇ પણ રાજયમાં, કોઇ કોંગ્રેસના રાજયમાં આટલુ મજબૂત એન્જિન ના હોવાના કારણે આ ગરીબ કલ્યાણ મેળા કરવા તે સહેલું કામ નથી અને આ સરળ પણ નથી. વચેટિયાઓની તાકાત અને વચેટિયાઓનો પ્રભાવ એ એટલો બધો ભારી હોય છે કે તે વચેટિયાઓને હટાવવા એ કામ પણ લોખંડના ચણા ચાવવા જેવું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, તમામ સામાન્ય ગરીબ વર્ગો આજે ખુશ છે. તેમને વિશ્વાસ છે કે તેમના અધિકારની રકમ હાથો હાથ ટૂંક સમયમાં આવતા ગરીબ કલ્યાણ મેળામાં મળી જવાની છે. આ વર્ષે ૨૦૧૨–૧૩માં પણ ૩૦૦ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કર્યુ છે. અને મારા સાથી મંત્રી મિત્રોએ આખું આયોજન જેના જેના પર્યુયમાં આવે છે તે ગોઠવી રહ્યાં છે. અધિકારીઓ પણ આના બેકગ્રાઉન્ડમાં કામે લાગી ગયા છે અને આવતાં ટૂંક સમયની અંદર ૩૦૦ ગરીબ કલ્યાણ મેળા ચાલુ કરવાનું આયોજન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું અનિલભાઇને અને જે મિત્રોએ આમાં ભાગ લઇને સમર્થન કર્યું છે અને સરકારના વિચારને આગળ વધારવા માટે અમને પ્રોત્સાહિત કર્યા છે તે બદલ તેમને અભિનંદન આપું છું અને આ સંકલ્પ સ્વીકારવા માટે સરકાર તૈયાર છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૦૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૧૨ના રોજ સવારના ૮–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**શુક્રવાર, તા. ૨૩મી માર્ચ-૨૦૧૨ PSK**
**ચૈત્ર ૩, ૧૯૩૪ શાકે**
**સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.**
**અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને**

# તારાંકિત પ્રશ્નો

(આ તબકકે વિરોધપક્ષના માનનીય સભ્યશ્રીઓ દ્વારા ક્ક નગ્ન તસવીર જોવાવાળાને ડીસમીસ કરો, ડીસમીસ કરોક્ના સતત સુત્રોચ્ચાર કરવામાં આવ્યા. )

**જામનગર જિલ્લાના નિકાવા-ભાવા ભીખીજડીયા જિલ્લા માર્ગ પહોળો કરવા બાબત**

***૨૯૫૪૨ શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી (જામનગર-ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧)તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાનો નિકાવા નાના વડાળા ડેરી ખરેડી ભાવા ભીખીજડીયા મુખ્ય જિલ્લા માર્ગ રાજ્ય સરકારનું પહોળો કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલો ખર્ચ થનાર છે?

**માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ**

(૧)અને (૨) હા, જી. આ કામ પ્રગતિમાં છે. અને રૂ. ૧૬૪૧ લાખનો ખર્ચ થનાર છે.

**શ્રી લાલજીભાઇ પ્રે. સોલંકી** : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે મને જવાબ આપ્યા પ્રમાણે તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાનો નિકાવા નાના વડાળા ડેરી ખરેડી ભાવા ભીખીજડીયાનો રસ્તો જે મંજૂર કરવામાં આવ્યો છે તે ૧૬૪૧ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર છે. મારે એ જાણવું છે કે નિકાવા નાના વડાળા ડેરી ખરેડીનો રસ્તો કઇ કક્ષાનો છે અને આ રસ્તામાં કઇ કઇ કામગીરી કરવાની છે?

**શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, આ જે રસ્તો છે એ એ જિલ્લાનો ખૂબ અગત્યનો રસ્તો છે. આ રસ્તા ઉપર ભૂતકાળમાં અનેક અકસ્માતોના બનાવો બનેલા છે. તેને ધ્યાનમાં રાખીને વિભાગે અને રાજય સરકારે આ રસ્તાને પહોળો કરવાની, મજબૂતીકરણ કરવાની મંજૂરી આપી છે. આ જે નિકાવા નાના વડાળા ડેરી ખરેડી ભાવા ભીખીજડીયા રસ્તો એ મુખ્ય જિલ્લા માર્ગ કક્ષાનો છે તથા હયાત ૩.૭૫ મીટર પહોળાઇનો છે. નિકાવા ખરેડી અનુભાગ ૧૮.૧૬૫ કિલોમીટર લંબાઇને ૭ મીટર પહોળો તથા ખરેડી ભાવા ભીખીજડીયા અનુભાગ ૭.૦૩૫ કિલોમીટરની લંબાઇને ૫.૫ મીટર પહોળો કરવાનું આયોજન છે. સાથો સાથ આ રસ્તા ઉપર ૪૨ પાઇપ ડ્રેઇનનું પૂર્ણ બાંધકામ તથા ૧૧ માઇનોર બ્રિજ બનાવવાની કામગીરી કરવાની છે. આ સમગ્ર કામગીરી પાછળ રૂ. ૧૬૪૧ લાખનો ખર્ચ થશે.

**શ્રી આર. સી. ફળદુ :** માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તાર માટે આ માર્ગ ખૂબ અગત્યનો હતો અને રાજય સરકારે ગુજરાતના ગામડાંઓને પાકા ડામર સપાટીવાળા માર્ગો ખૂબ જ પ્રમાણમાં આપ્યા છે. મને કહેતા આનંદ થાય છે કે ગુજરાતના ગામડાંઓ ધૂળિયા રસ્તામાં રઝળતા હતા. નરેન્દ્રભાઇ મોદીની સરકારે ગુજરાતના ગામડાંઓને પાકા ડામર સપાટીના રસ્તાથી જોડીને ગ્રામ્ય જીવનને ધબકતું કર્યું છે ત્યારે મારા મત વિસ્તારના આ માર્ગને જામજોધપુર, ઉપલેટા અને જામકંડોરણા તાલુકાને જોડતો ગ્રામ્ય વિસ્તારનો ધોરી માર્ગ છે અને આ માર્ગ ઉપર ખૂબ જ પ્રમાણમાં અકસ્માતો થતા હતા. રાજય સરકારે આ બાબત ગંભીરતાથી લઇને આ માર્ગને સ્ટ્રેન્ધનીંગ કરવા માટે, પહોળો કરવા માટેનું જે આયોજન કર્યું છે તે માટે હું ધન્યવાદ પાઠવું છું અને સાથે સાથે આ માર્ગમાં ખરેડી ગામ પાસે એક મેંદરડી ડેમ આવેલ છે અને મેંદરડી ડેમના ખાળિયાનું

પાણી આ માર્ગમાંથી પસાર થતું હોઇ આ સંજોગોમાં અહીંયા એક માઇનોર બ્રિજની આવશ્યકતા જણાય છે. તો આ પ્રકારનું આયોજન હોય તો રાજ્ય સરકાર મને જવાબ આપે. બીજું, આ માર્ગને પહોળો કરવાનું કોઇ આયોજન છે કે કેમ? એટલું માનનીય મંત્રીશ્રી જણાવે. (સતત સુત્રોચ્ચાર )

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાવ. આ પ્રશ્નોત્તરીનો સમય ચાલે છે. પ્લીઝ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે તે રીતે ખરેખર આ રસ્તો આ વિસ્તારનો ખૂબ અગત્યનો રસ્તો છે. આ રસ્તાને પહોળો કરવાનો નિર્ણય પણ રાજ્ય સરકારે લીધો છે. એમાં ૧૮.૧૬ કિલોમીટર લંબાઇને ૭ મીટર પહોળો કરવાનો અને બાકીનો છે એ લગભગ ૭.૦૩૫ કિલોમીટરની લંબાઇને ૫.૫ મીટર પહોળો કરવાનું આયોજન રાજ્ય સરકારે કર્યું છે. માનનીય સભ્યશ્રીએ જે બીજો પ્રશ્ન પૂછયો છે કે મેંદરડી ડેમના ઓવરફલોનું પાણી આ રસ્તા ઉપરથી પસાર થાય છે ત્યાં આગળ સરકાર શું કરવા માગે છે? આ રસ્તો પહોળો કરવાની સાથે સાથે આ રસ્તા ઉપર જે ડીપ હતા, જે કોઝવે હતા જયાં ચોમાસામાં પાણી આવી જતું હતું અને એના લીધે ટ્રાફિક બંધ થઇ જતો હતો. ચોમાસામાં ડેમના ઓવર ફલોના લીધે આ રસ્તાઓના વાહનવ્યવહારમાં અનેક મુશ્કેલીઓ પડતી હતી અને એના લીધે લગભગ ૧૧ માઇનોર બ્રિજ રાજ્ય સરકારે મંજૂર કર્યા છે અને જે સ્થળ સભ્યશ્રીએ આપ્યું, મેંદરડી ડેમના ઓવર ફ્લો સાઇટ ઉપર અધિકારીશ્રીઓને મોકલીને તપાસ કરાવીશું અને ત્યાં જે કાંઇ કરવાનું હશે એ અધિકારીઓનો રિપોર્ટ આવ્યા પછી રાજ્ય સરકાર એના પર નિર્ણય લેશે.

**શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા** : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, કેમ કે આ રસ્તો બે જિલ્લાઓને જોડતો રસ્તો છે ત્યારે આ રસ્તાના વપરાશથી રાજકોટ તરફથી આવી ધોરાજી અને જૂનાગઢ તરફ જતા વાહનોને અને લોકોને શું ફાયદો થવાનો છે અને આ રસ્તો પહોળો કરવાથી ક્યા ક્યા ગામોને કેટલી વસ્તીને તેનો લાભ મળવાનો છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીના સમય સુધી આ ગૃહને હું મુલતવી રાખું છું.

(સવારના ૮.૩૬ વાગ્યેથી સવારના ૯.૩૦ વાગ્યા સુધી સભાગૃહ મુલતવી રહ્યું.)

**મુલતવી રહેલ સભાગૃહની બેઠક સવારના ૯–૩૦ કલાકે ફરી મળી.**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# અતારાંકિત પ્રશ્નો

## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ

૩૦૪૦૨ **શ્રી જીતુભાઇ હ. ચૌધરી( મોટા પોંઢા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે કે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઇકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઇ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં પ્રાથમિક સુવિધાઓ

૨૯૫૮૮ **શ્રી શિરીષકુમાર મ. શુક્લ( ખંભાત) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં વીજળી, પાણી અને શાળાના | (૧) જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં વીજળી, પાણી અને શાળાઓના ઓરડાઓની સગવડ પ્રાપ્ત છે. |

ઓરડાઓની સગવડ પ્રાપ્ત છે,

(૨) કેટલી શાળાઓમાં તે સુવિધા ઉપલબ્ધ નથી, અને

(૩) તેવી શાળાઓમાં તે સુવિધાઓ ક્યાં સુધીમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે?

(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**વડોદરા જિલ્લામાં ભૂમાફિયા સામે ફરિયાદો**

૨૯૬૯૯ **શ્રી ભૂપેન્દ્રભાઇ ગ. લાખાવાળા( વડોદરા શહેર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લો અને વડોદરા શહેરમાં ભૂમાફિયાઓ વિરુધ્ધની ની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) ૧૩૨. |
| (૨) મળેલ ફરિયાદો સામે સરકારે કયા ભૂમાફિયાઓ સામે કયા કાયદાની કઈ કલમો લગાવી અને શાં પગલાંઓ લીધા છે? | (૨) ભૂમાફિયા શેખ હાજી યુસુફ સિદીકી ઉર્ફે યુસુફ કડીયા સામે ઈ.પી.કો. ની કલમ–૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯ અને ૪૭૧ ની કલમો લગાવી મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં. ૧૭૯/૧૦ તા. ૧૮–૪–૧૦ થી ગુનો દાખલ કરવામાં આવેલ છે. |

---------

**પંચમહાલ, ભરૂચ અને નવસારી જિલ્લામાં ફળ અને શાકભાજીની બનાવટો અન્વયે આપેલ તાલીમ**

૨૯૬૭૭ **શ્રી ફતેસિંહ વ. ચૌહાણ( રાજગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી સરકાર દ્વારા ફળ અને શાકભાજીની બનાવટો બનાવવા માટે પંચમહાલ, ભરૂચ અને નવસારી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી, અને | (૧) અનુક્રમે ૬,૩૮,૩૫૩ અને ૩૭૨. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) ` ૧૭,૦૩,૩૬૭ /–. |

**દાહોદ જિલ્લામાં સંજીવની યોજનાનો વિસ્તાર**

૨૯૬૨૩ **શ્રી ગુલસીંગભાઇ ૨. રાઠવા( છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સંજીવની યોજના અંતર્ગત દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટર વિસ્તારને આવરી લેવામાં આવેલ છે? | ૫૦૭.૧૭ હેકટર વિસ્તાર . |

---------

**અમરેલી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૬૭ **શ્રી મનસુખભાઇ પાં. ભુવા(ધારી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૫૮૭. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૫૯,૦૫,૮૯૯ /–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે? | (૪) તમામ આંગણવાડી કેન્દ્રોને સુવિધા પુરી પાડેલ છે. |

---------

**ભાવનગર જિલ્લામાં કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા હેઠળ ચૂકવેલ સહાય**

૨૯૮૫૯ **ડૉ. કનુભાઇ વા. કલસરીયા(મહુવા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કૃષિ પેદાશોની સંગ્રહ વ્યવસ્થા ઉભી કરવા તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સહાય ચૂકવવામાં આવી, અને

(૨) કઈ–કઈ સંસ્થાઓને આ સહાય ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧)

| ક્રમાંક | તાલુકો | ચુકવેલ સહાયની રકમ (` લાખમાં) |
|---|---|---|
| ૧ | મહુવા | ૬.૧૩ |
| ૨ | પાલીતાણા | ૧૫.૦૦ |
| ૩ | વલ્લભીપુર | ૧૫.૦૦ |
| ૪ | તળાજા | ૧૫.૦૦ |
| | કુલ | ૫૧.૧૩ |

(૨) બજાર સમિતિ, પાલીતાણા, મહુવા, તળાજા, વલ્લભીપુર.

---------

**ખેડા જિલ્લામાં કોમ્પ્યુટરથી વંચિત પ્રાથમિક શાળાઓ**

૨૯૮૦૬ **શ્રી માનસિંહ કો. ચૌહાણ( બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ કોમ્પ્યુટરથી વંચિત છે, અને

(૨) જે શાળાઓમાં કોમ્પ્યુટરો અપાયા છે ત્યાં કોમ્પ્યુટર શિક્ષકોની કેટલી જગ્યાઓ ઉક્ત સ્થિતિએ ખાલી છે?

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | કોમ્પ્યુટરથી વંચિત શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાલાસિનોર | ૩૫ |
| ૨ | કપડવંજ | ૧૪૦ |
| ૩ | કઠલાલ | ૮૧ |
| ૪ | ખેડા | ૩૨ |
| ૫ | મહેમદાવાદ | ૮૪ |
| ૬ | મહુધા | ૩૧ |
| ૭ | માતર | ૩૩ |
| ૮ | નડિયાદ | ૯૨ |
| ૯ | ઠાસરા | ૯૧ |
| ૧૦ | વિરપુર | ૬૦ |
| | કુલ | ૬૭૯ |

નોંધઃ જે શાળાઓમાં ફક્ત ધોરણ ૧ થી ૫ છે તે શાળાઓમાં હાલના ધોરણો મુજબ કોમ્પ્યુટર લેબ ફાળવવા પાત્ર નથી. ઉપર્યુક્ત બધી શાળાઓ ફક્ત ધોરણ ૧ થી ૫ ની જ હોય, કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ નથી.

(૨) કોમ્પ્યુટર શિક્ષકની જગ્યા મંજુર થયેલ નથી જેથી ખાલી જગ્યાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**458/p a g e > ખેડા જિલ્લામાં પાકા રોડથી વંચિત પરાઓ**

૨૯૭૩૫ **શ્રી કનુભાઇ ભુ. ડાભી( કઠલાલ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) ખેડા જિલ્લાના કેટલા પરાઓ તા. ૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ પાકા રોડથી વંચિત છે, અને

(૨) આ પરાઓને ક્યાં સુધીમાં પાકા રોડની સગવડ પૂરી પાડવામાં આવશે?

**જવાબ**

(૧) અને (૨) ૪૨૫ પરાઓ પાકા રોડથી વંચિત છે, તે પૈકી ૧૦૪ પરાને ` ૪૯.૧૧ કરોડના ખર્ચે જોડાણની કામગીરી મંજુર કરેલ છે. જે શકય તેટલા વહેલા પુર્ણ કરવાનું આયોજન છે.

**ઉચ્છ નદી પર પુલનું કામ મંજૂર કરવા બાબત**

૨૯૫૩૯ **શ્રી ઉપેન્દ્રસિંહ પ્ર. ગોહિલ( વડોદરા ગ્રામ્ય) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લાના ઉચ્છ નદી પર ખૂટતા પુલનું બાંધકામ મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧),(૨) અને (૩)
હા, જી.

અને

(૨) જો મંજૂર થયેલ હોય તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે, અને

(૩) આ કામ ક્યારે અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે ?

` ૪૫૬.૩૨ લાખનું કામ મંજૂર કરેલ છે. જે ડી.ટી.પી મંજૂરીના તબક્કે છે. ટેન્ડર પ્રક્રીયા પૂર્ણ કરી મુકરર સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૧૮ **શ્રી કાનજીભાઇ રા. તળપદા(ધોળકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૧૫ **શ્રી હરીલાલ મો. પટેલ (ધ્રાંગધ્રા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૧૩ **શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(ધોરાજી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પંચમહાલ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૨૯૬૩૭ **શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ( કાલોલ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ અંતિત છેલ્લા એક વર્ષમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ` ૩૬૫.૮૫ લાખ. |

(૨) તે સહાય જિલ્લામાં કઈ બજાર સમિતિઓને ચૂકવવામાં આવી ?

(૨) ડેરોલ, ગોધરા, મોરવાહડફ, હાલોલ, શહેરા, ખાનપુર, સંતરામપુર અને લુણાવાડા.

---------

**અમરેલી જિલ્લામાં ખેડૂતોને આપેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૨૯૭૨૨ **શ્રી હનુભાઇ ધોરાજીયા(લાઠી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને

(૩) બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ?

**જવાબ**

(૧) ૧,૨૧,૧૭૮ ખેડૂત ખાતેદારોને.

(૨) ૩૩,૪૦૩ ખેડૂત ખાતેદારોને. જેઓના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણ ની કામગીરી પુર્ણ થયેલ છે.

(૩) ટુંક સમયમાં.

---------

**વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન માટે યોજના**

૨૯૬૪૭ **શ્રી કમાભાઇ ગ. રાઠોડ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અનુદાનિત માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાનપ્રવાહના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સરકારે કોઈ યોજના અમલમાં મૂકેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ કેટલી શાળાઓને આવરી લેવામાં આવેલ છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૫૭, (સત્તાવન) શાળાઓ.

(૩) શાળા દીઠ કુલ-` ૫૫૯૪૮/-લેખે અમદાવાદ જિલ્લાની ૫૭ શાળાઓ માટે કુલ ` ૩૧,૮૯,૦૩૬/-(અંકે રૂપિયા એકત્રીસ લાખ નેવ્યાસી હજાર છત્રીસ પૂરા)નો ખર્ચ થયેલ છે.

---------

**અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં નવી પ્રાથમિક શાળાઓ**

૩૦૬૬૫ **શ્રી જયંતિલાલ પ. ભાનુશાળી(અબડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના અબડાસા, નખત્રાણા અને લખપત તાલુકામાં વર્ષ ૨૦૧૦-૧૧માં કેટલી નવી પ્રાથમિક શાળાઓને મંજૂરી અપાઈ,

(૨) ઉક્ત નવી પ્રાથમિક શાળાઓને કાર્યરત કરવા તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ કેટલો ખર્ચ થયો, અને

(૩)ઉપરોક્ત સ્થિતિએ તે પૈકી કેટલી શાળાઓ કાર્યરત થઈ?

**જવાબ**

(૧) એક પણ નહીં.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લામાં વિધવા-ત્યક્તાઓની સહાય માટે મળેલ અરજીઓ**

૨૬૦૦૪ **શ્રી ખુમાનસિંહ રા. ચૌહાણ( સાવલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૧માં વડોદરા જિલ્લામાં તાલુકાવાર વિધવા અને ત્યકતા સહાય મેળવવા માટેની કેટલી

**જવાબ**

(૧) ૧૦૭૦ અરજીઓ

| ક્રમ | તાલુકો | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વડોદરા | ૩૨૮ |

અરજીઓ
તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને મળી, અને

| | | |
|---|---|---|
| ૨ | પાદરા | ૧૪૩ |
| ૩ | સાવલી | ૮૯ |
| ૪ | કરજણ | ૯૮ |
| ૫ | ડભોઈ | ૧૨૩ |
| ૬ | શિનોર | ૧૯ |
| ૭ | વાઘોડિયા | ૬૯ |
| ૮ | નસવાડી | ૧૧ |
| ૯ | છોટા ઉદેપુર | ૬૨ |
| ૧૦ | ક્વાંટ | ૪૧ |
| ૧૧ | જેતપુર-પાવી | ૪૮ |
| ૧૨ | સંખેડા | ૩૯ |
| | **કુલ..** | **૧૦૭૦** |

તા. ૧-૮-૨૦૦૩ થી ત્યકતા સહાયનો લાભ મળવાપાત્ર નથી. ફક્ત વિધવા લાભાર્થીઓને સહાયનો લાભ મળવાપાત્ર છે.

(૨) મળેલ અરજીઓ અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી ?

(૨) ૭૮૭ અરજીઓ.

---------

## બનાસકાંઠા જિલ્લામાં પશુઓનું રસીકરણ

૨૯૬૨૮ **શ્રી બાબુભાઇ જે. દેસાઇ(કાંકરેજ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૦-૧૧ દરમ્યાન કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા રોગો માટેની રસીઓ આપવામાં આવી?

**જવાબ**

(૧) ૪૧,૫૬,૮૯૩.

(૨) ગળસુંઢો, ગાંઠીયો તાવ, ખરવા મોવાસા, આંત્રવિષજવર, થાયલેરીયાસીસ, બ્રુસેલોસીસ, હડકવા, અને પી.પી.આર. રોગ વિરોધી રસીઓ.

---------

## અમદાવાદ જિલ્લામાં ઈ-રજીસ્ટ્રેશનની કામગીરી

૨૯૬૯૩ **શ્રી પ્રાગજીભાઇ ના. પટેલ(માંડલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાતના તમામ ખેડૂત ખાતેદારો માટે ઈ-રજીસ્ટ્રેશનની યોજના અમલમાં છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો અમદાવાદ જીલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા તાલુકાઓમાં ઈ-રજીસ્ટ્રેશનની કેટલી કામગીરી થઈ, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જીલ્લાના ૧૧ તાલુકાઓમાં નોંધાયેલ ખેતીના વેચાણ દસ્તાવેજો માટે ૮૫૮૧ ઓનલાઈન મ્યુટેશન આપી 'કાચી નોંધ' પાડવામાં આવેલ છે. જેની વિગતો તાલુકાવાર નીચે પ્રમાણે છે.

| અ. નં. | તાલુકાનું નામ | ઓનલાઈન મ્યુટેશન (ફેરફાર નોંધ) ની સંખ્યા |
|---|---|---|
| ૧ | સીટી (અમદાવાદ-૧૩ (સીટી) (ખેતી) | ૧૪ |
| ૨ | દસ્ક્રોઈ (અમદાવાદ-૧૪ (દસક્રોઈ) (ખેતી) | ૭૧ |
| ૩ | સાણંદ | ૧૮૨૬ |
| ૪ | વિરમગામ | ૮૬૪ |
| ૫ | રાણપુર | ૩૮૬ |
| ૬ | ધોળકા | ૧૧૭૧ |
| ૭ | માંડલ | ૫૯૬ |

| | | |
|---|---|---|
| ૮ | બાવળા | ૧૨૫૯ |
| ૯ | દેત્રોજ | ૯૩૮ |
| ૧૦ | ધંધુકા | ૧૦૫૭ |
| ૧૧ | બરવાળા | ૩૯૯ |
| | કુલ | ૮૫૮૧ |

(૩) આનાથી ખેડુતોને શો ફાયદો થશે ?

(૩) ઈ–રજીસ્ટ્રેશન સીસ્ટમના અમલથી ખેડુત ખાતેદારોને નીચે મુજબ ફાયદા થશે.

(૧) ખેતીની જમીનના ખરીદનાર/વેચનારની માલિકીની બાયોમેટ્રીક ઈમેજથી ઓળખ પ્રસ્થાપિત થશે.

(૨) ખેતીની જમીન બિનખેડુત વ્યક્તિને વેચાણ થતુ અટકશે.

(૩) ખેડુત ખાતેદારોના અંગુઠાની છાપ અને ફોટોગ્રાફ કેપ્ચર કરી વેરીફીકેશન થયેથી જ દસ્તાવેજની નોંધણી થતા છેતરપીંડીના બનાવો ઓછા થશે.

(૪) માલિકી હક્કોની ચકાસણી, ખેડુત ખાતેદાર તરીકે પાત્રતાની ચકાસણી, પ્રવર્તમાન જંત્રી મુજબ મિલકતનું વેલ્યુએશન, ઈ–સ્ટેમ્પીંગથી સ્ટેમ્પ ડ્યુટીની ચુકવણી, દસ્તાવેજ રજીસ્ટ્રેશન તથા ઓનલાઈન મ્યુટેશન (કાચી નોંધ) થઈ જવાની સુવિધા એક જ સ્થળે એક જ છત હેઠળ મળશે.

(૫) દસ્તાવેજની નોંધણી થતાની સાથેજ ઓન લાઈન મ્યુટેશન આપતા ગામ નમુના નં. ૬માં આપોઆપ કોમ્પ્યુટર દ્વારા ફેરફાર નોંધ થઈ જશે અને ૧૩૫–ડીની નોટીસ તથા ૭/૧૨માં તે અંગેની કાચી નોંધ પણ એ જ સમયે જનરેટ થશે.

(૬) તમામ કામગીરી એક જ સ્થળે એકજ છત હેઠળ થતી હોઈ ખૂબ જ ટૂંકા સમયગાળામાં ચોકસાઈપૂર્વક કામગીરી થઈ શકશે.

---------

**આણંદ જિલ્લામાં આવેલ પ્રાથમિક શાળામાં રમત ગમતના મેદાન**

૨૯૯૭૦ **શ્રી લાલસિંહ ઉ. વડોદીયા( ઉમરેઠ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) આણંદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૧) આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૩ |
| ૨ | ઉમરેઠ | ૧૧૪ |
| ૩ | બોરસદ | ૨૦૯ |
| ૪ | આંકલાવ | ૯૬ |
| ૫ | પેટલાદ | ૧૫૮ |
| ૬ | સોજીત્રા | ૫૭ |
| ૭ | ખંભાત | ૧૫૩ |
| ૮ | તારાપુર | ૫૨ |
| | **કુલ** | **૧૦૩૨** |

(૨) જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળામાં રમત ગમતના મેદાન છે,

(૨) અને (૩) :

| ક્રમ | તાલુકાનું નામ | રમત ગમતના મેદાન ધરાવતી શાળાની સંખ્યા | મેદાન વિનાની શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૯૨ | ૦૧ |
| ૨ | ઉમરેઠ | ૭૯ | ૩૫ |
| ૩ | બોરસદ | ૧૭૧ | ૩૮ |
| ૪ | આંકલાવ | ૭૨ | ૨૪ |
| ૫ | પેટલાદ | ૧૨૧ | ૩૭ |
| ૬ | સોજીત્રા | ૪૯ | ૦૮ |
| ૭ | ખંભાત | ૧૨૩ | ૩૦ |

| | | | |
|---|---|---|---|
| ૮ | તારાપુર | ૪૨ | ૧૦ |
| | **કુલ** | **૮૪૯** | **૧૮૩** |

(૩) કેટલી પ્રાથમિક શાળામાં તાલુકાવાર રમત ગમતના મેદાનો નથી, અને

(૪) જે પ્રાથમિક શાળાઓમાં રમત ગમતના મેદાનો નથી ત્યાં મેદાનની સગવડ આપવા સરકારની શી યોજના છે ?

(૪) જમીન મેળવવા કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**મત્સ્ય ઉત્પાદનની નિકાસ**

૨૯૬૬૩ / **શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ) : માનનીય મત્સ્યોધોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર કુલ કેટલું મત્સ્ય ઉત્પાદન થયું, અને

(૨) તે પૈકી વર્ષવાર કેટલા મત્સ્ય ઉત્પાદનની કેટલી કિંમતની નિકાસ કરવામાં આવી ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| વર્ષ–૨૦૦૯ | ૭૬૭૬૩૪ (મે. ટનમાં) |
| વર્ષ–૨૦૧૦ | ૭૫૯૯૧૦ (મે. ટનમાં) |
| વર્ષ–૨૦૧૧ | ૭૭૩૮૮૫ (મે. ટનમાં) |

(૨)

| વર્ષ | પરદેશ નિકાસ (મે.ટનમાં) | પરદેશ નિકાસની કિંમત (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| વર્ષ–૨૦૦૯ | ૧૬૪૭૨૫ | ૧૪૮૫.૭૨ (રૂપિયા કરોડમાં) |
| વર્ષ–૨૦૧૦ | ૧૮૩૮૭૦ | ૧૮૩૮.૭૫ (રૂપિયા કરોડમાં) |
| વર્ષ–૨૦૧૧ | ૧૯૮૨૯૭ | ૨૧૫૬.૨૦ (રૂપિયા કરોડમાં) |

---------

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૧૬ **શ્રી જોધાજી ગુ. ઠાકોર(વાગદોડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના કારણો શા છે, અને

(૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**પાટણ જિલ્લામાં યોજેલ ખેડૂત શિબિરો**

૨૯૬૭૪ **શ્રી શંકરભાઈ લ. ચૌધરી(રાધનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં પાટણ જિલ્લામાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી,

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને

(૩) તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ?

**જવાબ**

(૧) ૧૪ શિબિરો.

(૨) ૧૪૧૦ ખેડૂતો.

(૩) ` ૧,૭૦,૦૬૭/–.

**રાજ્યમાં નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા બાબત**

તા. ૨૩મી માર્ચ-૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૨૯૫૯૯ **શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી નવી સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી,

(૨) આ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી, અને

(૩) સામાન્ય પ્રવાહની કેટલી ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે જણાવ્યા મુજબની કુલ ૧૧૮ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે.

| વર્ષ | મંજૂર કરેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ |
|---|---|
| ૨૦૦૯ | ૧૦૩ |
| ૨૦૧૦ | ૧૫ |
| ૨૦૧૧ | ૦૦ |
| કુલ | ૧૧૮ |

(૨) ૩૭.

(૩) ૮૧.

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિની વિધવા સહાય માટે મળેલ અરજીઓ**

૨૬૦૧૦ **શ્રી વજેસિંહભાઇ પા. પણદા( દાહોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સન ૨૦૧૦ અને ૨૦૧૧માં દાહોદ જિલ્લામાં અનુસૂચિત જાતિની વિધવા સહાય માટેની કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી છે, અને

(૩) જે અરજી ના મંજૂર કરવામાં આવી તેના શા કારણો ?

**જવાબ**

(૧) સન-૨૦૧૦ – ૧૫ અરજીઓ
સન-૨૦૧૧ – ૧૪ અરજીઓ
કુલ – ૨૯ અરજીઓ

(૨) ૧૨ અરજીઓ.

(૩) પુખ્તવયનો પુત્ર હોવાથી – ૪ અરજીઓ
સમયમર્યાદા બહારની – ૪ અરજીઓ
વાર્ષિક આવક વધુ હોવાથી – ૨ અરજીઓ
કુલ ૧૦ અરજીઓ ના મંજૂર

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૦૩ **શ્રી પરંજ્યાદિત્યસિંહજી કૃ. પરમાર( સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના કારણો શા છે, અને

(૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**દાહોદ જિલ્લામાં પાકા રસ્તાથી વંચિત ગામો**

૨૯૮૦૦ **શ્રી ચંદ્રિકાબેન છ. બારીયા( લીમખેડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સને ૨૦૧૦-૧૧ની વસ્તી ગણતરી પ્રમાણે ૫૦૦ માણસોથી વધુ વસ્તીવાળા દાહોદ જિલ્લાના તાલુકાદીઠ કયા ગામો તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આ ગામોને પાકા રસ્તાથી કેટલા સમયમાં જોડવાનું આયોજન છે ?

**જવાબ**

(૧) અને (૨) : ૨૦૧૦-૧૧ની વસ્તી ગણતરી આખરી થયેલ નથી. પરંતુ ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ ૫૦૦ માણસોથી વધુ વસ્તીવાળા તમામ ગામો પાકા રસ્તાથી જોડાયેલ છે તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ખેડા જિલ્લાની શાળાઓને ગુણોત્સવ કાર્યક્રમમાં મળેલ ગ્રેડ**

૨૯૮૧૬ **શ્રી મણીભાઇ દે. પટેલ( કપડવંજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

સને ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ના વર્ષમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ગુણોત્સવ કાર્યક્રમમાં ખેડા જિલ્લાની તાલુકાદીઠ કેટલી શાળાઓ કયા ગ્રેડમાં આવી છે ?

**જવાબ**

વર્ષ ૨૦૧૦–૧૧માં ખેડા જિલ્લામાં તાલુકાવાર શાળાઓને મળેલ ગ્રેડની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | A | B | C | D | E | F | TOTAL |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | બાલાસિનોર | 0 | 0 | 62 | 57 | 12 | 3 | 134 |
| 2 | કપડવંજ | 0 | 6 | 150 | 114 | 5 | 3 | 278 |
| 3 | કઠલાલ | 0 | 5 | 129 | 44 | 1 | 0 | 179 |
| 4 | ખેડા | 0 | 3 | 50 | 30 | 0 | 0 | 83 |
| 5 | મહેમદાવાદ | 0 | 6 | 87 | 69 | 8 | 1 | 171 |
| 6 | મહુધા | 0 | 0 | 25 | 45 | 15 | 0 | 85 |
| 7 | માતર | 0 | 4 | 36 | 53 | 11 | 0 | 104 |
| 8 | નડિયાદ | 0 | 1 | 90 | 103 | 27 | 3 | 224 |
| 9 | ઠાસરા | 0 | 3 | 78 | 158 | 12 | 4 | 255 |
| 10 | વીરપુર | 0 | 3 | 99 | 34 | 4 | 2 | 142 |
| | TOTAL | 0 | 31 | 806 | 707 | 95 | 16 | 1655 |

વર્ષ ૨૦૧૧–૧૨માં ગુણોત્સવમાં મળેલ માહિતિની પૃથ્થકરણની કાર્યવાહી ચાલુ છે.

## ભાવનગર જિલ્લામાં ખેડૂતોને તાલીમ

૨૯૫૪૬ **શ્રી કેશુભાઇ હી. નાકરાણી(શિહોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તેલિબિયા વિકાસ યોજના હેઠળ વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં સરકાર દ્વારા ભાવનગર જિલ્લામાં કુલ કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજાવામાં આવી, અને

(૨) આ તાલિમ શિબિરોનો કુલ કેટલા ખેડૂતોએ લાભ લીધો ?

**જવાબ**

(૧) ૨૧ શિબિરો.

(૨) ૨૪૨૪ ખેડૂતો.

## ગાંધીનગર જિલ્લાના ગોળવંટા ગામ ખાતે ગીફ્ટ સીટીના જમીનની ખરીદી

૨૯૯૯૫ **શ્રી છનાભાઇ કો. ચૌધરી( ધરમપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના વલાદ પાસેના ગોળવંટા ગામમાં આવેલ જમીન રાજ્ય સરકારે ગીફ્ટ સીટી માટે ખેડૂતો પાસેથી શા ભાવે છેલ્લા બે વર્ષમાં ખરીદી, અને

(૨) આ જમીન ગીફ્ટ સીટીને શા ભાવે કેટલી જમીન ઉક્ત સ્થિતિએ ક્યારે આપવામાં આવી ?

**જવાબ**

(૧) ગોળવંટા ગામના ખેડૂતોની કોઈ જમીન મેળવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અંતરીયાળ વિસ્તારમાં તંબુ શાળા શરૂ કરવા બાબત

૨૯૭૬૯ **શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતાં પરિવારના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે તંબુ શાળાઓ શરૂ કરવામાં આવે છે કે કેમ,

**જવાબ**

(૧) હા, જી.

અંતરીયાળ વિસ્તારમાં વસવાટ કરતાં સ્થળાંતર કરતાં પરિવારના બાળકોને શિક્ષણ મળી રહે તે માટે ટેન્ટ

સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટર શરૂ કરવામાં આવે છે.

(૨) જો હા, તો રાજુલા તાલુકામાં આવી કેટલી તંબુ શાળાઓ ચાલે છે, અને તે કયા વિસ્તારમાં આવેલી છે, અને

(૨) રાજુલા તાલુકામાં (૧) ઢોલીયાધાર–૩૧ બાળકો (૨) દિવલા–૪૬ બાળકો (૩) હવી–૫૨ બાળકો, આ ત્રણ સ્થળોએ ૬ થી ૧૪ વર્ષના બાળકો માટે ટેન્ટ સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરો સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત છે.

(૩) તંબુ શાળામાં પાકા રૂમો તથા બાળકોને પીવા માટે પાણી મળી રહે તે માટે શું આયોજન છે ?

(૩) ટેન્ટ સ્પેશિયલ ટ્રેનિંગ સેન્ટરો સ્થળાંતરના સમયગાળા પુરતા તેમજ શાળા બહારના બાળકો માટે હોય છે. જેમાં પાણીની વ્યવસ્થા હોય છે. શૈક્ષણિક વર્ષ પૂર્ણ થતાં મુળ શાળા, નજીકની પ્રાથમિક શાળામાં વય કક્ષા મુજબના ધોરણમાં મૂલ્યાંકનને આધારે મેઈનસ્ટ્રીમ કરવામાં આવે છે.

## સર્વશિક્ષા અભિયાન યોજનામાં વિકલાંગ બાળકો માટે જોગવાઈ

૨૯૬૩૩ **શ્રી કાંતિલાલ રા. લકુમ(બાવળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકોના શિક્ષણ માટે પણ જોગવાઈ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા વિકલાંગ બાળકો નામાંકિત થયેલ છે ?

(૨)

| વર્ષ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ |
|---|---|---|
| શાળામાં અભ્યાસ કરતાં વિકલાંગ બાળકો | ૩૪૬૬ | ૪૪૨૮ |
| શાળા બહારના વિકલાંગ બાળકો | ૬૪૫ | ૯૬૫ |
| **કુલ વિકલાંગ બાળકો** | **૪૧૧૧** | **૫૩૯૩** |

## જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

૨૯૫૬૬ **શ્રીમતિ વંદનાબેન મ. મકવાણા(કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે,

(૧) ૨૪૯૫.

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

(૨) ` ૯૯,૪૩,૪૫૦/–.

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને

(૩) ના જી.

(૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ?

(૪) બાકી આંગણવાડીઓને તબક્કાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે.

## નસવાડી જિલ્લાના વાલપુર ગામના સર્વે નં. ૩૧ની જમીનમાં થયેલ શરત ભંગ

૨૯૮૫૫ **શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ( નસવાડી) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ નસવાડી જિલ્લામાં લેન્ડ રેવન્યુ કોડની કલમ–૭૩ એએ પ્રતિબંધિત સત્તા પ્રકારની વાલપુર ગામની સર્વે નં. ૩૧ની જમીનમાં શરતભંગ થયેલ હોવાની બાબત સરકારશ્રીના ધ્યાને છે કે કેમ,

(૧) નસવાડી જિલ્લો નથી, પરંતુ તાલુકો છે જેની વિગતો નીચે મુજબ છે.
હા, જી.

(૨) તે અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં આ જમીનમાં વિકાસશીલ તાલુકાની યોજના હેઠળ એકલવ્ય તીરંદાજ એકેડમી મકાનોના બાંધકામ અંગે ક્યારે મંજૂરી આપી અને કેટલી ગ્રાન્ટ ક્યારે ફાળવી, અને

(૨) નીચે મુજબ

| વર્ષ | ફાળવેલ ગ્રાન્ટ | હેતુ |
|---|---|---|
| ૨૦૦૯–૧૦ | – | મકાન બાંધકામ માટે કોઈ મંજૂરી આપેલ નથી. કે ગ્રાન્ટ ફાળવેલ નથી. |
| ૨૦૧૦–૧૧ | ` ૪.૫૦/– લાખ | એકલવ્ય વ્યાયામ શાળા નસવાડીને મોડર્ન મલ્ટીજીમ હોલના બાંધકામ માટે વહીવટી મંજૂરી તા. ૩–૩–૨૦૧૧ના રોજ આપી. અને ગ્રાન્ટ તા. ૪–૩–૨૦૧૧ના રોજ ફાળવી. |
| ૨૦૧૧–૧૨ | – | કોઈ વહીવટી મંજૂરી આપેલ નથી કે ગ્રાન્ટ ફાળવેલ |

| | | |
|---|---|---|
| | | નથી. |

(૩) સંસ્થાના નામે ન હોય તેવી જમીનમાં ગ્રાન્ટમાંથી ફાળવી મકાન બાંધકામ અંગે થયેલ કાર્યવાહી અંગે જવાબદારો સામે સરકાર પગલાં ભરવા માંગે છે કે કેમ ?

(૩) કાર્યવાહી માટે કલેકટરશ્રી દ્વારા સુચના અપાયેલ છે.

**બનાસકાંઠા જિલ્લામાં ફળઝાડ સહાયના લાભાર્થીઓ**

૨૯૬૧૨ **શ્રી મફતલાલ મો. પુરોહિત(ધાનેરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧ માં બનાસકાંઠા જિલ્લામાં ફળઝાડ વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને | (૧) ૫૨૪ લાભાર્થીઓ. |
| (૨) આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૫૦.૧૯/–લાખ. |

**કચ્છ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૫૨ **શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (મુંદ્રા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન કચ્છ જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૮૧૬. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૭૦,૭૯,૪૧૭/–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ? | (૪) બાકી આંગણવાડીઓને તબક્કાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે. |

**આમોદ અને જંબુસર તાલુકામાં પાકા રસ્તાઓની માંગણી**

૩૦૮૧૭ **શ્રી કિરણકુમાર લ. મકવાણા( જંબુસર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ભરૂચ જિલ્લાના આમોદ અને જંબુસર તાલુકામાં પાકા રસ્તાઓ કરવા કેટલી માંગણી મળી, | (૧) (૨) અને (૩) ૮ રસ્તાની માંગણી આવી તે પૈકી ૩ રસ્તાને મંજૂરી આપી જે કામો પ્રગતિમાં છે. |
| (૨) તે અન્વયે કેટલા રસ્તાની મંજૂરી આપવામાં આવી, અને | |
| (૩) કેટલા રસ્તાના કામો પ્રગતિમાં છે ? | |

**અમદાવાદ જિલ્લા સીટ સમક્ષ ભુમાફીયાઓ અંગેની થયેલ ફરીયાદો**

૨૪૯૨૮ **શ્રી ગ્યાસુદીન હ. શેખ(શાહપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદમાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ જિલ્લા સીટ સમક્ષ ભુમાફીયાઓ અંગેની થયેલ ફરીયાદ અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી ફરીયાદો સરકારને મળી છે, અને | (૧) ૭૬૭. |
| (૨) મળેલ આ ફરીયાદો અન્વયે પોલીસતંત્ર દ્વારા કેટલાની સામે તપાસ કરી ગુન્હા નોંધવામાં આવ્યા ? | (૨) ૨૦૯. |

**પાટણ જિલ્લામાં નેટ હાઉસ સહાયના લાભાર્થીઓ**

તા. ૨૩મી માર્ચ-૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

૨૯૬૧૯ **શ્રી રજનીકાન્ત સો. પટેલ(ચાણસ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧મા પાટણ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને નેટ હાઉસ સ્થાપવા માટે સહાય આપવામાં આવી, અને | (૧) ૧૦૪ લાભાર્થીઓ |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી? | (૨) ૨,૫૯,૫૯,૭૧૪/- |

**સુરત જિલ્લાના ઓલણ ખાડી પર ફૂલવાડી કરંજવેરી કાકરીયા રોડ મંજૂર કરવા બાબત**

૨૯૫૩૮ **શ્રી કિરીટભાઇ ગં. પટેલ( ઓલપાડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લાના ઓલણ ખાડી પર ફુલવાડી કરંજવેરી કાકરીયા રોડ મંજૂર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,<br>(૨) જો મંજૂર થયેલ હોય તો તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે, અને<br>(૩) આ કામ ક્યારે અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે? | (૧) (૨) અને (૩) હા, જી.. આ કામ પ્રગતિ હેઠળ છે, અને તા. ૧૩-૩-૨૦૧૩ સુધીમાં રૂા. ૨૮૦ લાખના ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે. |

**શેરડીના પાકની ઉત્પાદકતા વધારવા કરેલ આયોજન**

૨૯૫૮૧ **શ્રીમતિ જશુબેન સ. કોરાટ(જેતપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં શેરડી પાકની ઉત્પાદકતા વધારવા માટે સારી જાતના બિયારણ પૂરાં પાડવા માટે રાજ્ય સરકારનું આયોજન છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેની વિગતો શી છે? | (૨) ફાઉન્ડેશન નર્સરી અને પ્રાયમરી નર્સરી દ્વારા ખેડૂતોને બિયારણમાં સહાય આપવાનું આયોજન છે, વિવિધ સંસ્થાઓની પ્રયોગશાળાઓમાં ટીસ્યુકલ્ચર રોપા તૈયાર કરી ખેડૂતોને આપવાનું આયોજન છે તથા સીડ વિલેજ યોજનામાં ટીસ્યુકલ્ચર રોપા આપવાનું આયોજન છે. |

**અમદાવાદ, વડોદરા શહેરમાં નોટરીની નિમણૂંક**

૩૦૬૦૬ **શ્રી મોહંમદ ફારૂક હુ. શેખ(કાલુપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમદાવાદ શહેર, વડોદરા શહેરમાં સન ૨૦૧૦, ૨૦૧૧માં કેટલા નોટરીઓની નિમણૂંક રાજ્ય સરકારે કરેલ છે, અને

(૨) એમાં કેટલા લઘુમતી સમાજના એડવોકેટો નોટરી તરીકે નિમણૂક કરવામાં આવી?

**જવાબ**

(૧)

| વર્ષ | અમદાવાદ શહેરમાં રાજ્ય સરકારે કરેલ નોટરીની નિમણૂંક | વડોદરા શહેરમાં રાજ્ય સરકારે કરેલ નોટરીની નિમણૂંક |
|---|---|---|
| ૨૦૧૦ | ૪૫ | ૨૩ |
| ૨૦૧૧ | શૂન્ય | શૂન્ય |

(૨) નોટરીની નિમણૂંક નોટરી અધિનિયમ, ૧૯૫૨ અને નોટરી નિયમ, ૧૯૫૬ની જોગવાઇઓને આધીન ઈન્ટરવ્યુ બોર્ડની ભલામણના આધારે કરવામાં આવે છે. કોઈ ધર્મ કે જાતિના આધારે આવી નિમણૂંક કરવામાં આવતી નથી.

**આણંદ જિલ્લામાં વ્યાજ રાહત યોજનાના લાભાર્થીઓ**

૨૯૬૫૩ **શ્રીમતિ જ્યોત્સનાબેન રા. પટેલ( આણંદ) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ અંતિત છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં વ્યાજ રાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને | (૧) ૩૯૪૩૪. |
| (૨) તેના કારણે ધિરાણ લેતાં ખેડૂતોની સંખ્યા કેટલી વધી? | (૨) ૯૭૦૪. |

**દાહોદ જિલ્લાને અલગ ડેરીની મળેલ માંગણીઓ**

૩૧૮૮૧ **શ્રી બચુભાઇ ના. કિશોરી( લીમડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લાને અલગ ડેરી માટેની માંગણી સરકારમાં પડતર છે એ વાત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો આ માટે સરકારે શું કાર્યવાહી કરી, અને | (૨) સહકારી કાયદા મુજબની દરખાસ્ત રજુ કરવા જિલ્લા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, દાહોદને જણાવેલ છે. |
| (૩) દાહોદ જિલ્લાને કેટલા સમયમાં ડેરી આપવાનું સરકારનું આયોજન છે\|? | (૩) મુખ્ય પ્રયોજકશ્રી તરફથી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ અને ગુજરાત સહકારી મંડળીઓના નિયમો-૧૯૬૫ મુજબની દરખાસ્ત રજુ થયેથી વિચારણા કરવાપાત્ર થાય. |

**પાટણ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

૨૯૬૨૯ **શ્રી કાંતિભાઇ રા. પટેલ(વિજાપુર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં પાટણ જિલ્લામાં પશુ આરોગ્ય મેળામાં કુલ કેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૭૦ |
| (૨) તેમાં કયા પ્રકારની સારવાર આપવામાં આવી? | (૨) વિવિધ પ્રકારનાં પશુરોગોની તબીબી સારવાર, ઓપરેશનો, પશુવંધ્યત્વ નિવારણની સારવાર તથા કૃમિનાં રોગોની સારવાર. |

**વિજ્ઞાન પ્રવાહને ઉત્તેજન માટે નવી શાળાઓને મંજૂરી**

૨૯૬૦૨ **શ્રીમતિ વિભાવરીબેન વિ. દવે(ભાવનગર શહેર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહના શિક્ષણને ઉત્તેજન આપવા માટે તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કોઈ નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાને મંજૂરી આપવામાં આવેલ છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે, અને | (૨) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે જણાવ્યા મુજબની ૪૩ વિજ્ઞાન પ્રવાહની શાળાઓને મંજૂરી આપવામાં આવેલ છે. |

| વર્ષ | મંજૂર કરેલ વિજ્ઞાન પ્રવાહની શાળાઓ |
|---|---|
| ૨૦૦૯ | ૪૦ |
| ૨૦૧૦ | ૦૩ |
| ૨૦૧૧ | ૦૦ |
| કુલ | ૪૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે કઈ જગ્યાએ? | (૩) **પત્રક-૧** મુજબ |

**પત્રક-૧**

**સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ વિજ્ઞાન પ્રવાહ વર્ષ–૨૦૦૯**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | ગામનું નામ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | માંડલ | માંડલ |
| ૨ | | દેત્રોજ | દેત્રોજ |
| ૩ | | રાણપુર | રાણપુર |
| ૪ | ગાંધીનગર | દહેગામ | દહેગામ |
| ૫ | સાબરકાંઠા | માલપુર | માલપુર |
| ૬ | બનાસકાંઠા | દિયોદર | દિયોદર |
| ૭ | પાટણ | હારીજ | હારીજ |
| ૮ | | સમી | સમી |
| ૯ | પંચમહાલ | જાંબુઘોડા | જાંબુઘોડા |
| ૧૦ | | મોરવા હડફ | મોરવા હડફ |
| ૧૧ | | ખાનપુર | બાકોર પાડરવાડા |
| ૧૨ | ખેડા | માતર | લિબાસી |
| ૧૩ | આણંદ | સોજીત્રા | સોજીત્રા |
| ૧૪ | વડોદરા | વાઘોડિયા | વાઘોડિયા |
| ૧૫ | રાજકોટ | કોટડા સાંગણી | કોટડા સાંગણી |
| ૧૬ | | માળિયા–મિયાણા | માળિયા–મિયાણા |
| ૧૭ | પોરબંદર | કુતિયાણા | કુતિયાણા |
| ૧૮ | ભાવનગર | ગઢડા સ્વામિના | ગઢડા સ્વામિના |
| ૧૯ | | ઉમરાળા | ઉમરાળા |
| ૨૦ | | વલ્લભીપુર | વલ્લભીપુર |
| ૨૧ | | તળાજા | તળાજા |
| ૨૨ | | ઘોઘા | ઘોઘા |
| ૨૩ | સુરેન્દ્રનગર | સાયલા | સાયલા |
| ૨૪ | | ચોટીલા | ચોટીલા |
| ૨૫ | | પાટડી | પાટડી |
| ૨૬ | | મુળી | મુળી |
| ૨૭ | | ચુડા | ચુડા |
| ૨૮ | | લખતર | લખતર |
| ૨૯ | અમરેલી | લીલીયા | લીલીયા |
| ૩૦ | | ખાંભા | ખાંભા |
| ૩૧ | કચ્છ | રાપર | રાપર |
| ૩૨ | | લખપત | લખપત |
| ૩૩ | | અબડાસા | કોઠારા |
| ૩૪ | | મુંદ્રા | મુંદ્રા |
| ૩૫ | ભરૂચ | વાગરા | વાગરા |
| ૩૬ | | હાંસોટ | હાંસોટ |
| ૩૭ | જામનગર | ભાણવડ | ભાણવડ |
| ૩૮ | | લાલપુર | લાલપુર |
| ૩૯ | | ધ્રોળ | ધ્રોળ |
| ૪૦ | | જોડિયા | જોડિયા |
| જુન–૨૦૧૦ | | | |
| ૪૧ | વલસાડ | કપરાડા | કપરાડા |
| ૪૨ | ડાંગ | ડાંગ | વઘઈ |
| ૪૩ | નવસારી | વાંસદા | લીમઝર |

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૧૦ **શ્રી પરેશભાઇ ગો. વસાવા( નીઝર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**વડોદરા જિલ્લામાં ભૂમાફિયા સામે ફરિયાદો**

૨૯૭૦૦ **શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ( વાઘોડીયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લો અને વડોદરા શહેરમાં ભૂમાફિયાઓ વિરૂધ્ધ કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) ૧૩૨. |
| (૨) મળેલ ફરિયાદો સામે રાજ્ય સરકારે કયા ભૂમાફિયાઓ સામે કયા કાયદાની કઈ કલમો લગાવી અને શાં પગલાંઓ લીધા છે? | (૨) ભૂમાફિયા શેખ હાજી યુસુફ સિદિકી ઉર્ફે યુસુફ કડીયા સામે ઈ.પી.કો.ની કલમ-૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૬૯ અને ૪૭૧ની કલમો લગાવી મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં. ૧૭૯/૧૦ તા. ૧૮-૪-૧૦ થી ગુનો દાખલ કરવામાં આવેલ છે. |

## જૂનાગઢ જિલ્લામાં દરીયાઇ મત્સ્ય ઉત્પાદન

૨૯૫૭૬ **શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના): માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦ અને વર્ષ ૨૦૧૧માં જૂનાગઢ જિલ્લામાં કેટલું દરીયાઇ મત્સ્ય ઉત્પાદન થયું, અને | (૧) **વર્ષ** / **ઉત્પાદન (મે.ટનમાં)**<br>૨૦૧૦ / ૨૬૫૦૪૯<br>૨૦૧૧ / ૨૮૦૨૨૯ |
| (૨) તેની વર્ષવાર બજાર કિંમત કેટલી થાય ? | (૨) **વર્ષ** / **બજાર કિંમત (` લાખમાં)**<br>૨૦૧૦ / ૧૦૬૪૫૪.૮૩<br>૨૦૧૧ / ૧૩૭૬૧૯.૦૭ |

## ઉમરગામ તાલુકાનો સોલ સુબા-ગંગાદેવી રોડ બાબત

૨૯૭૪૧ **શ્રી રમણલાલ ના. પાટકર( ઉમરગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉમરગામ તાલુકાનો સોલ સુબા-ગંગાદેવી ૩ કિ.મી. નો રોડ ઔદ્યોગિક વિસ્તારમાંથી પસાર થાય છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) આ રસ્તો ઔદ્યોગિક વિકાસ નિગમે પોતાના હસ્તક લેવા માંગણી કરેલ છે તે હકીકત સાચી છે, અને<br>(૩) જો હા, તો તે બાબતે તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ થયેલ કામગીરીની વિગતો શી છે ? | (૨) અને (૩) ના, જી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજનાની મળેલ અરજીઓ

૨૯૬૧૧ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧-૪-૨૦૦૮ થી તારીખ ૧-૪-૨૦૧૧ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૬૦ અરજીઓ. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧-૨૦૧૨ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૩ અરજીઓ. |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) ` ૧,૮૩,૦૦,૦૦૦/- |

## અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ધો. ૮ શરૂ કરવા બાબત

૨૯૬૩૮ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવ્યું, અને | (૧) વર્ષ ૨૦૧૦માં ૨૭૯ અને વર્ષ ૨૦૧૧માં ૩૬૩ મળી કુલ ૬૪૨ શાળાઓમાં ધોરણ ૮ શરૂ કરેલ છે. |
| (૨) તેમાં વિષયવાર કુલ કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી ? | (૨) |

| વિષયવાર વિદ્યાસહાયકો | વર્ષ ૨૦૧૦ | વર્ષ ૨૦૧૧ | કુલ |
|---|---|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૨૪૬ | ૩૭૪ | ૬૨૦ |
| ભાષા | ૨૫૪ | ૪૪૪ | ૬૯૮ |
| **કુલ** | **૫૦૦** | **૮૧૮** | **૧૩૧૮** |

તા. ૨૩મી માર્ચ–૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

**વડોદરા મધ્યસ્થ જેલનું આધુનિકરણ**

૨૯૫૭૪ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વડોદરા મધ્યસ્થ જેલના આધુનિકરણ માટે તારીખ ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કયા પગલા લીધા છે, અને

(૨) તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ?

**જવાબ**

(૧) (૧) હાઇવાલ્ટેજ ડી.સી. લાઇવ વાયર, હાઇમાસ્ટ પોલ, સ્થાપિત કરવામાં આવેલ છે.

(૨) વહીવટી સરળતા અને ઉપયોગીતા માટે અદ્યતન સાધનો ઉપલબ્ધ કરાવેલ છે.

(૨) ` ૫૩,૩૫,૪૭૯/–

**વનબંધુ યોજના હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા બાબત**

૨૯૬૦૧ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વનબંધુ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૧ ની સ્થિતિએ કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે,

(૨) તે કયા જિલ્લામાં,

(૩) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કેટલી છે, અને

(૪) વિજ્ઞાન પ્રવાહની શાળાઓના વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી ?

**જવાબ**

(૧) ૪૮.

(૨) ૧૨ જિલ્લામાં

| | | |
|---|---|---|
| સાબરકાંઠા | દાહોદ | પંચમહાલ |
| વડોદરા | નર્મદા | સુરત |
| બનાસકાંઠા | ડાંગ | ભરૂચ |
| તાપી | વલસાડ | નવસારી |

(૩) ૧૪.

(૪) ૬૫૧૫.

**સંકલિત શિક્ષણ યોજના બંધ થવા બાબત**

૨૯૫૭૮ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર–કાઝીપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકલાંક બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના બંધ થઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણે અમદાવાદ જીલ્લામાં કેટલા બાળકો અને શિક્ષકોને તેની અસર થઈ, અને

(૩) આવા શિક્ષકો અને બાળકોને અવળી અસર ન થાય તે માટે રાજય સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા જી. કેન્દ્ર સરકારે તા. ૩૧–૦૩–૨૦૦૯થી આ યોજના (I E D C ) બંધ કરેલ છે.

(૨) સંકલિત શિક્ષણ યોજના બંધ થવાથી અમદાવાદ જિલ્લામાં નીચે મુજબના બાળકો અને શિક્ષકોને અસર થઈ છે.

| વર્ષ | પ્રવાસી શિક્ષકો | વિકલાંગ બાળકો |
|---|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૨૮ | ૭૫૪ |

(૩) આ યોજના સંપૂર્ણપણે કેન્દ્રીય પુરસ્કૃત યોજના હોવાથી કેન્દ્ર સરકારે પગલાં લેવાના થાય તેમ છતાં આ યોજનામાં ફેરફાર થવાથી શિક્ષકોને અવળી અસર ન થાય તે માટે રાજય સરકારે તા. ૦૭–૦૧–૨૦૧૦ના ઠરાવથી ફાજલ પડેલા શિક્ષકોને સમાવવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ શિક્ષકોએ તે સ્વીકારેલ નથી.

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જુની સંકલિત શિક્ષણ યોજના ચાલુ રાખવા માટે તા. ૨૯–૭–૨૦૦૯ના પત્રથી કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી દ્વારા તા. ૨૯–૯–૨૦૦૯ના પત્રથી આ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

શિક્ષકોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ એસ.સી.એ. નં. ૩૬૫/૨૦૧૦ના ચૂકાદા મુજબ સરકારે સને ૨૦૦૯–૧૦ના વર્ષ માટે સંકલિત શિક્ષણ યોજના હેઠળના બધા શિક્ષકોને પગાર ચૂકવેલ છે. જેમાં અમદાવાદ જિલ્લાના ૧૨૮ શિક્ષકોનો સમાવેશ કરેલ છે. નવી સંમિલિત શિક્ષણ યોજના ધોરણ–૯ થી ૧૨ ના બાળકો માટે હોવાથી સને ૨૦૧૦–૧૧ના વર્ષથી ધોરણ–૧ થી ૮ના બાળકોનો સમાવેશ સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાલતી સંકલિત શિક્ષણ યોજનામાં કરવામાં આવેલ છે.

## સંકલિત શિક્ષણ યોજના બંધ થવા બાબત

૨૯૫૭૭ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકલાંગ બાળકો માટેની સંકલિત શિક્ષણ યોજના બંધ થઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણે અમદાવાદ જીલ્લામાં કેટલા બાળકો અને શિક્ષકોને તેની અસર થઈ, અને

(૩) આવા શિક્ષકો અને બાળકોને અવળી અસર ન થાય તે માટે રાજય સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) હા જી. કેન્દ્ર સરકારે તા. ૩૧–૦૩–૨૦૦૯થી આ યોજના (I E D C ) બંધ કરેલ છે.

(૨) સંકલિત શિક્ષણ યોજના બંધ થવાથી અમદાવાદ જિલ્લામાં નીચે મુજબના બાળકો અને શિક્ષકોને અસર થઈ છે.

| વર્ષ | પ્રવાસી શિક્ષકો | વિકલાંગ બાળકો |
|---|---|---|
| ૨૦૦૯–૧૦ | ૧૨૮ | ૭૫૪ |

(૩) આ યોજના સંપૂર્ણપણે કેન્દ્રીય પુરસ્કૃત યોજના હોવાથી કેન્દ્ર સરકારે પગલાં લેવાના થાય તેમ છતાં આ યોજનામાં ફેરફાર થવાથી શિક્ષકોને અવળી અસર ન થાય તે માટે રાજય સરકારે તા. ૦૭–૦૧–૨૦૧૦ના ઠરાવથી ફાજલ પડેલા શિક્ષકોને સમાવવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ શિક્ષકોએ તે સ્વીકારેલ નથી.

રાજય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા જુની સંકલિત શિક્ષણ યોજના ચાલુ રાખવા માટે તા. ૨૯–૭–૨૦૦૯ના પત્રથી કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રીને રજુઆત કરવામાં આવી હતી. કેન્દ્રીય શિક્ષણ મંત્રીશ્રી દ્વારા તા. ૨૯–૯–૨૦૦૯ના પત્રથી આ રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી.

શિક્ષકોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ એસ.સી.એ. નં. ૩૬૫/૨૦૧૦ના ચૂકાદા મુજબ સરકારે સને ૨૦૦૯–૧૦ના વર્ષ માટે સંકલિત શિક્ષણ યોજના હેઠળના બધા શિક્ષકોને પગાર ચૂકવેલ છે. જેમાં અમદાવાદ જિલ્લાના ૧૨૮ શિક્ષકોનો સમાવેશ કરેલ છે. નવી સંમિલિત શિક્ષણ યોજના ધોરણ–૯ થી ૧૨ ના બાળકો માટે હોવાથી સને ૨૦૧૦–૧૧ના વર્ષથી ધોરણ–૧ થી ૮ના બાળકોનો સમાવેશ સર્વ શિક્ષા અભિયાન હેઠળ ચાલતી સંકલિત શિક્ષણ યોજનામાં કરવામાં આવેલ છે.

## સુરત જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગ અને રહેણાંકના મંજુર થયેલાં કામો

૨૯૬૨૨ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ : ૨૦૧૦–૧૧ અને ૨૦૧૦–૧૨માં

**જવાબ**

(૧) હા, જી.

તા. ૩૧-૧૨-૧૧ સુધીમાં સુરત જિલ્લામાં કોર્ટ બિલ્ડીંગ અને ન્યાયિક અધિકારી/ કર્મચારીઓ માટે રહેણાંકના કોઈ કામો મંજુર કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તે દરેક પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી ?

(૨)

| બાંધકામનું સ્થળ | વહીવટી મંજુરી આપેલ રકમ |
|---|---|
| કોર્ટ બિલ્ડીંગ, કઠોર | ૩,૫૪,૧૭,૯૪૩/- |
| કોર્ટ બિલ્ડીંગ, મહુવા | ૬,૦૫,૭૦,૯૦૦/- |
| કોર્ટ બિલ્ડીંગ, સુરત | ૪૩,૧૪,૯૬,૦૦૦/- |
| કોર્ટ બિલ્ડીંગ, બારડોલી | ૫,૮૪,૨૯,૦૦૦/- |
| કોર્ટ બિલ્ડીંગ, સોનગઢ | ૪,૬૮,૮૭,૩૦૦/- |
| કોર્ટ બિલ્ડીંગ,રીપેરીંગ, ઉચ્છલ | ૯૯,૮૧૦/- |
| કોર્ટ બિલ્ડીંગ સુધારા વધારા, ઉચ્છલ | ૭૪,૫૭૦/- |
| પાર્કીંગ શેડ, માંડવી | ૩,૭૬,૮૦૦/- |
| ન્યાયિક અધિકારી/કર્મચારી | ૩,૨૭,૫૩,૪૩૦/- |
| રહેણાંક, સોનગઢ | |
| રહેણાંકમાં કેબીન અને ટોઈલેટ, સુરત | ૫૫,૦૦૦/- |

## નવસારી જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ

૨૯૫૫૮ **શ્રી નરેશભાઈ મ. પટેલ( ચીખલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કેટલી છે,

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચિખલી | ૩૯૧ |
| ૨ | વાંસદા | ૨૭૭ |
| ૩ | નવસારી | ૧૮૦ |
| ૪ | ગણદેવી | ૨૩૫ |
| ૫ | જલાલપોર | ૨૩૩ |
| | **કુલ** | **૧૩૧૬** |

(૨) ૧૦૨૫ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે.

(૩) ૧૧૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે.

## અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ

૩૦૪૧૧ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## કેલીમીટી રીલીફ ફંડની રકમના ઉપયોગ બાબત

૩૧૯૦૧ **શ્રી બાબુભાઈ મે. શાહ(રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ચાલુ નાણાંકીય વર્ષમાં એકત્રીત કેલીમીટી રીલીફ ફંડ ની રકમનો ઉપયોગ કુદરતી આફત કે આકસ્મિક ખર્ચને પહોંચી વળવા થયો નથી તે હકીકત સાચી છે,

(૨) તા. ૧-૧-૧૧ થી તા. ૩૧-૧-૧૨ સમયગાળા દરમ્યાન મહેસૂલ વિભાગ કે/અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી તેમજ રીલીફ કમીશનરના હસ્તક જમા રકમ સામે કેટલું ખર્ચ કયા હેતુસર કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) ના, જી.

(૨) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ મહેસુલ વિભાગ હસ્તકની એસ.ડી.આર.એફ.ની કુલ એકત્રિત જમા રકમ ` ૧૬૪૩૧૧.૦૦ લાખમાંથી નીચે મુજબના હેતુ માટે કુલ ` ૫૯૩૪.૩૪ લાખનું ખર્ચ કરવામાં આવેલ છે.

| અ. નં. | હેતુ | તા.૧-૧-૧૧ થી તા.૩૧-૧-૧૨ સુધીનો ખર્ચ (લાખમાં) |
|---|---|---|
| ૧ | અશક્ત વ્યક્તિઓને રોકડ સહાય | ૬૫૫૫ |
| ૨ | ઘાસચારાનો પુરવઠો | ૩૨.૩૯ |
| ૩ | જેમના ઘરો નાશ પામ્યા હોય એવા કુટુંબો માટે કપડા અને વાસણો. | ૮૨.૫૨ |
| ૪ | ઘાસચારા અને સંગઠિત પશુ ખાણની ખરીદી, તેની હેરફેર અને મજૂરી ખર્ચ | ૦.૧૪ |
| ૫ | પશુ આરોગ્યના પગલા | ૨.૯૨ |
| ૬ | મરણ પામેલ પશુ માટે સહાય | ૨૬.૯૩ |
| ૭ | વંચિત પરિવારોને રહેમરાહે ચુકવણી. | ૨૭.૪૮ |
| ૮ | મૃત્યુ પામેલ વ્યક્તિઓના પરિવારોને રહેમરાહે ચુકવણી. | ૩૨૮.૩૫ |
| ૯ | બચાવ કામગીરી અંગે પરિવહન ખર્ચ. | ૨૦.૩૯ |
| ૧૦ | શોધ અને બચાવ પગલાનું ખર્ચ | ૨૪.૩૯ |
| ૧૧ | નુકશાન પામેલ ઘરોની મરામત પુન સ્થાપન માટે સહાય | ૩૦૫.૧૧ |
| ૧૨ | સિંચાઈ અને પૂર નિયંત્રણથી નુકશાન પામેલા કામની મરામત. | ૬૨૬.૮૮ |
| ૧૩ | કાદવ અને કચરો સાફ કરવાં | ૪૦૦.૫૧ |
| ૧૪ | અન્ય જાહેર મિલ્કતોની મરામત, પુનઃસ્થાપન | ૨૭૫૦.૦૦ |
| ૧૫ | આપત્તિ વ્યવસ્થા તંત્રને સહાય કામગીરી અંગેનો ખર્ચ. | ૨૬૬.૨૫ |
| ૧૬ | રાહત મહેકમ (અછત) | ૧૫૫.૫૯ |
| ૧૭ | રાહત મહેકમ (પૂર) | ૮૧૮.૯૪ |

## વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં તેજગઢ અને દુમાળી વચ્ચે ઓરસંગ નદી પર પુલની કામગીરી બાબત

૩૦૦૩૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર-પાવી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ વડોદરા જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં તેજગઢ અને દુમાલી ગામ વચ્ચે ઓરસંગ નદી ઉપર પુલ બનાવવાનું કામ કયા તબક્કામાં છે,

(૨) આ પુલ બનાવવા કેટલો ખર્ચ થાય તેમ છે, અને તે અન્વયે છેલ્લા ૨ વર્ષમાં બજેટમાં કોઈ જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૩) કેટલા સમયમાં પુલની કામગીરી પૂર્ણ થશે?

**જવાબ**

(૧), (૨) અને (૩) આ સ્થળે પુલ બનાવવાનું હાલમાં કોઈ આયોજન ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## વડોદરા જિલ્લામાં વિધવા પેન્શનના લાભાર્થીઓ

તા. ૨૩મી માર્ચ-૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

૨૫૯૮૭ **શ્રી સિદ્ધાર્થભાઇ ચી. પટેલ( ડભોઇ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર વિધવા પેન્શનની રકમ કેટલા લાભાર્થીઓને ચૂકવવાની બાકી છે, અને | (૧) તમામ વિધવા લાભાર્થીઓને તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ડિસેમ્બર-૨૦૧૧ સુધીનું ચૂકવણું થઈ ગયેલ છે. કોઈ લાભાર્થીને ચુકવણું કરવાનું બાકી નથી. |
| (૨) કેટલા સમયથી ચૂકવવાની બાકી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સાબરકાંઠા જિલ્લાના ઈડર-રતનપુર રસ્તો પહોળો કરવા બાબત**

૨૯૫૪૦ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાનો ઈડર રતનપુર ઓડા ફીચોડ કુલાસણ મુખ્ય જિલ્લા માર્ગ રાજ્ય સરકાર પહોળો કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને | (૧) અને (૨) હા, જી. તા. ૨૩-૧-૧૨નાં રોજ ` ૧૦૯૨.૮૦ લાખનું કામ મંજૂર કરવામાં આવેલ છે. જે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી એજન્સી નક્કી થયેથી કામ શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલો ખર્ચ થનાર છે? | |

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૫૫ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે. | (૧) ૧૦૦૦ |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૩૭,૫૧,૩૪૦/- |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે? | (૪) બાકી આંગણવાડીઓમાં તબક્કાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે. |

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૦૬ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સુરેન્દ્રનગર જિલ્લામાં પશુપ્રદર્શન અન્વયે ઈનામોના વિતરણ**

૨૯૫૭૦ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ | (૧) ૩૨૦ |

દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાયેલ તરણેતરના લોક મેળામાં પશુપ્રદર્શનમાં કેટલા પશુઓએ ભાગ લીધો, અને

(૨) તેમાં કેટલા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું?

(૨) ૨૮૧

## મહેસાણા જિલાલમાં જમીનની એન્ટ્રીઓ

૨૯૭૧૦ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) મહેસાણા જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવેલ છે,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૮૦૬ |
| ૨ | કડી | ૪૦૭૫ |
| ૩ | વિસનગર | ૧૭૦૨ |
| ૪ | વિજાપુર | ૨૩૫૩ |
| ૫ | બેચરાજી | ૧૫૫૭ |
| ૬ | ઉંઝા | ૧૦૪૮ |
| ૭ | ખેરાલુ | ૩૫૭ |
| ૮ | વડનગર | ૧૫૫૬ |
| ૯ | સતલાસણા | ૨૫૭ |
| | કુલ | ૧૬૭૧૧ |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓની નોંધ લેવામાં આવી, અને

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | નોંધ લેવામાં આવેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૮૦૬ |
| ૨ | કડી | ૪૦૭૫ |
| ૩ | વિસનગર | ૧૭૦૨ |
| ૪ | વિજાપુર | ૨૩૫૩ |
| ૫ | બેચરાજી | ૧૫૫૭ |
| ૬ | ઉંઝા | ૧૦૪૮ |
| ૭ | ખેરાલુ | ૩૫૭ |
| ૮ | વડનગર | ૧૫૫૬ |
| ૯ | સતલાસણા | ૨૫૭ |
| | કુલ | ૧૬૭૧૧ |

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) કોઈ એન્ટ્રીઓ બાકી રહેતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભાવનગર જિલ્લામાં માજી સૈનિકોને સાંથણીમાં આપેલ જમીન

૩૦૪૬૫ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં સાંથણીના નિયમો મુજબ કેટલા માજી સૈનિકોને કુલ કેટલી સરકારી પડતર જમીનો સાંથણીમાં આપવામાં આવી, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૧૦ (દસ) માજી સૈનિકોને જમીન હે.૮-૮૩-૨૪ ચો.મી. ફાળવેલ છે.

(૨) તે અન્વયે છેલ્લા ત્રણ વર્ષમાં શરતભંગના કેટલા કેસો કરવામાં આવ્યા?

(૨) એક પણ નહીં.

## અમરેલી જિલ્લામાં ગૌચરની જમીનની હરાજી બાબતમાં

૩૧૮૯૭ **શ્રી બાવકુભાઈ ના. ઉંધાડ(બાબરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમરેલી જિલ્લામાં ગૌચરની જમીન હરાજી વગર કેટલી આપી?

તા. ૦૧–૦૧–૧૦ થી તા. ૩૧–૧૨–૧૦ સુધીમાં હે.આરે. ૧૭–૧૮–૧૯ ચો.મી. અને તા. ૦૧–૦૧–૧૧ થી તા. ૩૧–૧૨–૧૧ સુધીમાં હે.આરે. ૩૭–૭૦–૯૪ ચો.મી. ગૌચરની જમીન હરાજી વગર ફાળવવામાં આવી.

## અમદાવાદ જિલ્લામાં બિયારણના લીધેલ નમૂના

૨૯૮૬૯ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર બિયારણના કેટલા નમુના લેવામાં આવ્યા,

(૨) આ પૈકી કેટલા નમુનાની ચકાસણી કરવામાં આવી,

(૩) તે પૈકી કેટલા નમુના પ્રમાણિત તથા કેટલા નમુના બિનપ્રમાણિત થયા, અને

(૪) બિનપ્રમાણિત નમુનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) સામેલ પત્રક–૧ મુજબ

**પત્રક–૧**

**અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર લેવાયેલ બિયારણના નમુનાની વિગત**

| અ.નં. | તાલુકાનું નામ | લીધેલ નમુનાના સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વર્ષ – ૨૦૦૯ | વર્ષ–૨૦૧૦ | વર્ષ–૨૦૧૧ |
| ૧ | સીટી–અમદાવાદ | ૨૮ | ૩૩ | ૪૧ |
| ૨ | દસક્રોઈ | ૨૧ | ૨૭ | ૨૧ |
| ૩ | બરવાળા | ૦૫ | ૦૨ | ૦૩ |
| ૪ | રાણપુર | ૦૭ | ૦૬ | ૦૫ |
| ૫ | ધોળકા | ૧૧ | ૧૦ | ૧૮ |
| ૬ | બાવળા | ૦૩ | ૦૬ | ૧૫ |
| ૭ | ધંધુકા | ૦૨ | ૦૧ | ૧૦ |
| ૮ | સાણંદ | ૧૦ | ૦૭ | ૦૮ |
| ૯ | માંડલ | ૦૯ | ૦૯ | ૧૦ |
| ૧૦ | દેત્રોજ | ૧૦ | ૧૪ | ૧૦ |
| ૧૧ | વિરમગામ | ૧૭ | ૨૫ | ૨૧ |
| | **કુલ** | **૧૨૩** | **૧૪૦** | **૧૬૨** |

(૨) તમામ ૪૨૫ નમુના

(૩) પ્રમાણિત–૪૧૦ નમુના
બિનપ્રમાણિત–૧૫ નમુના

(૪) છ કેસમાં કોર્ટ કેસની કાર્યવાહી કરેલ છે, ત્રણ કેસમાં ચેતવણી આપેલ છે, બે કેસમાં દંડ કરેલ છે તથા ચાર કેસ વિચારાધીન છે.

## આણંદ જિલ્લામાં ખેડૂતોને ચૂકવેલ વિમા સહાય

૨૯૮૧૦ **શ્રી નિરંજનભાઇ  પટેલ( પેટલાદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોના અકસ્માતે મૃત્યુ થયા અને કેટલા અપંગ થયા, અને

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને વીમા સહાય ચૂકવાઈ અને કેટલા કેસો ઉક્ત સ્થિતિએ પડતર છે?

**જવાબ**

(૧) ખેડૂત અકસ્માત વિમા યોજના હેઠળ મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

(૨) ૯૮ ખેડૂતોને વિમા સહાય ચૂકવાઈ અને ૬૨ કેસો પડતર છે.

**પત્રક**

| તાલુકાનું નામ | તા. ૧-૧-૧૦ થી તા. ૩૧-૧૨-૧૦ | | | તા. ૧-૧૧-૧૧ થી તા. ૩૧-૧૨-૧૧ | | |
|---|---|---|---|---|---|---|
| | અકસ્માતે મૃત્યુ | અકસ્માતે અપંગ | કુલ | અકસ્માતે મૃત્યુ | અકસ્માતે અપંગ | કુલ |
| આણંદ | ૧૦ | ૧ | ૧૧ | ૧૩ | ૦ | ૧૩ |
| બોરસદ | ૧૮ | ૦ | ૧૮ | ૧૨ | ૦ | ૧૨ |
| આંકલાવ | ૧૦ | ૦ | ૧૦ | ૧૫ | ૦ | ૧૫ |
| ઉમરેઠ | ૦૯ | ૦ | ૦૯ | ૦૭ | ૦ | ૦૭ |
| પેટલાદ | ૦૮ | ૦ | ૦૮ | ૧૩ | ૦ | ૧૩ |
| ખંભાત | ૧૨ | ૦ | ૧૨ | ૧૪ | ૦ | ૧૪ |
| તારાપુર | ૦૫ | ૦ | ૦૫ | ૦૫ | ૦ | ૦૫ |
| સોજીત્રા | ૦૮ | ૦ | ૦૮ | ૦૫ | ૦ | ૦૫ |
| **કુલ** | **૮૦** | **૧** | **૮૧** | **૮૪** | **૦** | **૮૪** |

**સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકા મથકની માર્કેટયાર્ડ સુધીનો રસ્તો ડામરનો કરવા બાબત**

૩૧૮૯૪ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકામાં તાલુકા મથકથી માર્કેટયાર્ડ તરફથી એમ.ડી.આર. રસ્તો સાવ તુટી ગયેલ હાલતમાં છે, એ સરકારના ધ્યાન પર છે,

(૨) આ આદિવાસી વિસ્તારનો તાલુકા મથકનો મુખ્ય એમ.ડી.આર. રસ્તો ડામર ન કરવાના કારણો શા છે, અને

(૩) હવે આ રસ્તો સરકાર ક્યારે ડામર કરવામાં આવશે?

**જવાબ**

(૧) , (૨) અને (૩) રસ્તો વાહનવ્યવહાર લાયક છે. ઉપરોક્ત રસ્તાની ૧૦.૯૦ કી.મી. લંબાઈને ` ૧૬૯.૯૭ લાખના ખર્ચે રીસરફેસ કરવાનુ કામ પ્રગતીમાં છે.

**વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ અન્વયે ફાળવેલ જમીન**

૨૯૭૮૩ **શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડીયા(પોરબંદર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૦૯ અને ૨૦૧૧માં થયેલ એમ.ઓ.યુ. પૈકી તા. ૩૧–૦૧–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર જમીન મેળવવા માટે કઈ કઈ કંપનીઓએ માંગણી કરી છે,

(૨) ઉક્ત માંગણી પૈકી કઈ કઈ કંપનીને કઈ જગ્યાએ કયા પ્રકારની, કેટલી જમીનની માંગણી મંજુર કરવામાં આવી અને કોની કોની માંગણી નામંજુર કરવામાં આવી, અને

(૩) મંજુર કરવામાં આવેલ માંગણી વર્ષવાર કઈ–કઈ કંપનીને કઈ જગ્યાએ કયા–કયા પ્રકારની કેટલી જમીન શા ભાવે ફાળવવામાં આવી?

**જવાબ**

(૧) સાથે સામેલ *પત્રક મુજબ

(૨) સાથે સામેલ *પત્રક મુજબ

(૩) સાથે સામેલ *પત્રક મુજબ

*** (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)**

**સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૬૩ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે,

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને

(૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે?

**જવાબ**

(૧) ૩૧૪૯.

(૨) ` ૧,૧૪,૧૦,૩૧૯/–.

(૩) ના, જી.

(૪) બાકી આંગણવાડીઓમાં તબક્કવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે.

**સુરત જિલ્લામાં ભૂમાફીયા સામે ફરિયાદો**

તા. ૨૩મી માર્ચ–૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

૨૯૬૯૭ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લો અને સુરત શહેરમાં ભૂમાફિયાઓ વિરુધ્ધની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) જીલ્લા કક્ષાએ જિલ્લા જમીન તકેદારી સમિતિ (સીટ) ની રચના મહેસૂલ વિભાગના તા. ૨૬–૭–૧૦ના ઠરાવથી કરવામાં આવેલ છે. ત્યારથી તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ૭૯ ફરીયાદો મળેલ છે. |
| (૨) મળેલ ફરિયાદો સામે સરકારે કયા ભૂમાફિયાઓ સામે કયા કાયદાની કઈ કલમો લગાવી અને શાં પગલાં લીધા છે? | (૨) મળેલ ફરીયાદો પૈકી સમિતિ દ્વારા કરેલ નિર્ણય મુજબ ૧૦ અરજીઓમાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને છ ઈસમોની અટકાયત કરેલ છે. જેમાં જે વ્યક્તિઓ દ્વારા ખોટા પુરવા (ડોક્યુમેન્ટ) ઉભા કરી તે સાચા હોય તે રીતે સરકારી કામકાજમાં રજૂ કરેલા હોય ઈન્ડીયન પીનલ કોડની કલમ–૧૯૩ તથા ૧૯૬ તળે સરકાર પક્ષે સબંધિત મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રારશ્રી મારફત પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.<br>વધુમાં આ પોલીસ ફરીયાદોમાં પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યઆન ઈન્ડીયન પીનલ કોડની કલમો તળેનો આનુસંગિક ગુન્હો બનતો હોય તો તે કલમ પોલીસ ખાતા દ્વારા ઉમેરો કરી તે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. |

### અમરેલી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

૨૯૫૬૮ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન અમરેલી જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૫૮૭. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૫૯,૦૫,૮૯૯/–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે? | (૪) તમામ આંગણવાડી કેન્દ્રોને સુવિધા પુરી પાડેલ છે. |

### અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ

૩૦૪૦૭ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ

૩૦૪૧૨ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ભાવનગર જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન**

૨૯૬૭૩ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૦–૧૧ માં ભાવનગર જિલ્લામાં કુલ કેટલી પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવેલ, અને | (૧) ૨. |
| (૨) તેમાં કેવા પ્રકારની કામગીરી કરવામાં આવેલ ? | (૨) (૧) પશુપાલકોને આદર્શ પશુપાલન, પશુસંવર્ધન, પશુપોષણ, પશુઆરોગ્યની જાળવણી, સ્વચ્છ દુધ ઉત્પાદન બાબતે તથા તેઓને મુઝવતા પ્રશ્નો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું, (૨) સફળ પશુપાલન બાબતેનું સાહિત્ય પશુપાલકોને આપવામાં આવ્યું. (૩) પશુપાલન પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું. |

**સાબરકાંઠા જિલ્લામાં રાજ્ય/પંચાયત હસ્તકના રસ્તાઓના ડામર સપાટીના કામો**

૩૧૯૦૭ / **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા( મેઘરજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા રાજ્ય અને પંચાયત હસ્તકના રસ્તાઓ છેલ્લા સાત (૭) વર્ષથી ડામર સપાટીનું કામ ન થયેલ હોય તેવા છે, અને

**જવાબ**

(૧) ૧ અને ૩

| અ.નં. | તાલુકાનું નામ | રસ્તાની સંખ્યા | | કુલ |
| --- | --- | --- | --- | --- |
| | | રાજ્ય | પંચાયત | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | હિંમતનગર | ૫ | ૮ | ૧૩ |
| ૨ | તલોદ | ૪ | ૦ | ૪ |
| ૩ | પ્રાંતિજ | ૨ | ૧ | ૩ |
| ૪ | વડાલી | ૧ | ૫ | ૬ |
| ૫ | ઈડર | ૨ | ૧૪ | ૧૬ |
| ૬ | ખેડબ્રહ્મા | ૧ | ૭ | ૮ |
| ૭ | વિજયનગર | ૧ | ૨ | ૩ |
| ૮ | ભિલોડા | ૪ | ૫ | ૯ |
| ૯ | મેઘરજ | ૫ | ૫ | ૧૦ |
| ૧૦ | ધનસુરા | ૦ | ૮ | ૮ |
| ૧૧ | મોડાસા | ૨ | ૧૮ | ૨૦ |
| ૧૨ | માલપુર | ૧ | ૭ | ૮ |
| ૧૩ | બાયડ | ૨ | ૧૩ | ૧૫ |
| | કુલ | ૩૦ | ૯૩ | ૧૨૩ |

ડામરસપાટી રીસરફેસીંગ કરવાનું ૭ વર્ષનું ધારાધોરણ નથી.

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૨) તે પૈકી મેઘરજ–માલપુર સ્ટેટ હસ્તકનો રોડ કેટલા સમયથી ડામર સપાટીનું કામ રીપેરીંગ થયેલ નથી, અને | (૨) વર્ષ ૨૦૦૪–૦૫માં આ રસ્તાનું રીસરફેસીંગ કામ કરેલ હતું. ત્યાર બાદ દર વર્ષે જરૂરિયાત મુજબ રીપેરીંગ કરી રસ્તો વાહનવ્યવહાર યોગ્ય રાખેલ છે. |
| (૩) સરકાર આ રસ્તો કેટલા સમયમાં રીસરફેસ કરવા માંગે છે ? | |

તા. ૨૩મી માર્ચ-૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૨૦ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૬૨ **શ્રીમતિ જશોદાબેન ચ. પરમાર(જોટાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૮૯૬. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૯૪,૩૨,૬૦૦/-. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ? | (૪) તમામ આંગણવાડી કેન્દ્રોને સુવિધા પુરી પાડેલ છે. |

**જામનગર જિલ્લામાં ફતેપુર-ચોખડા જિલ્લામાર્ગ પહોળો કરવા બાબત**

૨૯૫૪૧ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાનો સ્ટેટ હાઈવે નં. ૩ ફતેપુર સઈ દેવળીયા મોરઝર ચોંખડા મુખ્ય જિલ્લા માર્ગ રાજ્ય સરકાર પહોળો કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને<br>(૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલો ખર્ચ થનાર છે ? | (૧) અને (૨)<br>હા,જી. તા. ૩૧-૧૨-૨૦૧૨ના રોજ ` ૧૧૧૨.૧૪ લાખની કિંમતનું કામ મંજૂર કરવામાં આવેલ છે જે ટેન્ડર પ્રક્રિયા હાથધરી એજન્સી નક્કી થયેથી શરૂ કરવાનું આયોજન છે. |

**ખેડા જિલ્લામાં વ્યાજ રાહત યોજનાના લાભાર્થીઓ**

૨૯૬૫૬ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ અંતિત છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં વ્યાજ રાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને | (૧) ૩૫,૬૮૦. |
| (૨) તેના કારણે ધિરાણ લેતાં ખેડૂતોની સંખ્યા કેટલી વધી? | (૨) ૪૦. |

**ભરૂચ જિલ્લામાં મત્સ્ય ઉત્પાદન**

૨૯૬૫૯ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય મત્સ્યદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

(૧) વર્ષ ૨૦૧૦ અને વર્ષ ૨૦૧૧માં ભરૂચ જિલ્લામાં કેટલું ભાંભરાપાણી મત્સ્ય ઉત્પાદન થયું અને

(૧)

| વર્ષ | ભાંભરાપાણી મત્સ્ય ઉત્પાદન (મે. ટનમાં) | |
|---|---|---|
| વર્ષ-૨૦૧૦ | ૮૭ | (મે. ટનમાં) |
| વર્ષ-૨૦૧૧ | ૫૯ | (મે. ટનમાં) |

(૨) તેની વર્ષવાર બજાર કિંમત કેટલી થાય ?

(૨)

| | | |
|---|---|---|
| વર્ષ-૨૦૧૦ | ૨૪૬.૭૪ | (રૂપિયા લાખમાં) |
| વર્ષ-૨૦૧૧ | ૧૭૦.૦૭ | (રૂપિયા લાખમાં) |

---------

**પોરબંદર જિલ્લામાં વ્યાજ રાહત યોજનાના લાભાર્થીઓ**

૨૯૬૫૧ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧-૨૦૧૨ અંતિત છેલ્લા એક વર્ષમાં પોરબંદર જિલ્લામાં વ્યાજ રાહતની યોજના હેઠળ કેટલા ખેડૂતોને લાભ થયો, અને

(૧) ૭,૨૪૯.

(૨) તેના કારણે ધિરાણ લેતાં ખેડૂતોની સંખ્યા કેટલી વધી?

(૨) ૫૯૧.

---------

**માછીમારોને અપાતો કેરોસીનનો જથ્થો**

૨૯૮૧૫ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યના માછીમારોને બોટદીઠ કેરોસીનનો જથ્થો કેટલો આપવામાં આવે છે, અને

(૧) ઓ.બી.એમ. બોટોને બોટદીઠ માસિક ૮૫.૩૫ લીટર આઈ.બી.એમ. બોટોને બોટદીઠ દીવાબત્તી માટે માસિક ૧૬.૨૫ લિટર

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં માસવાર આ જથ્થામાં કેટલો ઘટાડો કરવામાં આવેલ છે ?

(૨) નીચે દર્શાવ્યા મુજબ

| માસવાર | ઘટાડો (લિટરમાં) બોટ | |
|---|---|---|
| | ઓ.બી.એમ | આઈબીએમ |
| જાન્યુઆરી-૧૧ | ૦.૧૪ | ૦.૦૦ |
| ફેબ્રુઆરી-૧૧ | ૧.૦૫ | ૦.૦૦ |
| માર્ચ-૧૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| એપ્રિલ-૧૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| મે-૧૧ | ૨.૭૦ | ૦.૦૦ |
| જૂન-૧૧ | ૯૩.૨૨ | ૧૭.૫૦ |
| જુલાઈ-૧૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઓગસ્ટ-૧૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| સપ્ટેમ્બર-૧૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઓક્ટોબર-૧૧ | ૫૦.૦૨ | ૮.૭૫ |
| નવેમ્બર-૧૧ | ૧.૧૪ | ૦.૦૦ |
| ડિસેમ્બર-૧૧ | ૧.૯૯ | ૦.૦૦ |

---------

**રાજકોટ જિલ્લામાં ફળઝાડ સહાયના લાભાર્થીઓ**

૨૯૫૮૯ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** — **જવાબ**

(૧) વર્ષ ૨૦૧૧ માં રાજકોટ જિલ્લામાં ફળઝાડ વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને

(૧) ૧૪૭ લાભાર્થીઓ.

(૨) આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

(૨) ` ૧૫.૪૨/-લાખ.

---

**રાજકોટ જિલ્લામાં રાજ્ય અને પંચાયત હસ્તકના કામો**

૨૯૮૮૧ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૩મી માર્ચ–૨૦૧૨

અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર રાજ્ય અને પંચાયત હસ્તકના કયા નવા રસ્તા ડામરના કરવામાં આવ્યા છે અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો,

(૨) આ સમય દરમ્યાન કયા રસ્તાઓના કામો મંજૂર થયા છતાં કામ શરૂ કરવામાં આવ્યા નથી, તેના કારણો શાં છે,

(૩) આ રસ્તાના કામો ક્યારે પૂરા કરવામાં આવશે, અને

(૪) રસ્તાદીઠ કેન્દ્ર સરકાર દ્વારા કેટલો હિસ્સો ફાળવવામાં આવેલ છે ?

**જવાબ**

(૧) થી (૨) : છેલ્લા બે વર્ષમાં ` ૩૧૪૪.૮૯ લાખના રસ્તાઓની વિગત પત્રક મુજબ છે.

(૩) પ્રગતિ હેઠળ/શરૂ ન થયેલ કામો એજન્સી નક્કી કર્યાથી મુકરર સમય મર્યાદામાં.

(૪) ઉક્ત પત્રક અનુસાર.

**પત્રક**

| અ.નં. | તાલુકો | મંજૂર થયેલ રસ્તાનું નામ | કામની પરિસ્થિતિ | થયેલ ખર્ચ રૂ।. લાખમાં | રાજ્ય સરકારનો હિસ્સો | કેન્દ્ર સરકારનો હિસ્સો | શરૂ ન થવાનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| **પૂર્ણ થયેલ કામો** | | | | | | | |
| ૧ | મોરબી | ભક્તિનગર એપ્રોચ રોડ | પૂર્ણ | ૩૪.૫૬ | ૩૪.૫૬ | ૦.૦૦ | |
| ૨ | જસદણ | મોઢુકા પાટીયાળી દેવધરી રોડ જિલ્લા હદ સુધી (કી.મી.૦/૦ થી ૪/૫૦ તથા ૮/૧૦ થી ૧૦/૫૦) | પૂર્ણ | ૧૧૨.૩૬ | ૧૧૨.૩૬ | ૦.૦૦ | |
| ૩ | પડધરી | સરપદડ ખંભાળા રોડ | પૂર્ણ | ૨૩૮.૧૦ | ૨૩૮.૧૦ | ૦.૦૦ | |
| ૪ | રાજકોટ | ને.હા.થી ગુંદા એપ્રોચ રોડ (કી.મી. ૧/૪૦ થી ૨/૧૦) | પૂર્ણ | ૨૨.૫૮ | ૦.૦૦ | ૨૨.૫૮ | |
| ૫ | રાજકોટ | જૂના રાજપીપળા હરીપર (સરધાર) રોડ | પૂર્ણ | ૭૮.૩૮ | ૭૮.૩૮ | ૦.૦૦ | |
| ૬ | વાંકાનેર | તીથવા થી તીથવા–૨ રોડ | પૂર્ણ | ૬૦.૯૧ | ૦.૦૦ | ૬૦.૯૧ | |
| ૭ | પડધરી | એસ.એચ. થી હરીપર (ખારી) રોડ (કી.મી. ૩/૧૩ થી ૩/૯૪) | પૂર્ણ | ૩૨.૧૩ | ૭.૨૮ | ૨૪.૮૫ | |
| ૮ | લોધીકા | નગરપીપળીયા ધુલીયા દોમડા રોડ (કી.મી. ૦/૦ થી ૦/૮૪) | પૂર્ણ | ૨૮.૭૩ | ૨.૩૪ | ૨૬.૩૯ | |
| ૯ | રાજકોટ | ઢોલરાથી ખોખડદડ હાઈવે સુધીનો રોડ, તા. રાજકોટ | પૂર્ણ | ૩૦.૧૧ | ૩૦.૧૧ | ૦.૦૦ | |
| ૧૦ | વાંકાનેર | ઓળ માણેકવાડા રોડ, તા. વાંકાનેર | પૂર્ણ | ૨૯.૯૦ | ૨૯.૯૦ | ૦.૦૦ | |
| ૧૧ | ટંકારા | ધ્રોલીયા એપ્રોચ રોડ જોઈનીંગ મીતાણા નેકનામ પડધરી રોડ | પૂર્ણ | ૩૩.૧૨ | ૩૩.૧૨ | ૦.૦૦ | |
| ૧૨ | રાજકોટ | ભંગડા એપ્રોચ રોડ (ભંગડા ગામમાં જવાનો મુખ્ય રસ્તો | પૂર્ણ | ૨૩.૫૭ | ૨૩.૫૭ | ૦.૦૦ | |
| ૧૩ | જસદણ | રણજીતગઢ બોઘરાવદર રોડ | પૂર્ણ | ૨૩.૧૫ | ૨૩.૧૫ | ૦.૦૦ | |
| ૧૪ | જસદણ | જીવાપર ગુંદાળા (જામ રોડ) | પૂર્ણ | ૩૩.૯૩ | ૩૩.૯૩ | ૦.૦૦ | |
| ૧૫ | જસદણ | આસલપર રંગપર રોડ જીલ્લા હદ સુધી | પૂર્ણ | ૧૯.૪૧ | ૧૯.૪૧ | ૦.૦૦ | |
| ૧૬ | જસદણ | પાંચવડા ગુંદાળા (જામ) રોડ | પૂર્ણ | ૩૬.૩૯ | ૩૬.૩૯ | ૦.૦૦ | |
| ૧૭ | જસદણ | માધવીપુર કાળાસર રોડ | પૂર્ણ | ૪૩.૧૪ | ૪૩.૧૪ | ૦.૦૦ | |
| | | | કુલ :– | ૮૮૦.૪૭ | ૭૪૫.૭૪ | ૧૩૪.૭૩ | |
| **પ્રગતિ હેઠળના કામો** | | | | | | | |
| ૧ | વાંકાનેર | લીંબાળા ખંભાળા રોડ | કામ પ્રગતિમાં | ૪૯.૬૪ | ૦.૦૦ | ૪૯.૬૪ | |
| ૨ | જામ કંડોરણા | મેઘાવડ તરકાસર રોડ તા. જામકંડોરણા | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૬૪.૭૮ | ૦.૦૦ | |
| ૩ | જસદણ | મેઘપર એપ્રોચ રોડ જોઈનીંગ સાણથલી વસાવડ | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૩૫.૦૦ | ૦.૦૦ | |
| ૪ | જસદણ | ગુંદાળા (જામ) ગરણી રોડ જિલ્લા હદ સુધી | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૬૦.૦૦ | ૦.૦૦ | |
| ૫ | જસદણ | સાણથલી વાસાવડ રોડથી થોરખાણ રોડ જિલ્લા હદ સુધી | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૪૦.૦૦ | ૦.૦૦ | |
| ૬ | જસદણ | રાણપરડા મોટાદેવળીયા રોડ જિલ્લા હદ સુધી | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૬૦.૦૦ | ૦.૦૦ | |
| ૭ | જસદણ | કમળાપુર કુંદણી રોડ | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | |
| ૮ | જસદણ | કાનપર ઈશ્વરીયા રોડ | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૧૩૦.૦૦ | ૦.૦૦ | |
| ૯ | જસદણ | રામાળીયા હલેન્ડા રોડ | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૧૦૫.૦૦ | ૦.૦૦ | |
| ૧૦ | જસદણ | રૂપાવટી રોડ જોઈનીંગ ટુ થોરીયાળી પીપરડી રોડ | કામ પ્રગતિમાં | ૦.૦૦ | ૩૦.૦૦ | ૦.૦૦ | |
| | | | કુલ :– | ૪૯.૬૪ | ૬૨૪.૭૮ | ૪૯.૬૪ | |
| **શરૂ ન થયેલ કામો** | | | | | | | |
| ૧ | જસદણ | હાથસણી જનડા રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૨ | કોટડા સાંગાણી | ભાડવા સુકીસાજડીયાળી રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૮૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૩ | કોટડા | વડીયા એપ્રોચ રોડ જોઈનીંગ કોટડા સાંગાણી રામોદ | શરૂ થનાર | ૦.૦૦ | ૮૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ |

| અ.નં. | તાલુકો | મંજૂર થયેલ રસ્તાનું નામ | કામની પરિસ્થિતિ | થયેલ ખર્ચ રૂા. લાખમાં | રાજ્ય સરકારનો હિસ્સો | કેન્દ્ર સરકારનો હિસ્સો | શરૂ ન થવાનું કારણ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | સાંગાણી | રોડ | | | | | હોવાથી |
| ૪ | વાંકાનેર | લુણસરીયા નવા લુણસરીયા રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૪૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૫ | વાંકાનેર | વાંકીયા થી વાંકીયા–૨ રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૪૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૬ | ટંકારા | સ્ટેટ હાઈવેથી જયનગર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૩૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૭ | માળીયા (મી.) | લાખીયાસર (ટીંબા)રોડથી નવા હંજીયાસર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૨૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૮ | માળીયા (મી.) | માળીયા જાજાસર રોડથી ઝખરીયા રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૬૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૯ | જસદણ | કમળાપુર ઢોકળવા રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૧૦૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૦ | જસદણ | સરતાનપુર દેવધરી એપ્રોચ રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૧ | માળીયા (મી.) | નેશનલ હાઈવેથી અર્જુનનગરથી એપ્રોચ રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૧૫.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૨ | કોટડા સાંગાણી | કોટડા શેમડા રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૧૩૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૩ | જેતપુર | આરબટીંબડી મેંદપરા રોડ જિલ્લા હદ સુધી | શરૂ થનાર | ૦.૦૦ | ૧૫૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૪ | ટંકારા | નેસડા (ખા) ધુનડા(ખા) રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૧૨૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૫ | લોધીકા | ચીભડા કલ્યાણપુર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૬૫.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૬ | લોધીકા | પાળ ઢોલરા રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૫૦.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| ૧૭ | ધોરાજી | નાનીમારડ ભાડેર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૭૦.૦૦ | ૦.૦૦ | તાજેતરમાં મંજૂર થયેલ હોવાથી |
| ૧૮ | ઉપલેટા | પાટણવાવ તલગણાં રોડ (કી.મી. ૧/૩૫ થી ૩/૦) | શરૂ થનાર | ૦.૦૦ | ૩૦.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| ૧૯ | રાજકોટ | કસ્તુરબા ધામથી ઢાંઢીયા રોડ સુધી (રામાપીરના મંદિર પાસેથી) | શરૂ થનાર | ૦.૦૦ | ૭૫.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| ૨૦ | લોધીકા | સ્ટેટ હાઈવે થી કલ્યાણપર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૩૫.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| ૨૧ | ઉપલેટા | ગણોદ માણાવદર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૧૫૦.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| ૨૨ | ટંકારા | રવાપર ધુનડા રોડથી નવાસજનપર રોડ | શરૂ થનાર | ૦.૦૦ | ૬૦.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| ૨૩ | ઉપલેટા | ઈસરા એપ્રોચ રોડ જોઈનીંગ એન.એચ. | શરૂ થનાર | ૦.૦૦ | ૯૦.૦૦ | ૦.૦૦ | જમીન સંપાદન |
| | | | કુલ :– | ૦.૦૦ | ૧૫૯૦.૦૦ | ૦.૦૦ | |
| | | | કુલ :– | ૯૩૦.૧૧ | ૨૦૬૦.૫૨ | ૧૮૪.૩૭ | |
| | | | **કુલ મંજુર :–** | | **૩૧૪૪.૮૯** | | |

## પાલનપુર જિલ્લા જેલમાં કેદીઓના માનસ પરિવર્તનની પ્રવૃત્તિ

૨૯૫૭૨ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) પાલનપુર જિલ્લા જેલમાં રહેલા કેદીઓના માનસ પરિવર્તન / સુધારણા માટે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ધાર્મિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, રમતગમત, યોગ, પ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે. |
| (૨) આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે કઈ નામાંકિત સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે? | (૨) અનેક યોગ્ય સંસ્થાઓના સહયોગ પ્રાપ્ત કરવામાં આવે છે. |

---------

## રાજકોટ જિલ્લામાં ફળ અને શાકભાજીની બનાવટોની મહિલાઓને તાલીમ

૨૯૫૪૪ **શ્રી પ્રવિણભાઈ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી સરકાર દ્વારા ફળ અને શાકભાજીની બનાવટો બનાવવા માટે રાજકોટ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૪૪૨. |

(૨) તે પેટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો?

(૨) ` ૧૦,૪૫,૦૦૦ /-.

---------

**નવસારી જિલ્લામાં મંજૂર થયેલી આંગણવાડી**

૨૯૫૫૬ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ કેટલી છે,

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે જણાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આં.વાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચિખલી | **૩૯૧** |
| ૨ | વાંસદા | **૨૭૭** |
| ૩ | નવસારી | **૧૮૦** |
| ૪ | ગણદેવી | **૨૩૫** |
| ૫ | જલાલપોર | **૨૩૩** |
| | **કુલ** | **૧૩૧૬** |

(૨) ૧૦૨૫ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે.

(૩) ૧૧૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે.

---------

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૧૭ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજયમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના કારણો શા છે, અને

(૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**નવસારી જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડીઓ**

૨૯૫૫૭ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર કેટલી આંગણવાડીઓ છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ નવસારી જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે જણાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આં.વાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ચિખલી | ૩૯૧ |
| ૨ | વાંસદા | ૨૭૭ |
| ૩ | નવસારી | ૧૮૦ |

| | | |
|---|---|---|
| ૪ | ગણદેવી | ૨૩૫ |
| ૫ | જલાલપોર | ૨૩૩ |
| | **કુલ** | **૧૩૧૬** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) ૧૦૨૫ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે.

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩) ૧૧૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે.

---------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ટેકનીકલ જ્ઞાન આપવા માટે અનામતની જોગવાઈ**

૨૯૪૫૫ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્યમાં અનુસૂચિત જાતીના વિદ્યાર્થીઓને ટેકનીકલ જ્ઞાન મળે તે માટે પોલીટિકનીક અને ઈજનેરી કોલેજોમાં તેમજ સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં અનામતની વ્યવસ્થા છે કે કેમ,

(૧) હા.

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં ભરૂચ–નવસારી અને વલસાડ જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓને તેનો લાભ આપી ફ્રીમાં રાહતો આપવામાં આવી, અને

(૨) ટ્યુશન ફી માફી યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં પોલીટિકનીક અને ઈજનેરી કોલેજમાં નીચે મુજબની વિગતો અન્વયે વિદ્યાર્થીઓને ફીમાં રાહતો આપવામાં આવેલ છે.

| અ. નં. | જીલ્લાનું નામ | અનુસૂચિત જાતિના દાખલ કરવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા | તે પૈકી ટ્યુશન ફી વેવર સ્કીમ હેઠળ ફી માફી યોજના અંતર્ગત ફી મા રાહત આપવામાં આવેલ વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | ૧૪૬ | ૦૮ |
| ૨ | નવસારી | ૩૮ | ૦૧ |
| ૩ | વલસાડ | ૮૭ | ૦૪ |

(૩) આ નિયમનો ભંગ કરનાર સામે સરકારે કોઈ પગલાં લીધા છે કે કેમ ?

(૩) અનામતની જોગવાઈનો અમલ ન કરવા સંબંધ કોઈ ફરિયાદ મળેલ નથી, જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજકોટ જિલ્લામાં યોજેલ ખેડૂત શિબિરો**

૨૯૫૬૦ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલી ખેડૂતો શિબિરો યોજવામાં આવી,

(૧) ૩૫ શિબિરો.

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતએ લાભ લીધો, અને

(૨) ૩૯૬૫ ખેડૂતો.

(૩) તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ?

(૩) ` ૪,૯૪,૯૫૦/–.

**પાલનપુર જિલ્લા જેલમાં સુરક્ષા**

તા. ૨૩મી માર્ચ–૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

૨૯૬૬૭ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર જિલ્લા જેલમાં સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કયા પગલાં લીધા છે, અને<br>(૨) તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ? | (૧) અને (૨) : ડી. સી. લાઈવ, હાઈ માસ્ટ પોલ, ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર, હેલ્ડ મેટલ ડિટેક્ટર, ટ્રાન્સરીસીવર સેટ જેવા નવા સુરક્ષા ઉપકરણોથી સુસજ્જ હોઈ હાલ પ્રસ્તુત સમયગાળામાં સુરક્ષા અંગે નવો ખર્ચ કરાયેલ નથી. |

**રાજકોટ જિલ્લામાં ફળ, શાકભાજીની બનાવટોની મહિલાઓને તાલીમ**

૨૯૫૪૫ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધી સરકાર દ્વારા ફળ અને શાકભાજીની બનાવટો બનાવવા માટે રાજકોટ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૪૪૨ |
| (૨) તે પેટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) ` ૧૦,૪૫,૦૦૦/– |

**રાજકોટ જિલ્લામાં ફળઝાડ સહાયના લાભાર્થીઓ**

૨૯૬૧૦ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧ માં રાજકોટ જિલ્લામાં ફળઝાડ વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને | (૧) ૧૪૭ લાભાર્થીઓ. |
| (૨) આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૧૫.૪૨/–લાખ. |

---------

**મહેસાણા જિલ્લામાં ગ્રીન હાઉસ સહાયના લાભાર્થીઓ**

૨૯૬૨૦ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧ માં મહેસાણા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને ગ્રીન હાઉસ સ્થાપવા માટે સહાય આપવામાં આવી, અને | (૧) ૫ લાભાર્થીઓ. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૬૩,૩૭,૫૦૦/– |

---------

**કચ્છ જિલ્લામાં ખેડુતોને ચૂકવેલ જીપ્સમ સહાય**

૨૯૭૨૮ **શ્રી ધનજીભાઇ ગો. સેંઘાણી (માંડવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં સરકાર દ્વારા કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂતોને જીપ્સમ સહાય આપવામાં આવી, અને | (૧) ૨૩૪૫ ખેડુતોને. |
| (૨) આ સહાય પેટે કુલ કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૨) ` ૫૩,૦૪,૩૬૨/–. |

**વલસાડ જિલ્લામાં આંગણવાડીના મકાનો**

૨૯૫૪૩ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ કેટલી છે,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં મંજુર થયેલ તાલુકાવાર આંગણવાડીઓ નીચે જણાવ્યા મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | આંગણવાડીની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૪૦૬ |
| ૨ | પારડી | ૪૫૩ |
| ૩ | ઉમરગામ | ૩૩૯ |
| ૪ | ધરમપુર | ૩૦૫ |
| ૫ | કપરાડા | ૩૨૨ |
| | **કુલ** | **૧૮૨૫** |

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે, અને

(૨) ૧૨૫૫ આંગણવાડીઓ પોતાના મકાનમાં બેસે છે.

(૩) કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે ?

(૩) ૪૭ આંગણવાડીઓ ભાડાના મકાનમાં બેસે છે.

---------

**અમદાવાદ જિલ્લા સીટ સમક્ષ ભુમાફીયાઓ અંગેની થયેલ ફરિયાદો**

૨૪૨૯૫ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લાની સીટ સમક્ષ ભૂમાફીયાઓ અંગેની કેટલી ફરિયાદો ઉચ્ચ પોલીસ અધિકારીને મળી છે, અને

(૨) આ ફરિયાદો અન્વયે પોલીસ તંત્ર દ્વારા કોની કોની સામે તપાસ કરી ગુન્હા નોંધવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ૭૬૭.

(૨) સામેલ * પત્રક-અ મુજબ.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**લુણાવાડા અને ખાનપુર તાલુકામાં નોન-પ્લાનના રસ્તાઓ**

૨૯૮૧૨ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં છેલ્લા ૧૦ વર્ષ કરતા વધુ સમયથી રીકાર્પેટીંગ ન થયા હોય તેવા નોન પ્લાન રસ્તાઓ કયા છે, અને

(૨) આવા રસ્તાઓના સ્ટ્રેન્ધરીંગ માટે સરકારનું કોઈ આયોજન ખરૂ ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ-૧ મુજબ

(૨) હાલ પ્લાન રસ્તાને પ્રાધાન્ય આપેલ છે તેમ છતાં ૩ નોન પ્લાન રસ્તા, ૨૮૫ લાખના ખર્ચે મંજૂર કરેલ છે.

**પરિશિષ્ટ-૧**

| ક્રમ | રસ્તાનું નામ | | |
|---|---|---|---|
| ૧ | ૨ | | |
| લુણાવાડા તાલુકો -નોન પ્લાન રસ્તાઓ | | | ખાનપુર તાલુકો -નોન પ્લાન રસ્તાઓ |
| ૧ | ઉંદરા વીરણીયા રોડ | ૧ | બામરોડા થી ભાદરોડ |
| ૨ | ફતાજીના ગોરાડા વાડીના ગોરાડા રોડ | ૨ | ઈસરોડા થી માળીયા |
| ૩ | માલીયા મુવાડા એ. રોડ | ૩ | વાઢેલા છાણી ગરજવા રોડ |
| ૪ | કસલાલ એ. રોડ | ૪ | મુડાવડેખ ભગતના મુવાડા |
| ૫ | પટ્ટણ ચંદપુર રોડ | ૫ | કાલાખેતરા ઉંડાવા રોડ |
| ૬ | ઉચરપી કણજાવ રોડ | ૬ | ધૂળેટા જલઈ રોડ |
| ૭ | માલના મુવાડા એ. રોડ | ૭ | દલેલપુરા મસાદરા |
| ૮ | ઉટડી કસલાલ ચાંપેલી રોડ | ૮ | દલેલપુરા રૂઝડા રોડ |
| ૯ | વાણીયાવાળા ગોરાડા એ. રોડ | ૯ | લીંબડીયા મૈયાપુર વાવો સાંપડીયા |
| ૧૦ | કોલવણ છાપરી રોડ | ૧૦ | ધોધાવાડા ભુવાબાર રોડ |
| ૧૧ | ચપટીયા એ. રોડ | | |
| ૧૨ | કાકચીયા એ. રોડ | | |
| ૧૩ | મોટી પાલ્લી નાની પાલ્લી એ. રોડ | | |

| ક્રમ | રસ્તાનું નામ | | |
|---|---|---|---|
| ૧ | ૨ | | |
| લુણાવાડા તાલુકો –નોન પ્લાન રસ્તાઓ | | | ખાનપુર તાલુકો –નોન પ્લાન રસ્તાઓ |
| ૧૪ | કડાછલા છાપરી રોડ | | |
| ૧૫ | ગોલાના પાલ્લા એ. રોડ | | |
| ૧૬ | અરીઠા બ્રમપુરી રોડ | | |
| ૧૭ | સકલીયા એ. રોડ | | |
| ૧૮ | મોટા વાડોદર સવેરા ના મુવા ટાંકના મુવાડા | | |
| ૧૯ | નમનાર ટોડીયા રોડ | | |
| ૨૦ | ચારણગામ સાલવાડા કસલાલ રોડ | | |
| ૨૧ | કાકાના ભેંસાવાડા એ. રોડ | | |
| ૨૨ | થાણાસાવલી એ. રોડ | | |
| ૨૩ | ખારોલ ભોજા ભીમથલ રોડ | | |
| ૨૪ | જામાના મુવાડા એ. રોડ | | |
| ૨૫ | ભાણપુર એ. રોડ | | |
| ૨૬ | વીરણીયા મોટાડોકવા સબલપુર રોડ | | |
| ૨૭ | વીરણીયા એ. રોડ | | |
| ૨૮ | ભાયાસર ખોડા આંબા સાતતલાવ રોડ | | |
| ૨૯ | થાણાસાવલી જુના રાબડીયા રોડ | | |

---------

## સુરત અને તાપી જિલ્લાઓમાં નિરાધાર વિધવા બહેનોને સહાય

૨૬૯૩૭ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત અને તાપી જિલ્લાઓમાં તાલુકાવાર કેટલી નિરાધાર વિધવા બહેનોને સહાય મંજૂર કરવામાં આવી છે,

**જવાબ**

(૧) સુરત જિલ્લો ૮૦૩ અરજીઓ
તાપી જિલ્લો ૨૬૭ અરજીઓ

**સુરત જિલ્લો**

| ક્રમ | તાલુકો | મંજુર થયેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | બારડોલી | ૭૦ |
| ૨ | માંડવી | ૬૫ |
| ૩ | સુરત સીટી | ૩૦૪ |
| ૪ | મહુવા | ૯૨ |
| ૫ | કામરેજ | ૪૫ |
| ૬ | ચોર્યાસી | ૬૯ |
| ૭ | ઉંમરપાડા | ૨૭ |
| ૮ | પલસાણા | ૩૪ |
| ૯ | ઓલપાડ | ૬૬ |
| ૧૦ | માંગરોળ | ૩૧ |
| | **કુલ..** | **૮૦૩** |

**તાપી જિલ્લોઃ–**

| ક્રમ | તાલુકો | મંજુર થયેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | વાલોડ | ૩૧ |
| ૨ | વ્યારા | ૭૨ |
| ૩ | સોનગઢ | ૭૯ |
| ૪ | ઉચ્છલ | ૪૦ |
| ૫ | નિઝર | ૪૫ |
| | **કુલ..** | **૨૬૭** |

(૨) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે અને તેના કયાં સુધીમાં નિકાલ કરવામાં આવશે,

(૨) સુરત જિલ્લો-૪૯૧
તાપી જિલ્લો-૧૦૬
પડતર અરજીઓનો વહેલી તકે નિકાલ કરવામાં આવશે.

(૩) આ જિલ્લાઓમાં ઉક્ત સમયમાં નિરાધાર વિધવા સહાય માટે કેટલી રકમની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી, અને

(૩) સુરત જિલ્લો-` ૭,૨૬,૧૯,૪૧૭/-
તાપી જિલ્લો-` ૧,૪૨,૧૨,૯૬૦/-

| | |
|---|---|
| (૪) નિરાધાર વિધવા બહેનોને છેલ્લે કયા માસ સુધીની સહાય ચૂકવવામાં આવી છે ? | (૪) સુરત જિલ્લો–જાન્યુઆરી–૨૦૧૨ સુધી<br>તાપી જિલ્લો–ફેબ્રુઆરી–૨૦૧૨ સુધી |

---------

**મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૬૧ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન મહેસાણા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૮૯૬ |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૯૪,૩૨,૬૦૦/–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ? | (૪) તમામ આંગણવાડી કેન્દ્રોને સુવિધા પુરી પાડેલ છે. |

---------

**જૂનાગઢ જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૬૫ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૨૪૯૫. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૯૯,૪૩,૪૫૦/–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ? | (૪) બાકી આંગણવાડીઓને તબક્કાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજનાની મળેલ અરજીઓ**

૨૯૬૦૯ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૧–૪–૨૦૦૮ થી તા. ૧–૪–૨૦૧૧ સુધીમાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના અન્વયે કેટલી અરજીઓ મળી, | (૧) ૨૬૦ અરજીઓ |
| (૨) તે પૈકી તા. ૩૧–૧–૨૦૧૨ સુધીમાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૮૩ અરજીઓ |
| (૩) તે પેટે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) ` ૧,૮૩,૦૦,૦૦૦/– |

**પશુ ડૉકટરોના અકસ્માત વીમાના પ્રીમિયમ બાબત**

૩૧૮૫૭ **શ્રી અમિતકુમાર અ. ચાવડા( બોરસદ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત વેટરનરી કાઉન્સીલને કેટલી ગ્રાન્ટ ફાળવેલ છે. | (૧) વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં ` ૩૦ લાખ અને<br>વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં ` ૩૦ લાખ |
| (૨) ગુજરાત વેટરનરી કાઉન્સીલ દ્વારા ચાલુ ફરજે અકસ્માતથી મૃત્યુ પામનાર પશુ ડૉકટરો માટે એક્સીડન્ટ | (૨) વર્ષ ૨૦૦૯–૨૦૧૦માં ` ૪૩,૭૦૯/– લાખ |

વીમા લેવા છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ પ્રીમિયમ પેટે ચુકવવામાં આવી, અને

વર્ષ ૨૦૧૦–૨૦૧૧માં ` ૧૨,૦૮૪/– અને

વર્ષ ૨૦૧૧–૨૦૧૨માં શૂન્ય.

(૩) આવી કામગીરી માટે કાઉન્સીલને નાણાં વિભાગ દ્વારા કઈ તારીખના કયા હુકમ નં. થી મંજૂરી આપવામાં આવેલ છે ?

(૩) ગુજરાત વેટરનરી કાઉન્સીલ સ્વાયત્ત સંસ્થા (સ્ટેચ્યુટરી બોડી) છે. કૃષિ અને સહકાર વિભાગના તા. ૨–૭–૦૯ નો ઠરાવ ક્રમાંક વીએચડી/૨૦૦૯/૨૯૮૯ પી. ૧

---------

**ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૫૪ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે, | (૧) ૧૦૦૦. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૩૭,૫૧,૩૪૦/–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઈ ફાળો છે કે કેમ, અને | (૩) ના, જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ? | (૪) બાકી આંગણવાડીઓમાં તબક્કાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે. |

---------

**જામનગર જિલ્લા જેલમાં કેદીઓના માનસ પરિવર્તનની પવૃત્તિ**

૨૯૬૭૦ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) જામનગર જિલ્લા જેલમાં રહેલા કેદીઓના માનસ પરિવર્તન / સુધારણા માટે તા. ૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કઈ કઈ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ છે, અને | (૧) ધાર્મિક, આધ્યાત્મિક, શૈક્ષણિક, રમતગમત, યોગ, પ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે. |
| (૨) આ પ્રકારની પ્રવૃત્તિઓ માટે કઈ નામાંકિત સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે? | (૨) અનેક યોગ્ય સંસ્થાઓના સહયોગ પ્રાપ્ત કરવામાં આવે છે. |

---------

**અમદાવાદ જિલ્લામાં વિદ્યા સહાયકોની ભરતી**

૨૯૬૪૦ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા વિદ્યા સહાયકોની ભરતી કરવામાં આવી, અને

(૧) તાલુકાવાર વિદ્યાસહાયકોની ભરતી નીચે મુજબ કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ–૨૦૧૦ | વર્ષ–૨૦૧૧ |
|---|---|---|---|
| ૧ | સીટી | ૦૦ | ૬૭ |
| ૨ | દસક્રોઇ | ૫૨ | ૧૧૮ |
| ૩ | સાણંદ | ૯૬ | ૬૨ |
| ૪ | ધોળકા | ૭૬ | ૫૧ |
| ૫ | બાવળા | ૬૦ | ૩૯ |
| ૬ | વિરમગામ | ૭૪ | ૪૩ |
૨૯૬૨૪ **શ્રી ભરતભાઇ વ. ખોરાણી(ચોટીલા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

તા. ૨૩મી માર્ચ-૨૦૧૨
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સુરેન્દ્રનગર જિલ્લામાં યોજાયેલ તરણેતરના લોક મેળામાં પશુપ્રદર્શનમાં કેટલા પશુઓએ ભાગ લીધો, અને | (૧) ૩૨૦. |
| (૨) તેમાં કેટલા ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું? | (૨) ૨૮૧. |

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકોને શિક્ષણ**

૨૯૬૪૨ **શ્રીમતિ ગીતાબેન ચો. પટેલ(સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વશિક્ષા અભિયાન અંતર્ગત વિકલાંગ બાળકોના શિક્ષણ માટે પણ જોગવાઈ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો શી જોગવાઈ કરવામાં આવેલ છે, અને | (૨) વિકલાંગ બાળકદીઠ ` ૩,૦૦૦/-ની જોગવાઇ કરવામાં આવેલ છે વર્ષ ૨૦૧૧-૧૨માં ` ૩૪૮૪.૫૬ લાખ બજેટ મંજૂર થયેલ છે. |
| (૩) તા. ૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલા વિકલાંગ બાળકો નામાંકિત થયેલ છે ? | (૩) |

| વર્ષ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ |
|---|---|---|
| શાળામાં અભ્યાસ કરતાં વિકલાંગ બાળકો | ૩૪૬૬ | ૪૪૨૮ |
| શાળા બહારના વિકલાંગ બાળકો | ૬૪૫ | ૯૬૫ |
| કુલ વિકલાંગ બાળકો | ૪૧૧૧ | ૫૩૯૩ |

**અમદાવાદ મધ્યસ્થ જેલમાં સુરક્ષા બાબત**

૨૯૬૬૯ **શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ મધ્યસ્થ જેલમાં સુરક્ષા વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે તા. ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કયા પગલા લીધા છે, અને | (૧) હાઈવોલ્ટેજ ડી.સી. લાઇવ વાયર, હાઇમાસ્ટ પોલ સ્થાપિત કરવામાં આવેલ છે.<br>(૨) એકસ-રે સ્કેનીંગ મશીન, ડોરફ્રેમ મેટલ ડીટેકટર વસાવવામાં આવેલ છે.<br>(૩) પ્રિઝન મોબાઈલ વાન ખરીદેલ છે. |
| (૨) તે પેટે કુલ કેટલું ખર્ચ થયું? | (૨) ` ૯૪,૧૫,૯૪૬/- |

**વડોદરા જિલ્લામાં ખેડૂતોને આપેલ રોટાવેટરની સહાય**

૨૯૬૮૪ **શ્રી અભેસિંહ મો. તડવી( સંખેડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા. ૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં વડોદરા જિલ્લામાં કેટલા ખેડૂતોને રોટાવેટર સહાય આપવામાં આવી, અને | (૧) ૪૨૪ ખેડૂતોને. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચુકવવામાં આવી? | (૨) ` ૧,૨૭,૭૪,૫૭૧/-. |

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો માટે સ્ટાફ કવાટર્સ**

૨૯૫૯૫ **શ્રી ભરતકુમાર ચી. બારોટ(દરિયાપુર-કાઝીપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રાથમિક શિક્ષકો માટે સ્ટાફ કવાટર્સ બનાવવાની કોઇ યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શિક્ષકો માટે કેટલા ક્વાટર્સ બન્યા, અને

(૨) એકપણ નહીં.

(૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) શૂન્ય

**અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક શાળામાં ધો-૮ શરૂ કરવા બાબત**

૨૯૫૮૦ **શ્રી રાકેશકુમાર જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરવામાં આવ્યું, અને

(૨) તેમાં વિષયવાર કુલ કેટલા વિદ્યાસહાયકોની નિમણૂંક કરવામાં આવી ?

**જવાબ**

(૧) વર્ષ : ૨૦૧૦ માં : ૨૭૯ અને વર્ષ : ૨૦૧૧ માં ૩૬૩ મળી કુલ : ૬૪૨ શાળાઓમાં ધોરણ-૮ શરૂ કરેલ છે.

(૨)

| વિષયવાર વિદ્યાસહાયકો | વર્ષ : ૨૦૧૦ | વર્ષ : ૨૦૧૧ | કુલ |
|---|---|---|---|
| ગણિત-વિજ્ઞાન | ૨૪૬ | ૩૭૪ | ૬૨૦ |
| ભાષા | ૨૫૪ | ૪૪૪ | ૬૯૮ |
| કુલ | ૫૦૦ | ૮૧૮ | ૧૩૧૮ |

**સુરત જિલ્લામાં ભૂમાફીયા સામે ફરિયાદો**

૨૯૬૯૮ **શ્રી કિશોરભાઇ વાંકાવાલા( સુરત શહેર પશ્ચિમ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લા અને સુરત શહેરમાં ભૂમાફિયાઓ વિરૂધ્ધની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરીયાદો સામે સરકારે કયા ભૂમાફીયાઓ સામે કયા કાયદાની કઇ કલમો લગાવી અને શાં પગલા લીધા છે ?

**જવાબ**

(૧) જીલ્લા કક્ષાએ જિલ્લા જમીન તકેદારી સમિતિ (સીટ)ની રચના મહેસૂલ વિભાગના તા.૨૬-૭-૧૦ના ઠરાવથી કરવામાં આવેલ છે. ત્યારથી તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ ૭૯ ફરીયાદો મળેલ છે.

(૨) મળેલ ફરીયાદો પૈકી સમિતિ ધ્વારા કરેલ નિર્ણય મુજબ ૧૦ અરજીઓમાં પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ અને છ ઇસમોની અટકાયત કરેલ છે. જેમાં જે વ્યકિતઓ ધ્વારા ખોટા પુરાવા(ડોકયુમેન્ટ) ઉભા કરી તે સાચા હોય તે રીતે સરકારી કામકાજમાં રજૂ કરેલા હોય ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૯૩ તથા ૧૯૬ તળે સરકાર પક્ષે સંબંધિત મામલતદારશ્રી/સબ રજીસ્ટ્રારશ્રી મારફત પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

વધુમાં આ પોલીસ ફરીયાદોમાં પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન ઈન્ડીયન પીનલ કોડની અન્ય કલમો તળેનો આનુસંગિક ગુન્હો બનતો હોય તો તે કલમ પોલીસ ખાતા ધ્વારા ઉમેરો કરી તે મુજબની કાર્યવાહી કરવામાં આવે છે.

**વનબંધુ યોજના હેઠળ ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા બાબત**

૨૯૬૦૦ **શ્રી નરેશભાઇ મ. પટેલ( ચીખલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં વનબંધુ યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે,

(૨) તે કયા જિલ્લામાં,

(૩) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની શાળાઓ કેટલી છે, અને

(૪) વિજ્ઞાન પ્રવાહની શાળાઓના વિદ્યાર્થીઓની

**જવાબ**

(૧) ૪૮.

(૨) ૧૨ જિલ્લામાં

| | | |
|---|---|---|
| સાબરકાંઠા | દાહોદ | પંચમહાલ |
| વડોદરા | નર્મદા | સુરત |
| બનાસકાંઠા | ડાંગ | ભરૂચ |
| તાપી | વલસાડ | નવસારી |

(૩) ૧૪.

(૪) ૬૫૧૫.

સંખ્યા કેટલી ?

**રાજકોટ–વાડીનાર રાજ્ય ધોરી માર્ગના ટોલટેક્ષની મળેલ ફરીયાદ**

૩૧૯૨૧ **શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જોડીયા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ–વાડીનાર રાજ્ય ધોરી માર્ગ ચાર માર્ગીય થતા તેના પર એલ. એન્ડ ટી. રોડ પ્રોજેકટના ઓપરેટર ધ્વારા શરૂ કરવામાં આવેલ ટોલનાકાઓ પર વધુ પડતા ટોલટેક્ષના દર ઉઘરાવવા અંગે છેલ્લા એક વર્ષમાં તારીખ ૨૨–૨–૨૦૧૨ની સ્થિતિએ કોઈ ફરિયાદો મળી છે કે કેમ, | (૧), (૨), (૩) અને (૪) નિર્ધારીત ટોલટેક્ષના દર કરતાં વધુ દર ઉઘરાવવા અંગે કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૨) જો હા, તો ટોલટેક્ષના દર અંગે શી વિચારણા હાથ ધરી છે, | |
| (૩) આ સમસ્યાના ઉકેલ માટે ઉચ્ચકક્ષાએ કોને જવાબદારી સોંપી છે, અને | |
| (૪) તેનુ નિરાકરણ કયાં સુધીમાં કરવામાં આવશે ? | |

**કચ્છ જિલ્લામાં ઈજનેર/સુપરવાઈઝરોની ખાલી જગ્યાઓ**

૩૧૯૦૨ **શ્રી બાબુભાઇ મે. શાહ(રાપર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| કચ્છ જિલ્લા પંચાયતમાં માર્ગ અને મકાન વિભાગમાં મહેકમના પ્રમાણમાં ડીવીઝન કે સબ ડીવીઝનમાં તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે ? | ૯ (નવ). |

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૦૮ **શ્રી મોહનસિંહ છો. રાઠવા( જેતપુર–પાવી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે, | (૧) ના જી |
| (૨) જો હા તો તેના કારણો શા છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ અન્વયે નામદાર હાઇકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઇ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન**

૨૯૫૬૪ **શ્રી દિલીપસિંહજી વ. પરમાર( મોડાસા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપાયેલ છે, | (૧) ૩૧૪૯. |
| (૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, | (૨) ` ૧,૧૪,૧૦,૩૧૯/–. |
| (૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઇ ફાળો છે કે કેમ, અને | (૩) ના જી. |
| (૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ? | (૪) બાકી આંગણવાડીઓમાં તબકકાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે. |

ચૈત્ર ૩, ૧૯૩૪ શાકે

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં કૃષિ મહોત્સવના લાભાર્થીઓ**

૨૯૭૨૦ **શ્રી કલ્યાણસિંહ દે. ચૌહાણ(દહેગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં કયા કાર્યક્રમો યોજવામાં આવ્યા, અને. | (૧) વર્ષ ૨૦૧૧–૧૨માં યોજાયેલ કૃષિ મહોત્સવ દરમ્યાન સાબરકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ કાર્યક્રમોની વિગત નીચે પ્રમાણે છે.<br>• કૃષિ, બાગાયતી અને પશુપાલન કિટ્સનું વિતરણ.<br>• જમીનના નવા નમુના લેવા તેમજ સોઈલ હેલ્થ કાર્ડના વિતરણનો કાર્યક્રમ<br>• ડ્રીપ ઈરીગેશન, ખેત તલાવડી,<br>• કૃષિ અધિકારી/વૈજ્ઞાનિકશ્રીઓ દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે વ્યકિતગત તથા સામુહિક માર્ગદર્શન.<br>• ખેત ઓજાર નિદર્શન આયોજન<br>• બાગાયતી પાકોના હાઈટેક નિદર્શન ગોઠવી પ્રત્યક્ષ માર્ગદર્શન<br>• સહાય યોજના અને કૃષિ સંલગ્ન તાંત્રિક ચોપાનીયા/પુસ્તિકાનું વિતરણ.<br>• મહિલાઓને કેનીંગ તાલીમ વર્ગ<br>• પશુ રસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુ આરોગ્ય કેમ્પ, તાલુકા કક્ષાની પશુ પાલન શિબિર.<br>• ખેડૂત શિબિર<br>• ખેતી વીજ જોડાણ<br>• શરતફેર સ્કીમ, સાંથણી હેઠળ આપેલ જમીન, એન્ટ્રી સર્ટીફીકેશન, વાડી યોજના, વૃક્ષો અને જેટ્રોફા રોપા/બિયારણ વિતરણ<br>• કીસાન ક્રેડિટ કાર્ડ, બેન્કેબલ સ્કીમ<br>• ચેક ડેમ, બોરીબંધ, ગામ તળાવ, સીમ તળાવ, તીર્થ ગામ, સ્વચ્છતા અભિયાન, નિર્મળ ગામ, એનએઆરઈજી જેવા સામુહીક વિકાસના કાર્યક્રમો. |
| (૨) આ કાર્યક્રમોનો કેટલા લાભાર્થીઓએ લાભ લીધો ? | (૨) ૮૧૭૫૩૯. |

**અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ મુજબ પગાર ધોરણ અંગે**

૩૦૪૨૬ **શ્રી અશ્વિનકુમાર કોટવાલ( ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો યુ.જી.સી.એ નિયત કરેલ અધ્યાપક (પૂર્ણ સમય) માટેની લાયકાતના ધોરણો પ્રમાણેની લાયકાત ધરાવે છે તે સરકારના ધ્યાને છે, | (૧) યુ.જી.સી. દ્વારા અધ્યાપક સહાયકની લાયકાતના નિયમોમાં અવાર–નવાર સુધારા કરવામાં આવતા હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા તે મુજબ નિયમોમાં જરૂરી સુધારા–વધારા કરવામાં આવે છે. દરેક અનુદાનિત કોલેજોને પણ તે લાગુ પડે છે. |
| (૨) જો હા, તો આવા અધ્યાપક સહાયકોને યુ.જી.સી.એ નિયત કરેલા પગાર ધોરણ ઉકત સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને | (૨) અને (૩) અધ્યાપક સહાયકની ભરતી માટે તા.૨૫–૦૮–૨૦૦૫ અને તા.૧૪–૦૯–૨૦૧૧ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાર્થીઓના હિતમાં નીતિ નકકી થયેલ છે. જેમાં પાંચ વર્ષ સુધી ફીકસ પગાર ચુકવવામાં આવે છે. અને ત્યાર પછી યુ.જી.સી. પ્રમાણેના ધોરણ આપવામાં આવે છે. |
| (૩) જો ના, તો તેના કારણો શા છે ? | |

**ગ્રાન્ટેડ શાળાઓના આચાર્યો/શિક્ષકોની ભરતીની પસંદગી બાબત**

૨૯૬૪૬ **શ્રીમતિ વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં ગ્રાન્ટેડ શાળાના આચાર્યો/શિક્ષકોની ભરતી માટે પસંદગી સિમિતિ માટેની માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ–૩૫ રદ કરી તે વાત સાચી છે, | (૧) કલમ રદ કરી નથી. પરંતુ જુની જોગવાઈની જગ્યાએ નવી જોગવાઈ દાખલ કરેલ છે. |
| (૨) જો હા, તો તેના વિકલ્પે સરકારે નવી શી જોગવાઈ કરેલ છે, અને | (૨) ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૧૦ અન્વયે તેના વિકલ્પે નવી કલમ–૩૫માં નીચે મુજબ જોગવાઈ કરેલ છે. 'રજીસ્ટર થયેલ ખાનગી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને આચાર્યોની પસંદગી માટેની કાર્યરીતી, રાજ્ય સરકાર, વખતોવખત, નિયમોથી જાહેર કરે તેવી રહેશે' |
| (૩) તેનો અમલ ક્યારથી કરવામાં આવશે ? | (૩) તા. ૧–૪–૨૦૧૦ થી અમલી બનેલ છે. |

**મહેસાણા જિલ્લામાં બિયારણની ચકાસણીના લીધેલ નમૂના**

૨૯૭૩૧ **શ્રી અનિલકુમાર ત્રિ. પટેલ(મહેસાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં બિયારણની ચકાસણી માટે સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં બિયારણના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ૨૦૯ નમૂના. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) પ્રમાણિત – ૨૦૩ નમૂના<br>બિન પ્રમાણિત – ૬ નમૂના |
| (૩) બિનપ્રમાણિત નમૂનાઓ બાબતે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ત્રણ કેસમાં કોર્ટ કેસની કાર્યવાહી કરેલ છે, બે કેસમાં ચેતવણી આપેલ છે, તથા એક કેસ વિચારાધીન છે. |

**ખેત જમીન ટોચ મર્યાદા મુજબ ફાજલ પડેલ જમીન**

૩૦૫૨૩ **શ્રી નટવરસિંહ કુ. ઠાકોર( મહુધા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ગુજરાત ખેતી જમીન ટોચ મર્યાદા ધારો જુના તથા નવા ધારાની જોગવાઈ મુજબ ભાવનગર જિલ્લામાં કુલ કેટલા કેસોની કેટલી જમીન ફાજલ પાડવામાં આવી, અને

(૨) આવી જમીન કેટલા લાભાર્થીઓને છેલ્લા ત્રણ વર્ષમાં આપવામાં આવી ?

**જવાબ**

(૧) ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા ધારો, ૧૯૬૦ જુનો તથા સુધારેલ ધારા અન્વયે ભાવનગર જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ ૩૯૬ કેસોમાં કુલ એ. ૨૪૦૮૦.૧૬ ગુંઠા જમીન ફાજલ જાહેર કરવામાં આવેલ છે.

(૨) ફાજલ કરવામાં આવેલ એ.૨૪૦૮૦.૧૬ ગું. જમીન પૈકી એ.૧૧૧૫૫.૩૭ ગું. જમીનની લાભાર્થીઓને ફાળવેલ છે. બાકી રહેતી એ.૧૨૮૮૪.૨૪ ગું. જમીન પૈકી કોર્ટકેસના કારણે એ.૮૩૯૨.૨૯ગું. તથા બીડની જમીન એ.૩૩૯૭.૩૨ગું. અને વહીવટીય કારણોસર એ.૫૩૪.૨૪ગું. જમીનની ફાળવણી થયેલ નથી.

## અમરેલી જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી

૩૧૮૯૮ **શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(બાબરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમરેલી જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવી,

(૨) કેટલી શાળાઓમાં ઉક્ત સ્થિતિએ કોમ્પ્યુટરની ફાળવણી કરવાની બાકી છે, બાકી શાળાઓમાં કોમ્પ્યુટર ક્યાં સુધીમાં આપવામાં આવશે, અને

(૩) ઉક્ત કેટલી શાળામાં કોમ્પ્યુટરના નિષ્ણાંત શિક્ષકો દ્વારા શિક્ષણ અપાય અને કેટલી શાળાઓમાં કોમ્પ્યુટરના નિષ્ણાંત શિક્ષકો નથી.

**જવાબ**

(૧) કોમ્પ્યુટરની ફાળવણી દર્શાવતુ પત્રક

| તાલુકાનું નામ | કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળા | | | |
|---|---|---|---|---|
| | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | કુલ |
| અમરેલી | ૦ | ૦ | ૭૪ | ૭૪ |
| બાબરા | ૭ | ૦ | ૬૧ | ૬૮ |
| બગસરા | ૭ | ૦ | ૨૫ | ૩૨ |
| ધારી | ૭ | ૦ | ૮૯ | ૯૬ |
| જાફરાબાદ | ૦ | ૦ | ૪૭ | ૪૭ |
| ખાંભા | ૦ | ૦ | ૫૫ | ૫૫ |
| કુંકાવાવ | ૦ | ૦ | ૪૬ | ૪૬ |
| લાઠી | ૭ | ૦ | ૫૪ | ૬૧ |
| લીલીયા | ૦ | ૦ | ૩૨ | ૩૨ |
| રાજુલા | ૬ | ૦ | ૮૨ | ૮૮ |
| સા. કુંડલા | ૦ | ૦ | ૯૭ | ૯૭ |
| કુલ | ૩૪ | ૦ | ૬૬૨ | ૬૯૬ |

(૨) ધારાધોરણ ધરાવતી તમામ પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટરની ફાળવણી કરવામાં આવેલ છે.

(૩) ૬૯૬ શાળાઓમાં કોમ્પ્યુટર નિષ્ણાત કોર્ડિનેટર મૂકવામાં આવેલ છે જે શિક્ષકોને કોમ્પ્યુટર ટ્રેનિંગ આપે છે.

## ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં પ્રાથમિક શાળામાં પ્રાથમિક સુવિધા

૨૯૮૭૧ **શ્રી રણછોડભાઇ ક. મેર(ધંધુકા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) ધંધુકા, બરવાળા અને રાણપુર તાલુકામાં તા. ૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ કેટલી પ્રાથમિક શાળામાં પીવાના પાણી, વીજળી, શૌચાલય જેવી પ્રાથમિક સુવિધા ઉપલબ્ધ નથી,

(૨) આવી પ્રાથમિક શાળાઓમાં આવી સુવિધાઓમાં ઉપલબ્ધ કરવાનું સરકારનું શું આયોજન છે, અને

**જવાબ**

(૧)

| તાલુકાનું નામ | સુવિધા વિનાની શાળાઓની સંખ્યા | | |
|---|---|---|---|
| | પીવાના પાણી | વીજળી | શૌચાલય |
| ધંધુકા | ૦ | ૦ | ૪ |
| બરવાળા | ૦ | ૦ | ૦ |
| રાણપુર | ૦ | ૧ | ૦ |
| કુલ | ૦ | ૧ | ૪ |

(૨) વિજળીની સુવિધા સત્વરે પૂરી પાડવામાં આવશે. તેમજ શૌચાલય વિનાની શાળાઓમાં વર્ષ ૨૦૧૧-૧૨ અંતિત સુવિધા પૂર્ણ કરવામાં આવશે.

(૩) કેટલા સમયમાં આવી સુવિધાઓ ઉપલબ્ધ કરાશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

**આણંદ જિલ્લામાં સર્વે શિક્ષા અભિયાન હેઠળ થયેલ ખર્ચ**

૨૯૮૧૧ **શ્રી નિરંજનભાઇ પટેલ( પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી સર્વે શિક્ષા અભિયાન હેઠળ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ મળી, અને

**જવાબ**

(૧) સર્વ શિક્ષા અભિયાન હેઠળ તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં મળેલ ગ્રાન્ટની વિગતો નીચે મુજબ છે.

| યોજના | ૨૦૧૦-૧૧ (` કરોડમાં) | | ૨૦૧૧-૧૨ તા. ૩૧-૧૨-૧૧ અંતિત (` કરોડમાં) | |
|---|---|---|---|---|
| | કેન્દ્ર સરકારે ફાળવવા પાત્ર કરમ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (ઉઘડતી સિલક સહિત) | કેન્દ્ર સરકારે ફાળવેલ પાત્ર રકમ | કેન્દ્ર સરકારે ફાળવેલ રકમ (ઉઘડતી સિલક સહિત) |
| એસએસએ | ૬૧૩.૨૬ | ૪૯૩.૮૫ | ૧૧૫૬.૧૮ | ૭૫૨.૮૧ |

(૨) તે અન્વયે આણંદ જિલ્લાને વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) સર્વ શિક્ષા અભિયાન હેઠળ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ફાળવેલ ગ્રાન્ટ અને થયેલ ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૦-૧૧ (` કરોડમાં) | ૨૦૧૧-૧૨ તા. ૩૧-૧૨-૧૧ સ્થિતિએ (` કરોડમાં) |
|---|---|---|
| ફાળવેલ ગ્રાન્ટ | ૨૮.૧૪ | ૩૭.૭૫ |
| થયેલ ખર્ચ | ૨૮.૦૩ | ૩૪.૬૮ |

**સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અન્વયે ખેડૂતોને આપેલ સહાય**

૩૧૮૯૫ **ડૉ. અનિલભાઇ જોષીયારા( ભિલોડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત માઇક્રો ઈરીગેશન માટે હેકટર દીઠ વધારાના ` ૨૦,૦૦૦/- ખેડૂતોને સહાય આપવા માટે સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ કોઇપણ ખેડૂતને સહાય આપવામાં આવી નથી.

(૨) અને કયા કયા તાલુકાઓના ખેડૂતોને લાભ આપવામાં આવ્યો નથી, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) એના કારણો શા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પ્રાથમિક શાળાઓમાં સેનીટિશન ગ્રાન્ટ બાબત**

૨૯૬૦૫ **શ્રી ઉદેસિંહ પું. ઝાલા( બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) પ્રાથમિક શાળાઓમાં સેનીટેશન સફાઇ માટે ગ્રાન્ટ ચૂકવવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) તા.૩૧-૧-૧૨ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તે પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) ` ૧,૧૭,૮૮,૮૦૦/-
(એક કરોડ સત્તર લાખ અઠ્યાસી હજાર આઠસો પુરા)

**તાપી જિલ્લામાં મેટલ સપાટીના પરાના ડામરના કામો**

૨૯૭૫૪ **શ્રી નાનુભાઇ ભ. વાનાણી( સુરત શહેર ઉત્તર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં ૫૦૦ થી વધુ વસ્તી ધરાવતા પરાનો મેટલ સપાટી ધરાવતા હોય તેવા રસ્તાને ડામર કામ કરવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૧–૧૨ના નાણાંકીય વર્ષમાં તા.૩૧–૧૨–૧૧ સુધીમાં કેટલી રકમના રસ્તાના કામો મંજુર કરેલ છે, અને<br>(૨) તે કામો તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ કયા તબકકે છે ? | (૧) અને (૨)<br>તા. ૩–૧૦–૨૦૧૧ના રોજ ૨૦ રસ્તાઓ ` ૯૯૨.૯૩ લાખના મંજૂર કરેલ છે. જે ઉકત સ્થિતીએ ટેન્ડર મંજૂરી પ્રક્રિયા તબકકે છે. |

**ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યો/શિક્ષકોની ભરતીની પરીક્ષા બાબત**

૨૯૬૧૫ **શ્રી કાળુભાઇ વિ. વિરાણી(કુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાજેતરમાં રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યો/શિક્ષકોની ભરતી ગુણવત્તાના ધોરણે થાય તે માટે સરકારે પરીક્ષા પધ્ધતિ દાખલ કરેલ છે તે હકીકત સાચી છે. | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેનો ખરેખર અમલ થયેલ છે કે કેમ, અને | (૨) હા,જી. અમલ થયેલ છે. |
| (૩) જો અમલ ન થયેલ હોય તો તેનાં કારણો શા છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ મુજબ પગાર ધોરણ અંગે**

૩૦૪૩૩ **શ્રી જવાહરભાઇ પે. ચાવડા(માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો યુ.જી.સી. એ નિયત કરેલ અધ્યાપક (પૂર્ણ સમય) માટેની લાયકાતના ધોરણો પ્રમાણેની લાયકાત ધરાવે છે તે સરકારના ધ્યાને છે, | (૧) યુ.જી.સી. દ્વારા અધ્યાપક સહાયકની લાયકાતના નિયમોમાં અવાર–નવાર સુધારા કરવામાં આવતા હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા તે મુજબ નિયમોમાં જરૂરી સુધારા કરવામાં આવે છે. દરેક અનુદાનિત કોલેજોને પણ તે લાગુ પડે છે. |
| (૨) જો હા તો આવા અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ નિયત કરેલા પગાર ધોરણ ઉક્ત સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને<br>(૩) જો ના, તો તેના કારણો શા છે ? | (૨) અને (૩)<br>અધ્યાપક સહાયકની ભરતી માટે તા.૨૫–૦૮–૨૦૦૫ અને તા.૧૪–૦૯–૨૦૧૧ ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાર્થીઓના હિતમાં નિતી નક્કી થયેલ છે. જેમાં પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર ચુકવવામાં આવે છે. અને ત્યાર પછી યુ.જી.સી. પ્રમાણેના ધોરણ આપવામાં આવે છે. |

**અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ મુજબ પગાર ધોરણ અંગે**

૩૦૪૨૮ **શ્રી પ્રભુભાઇ ના. વસાવા( સોનગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો યુ.જી.સી. એ નિયત કરેલ અધ્યાપક (પૂર્ણ સમય) માટેની લાયકાતના ધોરણો પ્રમાણેની લાયકાત ધરાવે છે તે સરકારના ધ્યાને છે, | (૧) યુ.જી.સી. દ્વારા અધ્યાપક સહાયકની લાયકાતના નિયમોમાં અવાર–નવાર સુધારા કરવામાં આવતા હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા તે મુજબ નિયમોમાં જરૂરી સુધારા કરવામાં આવે છે. દરેક અનુદાનિત કોલેજોને પણ તે લાગુ પડે છે. |
| (૨) જો હા તો આવા અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ નિયત કરેલા પગાર ધોરણ ઉક્ત સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને | (૨) અને (૩)<br>અધ્યાપક સહાયકની ભરતી માટે તા.૨૫–૦૮–૨૦૦૫ અને તા.૧૪–૦૯–૨૦૧૧ ના ઠરાવથી બિન સરકારી |

(૩) જો ના, તો તેના કારણો શા છે ?

અનુદાનિત કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાર્થીઓના હિતમાં નિતી નક્કી થયેલ છે. જેમાં પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર ચુકવવામાં આવે છે. અને ત્યાર પછી યુ.જી.સી. પ્રમાણેના ધોરણ આપવામાં આવે છે.

**ભાવનગર જિલ્લામાં કૃષિ કિટ્સના વિતરણ અંગે**

૨૯૬૮૩ **શ્રી મહેન્દ્રસિંહ પ. સરવૈયા (પાલીતાણા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧ ના કૃષિ મહોત્સવ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૫૧૬૪ ખેડૂતોને કૃષિ કીટ્સ, ૪૭૯૦ ખેડૂતોને બાગાયત કીટ્સ, અને ૩૯૩૦ ખેડૂતોને પશુપાલન કીટ્સ. |
| (૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) ` ૨,૦૬,૨૪,૪૩૭/-. |

**ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના અધ્યાપકોના છઠ્ઠા પગાર પંચના એરીયર્સ ન મળવા બાબત**

૩૧૯૦૫ **શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા( મેઘરજ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ ગુજરાતમાં આવેલ ગ્રાન્ટ ઈન એઈડ કોલેજો તેમજ અન્ય કોલેજોના અધ્યાપકોને છઠ્ઠા પગાર પંચનો લાભ ક્યારથી મળે છે, | (૧) ૧-૧-૨૦૦૬ થી. |
| (૨) ગ્રાન્ટ ઈન એઈડ કોલેજોના અધ્યાપકોને એરીયર્સની રકમ ભરપાઇ કરવામાં આવે છે કે કેમ, અને | (૨) ના, જી. |
| (૩) રાજ્ય સરકાર આ એરીયર્સની રકમ સરકારી કોલેજોના અધ્યાપકોને ચુકવતી હોય અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજના અધ્યાપકોને ન ચૂકવે તેના શા કારણો છે ? | (૩) છઠ્ઠા પગાર પંચના અમલના કારણે ચુકવવાની થતી એરીયર્સની રકમ યુ.જી.સી. ના ઠરાવ મુજબ ૮૦ ટકા રકમ ભારત સરકાર દ્વારા ચુકવવામાં આવનાર છે. આ અંગેની દરખાસ્ત સરકારશ્રી દ્વારા યુ.જી.સી. ને મોકલવામાં આવેલ છે. અવાર-નવાર સ્મૃતિપત્રો પણ પાઠવવામાં આવેલ છે. પરંતુ આ રકમ ન મળવાને કારણે સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એઈડ સંસ્થાના અધ્યાપકોને એરીયર્સની રકમ ચુકવી શકાયેલ નથી. |

**અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ મુજબ પગાર ધોરણ અંગે**

૩૦૪૨૫ **શ્રી સી. કે. રાઉલજી( ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો યુ.જી.સી. એ નિયત કરેલ અધ્યાપક (પૂર્ણ સમય) માટેની લાયકાતના ધોરણો પ્રમાણેની લાયકાત ધરાવે છે તે સરકારના ધ્યાને છે, | (૧) યુ.જી.સી. દ્વારા અધ્યાપક સહાયકની લાયકાતના નિયમોમાં અવાર-નવાર સુધારા કરવામાં આવતા હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા તે મુજબ નિયમોમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવે છે. દરેક અનુદાનિત કોલેજોને પણ તે લાગુ પડે છે. |
| (૨) જો હા તો આવા અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ નિયત કરેલા પગાર ધોરણ ઉક્ત સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને<br>(૩) જો ના, તો તેના કારણો શા છે ? | (૨) અને (૩)<br>અધ્યાપક સહાયકની ભરતી માટે તા.૨૫-૦૮-૨૦૦૫ અને તા.૧૪-૦૯-૨૦૧૧ ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાર્થીઓના હિતમાં નિતી નક્કી થયેલ છે. જેમાં પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર ચુકવવામાં આવે છે. અને ત્યાર પછી યુ.જી.સી. પ્રમાણેના ધોરણ આપવામાં આવે છે. |

**જામનગર જિલ્લા જેલમાં કેદીઓની સ્વાસ્થ્ય સુવિધા**

૨૯૫૭૧ **શ્રી મુળુભાઇ હ. બેરા(ભાણવડ) : માનનીય જેલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લા જેલમાં રહેલા કેદીઓના સ્વાસ્થ્ય | (૧) જેલમાં દવાખાનાની તેમજ તબીબી અધિકારીની |

માટે કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ છે, અને

(૨) આ સ્વાસ્થ્ય સુવિધાનો લાભ તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી કેદીઓએ લીધેલ છે ?

સુવિધા ઉપલબ્ધ છે.

(૨) ૧૪,૧૫૫.

## આણંદ જિલ્લામાં આંતરદેશીય મત્સ્ય ઉત્પાદન

૨૯૬૬૧ **શ્રી દેવુસિંહ જે. ચૌહાણ( માતર) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦ અને વર્ષ ૨૦૧૧ માં આણંદ જિલ્લામાં કેટલું દરીયાઇ મત્સ્ય ઉત્પાદન થયુ, અને

(૨) તેની વર્ષવાર બજાર કિંમત કેટલી થાય ?

**જવાબ**

(૧)

| વર્ષ | દરીયાઇ મત્સ્ય ઉત્પાદન (મે.ટનમાં) |
|---|---|
| ૨૦૧૦ | ૪૮૭ |
| ૨૦૧૧ | ૩૧૪ |

(૨)

| વર્ષ | બજાર કિંમત (રૂપિયા લાખમાં) |
|---|---|
| ૨૦૧૦ | ૨૦૮.૬૦ |
| ૨૦૧૧ | ૧૨૪.૧૫ |

## સુરત જિલ્લાનો એનાતુંડી-મોતા જિલ્લા માર્ગ પહોળો બનાવવા બાબત

૨૯૭૪૭ **શ્રીમતિ ભારતીબેન અ. રાઠોડ( કામરેજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ ની સ્થિતિએ સુરત જિલ્લાનો એનાતુંડી કારેલી મોતા મુખ્ય જિલ્લા માર્ગ રાજ્ય સરકાર પહોળો કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨)

હા, જી. તા.૨૩-૧-૨૦૧૨ ના રોજ ` ૪૦૨.૮૪ લાખનું કામ મંજુર કરવામાં આવેલ છે. જે ટેન્ડર પ્રક્રિયા શક્ય તેટલી વહેલી પૂર્ણ કરી શરૂ કરવાનું આયોજન છે.

## 523/p a g e > પોરબંદર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

૨૯૬૮૮ **શ્રી કરશનભાઇ દુ. ઓડેદરા(કુતિયાણા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન પોરબંદર જિલ્લામાં કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન અપાયેલ છે,

(૨) આ પાછળ કેટલો ખર્ચ થયેલ છે,

(૩) આ ખર્ચમાં કેન્દ્રનો કોઇ ફાળો છે કે કેમ, અને

(૪) બાકીની આંગણવાડીઓમાં ગેસ કનેકશન માટે શું આયોજન છે ?

**જવાબ**

(૧) ૪૦૦.

(૨) ` ૧૨,૦૦,૨૯૧/-.

(૩) ના, જી.

(૪) બાકી આંગણવાડીઓમાં તબક્કાવાર ગેસ કનેકશન આપવાનું આયોજન છે.

## વેરાવળ ખાતે બોયઝ હાઇસ્કુલના નવા મકાનના બાંધકામ બાબત

૨૯૯૯૧ **શ્રી ભગવાનભાઇ ધા. બારડ(તાલાળા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૧૨ ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના વેરાવળ શહેરમાં સરકારી જૂની બોયઝ હાઇસ્કુલ આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ હાઇસ્કુલનું નવું મકાન બનાવવાની કાર્યવાહી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ બોયઝ હાઇસ્કુલમાં

**જવાબ**

(૧) હા, જી.

(૨) કાર્યપાલક ઇજનેરશ્રી, જુનાગઢે તેમના તારીખ ૨૮-૦૨-૨૦૧૨ ના પત્રથી અધિક્ષક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વર્તુળ-૨ રાજકોટને નવા એસ.ઓ.આર. મુજબ અંદાજો નક્કી કરી રીવાઇઝ વહીવટી તેમજ તાંત્રિક મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે.

(૩) હા, જી.

| | |
|---|---|
| ભણતરની કામગીરી ચાલે છે કે કેમ ? | આ શાળાના તમામ વિદ્યાર્થીઓને સરકારી શેઠ એમ.પી. હાઈસ્કુલ, વેરાવળ ખાતે અભ્યાસની વ્યવસ્થા કરવામાં આવેલ છે. |

**રાજકોટ જિલ્લામાં પશુ જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન**

૨૯૬૨૬ **શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-૧) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦-૧૧માં રાજકોટ જિલ્લામાં સરકાર દ્વારા પશુઓ માટે કેટલા જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૨૫૦. |
| (૨) આ જાતીય આરોગ્ય સારવાર કેમ્પમાં કેટલા પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી ? | (૨) ૧૧,૮૩૮. |

**રાજકોટ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ**

૨૯૮૮૨ **શ્રી મહંમદ જાવેદ અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ તા.૩૧-૧૨-૧૧ ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા રસ્તાઓ મંજૂર થયા, અને | (૧) અને (૨)<br>શૂન્ય અને તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) તે પૈકી કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા ? | |

**બનાસકાંઠા જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ-૨૦૧૧**

૨૯૬૦૪ **શ્રી વસંતકુમાર પ. ભટોળ( દાંતા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) શાળા પ્રવેશોત્સવ-૨૦૧૧ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં કેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો, અને | (૧) ૪૨,૭૪૫ વિદ્યાર્થીઓએ. |
| (૨) તે પૈકી કેટલી બાળાઓએ પ્રવેશ મેળવ્યો ? | (૨) ૨૦,૩૩૦ બાળાઓએ. |

**મત્સ્યબીજના ઉત્પાદન વધારવા બાબત**

૨૯૫૭૫ **શ્રી પ્રવિણભાઇ મો. માકડિયા(ઉપલેટા) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં વર્ષવાર કેટલું મત્સ્યબીજનું ઉત્પાદન કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૦૯-૧૦માં ૧૧૫૪૮.૯૧ લાખ<br>વર્ષ ૨૦૧૦-૧૧માં ૧૨૮૦૩.૫૩ લાખ<br>વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૫૦૫૮.૦૦ લાખ |
| (૨) મત્સ્યબીજના ઉત્પાદન વધારવા માટે ઉક્ત સ્થિતિએ સરકારે શાં પગલાં લીધા છે ? | (૨) પ્રાઈવેટ હેચરી બનાવવા માટે સહાયની યોજના સને-૨૦૧૦-૧૧થી અમલમાં મુકેલ છે. |

**નવસારી અને ભરૂચ જિલ્લામાં હોર્ટીકલ્ચર મિશનના લાભાર્થીઓ**

૨૯૬૮૦ **શ્રી આર. સી. પટેલ( જલાલપોર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હોર્ટીકલ્ચર મિશન અંતર્ગત કેળ (ટીસ્યુકલ્ચર) માટે વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધીમાં નવસારી અને ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને સહાય આપવામાં આવી, અને | (૧) નવસારી – ૯ લાભાર્થી.<br>ભરૂચ – ૧૩૨ લાભાર્થી. |
| (૨) આ સહાય પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) કુલ ` ૩૦,૬૩,૨૬૬/- |

**અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ મુજબ પગાર ધોરણ અંગે**

૩૦૪૩૭ **શ્રી ઇશ્વરભાઇ ન. વહીઆ( મહુવા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૧ ની સ્થિતિએ રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો યુ.જી.સી. એ નિયત કરેલ અધ્યાપક (પૂર્ણ સમય) માટેની લાયકાતના ધોરણો પ્રમાણેની લાયકાત ધરાવે છે તે સરકારના ધ્યાને છે,

(૨) જો હા તો આવા અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ નિયત કરેલા પગાર ધોરણ ઉક્ત સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) યુ.જી.સી. દ્વારા અધ્યાપક સહાયકની લાયકાતના નિયમોમાં અવાર–નવાર સુધારા કરવામાં આવતા હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા તે મુજબ નિયમોમાં જરૂરી સુધારા–વધારા કરવામાં આવે છે. દરેક અનુદાનિત કોલેજોને પણ તે લાગુ પડે છે.

(૨) અને (૩)

અધ્યાપક સહાયકની ભરતી માટે તા.૨૫–૦૮–૨૦૦૫ અને તા.૧૪–૦૯–૨૦૧૧ ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાર્થીઓના હિતમાં નિતી નક્કી થયેલ છે. જેમાં પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર ચુકવવામાં આવે છે. અને ત્યાર પછી યુ.જી.સી. પ્રમાણેના ધોરણ આપવામાં આવે છે.

**વલસાડ જિલ્લામાં ગ્રીન હાઉસ સહાયના લાભાર્થીઓ**

૨૯૬૧૮ **શ્રી લક્ષ્મણભાઇ પ. પટેલ( ગણદેવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧માં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને ગ્રીનહાઉસ સ્થાપવા માટે સહાય આપવામાં આવી, અને

(૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૨૩ લાભાર્થીઓને.

(૨) ` ૧,૬૧,૦૫,૭૫૬/–.

**ભરૂચ જિલ્લામાં માધ્યમિક શાળાઓ ગ્રાન્ટેડ કરવા મળેલ માંગણીઓ**

૩૦૦૧૬ **શ્રી ઇકબાલ પટેલ( વાગરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તારીખઃ ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ ધો.–૮ થી ધો.–૧૨ના માધ્યમિક શાળાઓને નોન–ગ્રાન્ટેબલ ધોરણે શરૂ કરવાનો નિર્ણય ક્યારથી અમલમાં છે, અને

(૨) તે અન્વયે માધ્યમિક શાળાઓને નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ કરવા ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી માંગણીઓ આવી ?

**જવાબ**

(૧) ધો.–૮ થી ધો.–૧૨ના માધ્યમિક શાળાઓને નોન–ગ્રાન્ટેબલ ધોરણે શરૂ કરવાનો નિર્ણય જુન–૧૯૯૩થી અમલમાં છે.

(૨) માધ્યમિક શાળાઓને નોન ગ્રાન્ટેડમાંથી ગ્રાન્ટેડ કરવા ભરૂચ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર આવેલ દરખાસ્તો

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ દરખાસ્તોની સંખ્યા |
|---|---|---|
| ૧. | આમોદ | – |
| ૨. | જંબુસર | ૧ |
| ૩. | વાગરા | – |
| ૪. | ભરૂચ | ૧ |
| ૫. | અંકલેશ્વર | ૧ |
| ૬. | હાંસોટ | ૧ |
| ૭. | ઝગડીયા | ૨ |
| ૮. | વાલીયા | – |
| | **કુલઃ** | **૬** |

**રાજકોટ જિલ્લામાં પશુ જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન**

૨૯૬૨૫ **શ્રી ભરતભાઇ ખો. બોઘરા(જસદણ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૦–૧૧માં રાજકોટ જિલ્લામાં સરકાર દ્વારા પશુઓ માટે કેટલા જાતીય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) આ જાતીય આરોગ્ય સારવાર કેમ્પમાં કેટલા

**જવાબ**

(૧) ૨૫૦.

(૨) ૧૧,૮૩૮.

પશુઓને સારવાર પૂરી પાડવામાં આવી ?

**બનાસકાંઠા જિલ્લામાં નેટ હાઉસ સહાયના લાભાર્થીઓ**

૨૯૬૮૬ **શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧ માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને નેટ હાઉસ સ્થાપવા માટે સહાય આપવામાં આવી, અને | (૧) ૮૨ લાભાર્થી. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમ ચૂકવવામાં આવી ? | (૨) ` ૨,૧૬,૧૪,૯૨૬/-. |

**રાજકોટ જિલ્લામાં કિસાન કલ્યવૃક્ષ યોજના હેઠળ ચૂકવેલ સહાય**

૨૯૫૮૩ **શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય સહકાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ અંતિત છેલ્લા એક વર્ષમાં કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ રાજકોટ જિલ્લામાં કૂલ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને | (૧) ` ૨૬૭.૫૧ લાખ |
| (૨) તે સહાય જિલ્લામાં કઈ બજાર સમિતિઓને સહાય ચૂકવવામાં આવી ? | (૨) ગોંડલ, જસદણ, મોરબી, વાંકાનેર, ઉપલેટા, જેતપુર અને જામકંડોરણા |

**કૃષિ મહેત્સવ-૨૦૧૧ પશુપાલન વિતરણની કામગીરી**

૨૯૬૩૦ **શ્રી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ ગ્રામ્ય) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૧માં પશુપાલન વિસ્તરણની કઈ કામગીરી કરવામાં આવી, અને | (૧) તાલુકા કક્ષાએ પશુપાલન શિબિર અને પશુપાલન પ્રદર્શનનું આયોજન કરી આદર્શ પશુપાલન, પશુસંવર્ધન, પશુપોષણ, પશુઆરોગ્ય જાળવણી તથા સ્વચ્છ દૂધ ઉત્પાદન બાબત પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવી. |
| (૨) કેટલા પશુ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું ? | (૨) ૨૩૧. |

**મહેસાણા જિલ્લામાં ફળ અને શાકભાજીની બનાવટો અન્વય આપેલ તાલીમ**

૨૯૬૭૬ **શ્રી ઋષિકેશભાઇ ગ. પટેલ(વિસનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૧-૧૨માં તા.૩૧-૧૨-૨૦૧૧ સુધી સરકાર દ્વારા ફળ અને શાકભાજીની બનાવટો બનાવવા માટે મહેસાણા જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી, અને | (૧) ૭૮૧. |
| (૨) તે પેટે કુલ કેટલી રકમનું ખર્ચ થયું ? | (૨) ` ૭,૩૭,૨૨૭/-. |

**નવસારી જિલ્લામાં રાનકુવા-અનાવલ જિલ્લા માર્ગ પહોળો બનાવવા**

૨૯૭૪૦ **શ્રી વિજયભાઇ ર. પટેલ( ડાંગ-વાંસદા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ નવસારી જિલ્લાનો રાનકુવા રાનવેરીકલ્લા રાનવેરી ખુર્દ ખરોલી અનાવલ મુખ્ય જિલ્લા માર્ગ રાજ્ય સરકારનું પહોળો કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને | (૧) અને (૨) હા, જી. તા. ૨૩-૧-૧૨વા રોજ ` ૪૫૩.૮૦ લાખનું કામ મંજુર કરવામાં આવેલ છે. જે ટેન્ડર પ્રક્રિયા શક્ય તેટલી વહેલી પૂર્ણ કરી શરૂ કરવાનું આયોજન છે. |
| (૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલો ખર્ચ થનાર છે ? | |

**વકફ બોર્ડને ફાળવેલ રકમ તેમજ થયેલ ખર્ચ**

૨૯૮૦૩ **શ્રી શૈલેષકુમાર મ. પરમાર(શહેરકોટડા) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્ય સરકાર તરફથી વકફ બોર્ડને વર્ષવાર કેટલી રકમ ફાળવી અને,

(૨) ફાળવેલ રકમ અન્વયે કેટલો ખર્ચ થયો ?

(૧) પ્રવર્તમાન કાયદા મુજબ કોઈ ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. વધુમાં ચેરીટી કમિશ્નરને પણ કોઈ ગ્રાન્ટ ફાળવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**વડોદરા જિલ્લાનો લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં પાકા રસ્તાથી વંચિત ફળીયાઓ**

૨૯૮૧૩ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના લુણાવાડા અને ખાનપુર તાલુકાઓમાં આવેલ રેવન્યુ ગામો માં ૨૫૦ કરતાં વધુ વસ્તી ધરાવતા એવા કેટલા એવા ફળીયા છે જે પાકા રસ્તાથી વંચિત છે, અને

(૨) આવા પાકા રસ્તાથી વંચિત ફળીયાઓને પાકા રોડ સાથે જોડવા માટે સરકારે કોઈ સમય મર્યાદા નક્કી કરી છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) ૧૬૫ ફળીયા તે પૈકી ૧૭ ફળીયાને પાકા રસ્તાથી જોડવાના ` ૧૩૬૮/- લાખના કામો મંજુર કરેલ છે. જે શકય તેટલા વહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

**અધ્યાપક સહાયકની ભરતી પર પ્રતિબંધ**

૩૦૪૦૯ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ અધ્યાપક સહાયક યોજના હેઠળ રાજ્યમાં બિન સરકારી અનુદાનપાત્ર કોલેજોમાં અધ્યાપક સહાયકની ભરતી કરવા ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) આ અન્વયે નામદાર હાઈકોર્ટના ઓર્ડર અન્વયે છેલ્લાં ત્રણ વર્ષમાં તે અન્વયે શી કાર્યવાહી થઈ ?

**જવાબ**

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કંમ્પાઉન્ડ વોલ**

૨૯૬૦૬ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) મહેસાણા જિલ્લામાં કેટલી પ્રાથમિક શાળાઓમાં તા.૩૧-૧૨-૧૧ની સ્થિતિએ કમ્પાઉન્ડ વોલની સુવિધા નથી, અને

(૨) એવી શાળાઓમાં આ સુવિધા પૂરી પાડવા સરકારે શું આયોજન કરેલ છે ?

**જવાબ**

(૧) ૪૫ પ્રાથમિક શાળાઓમાં.

(૨) સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા કામોને મંજુરી આપી નાણાં ફાળવ્યેથી તરત બનાવવામાં આવશે.

**બાર એસોસીએશનને ઈ-લાયબ્રેરીની સુવિધા પાછળ ખર્ચ**

૨૯૭૦૫ **શ્રી મહેન્દ્રભાઈ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) રાજ્ય સરકારે તાજેતરમાં તાલુકા અને જિલ્લા કક્ષાના બાર એસોસીએશનોને ઈ-લાઈબ્રેરીની સુવિધા આપવાનો નિર્ણય કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તે અંગે તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ શી કાર્યવાહી કરવામાં આવી છે અને તે પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) સને ૨૦૧૧-૧૨ અંદાજપત્રમાં ` ૨,૨૨,૫૦,૦૦૦/- ની જોગવાઈ કરવામાં આવેલ છે. તારીખ ૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ સાયન્સ અને ટેકનોલોજી વિભાગ સાથે પરામર્શમાં કાર્યવાહી ચાલુ હતી. ત્યાર પછી તા.૫-૩-૧૨ની સ્થિતિએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને અનુદાન આપવા બાબતે નાણાં વિભાગ સાથે પરામર્શમાં કાર્યવાહી ચાલુ છે. બજેટ જોગવાઈની મર્યાદામાં ખર્ચ કરવાનો રહે છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં યોજેલ ખેડૂત શિબિરો**

૨૯૬૮૯ **શ્રી શંભુપ્રસાદ બ. ટુંડિયા(દસાડા) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧–૧૨માં તા.૩૧–૧૨–૨૦૧૧ સુધીમાં સરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલી ખેડૂત શિબિરો યોજવામાં આવી,

(૨) આ શિબિરોનો કેટલા ખેડૂતોએ લાભ લીધો, અને

(૩) તે પેટે કુલ કેટલું ખર્ચ થયું ?

**જવાબ**

(૧) ૨૨ શિબિરો.

(૨) ૨૬૭૪ ખેડૂતોય.

(૩) ` ૩,૦૮,૪૧૮/–.

**પ્રાથમિક શાળાઓમાં ડ્રોપ આઉટ રેશીયો**

૨૯૬૩૨ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ ડ્રોપ આઉટ રેટ કેટલો છે, અને

(૨) ડ્રોપ આઉટનો રેટ ઘટાડવા માટે રાજ્ય સરકાર દ્વારા શાં પગલાં લેવામાં આવ્યા ?

**જવાબ**

(૧) ધોરણ ૧ થી ૫માં ૨.૦૭% અને ધોરણ ૧ થી ૭માં ૭.૫૬% ડ્રોપ આઉટ રેશીયો છે.

(૨) ડ્રોપ આઉટ રેટ ઘટાડવા રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યા છે.

- ❖ દર વર્ષે કન્યા કેળવણી રથયાત્રા અને પ્રવેશોત્સવનું આયોજન કરવામાં આવે છે.
- ❖ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના દાખલ કરેલ છે.
- ❖ વિદ્યાદીપ યોજના દાખલ કરેલ છે.
- ❖ માન. મુખ્ય મંત્રીશ્રીની કન્યા કેળવણી નીધિની રચના કરવામાં આવેલ છે.
- ❖ રાજ્યમાં એક શિક્ષક દીઠ એક ઓરડાના સિધ્ધાંતનો સ્વીકાર કરવામાં આવેલ છે.
- ❖ કન્યાઓ માટે અલાયદી શૌચાલય સંકુલના બાંધકામ કરવામાં આવેલ છે.
- ❖ વિદ્યાસહાયક ભરતી યોજના દાખલ કરેલ છે.
- ❖ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પાઠ્યપુસ્તકો, સ્વાધ્યાયપોથીઓ, પ્રયોગપોથીઓ અને નકશાપોથીઓ આપવામાં આવેલ છે.
- ❖ બાળકોને તરંગ અને ઉલ્લાસમય શિક્ષણ પ્રયોજવામાં આવે છે.
- ❖ આંગણવાડી ન હોય તેવા ગામોમાં પૂર્વ પ્રાથમિક અને પ્રાથમિક શાળા વચ્ચે સેતુરૂપ ઈસીસીઈ કેન્દ્રો ખોલવાનું ધોરણ રાખેલ છે.
- ❖ સર્વ શિક્ષા અભિયાન, એન.પી.ઈ.જી.ઈ.એલ., કે.જી.બી.વી. યોજનાઓની સફળતાપૂર્વક ફળદાયી અમલવારી કરવામાં આવી રહી છે.
- ❖ જિલ્લા પંચાયત અને નગર પ્રાથમિક સમિતિઓની શાળાઓમાં બાળકોને મધ્યાહન ભોજન ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**ખંભાળીયા તાલુકાના ઉગતણાબારા ગામે ઉચ્ચતર માધ્યમિક શરુ કરવા બાબત**

૨૯૭૬૫ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧–૧૨ની સ્થિતિએ જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકાના ઉગતાબારા ગામે ઉચ્ચતર માધ્યમિક હાઇસ્કુલ મંજુર થયેલ છે તે હકીકત સાચી છે,

**જવાબ**

(૧) ના જી.

(૨) જો હા, તો આ શાળાનું મકાન કયારે બનાવવનામાં આવશે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે માટેનું મહેકમ કયારે મંજુર કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**માધ્યમિક શાળામાં કોમ્પ્યુટર દ્વારા શિક્ષણની સુવિધા**

૨૯૬૪૯ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને સરકાર કોમ્પ્યુટર દ્વારા શિક્ષણની સુવિધા આપે છે તે સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સરકારે કેટલી શાળાઓને આ સુવિધા આપેલ છે?

(૨)

| વર્ષ–૨૦૧૦ | વર્ષ–૨૦૧૧ | કુલ |
|---|---|---|
| ૩૭૭ | ૨૮૯ | ૬૬૬ |

**ભરૂચ જિલ્લામાં સાંથણીમાં આપેલ જમીન**

૨૯૬૯૧ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી જમીન કેટલી વ્યક્તિઓને સાંથણીમાં અપાઈ, અને

(૧) ૨૪૦ વ્યક્તિઓને.
હે.આરે. ૨૧૫–૧૫–૮૯ ચો.મી. જમીન સાંથણીમાં અપાયેલ છે.

(૨) આ જમીનની જંત્રી પ્રમાણે કેટલી કિંમત થાય છે?

(૨) ` ૧૧,૨૭,૯૬,૮૯૭.

**વડોદરા જિલ્લામાં સ્ટેમ્પ વેન્ડરોના પરવાનેદાર**

૩૧૮૯૨ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા પરવાનેદાર સ્ટેમ્પ વેન્ડરો છે.

(૧)

| તાલુકો | સ્ટેમ્પ વેન્ડરોની સંખ્યા |
|---|---|
| પાદરા | ૪ |
| વાઘોડીયા | ૩ |
| ડભોઈ | ૩ |
| નસવાડી | ૧ |
| સંખેડા | ૩ |
| સાવલી | ૩ |
| જેતપુર–પાવી | ૪ |
| છોટા ઉદેપુર | ૧ |
| શિનોર | ૧ |
| કરજણ | ૧ |
| વડોદરા (શહેર) | ૫૩ |
| **કુલ** | **૭૮** |

(૨) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ આ સ્ટેમ્પ વેન્ડરો દ્વારા છેલ્લા બે વર્ષમાં સરકારમાં કેટલી આવક તાલુકાદીઠ જમા કરવામાં આવી છે, અને

(૨)

| તાલુકો | તા. ૧–૧–૨૦૧૦ થી તા. ૩૧–૧૨–૨૦૧૧ સુધીની આવક |
|---|---|
| પાદરા | ૧૨,૧૬,૨૯,૫૦૦/– |
| વાઘોડીયા | ૦૩,૬૧,૫૧,૨૧૦/– |
| ડભોઈ | ૦૫,૪૬,૧૯,૬૫૦/– |
| નસવાડી | ૦૦,૨૬,૩૫,૯૦૦/– |
| સંખેડા | ૦૨,૬૫,૭૬,૮૦૦/– |
| સાવલી | ૦૫,૨૭,૦૫,૬૦૦/– |
| જેતપુર–પાવી | ૦૧,૧૫,૧૬,૧૪૦/– |
| છોટા ઉદેપુર | ૦૧,૨૮,૭૯,૫૭૯/– |
| શિનોર | ૦૦,૫૩,૪૭,૯૦૦/– |
| કરજણ | ૦૦,૪૧,૫૦,૬૭૦/– |
| વડોદરા (શહેર) | ૩,૦૭,૯૭,૬૩,૮૨૦/– |
| **કુલ** | **૩,૪૦,૭૯,૭૬,૭૬૯/–** |

(૩) સ્ટેમ્પ ડયુટીની ચોરી ન થાય તે માટે સરકાર દ્વારા કયા પગલાં લેવામાં આવ્યા છે?

(૩)
(૧) સ્થાવર મિલકતનાં વેચાણોમાં જંત્રી મુજબનાં ભાવો ધ્યાને લઈ બજાર કિંમત નક્કી કરી સ્ટેમ્પ ડયુટી લેવામાં

આવે છે.

(૨) સ્થાવર મિલકત વેચવા સંબંધી પાવર ઓફ એર્ટનીના લેખોનું ફરજીયાત રજીસ્ટ્રેશન.

(૩) નાણાંકીય સંસ્થાઓ દ્વારા કરાતાં ગીરોખતનું ફરજીયાત રજીસ્ટ્રેશન.

(૪) અન્ય નાણાંકીય વ્યવહારોમાં કરવાના થતા કરારોનું રજીસ્ટ્રેશન થતું નથી તેવા કરારો જેવા કે, કોમેડીટી, સીક્યુરીટી તેમજ રહેણાંક/બાંધકામ સંબંધીત કામો કરતી સોસાયટીઓ તથા કંપનીઓ દ્વારા કરાતાં એલોટમેન્ટ તથા ડેવલપમેન્ટ એગ્રીમેન્ટો તથા મોબાઈલ કંપનીઓ દ્વારા કરાતાં કરારોની ચકાસણી નાયબ કલેકટરશ્રી (સ્ટેમ્પ ડયુટી)ના નિયંત્રણ હેઠલ કરવામાં આવે છે.

## દાહોદ જિલ્લામાં સુખી નદી પરના પુલનું બાંધકામ

૨૯૭૬૧ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) દાહોદ જિલ્લામાં ભાણપુર પીપરીયા માર્ગ પર સુખી નદી પર ખુટતા પુલનું બાંધકામ મંજૂર કરવામાં આવેલ છે. તે હકીકત સાચી છે,

(૨)જો મંજૂર થયેલ હોય તો તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ આ કામ કયા તબક્કે છે, અને

(૩) આ કામ કયારે અને કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે.

**જવાબ**

(૧), (૨) અને (૩) પંચમહાલ જિલ્લાના ભાણપુરા–ખાખરીયા માર્ગ ઉપર સુખી નદી ઉપર પુલ મંજૂર કરેલ છે અને કામ પ્રગતિમાં છે અને સને–૨૦૧૩માં `૩૬૦.૬૨ લાખના ખર્ચે પૂર્ણ કરવાનું આયોજન છે.

## સાગર ખેડૂ યોજના હેઠળ શરૂ થયેલ નવી શાળા

૨૯૫૯૮ **ડૉ. નીમાબેન ભા. આચાર્ય (અંજાર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા સાગર ખેડૂ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી,

(૨) આ શાળાઓ કયારે શરૂ કરવામાં આવી, અને

(૩) તે પૈકી વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની કેટલી?

**જવાબ**

(૧) ૩૯.

(૨) પત્રક–૧ મુજબ.

(૩)

| વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | કુલ |
|---|---|---|
| ૦૯ | ૩૦ | ૩૯ |

**પત્રક–૧**

**શરૂ કરવામાં આવેલ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વિગત વર્ષ ૨૦૦૭**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | ગામ | પ્રવાહ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | જાફરાબાદ | ટીંબી | સામાન્ય |
| ૨ | | રાજુલા | રાજુલા | સામાન્ય |
| ૩ | | રાજુલા | વાવેરા | સામાન્ય |
| ૪ | ભાવનગર | મહુવા | દાઠાં | સામાન્ય |
| ૫ | | મહુવા | મોટા ખુંટવાડા | સામાન્ય |
| ૬ | | મહુવા | સેંદરડા | સામાન્ય |
| ૭ | | ઘોઘા | હાથબ | સામાન્ય |
| ૮ | નવસારી | જલાલપોર | દાંતી | સામાન્ય |
| ૯ | | જલાલપોર | માંગરોળ | સામાન્ય |
| ૧૦ | જૂનાગઢ | ઉના | સિમર | સામાન્ય |
| ૧૧ | પોરબંદર | પોરબંદર | વિસાવાડા | સામાન્ય |
| ૧૨ | જામનગર | જોડિયા | લતીપર | સામાન્ય |
| ૧૩ | | જોડિયા | પીપરતોડા | સામાન્ય |
| ૧૪ | | જોડિયા | મોટી બાણુંગર | સામાન્ય |
| ૧૫ | | જોડિયા | ધુડશીયા | સામાન્ય |
| ૧૬ | કચ્છ | અબડાસા | નરેડી | સામાન્ય |
| ૧૭ | | મુંદ્રા | પત્રી | સામાન્ય |
| **વર્ષ–૨૦૦૯** | | | | |

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | ગામ | પ્રવાહ |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | કલ્યાણપુર | હરીયાવડ | સામાન્ય |
| ૨ | | કલ્યાણપુર | લાંબા | સામાન્ય |
| ૩ | જામનગર | ખંભાળીયા | મોવાણ | સામાન્ય |
| ૪ | કચ્છ | અંજાર | રત્નાલ | સામાન્ય |
| ૫ | | અબડાસા | વાયોર | સામાન્ય |
| ૬ | | લખપત | નરા | સામાન્ય |
| ૭ | | લખપત | નારાયણ સરોવર | સામાન્ય |
| ૮ | | માંડવી | બાંડા | સામાન્ય |
| ૯ | | માંડવી | ભદ્રેશ્વર | સામાન્ય |
| ૧૦ | | ભચાઉ | મનફરા | સામાન્ય |
| ૧૧ | ભરૂચ | વાગરા | ત્રાંકલ | સામાન્ય |
| ૧૨ | | પોરબંદર | ગરેજ | સામાન્ય |
| ૧૩ | | પોરબંદર | બગવદર | સામાન્ય |
| ૧૪ | ભાવનગર | ભાવનગર | સનેસ | સામાન્ય |
| ૧૫ | | તળાજા | તળાજા | વિજ્ઞાન |
| ૧૬ | | ઘોઘા | ઘોઘા | વિજ્ઞાન |
| ૧૭ | રાજકોટ | માળિયા–મિયાણા | માળિયા–મિયાણા | વિજ્ઞાન |
| ૧૮ | ભરૂચ | લખપત | લખપત | વિજ્ઞાન |
| ૧૯ | | અબડાસા | કોઠારા | વિજ્ઞાન |
| ૨૦ | | મુંદ્રા | મુંદ્રા | વિજ્ઞાન |
| ૨૧ | ભરૂચ | વાગરા | વાગરા | વિજ્ઞાન |
| ૨૨ | | હાંસોટ | હાંસોટ | વિજ્ઞાન |

## આણંદ જીલ્લામાં કિસાનપથ પ્રગતિપથ વિકાસપથ યોજના હેઠળ થયેલ ખર્ચ

૨૯૮૨૪ **શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર( ભાદરણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કિસાનપથ, વિકાસપથ અને પ્રગતિપથ યોજના હેઠળ કેટલા કી.મી. લંબાઈના કયા ગ્રામ્ય માર્ગોનું સુધારણા કામ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ તાલુકાદીઠ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) અને (૨)

કિશાનપથ યોજના હેઠળ ગ્રામ્ય માર્ગોની સુધારણા પરિશિષ્ટ–૧ મુજબ. વિકાસપથ અને પ્રગતિપથ યોજના હેઠળ ગ્રામ્ય માર્ગોની સુધારણા કરવામાં આવતી નથી.

### પરિશિષ્ટ–૧

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | રસ્તાની લંબાઈ | થયેલ ખર્ચ `લાખમાં | કામની સ્થિત |
|---|---|---|---|---|---|
| **વર્ષ ૨૦૦૯–૧૦ કિસાનપથ** | | | | | |
| ૧ | આણંદ | જોળ કરમસદ રોડ | ૦.૬૦ | ૧૬.૧૯ | પુર્ણ |
| ૨ | આણંદ | કુંજરાવ ખંભોળજ રોડ | ૫.૦૦ | ૭૯.૪૮ | પુર્ણ |
| ૩ | આણંદ | સુંદણ એપ્રોચ રોડ | ૧.૪૦ | ૨૪.૨૧ | પુર્ણ |
| ૪ | આણંદ | જહાંગીરપુરા એપ્રોચ રોડ જોઈનીગ ગોપાલપુરા | ૧.૮૦ | ૧૯.૬૩ | પુર્ણ |
| ૫ | આણંદ | સંદેસર અગાસ રોડ | ૨.૮૦ | ૪૦.૩૮ | પુર્ણ |
| ૬ | આણંદ | ગાના બોરીયા રોડ | ૩.૬૦ | ૨૫.૧૩ | પુર્ણ |
| ૭ | આણંદ | અડાસ વડોદ રોડ | ૪.૦૦ | ૧૮.૩૯ | પુર્ણ |
| ૮ | આણંદ | રાસનોલ બેડવા રોડ | ૪.૬૦ | ૮.૧૧ | પુર્ણ |
| ૮ | | **આણંદ કુલ** | **૨૩.૮૦** | **૨૩૧.૫૨** | |
| ૧ | ઉમરેઠ | સૈયદપુરા એપ્રોચ રોડ | ૦.૭૦ | ૮.૯૪ | પુર્ણ |
| ૨ | ઉમરેઠ | સરદારપુરા એપ્રોચ રોડ | ૧.૦૦ | ૧૩.૨૩ | પુર્ણ |
| ૩ | ઉમરેઠ | રતનપુર એપ્રોચ રોડ | ૩.૯૦ | ૧૬.૧૬ | પુર્ણ |
| ૪ | ઉમરેઠ | ભાલેજ રેલ્વે સ્ટે. શીખા તલાવડી રોડ | ૧.૦૦ | ૩.૬૩ | પુર્ણ |
| ૫ | ઉમરેઠ | વૈજનાથપુરા ભોઈપુરા રોડ | ૨.૦૦ | ૧૮.૫૯ | પુર્ણ |
| ૫ | | **ઉમરેઠ કુલ** | **૮.૬૦** | **૬૦.૫૫** | પુર્ણ |
| ૧ | બોરસદ | જુના બદલપુર ચિત્રાઈ રોડ | ૧.૬૦ | ૧૯.૭૭ | પુર્ણ |
| ૨ | બોરસદ | અવલપુરા એપ્રોચ રોડ | ૨.૬૦ | ૨૯.૪૯ | પુર્ણ |
| ૩ | બોરસદ | જંત્રાલ સેર્ફ્ડપુરા રોડ | ૨.૩૫ | ૨૮.૦૯ | પુર્ણ |
| ૪ | બોરસદ | કાંધરોટી લક્ષ્મીપુરા રોડ | ૩.૦૦ | ૪૦.૭૨ | પુર્ણ |
| ૫ | બોરસદ | પીપળી દસકાપુરા રોડ | ૨.૦૦ | ૧૭.૬૦ | પુર્ણ |
| ૫ | | **બોરસદ કુલ** | **૧૧.૫૫** | **૧૩૫.૬૭** | |
| ૧ | આંકલાવ | આસોદર કંથારીયા ભેટાલી રોડ | ૪.૮૦ | ૬૬.૭૬ | પુર્ણ |
| ૨ | આંકલાવ | આંકલાવ રામપુરા રોડ | ૨.૦૦ | ૩૩.૨૪ | પુર્ણ |
| ૩ | આંકલાવ | નવાખલ હઠીપુરા રોડ | ૫.૦૦ | ૧૧૬.૮૩ | પુર્ણ |
| ૪ | આંકલાવ | આંકલાવ નવાખલ રોડ | ૫.૦૦ | ૧૧૨.૦૪ | પુર્ણ |
| ૫ | આંકલાવ | કંથારીયા ભેટાસી ભાણપુરા રોડ | ૫.૪૦ | ૧૯.૬૭ | પુર્ણ |
| ૬ | આંકલાવ | અંબાવ બેવડપુરા ઝારીયાપુરા રોડ | ૪.૦૦ | ૩૭.૭૨ | પુર્ણ |
| ૬ | | **આંકલાવ કુલ** | **૨૬.૨૦** | **૩૮૬.૨૬** | |
| ૧ | પેટલાદ | કણીયા એપ્રોચ રોડ | ૦.૯૦ | ૧૪.૬૬ | પુર્ણ |
| ૨ | પેટલાદ | સિંહોલી અગાસ સ્ટેશન રોડ | ૩.૧૦ | ૨૮.૭૫ | પુર્ણ |

| ક્રમ | તાલુકો | રસ્તાનું નામ | રસ્તાની લંબાઈ | થયેલ ખર્ચ `લાખમાં | કામની સ્થિત |
|---|---|---|---|---|---|
| ૩ | પેટલાદ | આમોદ ઈસરામા રોડ | ૫.૫૦ | ૪૭.૧૭ | પુર્ણ |
| ૪ | પેટલાદ | પંડોળી દંતેલી રોડ | ૩.૮૦ | ૪૭.૮૬ | પુર્ણ |
| ૫ | પેટલાદ | સુંદરા જલસણ ધૈર્યપુરા રોડ | ૩.૩૦ | ૫૧.૬૭ | પુર્ણ |
| ૬ | પેટલાદ | આશી ભાટીએલ રોડ | ૨.૧૦ | ૧૬.૧૫ | પુર્ણ |
| ૭ | પેટલાદ | માણજ માનપુર સુંદરા ધૈર્યપુરા જલસણ રોડ | ૨.૦૦ | ૨૯.૫૭ | પુર્ણ |
| ૭ | | **પેટલાદ કુલ** | **૨૦.૭૦** | **૨૩૫.૮૩** | |
| ૧ | સોજીત્રા | કોઠાવી એપ્રોચ રોડ | ૦.૫૦ | ૩.૪૫ | પુર્ણ |
| ૨ | સોજીત્રા | મલાતજ કાસોર રોડ | ૩.૫૦ | ૨૯.૩૯ | પુર્ણ |
| ૨ | | **સોજીત્રા કુલ** | **૪.૦૦** | **૩૨.૮૪** | |
| ૧ | ખંભાત | ગોલાણા વરસાડા ઈસનપુર રોડ | ૮.૦૦ | ૧૩૭.૭૬ | પુર્ણ |
| ૨ | ખંભાત | રોહીણી મીતલી રોડ | ૩.૦૦ | ૬૩.૭૯ | પુર્ણ |
| ૩ | ખંભાત | વાડોલા એપ્રોચ રોડ | ૩.૪૦ | ૫૭.૧૩ | પુર્ણ |
| ૪ | ખંભાત | કાણીસા એપ્રોચ રોડ | ૧.૦૦ | ૧૫.૭૯ | પુર્ણ |
| ૫ | ખંભાત | રંગપુર એપ્રોચ રોડ | ૦.૩૦ | ૪.૦૦ | પુર્ણ |
| ૬ | ખંભાત | નાના કલોદરા એપ્રોચ રોડ | ૦.૬૦ | ૧૦.૮૪ | પુર્ણ |
| ૭ | ખંભાત | કલમસર બાજીપુરા રોડ | ૧.૪૦ | ૨૪.૩૬ | પુર્ણ |
| ૮ | ખંભાત | મોતીપુરા એપ્રોચ રોડ | ૦.૪૦ | ૫.૩૫ | પુર્ણ |
| ૯ | ખંભાત | પાલડી એપ્રોચ રોડ | ૩.૪૫ | ૫૫.૨૨ | પુર્ણ |
| ૧૦ | ખંભાત | ઉટવાડા મોભા જલ્લા હરીયાણ કાળી તલાવડી કંસારી રોડ | ૮.૦૦ | ૧૪૧.૬૦ | પુર્ણ |
| ૧૦ | | **ખંભાત કુલ** | **૨૯.૫૫** | **૫૪૫.૮૪** | |
| ૧ | તારાપુર | રેલ એપ્રોચ રોડ | **૦.૮૦** | ૧૮.૪૮ | પુર્ણ |
| | | **તારાપુર કુલ** | ૦.૮૦ | ૧૮.૪૮ | |
| ૪૪ | | **એકંદરે આણંદ જિલ્લા કુલ** | **૧૨૫.૨૦** | **૧૬૪૬.૯૯** | |

## સાગર ખેડૂ યોજના હેઠળ શરૂ થયેલ નવી શાળાઓ

૨૯૫૯૭ **શ્રી ભગવાનજીભાઈ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સરકાર દ્વારા સાગર ખેડૂ યોજના હેઠળ તા. ૩૧–૧૨–૧૧ની સ્થિતિએ રાજ્યમાં કેટલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી,

(૨) આ શાળાઓ કયારે શરૂ કરવામાં આવી, અને

(૩) તે પૈકી વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહની કેટલી?

**જવાબ**

(૧) ૩૯.

(૨) પત્રક–૧ મુજબ

(૩)

| વિજ્ઞાન પ્રવાહ | સામાન્ય પ્રવાહ | કુલ |
|---|---|---|
| ૦૯ | ૩૦ | ૩૯ |

**પત્રક–૧**

**શરૂ કરવામાં આવેલ સરકારી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની વિગત વર્ષ ૨૦૦૭**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | ગામ | પ્રવાહ |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | જાફરાબાદ | ટીંબી | સામાન્ય |
| ૨ | | રાજુલા | રાજુલા | સામાન્ય |
| ૩ | | રાજુલા | વાવેરા | સામાન્ય |
| ૪ | ભાવનગર | મહુવા | દાઠાં | સામાન્ય |
| ૫ | | મહુવા | મોટા ખુંટવાડા | સામાન્ય |
| ૬ | | મહુવા | સેંદરડા | સામાન્ય |
| ૭ | | ઘોઘા | હાથબ | સામાન્ય |
| ૮ | નવસારી | જલાલપોર | દાંતી | સામાન્ય |
| ૯ | | જલાલપોર | માંગરોળ | સામાન્ય |
| ૧૦ | જૂનાગઢ | ઉના | સિમર | સામાન્ય |
| ૧૧ | પોરબંદર | પોરબંદર | વિસાવાડા | સામાન્ય |
| ૧૨ | જામનગર | જોડિયા | લતીપર | સામાન્ય |
| ૧૩ | | જોડિયા | પીપરતોડા | સામાન્ય |
| ૧૪ | | જોડિયા | મોટી બાણુંગર | સામાન્ય |
| ૧૫ | | જોડિયા | ધુડશીયા | સામાન્ય |
| ૧૬ | કચ્છ | અબડાસા | નરેડી | સામાન્ય |
| ૧૭ | | મુંદ્રા | પત્રી | સામાન્ય |
| **વર્ષ–૨૦૦૯** | | | | |
| ૧ | જામનગર | કલ્યાણપુર | હરીયાવડ | સામાન્ય |
| ૨ | | કલ્યાણપુર | લાંબા | સામાન્ય |
| ૩ | | ખંભાળીયા | મોવાણ | સામાન્ય |
| ૪ | | અંજાર | રત્નાલ | સામાન્ય |
| ૫ | | અબડાસા | વાયોર | સામાન્ય |
| ૬ | | લખપત | નરા | સામાન્ય |
| ૭ | | લખપત | નારાયણ | સામાન્ય |

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | ગામ | પ્રવાહ |
|---|---|---|---|---|
| ૮ | | માંડવી | બાંડા | સામાન્ય |
| ૯ | કચ્છ | માંડવી | ભદ્રેશ્વર | સામાન્ય |
| ૧૦ | | ભચાઉ | મનફરા | સામાન્ય |
| ૧૧ | ભરૂચ | વાગરા | ત્રાંકલ | સામાન્ય |
| ૧૨ | | પોરબંદર | ગરેજ | સામાન્ય |
| ૧૩ | | પોરબંદર | બગવદર | સામાન્ય |
| ૧૪ | ભાવનગર | ભાવનગર | સનેસ | સામાન્ય |
| ૧૫ | | તળાજા | તળાજા | વિજ્ઞાન |
| ૧૬ | | ઘોઘા | ઘોઘા | વિજ્ઞાન |
| ૧૭ | રાજકોટ | માળિયા-મિયાણા | માળિયા-મિયાણા | વિજ્ઞાન |
| ૧૮ | | લખપત | લખપત | વિજ્ઞાન |
| ૧૯ | | અબડાસા | કોઠારા | વિજ્ઞાન |
| ૨૦ | | મુંદ્રા | મુંદ્રા | વિજ્ઞાન |
| ૨૧ | ભરૂચ | વાગરા | વાગરા | વિજ્ઞાન |
| ૨૨ | | હાંસોટ | હાંસોટ | વિજ્ઞાન |

## ઈ-લાયબ્રેરીની સુવિધા પાછળ ખર્ચ

૨૯૭૦૪ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કાયદા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

| અ.નં. | કામનું નામ | મંજુર થયેલ અંદાજીત રકમ (રૂ।.લાખમાં) | એગ્રીમેન્ટ મુજબ કામ શરૂ કર્યાની તારીખ | ખરેખર કામ પૂર્ણ થયાની તારીખ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| | કી.મી. સ્કેટર્ડ લેન્થ (સોનલામીઠા ટુ ભઠગામ જંકશન- મોહમ્મદપુરા ટુ ગોલા પાટીયા રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૫.૬૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/ ૨૦૦૮/ ૪૮૯/ ૨૦.૧૨.૨૦૦૮). | | | | મર્યાદામાં પૂર્ણ |
| ૧૬. | સ્ટ્રેન્થીનીંગ ઈન કી.મી. ૩૦૧/૧૦૦ ટુ ૩૦૫/૧૦૦ એન્ડ કી.મી. ૩૦૯/૬૦૦ ટુ ૩૧૮/૬૦૦ એન્ડ રીકન્સ્ટ્રક્શન ઈન કી.મી. ૩૦૫/૧૦૦ ટુ ૩૦૯/૬૦૦ (ગોલા પાટીયા સાંધિયેર દેલાડ વાસવારી રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૭.૫૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/૪૭૯/૧૭.૧૧.૨૦૦૮). | ૧૦૨૧.૦૦ | ૨૧.૦૨.૦૯ | ૦૭.૦૩.૧૦ | કામ સમય મર્યાદામાં પૂર્ણ |
| ૧૭. | સ્ટ્રેન્થીનીંગ ઈન કી.મી. ૩૩૭/૧૦૦ ટુ ૩૪૨/૯૫૦ એન્ડ કી.મી. ૩૪૩/૮૫૦ ટુ ૩૪૭/૭૦૦ એન્ડ રીકન્સ્ટ્રક્શન ઈન કી.મી. ૩૪૨/૯૫૦ ટુ ૩૪૩/૮૫૦ એન્ડ કી.મી. ૩૪૭/૭૦૦ ટુ ૩૪૯/૪૦૦ (ખરવાસા વાંઝ પોપડા કપલેથા રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૨.૨૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/ જીજે/ ૨૦૦૮/ ૪૮૦/ ૨૫.૯.૨૦૦૮). | ૬૩૭.૭૪ | ૨૫.૦૨.૦૯ | ૨૪.૦૨.૧૦ | કામ સમય મર્યાદામાં પૂર્ણ |
| ૧૮. | સ્ટ્રેન્થનીંગ ઈન કી.મી. ૩૫૬/૮૫૦ ટુ ૩૬૧/૯૨૦ એન્ડ રીકન્સ્ટ્રક્શન ઈન કી.મી. ૩૫૨/૦૫૦ ટુ ૩૫૬/૮૫૦ (ચોખડ ધમણ સરાઈ પડગા કડીપોર વેરાવેલ રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૯.૮૭ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/ ૨૦૦૮/ ૪૮૧ / ૨૨.૧૦.૨૦૦૮). | ૫૨૪.૧૭ | ૧૬.૧૨.૦૮ | ૦૩.૦૬.૦૯ | કામ સમય મર્યાદામાં પૂર્ણ |
| ૧૯. | સ્ટ્રેન્થનીંગ ઈન કી.મી. ૩૭૦/૬૨૦ ટુ ૩૮૬/૦૨૦ (વેજલપુરા એરૂ જાંબુડી કરાડી માટવાડ સમાપોર દાંડી રોડ) ઓફ એન.એચ.૨૨૮ (દાંડી રૂટ). (૧૫.૪૦ કી.મી.) (જોબ નં.૦૨૨૮/જીજે/ ૨૦૦૮/૪૮૩/ ૧૦.૧૧.૨૦૦૮). | ૯૪૨.૪૨ | ૩૦.૦૧.૦૯ | ૧૪.૦૬.૦૯ | કામ સમય મર્યાદામાં પૂર્ણ |
| (બ) | પી.આર.હેઠળની કામગીરી | | | | |
| ૨૦. | પીરીયોડીકલ રીન્યુઅલ (૨૦૧૦-૧૧) ઓફ પેવમેન્ટ ફ્રોમ કી.મી. ૧૫૧/૮૦૦ ટુ ૧૬૯/૦૦ ઓન એન.એચ. ૨૨૮ (ન્યુ એન.એચ. ૬૪) ઈન સ્ટેટ ઓફ ગુજરાત કી.મી. ૩.૭૦ કી.મી. (જોબ નં.૦૨૨૮/જીજે / ૨૦૧૦/૫૪૧/ ૪.૩.૨૦૧૧). | ૧૮૦.૮૬ | ૨૩.૦૩.૧૧ | ૦૬.૦૬.૧૧ | કામ સમય મર્યાદામાં પૂર્ણ |
| | **કુલ ૨૦ કામો** **કુલ રૂ।.** | **૧૬૯૧૮.૫૩** | | | |

**લુણાવાડા તાલુકામાં નાના પુલીયા બનાવવા કરેલ આયોજન**

૨૯૮૧૪ **શ્રી હીરાભાઇ હ. પટેલ( લુણાવાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકામાં હાડોડ-દાણીમા-ચાંપેલી રસ્તામાં આવતા કોતર ઉપર નાનો પુલ અથવા ડીપ જેવી સુવિધા ન હોવાને કારણે રસ્તાનો ઉપયોગ થતો નથી. તે સંજોગોમાં સરકાર આ ડીપ/અથવા નાના પુલીયાનું આયોજન કરવા માંગ છે કે કેમ?

**જવાબ**

ત્રણે ગામો પાકા રસ્તાથી જોડાયેલ હોય, ના, જી.

**અધ્યાપક સહાયકોને યુ.જી.સી. એ મુજબ પગાર ધોરણ અંગે**

૩૦૪૩૧ **શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ( બારડોલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ રાજ્યની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં ફરજ બજાવતા અધ્યાપક સહાયકો યુ.જી.સી.એ નિયત કરેલ અધ્યાપક (પૂર્ણ સમય) માટેની લાયકાતના ધોરણો પ્રમાણેની લાયકાત ધરાવે છે તે સરકારના ધ્યાને છે,

(૨) જો હા, તો આવા અધ્યાપક સહાયકોને યુ.જી.સી.એ નિયત કરેલા પગાર ધોરણ ઉકત સ્થિતિએ આપવામાં આવે છે કે કેમ, અને

(૩) જો ના, તો તેના કારણો શા છે ?

**જવાબ**

(૧) યુ.જી.સી. દ્વારા અધ્યાપક સહાયકની લાયકાતના નિયમોમાં અવાર-નવાર સુધારા કરવામાં આવતા હોય છે. અને રાજ્ય સરકાર દ્વારા તે મુજબ નિયમોમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવે છે. દરેક અનુદાનિત કોલેજોને પણ તે લાગુ પડે છે.

(૨) અને (૩)

અધ્યાપક સહાયકની ભરતી માટે તા. ૨૫-૦૮-૨૦૦૫ અને તા.૧૪-૦૯-૨૦૧૧ના ઠરાવથી બિન સરકારી અનુદાનિત કોલેજોની ખાલી જગ્યાઓ ભરવા વિદ્યાર્થીઓના હિતમાં નીતિ નકકી થયેલ છે. જેમાં પાંચ વર્ષ સુધી ફીકસ પગાર ચુકવવામાં આવે છે. અને ત્યાર પછી યુ.જી.સી. પ્રમાણેના ધોરણે આપવામાં આવે છે.

**પાટણ જિલ્લામાં કાર્યરત પશુરોગ દવાખાના**

૨૯૬૨૭ **શ્રી ભરતસિંહજી શં. ડાભી(ખેરાલુ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૨ અંતિત કેટલા સ્થાયી પશુ દવાખાના, ફરતા પશુ દવાખાના, વિવિધલક્ષી પશુ સારવાર એકમો અને પશુરોગ અન્વેષણ એકમો કાર્યરત છે, અને

(૨) આ પશુ સારવાર સંસ્થાઓમાં કઇ કામગીરી થયેલ છે ?

(૧) ૨૫ સ્થાયી પશુ દવાખાના
૨ ફરતા પશુ દવાખાના
૧ વિવિધલક્ષી પશુ સારવાર એકમ
૦ પશુરોગ અન્વેષણ એકમ

(૨) વિવિધ પશુ રોગોની સારવાર, ઓપરેશન, રસીકરણ, ખસીકરણ, કૃત્રિમ બીજદાન, પશુ આરોગ્ય કેમ્પ, પશુ–પક્ષી મરણોત્તર તપાસ, રોગ નિદાન કામગીરી ઉપરાંત યોજનાકીય કામગીરી.

### જૂનાગઢ જિલ્લામાં કૃષિ કિટ્સના વિતરણ

૨૯૭૨૬ **શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વર્ષ ૨૦૧૧ના કૃષિ મહોત્સવ દરમ્યાન જૂનાગઢ જિલ્લામાં કેટલા ખેડૂતોને વિના મૂલ્યે કેટલા કૃષિ કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૫૭૦૯ ખેડૂતોને કૃષિ કિટ્સ, ૪૯૫૦ ખેડૂતોને બાગાયત કિટ્સ અને ૪૧૮૦ ખેડૂતોને પશુપાલન કિટ્સ.

(૨) ` ૧,૯૭,૪૩,૫૮૨/–.

### અમદાવાદ શહેર અને જિલ્લામાં ભૂમાફિયા સામે ફરિયાદો

૨૯૭૧૫ **ડૉ. માયાબેન સુ. કોડનાની(નરોડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ભૂમાફિયાઓ વિરૂધ્ધ કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૨) મળેલ ફરિયાદો સામે કયા ભૂમાફિયાઓ સામે રાજ્ય સરકારે કયા કાયદાની કઈ કલમો લગાવી ?

**જવાબ**

(૧) ૧૦૧૭.

(૨) સામેલ ***પત્રક–અ** મુજબ.

(***પત્રકો** સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### ખંભાળીયા–દ્વારકા હાઈવે પહોળો બનાવવા

૨૯૭૬૬ **શ્રી મેઘજીભાઇ ડા. કણઝારીયા(ખંભાલીઆ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન જામનગર જિલ્લાના ખંભાળીયા–દ્વારકા સ્ટેટ હાઈ–વે ૧૦ મીટર પહોળો કરવા માટેની દરખાસ્ત મંજૂર કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ કામગીરી માટે કુલ કેટલી રકમ મંજૂર કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે ?

**જવાબ**

(૧),(૨) અને (૩) આગામી સૂચિત વિશ્વબેંક સહાયીત ગુજરાત રાજ્ય માર્ગ યોજના–૨ થકી આ માર્ગને ૧૦.૦ મીટર પહોળો કરવાની બાબત વિચારણા હેઠળ છે.

### અમદાવાદ જિલ્લામાં જમીનની એન્ટ્રીઓ

૨૯૭૧૨ **શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર તા.૩૧–૧૨–૧૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડૂતોએ ખરીદેલ જમીનની એન્ટ્રીઓ પાડવાની કેટલી અરજીઓ આવેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | આવેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | સીટી | ૨૭૨ |
| ૨ | દશક્રોઈ | ૩૭૩૫ |
| ૩ | સાણંદ | ૩૩૩૧૩ |
| ૪ | બાવળા | ૪૫૯૧ |

| | | |
|---|---|---|
| ૫ | ધોળકા | ૪૯૨૮ |
| ૬ | વિરમગામ | ૩૮૮૩ |
| ૭ | માંડલ | ૬૧૫ |
| ૮ | દેત્રોજ-રામપુરા | ૨૩૬૧ |
| ૯ | ધંધુકા | ૮૮૦૫ |
| ૧૦ | રાણપુર | ૩૩૩૯ |
| ૧૧ | બરવાળા | ૭૫૯ |
| | **કુલઃ** | **૬૬૬૦૧** |

(૨) તે પૈકી કેટલી એન્ટ્રીઓની નોંધ લેવામાં આવી, અને

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | નોંધવામાં આવેલ એન્ટ્રીઓ |
|---|---|---|
| ૧ | સીટી | ૨૭૨ |
| ૨ | દશક્રોઈ | ૩૭૩૫ |
| ૩ | સાણંદ | ૩૩૩૧૩ |
| ૪ | બાવળા | ૪૫૯૧ |
| ૫ | ધોળકા | ૪૯૨૮ |
| ૬ | વિરમગામ | ૩૮૮૩ |
| ૭ | માંડલ | ૬૧૫ |
| ૮ | દેત્રોજ-રામપુરા | ૨૩૬૧ |
| ૯ | ધંધુકા | ૮૮૦૫ |
| ૧૦ | રાણપુર | ૩૩૩૯ |
| ૧૧ | બરવાળા | ૭૫૯ |
| | **કુલઃ** | **૬૬૬૦૧** |

(૩) બાકી રહેતી એન્ટ્રીઓ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) બાકી રહેતી ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## ભરૂચ જિલ્લાનો છોટા ઉદેપુર-ડોલોમાઈટ જિલ્લા માર્ગ પહોળો બનાવવા બાબત

૨૯૭૪૮ **શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ( ભરૂચ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૨ની સ્થિતિએ ભરૂચ જિલ્લાનો છોટા ઉદેપુર-ડોલોમાઈટ મુખ્ય જિલ્લા માર્ગ રાજ્ય સરકાર પહોળો કરવાનું આયોજન છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ રસ્તો પહોળો કરવાનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને કેટલો ખર્ચ થનાર છે ?

**જવાબ**

(૧) અને (૨) ભરૂચ જિલ્લાનો નહી પરંતુ વડોદરા જિલ્લાના આ માર્ગને પહોળો કરવાનું ` ૫૮૦ લાખનું કામ તા.૧૭-૨-૨૦૧૨ના રોજ મંજૂર કરાયેલ છે. જે ટેન્ડર પ્રક્રિયા શક્ય તેટલી વહેલી પૂર્ણ કરી શરૂ કરવાનું આયોજન છે.

## ભરૂચ જિલ્લાને જોડતો નર્મદા નદીનો માલસર-અસા પુલની કામગીરી

૩૧૮૯૩ **શ્રી ચંદુભાઇ મો. ડાભી( કરજણ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વડોદરા જિલ્લા અને ભરૂચ જિલ્લાને જોડતો નર્મદા નદી પરનો માલસર-અસા પુલ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ આ પુલની કામગીરી કયા તબક્કે છે ?

**જવાબ**

(૧) અને (૨) વડોદરા જિલ્લા અને ભરૂચ જિલ્લાને જોડતો નર્મદા નદી પરનો માલસર-અસા પુલના કામને વહીવટી મંજૂરી મળેલ ન હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. પરંતુ માલસર-અસાથી ૨૦ કિ.મી. અંતરે નર્મદા નદી પર પોઈચા ગામ નજીક પુલનું કામ ૨૦૦૬-૦૭માં પુર્ણ કરી વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકવામાં આવેલ છે.

## શહેરા તાલુકામાં પશુદવાખાનામાં ડૉક્ટરોની ખાલી જગાઓ

૨૯૯૬૮ **શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ( શહેરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૧ની સ્થિતિએ શહેરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં પશુ દવાખાનામાં કેટલા ડૉક્ટરોની અને મહેકમની જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને

**જવાબ**

(૧) (અ) પશુ ચિકિત્સા અધિકારીઓની ૩ જગ્યા તા.૨૮-૮-૦૯, ૯-૯-૧૦ અને તા.૨૦-૬-૧૧ થી તથા (બ) એટેન્ડન્ટની ૩ જગ્યા તા.૭-૧-૨૦૦૦, ૩૦-૬-૦૧ અને ૨૮-૭-૦૭ થી ખાલી છે.

| | |
|---|---|
| (૨) આવી જગ્યાઓ ક્યારે ભરવામાં આવનાર છે ? | (૨) (૧) ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે નિયમિત ભરતીથી પશુ ચિકિત્સા અધિકારીની ૨૫૩ તથા ૪૨ અનુસૂચિત જનજાતિની જગ્યાઓ ભરવા માટેની કાર્યવાહી ચાલુ છે.<br>(૨) પશુ ચિકિત્સા અધિકારીની કરાર આધારિત ૨૦૦ જગ્યા એડહોક ભરતી દ્વારા ભરવાનું આયોજન છે. |

**જૂનાગઢ જિલ્લામાં દરીયાઈ મત્સ્ય ઉત્પાદનની બજાર કિંમત**

૨૯૬૬૦ **શ્રી ભગવાનજીભાઇ લા. કરગટીયા(માંગરોળ) : માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વર્ષ ૨૦૧૦ અને વર્ષ ૨૦૧૧માં જૂનાગઢ જિલ્લામાં કેટલું દરીયાઈ મત્સ્ય ઉત્પાદન થયું, અને | (૧)<br>વર્ષ — દરીયાઈ મત્સ્ય ઉત્પાદન (મે. ટનમાં)<br>૨૦૧૦ — ૨૬૫૦૪૯<br>૨૦૧૧ — ૨૮૦૨૨૯ |
| (૨) તેની વર્ષવાર બજાર કિંમત કેટલી થાય ? | (૨)<br>વર્ષ — બજાર કિંમત (રૂપિયા લાખમાં)<br>૨૦૧૦ — ૧,૦૬,૪૫૪.૮૩<br>૨૦૧૧ — ૧,૩૭,૬૧૯.૦૭ |

**અમદાવાદ જિલ્લામાં ખેડૂતોને આપેલ સોઈલ હેલ્થ કાર્ડ**

૨૯૭૨૩ **શ્રી શંભુજી ઠાકોર(ગાંધીનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૧ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કુલ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૮૭,૦૬૭ ખેડૂત ખાતેદારોને. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ આપવાના બાકી છે, અને | (૨) ૧૯,૩૫૮ ખેડૂત ખાતેદારોને. જેઓના જમીનના નમુના એકત્રીકરણ અને પૃથ્થકરણ ની કામગીરી પુર્ણ થયેલ છે. |
| (૩) બાકી રહેતા ખેડૂત ખાતેદારોને સોઈલ હેલ્થ કાર્ડ ક્યારે આપવામાં આવશે ? | (૩) ટુંક સમયમાં. |

**નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે ઈજનેરી અને સાયન્સ કોલેજ ખોલવા બાબત**

૩૦૬૬૮ **શ્રી અમરસિંહ રા. વસાવા( દેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૨ની સ્થિતિએ નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે ઈજનેરી અને સાયન્સ કોલેજ ખોલવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) નર્મદા જિલ્લાના દેડીયાપાડા ખાતે ઈજનેરી અને સાયન્સ કોલેજ ખોલવાની કોઇ કાર્યવાહી હાલના તબક્કે વિચારણા હેઠળ નથી. |
| (૨) આ કાર્યવાહી ક્યારે પૂર્ણ થશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**આ તબકકે વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા સતત સૂત્રોચ્ચાર .. (નગ્ન તસવીર જોનારાઓને ડીસમીસ કરો .. ડીસમીસ કરો.. સતત સૂત્રોચ્ચાર)**

# સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

## ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ ( ગ્રામ વિકાસ મંત્રીશ્રી )**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય ગ્રામ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના

કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો
વાર્ષિક અહેવાલ

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા હું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો
વાર્ષિક અહેવાલ**

**શ્રી નીતિનભાઇ ર. પટેલ (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક
અહેવાલ**

**શ્રી ફકીરભાઇ ર. વાઘેલા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા હું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઇન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો
વાર્ષિક અહેવાલ**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઇન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા હું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન(ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા હું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉર્જામંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા હું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો**
**વાર્ષિક અહેવાલ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજયકક્ષાના ઉદ્યોગમંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા હું વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ, હિસાબો, ટિપ્પણ તેમજ સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**
(વિરોધ પક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા 'નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરો'ના સતત સૂત્રોચ્ચાર વચ્ચે)

**સન ૨૦૧૧-૨૦૧૨ના અંદાજો તેમજ સન ૨૦૧૦-૨૦૧૧ના ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સુધારેલા અંદાજો**

**શ્રી વજુભાઇ રૂ. વાળા ( વાહન વ્યવહાર મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૦-૨૦૧૧ના સુધારેલા અંદાજો અને સન ૨૦૧૧-૨૦૧૨ના અંદાજો તેમજ આ અંદાજોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજો, સુધારેલા અંદાજો તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૦-૨૦૧૧નો ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો વાર્ષિક વહીવટી અહેવાલ**

**શ્રીમતી આનંદીબેન મ. પટેલ (આપત્તિ વ્યવસ્થાપન મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળનો સન ૨૦૧૦-૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના વાર્ષિક હિસાબો, સુધારેલ અંદાજો તથા અંદાજપત્ર**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૦૯–૨૦૧૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન તથા સન ૨૦૧૧–૧૨ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૨–૨૦૧૩નું અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, સુધારેલ અંદાજો તથા અંદાજપત્ર સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૦–૨૦૧૧નો ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો**

**શ્રી રણજીતભાઈ મં. ગિલીટવાળા (રાજય કક્ષાના કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ અને હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની અધિસૂચના**

**શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ (પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની તા. ૨૮–૧૧–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક:–કેપી–૨૦૧૧નો ૧૮૭–ઇએલસી–૧૦૨૦૦૯–૩૫૭–ગ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**૫૫૮/page>ઉદ્યોગ અને ખાણ વિભાગની અધિસૂચનાઓ**

**શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉદ્યોગ અને ખાણ વિભાગની

(૧) સન ૧૯૬૩ના ગુજરાત નગરપાલિકા અધિનિયમ અન્વયેની તા. ૧૩–૧૨–૨૦૧૧ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૧(૨૪)જીઆઇડી–૧૦૨૦૦૯–૨૫૧૩–જી,

(૨) સન ૧૯૬૨ના ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ અન્વયેની તા. ૧૨–૧–૨૦૧૨ની અધિસૂચના ક્રમાંક–જીએચયુ–૧૦૨૦૧૨(૧)–જીયુડી–૧૦૨૦૦૪–૧૪૯૬(પીએફ–૧)–જી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

**સન ૨૦૧૦ અને સન ૨૦૧૧ના ઉર્જા વિભાગના જાહેરનામા**

**શ્રી સૌરભભાઇ પટેલ ( રાજ્યકક્ષાના ઉર્જા મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સન ૨૦૦૩ના ઇલેકટ્રીકસીટી અધિનિયમ અન્વયેના સન ૨૦૧૦ના જાહેરનામા ક્રમાંક–૩, ૪, ૫, ૬ અને સન ૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક:– ૧, ૨, ૩, ૪ , સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વધારાની માહિતી**

**શ્રી દિલીપભાઇ ન. સંઘાણી ( પશુપાલન મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હું તા. ૭–૩–૨૦૧૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ–૨૫૭૭૬ (અગ્રતા–૨)ના અનુસંધાને રાજકોટ જિલ્લામાં પશુ ડોકટરોની ખાલી જગ્યાઓ અંગેની વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી નં. ૩૯**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૩,૨૦,૬૧,૮૬,૦૦૦/− તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૧૦,૧૫,૫૩,૨૮,૦૦૦/−ની માગણી ક્રમાંક−૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક−૩૯ રજૂ કરવામાં આવી.**

(વિરોધ પક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા ’નગ્ન તસ્વીર જોનારાઓને દૂર કરો, દૂર કરોના સૂત્રોચ્ચાર વચ્ચે)

**કાપ દરખાસ્તો.**

અંતરાય અને સતત સૂત્રોચ્ચારો વચ્ચે માગણી ક્રમાંક : ૩૯ પરની કાપ દરખાસ્તો પૈકીના મોટાભાગના સભ્યશ્રીઓએ સભાગૃહમાં હાજર હોવા છતાં પોતાની કાપ દરખાસ્તો રજૂ કરી નહીં.

(.. સતત અંતરાય .. ) વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા ’નગ્ન તસ્વીર જોનારાઓને ડીસમીસ કરો, ડીસમીસ કરો’ ના સૂત્રોચ્ચારો.(.. સતત અંતરાય .. )

**માગણી ક્રમાંક : ૪૦**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી** : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૫,૭૧,૭૬,૩૩,૦૦૦/−અને મૂડી ખર્ચ માટે રૂ.૩,૧૩,૦૦,૦૦૦/−ની માગણી ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.**

**કાપ દરખાસ્તો.**

અંતરાય અને સતત સૂત્રોચ્ચારો વચ્ચે માગણી ક્રમાંક : ૪૦ ઉપરની કાપ દરખાસ્તો પૈકીના મોટાભાગના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર હોવા છતાં પોતાની કાપ દરખાસ્તો રજૂ કરી નહિ.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક : ૫૧**

**શ્રી જયનારાયણ ન. વ્યાસ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન સેવાઓ ને લગતી ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂ.૧૮,૮૨,૧૦,૦૦૦/− અને મૂડી ખર્ચ માટે રૂ.૨,૪૦,૫૦,૦૦,૦૦૦/−ની માગણી ક્રમાંક ૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક ૫૧ રજૂ કરવામાં આવી.**

અંતરાય અને સતત સૂત્રોચ્ચારો વચ્ચે માગણી ક્રમાંક : ૫૧ ઉપરની કાપ દરખાસ્તો પૈકીના મોટાભાગના સભ્યશ્રીઓ સભાગૃહમાં હાજર હોવા છતાં પોતાની કાપ દરખાસ્તો રજૂ કરી નહિ.

**સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષ માટેની પૂરક માગણીઓ પૈકી શુક્રવાર, તા. ૨૩–૩–૨૦૧૨ (દશમો દિવસ)ના રોજ ચર્ચા અને મતદાન માટે લેવાનાર માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | | | | |
| ૧. * | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૧–શહેરી... એલોપેથી<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>રૂ. ૭,૨૦,૮૦,૪૨,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૨૦ થી ૫૧ | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં પોસ્ટમોર્ટમ કરવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨.* | — ” — | ૧૦૦ | દર્દીઓને પૂરતા પ્રમાણમાં જરૂરી સવલતો ઉપલબ્ધ કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૩.* | — ” — | ૧૦૦ | ડોકટરોની બેદરકારીના કારણે દર્દીઓના થતા અપમૃત્યુના બનાવો રોકવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૪.* | — ” — | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની ખાલી જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૫.* | — ” — | ૧૦૦ | ગરીબ દર્દીઓને સારવાર આપવામાં દાદવવામાં આવતી બેદરકારી નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૬.* | | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓના સગાઓ સાથે ડોકટરો ધ્વારા થતું અમાનવીય વર્તન રોકવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૭.* | — ” — | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોના ડોકટરોને પ્રાઈવેટ પ્રેકટીસ કરતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૮.* | — ” — | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં મૂકવામાં આવેલ અદ્યતન મશીનોનો નિષ્ણાતોના અભાવે ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૯.* | | ૧૦૦ | સિવિલ હોસ્પિટલોમાં સ્વચ્છતા જાળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૦.* | — ” — | ૧૦૦ | કેન્સરના દર્દીઓને જરૂરી દવાઓ સસ્તા ભાવે મળે તેવું આયોજન કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૧.* | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૨–શહેરી... પધ્ધતિ<br>૧૦૧–આયુર્વદ<br>રૂ. ૪૮,૭૧,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૫૪ થી ૬૪ | ૧૦૦ | આયુર્વેદ હોસ્પિટલોમાં નિષ્ણાત ડોકટરોની ઘટ સત્વરે દૂર કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૨.* | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૩–ગ્રામીણ.. એલોપેથી<br>૧૦૩–પ્રાથમિક... કેન્દ્રો<br>રૂ.૧,૫૧,૭૦,૪૩,૦૦૦ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે લાંબા સમયથી ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની નિષ્ફળતા. | |

| | | | | |
|---|---|---|---|---|
| | અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૭૫ થી ૭૭ | | | |
| ૧૩.* | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૩–ગ્રામીણ.. એલોપેથી<br>૧૦૩–પ્રાથમિક... કેન્દ્રો<br>રૂ.૧,૫૧,૭૦,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૭૫ થી ૭૭ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં દવાઓનો પુરવઠો સમયસર અને નિયમિત પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૪.* | — " — | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ડોકટર અને સ્ટાફની નિયમિત/સમયસર હાજરી ન હોવાને કારણે દર્દીઓને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૧૫.* | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૬–જાહેર આરોગ્ય<br>૧૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૬,૬૯,૨૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૩૦ થી ૧૩૬ | ૧૦૦ | ધારાસભ્યો/સંસદસભ્યોએ લખેલા પત્રો અંગે જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૬.* | — " — | ૧૦૦ | કચેરીના કથળેલા વહીવટી તંત્રને સંગીન કરવા અને કર્મચારીઓની નિયમિત હાજરી જળવાય તે માટે ફીંગર પ્રિન્ટ મશીનો મૂકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૭.* | — " — | ૧૦૦ | કચેરીમાં બદલીઓ કરવામાં ચાલતી ગેરરીતિ નિવારી વહીવટમાં પારદર્શકતા લાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૮.* | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૬–જાહેર આરોગ્ય<br>૧૦૧–રોગોનું.... નિયંત્રણ<br>રૂ. ૧,૨૯,૮૪,૮૬,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૪૧ થી ૧૫૬ | ૧૦૦ | મેલેરીયાના વધતા જતા ઉપદ્રવને અટકાવવામાં ગેરકાયદેસર ચાલતી લેબૉરેટરીઓ તાકીદે બંધ કરાવી દેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૧૯.* | ૨૨૧૦–તબીબી... આરોગ્ય<br>૦૬–જાહેર આરોગ્ય<br>૧૦૪–ઔષધ નિયમન<br>રૂ. ૩૬,૭૪,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૫૭ થી ૧૬૫ | ૧૦૦ | ગેરકાયદેસર ચાલતી લેબૉરેટરીઓ તાકીદે બંધ કરાવી દેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૦.* | — " — | ૧૦૦ | બ્લડ બેંકો દ્વારા લોહીની યોગ્ય ચકાસણીના અભાવે દર્દીઓને થતા એચ.આઇ.વી. રોગાને અટકાવવામાં તંત્રની ઘોર નિષ્ફળતા. | |
| ૨૧.* | — " — | ૧૦૦ | દૂધમાં થતી વ્યાપક ભેળસેળને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૨.* | — " — | ૧૦૦ | ઉનાળામાં ઠેરઠેર શેરડીઓના સંચાઓની સફાઇના અભાવે જનતાના સ્વાસ્થ્ય ઉપર પડતી વિપરીત અસર અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૩.* | — " — | ૧૦૦ | શુદ્ધ ઘીના મોટા પાયે નકલી ઘી વેચતા ગુનાઓરોના નેટવર્કને તોડવામાં | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા. | |
| ૨૪.* | — ” — | ૧૦૦ | ખાદ્ય પદાર્થોમાં વ્યાપક ભેળસેળના બનાવો થતા રોકવામાં તંત્રની નિષ્ફળતા. | |
| **માગણી નં. ૪૦** | | | | |
| ૨૫.* | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસુતિ... આરોગ્ય<br>રૂ.૨,૫૬,૫૯,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>નં. ૧૯૧ થી ૧૯૪ | ૧૦૦* | આંતરિયાળ વિસ્તારોમાં સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ હેઠળ પ્રસુતિકાળ દરમ્યાન માતાઓને જરૂરી આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૬.* | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૩-પ્રસુતિ... આરોગ્ય<br>રૂ.૨,૫૬,૫૯,૩૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૯૧ થી ૧૯૪ | ૧૦૦ | નવજાત શીશુઓના આરોગ્યની સઘન ચકાસણી / આરોગ્યલક્ષી લેવાઓની ઉણપ હોવાને કારણે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેવી પડે છે તેવી પરિસ્થિતિ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | |
| ૨૭.* | ૨૨૧૧-પરિવાર કલ્યાણ<br>૧૦૪-પરિવહન<br>રૂ. ૮૬,૧૩,૦૦૦<br>અં.પ્ર.નં.૧૧<br>પા.નં. ૧૯૫ થી ૧૯૬ | ૧૦૦ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં લાંબા સમયથી બંધ હાલતમાં રહેલા વાહનોની મરામતની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૮.* | — ” — | ૧૦૦ | જુનાગઢ જિલ્લાના તાલાલા તાલુકામાં લાંબા સમયથી બંધ હાલતની એમ્બ્યુલન્સ વાનની મરામત કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br><br>**માગણી નં. ૫૧** | | | | |
| ૨૯.* | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ... સવલતો<br>૧૦૧-પ્રવાસન કેન્દ્રો<br>રૂ. ૨,૫૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં. ૧૦૩ | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રો પરથી પ્રવીસીઓને સ્થળ અંગે પૂરતું માર્ગદર્શન સરળતાથી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૦.* | — ” — | ૧૦૦ | પ્રવાસીઓ માટે જરૂરી સવલતો સમયસર પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૧.* | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ... સવલતો<br>૧૯૦-જાહેર ક્ષેત્ર... સહાય<br>રૂ.૪,૦૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં. ૧૦૫-૧૦૬ | ૧૦૦ | ધાર્મિક સ્થળોના વિકાસના કામો ઝડપથી પૂર્ણ કરવા તેમજ જરૂરી સવલતો પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૨.* | ૩૪૫૨-પ્રવાસન<br>૦૧-પ્રવાસીઓ... સવલતો<br>૮૦૦-અન્ય ખર્ચ<br>રૂ. ૧,૦૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં. ૧૦૭ | ૧૦૦ | કૈલાસ માનસરોવરની યાત્રાએ જનાર પ્રવાસીઓને પ્રવાસ શરૂ થતાં અગાઉ સહાયની રકમ સત્વરે ચૂકવાય તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૩.* | — ” — | ૧૦૦ | કૈલાસ માનસરોવરની યાત્રા અને અમરનાથ યાત્રા માટે યાત્રીઓને | |

| | | | | |
|---|---|---|---|---|
| | | | મળતી સહાય / સવલતો બાબતે નિયમિત રીતે આમજનતાને જાણકારી આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૪.* | — " — | ૧૦૦ | ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડને અનુદાનની રકમ સમયસર ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૫.* | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૩,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં. ૧૦૮–૧૦૯ | ૧૦૦ | કચેરીના બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૬.* | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિદેશ અને વહીવટ<br>રૂ. ૨૩,૧૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પા.નં. ૧૦૮–૧૦૯ | ૧૦૦ | વિદેશી પતંગબાજો / પ્રવાસીઓને અપાતા લાભો રાજયમાં આવતા અન્ય પ્રવાસીઓને પણ આપવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૭.* | — " — | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રોમાં સ્વચ્છતાના અભાવે પ્રવાસીઓ ઉપર પડતી વિપરીત છાપ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૩૮.* | — " — | ૧૦૦ | પ્રવાસન કેન્દ્રોમાં ટોયલેટની સ્વચ્છતા અને પૂરતા પાણીની વ્યવસ્થા કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | |

*** આ કાપ દરખાસ્તો સભ્યશ્રીઓએ રજૂ કરી નહીં**

(સતત અંતરાય ) વિરોધપક્ષના ગૃહમાં હાજર રહેલ સભ્યો દ્વારા 'નગ્ન તસ્વીર જોનારાઓને ડીસમીસ કરો, ડીસમીસ કરો' ના સૂત્રોચ્ચારો.(સતત અંતરાય )

અધ્યક્ષશ્રી : પ્લીઝ, આપ બેસી જાવ. પ્લીઝ, (સતત અંતરાય ) માનનીય પ્રદિપસિંહ..

આ તબક્કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યશ્રીઓ દ્વારા પ્રશ્નોત્તરીની બુકને ફાડીને અધ્યક્ષશ્રી તરફ ફેંકતા વેલમાં આવીને કાગળાના ટુકડા ઉડાડવામાં આવતા હતા. (સતત અંતરાય) વિરોધપક્ષના હાજર રહેલ સભ્યો દ્વારા 'નગ્ન તસ્વીર જોનારાઓને ડીસમીસ કરો, ડીસમીસ કરો' ના સૂત્રોચ્ચારો.(.. સતત અંતરાય .. )

# પોઇન્ટ ઓફ ઓર્ડર

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્ય કક્ષાના સંદીય બાબતોના મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, સતત ૩ દિવસથી આ સન્માનનીય સભાગૃહને ખોરંભે પાડવા માટેનો સિલસિલો કોંગ્રેસ પક્ષ દ્વારા કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, રોજ સૂત્રોચ્ચાર થાય છે, રોજ દેખાવો કરવામાં આવે છે, રોજ પ્રદર્શનો કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપની સમક્ષ વિધાસનભાનું અગત્યનું સાહિત્ય ફાડીને આપના ટેબલ સુધી, આપની સામે ફેંકવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમોનું ઉલ્લંઘન છે, માનનીય અધ્યક્ષશ્રીના આદેશનું ઉલ્લંઘન છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના નિર્ણયનું ઉલ્લંઘન છે. માનનીય અધ્યક્ષશ્રી, દરેક ધારાસભ્યો માટે પ્રશ્નોત્તરી એ સૌથી અગત્યનો કાળ હોય છે અને આ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રી, દરેક ધારાસભ્ય પોતે ટ્રેઝરી બેંચ સમક્ષ પોતાના વિષયો મૂકીને એનો પ્રશ્ન પૂછી શકે અને સવાલ પૂછી શકે છે, એનો હિસાબ માગી શકે છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં છેલ્લા ત્રણ દિવસથી પ્રશ્નકાળ જેવો અગત્યનો સમય પણ ચાલવા દેવામાં આવતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાએ સંસદીય પ્રણાલિકાઓ અને નિયમો પ્રમાણે જ ચાલે. માનનીય અધ્યક્ષશ્રી, એક વખત આપે નિર્ણય આપ્યો હોય કે આ સન્માનનીય સભાગૃહની અંદર આપ શાંતિ જાળવો. સભાગૃહનું કામ ચાલવા દો પણ નિયમ બહાર de hors the rules પ્રમાણે સમગ્ર સભાગૃહને બાનમાં લેવા

માટેનો જે પ્રયાસ થઇ રહ્યો છે અને માનનીય અધ્યક્ષશ્રી, કેવા સંજોગોમાં? માનનીય અધ્યક્ષશ્રી, આજે રાજ્ય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતના આદિજાતિ વિકાસને લઇને, સમગ્ર ગુજરાતના વન વિકાસને લઇને, સમગ્ર ગુજરાતની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને લઇને, આજે ગુજરાતમાં શાંતિ, સલામતી, સુરક્ષા છે એની જ ચર્ચા કરવાની હોય. માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાતની અંદર શ્રમ અને રોજગારી આપણે ઉપલબ્ધ કરાવીએ છીએ એવા વિષયોની ચર્ચા કરવાની હોય. આવા અત્યંત રાજ્ય સરકાર માટે અને ગુજરાતની પ્રજા માટે અગત્યના વિષયો છે. આ વિષયોની પણ ચર્ચા નહિ થવા દઈને માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષ પોતે ( સતત અંતરાય અને ક્ષ્નગ્ન તસ્વીર જોનારાને ડિસમિસ કરોના, સતત સૂત્રોચ્ચાર, તથા વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા કાગળો ફાડીને ઉડાડીને ફેંકવામાં આવ્યા) માનનીય અધ્યક્ષશ્રી, વિપક્ષ પોતે જણાવે એ પ્રમાણે જ સન્માનનીય સભાગૃહનું કામ થાય અને તેમના જણાવ્યા પ્રમાણે જ આપ નિર્ણય લો, માનનીય અધ્યક્ષશ્રી, આવો દુરાગ્રહ, આવો હઠાગ્રહ અને સમગ્ર સંસદીય પ્રણાલિકાને બાનમાં લેવાનો જે પ્રયાસ થઇ રહ્યો છે, માનનીય અધ્યક્ષશ્રી, આપણી વિધાનસભા એ પ્રણાલિ પ્રમાણે ચાલે, વિધાનસભાના નિયમો પ્રમાણે ચાલે. (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, નિયમ-૫૭, નિયમ-૪૭, નિયમ-૫૨, એના અનેક પેટા નિયમો છે પરંતુ આ તમામ નિયમોનું આપના આદેશ પછી પણ ઉલ્લંઘન કરવામાં આવે છે. માનનીય અધ્યક્ષશ્રી, આપના પહેલાના અનેક પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલા નિર્ણય અનુસાર, આ લોકશાહીનું મંદિર એવા સન્માનનીય સભાગૃહનું સૂચારૂ સંચાલન કરી રહ્યા છો, આપ પ્રજાના પ્રશ્નોને અહીંયા વાચા આપવા માટે સતત પ્રયત્નશીલ છો. એવા સંજોગોમાં લોકશાહીના મંદિરમાં આ પ્રમાણે કાગળો ઉડાડીને, કાગળ ફાડીને અધ્યક્ષશ્રી ખુરશી સુધી કાગળો ફેંકીને, એમનો જે પ્રયાસ કરી રહ્યા છે, એ માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ હિસાબે ચાલે નહીં. (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ ગુજરાતની ગલીઓમાં,હિસાબ દો, જવાબ દો, ની વાત કરે અને ગુજરાતની સરકાર જયારે આ સર્વોચ્ચ સંસ્થા, વિધાનસભાની અંદર આ સરકાર, શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ હેઠળની, અમે કરેલા કામોનો અમે હિસાબ આપવા માટે તૈયાર છીએ, અમે જવાબ આપવા માટે તૈયાર છીએ. માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાને, હિસાબ દો, જવાબ દો, ના નામે આંદોલન કરે અને અમે જયારે અહીંયા હિસાબ આપવા તૈયાર હોઇએ, જવાબો આપવા માટે તૈયાર હોઇએ અને માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રમાણે અવરોધ કરીને, ખલેલ પહોંચાડીને સભાગૃહનું કામ નહીં ચાલવા દઇને, જે પ્રયાસ કરે છે, તે ચાલે નહીં. માનનીય અધ્યક્ષશ્રી, દરેક વિભાગોની માગણીઓ અને આ માગણીઓમાં તેઓને પ્રજાના નાણાં સત્તાધારી પાર્ટીએ કયાં વાપર્યા, અમે ગુજરાતનો આ વિકાસનો દસકો, શા માટે ગુજરાત દેશ અને દુનિયામાં નંબર-વન છે ? શા માટે ગુજરાતને દેશ અને દુનિયાના લોકો મૉડેલ સ્ટેટ તરીકે જુએ છે ? ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગોની માગણીઓ જેમાં અમે પાઇ-પાઇનો હિસાબ આપવા માટે તૈયાર છીએ, ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આજે દેશમાં પરિસ્થિતિ એવી થાય છે, (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર) કેન્દ્રમાં રોજ એક નવું કૌભાંડ ખુલે છે, એમની પોલ ખુલતી જાય છે (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર) અને કોલસાનું પણ કૌભાંડ આપણે જોયું છે. દસ લાખ કરોડ રૂપિયાનું કૌભાંડ. માનનીય અધ્યક્ષશ્રી, એમની આ જે પોલ ખુલતી જાય છે, (સતત અંતરાય અને સતત સૂત્રોચ્ચાર) એ પોલ ખુલતી જાય છે એની સામે, માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહનું અન્યત્ર ધ્યાન દોરવા માટે, પ્રજાનું ધ્યાન અન્ય જગ્યાએ દોરવા માટે આ સન્માનનીય સભાગૃહ, આ લોકશાહીનું મંદિર, આ સંસદીય પ્રણાલિઓનું જતન અને કોંગ્રેસ દ્વારા જે રીતનો પ્રયાસ કર્યો છે, માનનીય અધ્યક્ષશ્રી, હું આપને વિનંતી કરું છું કે, તેમને નેઇમ કરવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય સંસદીય મંત્રીશ્રી તરફથી ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલા વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૨ હેઠળ નેઇમ કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હોવાથી હું ગૃહની કાયર્વાહીને અવરોધવા બદલ વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓને નિયમ-૫૨ હેઠળ નેઇમ કરું છું.

# સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

**સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગે**

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આપે નેઈમ કરેલા તમામ સભ્યોને આજના દિવસની ગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે.

**શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રદિપસિંહજીના આ પ્રસ્તાવને ટેકો આપું છું.

**પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી :** વિરોધ પક્ષના તમામ સભ્યશ્રીઓને ગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે. હું સલામતી અધિકારીઓને આદેશ આપું છું કે તેમને વિનમ્રતાપૂર્વક સભાગૃહમાંથી બહાર લઈ જાય ગૃહને વિરામ સુધી મુલતવી રાખું છું. (સવારના ૯–૫૧)

(થી સવારના ૧૧–૦૦ વાગ્યા સુધી સભાગૃહ મુલતવી રહયું)

**વિરામ બાદ સવારના ૧૦–૩૦ થી ૧૧–૦૦**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી આત્મારામ મ. પરમાર(ગઢડા)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નં.૩૯, ૪૦ અને ૫૧ લઈને જે આવ્યા છે એ સંબંધમાં સમર્થન આપીને હું મારા વિચારો વ્યક્ત કરું છું.

ભારતીય જનતા પાર્ટીની આ સરકારે પ્રવાસન પ્રવૃત્તિને ગુજરાતમાં વેગ મળે એ માટેના પ્રયત્નો ઘણા વર્ષોથી શરૂ કર્યા છે, ખાસ કરીને પ્રવાસન પ્રવૃત્તિના ઉદ્યોગોને દરજ્જો આપવાનું કામ ભાજપના શાસનમાં ૧૯૯૭ માં થયું. ત્યારબાદ આ પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તે માટે ૨૦૦૬ ની સાલને પ્રવાસન વર્ષ તરીકે પણ આપણે ઊજવણી કરી હતી. ગુજરાત એક એવો વિસ્તાર છે કે જ્યાં ડુંગરો છે, પર્વતો છે સાથે દરિયો પણ છે. અંબાજીથી શરૂ કરીને ઉનઈ અને સાપુતારા સુધી પર્વતોની હારમાળા છે. એવી રીતે ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો પણ છે, ત્યારે એકબાજુ વિશાળ રેતીનું રણ છે અને બીજી બાજુ હજારો એકરમાં ફેલાયેલ પાણીનું નળસરોવર પણ છે. આ રીતે ગુજરાતમાં ભૌગોલિક વિસ્તાર એવો છે કે એમાં સ્વાભાવિક પણે પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે, પણ કમનસીબી એ રહી છે કે અત્યાર સુધી આ વિષય તરફ ધ્યાન આપવું જોઈએ તે પૂર્વના શાસકોએ ધ્યાન આપ્યું નહોતું. એના પરિણામે ગુજરાતની પ્રવાસન પ્રવૃત્તિને વેગ નહોતો મળ્યો. હમણાં હું એક ઈન્ટરનેશનલ ફ્લાઈટમાં ગયેલ હતો. એમાં જે ઈનફ્લાઈટ બુક આપવામાં આવે છે, એમાં વિશ્વના ત્રણ–ચાર ઉત્સવોનો ઉલ્લેખ હતો અને એ પૈકી એક કચ્છના રણોત્સવનો એમાં ઉલ્લેખ હતો. વાત મારે એટલા માટે કહેવી પડે છે કે ગુજરાત સરકારનું પ્રવાસન ખાતું પ્રસિદ્ધિની બાબતમાં પણ એટલું ચિંતિત છે કે જ્યાં પણ તક મળે છે, ત્યાં ગુજરાતના પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળે તે માટેના પ્રયત્નો એમના રહે છે. હમણાં તો અમિતાભ બચ્ચન બ્રાન્ડ એમ્બેસેડર બન્યા પછી ટીવી શરૂ કરીએ તો, ખુશ્બુ ગુજરાત કી,કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા. સરકારની જે પ્રવાસન પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાની જે ચિંતા છે, એની પાછળનાં અનેક કારણો છે. કે આ પ્રવાસન પ્રવૃત્તિના માધ્યમથી સરકાર ગામડાંમાં રોજગારીની મોટામાં મોટી અને વિશાળ તક પૂરી પાડે છે, ગામડાંના નાના નાના ઉદ્યોગો એની ચીજવસ્તુઓના વેચાણથી માંડીને ટ્રાન્સપોર્ટેશન સુવિધામાં જોડાયેલા લોકો અને આ પ્રવૃત્તિની સાથે જે રોજગારીની તક વિશેષ છે એ બીજાં તમામ ક્ષેત્રો કરતાં પ્રવાસન ક્ષેત્રમાં રોજગારીની તક વિશેષ છે.

મારે સાપુતારાની વાત કરવી છે, એમ તો વાત કરવી હોય તો છ મહત્વના ધાર્મિક સ્થળોની છે, સોમનાથ, ડાકોર, દ્વારકા, પાલીતાણા, અંબાજી અને જૂનાગઢનો ગરવો ગિરનાર, એની પણ વાત કરી શકાય,

પણ દુનિયામાં સ્વીઝરલેન્ડ માટે એમ કહેવાતું હતું કે દુનિયાનું સ્વર્ગ સ્વીઝરલેન્ડમાં છે પણ તમે સાપુતારાની મોન્સુન સીઝન તમે જો અનુભવી હોય તો સાપુતારાનો ચોમાસાનો સીનસીનેરિયો જોયો હોય તો મિત્રો, તો આપણે એમ કહેવું પડે કે હિન્દુસ્તાનનું જો કોઇ સ્વર્ગ હોય તો એ અહીં છે, અહીં છે અને એ સાપુતારામાં છે. સાપુતારાના દિવસોમાં સતત વરસાદથી આચ્છાદિત વાદળો, માનનીય અધ્યક્ષશ્રી, આપણે સાપુતારામાં હોઇએ તો આપણી પડખેથી પાણી ભીનું વાદળ હાલતું હોય એવું લાગે, તમે કોઇ રૂમમાં રોકાયા હોય અને બારી ખોલો તો વરસાદ સાથેનું વાતાવરણ વાદળ રૂમમાં આવે, તમે ટેબલ પોઇન્ટ ઉપર જાઓ તો એક એવા પ્રકારનું વાતાવરણ કે જિંદગીમાં બીજું કાંઇ ન કરો તો કંઇ નહીં, બીજે ન જઇ શકો તો વાંધો નહીં, પણ તમારે ફકતને ફકત પ્રવાસન અને એક માનસિક શાંતિ માટે હું માનું છું કે, સાપુતારાનું મોન્સુન સેશન જેને કહી શકાય એમાં જિંદગીમાં એક વાર તો જવું જોઇએ, જવું જોઇએ અને જવું જોઇએ. એ પ્રકારનું વાતાવરણ જયારે ત્યાં છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, હવે તો પરિસ્થિતિ એવી છે કે, સાપુતારામાં તમે ગમે ત્યારે જાઓ, તો ઓલ ટાઇમ ફુલ, તમને કોઇ જગ્યાએ રૂમો મળે નહીં, શેર બજારની ભાષામાં હું વાત કરું, માનનીય જયનારાયણભાઇ, આપની ભાષામાં તો સાપુતારા ઓલ ટાઇમ હાઇ, ઓલ ટાઇમ હાઇ, ઓલ ટાઇમ હાઇ, સાહેબ, એ પ્રકારની સાપુતારાની પરિસ્થિતિ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જે વાત કરવી છે કે, ગ્રામ આરોગ્ય અને શાળા આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ કદાચ હું એમ માનું છું કે, ગુજરાતમાં આવનારા દિવસોમાં સમૃધ્ધ ગુજરાતની વાત કરતા હોઇએ ત્યારે સ્વસ્થ ગુજરાત, અને સ્વસ્થ ગુજરાત બનાવવું હોય તો શરૂઆત એની પાયામાંથી કરવી પડે. મારે જે વાત કરવી છે એ છે કે, વ્યકિતની જેમ ઉંમર વધતી જાય એમ રોગની ખબર પડે એની દવાઓ શરૂ થાય, પણ એને પાયામાંથી ડામવાની વાત જો હોય, શરૂઆતના તબકકેની એ રોગને પારખીને ડામી દેવાની વાત હોય તો મને એમ લાગે છે કે, સરકારની જે સાચી ચિંતા છે તે એ છે કે, આવનારા દિવસોમાં સ્વસ્થ ગુજરાતનું, તંદુરસ્ત ગુજરાતનું નિર્માણ કરવું હશે તો એનો બેઝ શાળાઓ સાથે સંકળાયેલો છે અને આ સરકારે શાળાના વિદ્યાર્થીઓની આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ શરૂ કર્યો છે ત્યારે શાળાના બાળકોની તપાસણી થાય, સામાન્ય તપાસણી પછી કયાંક ખબર પડે તો સુપર સ્પેશ્યાલિટી માનનીય અધ્યક્ષશ્રી, એની સારવાર થાય અને એવા સંજોગોમાં હૃદય, કિડની અને કેન્સર જેવા રોગોની સારવાર થાય છે ત્યારે અત્યાર સુધીના કાર્યક્રમોમાં લગભગ સાતેક હજાર જેટલા શાળાના વિદ્યાર્થીઓની હૃદયની સારવાર થઇ છે. લગભગ ૧૫૦૦ જેટલા કિડનીના રોગોને આપણે ઇનિશિયલ સ્ટેજે ડિટેક્ટ કરી શક્યા છીએ અને કેન્સર માટે પણ હજારથી વધારે બાળકોને આપણે સારવાર આપી શકયા છીએ. એ તો ઠીક છે પણ આટલી નાની ઉંમરના બાળકોની શાળા આરોગ્યની તપાસના માધ્યમ દ્ધારા કિડની ટ્રાન્સપ્લાન્ટનું આપણે કામ કરી શકયા છીએ. આ બહુ મહત્વની વસ્તુ છે. મારે એક પ્રસંગ જે બન્યો છે એ પ્રસંગ આ હાઉસ સમક્ષ મૂકીને મારે વાત એ કરવી છે કે આવા શાળા આરોગ્ય તપાસણીના કાર્યક્રમ દ્ધારા જયારે શાળાના આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ ચાલતો હતો ત્યારે એક બાળકની તપાસણીમાં ક્યાંક એમને ડોકટરને મુશ્કેલી જણાય એટલે ફરી એની તપાસણી કરી અને પછી ડોક્ટરે શિક્ષકને જાણ કરી અને એ શિક્ષકે સાંજના એ વિદ્યાર્થીના વાલીને નિશાળમાં બોલાવ્યા અને નિશાળમાં બોલાવ્યા પછી એ ડોકટરે કહેલી વાત કે આ બાળકના હૃદયમાં ખામી છે. આવી વાત સાંભળે ત્યારે ગામડાનો અભણ-અબુધ વાલી એને જ્યારે એમ ખબર પડે કે એના જીગરનો ટુકડો હૃદયની સમસ્યાથી મુશ્કેલી અનુભવી રહ્યો છે ત્યારે એને માટે તો જાણે આભ તૂટી પડ્યું એ માણસ એનું સાનભાન ગુમાવી બેઠો અને એ વખતે આ શાળાના શિક્ષકનો હેતાળ અને પ્રેમાળભર્યો હાથ એના માથા પર જાય છે, ફેરવે છે અને એમ કહે છે કે ભાઇ, તું ચિંતા ન કર તમારા દિકરાને જે હૃદયની સમસ્યા છે, હાર્ટની જે મુશ્કેલી છે એ મુશ્કેલીના નિદાન માટે જે કાંઇ ખર્ચ થનારો છે ખર્ચ ગાંધીનગરમાં બેઠેલો અમારો ગુજરાતનો નાથ નરેન્દ્રભાઇ મોદી આપવાનો છે. આ વાત એટલા માટે કરવી પડે છે કે આ સરકાર સાચા અર્થમાં જેને કહી શકાય એ નોંધારાનો આધાર બનવાનું કામ આ સરકારે કર્યું છે. જેને કયાંકને ક્યાંક સહારાની જરૂર પડે એવા લોકોને સહારો આપવાનું કામ આ સરકારે કર્યું છે ત્યારે મારે એટલું જ કહેવું છે કે, પ્રાથમિક શાળામાં બાલ્યાવસ્થામાં આવા રોગોની ચકાસણી થાય તો સ્વાભાવિક છે કે તમે એને ઇનિશિયલ સ્ટેજ પર સારવાર આપીને એને

બચાવી શકો છો. આવનારા દિવસોમાં હું એમ માનું છું કે કદાચ શાળા તપાસણીનો કાર્યક્રમ એ ફકત વિદ્યાર્થીઓ માટેની આરોગ્યની તપાસણીનો કાર્યક્રમ નથી આવનારા દિવસોમાં ગુજરાતનું હેલ્થ કેવું રહેશે, ગુજરાતના યુવાનોની તંદુરસ્તી કેવી રહેશે? એને તપાસવા માટેની એક પારાશીશી સમાન આ કાર્યક્રમ છે ત્યારે આ કાર્યક્રમોની પ્રસંશા કર્યા સિવાયનો બીજો કોઇ વિકલ્પ આપણી પાસે રહેતો નથી. કેવા લોકો માટે કાર્યક્રમ થાય છે? ગરીબ ગામડાના વિદ્યાર્થીઓ માટે આવા કાર્યક્રમોનું આયોજન થાય છે ત્યારે મારે બીજી પણ એક નવી વાત લઇને માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે અમૃતમ. આ અમૃતમ યોજનાને માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે રકમની જોગવાઇ કરી છે કુટુંબનો આધાર આજીવિકા મેળવનારો માણસ કોઇ જીવલેણ બિમારીનો ભોગ બને, એકનો એક કમાનાર માણસ હોય ઘર એના ઉપર ચાલતું હોય અને એને કંઇ કશું થાય તો ઘર એનું ખેદાન મેદાન અને છીન્ન–ભિન્ન થઇ જાય છે. એવા પ્રકારની જે જીવલેણ બિમારીઓ છે અને આ ગરીબીની રેખા નીચે જીવતા માણસો, ગરીબ કુટુંબો એ મોત સામે મુકાબલો કરી શકે નહીં, નિરાશ થઇ જાય અને જિંદગી પ્રત્યેની લાલસાઓ ઘટી જાય અને એવા લોકો મોત સામે મુકાબલો કરીને મોતને પાછા હેલી શકે એ માટેની હૈયામાં હામ ભરવાનું કામ આ ગુજરાતના મુખ્યમંત્રીએ કર્યું છે અને અમૃતમ્ નામની યોજના લાવીને ગરીબી રેખા નીચે જીવતા ગરીબ કુટુંબોને આવા પ્રકારની સારવાર આપવા માટેની સરકારી સહાયની જોગવાઇ આ મુખ્યમંત્રીશ્રીએ ગરીબો માટે કરી છે. અને અમૃતમ્ નામની યોજના લાવીને ગરીબીની રેખા નીચે જીવતા ગરીબ કુટુંબોને આવા પ્રકારની સારવાર આપવા માટેની સરકારી સહાયની જોગવાઇ આ મુખ્યમંત્રીશ્રીએ ગરીબો માટે કરી છે. અમારે તો જે કામ કરવાનું હોય તે જ કરીએ છીએ. જે લોકોને મદદ પહોંચાડવાની હોય તેમને જ પહોંચાડીએ છીએ. મારા મિત્રો અહીંયા હાજર નથી, આમને જે કામ કરવાનું હોય તે નહિ કરવાનું, કોંગ્રેસની મેન્ટાલિટી આ, અને ન કરવાનું હોય તે કામ કરવાનું, હમણાં બે દિવસથી કોલસાવાળું પ્રકરણ ચાલે છે. માનનીય અધ્યક્ષશ્રી, કેવડો મોટો ભ્રષ્ટાચાર? ૧૦ લાખ ૬૩ હજાર કરોડનો ભ્રષ્ટાચાર, કેવડો મોટો ભ્રષ્ટાચાર, અને આ ભ્રષ્ટાચારનું ખાતું કોના હાથમાં? મૌનિબાબાના હાથમાં અને ડાયરેક્ટ – સીધો સંપર્ક જેની પાસે છે, આપણે એમ માનતા હતા કે આ કંઇક થોડુંક સારું છે કંઇક એમ. પણ આ તો એ પણ ખરાબ, આખો કરંડિયો ખરાબ નીકળ્યો. આખો કરંડિયો ખરાબ, કરંડિયો એટલે કેરી રાખેને એ, કરંડિયો એટલે એ, ટોપલો કહેવાય, અમે એને કરંડિયો કહીએ છીએ કેરી રાખવા માટેનો, આમાં એક કેરી ખરાબ હોય તો આખો કરંડિયો ખરાબ, આખું ગોત્ર ખરાબ, પેલો દાખલો હાઉસમાં.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

## સમાંતર વિધાનસભા અંગે

**શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( કાયદો મંત્રીશ્રી)**: માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા સંકુલ, આ સંકુલની અંદર જ્યારે એક વખત સન્માનનીય સભાગૃહની અંદર કાર્યવાહી ચાલી રહી હોય, અને જ્યાં આપની હકુમત છે, એવી આપની હકુમતના વિસ્તારની અંદર પૅરેલલ–સમાંતર વિધાનસભા, પ્રશ્નોત્તરી અને અન્ય સ્વરૂપે વિપક્ષ દ્વારા જે આયોજન કરવામાં આવ્યું છે, આ પ્રમાણેના આયોજનથી સભાગૃહની અંદર પ્રશ્નોત્તરીમાં ભાગ લેતા નથી, વિભાગની માગણીઓમાં ભાગ લેતા નથી અને ગૃહની બહાર જઇને આ સન્માનનીય સભાગૃહની બહાર જઇને આ પ્રમાણેની સમાંતર વિધાનસભા, મોક વિધાનસભા માટેનું વિપક્ષ દ્વારા જે આયોજન કરવામાં આવ્યું છે તે આપના ધ્યાન પર મૂકું છું અને આ સંદર્ભે હું આપનું માર્ગદર્શન માગું છું.

અધ્યક્ષશ્રી : વિધાનસભા ગૃહની અંદર તમામ સભ્યશ્રીને પોતાના પ્રશ્નો રજૂ કરવા માટે પૂરેપૂરી તક આપવામાં આવે છે અને આ જ પ્રકારનું કાર્ય જ્યારથી વિધાનસભા શરૂ થઇ, ત્યારથી ખૂબ સારી રીતે ચાલી રહ્યું હતું, છેલ્લા ત્રણ દિવસથી સર્વે સભ્યશ્રીઓએ જોયું છે કે પ્રશ્નોત્તરીનો જે સમય છે એ બધા માટે ખૂબજ અગત્યનો સમય હોવા છતાં પણ વિપક્ષ તરફથી એ પ્રશ્નોત્તરી ચાલવા દેવામાં આવતી નથી અને જે વિભાગોની માગણીઓ છે એમાં પણ અતિ મહત્વના કહી શકાય એવા ગૃહ વિભાગ, આદિજાતિ વિભાગ એવા મહત્વના વિભાગોમાં પણ અડચણો ઉભી કરવામાં આવે છે અને ગૃહ જ્યારે ચાલતું હોય ત્યારે ગૃહ ચાલવા

દેવું નહિ એમાં અવરોધો ઉભા કરવા, કાગળો ઉછાળવા આ પ્રકારના જે કંઇ વિપક્ષના ધારાસભ્યશ્રીઓ તરફથી જે કાર્યો થયાં છે એ ખૂબ જ ટીકાત્મક છે, આ ગૃહના અવમાન સમાન છે અને ત્યારબાદ આ ગૃહની જે હદ મર્યાદા છે પ્રિમાઇસીસ છે એની અંદર કોઇપણ કાર્ય કરવું હોય તો અધ્યક્ષની પરવાનગી લેવાની હોય છે આ પ્રકારના કાર્યો જો વિપક્ષ તરફથી બહાર થઇ રહ્યા હોય તો તે આ ગૃહના અવમાન સમાન છે જેથી હું આની સખત શબ્દોમાં ટીકા કરું છું અને એમને ઠપકો આપું છું.

શ્રી આત્મારામ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે સરકારની અનેક પ્રકારની યોજનાઓ છે...

અધ્યક્ષશ્રી : સુરક્ષા અધિકારીઓને પણ મારી વિનંતી છે કે આ કાર્યક્રમ વિનમ્રતાપૂર્વક બંધ કરાવવામાં આવે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી આત્મારામ મ. પરમાર** : માનનીય અધ્યક્ષશ્રી, સરકારની અનેક પ્રકારની યોજનાઓ આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવી છે. કેન્દ્ર સરકારના અનેક એવોર્ડો પણ આરોગ્ય વિભાગને મળ્યાં છે પણ મારે જે વાત કરવી છે ગામડાંના અને શહેરના ગરીબ માણસોની લાગણી સાથે જેનો સીધો તાર પહોંચે છે એવી એક નવી સ્કીમ મુખ્યમંત્રીશ્રી આ વખતે આરોગ્ય વિભાગના માધ્યમથી જયારે લાવ્યા છે ત્યારે અને એ સ્કીમ એ છે કે, ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને ગુણવત્તાયુકત દવાઓ મળે. કયાંક અને કયાંક દવાની બાબતમાં કયાંક તેની ગુણવત્તાઓ નથી જળવાતી એવા પણ કયાંક પ્રશ્નો ઉભા થાય છે ત્યારે સામાન્યમાં સામાન્ય માણસ, નાનામાં નાનો માણસ, છેવાડાના માણસ સુધી ગુણવત્તાયુકત દવાઓ પહોંચી શકે તેની ચિંતા આ સરકારને છે. અને ગુણવત્તાયુકત દવાઓ તો પહોંચે જ છે પણ એવી કેટલીક દવાઓ છે જે ખૂબ મોંઘી હોય છે સામાન્ય જનને પોષાય એવી તેની કિંમત હોતી નથી. એવા સંજોગોમાં ચાલુ સાલથી આ સરકારે ગુણવત્તાયુકત અને મોંઘી દવાઓ લોકોને સસ્તા ભાવે મળી શકે તે માટે આ સરકારે પહેલી વખત દવા માટે અલગ સ્વતંત્ર કોર્પોરેશનની સ્થાપના કરવા માટે જે નાણાંકીય જોગવાઇ કરી છે તેને હું મારા હૃદયપૂર્વકના અભિનંદન આપું છું. આ વસ્તુનું અત્યારે પ્રોવિઝન છે, સરકાર નવી સ્કીમ લઇને આવી છે પણ આવનારા દિવસોમાં હું એમ માનું છું ગુજરાતના ગરીબો માટે, ગુજરાતના છેવાડાના માણસો માટે, હોસ્પિટલમાં દાખલ થતાં જરૂરિયાતમંદ દર્દીઓ માટે આ દવાઓનું જે સેપરેટ કોર્પોરેશન, સ્વતંત્ર કોર્પોરેશન બનાવવાની જે જોગવાઇ છે તેની રકમોમાં જયારે ઉત્તરોત્તર વધારો થશે ત્યારે આ ગુજરાતના ગરીબોને રાહત દરે અને ગુણવત્તાવાળી દવાઓ મળી શકશે એ માટેના સિમાચિન્હ્ રૂપ જે નિર્ણય છે તેને અમે આવકારીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આટલું કહીને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને ગૃહમાં આવ્યાં છે ત્યારે તેમની માગણીઓને સમર્થન આપીને હું મારા વિચારોને વિરામ આપું છું.

**શ્રી રાજસીભાઇ વિ. જોટવા(સોમનાથ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબરઃ ૩૯, ૪૦ અને ૫૧ જે લઇને આવ્યાં છે તેને મારું સમર્થન આપું છું અને તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે વિસ્તારમાંથી આવું છું તે મારો મત વિસ્તાર સોમનાથમાંથી આવવું હોય ત્યારે પ્રવાસનની મારે વાત કરવી તે યોગ્ય લાગશે. એટલા માટે કે સોમનાથના મંદિરનો જીર્ણોદ્ધાર થયા પછી વર્ષોથી બાર જયોતિર્લિંગ પૈકીનું પ્રથમ જયોતિર્લિંગ સોમનાથ મંદિરમાં આવેલું છે. ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની તેમના ટ્રસ્ટી તરીકે છેલ્લા બે વર્ષથી નિમણૂક થઇ છે. અને જે રીતે સોમનાથનો વિકાસ થઇ રહ્યો છે એનો ખ્યાલ ત્યાં નજરે જુઓ તો જ આવી શકે તેમ છે. ભૂતકાળમાં ઘણા લોકો ત્યાં આવ્યા હશે, પરંતુ આજે આવે તો કંઇક જુદું જ લાગશે કે આપણે સોમનાથમાં આવ્યા છીએ કે કયાંક બહારના દેશમાં છીએ, આવો વિકાસ અમારા સોમનાથમાં આજે પ્રવાસન વિભાગ તરફથી થઇ રહ્યો છે. હમણાં જ મહા શિવરાત્રિનું પર્વ ગયું, હું ત્યાં મહા શિવરાત્રિના દિવસે બપોરના ૧૨–૦૦ વાગ્યે આરતીના દર્શન કરવા માટે ગયો ત્યારે સુરક્ષા અધિકારીઓએ મને વાત કરી કે ૧૨ વાગ્યા સુધીમાં દોઢ લાખ જેટલા માણસોએ દર્શન કર્યા છે અને સાંજ સુધીમાં બીજા દોઢ લાખ માણસો દર્શન માટે આવશે. આમ સોમનાથના મંદિરનો જે રીતે વિકાસ થયો છે તેના કારણે એક જ દિવસમાં ત્રણ ત્રણ લાખ માણસો ત્યાં આવતા થયા છે. સાથે સાથે સોમનાથનું મંદિર હિન્દુ સમાજ માટે આસ્થાનું સ્થાન છે. ત્યાં આવતા લોકો ગુજરાતના હોય કે બહારના હોય પણ ત્યાં પોતાનું માથું નમાવી અને માનતા પૂરી કરતા હોય છે. આવા સોમનાથના મંદિર માટે માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઇ વ્યાસ અને માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે પ્રયાસો કર્યા છે અને હજારો કરોડો રૂપિયાના આજે કામો ચાલી રહ્યા છે એક વર્ષમાં તમે ત્યાં જુઓ તો કેટલાયે કામોનો ઉમેરો થઇ રહ્યો છે.

સોમનાથ પાસે ત્રિવેણી ઘાટ આવેલો છે. આ ત્રિવેણી ઘાટમાં ત્રણ નદીઓનો સંગમ થાય છે. આપણે બધા પિતૃ શ્રાદ્ધ માટે ત્યાં જતા હોઇએ છીએ. ભૂતકાળમાં તમે જુઓ તો એ નદીમાં કાદવ, ધૂળ અને કીચડ સિવાય કશું જ મળતું નહોતું. હું તેનો સાક્ષી છું. પરંતુ આજે હું ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીને અને ગુજરાતના સિંચાઇ મંત્રીશ્રી નીતિનભાઇને એટલા માટે યાદ કરું છું કે આ ઘાટ ઉપર ૨૩ કરોડનો બંધારો બનાવ્યો છે અને આજે એ કાર્યરત થઇ ગયો છે. આજે ત્યાં હોડીઓ જાય છે. ઉનાળાની સીઝન હોવા છતાં સામે કાંઠે જવું હોય તો હોડીમાં બેસીને જવું પડે છે. અને આજે ભૂતકાળ કરતા વિશેષ લોકો ત્યાં પિતૃ શ્રાદ્ધ કરવા આવે છે. આ રીતે જળસંપત્તિ વિભાગે પણ આ પ્રવાસનમાં એક છોગું ઉમેર્યુ છે. મારા મત વિસ્તારની સાથે સાથે જ સાસણ ગિર આવેલું છે. મારા પડોશમાં જ સિંહોનો વસવાટ થાય છે. મારા મત વિસ્તારની બાજુમાં સાસણનું જંગલ આવેલું છે. ડાલામથા સિંહો ત્યાં આંટા ફેરા મારતા હોય છે. આ જંગલ આજ કાલનું નથી. એ જંગલ તો પહેલા પણ હતું, પહેલા મુખ્ય મંત્રીશ્રીઓ કોણ હતા, ત્યારે શું કર્યુ અને શું થયું, વાવાઝોડું આવ્યું, જંગલો કપાઇ ગયા, વેચાઇ ગયા, તેવી બધી વાતોમાં હું પડવા માગતો નથી. પરંતુ છેલ્લા ૧૦ વર્ષમાં જંગલોની અંદર જે વિકાસ થયો છે તેને કારણે ત્યાંના રહેવાસી તરીકે મને આજે કહેતા ગૌરવ થાય છે કે એ સાસણ ગામની વસ્તી ફક્ત ૬ હજારની છે. પણ આ વેકેશનમાં સાસણ ગામમાં ૧૨ હજાર પ્રવાસીઓ હતા. છ હજારની વસ્તી અને ૧૨ હજાર પ્રવાસીઓ સાસણની અંદર આવે છે એટલે કયાંય જગ્યા ન મળે એટલે પ્રવાસીઓ ગામની અંદર ટેન્ટમાં રહે છે. પહેલા આ સાસણ ગામની અંદર એક લાખ રૂપિયે જમીન કોઇ લેવા તૈયાર નહોતું આજે ત્યાં ૨૦–૨૦ લાખ રૂપિયા આપતાં પણ જમીન મળતી નથી. આવો એક જબરજસ્ત ઉછાળો આવ્યો છે, એ આ માનનીય મુખ્યમંત્રીશ્રીના પ્રયત્નોથી આવ્યો છે. હમણાં જ માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ ગુજરાતના બ્રાન્ડ એમ્બેસેડર અમિતાભ બચ્ચનની વાત કરતા હતા. તેઓએ સાસણમાં આવીને ખુશ્બુ ગુજરાત કી ની જાહેરાત આપી એના લીધે સાસણ ગિરમાં લોકો સિંહો જોવા માટે ઉમટી પડયા. દેશ વિદેશના પ્રવાસીઓનો ઉમેરો થયો છે. હર હંમેશ જુનાગઢ જિલ્લાની અંદર પ્રવાસીઓનું યોગદાન રહ્યું છે. એમાં જોઇએ તો ગરવો ગિરનાર હોય, નરસિંહ મહેતાનો ચોરો હોય કે અડીકડીની વાવ હોય. એક કહેવત છે કે અડીકડી વાવને નવઘણ કૂવો, જે ન જુએ તે જીવતો મૂવો. જૂનાગઢ જિલ્લામાં ઘણા બધા જૂના અવશેષો આવેલા છે. આ બધી પુરાતન

વસ્તુઓ ઉપર ભૂતકાળમાં કોઇ સરકારે ધ્યાન આપ્યું નહોતું ત્યારે વર્તમાન સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રીની પ્રવાસન તરફ દોટ મૂકેલ છે ત્યારે પ્રવાસનમાં જબરજસ્ત સરકારનું યોગદાન રહ્યું. હું વિશેષ વાત આ પ્રસંગે નથી કરતો. પરંતુ મારે આરોગ્ય વિભાગ વિશે બે વાત કરવી છે.

જૂનાગઢ જિલ્લામાંથી હું આવુ છું. દરિયાકાંઠા ઉપરથી આવું છું. વર્ષોથી દરિયાકાંઠે રહીએ છીએ. ઉઠીને જયારે જોઇએ ત્યારે સામે દરિયો દેખાય. ત્યાં કેવા રોગો હતા લોકોને શું સુવિધા મળતી હતી એની વાત મારે કરવી છે અને આરોગ્ય સુવિધામાં આ સરકારે શું વધારો કર્યો છે એ વાત કરવા માગું છું. આ તબક્કે હું એટલું કહીશ કે પહેલુ સુખ તે જાતે નર્યા. નિર્મળ ગુજરાત સ્વચ્છ ગુજરાત, હેલ્થ ઇઝ વેલ્થ. આ માનનીય મુખ્યમંત્રીશ્રીને જેટલા અભિનંદન આપીશ એટલા ઓછા છે. ભૂતકાળની અંદર આરોગ્યની કોઇપણ જાતની સુવિધાઓ મળતી નહોતી. આ સરકારે આરોગ્યની સુવિધામાં ઘણો મોટો ઉમેરો કર્યો છે. ભૂતકાળની અંદર જે સરકારો હતી એ વખતે ગામડાંની અંદર આરોગ્યની કોઇ સુવિધા મળતી નહોતી.

# પોઇન્ટ ઓફ ઓર્ડર

### મોક વિધાનસભામાં સભ્યશ્રીઓ ન હોય તેવાને ભાગ લેતા અટકાવવા અંગે

**શ્રી નીતિનભાઇ ર. પટેલ ( જળસંપત્તિ મંત્રીશ્રી) :** માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય પ્રદિપસિંહજીની રજૂઆત ઉપર માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી કે જે મોક વિધાનસભા ચલાવવામાં આવે છે એ બંધ કરાવવામાં આવે. હાલ મળતી માહિતી પ્રમાણે અત્યારની વિધાનસભાના સભ્ય પણ નથી એવા બહારના લોકો અત્યારે કાર્યવાહી કરી રહ્યા છે અને અત્યારે એ ચાલુ છે તો ફરીથી આદેશ આપી જે અન્ય લોકો છે આ ગૃહના સભ્યો નથી એવા લોકો કાર્યવાહી કરે તો તાત્કાલિક એની ઉપર કાર્યવાહી કરે.

**સભાપતિશ્રી :** સલામતી અધિકારીઓને જણાવું છું કે તાત્કાલિક આ બાબતમાં માનનીય અધ્યક્ષશ્રીએ જે સૂચના આપી છે એનો અમલ કરે. માનનીય રાજસીભાઇ જોટવા..

**શ્રી રાજસીભાઇ વિ. જોટવા :** આરોગ્ય ક્ષેત્રે જિલ્લા કક્ષાની હોસ્પિટલો, સી.એચ.સી. પી.એચ.સી. આરોગ્ય કેન્દ્રની સુવિધા છેવાડાના ગરીબમાં ગરીબ માણસના છેવાડાના ઝૂંપડા સુધી પહોંચાડવાની સુવિધા ઉપલબ્ધ થઇ છે ત્યારે ગુજરાતની સ્થાપના થઇને ૫૧ વર્ષ પૂરાં થયાં છે. ગુજરાતમાં છ કરોડ લોકો આજે વસવાટ કરી રહ્યા છે. પરંતુ આજના આંકડા પ્રમાણે સરકારી હોસ્પિટલોમાં જેમણે સારવાર લીધી હોય તેવા ૩.૫ કરોડ લોકો છે એ ગુજરાત માટે મોટી વાત છે. એ ગુજરાત માટે મોટી વાત છે કે સાડા ત્રણ કરોડ લોકો સરકારી હોસ્પિટલોમાંથી સુવિધા લે છે. ત્યારે સી.એચ.સી. કે પી.એચ.સી. પહેલાં એક તાલુકા મથક ઉપર જો મોટું શહેર હોય તો એક હોસ્પિટલ હોય, નાનું શહેર હોય તો એક પી.એચ.સી. હતું. ગામડાંઓમાં કોઇ સુવિધા નહોતી. શહેરોમાં પણ જે સુવિધા હતી, મારું કહેવાનું એટલા માટે છે કે ભૂતકાળમાં જે આરોગ્યની સુવિધા હતી અને આજે આરોગ્યની સુવિધામાં એટલો ઉમેરો થયો છે, એ ગામડું હોય કે શહેર હોય, તાલુકા મથક ઉપર હોસ્પિટલો બની છે. તાલુકા મથક ઉપર સી.એચ.સી. બન્યા છે. ગામડાંમાં ૨૦,૦૦૦ની વસ્તી ઉપર એક પી.એચ.સી. સરકારે આપ્યું છે. આજે ત્યાં એમ.બી.બી.એસ. ડોકટરો સેવા આપે છે અને ગામડાંના લોકો રાજી થઇને સરકારી વિભાગ તરફથી જે સારવાર મળે છે એ સારવાર લે છે. માનનીય મંત્રીશ્રી જયારે આ માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી અનિલકુમાર અ. માળી(દિયોદર) :** માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય પરિવાર કલ્યાણ મંત્રીશ્રી આદરણીય જયનારાયણભાઇ વ્યાસ સાહેબ માગણી ક્રમાંક–૩૯,૪૦ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયનો વિકાસ, જયારે સમગ્ર દેશમાં તમામ ક્ષેત્રે નં.૧ હોય ત્યારે મારે કહેવું પડે કે ગુજરાતના નં.૧માં આરોગ્ય વિભાગનો ખૂબ મોટો અગત્યનો સિંહ ફાળો છે. આરોગ્ય વિભાગના

અંધત્વ નિવારણ વિષે મારે બે-ચાર વાતો કરવી છે. માનવીના જીવનમાં આંખ, એટલે કે દ્દષ્ટિનું ખૂબ મહત્વનું યોગદાન છે. માનવીમાં જો દ્દષ્ટિ ન હોય તો તેનું જીવન ખૂબ અંધકારમય બની જતું હોય છે. માનવીને ઘણાં કારણોસર દ્દષ્ટિ ગુમાવવાનો વારો આવે છે. આમ તો માતાના ગર્ભમાં બાળક હોય ત્યારે માતાને પૂરતું પોષણ ન મળવાને કારણે બાળકની તંદુરસ્તી ઉપર ખૂબ મોટો ખતરો ઉભો થાય છે અને તેના કારણે પણ ઘણાં રોગો થવાને કારણે બાળકને દ્દષ્ટિ ગુમાવવી પડે છે. માનવીને અન્ય બીજાં કારણોથી, અકસ્માત થવાથી કે ડાયાબિટીશ જેવા રોગો થવાને કારણે દ્દષ્ટિ ગુમાવવી પડે છે. દ્દષ્ટિનો વિષય છે ત્યારે મારે એ વિષય ઉપર આવવું છે કે ગુજરાતની સરકાર, ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આદરણીય નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં ગુજરાતમાં કોઇ અંધ ન રહે અને જેને પણ દ્દષ્ટિની ખામી હોય તે દ્દષ્ટિની ખામીમાંથી ઝડપથી બહાર આવે તેના માટે અનેક વિધ કાર્યક્રમો કરવામાં આવે છે. હમણાં સમગ્ર દેશમાં ખૂબ મોટો કાર્યક્રમ, શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ આખા દેશમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ગુજરાતમાં શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ અંતર્ગત પહેલાં મારે થોડી વાત કરવી પડે કે બાળક શાળામાં ભણતું હોય, સુખી ઘરનું હોય, શહેરનું હોય, તેના વાલી ચિંતા કરે, થોડી તકેદારી રાખે પણ ગુજરાત રાજય ૧૮,૦૦૦ ગામડાંનું બનેલું રાજય છે ત્યારે હજારોની સંખ્યામાં શાળાઓ અને લાખોની સંખ્યામાં વિદ્યાર્થીઓ ગામડાંના હોય, તેના વાલીઓ અશિક્ષિત હોય અને બાળકમાં થોડી દ્દષ્ટિની ખામી હોય, બાળક મૂંઝાતું હોય, વાલીને વાત ન કરે અને વાલીએ કાળજી ન લેવાને કારણે આવનારા સમયમાં તેનું જીવન અંધકારમય બનતું હોય છે. ત્યારે આ સરકારની જે નેમ હતી કે છેવાડાના માનવી સુધી માતાના ગર્ભમાંના બાળકથી લઇને વૃદ્ધ સુધી ચિંતા કરતી હોય ત્યારે શાળામાં જતા બાળકની પણ ચિંતા આ રાજય સરકારે કરી છે. આરોગ્ય વિભાગ દ્વારા સમગ્ર રાજયના બાળકોમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત આંખની તપાસણીનો પણ કાર્યક્રમ હતો. અને મારે કહેવું પડે કે, ગુજરાતની અંદર આખા દેશમાં કોઇએ પહેલ કરી હોય તો આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી હતી. આમ તો આખા દેશની અંદર ચક્ષુદાનની અંદર ગુજરાત નંબર વન છે. અંધત્વ નિવારણ કાર્યક્રમની અંદર પણ જે કાર્યક્રમ ચાલે છે એમાં પણ ગુજરાત નંબર વન છે. ગુજરાત સરકાર અને આરોગ્ય વિભાગ નંબર વન છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે, વર્ષ ૨૦૧૦-૧૧ની અંદર ગુજરાતના ૭૨,૦૮,૬૯૮ બાળકોની આંખોની ચકાસણી કરવામાં આવી. જે પૈકી ૧૬,૦૯,૦૪૬ બાળકોમાં દ્દષ્ટિની ખામી જણાઇ. આરોગ્ય વિભાગના કામથી આટલા બધા બાળકોની આંખોની ખામી છે તેવી સરકારને ખબર પડી. એમાંથી ૧,૫૯,૯૩૩ બાળકોને ખામીના લીધે ચશ્માની જરૂર હતી એમને રાજ્ય સરકારે મફત ચશ્મા આપ્યા છે. વર્ષ ૨૦૧૧-૧૨ની અંદર ૫૭,૩૬,૮૨૩ બાળકોની આંખોનીતપાસણી કરવામાં આવી. જે પૈકી ૧,૪૪,૦૭૭ બાળકોની દ્રષ્ટિની ખામી હતી એમાંથી ૧,૧૫,૬૧૩ બાળકોને મફત ચશ્માં આપવામાં આવ્યા છે. અંધત્વ નિવારણના અંદર અનેકવિધ કાર્યક્રમો થકી મોતિયાના ઓપરેશનની અંદર આખા દેશનાં રાજ્યોને લક્ષ્યાંક આપવામાં આવેલ એમાં વધુમાં વધુ મોતિયાના ઓપરેશન જો કોઇ રાજ્યે કર્યા હોય તો એ ગુજરાત રાજ્યે અને આરોગ્ય વિભાગે કર્યા છે. આંખોના નિષ્ણાત તબીબો દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમની અંદર તપાસ થાય અને જરૂર જણાય તેમને મફત ચશ્મા પણ આપવામાં આવે છે. એમાં પણ રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા એની સમજ, માર્ગદર્શન, માહિતી અને પ્રસારના સાધનોનો ઉપયોગ, ટી.વી., રેડિયો, સમાચાર પત્રો દ્વારા લોક જાગૃતિ લાવવાનું ખૂબ મોટું અભિયાન આ સરકાર દ્વારા ચલાવવામાં આવ્યું છે. કોઇપણ રાષ્ટ્રનું ભવિષ્ય એના બાળકો પર નિર્ભર હોય છે. જે રાજ્યના બાળકો તમામ ક્ષેત્રે તંદુરસ્ત હોય, તે રાજય ખૂબ નિરોગી અને તંદુરસ્ત રહેતું હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ અંધત્વ નિવારણ કાર્યક્રમની અંદર સમગ્ર દેશમાં ગુજરાતે નંબર વન સ્થાન હાંસલ કર્યું છે. ત્યારે રાષ્ટ્રીય અંધત્વ નિવારણ માટે પાંચમી પંચવર્ષીય યોજનાના અંતે ૮૦ ટકા મોતિયાના ઓપરેશન માટે આ રાજ્ય સરકારે ૨૦૧૦-૧૧માં ૯૯.૫૭ ટકાના ઓપરેશનો નેત્રમણી સાથે કરી અને ખૂબ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. (સમય સૂચક ઘંટડી) સમય ખૂબ ઓછો છે આ વિષય ઉપર મારે બે ચાર-વાત કરવી છે એટલે બે-ચાર મિનિટ વધારવામાં આવે તેવી વિનંતી કરૂં છું.

પડકારોમાં કીધી પ્રગતિ જેની જગમાં ઉપમા અનેક,
માણસોના મહેરમાં મોદીજી, સ્નેહમાં જોડાયા છ કરોડ

માનનીય અધ્યક્ષશ્રી, મોતિયાના ઓપરેશનનો લક્ષ્યાંક ૨૦૦૯–૧૦માં સાત લાખનો હતો તેની સામે ૭,૩૪,૪૩૩ જેટલા મોતિયાના ઓપરેશન કરેલ છે અને એજ રીતે ૨૦૧૦–૧૧ની અંદર સાત લાખના લક્ષ્યાંક સામે ૭,૮૬,૯૫૭ અને ૨૦૧૧–૧૨માં પણ ૫,૭૦,૦૦૦ સામે ૫,૬૦,૪૯૮ જેટલા મોતિયાના ઓપરેશન કરેલ છે. આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ અંતર્ગત રાજ્યની પ્રજાને આરોગ્ય વિષયક સેવાઓ સુલભતાથી મળે તે માટે પેટા કેન્દ્રો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોથી માંડીને જનરલ હોસ્પિટલોની અંદર રાજય સરકારની કામગીરી ખૂબ જ પ્રશંસનીય રહી છે. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને સમર્થન આપી મારી વાત પૂરી કરૂંછું.

**શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(રખિયાલ)** : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયનારાયણભાઇ વ્યાસ આજે જે માગણી નં. ૩૯, ૪૦ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપુ છું અને મારા વિચારો રજૂ કરુ છું. રાજયની અંદર આરોગ્ય સેવાઓ કેવી છે, કેટલી છે એના કરતા ગુણવત્તાસભર કેટલી છે અને આ સેવાનો લાભ ગરીબમાં ગરીબ માણસ લઇ શકે છે કે કેમ? આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર દસ વર્ષથી આવી છે. એના પહેલા સરકારી હોસ્પિટલો અમુક હતી પરંતુ સુવિધાના નામે મીંડુ હતું. અગાઉ દસ વર્ષ પહેલા કોઇ સરકારી હોસ્પિટલમાં ગરીબ માણસ હોય તો પણ દાખલ થવા તૈયાર નહોતો. આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી આરોગ્યની સેવામાં ઉત્તરોત્તર વધારો થયો છે. સુવિધાયુકત સેવાઓ મળે છે. ગરીબમાં ગરીબ માણસ છેવાડાનો માનવી, આ સરકારી હોસ્પિટલમાં ઉત્તમ સેવાનો લાભ લઇ શકે છે. મારે સરકારી હોસ્પિટલો અંગે વાત કરવી છે. એમાં દવાઓ અને સાધનોની જે સુવિધા છે અહીંયા જે દવાઓ આપવામાં આવે છે એ એક સેન્ટ્રલ મેડીકલ સ્ટોર મારફતે આખા રાજયની અંદર જયાં જયાં આ મોટી હોસ્પિટલો, નાના દવાખાનાઓ છે ત્યાં એની જરૂરિયાત મુજબ દવાઓ આપવામાં આવે છે. અને આ દવાઓ ખરીદવાનું કામ ટેન્ડર સીસ્ટમથી કરવામાં આવે છે. ગુણવત્તાસભર દવાઓને જ પ્રાધાન્ય આપવામાં આવે છે અને આ દવાઓનો લાભ સિવિલ હોસ્પિટલની અંદર ફ્રી ગરીબ માણસો એનો લાભ લે છે. સાથેસાથે સાધનો, આ ભારતીય જનતા પાર્ટીની સરકારે નાનામાં નાનો ગરીબ માણસ હોય કે તવંગર હોય એને સરકારી હોસ્પિટલોમાંથી ઉત્તમ સાધનોની સેવાનો લાભ મળી શકે , અગાઉ અમદાવાદની સિવિલ હોસ્પિટલના મકાનો હતા પરંતુ સાધન સુવિધા નામે ઝીરો હતી. આજે હું બે–ચાર સાધનોની વાત કરીશ તો સિવિલ હોસ્પિટલની અંદર જે પ્રાઇવેટ હોસ્પિટલો દુનિયામાં જે સારવાર જે સાધનોથી ના કરી શકે એવા સાધનો છે. સિવિલ હોસ્પિટલમાં રોબર્ટથી રોબર્ટીંગ ઓપરેશનો કરવામાં આવે છે. રોબર્ટ દસ કરોડનું વસાવેલ છે. અને નીરીપ્લેસમેન્ટ થાય છે.૧૦ કરોડનો રોબોટ વસાવેલો છે. હમણાં યુ.પીની ચૂંટણીઓમાં રોબોટ ભાષણ કરતો હતો પણ અહીં તો ઓપરેશનો કરે છે. મારા મિત્રોએ શાળા આરોગ્ય કાર્યક્રમોની વાત કરી પરંતુ કાર્યક્રમો કેવા થાય છે? શાળા આરોગ્ય કાર્યક્રમોની અંદર જે બાળકોને સારવાર આપવામાં આવે છે એ કદાચ દુનિયામાં અદ્યતન છે, ભારતમાં બીજે ક્યાંય નથી. બાળકના હૃદયની દીવાલમાં કાણું હોય તો પહેલા હૃદય બંધ કરીને એનું કાણું બંધ કરવામાં આવતું હતું. આજે હૃદય ચાલું રહે અને એક છત્રી ફીટ કરે છે અને ૧૦ જ મિનિટની અંદર આ બાળક ઓપરેશન થિયેટરમાંથી બહાર આવી શકે છે અને બીજા જ દિવસે ખાતો–પીતો થઇ જાય છે. આ સુવિધા હિન્દુસ્તાનમાં સરકારી હોસ્પિટલમાં પહેલી છે, બીજે ક્યાંય નથી. એનાથી આગળ કહું તો હમણાં જ આપણા આરોગ્ય મંત્રીશ્રીએ સિવિલમાં ઉદ્દ્ઘાટન કર્યું અને બીજા જ દિવસે મિડિયામાં પણ આવ્યું હતું. ૧૭ કરોડના ખર્ચે એક એમ.આર.આઇ. મશીન અને એક સી.ટી. સ્કેન વસાવેલ છે. આ સી.ટી.સ્કેનની અંદર આખા શરીરના હૃદય સાથેના ફોટા સેકન્ડોમાં પડી શકે છે અને કોઇપણ જાતના સાધનોનો એમાં ઉપયોગ કરવો પડતો નથી. અત્યારે ૪ કેથલેબ સાથે ૪૫૦ પથારીઓ છે એમાં એક કેથલેબ એવી છે કે આ પેશન્ટને ઓપરેશનની જરૂર છે એવું નક્કી થાય તો આ એશિયાની પહેલી એવી કેથલેબ છે કે દર્દીને ફેરવવો પડતો

નથી અને ઓપરેશન પણ ઓપરેશન થિયેટરમાં લઇ ગયા વગર કરી શકાય છે. આપણા વિદ્વાન આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને હું મારો ટેકો આપીને મારી વાત પૂરી કરું છું.

**શ્રી ભુષણ અ. ભટ્ટ(ખાડીયા)** : માનનીય અધ્યક્ષશ્રી, સભાગૃહની અંદર રાજ્યના પ્રવાસન મંત્રી આદરણીય શ્રી જયનારાયણભાઇ જે ૫૧ નંબરની પ્રવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને હું સમર્થન સાથે સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને એમની આખી ટીમે વિકાસનો એક દસકો પૂર્ણ કર્યો છે ત્યારે સામી બેન્ચે બેસવાવાળાની * (xxxx)અને જે ખૂંચે છે એના પરિણામે છેલ્લા ચાર દિવસથી આપણે પરિસ્થિતિ જોઇ રહ્યા છીએ. એ વિવાદીઓને આજે (xxxx)એટલા માટે આ વિકાસની વાતો એમનાથી સહન થતી નથી. અને એ સહન નથી થતી ત્યારે આ વિવાદ જે લઇને સભાગૃહની અંદર કે સભાગૃહની બહાર જે વાત લઇને એ લોકો નીકળ્યાં છે કે 'હિસાબ આપો, જવાબ આપો' આદરણીય પ્રદિપસિંહજીએ સાચી વાત કરી કે, અહીંયા જ્યારે આખા વર્ષનો હિસાબ અપાય છે, જવાબ અપાય છે ત્યારે (xxxx) (xxxx) એ જવાબ સાંભળવાની તૈયારી નથી. એટલે આ (xxxx) કરીને છેલ્લા ચાર દિવસથી (xxxx) પણ મને ચોક્કસપણે શ્રધ્ધા છે કે આ વિવાદીઓને ગુજરાતની પ્રજા ૨૦૧૨ના ડિસેમ્બરની અંદર ૪૬૦ કરતાં વધારે વોલ્ટનો ઝટકો આ વિવાદીઓને આ વિકાસનો દસકો અને ગુજરાતની પ્રજા ચોક્કસપણે આપવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ જે વાત કરતો હતો કે વાત એ છે કે જે રીતે પ્રવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યાં છે કે ગુજરાતની અંદર છેલ્લા ૧૦ વર્ષથી જે વિકાસ થયો છે, આયોજનબદ્ધ રીતે વિકાસ થયો છે. આ વિકાસની વાત કરીએ તો, પ્રવાસનની વાત કરીએ તો આ રાજ્યની અંદર ૧૬૦૦ કિ.મી. જેટલો લગભગ દરિયા કિનારો છે. આ દરિયા કિનારાના વિસ્તારની અંદર, વિકાસનું આજદિન સુધી કોઇને ના સૂઝ્યું પણ આ રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે એનું આયોજનબદ્ધ રીતે જે રીતે ગોવાનો દરિયા કિનારો છે એ જ રીતે આ ૧૬૦૦ કિ.મી.ના દરિયા કિનારાના વિકાસની વાત કરી છે. જે રીતે છેલ્લા વર્ષની અંદર વાત કરી એ કે પ્રવાસન વિભાગ, એક સમય એવો આવ્યો હતો કે પ્રવાસન વિભાગની ઓફિસને તાળા લગાવી દેવા પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. ગુજરાત ટુરિઝમની ઓફિસને બંધ કરી દેવી પડે, એની સાઇટો, એની હોટલો કે એના જે કાફેટેરિયા હતા એ વેચી દેવા પડે એવી પરિસ્થિતિનું નિર્માણ આ રાજ્યની અંદર થયું હતું પણ આ દસકાની અંદર મને કહેતા આનંદ થાય છે અને ગૌરવ એટલા માટે લેવાનું મન થાય છે કે છેલ્લા વર્ષની અંદર ગુજરાતની અંદર જે પ્રવાસીઓ આવ્યાં એની અંદર ઉત્તરોત્તર વધારો થતો ગયો અને છેલ્લા વર્ષમાં ૩ લાખ કરતા વધારે પ્રવાસીઓ આ ગુજરાતની અંદર આવ્યાં. આખા દેશની અંદર જે પ્રવાસીઓ આવ્યાં એ ૧૦ ટકા જે પ્રવાસીઓ આવ્યાને એમાં ૧૬ ટકાનો વધારો એ માત્ર અને માત્ર ગુજરાતનો થયો છે. આદરણીય આત્મારામભાઇએ કચ્છની વાત કરી છે એટલે હું કચ્છની બહુ વાત નથી કરતો. રાજસીભાઇએ સોમનાથ અને ગિરની વાત કરી છે પણ એક નાનકડો પ્રયાસ કચ્છનું રણ એ કાંઇ હમણાંનું રણ નથી. આ કચ્છની અંદર રણ ઉત્સવ થવાથી એક નાનકડી સિરિયલ (અંતરાય)

**સભાપતિશ્રી :** પ્લીઝ, ભૂષણભાઇ, (xxxx)અને (xxxx)એ શબ્દો હું રેકર્ડમાંથી કાઢી નાંખુ છું.

**શ્રી ભુષણ અ. ભટ્ટ** : હા, હું એ શબ્દ પાછા ખેંચું છું તો હું જે વાત કરતો હતો કે કચ્છની અંદર જે રણ ઉત્સવ થયો. એક નાનકડી ટી.વી. સિરિયલે 'તારક મહેતાના ઊલટા ચશ્મા'એ સિરિયલનું આખું યુનિટ અહીંયા આવ્યું હતું અને એ યુનિટ અહીંયા આવવાથી એમણે ત્યાં જે એપિસોડ બનાવ્યાં એ દેશ અને દુનિયાની અંદર, આજે બહારથી પણ કેટલાક લોકોના ફોન આવે કે કેટલાક લોકોને મળવા માટે આવે તો એમ કહે કે, આવતા વર્ષે તમે અમારું બુકિંગ એ કચ્છના રણ માટે ભૂષણભાઇ તમે કરી આપજો. આવું કહેનારો વર્ગ નીકળે છે. ૫૦,૦૦૦ કરતા વધારે લોકોએ આ સીઝન દરમ્યાન એની મુલાકત લીધી હતી.

---

* (xxxx) માનનીય સભાપતિશ્રીના આદેશાનુસાર આ શબ્દો પાછા ખેંચી લીધા હોવાથી અહેવાલમાંથી કાઢી નાંખવમાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક નાનકડો પ્રયાસ. જે રીતે બ્રાન્ડ એમ્બેસેડર આ માર્કેટિંગ યુગ છે, માર્કેટિંગનો જમાનો છે. આપણી જ વસ્તુ આપણે બજારમાં વેચી ના શકીએ અને આપણી વસ્તુને કોઇ જુએ પણ લે નહિ. માર્કેટિંગના યુગની અંદર આપણે ત્યાં આટલું બધું પોટેન્શીયલ હોય અને આપણે એનો પ્રચાર ના કરી શકીએ ? એક અમિતાભના આવવાથી કચ્છમાં, ગિરમાં, દ્વારકામાં, સોમનાથમાં, પોરબંદરમાં અને ગાંધી આશ્રમ અમદાવાદમાં કેટલા પ્રવાસીઓનો વધારો થયો. એક બ્રાન્ડ એમ્બેસેડર મૂકવાથી આપણે આપણી પ્રોડક્ટને કારણે દેશ અને દુનિયામાંથી કેટલા લોકોનો, કેટલા પ્રવાસીઓનો વધારો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, જે વાત પ્રવાસન વિભાગે કરી છે, પતંગ ઉત્સવની વાત કરીએ, તો લાગે કે પતંગ ઉત્સવ બહુ નાની વાત છે. પણ આ પતંગ ઉત્સવ થવાથી મને ખબર છે કે, હું જે ખાડિયા વિસ્તારમાંથી આવું છું ત્યાં પતંગનું બજાર લાગે છે. વર્ષોથી પતંગનું બજાર લાગે, પણ છેલ્લા ચાર–પાંચ વર્ષથી, મેં એમને હમણાં પૂછયું ત્યારે એમણે મને કહ્યું કે, અમે ભૂષણભાઇ પંદર દિવસ પતંગની દુકાન લગાવીએ છીએ ને, ત્યારે પહેલાં અમે જયારે પતંગની દુકાન લગાવતા હતા ત્યારે અમને પંદર દિવસ, મહિનો કે બે મહિના ચાલે એટલી રોજી મળતી હતી. આજે અમે દુકાન લગાવીએ છીએ પતંગની ત્યારે પંદર દિવસની દુકાન લગાવીએ છીએ અને ધંધો છ મહિના સુધી ચાલે છે. એક પરિવારનું ઘર છ મહિના સુધી ચાલે છે. પાંચસો લોકોની દુકાન હોય તો કેટલા લોકોને અંદર રોજી મળી રહે? આ પતંગ ઉત્સવની વાત છે. એક નાનકડી વાત કહેવાય એમ કે, અમિતાભજીએ પણ ખાડિયામાં આવવાનું સ્વીકાર્યું, પતંગ મહોત્સવનો કાર્યક્રમ, પતંગ ઉત્સવની વીડિયો ઉતારવા માટે. અને એ પણ ગૌરવની વાત થાય કે, ગુજરાત ટુરિઝમના સહયોગથી એ પણ મારે ત્યાં આવવાનું એમને આમંત્રણ મળ્યું, અને એ આવ્યા અને જેના પરિણામે, ઉત્તરાયણ નહતી છતાં પણ એ દિવસનું વાતાવરણ જાણે સમગ્ર ખાડિયા વિસ્તારમાં જાણે ઉત્તરાયણ હોય એવું વાતાવરણ થયું અને પચાસ હજાર, પંચોતેર હજાર કરતાં વધારે લોકો ભેગા થયા, જે આત્મારામ ભાઇ કહેતા હતા ને. નાના નાના છોકરાઓની વાત કહું, એમણે બેનરો બનાવ્યા, ‘અમિતાભજી તમારું સ્વાગત છે’. જેમ આત્મારામભાઇએ કહયું ને કે, ‘કચ્છ નહીં દેખા તો, કુછ નહીં દેખા’ તો નાના નાના છોકરા–છોકરીઓએ બેનરમાં અમિતાભને કહયું કે, ‘ખાડિયા નહીં દેખા તો, કુછ નહીં દેખા’. આ વિસ્તાર એ હેરિટેઝ વિસ્તાર છે, હિસ્ટોરીકલ વિસ્તાર છે અને એ ઇતિહાસની જાળવણી માટે થઇને તમે અમારા વિસ્તારની અંદર આવ્યા છો, તમારું સ્વાગત છે, આ ભાવ પેદા થયો એમને જોવા માટે થઇને. આ આપણી માર્કેટિંગની વાત છે, આ માર્કેટિંગનો જમાનો છે, આ માર્કેટિંગનો યુગ છે. આપણી પાસે પડેલી વસ્તુને આપણે બજારમાં નહીં વેચીએ તો કોણ વેચશે ? કે એને ખરીદવાવાળો કોઇ નહીં નીકળે અને છતાં વિરોધીઓ એમ કહે છે કે, તમે આટલો ખર્ચો કર્યો ? તમારી વાત બહુ સાચી છે, એમને જો સમજણ પડી હોત. અને આ પ્રવાસન પ્રવૃતિને કારણે પહેલી વખત હું તમને એમ કહું કે, આ સભાગૃહની મુલકાતે આવનારા લોકોને, અત્યારે જે છેલ્લા પંદર–વીસ દિવસથી સભાગૃહની મુલાકાતે આવે છે, નીચે કેમ્પસમાં અનેક એવોર્ડો જે રાજયના મુખ્યમંત્રીશ્રી અને એમની આખી ટીમને કારણે ગુજરાતને સવા બસ્સો કરતાં વધારે એવોર્ડો મળ્યા છે. એમાંનો એક એવોર્ડો જો મળ્યો હોય તો એ પ્રવાસનને કારણે મળ્યો છે. એ એવોર્ડો પણ આજે નીચે મૂકવામાં આવ્યા છે. સવા બસ્સો, અઢીસો કરતાં વધારે એવોર્ડો મળ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એવું કહેવાનું આજે એટલા માટે મન થાય કે, આ દેશની અંદર જે સરકાર ચાલી રહી છે, એ આ એવોર્ડો જોઇને, આ કામ જોઇને...

**સભાપતિશ્રી :** પ્લીઝ, ભૂષણભાઇ પૂરું કરો.

**શ્રી ભુષણ અ. ભટ્ટ** : મારે લાંબી વાત નથી કરવી. અમદાવાદ ટુરિઝમ માટે બે મિનિટ વાત કરીશ. આ બધા એવોર્ડ જોઇને કેટલાક સામી પાટલીએ બેઠેલા લોકોને એમ થાય કે અમને એવોર્ડ મળવો જોઇએ તો એક એવોર્ડ એવો પણ નીકળવાનો છે કે આઇ.સી.એમ.આઇ.એ આવો ઇન્ટરનેશનલ એવોર્ડ ઇટાલી કરપ્શન મની ઇન્ટરનેશનલ એવોર્ડ એ આખા દેશનો આવનારા દિવસોમાં આ પાટલીવાળાને મળવાનો છે. હું એમાં પડવા માગતો નથી પણ એટલું કહીશ કે અમદાવાદ શહેરની અંદરથી આવું છું. અમદાવાદની અંદર આવેલું કાંકરિયા તળાવ છેલ્લા ચાર પાંચ વર્ષ પહેલા કોઇએ કાંકરિયા તળાવ જોયું હશે તો એ અખબારોની અંદર રોજ એક બે કોલમ એવા આવે કે આજે કાંકરિયા તળાવની અંદર કોઇએ આત્મહત્યા કરી, કોઇએ

પોતાનું જીવન ટુંકાવ્યું હોય, કોઇ પ્રેમી યુગલે, કોઇએ નાપાસ થવાથી કોઇએ ઘર કંકાસ થવાથી આત્મહત્યા કરી આવી બે કોલમ રોજ અખબારની અંદર હોય જ. એ કાંકરિયા તળાવની ફરતે ચા, નાસ્તા, શેરડીના સંચા બધી જ લારીઓ ઉભી રહેતી હતી. કોઇને આ વિઝન ન દેખાયું. આદરણીય નરેન્દ્રભાઇ અને પ્રભારી મંત્રી આનંદીબહેન પ્રવાસન વિભાગને આ વિઝન દેખાયું કે આ કાંકરિયા તળાવની અંદર આપણે કંઇક કરવું જોઇએ અને એ વિઝન દેખાવાને કારણે આજે કાંકરિયા તળાવની અંદર શું બન્યું? તો કાંકરિયા તળાવ, પશ્ચિમના દેશની અંદર તમે અમેરિકામાં ડિઝની લેન્ડમાં જાવ એમ આજે કાંકરિયા એક વર્ષની અંદર દોઢ કરોડ લોકો કાંકરિયાની મુલાકાતે આવે છે. કાંકરિયા કાર્નિવલમાં ૨૫ મી ડિસેમ્બરથી પહેલી જાન્યુઆરી સુધીમાં ત્રીસ લાખ લોકોએ ભાગ લીધો. એની અંદર આવેલું કીડઝ સિટી, બટરફલાય પાર્ક, હિલીયમબલુન, અટલજીના નામથી જોડાયેલી અટલ એકસપ્રેસ, પ્રાણી સંગ્રહાલય, ઝુ, લેસર શો, આ એક માત્ર કાંકરિયા બનવાથી બે રૂપિયા એની એન્ટ્રી ફી જે કાંકરિયાની ફરતે લારીઓ હતી, સાંજ પડે એ લારીઓવાળા એનો વધેલો ઘટેલો બધો જ કચરો કાંકરિયામાં નાખતા હતા, કાંકરિયાનો આત્મહત્યા માટે ઉપયોગ કરતા હતા એની જગ્યાએ કાંકરિયા એક રમણીય સ્થળ બની ગયું છે અને એ રમણીય સ્થળ બનવાને કારણે આખા શહેરની કાયાપલટ થઇ. એવી જ રીતે આખા એશિયા ખંડની અંદર કયાંય આવો પ્રોજેકટ નહીં બન્યો હોય એવો પ્રોજેકટ એ સાબરમતી રીવર ફ્રન્ટ આકાર લઇ રહયો છે અને આવનારા દિવસોમાં જેનું ભૂમિ પૂજન આદરણીય નરેન્દ્રભાઇએ કર્યું છે એનું લોકાર્પણ પણ આદરણીય નરેન્દ્રભાઇ કરશે ત્યારે મારે એટલી જ વાત કહેવાની છે કે આવી અનેક બાબતો જયારે પ્રવાસન વિભાગની છે ત્યારે ગુજરાતની અંદર પ્રવાસન ક્ષેત્રનો વિકાસ થયો છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એ માગણીઓને હું સમર્થન આપી મારી વાત પૂરી કરું છું.

**શ્રી દેવુસિંહ જે. ચૌહાણ(માતર)** : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સમક્ષ માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના સમર્થનમાં ઉભો થયો છું. કોઇપણ દેશ હોય એ દેશની પ્રગતિનો માપદંડ, એ દેશ કેટલી પ્રગતિ કરે છે એ જોવા માટે યુ.એન.ડી.પી.એ થોડા માપદંડ સૂચવ્યા છે. એ પ્રગતિની પારાશીશીમાં રાજયની શિક્ષણ સુવિધા, દેશની શિક્ષણ સુવિધા, આરોગ્યની સુવિધા અને માથાદીઠ આવક રહેલી છે.

**અધ્યક્ષશ્રી, અધ્યક્ષ સ્થાને**

સમગ્ર દેશમાં ગુજરાત આજે માથાદીઠ આવક હોય, શિક્ષણ હોય કે આરોગ્ય હોય આ ત્રણેય ક્ષેત્રમાં સર્વોચ્ચ સ્થાને બિરાજે છે. આરોગ્ય સેવાની વાત કરું તો ગુજરાતની પ્રજા ખૂબ હોંશિયાર છે.અને સૂઝવાળી છે, એટલે આરોગ્યની નાડ ગુજરાતની પ્રજાએ ગુજરાતના બહુ યોગ્ય, બાહોશ મુખ્યમંત્રીશ્રીના હાથમાં સોંપી છે. સરેરાશ આયુષ્ય એ એક માપદંડ છે. વિશ્વના તમામ દેશો જે સરેરાશ આયુષ્ય જ્યાં લાંબામાં લાંબુ છે અને ઓછામાં ઓછું છે એ રીતે આ દેશના રાજ્યમાં પણ આરોગ્ય માટે આ સરેરાશ આયુષ્ય એક માપદંડ છે. વિશ્વમાં સૌથી ઓછામાં ઓછું આયુષ્ય આફ્રિકાના સ્વાજિલેન્ડ નામના દેશમાં છે. જ્યાં માત્ર ૩૯ વર્ષ, ૩૮ વર્ષ સરેરાશ આયુષ્ય માણસ જીવતો હોય છે. ભારતનું સરેરાશ આયુષ્ય ૬૨ વર્ષનું છે, પણ ગુજરાતમાં એ સરેરાશ આયુષ્ય વધે એ માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ બાળક જન્મે અને જન્મે તે જીવે એ માટેના અનેક કાર્યક્રમો આપ્યા છે. જયારથી માતાના પેટમાં ગર્ભ રહે, સગર્ભા માતા થાય ત્યારથી જ એની કાળજી રાખવાના કાર્યક્રમો કર્યા છે. હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવું છું. સામાન્ય રીતે ગામડાની બહેનો આરોગ્યની બાબતમાં થોડી અભાન હોય છે, ત્યારે પ્રથમ માસે જે ગામડાની બહેનો સગર્ભા હોય ત્યારે તેની નોંધણી થાય ત્યારથી એને રસીકરણ, ખોરાકની સુવિધાઓ, ખોરાકની કાળજી મળે તે માટે આરોગ્ય વિભાગની કાર્યકર્તાઓ એની કાળજી રાખતા હોય છે અને ઘરે ઘરે જાય છે અને શિક્ષણ આપે છે અને એને સમજાવે છે અને સામાન્ય રીતે કિશોરાવસ્થામાં જ જે દીકરીઓ આવનારા વખતમાં તે મા બનવાની છે. અને ગામડામાં આયર્નની કમી મોટા પ્રમાણમાં જાણવા મળી છે. આ આયર્નની કમી એનામાં ઓછી થાય અને બાળક તંદુરસ્ત જન્મે તે માટેના સઘન કાર્યક્રમો આપવામાં આવે છે. ચિરંજીવી યોજના હોય, બાળસખા યોજના હોય આ તમામ યોજનાઓ

સંસ્થાકીય પ્રસૂતિ વધે તે માટેની છે. કેમ કે ભૂતકાળમાં આ બાબતમાં સઘન કાર્યક્રમો કોઇએ નહિ આપેલા. થોડુંક અજ્ઞાન, સાધનોના અભાવ એના કારણે સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ ખૂબ જ ઓછું હતું. આજે સંસ્થાકીય પ્રસૂતિ લગભગ ૯૨ ટકા થાય છે. એમાં મહત્વનો રોલ હોય તો ૧૦૮ નો છે. ૧૦૮ ના કારણે મહિલાઓની પ્રસૂતિ દવાખાનામાં થાય છે. ૧૦૮ ની સ્થિતિ આપ સૌ જાણો છો. ભૂતકાળમાં એમ્બ્યુલન્સ એટલે કે સામાન્ય એમ્બ્યુલન્સ જેને કોઇનું મૃત્યુ થયું હોય ત્યારે એક શબ વાહીની તરીકે ઉપયોગ કરવામાં આવતો. એવી એમ્બ્યુલન્સની નામના હતી. કદાચ કોઇ અકસ્માત કે દવાખાનામાં માણસ જાય અને એને એમ્બ્યુલન્સની જરૂર પડે ત્યારે ખબર પડે કે એમ્બ્યુલન્સ છે પણ ડ્રાઇવર નથી. એમ્બ્યુલન્સ છે તો ડીઝલ નથી, એમ્બ્યુલન્સ છે તો ટાયર નથી. આવી એમ્બ્યુલન્સની સ્થિતિ હતી. એમાંથી ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રીએ અને આરોગ્ય વિભાગે ૧૦૮ ની સુવિધા અદ્યતન બનાવી. એટલું જ નહિ, પણ હમણા તો આઇ.સી.યુ. ઓન વ્હીલ્સ આપ્યા છે. મારે આગળ વધતા માહિતી આપવી છે કે ગુજરાત સરકાર અને નેશનલ હેલ્થ મિશનના સહકારથી આ રાજ્યમાં સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં ૧૨૦૦ કરોડના ખર્ચે અદ્યતન સિવિલ હોસ્પિટલ બનાવવાનું કામ ચાલી રહ્યું છે તેમાં હેલિપેડ બનાવવામાં આવ્યું છે એ હેલિપેડ એટલા માટે બનાવવામાં આવયું છે કે વિશ્વના વિકસિત દેશો જે રીતે ક્યાંક અકસ્માત થયો હોય, આગ લાગી હોય કે કોઇને તાત્કાલિક એનો જીવ મૃત્યુથી બચાવવાની ક્રિટિકલ અવસ્થા હોય ત્યારે હેલિકોપ્ટરથી લાવે છે તેમ ગુજરાતમાં પણ આવનારા વખતમાં રસ્તા ઉપર અકસ્માત થયેલ વ્યક્તિને હલિકોપ્ટરમાં લાવીને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં એને સેવા આપવમાં આવશે. આ દેશમાં આવી કોઇએ કલ્પના નહિ કરી હોય કે આવી રીતે પણ સેવા આપી શકાય છે. સામાન્ય રીતે ગામડાઓમાં ડોક્ટરોની તંગી હોય છે, પણ એ ડોક્ટરોની તંગી કેવી રીતે દૂર કરી શકાય એ માટે સમજણપૂર્વક ઉચ્ચ શિક્ષણની બેઠકો વધારી અને એના કારણે ગુજરાતમાં જ ડોક્ટરો તૈયાર થયા અને ગુજરાતના ડોક્ટરની નામના તો આપ સૌ જાણો છો. આજે મારા ખેડા, આણંદ જિલ્લામાં તો લોકો વિદેશથી અહીંયાં સારવાર કરાવવા માટે આવે છે. દાંતની, આંખની, હૃદયની સારવાર કરવા માટે આવે છે એ અહીંયાં કરાવે છે અને અહીંયાં આવ્યા પછી એ ખૂબ સરળતાથી કદાચ ટિકિટના ખર્ચામાં ઓપરેશન કરાવીને જાય છે. આવી અદ્યતન સગવડ ગુજરાતમાં છે. આવનારા વખતમાં આવી સગવડો વધે તે માટે હું આ માગણીઓને સમર્થન આપું છું.

# અધ્યક્ષશ્રીની જાહેરાત

## FSLના અહેવાલ અંગે

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે, ધારાસભ્ય -રાધનપુર શ્રી શંકરભાઇ ચૌધરીએ તારીખ ૨૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ વિધાનસભામાં તેમના વિશે પ્રસિધ્ધ થયેલા અભદ્ર સમાચારોના સંદર્ભમાં કેટલાક મિડીયાના અહેવાલોનો ઉલ્લેખ કરીને મારી સમક્ષ તેમને ન્યાય મળે તે હેતુથી તેમનો આઇપેડ મને સામે ચાલીને સુપ્રત કર્યો હતો અને એવી વિનંતી કરી હતી કે, તેમની સામે અભદ્ર વીડિયો ક્લીપીંગ વિધાનગૃહમાં જોવા અંગે થયેલા આક્ષેપો સંદર્ભમાં તેમને સંપૂર્ણ ન્યાય મળે તે માટે તેમના આઇપેડની વિગતોની સર્વગ્રાહી તપાસ કોઇપણ વૈજ્ઞાનિક સંશોધન દ્વારા તાત્કાલિક કરાવવી જોઇએ.

શ્રી શંકરભાઇ ચૌધરી, ધારાસભ્ય- રાધનપુર દ્વારા રજૂ કરવામાં આવેલ આઇપેડની વિગતવાર ચકાસણી માટે ફોરેન્સિક સાયન્સ લેબૉરેટરી, ગાંધીનગરને તા. ૨૧મી માર્ચ, ૨૦૧૨ના રોજ મારા દ્વારા સુપ્રત કરવામાં આવેલ, આ આઇપેડની વૈજ્ઞાનિક ચકાસણી FSL દ્વારા કરવામાં આવેલ છે, જેનો અહેવાલ તથા FSL માં આનુષાંગિક પૃથ્થકરણ થયેલા ડેટા સાથે રેકોર્ડસનું સીલ બંધ કવર મને આજે તા. ૨૩મી માર્ચ, ૨૦૧૨ના રોજ ફોરેન્સિક સાયન્સ લેબૉરેટરી, ગાંધીનગર દ્વારા મળેલ છે.

આ બનાવ સંબંધે છેલ્લા ત્રણ દિવસથી વિરોધપક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચારો / દેખાવો અને નિદર્શનો કરીને ગૃહની કાર્યવાહીને અવરોધવાના સતત પ્રયત્નો ચાલી રહયા છે, જે ખૂબ જ દુઃખદ બાબત છે. બનાવના કારણે ત્રણ દિવસથી આપણા સૌ માટે મહત્વના એવા પ્રશ્નકાળ દરમિયાન પ્રશ્નો હાથ પર ધરી શકાયા નથી અને જેને કારણે પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની ફરજમાંથી પણ આપણે બધા દૂર થઇ રહયા

હોય એમ મને લાગે છે. આ ઉપરાંત, અંદાજપત્રની મહત્વની એવી ગૃહ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ તથા આદિજાતિ વિકાસ વિભાગને લગતી માંગણીઓ ઉપર કોઈપણ જાતની ચર્ચા વગર આપણે વિરોધપક્ષના સભ્યશ્રીઓના અવરોધને કારણે પસાર કરવી પડી છે, તે બાબત પણ આપણા સૌના માટે ચિંતાજનક છે. ખાસ કરીને આદિજાતિ વિસ્તાર માટે મહત્વના એવા આદિવાસી વિકાસ વિભાગની માંગણીઓ જો ચર્ચાઈ હોત તો આ જાતિના લોકોના પ્રશ્નોને આપણે ગૃહમાં વાચા આપી શકયા હોત, પરંતુ ગૃહના માનનીય સભ્યશ્રીઓની માનહાનિ અને તેના પરિણામે આ સમગ્ર સભાગૃહની ગરિમાને ખંડિત કરે તેવા ગંભીર પ્રકારના બનાવને મુદ્દો બનાવીને વિરોધ પક્ષના સભ્યો તરફથી સતત ત્રણ દિવસથી ગૃહની કાર્યવાહીને અવરોધીને ગૃહને કામ કરતું બંધ કરવાના પ્રયાસો ખરેખર નિંદનીય છે. વિધાનસભાને સોંપેલ ફરજો અને જવાબદારીઓ અદા કરવામાં આપણે ચૂક કરીએ તો મને ચોક્કસ લાગે છે કે સંસદીય લોકશાહીના મંદિર સમાન આ સંસ્થાના અસ્તિત્વ વિશે લોક માનસ પર ઘેરા પ્રત્યાઘાતો પડશે. આ પરિસ્થિતિ કોઇ પણ રીતે લાંબો સમય ચલાવી લઇ શકાય નહીં તેમ હું ચોક્કસપણે માનું છું. ખાસકરીને આ ગૃહના માનનીય સભ્યો સંબંધમાં ઘટના બની છે ત્યારે આ ઘટનાને આપણે સૌએ વખોડી કાઢવી જોઇએ.

આ સંદર્ભમાં ફોરેન્સીક સાયન્સ લેબોરેટરીએ શ્રી શંકરભાઇ ચૌધરીના આઇ–પેડ અંગે જે ચકાસણી કરીને પૃથ્થકરણ અને અવલોકનો મારા ધ્યાને અહેવાલમાં મૂક્યા છે તેના તારણો હું આજે આ સભાગૃહ સમક્ષ મૂકું છું.

– આ આઇપેડમાં યુઝર તરીકે mlaradhanpur@gmail.com નો આઇ.ડી. આવેલ છે જે દર્શાવે છે કે આઇપેડનો ઉપયોગ શ્રી શંકરભાઇ ચૌધરી ધારાસભ્ય–રાધનપુર કરતા હતા.

– આમ આ આઇપેડ છેલ્લા કેટલાક સમયથી ધારાસભ્યશ્રી શંકરભાઇ ચૌધરી દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ છે.

– આ આઇપેડની વિગતો અને પત્ર–વ્યવહાર તપાસતા સ્પષ્ટ થાય છે કે છેલ્લા થોડા સમયથી શ્રી શંકરભાઇ ચૌધરી તેનો ઉપયોગ કરતા હતાં.

– ૨૦મી માર્ચ, ૨૦૧૨ના રોજ વિધાનસભાની બેઠક દરમ્યાન આ આઇપેડનો ઉપયોગ ઇન્ટરનેટ માટે કરવામાં આવ્યો નથી. એફ.એસ.એલ.ના અહેવાલ પ્રમાણે બપોરે ૧–૦૦ વાગ્યા પહેલા આ આઇ–પેડ દ્વારા ઇન્ટરનેટ સર્ફીંગ કરવામાં આવ્યું નથી તેથી વેબસાઇટ ઉપર જવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

– આમ, આ આઇ–પેડમાં ગૃહમાં ઇન્ટરનેટ સર્ફીંગ કે તેની વેબસાઇટો જોવાની બાબત સાબિત થતી નથી કે અશ્લિલ, વાંધાજનક કોઇ ફોટો કે કલીપીંગ કે રેકોર્ડીંગ ઇન્ટરનેટ પર જોવામાં આવ્યું નથી.

– આ આઇ–પેડમાં જે વિગતો સ્ટોર કરવામાં આવેલી છે તેમાં મુખ્યત્વે જુદા જુદા પ્રકારના અહેવાલો, પત્ર–વ્યવહારો, અખબારોના સમાચારોની વિગતો કે જેની એફ.એસ.એલ.દ્વારા ચકાસણી કરતા કુલ મળીને ૪૧૬૧ ફોટાઓ તથા ૧૧ જેટલા વીડિયો રેકોર્ડીંગ સ્ટોર કરવામાં આવેલ હતા.

– આ તમામ સ્ટોર કરેલા ફોટાઓ અને વીડિયો રેકોર્ડીંગની એફ.એસ.એલ. દ્વારા થયેલી ચકાસણીમાં પણ કોઇ પ્રકારનું અશ્લિલ, અભદ્ર કે વાંધાજનક હોય એવી એક પણ તસ્વીર કે એક પણ વીડિયો કલીપીંગ આ રેકોર્ડીંગમાં જોવા મળેલ નથી.

– ૨૦મી માર્ચ, ૨૦૧૨ના રોજ બપોરે ૧–૦૦ વાગ્યા સુધી એટલે ગૃહ પૂરું થયા પછી તેમણે ઇન્ટરનેટ ઉપર દિવસ દરમ્યાન જે સાત વેબપેજ જોયા તેની ચકાસણી કરતા તેમાં કોઇ અશ્લિલ, અભદ્ર કે વાંધાજનક ફોટા કે કલીપીંગ જોવા મળ્યા નથી.

આમ ઉપરોકત એફ.એસ.એલ.નો પૃથ્થકરણ અને અવલોકન સાથેનો જે અહેવાલ મને એફ.એસ.એલ. દ્વારા મળ્યો છે તે જોતા શંકરભાઇ ચૌધરી સામે થયેલા આક્ષેપો સંદર્ભમાં કોઇ અશ્લિલ, અભદ્ર કે વાંધાજનક ફોટાઓ કે વીડિયો કલીપીંગ તેઓ જોતા હતા તે સાબિત થતું નથી. શ્રી શંકરભાઇ ચૌધરી સામે થયેલા આક્ષેપો અંગે અખબારી અહેવાલોના સંદર્ભમાં મેં વિધાનસભાની વિશેષાધિકાર સમિતિને તપાસ સુપ્રત કરી છે આથી આ અંગેના ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી દ્વારા સુપ્રત થયેલા તમામ દસ્તાવેજો

ફોટાઓ, વીડિયો ક્લીપીંગ તથા વેબપેજની સઘળી વિગતો મને સીલબંધ કવરમાં એફ.એસ.એલ.દ્વારા આપવામાં આવી હતી તે તમામ હું વિશેષાધિકાર સમિતિને સુપ્રત કરું છું.

# માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ) (ક્રમશઃ)

**શ્રી જયનારાયણ ન. વ્યાસ આરોગ્ય અને પરિવાર કલ્યાણ** : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહ સમક્ષ હું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને પ્રવાસન વિભાગની માગણીઓ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ માગણીઓ ઉપરની કાપ દરખાસ્ત ગૃહમાં રજૂ થઇ નથી એટલે મારે એ મુદ્દે કોઇ ટીકા ટિપ્પણ કરવાની રહેતી નથી. આ ચર્ચાઓમાં માનનીય સભ્યશ્રી આત્મારામભાઇ પરમાર, માન.સભ્યશ્રી રાજસીભાઇ જોટવા, માન.સભ્યશ્રી અનિલભાઇ માળી, માન.સભ્યશ્રી વલ્લભભાઇ કાકડીયા, માન.સભ્યશ્રી ભુષણભાઇ ભટ્ટ અને માનનીય સભ્યશ્રી દેવુસિંહ ચૌહાણે ભાગ લઇને અમારા વિભાગની કામગીરી અને એ વિભાગો દ્વારા કરવામાં આવેલી સિદ્ધિઓને બિરદાવી છે અને ક્યાંક ઉપયોગી સૂચનો પણ કરવામાં આવ્યા છે. એ માટે માનનીય અધ્યક્ષશ્રી, હું આ સૌ સાથી માનનીય ધારાસભ્ય મિત્રોનો હૃદયપૂર્વકનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગને લાગે-વળગે છે ત્યાં સુધી હું ચોક્કસ એમ માનું છું કે, છેલ્લા લગભગ ચાર વર્ષથી વધુ સમયમાં ઘણી દિશામાં નેત્ર ઉદ્દીપક કામગીરી થઇ છે. માનનીય અધ્યક્ષશ્રી, હું શરૂઆત આ વિભાગને થતી ફાળવણીથી કરવા માગુ છું. ૨૦૦૭-૦૮ના વર્ષમાં આ વિભાગને કુલ ૧૨૩૮ કરોડ રૂપિયાની ફાળવણી થઇ હતી તે સામે ૨૦૧૨-૧૩ના અંદાજપત્રમાં કુલ મળીને જે જોગવાઇઓ કરવામાં આવી છે એ ત્રણ ગણો વધારો બતાવે છે. અને એ રીતે મારા સાથી માન.નાણામંત્રીશ્રી અને આયોજન મંત્રીશ્રીએ પણ આ વિભાગની કામગીરીને જે સમર્થન આપ્યું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ અંગત રસ લઇને દરેકે દરેક મુદ્દાની વિગતવાર ચકાસણી કરીને એમણે જે અમને માર્ગદર્શન આપ્યું છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય નાણામંત્રીશ્રીનો અને માનનીય આયોજન મંત્રીશ્રીનો પણ હું હૃદયપૂર્વક આભાર માનું છું અને અમારા બજેટની કુલ જોગવાઇઓ જે રીતે વધારવામાં આવી છે અને જે રીતે એની ઝીણવટભરી ચકાસણી કરીને એમાં સુધારા વધારા કરીને અમને માર્ગદર્શન આપવામાં આવ્યું છે. માનનીય અધ્યક્ષશ્રી એ માટે હું એમનો હૃદયપૂર્વક આભાર માનું છું. પહેલી વાત મારે જે કરવી છે એ આ રાજ્યના સામાન્ય, ગરીબ, મધ્યમ વર્ગના માણસને સ્પર્શે છે, આજે દરેક મા બાપનું એક સ્વપ્ન હોય છે, દીકરો કે દીકરી જન્મે, નિશાળે જતા થાય, એ કક્કો બારાખડી શીખે, એકડો ઘૂંટે ત્યારે મા બાપને પૂછીએ કે તમારા દીકરા કે દીકરીને શું બનાવવા છે ભણાવીને, તો મોટાભાગે કોઇકને ડોકટર બનાવવા છે, કોઇકને એન્જિનિયર બનાવવા છે, આજથી ચાર વર્ષ પહેલાં આ રાજ્યમાં પરિસ્થિતિ એવી હતી કે મેડિકલમાં એડમિશનમાં બે મોટા વિઘ્નો નડે. એક ૯૩ ટકા ઉપર માર્કસ આવે તો સામાન્ય વર્ગનો દીકરો કે દીકરી હોય તો મેડિકલમાં જઇ શકે, પરિણામ શું આવ્યું, ટ્યુશનની બદી એટલી બધી ફાલી કે ટ્યુશનના બોજ નીચે સામાન્ય વર્ગનો માણસ કચડાઇ જાય અને એના દીકરા કે દીકરીનું દસમા ધોરણથી બારમા ધોરણ સુધીમાં હીર ચૂસાઇ જાય એ પ્રકારની મહેનત કરે અને ૯૩ ટકા આવે તો એ ડોકટર થાય, ૯૨.૫ ટકા આવે તો એના સ્વપ્ના કડડભૂસ કરતાં તૂટી પડે, કેટલીક જગ્યાએ તો આપઘાત સુધી જાય તે પ્રકારની ઘટનાઓ બનેલી, ટ્યુશન કલાસ સવારના સાડા પાંચ વાગ્યે ચાલુ થાય, પરિણામે એક દીકરીને સુરતમાં સવારે સાડા પાંચ વાગે એના ટ્યુશન કલાસમાં જાય અને એને ખૂબ અશોભનીય ઘટનાનો સામનો કરવો પડે, આ કરૂણતા હતી, ક્યાંક પેઢીગત વ્યવસ્થા જ ચાલે, પાડોશી રાજ્યોમાં જાઓ, તમારી પાસે પચીસ લાખ, ત્રીસ લાખ, ચાલીસ લાખ રૂપિયા જો આપવાના હોય, રોકડા આપી શકો એમ હો અને એ પછી મસમોટી ફી ભરી શકો તેમ હો, તમારો દીકરો કે દીકરી ડોકટર થાય, વારસાગત રીતે ચાલુ રહે અને તમારી પાસે આ પૈસા ના હોય તો દીકરો કે દીકરી નિરાશ થઇને બી.એસ.સી. કરે અને એની આખી કારકિર્દી ધોવાઇ જાય, આ પરિસ્થિતિમાંથી ગુજરાતને અમે બહાર કાઢ્યું છે, આજે એવી પરિસ્થિતિ નથી, એક સામાન્ય મા બાપનો દીકરો કે દીકરી એને મેડિકલમાં એડમિશન

મેળવવું હોય તો પાડોશી રાજ્યોમાં જવું પડે, માનનીય અધ્યક્ષશ્રી ગુજરાત વિશે આપણે ગૌરવ લઇએ છીએ અને આ ગુજરાતના દીકરા, દીકરીઓને પાડોશી રાજ્યના એક શહેરમાં 'ગુજ્જુ', 'ગુજ્જુ' કહીને એમના પર ટપલીદાવ કરવામાં આવે, એમનું અપમાન કરવામાં આવે અને એ છોકરા કે છોકરીઓ ત્યાંથી કાં તો ડ્રગના રવાડે ચડે, કાં તો રેગીંગના કારણે નિરાશ થઇને, હતાશ થઇને, ઉજ્જવળ કારકિર્દી ધરાવતો દીકરો કે દીકરી પાછા ઘરે આવે, આ હતાશામાંથી ગુજરાતના સામાન્ય અને મધ્યમ વર્ગને જેની પાસે બે નંબરના પૈસા નથી, જેની પાસે કાળું નાણું નથી, જેની પાસે પોતાના દીકરા કે દીકરીને મેડિકલમાં મોકલવા માટેની કેપિટેશન ફી આપવાની સવલત નથી, એને અમે બહાર કાઢ્યા છે, છેલ્લાં કેટલાક વર્ષોમાં, હું તો મારા કાર્યકાળની વાત કરીશ કારણકે મારા માટે આરોગ્યમંત્રી તરીકેનું મારું આ છેલ્લું બજેટ છે. મેડિકલમાં છેલ્લાં ચાર વર્ષમાં એમ.બી.બી.એસ. કક્ષાએ ૮૨૫ બેઠકો વધી, ચાલુ સાલે ૩૫૦ વધશે, અઢીગણા કરતાં વધારે વધારો એ એમ.બી.બી.એસ. કક્ષાએ આખા ગુજરાતમાં કરી શક્યા છીએ, પોસ્ટ ગ્રેજ્યુએટ કક્ષાએ ૪૨૧ બેઠકો વધારી, ૮૯૨માંથી ૧૩૧૩ થઇ, એટલે એ દોઢી થઇ, સુપર સ્પેશ્યાલિટી પચાસ હતી એની પંચોતેર કરી હવે એકસો તરફ જવા આગળ વધી રહ્યા છીએ, બમણી થશે, ડેન્ટલમાં ૩૦૦ સીટો વધારી, આજે ડેન્ટલમાં એડમિશન લેવું હોય તો હવે મહારાષ્ટ્ર કે કર્ણાટક સામે નજર કરવાની જરૂર નથી, ગુજરાતમાં ડેન્ટલમાં એડમિશન સામે ચાલીને બોલાવીને આપવું પડે તે પ્રકારની પરિસ્થિતિનું આપણે નિર્માણ કર્યું અને ડેન્ટલમાં દોઢી સીટો કરી. પોસ્ટ ગ્રેજ્યુએશન ડેન્ટલ, એમાં પણ કેપિટેશનનું મોટું દૂષણ ચાલે છે. મેડિકલમાં જેમ કેપિટેશનનું ચાલે છે તેમ ડેન્ટલમાં પણ ચાલે છે, એમાં આપણે બમણાં કરતાં વધારે સીટો વધારી. નર્સીંગમાં ત્રણગણી સીટો વધારી. નર્સીંગ એક એવો કોર્સ છે આજે કે કદાચ આઇ.ટી.નું ક્વોલિફિકેશન હોય અને અમેરિકા કે બીજે જવું હોય તો એના વિઝા ના મળે, પણ નર્સીંગનું ક્વોલિફિકેશન હોય તો દુનિયાના કોઇ દેશમાં જવું હોય તો તમને વિઝા સડસડાટ મળી જાય છે. આપણી દીકરીઓને આ એક મોટી કેરિયરની તક ઉભી થાય એ માટે નર્સીંગમાં ૮૬૦ સીટો વધારી, જે સીટો હતી એની ત્રણ ગણી સીટો થઇ, ફિઝિયોથેરાપીમાં દોઢી સીટો કરી અને ફિઝિયોથેરાપી પોસ્ટ ગ્રેજ્યુએશનમાં બમણાં કરતાં વધારે સીટો વધારી. મેં આંબો વાવ્યો છે, ફળ ખાવાના આગામી સમયમાં મારા પછી જે કોઇ આરોગ્યમંત્રી આવશે એને એનો લાભ મળવાનો છે, ગુજરાતની પ્રજાને એનો લાભ મળવાનો છે, પણ હું એવા દિવસો જોઇ રહ્યો છું કે ગુજરાતમાં અત્યારે જે પ્રકારે કાર્યવાહી હાથમાં લીધી છે હજી છ નવી મેડિકલ કોલેજો આપણે ઉભી કરી રહ્યા છીએ. સાહેબ, એક સમય ગુજરાતમાં એવો આવશે મધ્યમ વર્ગના દિકરા કે દીકરીને ૭૫ ટકા માર્કસે મેડિકલમાં એડમિશન મળી શકે તે પ્રકારની સ્થિતિતનું નિર્માણ થશે. સાહબે, આ દિશામાં જહેમત કરીને આગળ વધી રહ્યાં છીએ કારણ કે બીજુ એક તેની સાથે સંલગ્ન પાસુ એ છે કે, આપણે ત્યાં મારા સાથી ધારાસભ્ય મિત્રો પણ મને ઘણી વખત કહે છે એમની વાત વાજબી હોય છે મારે સ્વીકારવી જોઇએ. સામાન્યતઃ મારો સ્વભાવ એવો છે કે સાથી ધારાસભ્યની કોઇ પણ વાત હોય મારાથી બનતું હોય તો તાત્કાલિક કરી દેવું. પણ માનનીય અધ્યક્ષશ્રી, હું મજબૂર થઇને ના કરી શકું એવી એક વાત છે આ રાજયમાં ડોકટરોની અન્ડર ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ ડોકટરોની મોટી તંગી છે. ૪૦ ટકા જગ્યાઓ એમ.બી.બી.એસ.ડોકટરની અને ૬૦ ટકા જગ્યાઓ પોસ્ટ ગ્રેજયુએટ ડોકટરની અમારે ત્યાં ખાલી છે. જયાં જવું હોય ત્યાં અમે એપોઇન્ટમેન્ટ આપીએ છીએ. Walk-in interviews રાખીએ છીએ કે તમે આવો અને એપોઇન્ટમેન્ટ ઓર્ડર લઇને જાવ. સાહેબ, ડોકટરો નથી મળતાં અને એમાં પણ કિલનિકલ ડિસિપ્લીન જે કહેવાય રેડિયોલોજી, પિડિયાટ્રીકસ, ગાયનેકોલોજી, આર્થોપેડિકસ, સર્જન આમાં ડોકટરોની ભયંકર તંગી છે. અને એટલે પરિસ્થિતિ એવી હતી એક જમાનામાં કે કોઇ પ્રસૂતાને મુશ્કેલી હોય, જીવન મરણ વચ્ચે ઝોલાં ખાતી હોય તો તેમાં બે જ વિકલ્પ હતા કાં તો ઇશ્વર બચાવે અને કાં તો ઇશ્વર બોલાવે. ઇશ્વર બચાવે તો ઇશ્વરનો આભાર અને ઇશ્વર બોલાવી લે તો પાછળ રો-કકળ.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંના છેલ્લાંમાં છેલ્લાં માણસ સુધી એક આદિવાસી ભાઇ હોય અને તેને કયાંક સર્પદંશ થાય તો તેને તાત્કાલિક દવાખાને લઇ જવા માટેની કોઇ સવલત નહોતી. આ સવલતો રાતો રાત ઉભી થવાની શકયતા નહોતી. અને આ શકયતા ના હોય ત્યાં સુધી ગુજરાતમાં સામાન્યમાં સામાન્ય માણસ છેવાડામાં છેવાડાનો માણસ એ સારવારના અભાવે મરે અને ગુજરાત પોતાને દેશનું સર્વોત્કૃષ્ટ રાજય

કહેતું હોય એ ન ચાલે. અને એટલા માટે આપણે ૧૦૮ સેવાની શરૂઆત કરી. આપણે ૧૦૮ની સેવાની શરૂઆત કરી ત્યારે ગુજરાત દેશનું પહેલું રાજય નહોતું. અગાઉ અન્ય રાજયોમાં પણ ૧૦૮ સેવાઓની શરૂઆત થઇ ગઇ હતી. પણ આપણે શરૂઆત કરી અને ૨૦૦૮ની પહેલી જાન્યુઆરીએ ૫૩ આ ૧૦૮ સેવાઓ હતી. માત્ર એક વર્ષના ગાળામાં આપણે ૪૫૦ કરતાં વધારે ૧૦૮ સેવાઓ કાર્યરત કરી છે. આજે ૫૦૦ કરતાં વધારે ૧૦૮ સેવાઓ કાર્યરત છે. સરેરાશ ૧૫ મિનિટમાં તમે જે કોઇ ખૂણે બોલાવો તે ખૂણે ૧૦૮ની સેવા પહોંચી જાય તે પ્રકારની વ્યવસ્થા કરીને આપણે જીવન અને મરણ વચ્ચે ઝોલાં ખાતા માણસને ઉગારવા માટેનું કામ કર્યુ છે. સાહેબ, પરિણામ શું આવ્યું ? તે પરિણામ ઉપર નજર નાંખીએ તો પહેલી વાત તો એ છે કે, આ ૧૦૮ સેવા તે મેડિકલ, પોલીસ અને ફાયર ત્રણેની કમ્બાઇન્ડ સેવા છે. એકલી એમ્બ્યુલન્સ નથી. અને તેણે કુલ અત્યાર સુધીમાં ૨૯ ફેબ્રુઆરી, ૨૦૧૨ સુધીની મારી પાસે વિગતો છે સાહેબ. તેમાં ૨૭ લાખ ૭૧ હજાર ૩૪૬ ઇમરજન્સી કોલ તેણે હેન્ડલ કર્યા. એમાંથી ૯,૩૯,૪૭૫ એટલે ૩૩ ટકા પ્રસૂતિ માટેની મુશ્કેલી હોય એ સગર્ભા બહેનોના કોલ હતા. અને તેમાંથી ઇમરજન્સી હેન્ડલ કરી એમાં ૨૫ હજાર કરતા વધારે બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં ૧૦૮ની ટીમે આપ્યો છે. એટલે જે દાયણોના હાથમાં લોકો મુકાતા હતા, તેના બદલે એક આધારપાત્ર સવલત પ્રાપ્ત થઇ છે. કુલ મળીને આ ગાળામાં ૧,૪૬,૨૨૫ જિંદગીઓ બચાવી છે, એટલે એક તાલુકા મથકની વસ્તી પણ આના કરતાં કોઇક જગ્યાએ અડધી હોય છે. એટલે દોઢ લાખ જિંદગીઓ અમે આ ૧૦૮ના માધ્યમ થકી બચાવી છે અને આજે હું કહીશ કે ૧૦૮ સેવા માટે જે ૫૦૬ એમ્બ્યુલન્સ કાર્યરત છે અને આ અંદાજપત્રમાં બીજી ૫૦ એમ્બ્યુલન્સ માટેની જોગવાઇ કરી છે. આ દેશની સર્વશ્રેષ્ઠ અને ઉત્કૃષ્ઠ સેવા છે, અને તેને સારામાં સારી સેવા માટેનો એવોર્ડ રાષ્ટ્રીય કક્ષાનો મળ્યો છે. આ ૧૦૮ની વાત આવે ત્યારે ભારત સરકારના પૈસા કેટલા અને તમારા કેટલા એવી વાત આવે છે, હવે ગુજરાત ભારતનો જ ભાગ છે, આ ભારત સરકાર ગુજરાતને પૈસા આપે છે, એમાં કોઇ ઉપકાર કરતી નથી. ભારત સરકાર અહીંથી જે ઉઘરાવે છે તે ૫૦ હજાર કરોડ કરતા વધારે રકમ લઇ જાય છે. અને ગુજરાતને મળે છે માત્ર તેના ૩ ટકા, જે નાણા પંચની ભલામણ મુજબ મળે છે તે ૩ ટકા પૈસા કેન્દ્ર સરકાર આપે છે. અને પછી ગાણા ગાયા કરીએ, અહીંથી ૫૦ હજાર કરોડ લઇ જાય અને પાછા આપો ત્યારે માંડ કટકી હાથમાં આવે તે રીતે પૈસા આપો અને છતાં એમ કહો કે ભારત સરકાર, ભારત સરકાર, તો મારે પૂછવું હતું એ મિત્રોને, આજે હાજર નથી રહ્યા, કે આ ભારત સરકારની યોજના છે, તો તમારે ત્યાં મહારાષ્ટ્રમાં કેમ સફળતાપૂર્વક ચાલતી નથી? રાજસ્થાનમાં કેમ સફળતા પૂર્વક ચાલતી નથી? આંધ્રપ્રદેશમાં તમે પહેલા શરૂ કરી હતી તો કેમ ગુજરાત આગળ થઇ ગયું ? દિલ્હીમાં કેમ ન ચલાવી શકયા? ચલાવો ભારત સરકારની યોજના છે તો, આપણું રાજય તેની સક્ષમતાને કારણે તમારી જે કોઇ યોજના હોય છે તેને સફળતા પૂર્વક ચલાવી અને તેનો જશ રાજયને મળે છે. ભારતનો આપણે ભાગ છીએ, અને ભારતનું અવિભાજય અંગ તરીકે ગુજરાતને ભારત સરકાર આપે છે એમાં કોઇના ઉપર કોઇ ઉપકાર નથી કરતા. But, we used this money properly, we have used them, we have deployed them and we have efficiently used the money and that is why ૧૦૮ facility is successful in the State. હવે આગામી સમયમાં ટેલિ મેડિસીન અને ૧૦૪ સેવાઓ અંગે પણ આપણે આગળ વધવા માગીએ છીએ. એટલે છેવાડામાં છેવાડાનો માણસ પણ કોઇ પણ પ્રકારની સારવારના અભાવે ન મરે એ દિશામાં અમે કામગીરી કરી રહ્યા છીએ. ત્યાર પછી વાત આવે સરકારી હોસ્પિટલોની, અને સરકારી હોસ્પિટલની સેવાની, જયારે જયારે સરકારી હોસ્પિટલની વાત આવે ત્યારે સામાન્ય અભિપ્રાય એવો વ્યકત થાય કે સરકારી હોસ્પિટલમાં લાલીયાવાડી ચાલે છે, દવાઓ નથી હોતી, પણ સાહેબ સરળ છે, બે પ્રકારની વૃતિવાળા માણસો આ દુનિયામાં હોય છે, એક માખીની વૃતિ ધરાવનાર માણસ, માખી ગંદવાડ પર બેસે, ગંદુ ખાઇ, ગંદકીનું વહન કરે અને જયાં જાય ત્યાં રોગચાળો ફેલાવે, મધમાખી એ ફૂલ પર બેસે, પરાગ વહન કરે ફલિનીકરણ થાય, મધ એકઠું કરે જે પોતે નથી ખાતી પણ બહુજન હિતાય બહુજન સુખાય, એ મધ કોઇકને આપી શકે. સાહેબ મધમાખીની વૃત્તિ આપણામાં કયારે આવશે મારી સરકારી હોસ્પિટલો ૩ કરોડ ૭૦ લાખ દર્દીઓને ઓ.પી.ડી.ની સેવાઓ આપે છે. ગુજરાતની કુલ વસ્તીના લગભગ ૨/૩ ભાગને સેવાઓ આપીએ છીએ. અમારે ત્યાં જે સવલતો છે તે હું આપને ઓન રેકોર્ડ

કહું કે કિડની ઈન્સ્ટીટયુટ હોય, દુનિયામાં કોઇ એક જગ્યાએ વધારેમાં વધારે કિડનીના ટ્રાન્સ્પ્લાન્ટેશન થતા હોય તો એ મારી કિડની ઈન્સ્ટીટયુટમાં થાય છે આ પ્રકારની સંસ્થાઓ આપણે ચલાવીએ છીએ. આ વખતે તેને વધારે સ્ટ્રેન્ગ્ધનીંગ કરવા માટેની જોગવાઇ લઇને અમે આવ્યા છીએ કારણ કે હવે લીવર ટ્રાન્સ્પ્લાન્ટેશન પણ શરૂ કર્યુ છે અને મારે આ સાથી મિત્રોને કહેવું છે કે સાહેબ પહેલા લીવર ટ્રાન્સ્પ્લાન્ટ કરાવવું હોય તો આ રાજયની બહાર જવું પડતું હતું
કરોડથી માંડીને દોઢ કરોડ રૂપિયાનો ખર્ચ થાય છે અને ત્યારપછી પણ જે ખર્ચાઓ થાય એ જુદા. આજે આપણે છેલ્લા એક વર્ષમાં ૩૦ જેટલા લીવર ટ્રાન્સપ્લાન્ટેશન સફળતાપૂર્વક કિડની હોસ્પિટલમાં કર્યા છે અત્યારે સરેરાશ ૧૮ લાખ રૂપિયા ખર્ચો આવે છે હવે એને ઘટાડીને ૧૨ લાખ કરવાના આયોજન સાથે ચાલીએ છીએ. સાથે સાથે સ્પ્લીટ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એટલે જીવતા વ્યકિતના શરીરમાંથી લઇને એનો ભાગ બીજા વ્યકિતમાં પ્રત્યારોપણ કરવાની તાલીમ પણ આપણી કિડીની ઇન્સ્ટિટયુટની ટીમ કોરીયા જઇને લઇ આવી ગઇ છે અને એ સવલત પણ આપણે ત્યાં ઉપલબ્ધ થશે. યુ.એન. મહેતા કેન્સર, અને એ સંસ્થાઓ હવે સાહેબ એ સંસ્થાઓ પોતે એક લેન્ડમાર્ક બની ગઇ છે. કોઇ રાજયમાંથી કોઇ સ્થળ સાથેની બસ ચાલે તો સમજી શકાય કે ભોપાલ અમદાવાદ, જયપુર વડોદરા, પણ સાહેબ મંદસોર સિવિલ હોસ્પિટલ આવી બસ ચાલે છે. જે બતાવે છે કે આપણે માત્ર આ સેવાઓ આપણા પૂરતી નથી વાપરતા ભારત સરકારના પૈસાના નામની માળા જપનાર મારા મિત્રોને કહેવું છે કે ગુજરાત એની ટ્રીટમેન્ટ આપવાની સવલતો જયાં છે એમાં કોઇ ભેદભાવ વગર ગરીબ દર્દી કયાંયથી પણ દેશના કોઇપણ ભાગમાંથી જરૂરિયાત મંદ દર્દી દેશના કોઇપણ ભાગમાંથી ગમે ત્યાંથી આવે છે અમે એમને સારવાર આપીએ છીએ અને એ સારવાર આજે મંદસોર –સિવિલ હોસ્પિટલ બસ ચાલે છે એ એનો પુરાવો છે. આજે કિડની હોસ્પિટલમાં છેક ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળથી દર્દીઓ આવે છે. we have sympathy for them. We have never denied any facility to anybody and we shall not deny so in future also. પણ આ પૈસા રાજયના છે બધા આપણે માટે વાપરીએ છીએ ત્યારે મધમાખીની વૃત્તિ રાખીને કહોને ભારતમાં તમે સૌથી વધારે કરવેરા આપો છો ભારતમાં ગમે ત્યાંથી લોકો આવે તો ગુજરાતમાં પોતાનું વતન માનીને રહી શકે. કોઇપણ જાતનો ભેદભાવ વગર ટ્રીટમેન્ટ આપો છો આ બધામાંથી કશું દેખાય નહિ માત્ર માખીની વૃત્તિમાં ભારત સરકારના પૈસા કેટલા આવ્યા અને ભારત સરકારે શું કર્યુ જો તમારે જોવું જ ન હોય, માણસ ઉઘતો હોય તો જગાડી શકાય છે. જાગતાને જગાડવાનું કામ બહુ મુશ્કેલ છે અને અમે એ કરવા માગતા નથી.

ત્રીજો મુદ્દો એ સગર્ભા માતા હોય પ્રસૂતિની એની ઘટના હોય ત્યારે મોટાભાગે નિષ્ણાત ડોકટર ગાયનેકોલોજીસ્ટની સેવાઓ ઉપલબ્ધ ન હોય એના કારણે કોમ્પ્લીકેશન થાય માતા મરણનો દર વધે, એ પરિસ્થિતિનું નિર્માણ થાય. અમે ચિરંજીવી યોજના હેઠળ પાંચ લાખ ૯૦ હજાર માતાઓને સ્ત્રી રોગ નિષ્ણાતની નિઃશુલ્ક સારવાર ઉપલબ્ધ કરાવી છે. માનનીય મુખ્યમંત્રીશ્રીએ સંસ્થાગત પ્રસૂતિ થાય અને માતા મરણનો દર ઘટે એ ઉપર વિશેષ ઘ્યાન આપવા માટેની જે વાત કરી છે એનું પરિણામ આ સન્માનનીય ગૃહ સમક્ષ મૂકવા માગું છું. માનનીય અઘ્યક્ષશ્રી, માતા મૃત્યુદર આ બધા જ પ્રયાસોને કારણે જે એક સમયે ખૂબ ઊંચો હતો તે ઘટીને અત્યારે ૧૩૫ થી નીચે હોય તે અંદાજ અમે મૂકીએ છીએ અને એ રીતે જોઇએ તો માતા મૃત્યુદર ઘટાડવામાં અમે ખૂબ મોટો ફાળો આપ્યો છે. એની સાથે અમે બાલસખા યોજના પણ જોડી છે. બાલસખા યોજનાને કારણે જે બાળ મૃત્યુ દર છે એમાં પણ નોંધપાત્ર ઘટાડો કરી એને દર હજાર જીવિત જન્મે એમાં ૩૦ થી નીચે લઇ જવાનો લક્ષ્યાંક રાખીને ચાલીએ છીએ. એ રાતોરાત નહિ થાય પણ અમે ચોક્કસ દિશામાં મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યા છીએ અને એક સમય એવો આવશે કે ગુજરાત એમ.ડી.જી. જે મીલેનીયમ ડેવલપમેન્ટ ગોલ છે એનાથી પણ સારી પરિસ્થિતિતમાં એના કરતા અમે આગળ વધી રહ્યા છીએ.

રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના ગરીબોની વાત જયારે પણ આવે ત્યારે ૩૦ હજાર સુધી ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબને એ સેવા મળે તે માટેની યોજના છે.તે માટેની યોજના છે અને તેના હેઠળ ૫૧ કરોડ રૂપિયાના કુલ લગભગ ૯૦,૦૦૦ જેટલા કલેઇમ નોંધાયા છે. ખાસ મુદ્દાની વાત મારે કરવી છે, જે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીના હૃદયની ખૂબ જ નજીક રહેલો મુદ્દો છે. જેમાં તેમણે ખૂબ લાગણીથી સમગ્ર કાર્યવાહીને નેતૃત્વ પૂરું પાડયું છે અને એ છે ‹‹બેટી બચાવો›› જે દીકરીઓની ઘટતી જતી સંખ્યા પ્રત્યે સભાનતા ઉભી કરીને દીકરીઓની સંખ્યા વધે તે માટેનું અભિયાન છે તેમાં ૨૦૦૭માં ૧૦૦૦ દીકરાની સામે ૮૭૯ દીકરીઓ હતી, જે ૨૦૧૦ના સી.આર.એસ. મુજબ વધીને ૯૦૨ થઇ છે અને એ દિશામાં હજુ પણ વધુ પ્રગતિ થાય તે માટે અમે કાર્યરત છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેં મારી મારા ઓ.પી.ડી. થકી જે સેવાઓ અપાઇ છે તેની વાત કરી, સરકારી હોસ્પિટલોની વાત કરી, સરકારી હોસ્પિટલોની ગુણવત્તા, એન.એ.બી.એચ. સર્ટીફિકેશન અને માનનીય વલ્લભભાઇએ જે વાત કરી તે રીતે તેમાં અદ્યતન આધુનિક સાધનો મૂકવાની વાત કરી, મારે માનનીય વલ્લભભાઇને કહેવું છે કે ટૂંક સમયમાં આ જ પ્રકારની રોબોટિક સર્જરીની સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલીટી યુરોલોજી અને કિડનીમાં પણ અમે ઉભી કરવા તરફ આગળ વધી રહ્યા છીએ અને એનું કારણ છે કે ડાયાલીસીસ અને કિડની ફેઇલ્યોરના કેસીસ ખૂબ વધારે પ્રમાણમાં જે લોકો ખાસ કરીને હાઇ ટી.ડી.એસ.વાળું પાણી પીવે છે, ડાયાબિટીશ છે આ બધાના કારણે ઉભા થતાં હોય છે અને એના માટેની ખાસ વ્યવસ્થારૂપે આપણે માઇક્રો રોબોટીક સર્જરી જે વિશ્વમાં અત્યારે અદ્યતનમાં અદ્યતન મશીનરી ગણાય છે કિડની અને યુરોલોજી વિભાગમાં પણ ટૂંક સમયમાં આવે તેને માટે આપણે પ્રયત્નશીલ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મેં ૩,૭૦,૦૦૦ની ઓ.પી.ડી.ની વાત કરી, હવે બીજાં આંકડાની વાત કરવી છે સાહેબ. ગરીબો કે અન્ય, એક ચોકકસ વર્ગ, શૂન્યથી ૧૮ વર્ષની ઉંમર સુધીનો. એ વર્ગને પ્રિવેન્ટીવ મેડીકલ ચેકઅપ તરીકે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ હેઠળ અમે આવરી લીધો છે. સાહેબ, અંગ્રેજીમાં કહેવત છે કે- Prevention is better than cure. એટલે શરૂઆતમાં જ જો રોગ પકડાઇ જાય તો એ ઘણું ઉપયોગી થાય અને બાળકની આગળની જિંદગી પણ નિરામય બની રહે. સવા કરોડ જેટલા બાળકોને, આ વયજૂથની વ્યકિતઓને દર વર્ષે અમે ચેક કરીએ છીએ. હવે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમને આરોગ્ય સપ્તાહમાં અમે કન્વર્ટ કર્યો છે. હું એની વિગતોમાં જવા નથી માગતો, પણ કોઇ પણ પ્રકારનો રોગ હોય, ત્રણ રોગને બાદ કરતા, Coclear Implant, hormone injection and bonemarrow transplantion, આ ત્રણને બાદ કરતા ગમે તેટલો ખર્ચો આવે, એક રૂપિયાથી માંડીને એક કરોડ રૂપિયા સુધીનો. તો પણ એ બાળકને એ સેવા પૂરી પાડવા માટે રાજયનો આરોગ્ય વિભાગ સંપૂર્ણ પ્રયત્નશીલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં અમે ૧૫,૦૩૭ બાળકોને હૃદયરોગની સારવાર આપી છે. યુ.એન.મહેતા હોસ્પિટલમાં પેડિયાટ્રીક સર્જરી માટેની પણ સવલત છે. પહેલાં આપણે બાળકોને વેલ્લોર કે મૈસોર-કર્ણાટક મોકલવા પડે તો મોકલતા હતા. Now, we have facilities at home. ૩,૫૬૮ બાળકોને કિડનીની સારવાર આપી છે. ૩,૦૪૦ને કેન્સરની સારવાર આપી છે. એમ કુલ છેલ્લા ત્રણ વર્ષમાં ૨૧,૬૪૫ બાળકોને અમે સુપર સ્પેશ્યાલિટી સારવાર સંપૂર્ણપણે સરકારના ખર્ચે, કોઇ પણ ખર્ચ બાળકના પર ન પડે, વાલી પર ન પડે તે રીતે અમે આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે મારા વિભાગના કેટલાક બીજાં આયામોની પણ વાત કરવી છે. એક આયામ અમે જે કહેવા જઇ રહ્યા છીએ તે આ રાજયને છેલ્લા ચાર વર્ષમાં પાંચ ગંભીર પ્રકારની ઘાતમાંથી અમે પસાર કર્યું છે. પહેલી ઘાત આવી સાહેબ, મોડાસામાં હીપેટાઇટીસ-બી થયો ત્યારે. જેને હવે પુનાની વાઇરોલોજી ઇન્સ્ટીટયૂટે પણ કહ્યું છે કે એનો જે વાઇરસ હતો એ એટલો મજબૂત-સ્ટ્રોંગ હતો, verolent હતો, એટલો બળવાન હતો.કે જો એ હિપેટાઇટીસ-બી મોડાસાને બદલે બહાર નીકળીને મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ફેલાયો હોત તો જાનહાનિની સંખ્યા લાખોમાં હોત. આ ન થવા દેવા માટે અમે વિક્રમી કહી શકાય તેટલી રસીકરણની કામગીરી માત્ર મોડાસામાં કરી છે. આ હિપેટાઇટીસ-બીની રસી આપવી એ સ્પેશ્યાલિટી જોબ છે. એટલું જ નહીં પણ એમાં જોખમ પણ રહેલું છે. અગાઉ જ્યારે આ પ્રકારનો રોગચાળો થયેલો ત્યારે સિવિલ હોસ્પિટલના ડોકટરો અને લેબ ટેકનીશિયનોને ક્રોસ ઇન્ફેકશન લાગવાના કારણે મૃત્યુ

થયા હતા. અમારા આરોગ્ય વિભાગના એકે એક કર્મયોગીને અભિનંદન આપું છું, જાનના જોખમે પણ હિપેટાઇટીસ–બી અને સ્વાઇન ફ્લૂ હોય જેને બીજો માણસ અડવાની પણ હિંમત ન કરે, સગાં–વહાલાં દૂર રહે અને ઘરના માણસો પણ અંતર કાપે તેવા હિપેટાઇટીસ–બી અને સ્વાઇન ફ્લૂના રોગચાળા વખતે આ રાજ્યના આરોગ્ય વિભાગે નેત્ર દિપક કામગીરી કરી છે. આપણા બાજુના જ પડોશી રાજ્યમાં આ સ્વાઇન ફ્લૂના સમય ગાળા દરમ્યાન સ્કૂલો બંધ કરી દેવામાં આવી, કોલેજો બંધ કરી દેવામાં આવી, મોલ, સિનેમા થિયેટર બંધ કરી દેવામાં આવ્યા, ગુજરાતમાં નવરાત્રિનો તહેવાર લોકો બેરોકટોક માણી શકે તે માટે આરોગ્ય વિભાગે સતત ખડે પગે ઉભા રહીને કામગીરી કરી છે અને તે કામગીરીના કારણે ગુજરાતમાં સ્વાઇન ફ્લૂ કે કોઇપણ પ્રકારના રોગનો આતંક કે ભય પ્રસર્યા સિવાય પસાર થઇ ગયો. એ પછી બીજા રોગ હોય, બોર્ડર પરથી માત્ર આતંકવાદ જ આવે છે એવું નથી. સી.સી.એચ.એફ. કરીને એક રોગ આવે છે. ક્રીમીયન કોંગો હેમરેજ ફિવર એ રોગ અત્યંત ઘાતક રોગ છે. મારે મારા સાથી મંત્રીશ્રીઓનો પણ આભાર માનવો છે. પશુ પાલન વિભાગ સાથે રહીને આરોગ્ય વિભાગે જે કામગીરી કરી એના પરિણામે આ રોગને ઉગતો જ ડામી શક્યા. એ આ વિભાગની સિદ્ધિ છે અને એના માટે હું માનનીય કૃષિ મંત્રીશ્રી અને પશુ પાલન મંત્રીશ્રીનો આભારી છું. (પતાવી દઇશ) આઇ વીલ હરી અપ, ડોન્ટ વરી.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર પછી બોમ્બ બ્લાસ્ટ થયો. જેમાં મારી હોસ્પિટલમાં લોકો હતાહત થયા હતા. તે પણ અમે કોઇપણ પ્રકારની ગભરાહટ વગર સેવાઓ ચાલુ રાખી હતી અને અમે એ આપત્તિમાંથી ગુજરાતને ઉગાર્યું છે. આમ આ વિભાગે શિક્ષણથી લઇને સેવા સુધી અને રસીકરણથી લઇને અકસ્માત અને પ્રસૂતિની સેવા સુધી એકેએક ક્ષેત્રમાં સર્વ વ્યાપી વ્યાપક સેવાઓ આપી છે. મેં મારા પ્રવચનની શરૂઆતમાં વચ્ચે ક્યાંક કહ્યું હતું કે, આ કદાચ વિધાનસભાનું બજેટ સત્ર એ આરોગ્ય મંત્રી તરીકેનું મારું છેલ્લું બજેટ છે અને છેલ્લું બજેટ છે ત્યારે સૌનો સાથ, સૌનો વિકાસની સદ્ ભાવના અમે આત્મસાત્ કરીને ચાલીએ છીએ. કદાચ ક્યાંક કોઇને દુઃખ પણ થયું હોય, ક્યાંક મારા માટે નબળો વિચાર પણ કર્યો હોય, પણ મેં અને મારા આરોગ્ય વિભાગે સૌના માટે સદ્ ભાવના અને સૌનો સાથ અને સૌના વિકાસની ભાવના સિવાય કોઇ ભાવના ક્યારેય બહાર નીકળી નથી. આ જે કાંઇ થયું છે અને આરોગ્ય વિભાગ આજે આ દેશનો સર્વોત્તમ વિભાગ છે. દિલ્હીની સરકારે પણ અને દિલ્હીના આરોગ્ય મંત્રીએ એક કરતાં વધારે વાર બિરદાવ્યો છે. એનું શ્રેય ખરેખર તો એ યશના અધિકારી છે એમને આપું છું. આ શ્રેયના પહેલા અધિકારી મારા સાથી ધારાસભ્ય મંત્રી છે, એમણે મને જાગતો રાખ્યો છે, આપત્તિના સમયમાં દોડયા છે, મને પ્રેમ, આદર અને હૂંફ આપ્યા છે અને એટલા માટે આ ગૃહના એકેએક સભ્યશ્રીને હૃદયપૂર્વક આભાર માનું છું. મારી કામગીરીમાં મને મદદ કરવા માટે મારા સાથી મંત્રીશ્રીઓની હૂંફ અને એમનું મને ક્યારેક માર્ગદર્શન મળ્યું છે. ખભે ખભા મિલાવી કૃષિ મંત્રી, નાણા મંત્રી અને અન્ય મંત્રીશ્રીઓએ મારી સાથે ઉભા રહીને મારી સાથે ઉભા રહીને મારા વિભાગની કામગીરીમાં ફાળો આપ્યો છે. સૌ સાથી મંત્રીશ્રીઓનો હું આ તબક્કે આભાર માનું છું. આ યશનો સૌથી ચરમ સીમાનો કોઇ અધિકારી હોય તો એ મારા આરોગ્ય વિભાગના એકેએક કર્મયોગીથી માંડીને,મારા આરોગ્ય વિભાગના એકે એક કર્મયોગીથી માંડીને ખાતાના જે વડાઓ છે ત્યાં સુધીની આખી ટીમ હેલ્થ આના માટે જવાબદાર છે. It is their work, it is the risk they took, it is the hard work they put in, it is hard work put at the field level અને એમનો અપ્રતિમ જુસ્સો, સિવિલ હોસ્પિટલમાં ડોકટર બોમ્બ બ્લાસ્ટમાં ગુજરી જાય તો પણ કોઇ મુશ્કેલી ન પડે તે રીતની એ લોકોએ જે ખડે પગે એકજૂથ થઇને સેવા આપી છે.

### સભાગૃહનો સમય લંબાવવા અંગે

